મિલન-મંદિર.

(અપૂર્વ સામાજિક નવલકથા.)

પ્રયોજક:-

રા. વ્રજલાલ જાદવજી ઠક્કર.

માંડવીની પોળમાં-સુરદાસશેઠની પોળ-અમદાવાદ.

પ્રકાશક:-

હરિભાઇ દલપતરામ પટેલ.

શહાપુર-અમદાવાદ.

સોલ એજન્ટ:

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.

૨૬૩૦, પાનકોર નાકા-અમદાવાદ.

આવૃત્તિ ૨ જી. પ્રત ૫૦૦.

સંવત ૧૯૭૪. સને ૧૯૧૮.

કિંમત રૂ. ૧-૧૨-૦.

અમદાવાદ—શાહપુર વનમાળી વાંકાની પોળમાં **હરિભાઈ દલપતરામે** પોતાના "**ગ્રન્થોદય**" પ્રેસમાં છાપી.

પ્રસ્તાવના.

"उपान्यासस्तु वाङ्मुखम्" अमरकोश।

'It is certain that the higher class of novelists never fail to recognise and claim that the functions of a novel are more numerous, higher and more sacred than the mere pandering to the taste of the novel-reading public. That reality in flesh and blood under the guise of fiction can supply the ordinary reader with subtler moulds and finer casts for the formation of his inner-self than abstract discussions and this is especially so with a people who must be made and not simply left to read.'

G M Tripathy.

ઉપરોક્ત વાક્યો પરથી સાહિત્યક્ષેત્રમાં નવલકથાઓની ગણના કેટલી મહત્વની છે તે સહેલાઈથી સમજી શકાય તેમ છે. જ્ઞાનનાં વિવિધ સૂત્રોને જો નવલકથાદ્વારા જનસમાજ આગળ મૂકવામાં આવે તો તેનું સુયોગ્ય પરિણામ આવ્યા સિવાય રહે નહિ. વળી પ્રત્યેક દેશમાં જનસમાજની વૃત્તિ નવલકથાઓ વાંચવા તરફ વિશેષ છે એ નિઃસંદેહ છે. તો પછી સામાજિક પરિસ્થિતિ, રીત રિવાજ, સુધારાને નામે સમાજમાં પ્રવેશ કરતો સડો, સમાજની–આર્યસંસારની દુર્દશા વગેરે સૂત્રોને દૃષ્ટિમાં રાખી, તેનું નવલકથામાં તાદૃશ્ય ચિત્ર આલેખી જો પરોક્ષ રીતે બોધક તત્વ પાત્રોની પરિસ્થિતિ અને વાતચિત પરથી જનસમાજ સમજી શકે એ પ્રમાણે ચતુરાઈથી પ્રસિદ્ધ કરવામાં આવે તો તેથી સમાજનું થોડું ઘણું પણ હિત થયા સિવાય રહે નહિ. નવલકથાકારે વાંચકોની રૂચીને અનુસરીને નવલકથાદ્વારા તત્વજ્ઞાન રૂપી ઔષધ વાંચકોને આપવાનું હોવાથી એ કાર્યમાં પૂરતી કુશળતાની

જરૂર છે—પૂરતા જ્ઞાનની તેમજ પૂરતા અનુભવની પણ જરૂર છે.

જો કે ગુજરાતી સાહિત્ય હમણાં હમણાં ઉન્નત થતું જોવામાં આવે છે—સાહિત્ય વિભાગમાં અનેક પુસ્તકો પ્રસિદ્ધ થતાં જાય છે તથા તેમાં ઘણોખરો હિસ્સો નવલકથાઓનોજ હોય છે; પરંતુ ઉપરોક્ત લક્ષ્યબિંદુને અનુસરીને કેટલી નવલકથાઓ લખાય છે? વાંચકોની મોહાધીન વૃત્તિઓને ઉશ્કેરવા જેવી નવલકથાઓ લખી, પૈસા પ્રાપ્ત કરવાની અભિલાષા રાખવી તેના જેવું પાપકાર્ય અન્ય એક પણ નથી. નવલકથાકારો જો નવલકથાઓ લખતા પહેલાં **डॉ. रविंद्रनाथ, श्रीसुरेन्द्रमोहन भट्टाचार्य, श्रीशीवनाथ शास्त्री, श्रीहरिसाधन मुखोपाध्याय, श्रीप्रभातकुमार बॅरिस्टर** વગેરે બંગાળી નવલકથાકારો, મરી કૉરેલી, વિલ્કી કૉલિન્સ, વિલિયન ડીન હાવેલ્સ વગેરે આંગ્લ નવલકથાકારો, **श्री. वा० गो० आपटे, श्री. ना० ह० आपटे श्री. नारो सदाशिव रिसबूड** વગેરે મહારાષ્ટ્રીય નવલકથાકારોની નવલકથાઓ તેમજ એ પ્રતિભાશાળી લેખકોના અન્ય ગ્રંથોનો બરાબર અભ્યાસ કર્યા પછીજ નવલકથાઓ લખવાની પ્રવૃત્તિ કરે તો ઘણું સારૂં પરિણામ નિપજવાની આશા રાખી શકાય છે.

આ નવલકથા આધુનિક આર્યસંસારના પ્રતિબિંબ સ્વરૂપ છે. સંસારની ઉન્નતિ અવનતિ કેમ થાય છે, કુટુંબમાં કલેશનું બીજ કેમ રોપાય છે, અર્ધદગ્ધ યુવકો—પોતાને સુશિક્ષિત સમજનાર—સુધારાના હિમાયતી તરીકે ઓળખાતા યુવકો અંધદૃષ્ટિથી પ્રેમને મૂકી હવસમાં કેમ ફસાય છે, આર્ય રમણી પોતાના સતીત્વનું પ્રાણાંત પર્યંત કેવી રીતે પ્રતિપાલન કરે છે, હિંદુધર્મની મહત્તા કેટલી બધી છે, ભાગ્ય મનુષ્યની સ્થિતિને પલમાં કેવી પલટાવી નાંખે છે, સૌન્દર્યનું મળ શું છે, વગેરે અનેક મહત્વના પ્રકારોને લક્ષ્યમાં રાખી આ નવલકથા લખવામાં આવી છે. બોધક તત્વને આલેખતાં નવલકથા અરસિક ન થઇ જાય એ માટે ખાસ કાળજી રાખવામાં આવી છે. યોગ્યાયોગ્યનો નિર્ણય કરવાનું કાર્ય સુજ્ઞ પાઠકોનું છે; છતાં આજ સુધીમાં મ્હારી નવલકથાઓનો સાહિત્યવિલાસી સજ્જનોએ જેવો સત્કાર કર્યો છે તેવો

જ સત્કાર આ નવલકથાનો થશે તો હું મ્હારો તેમજ આવા મહાયુદ્ધના સમયમાં ખર્ચ તરફ દરકાર નહિ કરતાં આ નવલકથાને સર્વાંગ સુંદર બનાવવાનો પ્રકાશક મહાશયે લીધેલો શ્રમ સફળ થયો સમજીશ.

સુપ્રસિદ્ધ બંગાળી નવલકથાકાર **श्री सुरेन्द्रमोहन भट्टाचार्य** મહાશયની એક નવલકથા વાંચ્યા પછીજ મ્હેં આ નવલકથા લખવાની પ્રવૃત્તિ કરી છે; પરંતુ મ્હેં મ્હારા તરફથી મૂળ પુસ્તકમાં ઘણો સુધારો વધારો કર્યો છે, અર્થાત્ આ નવલકથા એક બંગાળી નવલકથાનું રૂપાંતર છે—અનુવાદ નથી.

પ્રથમ આ નવલકથા મ્હારી તરફથી પ્રસિદ્ધ થતી કથાકુંજ નવલકથામાં પ્રસિદ્ધ કરવાનો મ્હારો વિચાર હતો; પરંતુ આવી નવલકથા જેન વિશેષ સુંદર સ્વરૂપમાં પ્રસિદ્ધ થાય તો સારૂં એવો વિચાર થવાથી મ્હેં અહિંના સુપ્રસિદ્ધ બુકસેલર અને પ્રસિદ્ધકર્ત્તા હરગોવનદાસ હરજીવનદાસવાળાને આ નવલકથાની વાત કરી, એટલે તેમણે મ્હને યોગ્ય ઉત્સાહ આપી આ નવલકથાને પોતાની તરફથી પ્રસિદ્ધ કરવાની ઇચ્છા દર્શાવી; તેથીજ આ નવલકથા આવા સુંદર સ્વરૂપમાં ગુર્જર વાંચનપ્રિય પ્રજાની સેવામાં સાદર થાય છે, અને તેનું માન મ્હારા પરમ સ્નેહી શ્રીહરિભાઇનેજ ઘટે છે.

કેટલીક અનિવાર્ય ઉપાધિઓને અંગે આ પ્રથમાવૃત્તિમાં ચિત્રો મૂકવાની યોજના થઈ શકી નથી. દ્વિતિયાવૃત્તિ વખતે કેટલાંક ચિત્રો મૂકવાનો વિચાર છે.

અંતે વાચક વર્ગને વિનંતિ એટલીજ છે કે, પ્રત્યેક મનુષ્ય દોષપાત્ર છે, અને હું પણ એક સામાન્ય મનુષ્ય છું—તેથી દોષો તરફ દુર્લક્ષ્ય કરી તત્વને ગ્રહણ કરવું. **इत्यलम्.**

તા. ૨૦-૧૦-૧૫

માંડવીની પોળ—**અમદાવાદ.**

સાહિત્ય-સેવક.

વ્રજલાલ જાદવજી ઠક્કર.

બીજી આવૃત્તિની

પ્રસ્તાવના.

પ્રસ્તુત નવલકથાની જનસમાજમાં સારી કદર થવાથી આવા વિષમ વિગ્રહના વખતમાં ચિત્ર દર્શન સાથે બીજી આવૃત્તિ કાઢવી પડી છે જનસમાજ જેવી રીતે અમારા સાહસની કદર કરે છે તે પ્રમાણે સદરહુ સાહસની કદર કરી અમારા કાર્યને ઉત્તેજીત કરવા મહેરબાની કરશે એવી આશા છે.

લી.

પ્રકાશક.

મિલન-મંદિર.

ખંડ પહેલો.

પ્રથમ પરિચય
અને
કલહાગ્નિની શરૂઆત.

આ લેખકનાં બીજાં નોવેલો.

સરોજ સુંદરી યાને સુધરેલો જમાનો	૧–૮–૦
વનવાસિની	૧–૪–૦

મિલન-મંદિર.

ખંડ ૧ લો.

પ્રકરણ ૧ લું.

માતા-પુત્ર.

"ભાઈ! તને એક વાત કહેવાને આવી છું." આમ કહીને માતા પુત્રની પાસે બેઠી.

એ ઓરડામાં બીજું કોઈ નહોતું. લગભગ આઠેક વાગ્યા હતા. પિત્તળની દીવી ઉપર મૂકેલા એક કોડીઆમાં દીવેલનો દીવો સળગતો હતો, તથા એક ન્હાનું ઘડીઆળ 'ટક ટક' અવાજ કરી રહ્યું હતું.

રમેશચંદ્રે માતાના મુખ તરફ દૃષ્ટિ કરી ગંભીર સ્વરે પ્રશ્ન કર્યો:—"શું છે?"

પુત્રે એવા સ્વરનો ઉપયોગ કર્યો કે, એવા પ્રકારના સ્વરની પ્રત્યાશા માતાએ રાખી નહોતી. માતા સમજી ગઈ કે, પુત્રે હું તેને જે કાંઈ કહેવા આવી છું, તેનાથી ભિન્ન પ્રકારનો ભાવ ધારણ કર્યો છે. છતાં તે શાંત રહી નહિ. તેણે કહ્યું:—"તમને સર્વેને નિરાધાર મૂકી ત્હારા પિતા પરલોકવાસ કરી ગયા છે. એમના પરલોકવાસ પછી અનેક પ્રકારનું દુ:ખ વેઠીને, અસંખ્ય માણસોની ખુશામદ કરીને, પુષ્કળ ઉજાગરાઓ કરીને મ્હેં તમને મ્હોટા કર્યા છે. મ્હારા દુ:ખની

કલ્પના તમને કોઇને આવી શકે તેમ નથી. નવીન મ્હને દગો દઇને આ માયાવી સંસારમાંથી ચાલ્યો ગયો. મ્હારા દુઃખની સીમા નથી. પ્રભુ ! તમને ચારે ભાઇઓને ચિરાયુ રાખો, એટલે હું જાણે આ ભવ-સાગર તરી પાર ઉતરી. તમે કદાપિ જૂદા થશો નહિ."

રમેશચંદ્રે કહ્યું:—"કોણ જૂદા થવાનું કહે છે; પરંતુ તમારા દીકરાઓ બારે માસ ઘેર બેઠા બેઠા પેટ ભરે, અને તેમને જો કાંઇ કહેવામાં આવે તો તેમની શેઠાણીઓનો મિજાજ આકાશ પાતાળને એક કરી નાંખે, એ કાંઇ સારૂં કહેવાય નહિ."

માતાએ નમ્ર સ્વરે કહ્યું:—"ભાઇ ! તુંજ સહુથી મ્હોટો છે—સહુનો શિરછત્ર છે. તું શાંતિ ધારણ નહિ કરે તો બીજું કોણ કરશે ? હું જાણું છું કે, તું એકલો તે કેટલી કમાણી કરી શકે ? ઘરનું ખર્ચ પણ ઘણું વધારે છે; પરંતુ કૃષ્ણચંદ્રને ખેતીનું કામકાજ કરવાનું કહ્યું છે. તે પોતાના કામમાં ઘણી મહેનત કરે છે. ઇશ્વર કરશે તો તે પણ તને મદદકર્त્તા થઇ પડશે. રજનીચંદ્ર પણ ધ્યાનથી અભ્યાસ કરે છે. હરિશ્ચંદ્ર સર્વેથી ન્હાનો છે. તુંજ તેને લાડ લડાવી અભ્યાસ કરવા દેતો નથી—કાંઇ કામકાજ કરવા દેતો નથી; તેથી કરીને તે ભટકયા કરે છે. અત્યાર સુધી ત્હેં જ્યારે સઘળું સહન કર્યા કર્યું છે, તો હજી પણ થોડા સમય સુધી ધૈર્ય ધારણ કરીને સહન કર. દયાળુ દેવની દયાથી થોડા સમયમાંજ તેઓ તને મદદકર્त्તા થઇ પડશે."

રમેશચંદ્રે કહ્યું:—"માજી ! હું પૈસાની પરવા નથી કરતો. ભાગ્યમાં હશે તે પ્રમાણે મળ્યા કરશે; પરંતુ ઘરમાં વિના કારણ કલહ કંકાશ શા માટે કરવો જોઇએ ? એકજ માણસને બાળીને ખાક શા માટે કરી નાંખવું જોઇએ ?"

'એકજ માણસ' તે બીજું કોઇ નહિ; પરંતુ રમેશચંદ્રની પત્ની ચંચળ. માતા તરતજ પુત્રનાં વચનોનું રહસ્ય સમજી ગઇ. તેણે કહ્યું:—"ભાઇ ! ચંચળ વહુનો સ્વભાવજ એવો છે. તે સહુને પોતાની મરજીમાં આવે તેમ કહે છે. આજકાલની વહુઓ મ્હોટી વહુનાં વચનો સહન કરે ખરી કે ?"

રમેશઃ—ના સહન કરે તો શું કરે? તે જો પોતાની ઇચ્છા પ્રમાણે વર્તીને ચાલવા માગતી હોય તો બીજાંઓએ તેને અનુકુળ થઇને ચાલવું જોઇએ.

માતાઃ—ભાઈ! બધાંના સ્વભાવ સરખા ક્યાંથી હોય? પરંતુ ભાઈ! આ ઘરજંજાળની બાબતથી તું વિચલિત થઇશ નહિ. સ્ત્રીઓના સ્વભાવજ બ્રહ્માએ એવા ઘડ્યા હોય ત્યાં કોઈ શું કરી શકે? ત્હારા જેવા ઘરના મુરબ્બી માણસે ઘરકલેશ તરફ તો આંખ આડા કાન કરવા જોઇએ.

રમેશચંદ્રે થોડા સમય સુધી કાંઈ વિચાર કર્યો; પછીથી તેણે કહ્યું:—"હું તો ઘેર રહેતો પણ નથી; પરંતુ જ્યારે ઘેર આવું છું ત્યારે કાંઈ ચિત્રવિચિત્ર પ્રકારો જાણું છું. આમ થવાથી મ્હારૂં મન અસ્થિર થઈ જાય છે."

માતાઃ—હું એ જાણું છું; પરંતુ ભાઈ! તું ખાત્રી રાખજે કે, જ્યાં સુધી હું જીવતી છું, ત્યાં સુધી કોઈના તરફ અન્યાય થાય તેમ નથી. ઘરજંજાળનો સઘળો ભાર મ્હારે માથે મૂકીને તું ત્હારે શાંતિથી ત્હારી નોકરી સંભાળ.

રમેશઃ—પણ મા, હમણાં મંદાકિની વહુ બહુ મ્હોડે ચઢી ગયેલાં હોય એમ જણાય છે.

માતાઃ—ભાઈ! હું એ જાણું છું. મંદાકિની વહુ કેવી રીતે શાંત થાય એ સંબંધી મ્હારાથી બનતી મહેનત પણ કરૂં છું. ત્યારે એ વિષય તરફ ધ્યાન આપવાની જરૂર નથી. વળી સ્ત્રીઓની સઘળી વાત સાચી હોતી નથી. વહુની વાત સાંભળી ત્હારે ગુસ્સે થવું જોઇએ નહિ.

રમેશઃ—ખરી વાત છે: તે કાંઈ મૂર્ખ નથી.

માતાઃ—આપણી આબરૂ જેથી કરીને સચવાઈ રહે તે પ્રમાણે આપણે વર્તવું જોઇએ; તું બુદ્ધિમાન છે. ત્હારા ઉપરજ મ્હારો સઘળો ભરોસો છે.

રમેશઃ—માજી! એ બધી વાત હવે પડતી મૂકો. જુઓ, કાલે

સ્હવારે હું ઘેરથી ચાલ્યો જવાનો છું. સુકુમારને કોઈ રીતે દુઃખ ના પડે તેની સંભાળ રાખજો. મ્હેં સાંભળ્યું છે કે, તેને ઉધરસ થઈ છે.

માતાઃ—ભાઈ! સુકુમાર તો મ્હારો નયનમણિ છે. તેની ઉધરસનો ઉપાય પણ ચાલુજ છે. તેને માટે તું નિશ્ચિંત રહેજે. સુકુમાર સર્વેને ઘણો વ્હાલો લાગે છે. હરિશ્ચંદ્ર તો તેના સિવાય એક ક્ષણ પણ રહી શકતો નથી. એ તેના ગળાનો હાર છે. હં, પણ ભાઈ! તું કાલે ન જાય તો ચાલી શકે તેમ નથી?

રમેશઃ—ના, પારકી નોકરી આગળ આપણી ઇચ્છાનુસાર ચાલી શકાય નહિ. વળી હમણાં કામ ધમધોકાર ચાલતું હોવાથી મ્હારે જેમ બને તેમ જલદીથી જવાની જરૂર છે.

આ સમયે ચંચળવહુએ ઉંઘી ગયેલા બાળક સુકુમારને લઇને ઓરડામાં પ્રવેશ કર્યો, તથા સુકુમારને શય્યામાં સુવાડી દીપકની દીવેટને સતેજ કરી ઓરડામાંથી તે ચાલી ગઈ. પોતાની પુત્ર સાથેની વાતચિત ચંચળવહુએ સાંભળી લીધી છે એવું અનુમાન માતા વહુના ગુસ્સાથી પડેલાં સખ્ત પગલાં ઉપરથી કરી શકી. રમેશચંદ્રના જાણવામાં પણ પત્નીની વર્તણુકનું કારણ આવી ગયું.

પ્રકરણ ૨ જું.

ચંચળની ચતુરાઈ.

એકાએક સુઈ રહેલો સુકુમાર આગ્રહદર્શક સ્વરે બોલી ઉઠયોઃ— “મ્હારે ન્હાના કાકા પાસે જવું છે.”

રાત્રિ ઘણી વીતી ગઈ હતી. મંદમંદ પવન વિહરતો હતો. કોઈ કોઈ સમયે પપૈયાનો મધુર પોકાર કાને સંભળાતો હતો. સમસ્ત માનવજાતિ નિદ્રાધીન હતી.

સુકુમારનો આગ્રહ અટક્યો નહિ. પતિ પત્નીએ તેને ઘણુંય

સમજાવ્યો, ઘણુંય ભૂલાવ્યો, અનેક રમવાની વસ્તુઓ આપી, પરંતુ સુકુમારના મનનું સમાધાન થયું નહિ—કોઈપણ પ્રકારે તે રડતો છાનો રહ્યો નહિ.

રમેશચંદ્રે કહ્યું:—"આવો છોકરો તો ક્યાંય જોયો નહિ. શું તે વારંવાર આમજ કરે છે કે ?"

ચંચળે વિરક્ત સ્વરે કહ્યું:—"અરે વારંવાર તો શું, પણ હમ્મેશાં આ પ્રમાણે કર્યા કરે છે. રાત્રિ દિવસ તે તેની પાસેજ પડ્યો રહે છે."

રમેશ:—હવે શો ઉપાય ?

ચંચળ:—જઈને આપી આવો.

રમેશ:—હરિશ્ચંદ્ર બ્હારની પરશાળમાં સુઈ રહે છે કેમ ?

ચંચળ:—હા.

રમેશચંદ્ર ઓરડાનું બારણું ઉઘાડી સુકુમાર સાથે બ્હાર નીકળ્યો, તથા પરસાળ પાસે જઈને હરિશ્ચંદ્રને હાંક મારી. આ સમયે હરિશ્ચંદ્ર ઘોર નિદ્રામાં નિમગ્ન હતો. મ્હોટા ભાઈની હાંક સાંભળતાંજ તે ઉઠીને બેઠો થયો. તેણે આંખો ચોળી રહ્યા પછી દીવાસળી સળગાવીને દીવો કર્યો. ન્હાના કાકાને જોતાંજ સુકુમાર તેને ગળે વળગી પડ્યો. હરિશ્ચંદ્રે તેને પોતાની પાસે સુવાડ્યો, એટલે રમેશચંદ્રે પોતાના શયનાલયમાં આવી પત્નીને પૂછ્યું:—"હવે સુકુમાર પાછો અહિં નહિ આવે કે ?"

ચંચળ:—ના.

રમેશ:—ત્યારે તો સારૂં, હરિશ્ચંદ્રનો આપણા સુકુમાર ઉપર ઘણો પ્રેમ છે.

ચંચળ:—હા ઘણોજ પ્રેમ છે

રમેશ:—હરિશ્ચંદ્રનો હવે તો વિવાહ કરવો જોઈએ. લગભગ અઢાર ઓગણીસ વર્ષની ઉમ્મરનો થયો હશે.

ચંચળ:—તો વિવાહ કરો.

રમેશ:—આવા ભાવથી કેમ બોલે છે ?

ચંચળ:—કેવા ભાવથી બોલું છું ? તમે તો મ્હોટા ધનવાન છો.

ભાઈનો વિવાહ તમે કરો તેમાં મ્હારે શું બોલવાનું હોય ?

રમેશ:—અરે, મ્હારી પાસે તો એક રાતો પૈસો પણ નથી !

ચંચળ:—ન હોય તો દેવું કરો.

રમેશ:—હા, તેમજ કરવું પડશે. ચારસો રૂપિયાનાં ઘરેણાં હશે તો ચાલી શકશે, તથા જે કાંઈ પહેરામણી મળશે તેમાંથી બીજું ખર્ચ ચલાવી લેવાશે.

ચંચળ કાંઈ બોલી નહિ, પરંતુ રમેશ સમજી ગયો કે, પત્નીના મુખ ઉપર અષાઢ માસનાં વાદળાંનો ઘોર અંધકાર છવાઈ ગયો છે. તેણે કહ્યું:—"હવે એ બાબત તરફ દુર્લક્ષ્ય કરવું જોઈએ નહિ."

ચંચળે વિશેષ ગંભીર સ્વરે કહ્યું:—"એ તો ઠીક છે; પરંતુ આ છોકરાનો કાંઈ વિચાર કર્યો કે ? તેનું શરીર સારૂં રહેતું નથી. ઉધરસ પણ થઈ છે.

રમેશ:—ઉધરસ થઈ હોય તો તેને વૈદ્યને ત્યાં લઈ જજો.

ચંચળ:—ઠીક, એ તો એમજ થશે; પરંતુ જે કામ કરો તે પૂરો વિચાર કરીને કરજો. મ્હારા સુકુમારના ભવિષ્યને માટે તમારે કાંઈ એટલું કરી રાખવું જોઈએ. ન કરે નારાયણ ને મ્હારા નશીબમાં કાંઈ સારો ખોટો પ્રકાર બને તો મ્હારા લાડકવાયા દીકરાને ઘેર ઘેર ભિક્ષા માગવી પડે તેનો ખ્યાલ છે કે ?

રમેશ:—ભિક્ષા શા માટે માગવી પડે ? કદાચ હું નહિ બચ્યું તો મ્હારી પાછળ મ્હારા ભાઈઓ તેને ઉછેરીને મ્હોટો કરશે.

ચંચળે સહજ રોષમાં આવી જઈને કહ્યું:—"કાકાઓ તેને કેવા મ્હોટા કરશે એ તો અત્યારથીજ માલુમ પડી આવે છે; હું તમારે પગે પડું છું, મ્હારે તમારી પાસેથી ઘરેણાં ગાંઠાં જોઈતાં નથી. સારાં સારાં કપડાં જોઈતાં નથી, મ્હારે માત્ર મ્હારા પુત્રનું ભલું થાય એજ વિચારવાનું છે, તેથી હું તમને વિનંતિ કરીને કહું છું કે, તમારે મ્હારા સુકુમારને માટે પ્રત્યેક માસે થોડા થોડા રૂપિયા બચાવવા પડશે. મ્હારે ગળે હાથ મૂકીને પ્રતિજ્ઞા કરો. તમારે મ્હારી આ વિનંતિ માન્ય કરવીજ પડશે."

રમેશે થોડા સમય સુધી કાંઈ વિચાર કર્યા કર્યો, પછીથી તેણે પત્નીની વિનંતિ તેને ગળે હાથ મૂકીને કબુલ કરી. તેણે કહ્યું:-"માસિક જેટલી રકમ પ્રાપ્ત થશે તેમાંથી અડધી રકમ સુકુમાર માટે બચાવી રાખીશ અને અડધી રકમ ઘરસંસારના ખર્ચ માટે ઉપયોગમાં લઈશ."

ચંચળ:-મ્હારી એક બીજી વિનંતિ કબુલ કરવી પડશે.

રમેશ:-શી ?

ચંચળ:-દેવું કરવું નહિ. "**ऋणकर्त्ता पिता शत्रु-**" મ્હારા સુકુમારના શત્રુ થશો નહિ.

રમેશ:-હું કદાપિ દેવું કરીશ નહિ.

અષાઢ માસના આકાશમાંથી વાદળાંઓ દૂર થઈ ગયાં-ચંચળનું મુખ પ્રસન્ન થયું. તેના અધરોષ્ઠ ઉપર સ્મિત હાસ્ય નૃત્ય કરવા લાગ્યું.

પ્રકરણ ૩ જું.

વિદાય.

સ્હવારના નવ વાગ્યાની અંદર રમેશચંદ્ર જમી પરવારીને તૈયાર થયો, બાદ ગાડીમાં બેસીને તેને વડોદરા જવાનું હતું: તથા ત્યાંથી ફાસ્ટટ્રેનમાં બેસીને તે સુરત ઉતરવાનો હતો.

ગાડી લાવવાનું કામ હરિશ્ચંદ્રે પોતાને માથે રાખ્યું હતું. હરિશ્ચંદ્રે ગાડીવાળાને ત્યાં જઈને અગાઉથીજ ગાડી લાવવાની સૂચના કરી હતી પણ ગાડીવાળો વખતસર આવ્યો નહિ. તેને જે વખતે આવવાનું કહ્યું હતું તે વખત ઉપર એક કલાક વીતી ગયો. રમેશચંદ્રે હરિશ્ચંદ્રને પૂછ્યું:-"દશ વાગી ગયા, છતાં હજી સુધી ગાડીવાળો આવ્યો નહિ, એનું શું કારણ ?"

હરિશ્ચંદ્રે ઉત્તર આપ્યો:-"હું શું જાણું ! મ્હેં તો તેને ઘણી તાકીદ કરીને કહ્યું હતું. હમણાંજ તે આવવા જોઈએ."

રમેશચંદ્રે ગભરાઈ જઈને કહ્યું:-"હવે ક્યારે આવશે ? બપોર

તો થવા આવ્યા; ચાર ગાઉ સુધી જવાનું છે, અને ગાડીવાનનું તો કાંઈ ઠેકાણુંયે નથી !"

આ સાંભળી ચંચળે મ્હોડું ચઢાવીને કહ્યું:-"જ્યારે પારકી નોકરી કરવાને તમારે જવાનું છે તો ગાડીની વ્યવસ્થા કરવાને પણ તમારેજ જવું હતું. પારકાના ઉપર વિશ્વાસ રાખ્યાથી શું થાય ?"

પત્નીનાં વચનોથી રમેશચંદ્રને પોતાની ભૂલ થઈ હોય એમ લાગ્યું, તથા હરિશ્ચંદ્ર પણ તેને ગુન્હેગાર જણાયો ! તેણે વિરક્ત સ્વરે કહ્યું:-"હું નહોતો ધારતો કે એનાથી ગાડીની વ્યવસ્થા નહિ થાય, અને મ્હારે રખડી મરવાનો વખત આવશે. હવે શું કરવું ? સાથે ભાર પણ વધારે છે; નહિ તો ગાડી વિના ચલાવી જાત. આજે નોકરી ઉપર હાજર થવુંજ જોઈએ !"

એવામાં કૃષ્ણચંદ્ર ત્યાં આવી પહોંચ્યો. ગાડી સંબંધીની ગરબડ સાંભળીને તેણે હસતાં હસતાં હરિશ્ચંદ્રને કહ્યું:-"કેમ હરિયા ! ગાડી ક્યાં છે ? જો મને કહ્યું હોત તો હું એકને બદલે બે ગાડી લાવીને હાજર કરત."

હરિશ્ચંદ્રને બંધુનાં વચનોથી ઘણું ખોટું લાગ્યું. ખરી રીતે જોવા જતાં તેનો કાંઈ ગુન્હો નહોતો. ગાડીવાળો કાંઈ ઓછો તેનો નોકર હતો ! હરિશ્ચંદ્રે નમ્ર સ્વરે કહ્યું:-"આપણે બજારમાં ચાલો, ત્યાંથી ગાડી મળી આવશે."

રમેશચંદ્રે ગુસ્સામાંજ કહ્યું:-"અને આ સઘળો સરસામાન કોણ ઉંચકી લેશે ?"

હરિશ્ચંદ્ર:-કૃષ્ણચંદ્રભાઈ ! તમે પણ સાથે ચાલો; હું મ્હોટા ભાઈની ટ્રંક અને એક પોટલું ઉંચકી લઉં છું, બાકીની બે પોટલીઓ તમે ઉંચકી લ્યો.

કૃષ્ણચંદ્ર:-ભલે એમ કરો; પરંતુ બજારમાંથી ગાડી મળે તો સારૂં.

હરિશ્ચંદ્ર:-બજારમાં નહિ મળે તો ગમે ત્યાંથી ગાડી લઈ આવીશ; તમારે ગભરાવાનું કાંઈ કારણ નથી.

આમ કહીને હરિશ્ચંદ્ર એક હાથમાં પોટલું અને એક હાથમાં ટ્રંક લઇને બ્હાર નીકળ્યો; એવામાં સુકુમારે દોડતાં દોડતાં આવીને ન્હાના કાકાના ધોતીઆનો છેડો પકડ્યો. ચંચળે તેને ખેંચવા માંડ્યો, પરંતુ તેણે તો ન્હાના કાકાનું ધોતીયું નજ છોડયું.

હરિશ્ચંદ્રે પોટલીને નીચે મૂકી સુકુમારને પોતાની કમર ઉપર બેસાડ્યો. પછીથી તેણે કૃષ્ણચંદ્રના સામું જોઇને કહ્યું:—"ભાઈ! તમારાથી આ પોટલું ઉંચકી શકાય તો ઉંચકી લ્યો, નહિ તો હું ફરીથી આવીને લઈ જઈશ."

કૃષ્ણચંદ્રે પોટલું ઉંચકી લીધું. ત્યાર પછી ત્રણે ભાઇઓ બજારમાં જઈ પહોંચ્યા. બજારમાં બે ગાડીઓ ઉભી હતી; તેમાંની એક ગાડી ભાડે કરીને તેમાં સઘળો સરસામાન મૂક્યો. હવે રમેશચંદ્રને શાંતિ વળી. એ ગાડીમાં બીજાં બે માણસો બેસવાનાં હતાં, તેથી ગાડીવાન આવનાર માણસોની રાહ જોઇ રહ્યો હતો, આથી કરીને રમેશચંદ્રે તેને કહ્યું:—"ભાઇ હવે ગાડી ક્યારે હાંકીશ? બપોર થવા આવ્યા, છતાં તું તો હજી ઉભોજ રહ્યો છે."

"મ્હોટા ભાઇ! હજી બે માણસો આવવાના છે. તેઓ આવે એટલે ગાડી હાંકું." ગાડીવાને ઉત્તર આપ્યો.

"પરંતુ તાપ વધતો જાય છે, તેથી જલ્દીથી ગાડી હાંકે તો સારૂં." રમેશચંદ્રે કહ્યું.

"લ્યો, ત્યારે તમે ગાડી સંભાળજો. હું તેમને બોલાવી લાવુંછું." આમ કહીને ગાડીવાન તરતજ પેલા માણસોને બોલાવવા ચાલ્યો ગયો. આ સમયે રમેશચંદ્રે હરિશ્ચંદ્રને કહ્યું:—"હરિયા! તું મ્હોટો થયો છે છતાં બ્હાર રખડ્યા કરે છે, અને ભણવા ઉપર બિલકુલ લક્ષ્ય આપતો નથી તેનું શું કારણ?"

કપાળ પરનો પરસેવો સાફ કરી હરિશ્ચંદ્રે ઉત્તર આપ્યો:—"હું તો કાંઇ રખડવા જતો નથી."

રમેશ:—ત્યારે તું સાચો, અને ઘરનાં માણસો જુઠાં કેમ?

હરિશ્ચંદ્ર:—તમને કોણે કહ્યું?

રમેશ:—કૃષ્ણચંદ્રે.

હરિશ્ચંદ્રઃ—હું તો એમના કહેવા પ્રમાણે ચાલું છું. જો ખોટું કહેતો હોઉં તો એમને પૂછી જુઓ.

રમેશચંદ્રે કૃષ્ણચંદ્રના સામું જોયું તો કૃષ્ણચંદ્રે સ્મિતહાસ્ય કર્યું.

રમેશચંદ્રે કૃષ્ણચંદ્રને કહ્યું:—"હમણાં તો જેમ ચાલે છે, તેમ ચાલવા દે. થોડા દિવસમાંજ હું એને માટે કાંઇ વ્યવસ્થા કરીશ. તું એને કાંઇ કહીશ નહિ."

કૃષ્ણચંદ્રે કહ્યું:—"પરંતુ હું ક્યાં એને કાંઇ કહું છું? ગામમાં પ્લેગ ચાલે છે છતાં પોતાની મરજી પડે ત્યાં ફર્યા કરે છે. વળી ભણવા ગણવાનું મૂકી તે પેલા શાશ્વતાનંદ યોગીના આશ્રમમાં જઇને બેસી રહે છે, એ કાંઇ સારૂં કહેવાય કે? વળી હમણાં હમણાંના તો ભાઇસાહેબ પ્રાણાયામ કરતાં શિખ્યા છે: જો શ્વાસ રૂંધવા જતાં કાંઇ આડું અવળું થઇ જશે તો પછી?!"

એટલામાં ગાડીવાન આવી પહોંચ્યો. બંધુમંડળની વાત અહિંથી અટકી પડી. બીજા માણસો સાથે રમેશચંદ્ર પણ ગાડીમાં બેઠો. સુકુમાર હજી સુધી હરિશ્ચંદ્રની કમર ઉપરજ બેસી રહ્યો હતો. ગાડીમાં બેઠા પછી રમેશ સુકુમારને ચુંબન કરવા ગયો; પરંતુ સુકુમારે પોતાના ન્હાના કાકાને ગળે વળગી પડીને પોતાનું મ્હોં ફેરવી દીધું.

હરિશ્ચંદ્રે રમેશચંદ્રને પૂછ્યું:—"છુટા પૈસા છે કે?"

રમેશઃ—હા છે, કેમ?

હરિઃ—બે ત્રણ આપોને!

રમેશઃ—શું કરીશ?

હરિઃ—સુકુમાર માટે ખાવાનું લેવું છે!

રમેશચંદ્રે તરતજ પોતાના ખિસ્સામાંથી ચાર પૈસા બહાર કાઢીને હરિશ્ચંદ્રના હાથમાં મૂક્યા. ગાડીવાને ગાડી હાંકી. આવજો, સંભાળીને જજો, કાગળ પત્ર લખતા રહેજો, એમ અરસપરસ ભલામણો થઇ ગયા પછી બંને ભાઇઓ ચિંતાતુર ચિત્તે પાછા ફર્યા. પાછા જતી વખતે હરિશ્ચંદ્રે બજારમાંથી સુકુમારને માટે ખાવાનું લીધું, અને ત્યાર પછી વાતચિત કરતા કરતા બન્ને ભાઇઓ ઘેર આવી પહોંચ્યા.

૭૮૭૬

પ્રકરણ ૪ થું.

પૂર્વ પરિચય.

વડોદરા પ્રાંતમાં છાણી નામનું એક ગામ છે. આ છાણી ગામમાં રામચંદ્ર કરીને એક બ્રહ્મક્ષત્રી રહેતા હતા. તેઓ મ્હોટા વતનદાર હોવાથી છાણી ગામમાં એક પ્રતિષ્ઠિત પુરૂષ ગણાતા હતા; પરંતુ હાલના જમાનામાં ગુજરાતના ઘણાખરા વતનદારો નિર્ધન સ્થિતિમાં જેમ પોતાના દિવસો નિર્ગમન કરે છે તેમ રામચંદ્રની સ્થિતિ પણ કેટલાંક કારણોને લીધે દુઃખપૂર્ણ હતી. આવી સ્થિતિનું મુખ્ય કારણ એ હતું કે, પિત્રાઈઓની તકરારમાં તેમની ઘણીખરી જમીન ન્યાયાલયમાં લડવાના ખર્ચમાં ચાલી ગઈ હતી. આ પ્રકારને લીધે તેમને માથે થોડું ઘણું દેવું પણ થયું હતું. અવશેષ રહેલી જમીનમાંથી કેટલીક લેણદારોની વસુલાતમાં તણાઈ ગઈ; અને જે થોડી ઘણી પાછળ રહી તેના ઉપરજ તેમના ગૃહસંસારનો ખર્ચ ચલાવવાનો વખત આવ્યો.

સંસારમાં સુખ દુઃખનું ચક્ર હમ્મેશાં ફરતુંજ રહે છે. એક સમયે જે રાજરાજેશ્વર હોય છે, તે ક્ષણ માત્રમાંજ રસ્તે રખડતો ભિખારી થઈ જાય છે. જે માણસ દુઃખી હોય છે, જેણે પોતાના જીવનમાં સુખનું સ્વપ્ન પણ જોયું નથી હોતું, તેને પોતાની દુઃખપૂર્ણ સ્થિતિ માટે વિશેષ લાગણી થતી નથી; પરંતુ જે માણસ સુખપૂર્ણ અવસ્થામાંથી ભાગ્યચક્રના પરિવર્તનને પરિણામે દુઃખદ સ્થિતિને આધીન થાય છે, તેને પોતાના જીવન ઉપર ઘણો કંટાળો આવે છે.

જ્યારે રામચંદ્રની સ્થિતિ સારી હતી ત્યારે તેમને ત્યાં બાર માસમાં તેર પર્વણીઓ થતી હતી. નિરાધાર તેમજ દીન દુઃખી માણસોને તેમને ત્યાં આશ્રય મળતો હતો. સ્વજન પરિજનોના આનંદ કોલાહલથી આખું ઘર રાત્રિ દિવસ આનંદમગ્ન માલુમ પડતું હતું; પરંતુ ભાગ્યનું પરિવર્તન થતાની સાથેજ સઘળો આનંદ દાબલીમાં છુપાવી

રાખેલા કપુરની માફક ઉડી ગયો. ખેતરો સાંથવાં, દાણુ ઉઘરાવી, ખેતરોમાંનું અનાજ ઘેર લાવવું એ સર્વ કાર્યો પોતાને હાથેજ કરવાનો કમનશીબ સમય આવી ચઢયો. સાધારણ રીતે ગૃહસંસારનું ખર્ચ ચાલી શકે એટલું પણ જમીનનું ઉત્પન્ન થતું નહિ. આવાં આવાં અનેક કારણોને લીધે, પિત્રાઇઓના કલહને પરિણામે, રામચંદ્રની માનસિક સ્થિતિ તો નિર્બળ બની ગઇ હતીજ, અને ધીમે ધીમે તેમની શારીરિક સ્થિતિ પણ નિર્બળ થવા લાગી. ઘરમાં રામચંદ્રના મંદવાડની પથારી પથરાઇ. દવાદારૂના ખર્ચમાં અસાધારણ દેવું થઇ ગયું! પરંતુ **केवलमिश्वरेच्छाबलियसि** એ મહાસુત્ર પ્રમાણે સઘળા યત્નો ડૉકટરો તેમજ વૈદ્યોના ઉપચારો નિરર્થક થઇ પડયા, અને રામચંદ્રે સંસારની ચિંતાને સાથે લઇ સ્વર્ગલોક તરફ યાત્રા કરી. પંખી પ્રવાસી પ્રાણરૂપી પિંજરને ખાલી કરી કોઇ અગમ્ય દેશમાં ચાલ્યો ગયો.

રામચંદ્રની ગૃહિણી સરસ્વતી પોતાનાં ન્હાનાં ન્હાનાં બાળબચ્ચાંઓનું પતિની ગેરહાજરીમાં મહાદુઃખે પ્રતિપાલન કરવા લાગી: પરંતુ લેણદારોએ તેને એક પણ દિવસને માટે જંપીને શાન્તિથી બેસવા દીધી નહિ. તેઓને આ ગરીબ વિધવા તેમજ તેનાં નિરાધાર બાળબચ્ચાંઓ ઉપર બિલકુલ દયા આવી નહિ. તેમણે વ્યાજ સાથે લેણા રૂપિયાનો દાવો કર્યો, તથા હુકમનામું મેળવી સાનમાં લખેલી જમીનની હરાજી કરાવી. નિરાધાર વિધવાએ સારા સારા પ્રતિષ્ઠિત ગણાતા માણસો પાસે જઇને પોતાની દુઃખદ સ્થિતિનું વર્ણન કર્યું; પરંતુ કોઇએ પણ તેને આશ્રય આપ્યો નહિ! સ્વાર્થી સંસારમાં બોલવામાં સર્વ બહાદુર હોય છે: પરંતુ અનાથનાં આંસુ સાફ કરી તેને આશ્રય આપનાર યાતો સહાયતા કરનાર મનુષ્ય વિરલાજ હોય છે. સરસ્વતીને માટે પણ એમજ થયું. તેના દુઃખની દાઝ કોઇને પણ થઈ નહિ; તેનાં ગરમ આંસુઓ સાફ કરી કોઇએ તેને આશ્વાસન સુદ્ધાં આપ્યું નહિ. રામચંદ્રના જ્યેષ્ઠ પુત્ર નવીનચંદ્રનું લગ્ન વડોદરામાં પ્રાણુલાલ વકીલની મ્હોટી પુત્રી સાથે થયું હતું. તેની પત્નીનું નામ જયંતી હતું. નવીનચંદ્રનું લગ્ન તેની બાલ્યાવસ્થામાંજ થયું હતું.

વહેવાઇ મહાશયનો પરલોકવાસ થયાના સમાચાર માલુમ પડતાંજ પ્રાણલાલ છાણી આવ્યા. વહેવાઇના ઘરની દુઃખી સ્થિતિ જોઈ તેમને ઘણી લાગણી થઇ આવી; જો કે તેમની સ્થિતિ સારી નહોતી, છતાં તેમણે વહેવાઇના કુટુંબને યથાશક્તિ સહાયતા કરી. લેણદારોને બોલાવી તેમની પાસેથી થોડી ઘણી જમીન વેચાણ રાખી, અને તેનો કારભાર પોતાના જમાઇ નવીનચંદ્રને સોંપ્યો. આ સિવાય તેમણે બીજી થોડી ઘણી પૈસાની મદદ પણ કરી; તથા પ્રત્યેક માસે અમુક રકમ મોકલી આપવાની ઉદારતા દર્શાવી.

નવીનચંદ્ર તે સમયે અઢાર વર્ષનો હતો. રમેશ, કૃષ્ણ, રજની વગેરે એ સમયે આઠ આઠ દશ દશ વર્ષની ઉમ્મરના બાળકો હતા, અને હરિ તો માત્ર દશ મહિનાનો ઉછરતો બાળક હતો.

નવીનચંદ્ર એકલોજ ખેતીવાડીની સંભાળ રાખતો હતો. હમ્મેશાં તે ખેતરમાં જતો હતો, મજુરોને લઇ ખેતરો નીંદાવતો હતો, અને પાક થતાં ગાડાં ભરીને સઘળું અનાજ ઘેર લાવતો હતો. એક વતનદારનો પુત્ર કે જેણે પોતાના પિતાની હયાતીમાં ગામની ભાગોળ સુદ્ધાં જોઈ નહોતી તેને વૈશાખ માસના સખ્ત તાપમાં ખેતરની અંદર મજુરી કરતાં કેવું અસાધારણ દુઃખ થતું હશે, તેની કલ્પના અનુભવી સિવાય બીજા કોઇને થવી અસંભવ છે. વિદ્યાભ્યાસ કરવાનું નિરૂપાયે છોડી દઇ નવીનચંદ્ર સંસાર ખર્ચ ચલાવવાને માટે ખેતરોમાં અથડાતો થયો. રમેશચંદ્ર કાંઇક મ્હોટો થતાં તે પોતાના વડિલ બંધુને યથાશક્તિ મદદ કરવા લાગ્યો. કૃષ્ણચંદ્ર અને રજનીચંદ્ર તે સમયે બાલ્યાવસ્થામાં હોવાથી તેઓ શી સહાયતા કરી શકે? વળી પિતૃહીન થયેલો હરિશ્ચંદ્ર તો હજી સુધી ભ્રાતૃસ્નેહના પવિત્ર આનંદસાગરમાં સ્નાન કરી રહ્યો હતો!

કેટલાંક વર્ષો વીતી ગયાં, એવામાં ક્રૂર ભાગ્ય વિશેષ ક્રૂર થયું. ગામમાં કૉલેરાનો ઉપદ્રવ ચાલુ થયો. આ અસાધ્ય ઉપદ્રવે અનેક મનુષ્યોના ભોગ લીધા! નવીનચંદ્ર પણ પોતાના કુટુંબને રડતું મુકી, આ ભયંકર રોગનો ભોગ થઇ પડી પરલોકયાત્રા કરી ગયો.

ઘણા દિવસ સુધી આ નિરાધાર કુટુંબવાળા ઘરમાં હાહાકાર થઇ રહ્યો. ત્યાર પછી કેટલોક સમય વીતી જતાં પુનઃ શાન્તિની સ્થાપના થઇ. નવીનચંદ્રનો પરલોકવાસ થયા પછી આ કુટુંબને પૈસા માટે ઘણી હાડમારી ભોગવવી પડી. નવીનચંદ્ર માથાકુટ કરી જે કાંઇ પેદાશ કરતો હતો તે બંધ થઇ. તેના શ્વસુર જમાઇની હયાતિમાં જે મદદ કરતા હતા તે મદદ તેમણે જમાઇના પરલોકવાસ પછી બંધ કરી દીધી! તેમણે પોતાની પુત્રીને પોતાની પાસે બોલાવી લીધી એટલે પછી આ નિરાધાર કુટુંબને મદદ કરવાનું તેમણે યોગ્ય ધાર્યું નહિ; સ્વાર્થ આનુંજ નામ!

પ્રકરણ ૫ મું.

પૂર્વ પરિચય. (ચાલુ.)

હવે સંસારનો ભાર રમેશચંદ્રે પોતાના શિરે ઉપાડી લીધો! પરંતુ પૈસાનો અભાવ હોવાથી માત્ર જાતમહેનતથી બધી બાજુઓ સચવાઇ નહિ. પૈસાના અભાવથી ખેતીવાડીનું કામ પણ સર્વાંશે બંધ પડી ગયું.

રમેશચંદ્ર નિરાશ થઇ ગયો: સંસાર કેવી રીતે ચલાવવો એ સંબંધીનો વિચાર આવતાંજ તે ગભરાઇ જવા લાગ્યો: પરંતુ શાન્તિ ધારણ કરી પત્ની તેમજ માતાની સહાયતાથી તે પોતાના ન્હાના ભાઇઓનું પ્રતિપાલન કરવા લાગ્યો. છેવટે માતાની સલાહ-સંમતિ લઇને નિરૂપાયે રમેશચંદ્ર નોકરી કરવાને માટે ઘરની બહાર નીકળી પડયો. નિરાધાર વિધવા કૃષ્ણચંદ્રની સહાયતાથી ઘરસંસાર સંભાળવા લાગી.

રજનીચંદ્રની ઉમ્મર આ સમયે બાર વર્ષની હતી. હીરાલાલ દેસાઇ નામના છાણી ગામના એક પરોપકારી પુરૂષ મુંબાઇમાં કેશવજી દેવજી નામના શેઠને ત્યાં સારા પગારથી નોકરી કરતા હતા. કાંઇ કામને લીધે તેઓ થોડા દિવસની રજા લઇ છાણી આવ્યા હતા.

આ પ્રસંગનો લાભ લઇને દુઃખી વિધવા તેમની પાસે ગઇ, તથા પોતાની દુઃખપૂર્ણ સ્થિતિની હકીકત નમ્ર સ્વરે નિવેદન કરીને તેણે તેમને કહ્યું કેઃ–"રજનીને તમારી સાથે મુંબઇ લઈ જાઓ તો ઘણું સારૂં; કારણ કે અહિં તેના અભ્યાસની વ્યવસ્થા સારી રીતે થઇ શકે તેમ નથી. તમારા ઘરમાં બે ચાર માણસો છે, તો એને પણ તમારો પોતાનો સમજીનેજ તમારે ત્યાં રાખો. પ્રભુ ! તમને તમારા ઉપકારનો બદલો અવશ્ય આપશે."

હીરાલાલ દયા લાવીને મુંબઇ જતી વખતે રજનીચંદ્રને પોતાની સાથે લઇ ગયા. ત્યાં જઇને તેમણે તેના અભ્યાસની સારી વ્યવસ્થા કરી આપી. આવી રીતે રજનીચંદ્ર હીરાલાલની સહાયતાથી ઠેકાણે પડી ગયો. આ સમયે હરિશ્ચંદ્ર ગામની નિશાળમાં ગુજરાતી છઠ્ઠી ચોપડી ભણતો હતો; પરંતુ ભણવા ઉપર તેનું વિશેષ લક્ષ્ય નહોતું. તે આનંદી હતો, અને આજકાલની તાલુકા સ્કૂલોના માસ્તરો એટલે સાક્ષાત યમદેવતાજ ! તેમનું મહાસુત્ર એજ કે, 'સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે ધમધમ' આથી કરીને તે બે દિવસ નિશાળમાં જતો તો ચાર દિવસ સુધી નિશાળનું બારણું સુદ્ધાં જોતો નહિ.

રમેશચંદ્રને ભરૂચમાં બાર રૂપિયાના માસિક પગારથી ડીકરીયા ગામના ઇનામદારને ત્યાં નોકરી મળી હતી તેથી તેને ઘણોખરો વખત ગામ ઉપરજ રહેવું પડતું હતું, એટલે ખરચ બારોબાર નીકળતું હતું. તે દર મહિને ચાર રૂપિયા હાથ ખરચના રાખી બાકીના આઠ રૂપિયા ઘેર મોકલવા લાગ્યો. આ આઠ રૂપિયામાં કૃષ્ણચંદ્ર ઘર ચલાવતો હતો અને ખેતીવાડીની સંભાળ રાખતો હતો; આવી રીતે કેટલાંક વર્ષો વીતી ગયાં.

છેવટે રમેશચંદ્રને એક સારી નોકરી મળી. માસિક પચાસ રૂપિયાના પગારથી તે સુરતના નવાબને ત્યાં કારભારી થયો. ચાર પાંચ વર્ષ પછી તેણે લગ્ન કર્યું, તથા કૃષ્ણચંદ્રને પણ પરણાવ્યો. રજનીચંદ્રને માટે તેને વિશેષ કાંઇ કરવું પડયું નહિ; તે એ સમયે મેટ્રિકની પરીક્ષામાં પાસ થઇ મુંબઇની મેડિકલ કૅાલેજમાં અભ્યાસ

કરતો હતો. હીરાલાલ દેશાઇની સહાયતાથી સુરતના રામકૃષ્ણ દેશાઇની પુત્રી સ્નેહલતા સાથે રજનીચંદ્રનું લગ્ન થયું. રામકૃષ્ણ દેસાઇ પોતાની પાછળ એક વિધવા તથા એક ગુણવતી પુત્રી મૂકીને પરલોકયાત્રા કરી ગયા હતા. વિધવાની આર્થિક સ્થિતિ પણ કાંઇ સારી નહોતી; પરંતુ યોગ્ય જમાઇ મળવાથી તેનો આત્મા વિશેષ શાન્ત થયો.

હવે રમેશચંદ્રનો સંસાર સારી રીતે ચાલવા લાગ્યો. ગામડા ગામમાં રહેવાનું, ખેતરનું અનાજ ખાવાનું, ઘરનાં શાકભાજી અને ઘરની ભેંસનું સુમિષ્ટ દહીં દૂધ તેમજ ઘી ખાવાનું વગેરે અનેક પ્રકારની સગવડતાથી આ દુ:ખી સંસારમાં પુન: સુખસૂર્યનું દર્શન થવા લાગ્યું. રમેશચંદ્રનો પગાર પણ સારો હોવાથી સઘળી આર્થિક અડચણો દૂર થઇ. નવીનચંદ્રની પત્ની તારાગૌરી પણ હવે સાસરેજ રહેવા લાગી. જો કે તેના પિતાનો વિચાર તેને સાસરે મોકલવાનો નહોતો; પરંતુ જ્યારે તેણે ‘ જ્યાં સુધી મ્હારાં સાસુજી જીવે છે, ત્યાં સુધી હું તેમની સેવા ચાકરી કરીશ ’ એમ કહ્યું ત્યારે તેમણે પુત્રીને સાસરે પહોંચાડી દીધી. તેણે સાસરે આવીને ઘરમાંનું સઘળું કામકાજ પોતાને શિરે ઉપાડી લીધું.

કૃષ્ણચંદ્ર ખેતીવાડીનું કામકાજ સંભાળતો હતો; જાતમહેનત, કરકસર તથા ખંતથી તે સારી પેદાશ કરતો હતો; પરંતુ જ્યારે ભાગ્યમાં દુ:ખજ નિર્માણ થયેલું હોય છે તો તે કોઇ પણ રસ્તે આવીને દર્શન દેછેજ. પૈસા સંબંધીની અડચણ દૂર થઇ—છોકરાઓ મ્હોટા થઇને કાંઇક ઠેકાણે પડયા ન પડયા એટલામાં તો ઘરમાં કલહનું બીજ રોપાયું અર્થાત્ સર્વના હૃદયમાં પુન: અશાન્તિએ સ્થાન લીધું.

મહિને પચાસ રૂપિયા કમાનાર રમેશચંદ્રની પત્ની ચંચળ એમ વિચારતી હતી કે, પોતાનો ધણી મહિને પચાસ રૂપિયા પેદા કરે છે, એટલે તેના જેવી સૌભાગ્યવતી સ્ત્રી સમસ્ત વિશ્વ—બ્રહ્માંડમાં બીજી એક પણ નથી. આથી કરીને તે પોતાના અભિમાનની આગથી ઘરનાં સર્વ મનુષ્યોને બાળીને ભસ્મ કરવાનો પ્રયત્ન કરતી હતી.

કૃષ્ણચંદ્રની પત્નીનું નામ મંદાકિની હતું. તેને કાંઇ સંતાન

હજી સુધી થયું નહોતું. તે એમ વિચારતી હતી કે, " અમારૂં બે માણસનું ખર્ચ તે શું હિસાબમાં ? બીજાના તાબામાં અમે શા માટે દબાઇ રહીએ ? મારા પતિજ મૂર્ખ છે કે તે આખો દિવસ ગદ્ધાવૈતરૂં કરીને બીજાની સત્તામાં પડ્યા રહે છે. મારા પતિ જે પ્રમાણમાં કામ કરે છે તે પ્રમાણમાં ઘરમાં તેમનું સન્માન ક્યાં છે ? કેમ ઘરનાં સર્વ માણસો તેમની આજ્ઞામાં રહેતાં નથી ? ! હવે જુદા થવામાં શો દોષ છે ? જો જુદા થઇને મારા સ્વામી આટલું કામ કરે તો આ મંદાકિની વહુના શરીર ઉપર અલંકારોનો ભાર એટલો બધો વધી જાય કે તે બિચારી ઉચકી પણ ન શકે ! "

રજનીચંદ્રની પત્ની અદ્યાપિ સંસારજાળમાં એટલી બધી ગુંથાયલી નહોતી. તે હમણાં નવયૌવનના હિંડોળે હિંચકા ખાતી હતી. તે ષોડશી અર્થાત્ શ્યામા હતી. ઘણો ખરો સમય તે મ્હોટી વહુ જયંતીનાજ સહવાસમાં રહી વિવિધ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરતી હતી.

હરિશ્ચંદ્રનો તો હજી સુધી વિવાહ સુદ્ધાં થયો નહોતો. તે કોઇ પણ વાતમાં વિશેષ લક્ષ્ય આપતો નહોતો. જ્યાં શોક હોય, રોગ હોય અનાથનું હૃદયભેદક રૂદન હોય, ત્યાં જાતિધર્મને બાજુએ મૂકી તે ભૂખ્યો રહીને પોતાની શકિતનો સઘળો ઉપયોગ કરતો હતો. ગામમાં કોઇ સાધુસંત આવે તો તેમની પાસે બેસી ધર્મ કથાઓ સાંભળતો હતો ને તેમની યથાશકિત સેવા ચાકરી કરતો હતો. તેમને આવશ્યક વસ્તુઓ લાવી આપતો હતો, તથા રાત્રે પદ્માસન વાળી પ્રાણાયામ કરવાનો તેનો નિત્યનિયમ હતો. આ સર્વ કાર્યોમાંથી વખત મળતાંજ તે સુકુમારને રમાડતો, તેને બાગ બગીચામાં લઇ જતો અને પાસે એક બે પૈસા હોય તો બજારમાં જઇ તેને ખાવાનું અપાવી સંતુષ્ટ કરતો હતો. સુકુમારને સંતુષ્ટ થયેલો જોઇ તેને અપૂર્વ આનંદ થતો હતો.

પોતાનાં આ સર્વ કાર્યોથી તે નિજાનંદમાં મગ્ન રહેતો હતો, પરંતુ તેને ખબર નહોતી કે, તેનાં કાર્યો તરફ ઘરનાં માણસો પ્રેમપૂર્ણ દૃષ્ટિથી જોતાં નથી.

સરસ્વતી ગૃહરાજ્યની ગૃહિણી હતી. તે જાણતી હતી કે પોતાના પુત્રો તથા પુત્રવધૂઓ ઘરમાં અશાન્તિનો અગ્નિ સળગાવે છે; પરંતુ તે ઘરમાં સળગતા અશાન્તિના અગ્નિને શાન્ત કરી શકતી નહોતી. આનાં બે કારણો હતાં. એક તો તેનો સ્વભાવજ નમ્ર હતો અને બીજું તેનામાં જોઈએ એવી કુશળતાનો અભાવ હતો. આમ હોવાથી તે ઘરમાં કોઈને કાંઈ કહી શકતી નહોતી; વળી પરિસ્થિતિ પણ એવી હતી કે જો તે કોઈને કાંઈ કહેવા જતી તો તે તરત અભિમાનથી મરવા પડતું હતું.

જોઈતી દેખરેખના અભાવે ઘરમાં શું થાય છે? કોણ શું કરે છે? તેની સરસ્વતીને બિલકુલ માહિતી નહોતી. આથી તે કોઈને કાંઈ કહી શકવાને સમર્થ નહોતી. જો કદાચ બહુ થતું અને તેની પાસે કોઈની ફરિયાદ આવતી તો તે પૂરતી તપાસ કર્યા સિવાય કહેવાતા આરોપીના ઉપર વાગ્બાણો છોડતી હતી. આવા પ્રકારને લીધે ઘરમાં સરસ્વતીનું બિલકુલ માન નહોતું. "જે ઘરમાં ગૃહિણી કુશળ નથી હોતી તે ઘરમાં સદા સર્વદા કલહ કંકાસજ કાયમ રહે છે. ગૃહિણીજ ગૃહનું આદર્શ આભુષણ છે."

પ્રકરણ ૬ ઠ્ઠું.

રજનીચંદ્ર ડૉકટર થયો.

આશ્વિન માસ ચાલતો હતો. દીપોત્સવીના દિવસો પાસે આવ્યા છે; હિંદુ નારીઓ ઘરબાર લીંપવામાં, તાંબા પિતળનાં વાસણો અજવાળવામાં તેમજ ઘરને સ્વચ્છ કરવામાં પ્રવૃત્ત જણાય છે. દીપોત્સવીના આનંદજનક તહેવારોમાં સર્વેનાં મન પ્રફુલ્લ જણાય છે. આ સમયે કામ ધંધાને લીધે બારે માસ પરદેશમાં પડ્યા રહેતા પ્રિયતમોની સાથે તેમની વિરહઘેલી પ્રેમદાઓનો સહવાસ થાય છે. સ્વજન પરિજનોને મળી તેઓ આનંદથી અધીરાં બની જાય છે. નાનાં બાળકોના આનંદના તો સીમાજ રહેતી નથી. તેઓ નવીન લૂગડાં પહેરીને, ઘુઘરા

પૂરીઓ ખાઇને તેમજ દારૂખાનું ફોડીને આનંદ-કલ્લોલ કરતાં માલૂમ પડે છે. મનુષ્યોની માફક પ્રકૃતિ પણ આ સમયે નવીન સ્વરૂપ ધારણ કરે છે. વન ઉપવન તથા બાગ બગીચાઓમાં, ખેતરોમાં તેમજ વાડીઓમાં ઉગેલી લીલી હરિયાળી મનને હરી લે છે. કુદરતના નવીન સ્વરૂપમાં પ્રવેશ કરીને તેનો ખરેખરો પવિત્ર આનંદ આપનારો દીપોત્સવી જેવો મ્હોટો તહેવાર હિંદુઓ સિવાય બીજી કોઈ જાતિમાં ભાગ્યેજ દૃષ્ટિગોચર થાય છે.

વાઘબારસને દિવસે રજનીચંદ્ર ઘેર આવ્યો છે. રમેશચંદ્ર રજનીચંદ્રના આવતા પહેલાં બે દિવસ પૂર્વે ઘેર આવ્યો છે.

રજનીચંદ્ર મેડિકલ કૉલેજની છેલ્લી પરીક્ષામાં પાસ થયો છે. તેને અહમ્મદનગરની ગવર્નમેન્ટ હૉસ્પિટલમાં મહિને ત્રણસો રૂપિઆના પગારની જગ્યા મળી છે. દીપોત્સવી પછી તે પોતાની નવી જગ્યા ઉપર હાજર થવાને જનાર છે.

મુંબઈથી ઘેર આવતી વખતે રજનીચંદ્ર મુસાફરી માટેનો થોડો ઘણો સરસામાન ખરીદ્યો હતો; આ સરસામાનમાં એક હારમોનિયમ પણ હતું. વિદેશમાં અવકાશને સમયે ચિત્તને આનંદ આપવાને માટે તે પોતાના એક મિત્ર પાસેથી હારમોનિયમ માગી લાવ્યો હતો.

સંધ્યાનો સમય થયો છે. આખું ગામ દીવાઓથી પ્રકાશિત થઈ રહેલું જણાય છે અને સર્વત્ર આનંદનો ભાસ થાય છે તેવે સમયે રજનીચંદ્ર ઘેર આવી પહોંચ્યો. ગાડીવાળો ગાડીમાંથી સરસામાન પરસાળમાં ઉતારી નાંખી ચાલતો થયો. તરતજ ઘરમાંથી હાથ મુખ ધોવાને રજનીચંદ્રને પાણી આપવામાં આવ્યું. સરસ્વતી ઉમરા પાસે બેઠી હતી. રમેશચંદ્ર અને કૃષ્ણચંદ્ર રજનીચંદ્રનો સરસામાન એક ઠેકાણે ગોઠવીને મૂકતા હતા. એવામાં હરિશ્ચંદ્ર સુકુમારને લઇને ત્યાં આવી ચઢ્યો. રજનીચંદ્રે હાથ મુખ ધોઈ માતાને તથા વડીલબંધુઓને પ્રણામ કર્યા. એક બીજાએ એક બીજાના કુશળ સમાચાર પૂછ્યા. ત્યાર પછી રજનીચંદ્રે સુકુમારને પોતાની પાસે લીધો અને તેને માટે

મુંબઈથી ખરીદ કરી આણેલાં કોટ, પેન્ટલુન વગેરે વસ્ત્રો તેણે પોતાની એક ટ્રંકમાંથી બ્હાર કાઢયાં. આ વસ્ત્રો સાથે રજનીચંદ્ર કેટલાંક રમકડાં પણ લાવ્યો હતો. સુકુમારે એ સર્વે વસ્તુઓમાંથી પોતાના બંને હાથમાં જેટલી વસ્તુઓ લેવાય તેટલી લીધી. પછીથી તેણે હરિશ્ચંદ્ર પાસે જવાની ઉતાવળ કરવા માંડી. રજનીચંદ્રે સુકુમારને પોતાની પાસે બેસાડવાનો ઘણો યત્ન કર્યો: પરંતુ સુકુમારની હઠ આગળ તેનું કાંઈ વળ્યું નહિ. તે રજનીચંદ્ર પાસેથી છુટીને દોડતો દોડતો હરિશ્ચંદ્ર પાસે ગયો. હરિશ્ચંદ્રે તેને નવીન વસ્ત્રો પહેરાવવા માંડ્યાં.

રમેશે રજનીને પૂછ્યું:—"ભાઈ! તને ક્યાં નોકરી મળી?"

રજની:—અહમ્મદનગર.

રમેશ:—ઘણે દૂર સુધી જવું પડશે.

રજની:—હા; પરંતુ એ જગ્યાની મ્હેં મ્હારી ઇચ્છાથીજ માગણી કરી હતી.

રમેશ:—કારણ?

રજની:—ત્યાંનાં હવા પાણી સારાં છે.

હરિશ્ચંદ્રે સુકુમારને બુટ પહેરાવતાં પહેરાવતાં પૂછ્યું:—"મ્હોટા ભાઈ! તમે ત્યાં ક્યારે જવાના છો?"

રજની:—દીપોત્સવી પછી. કેમ, ત્હારે કાંઈ કામ છે?

હરિશ્ચંદ્ર:—હું પણ તમારી સાથે આવીશ.

કૃષ્ણચંદ્રે હસતાં હસતાં કહ્યું:—"ત્યાં સાધુ સંન્યાસીઓ ઘણા છે, ખરૂં ને?"

હરિશ્ચંદ્ર શરમાઈ ગયો, તેથી રમેશચંદ્રે કહ્યું:—"હરિયો ત્યાં જાય એમાં શું ખોટું છે? રજની! ત્યાં ત્હારી કાયમ જગ્યા થાય એટલે તું હરિયાને ત્હારી સાથે લઈ જજે."

કૃષ્ણચંદ્ર:—પણ ત્યાં જઈને એ શું કરશે?

રમેશચંદ્ર:—રજનીની પાસે રહીને એ કાંઈક શિખશે, અને ભવિષ્યમાં બે પૈસા કમાઈ ખાશે.

કૃષ્ણચંદ્રે ફરીથી હસીને કહ્યું:–"તમને ડૉકટરનો ધંધો ઘણો સ્હેલો જણાતો હશે!?"

રમેશચંદ્ર:–સ્હેલો તો કયાંથી જણાય! પરંતુ તુંજ કહેને કે, આપણા ગામમાં રામશંકર ડૉકટર છે તેને શું આવડે છે? તેને તો અનુભવ પણ નથી; પરંતુ જો હરિશ્ચંદ્ર રજનીચંદ્ર પાસે થોડો સમય રહે તો તેને થોડું ઘણું તો જ્ઞાન અવશ્ય પ્રાપ્ત થાય, અને તેમ થાય તો એ બે પૈસા કમાઈ ખાય.

આ વાર્ત્તાલાપ આટલેથીજ અટક્યો. આ સમય દરમ્યાન હરિશ્ચંદ્ર સુકુમારને બુટ પહેરાવી રહ્યો હતો. હરિશ્ચંદ્રની દ્રષ્ટિ આ સમયે હારમોનિયમ તરફ જઈ પહોંચી હતી. તેણે રજનીચંદ્રને પૂછ્યું:– "ભાઈ! આ હારમોનિયમ છે કે?"

કૃષ્ણચંદ્રે સ્મિત હાસ્ય કરી કટાક્ષ કરતાં કહ્યું:–" હા, હારમોનિયમ છે. ડૉકટરી કરવા જવાનું છે, તેથી રોગીને સંભળાવી તેનો રોગ દૂર કરવાને માટે ભાઈ સાથે લઈ જનાર છે."

રજનીચંદ્ર મનમાંને મનમાં હસ્યો. હરિશ્ચંદ્રે હારમોનિયમની પાસે જઇને તેનું બરાબર અવલોકન કર્યું. પછીથી તેણે કહ્યું:–" વાહ વાહ, હારમોનિયમ તો ઘણું સારૂં જણાય છે ને!"

આ વખતે સુકુમાર તોતડા સ્વરે બોલી ઉઠ્યો–" નાના કાકા! બાજુ બગાડો (વાજું વગાડો)!

હરિશ્ચંદ્રે સુકુમારને પોતાની કમ્મર ઉપર બેસાડ્યો, તથા હારમોનિયમને ઉંચકીને તે એક એકાંત ઓરડામાં જવાની તૈયારી કરવા લાગ્યો.

આ સમયે રજનીચંદ્રે હરિશ્ચંદ્રને કહ્યું:–" ભાઈ! એ તો પારકું છે. સાચવીને વગાડજે."

હરિશ્ચંદ્ર:–અરે હું હમણાંજ પાછું લાવું છું.

સરસ્વતી ઉમરા પાસે બેઠી હતી, તે હરિશ્ચંદ્રનું વર્ત્તન જોઈ બોલી ઉઠી:–" સહુના કરતાં એનું તોફાન વધારે છે. એનું શું થશે, તેની મ્હને ઘણી ચિંતા થાય છે!"

રમેશચંદ્રનો હરિશ્ચંદ્રના ઉપર ઘણો પ્રેમ હતો. તેણે માતાને કહ્યું:—"બા! એ તો એમજ હોય, એ સૌથી ન્હાનો છે, તેથીજ આમ કરે છે. મ્હોટો થશે એટલે પોતાની જાતે સમજશે. રજની એક બે વખત નોકરી ઉપર જઈ આવે એટલે તેને પણ અહમ્મદ-નગર મોકલી દઈશું."

સરસ્વતી:—અહમ્મદનગર આપણા ગુજરાતમાં આવ્યું કે?

રજનીએ સ્મિત કરી ઉત્તર આપ્યો:—"ના."

સરસ્વતી:—ત્યારે એ કયા દેશમાં આવ્યું? ત્યાં જવાથી જાતિ-ભ્રષ્ટ તો ન થવાય ને?

રજની:—અરે, અહમ્મદનગર તો આપણા હિંદુસ્તાનમાં આવેલું છે; માત્ર બે ત્રણ દિવસમાંજ ત્યાં પહોંચી શકાય છે.

સરસ્વતી:—પગાર શો કર્યો છે?

રજની:—હમણાં તો મહિને દોઢસો રૂપિયા; પરંતુ ધીમે ધીમે વધશે.

સરસ્વતી:—ત્હારી ઉમ્મર જોતાં જતાં આટલો બધો પગાર તને આપે કે?

રજની હસી પડ્યો. રમેશચંદ્રે કહ્યું:—"કેમ ન આપે? આટલું બધું ભણ્યો એ શું નકામું થઈ પડે કે?"

સરસ્વતી:—ત્યારે તો આપણું દુઃખ ટળ્યું! રજનીને આવી સારી નોકરી મળી છે, માટે કાલેને કાલે આપણે સત્યનારાયણની કથા કહેવડાવો.

પ્રકરણ ૭ મું.

પતિ-પત્નિનું મિલન.

રાત્રિના દશ વાગ્યાનો સમય થયો છે. દીપોત્સવીનો આનંદ-ઉત્સવ હમણાં શાન્ત જણાય છે. સમસ્ત ગ્રામ શાન્તિથી નિદ્રાધીન થયું છે. પ્રવાસી વિનાનો ગ્રામ્યમાર્ગ રાત્રિની શાન્તિને છાતી ઉપર ધારણ કરી મૌન ભાવે વિરામ લે છે. કોઈ કોઈ સમયે કૂતરાંઓ

તથા શિયાળવાંઓની બૂમો સંભળાય છે. આંબાવાડીઆમાંથી ક્વચિત્ ક્વચિત્ કોયલ મધુર ટહુકા કરે છે, અને વિરહી અબળાઓના અભિમાનને ઉતારી નાંખે છે. અત્યારે રજનીચંદ્રના શયનાલયમાંથી હારમોનિયમનો મધુર સ્વર કાને પડે છે.

શયનાલયમાં દીવો બળી રહ્યો છે. રજનીચંદ્ર ખુરશી ઉપર બેઠો બેઠો હારમોનિયમ ઉપર આંગળિયો ફેરવતો ગાવા લાગ્યો કેઃ—

સોહામણી સ્વર્ગની વાટ, એક દીન સોહાવજો હોરાજ;
રસિલી અમરાપુરી ઘાટ, એક દીન સોહાવજો હોરાજ.
મૃત્યુલોકના મનુષ્ય ક્યાં, ક્યાં અમરાપુરી ઘાટ;
અઘટીત કહો એ કેમ, બને વસમી વિકટ એ વાટ.
મુગટ મણી તમે રાજ સદનનાં, પારીજાતક તમે નંદન વનનાં,
રાજવંશિ દેવાંશી રસીકવર, પ્રિતિ જ્યોત પ્રગટાવી પરસ્પર;
મેળવવાં અંતરમાં અંતર, સ્વર્ગ અમારૂં સોહાવજો હોરાજ.

શયનાલયમાં પડેલા એક સુંદર પલંગમાં અનિંદ્યસુંદરી સ્નેહલતા કોમળ કમલિનીની માફક સુઈ રહી છે ! રજનીચંદ્ર હારમોનિયમ વગાડીને તેમજ ગાઈ ગાઈને થાકી ગયો: પરંતુ તેણે પત્ની તરફથી વાહવાહનો પ્રશંસાસુચક સ્વર સાંભળ્યો નહિ; આથી તેણે નિરાશ થઈ જઈને હારમોનિયમ વગાડવાનું તથા ગાવાનું બંધ કર્યું, અને પછી પલંગ પાસે જઈ પત્નીએ તેના મુખ ઉપર ઓઢેલી શાલ ખેંચી કાઢી. વસંતનો પૂર્ણચંદ્ર મેઘ મુક્ત થયો, તોપણ રજનીચંદ્રની ધૃષ્ટતા ઓછી થઈ નહિ. સ્નેહલતા સ્મિત હાસ્ય કરતી કરતી ઉઠીને બેઠી થઈ! સ્નેહલતાના સ્મિત હાસ્યમાં અતુલનીય—દૈવી—સુંદરતા હતી. તેના અંગ પ્રત્યંગમાં નવયૌવન ઉભરાઈ જતું હતું.

રજનીચંદ્ર સ્નેહલતાનું સૌંદર્ય જોઈને મુગ્ધ બની ગયો: પરંતુ એ સૌંદર્ય એના મર્મપ્રદેશને ભેદી શક્યું નહિ. તેણે મનમાંને મનમાં વિચાર્યુંઃ—“ આટલું બધું રૂપ ! આટલા બધા રૂપ સાથે એક પણ ગુણ નથી. ” ગુંથવું, ભરવું, હારમોનિયમ વગાડવું, પ્રેમના પત્રો લખવા તથા સૂતાં જાગતાં બસ પ્રેમનાજ વિચારો કર્યા કરવા, નવલકથાઓ

વાંચવી એ વગેરેને રજનીચંદ્ર મહાન્ ગુણો સમજતો હતો. ભોળી સુકુમાર બાળા સ્નેહલતાનામાં આ સર્વ ગુણો (!) નો નિવાસ ક્યાંથી હોઈ શકે ?

સ્નેહલતા ઉઠીને બેઠી થઈ. રજનીચંદ્રે નવવધૂના મસ્તકની વેણી ઉપર પોતાનો હસ્ત મૂક્યો. સ્નેહલતાની વેણી વિખરાઈ ગઈ, અને કાળા નાગ જેવો તેનો કેશકલાપ તેની પીઠ ઉપર નૃત્ય કરવા લાગ્યો. સ્મિતહાસ્ય કરી સ્નેહલતાએ કહ્યું:-" મ્હને આમ સતાવોછો શા માટે ?"

રજનીચંદ્ર હસી પડ્યો. તેણે પૂછ્યું:-" હું ગાઉંછું તે તું સાંભળતી કેમ નથી ? "

સ્નેહલતાએ ધ્રુજતા સ્વરે કહ્યું:-" હું સાંભળતી નહોતી તો શું મ્હેં કાંઈ કાનમાં આંગળીઓ ઘાલી હતી કે ? "

રજની:-તું ગાયન સમજી શકતી નથી ?

સ્નેહલતા ફરીથી હસી પડી. હાસ્યની ઘટા આ વખતે કાંઈક વિશેષ હતી. તેણે કહ્યું:-" સમજી શકતી નથી, તેથી તો સાંભળતી નથી."

રજની:-એ માટે મ્હને ઘણું દુ:ખ થાય છે. પ્રત્યેક મનુષ્યની વૃત્તિ રહસ્યભેદ જાણવાને સમર્થ થવી જોઈએ.

સ્નેહલતા:-તેથી શું થાય ?

રજની:-આનંદ થાય.

સ્નેહલતા:-આનંદ થવાનું કાંઈ કારણ ?

રજની:-એ કારણ હું તને કેવી રીતે સમજાવી શકું. સંગીતચર્ચા, કાવ્યચર્ચા, વિજ્ઞાનચર્ચા વગેરેથી કેટલો બધો આનંદ થાય છે તે ત્હારા જેવી ભયંકર અજ્ઞાની અબળા કેવી રીતે સમજી શકે.

સ્નેહલતા:-ઘરને સાફ રાખવું, કપડાં ધોવાં, રસોઈ બનાવવી, ઇશ્વર ભક્તિ કરવી, ખાંડવું, દળવું તથા વડીલોની સેવા ચાકરી કરવી એ સ્ત્રીઓને માટે કેટલાં આનંદદાયક કાર્યો છે તેની આપ નામદારને ક્યાંથી ખબર હોય ? જો આપ નામદાર સ્ત્રી થયા હોત તો એ આનંદનો અનુભવ મેળવી શકત.

રજની:-તું ભયંકર-મૂર્ખ સ્ત્રી છે, તેથીજ આમ કહે છે.



સ્નેહલતાએ રજનીચંદ્રને કહ્યું:—" મને આમ સતાવો છો
શા માટે   જુઓ ચિત્ર ૧ લું.

સ્નેહલતા:—તમે મહાન્ પંડિત છોને, તેથીજ સાંસારિક આનંદ-જનક કાર્યોનો તમને અનુભવ નથી !

રજની:—સ્ત્રીઓ શું મનુષ્ય નથી ? સ્ત્રીઓનામાં અન્ય મનુષ્યના જેવી ઉચ્ચતર વૃત્તિ નથી ! પુરૂષ તથા સ્ત્રી એકજ છે. બન્નેની વૃત્તિ સમાન હોય છે. શિક્ષણ મળતાં બન્ને સમાન થાય છે.

સ્નેહલતા ઉચ્ચ સ્વરે હસી પડી. તેનું હાસ્ય બંધ પડયુંજ નહિ ! મહાન્ પંડિત રજનીચંદ્ર પત્નીને હાસ્ય કરતી જોઇને વિરક્ત બની ગયો ! તેને એ હાસ્ય નિરર્થક જણાયું ! સ્નેહલતાએ હસતાં હસતાં કહ્યું:—" નહિ નહિ, જે વૃત્તિથી વિશેષ વિલાસ સુખનો ઉદય થાય છે, તે વૃત્તિ રમણીઓમાં હોતી નથી."

વિરક્ત સ્વરે રજનીચંદ્રે પૂછ્યું:—" તું વિચાર કરીને કહે જોઇએ કે એ વૃત્તિ કયી છે ?"

સ્નેહલતાનું હાસ્ય બંધ પડયું નહોતું. હસતાં હસતાં તેણે ઉત્તર આપ્યો:—" મુંછો."

રજનીચંદ્ર વિશેષ વિરક્ત બની ગયો. તેણે કહ્યું:—" જો હું સત્યજ કહું છું કે તું મહામૂર્ખ છે. મુંછને શું વૃત્તિ કહી શકાય કે ?"

પ્રથમ પ્રમાણે હસતાં હસતાંજ સ્નેહલતાએ કહ્યું:—" તમારા શાસ્ત્ર અનુસાર તે વૃત્તિ ગણાતી નથી, તોપણ સ્ત્રીઓને જ્યારે મુંછ નથી ત્યારે તેમનામાં તમારા જેવી વિલાસ વાસના પણ નથી."

રજનીચંદ્ર:—ત્હારાં આ વચનોનો કાંઈ અર્થ નથી. સઘળા પુરૂષો કાંઈ સુશિક્ષિત નથી.

ત્યાર પછી થોડા સમય સુધી પતિપત્ની શાંત રહ્યાં. કેટલાક સમયને અંતરે રજનીચંદ્રે વાત ફેરવવાના ઉદ્દેશથી કહ્યું:—" દીવાળી વીતી ગયા પછી તરતજ મ્હારે અહમ્મદનગર જવું પડશે: તું શું કરીશ ?"

પ્રબળ જળપ્રવાહ જોસથી વહેતો આગળ ચાલ્યો જતો હોય અને એવામાં કાંઇ બાધ આવતાં તે એકાએક અટકી જાય તેજ પ્રમાણે રજનીચંદ્રના આ પ્રશ્નથી સ્નેહલતાનું હાસ્ય બંધ પડી ગયું. તેણે

સ્થિરદૃષ્ટિથી કરૂણાપૂર્ણ નજરે સ્વામિ તરફ નજર કરીને પૂછ્યું:- "ત્યારે શું તમે એટલા બધા વ્હેલા જશો?"

રજનીચંદ્ર:-હા.

સ્નેહલતા:-પહેલાં તો તમે દરેક દીવાળી ઉપર ઘેર આવીને ઘણા સમય સુધી રહેતા હતા.

રજની:-તે સમયે હું અભ્યાસ કરતો હતો, તેથી જ્યાં સુધી કૉલેજ બંધ રહેતી હતી, ત્યાં સુધી ઘેર રહેતો હતો. હવે તો નોકરી કરવા જવાનું છે! તું મ્હારી સાથે આવીશ?

સ્નેહલતા:-તમે મ્હને સાથે લઈ જશો તો મ્હને આવવાને શી હરકત છે?

રજનીચંદ્ર બરાબર સંતુષ્ટ થયો નહિ. તેના મનમાં એમ હતું કે આ વિદેશે જવાની વાત ઉપર વિરહની આશંકાનું મ્હોટું નાટક ભજવાશે. અનેક ગાઢ નિશ્વાસો મૂકાશે, અનેક હૃદયભેદક વચનો નીકળશે, ત્યાર પછી વિદેશે જવાને માટે ચરણોમાં પડાપડી થશે. સાથે નથી લઈ જવાનો એમ જાણશે એટલે આત્મહત્યાની વાત કાઢશે; પરંતુ તેની ધારણા પ્રમાણે તો કશું થયું નહિ. સ્નેહલતાએ માત્ર એટલુંજ કહ્યું કે:-"સાથે લઈ જશો તો સાથે આવીશ, અને ઘેર મૂકી જશો તો ઘેર રહીશ. તમને જેમ ઠીક લાગે તેમ કરો. તમારા સુખમાંજ મ્હારૂં સુખ છે, તેમજ કલ્યાણ છે."

રજનીચંદ્ર એ હૃદય, એ પ્રેમ પિછાની શક્યો નહિ. એ કાંઈ ન્હાની નદીનું સીમાયુક્ત વેગવાળું જળ નથી. અનંત છે, સીમા વિનાનું છે, પ્રશાંત સાગરજળ છે. સામયિક ઉચ્છ્વાસથી તે હાલી ઉઠે કે ધ્રુજી ઉઠે એવું નથી. સાધારણ સૂર્યતાપથી તે તપી જાય એવું નથી. સાધારણ વાયુ તોફાનથી તે કંપી ઉઠે એવું નથી. સ્નેહલતા એમ સમજે છે કે, સ્વામિ દેવતા છે, તેઓ પોતે સારૂં ધારીને જે કાર્ય કરશે એમાંજ પોતાના સુખનો સમાવેશ થયેલો છે. સ્વામિપ્રેમ આત્મ-સુખને માટે નથી. સ્વામિપ્રેમ દૈહિક-મિલનને માટે નથી. સ્વામિપ્રેમ કેવળ મધુરી વાતચિતમાં નથી.

પરંતુ રજનીચંદ્ર એ સમજી શક્યો નહિ. તે માત્ર એટલુંજ સમજ્યો કે આવી મૂર્ખ સ્ત્રી તેના જેવા સર્વ વિદ્યા-વિશારદને માટે તદ્દન નાલાયક છે.

આવા ભ્રમથી અનેકના સર્વસ્વનો નાશ થયો છે. રજનીચંદ્રના સર્વસ્વનો પણ નાશ થશે કે કેમ તેની કોને ખબર!

રજનીચંદ્ર જો કદાચ પિછાની શકત, સમજી શકત તો તેને માલુમ પડી આવત કે સ્નેહલતાનું હૃદય પ્રેમાનુરાગથી પરિપૂર્ણ છે. તેનાં આકર્ષક નેત્રોમાં વિહ્વળ કરૂણાપૂર્ણ માધુર્ય વિરાજી રહ્યું છે!

પ્રકરણ ૮ મું.

બૈરીનો દાસ.

આજે ધનતેરસનો દિવસ છે. ભાવિક હિંદુઓ લક્ષ્મીપૂજન કરીને દેવ દર્શન કરવા જતા જણાય છે. નવયુવતીઓ નવીન વસ્ત્રાલંકારોથી સુસજ્જિત થઇને કોઈ આંગણામાં તોરણો પાડે છે, કોઈ સાથીઆ પૂરે છે, તો કોઈ બાળકને કમ્મર પર બેસાડીને બીજી સાહેલીઓની સાથે વાતચિત કરે છે. ન્હાનાં બાળકો નવીન વસ્ત્રો પહેરવાને માટે આગ્રહ કરે છે, કોઈ આનંદથી દોડે છે, કોઈ રમે છે અર્થાત્ આજે જ્યાં જોઇએ ત્યાં આનંદજ જણાય છે.

સુકુમારને નવીન વસ્ત્રો પહેરાવી, હરિશ્ચંદ્ર વિષ્ણુમંદિરમાં જતો હતો. આ પ્રકાર જોઇને રમેશચંદ્રે પત્નીને કહ્યું કેઃ—“ જો છોકરો જીવતો રહેશે તો ભક્ત પુરૂષ થશે.”

ચંચળે સહજ હસીને કહ્યુઃ—“ આજકાલના ઢોંગી ધુતારા ભક્ત થવા કરતાં તો તદ્દન મૂર્ખ રહેવામાંજ સાર છે, એવી મ્હારી માન્યતા છે.”

આ વચનોથી રમેશચંદ્રને હસવું આવ્યું. તેણે કહ્યુંઃ—“ કેમ! સર્વે ભક્ત પુરૂષો કાંઈ ઓછાજ ઢોંગી ધુતારા હોય છે?”

ચંચળઃ—તમે કોઈ દિવસે દેવમંદિરમાં જઈ પ્રેમલા પ્રેમલીઓની

પ્રેમલીલા નિહાળી છે ? આજકાલનાં મંદિરો તો પિશાચોની વાસ-ભૂમિ જેવાં થઈ પડયાં છે. હિંદુસ્તાનમાં ભિખારડાઓની સંખ્યા વધતી જાય છે, અને તેમને જ્યારે ભોજન કરવાનું નથી મળતું ત્યારે તેઓ માલપુઆ અને દૂધપાક ખાવાની લાલસાથી ભક્ત પુરૂષ બની જઈ અનેક નારીઓના પાતિવ્રત્યનો ભંગ કરે છે.

રમેશઃ—આવા પવિત્ર દિવસે એ પાપપૂર્ણ વાત કરીને આપણે શા માટે પાપનો સંચય કરવો ! તું કહે છે એવા પ્રકારો મુખ્યત્વે કરીને વડોદરા, સુરત, મુંબઈ વગેરે મ્હોટાં શહેરોનાં મંદિરોમાંજ બને છે. ગામડામાંનાં મંદિરોમાં લેશ માત્ર પણ અનાચાર હોતો નથી.

ચંચળઃ—ગમે તેમ હોય તેમાં આપણને શું ? હં, પરંતુ કોઈ ભાઈના વિશ્વાસ ઉપર રહી તમે મ્હારા સુકુમારને ભૂલી જશો નહિ.—આ વખતે તમે જે પ્રમાણે રૂપિયા લાવ્યા છો તેમ દરેક વખતે લાવતા રહેજો. આજકાલ એવા વખત છે કે કોઈનો ભરોસો રાખવો વ્યાજબી નથી.

રમેશઃ—મ્હારી પાસે જે કાંઈ હતું તે બધું મ્હેં તને સોંપી દીધું છે; હવે મ્હારી પાસે એક પાઈ પણ નથી !

ચંચળઃ—કેમ, તમારે પૈસાનું શું કામ છે ?

રમેશચંદ્રઃ—હજી તો લુગડાં ખરીદવાનાં છે.

ચંચળઃ—લુગડાં તો તમે સુરતથી લઈ આવ્યા છોને ?

રમેશઃ—એટલાં લુગડાંથી ચાલી શકે તેમ નથી. દીપોત્સવીનો વખત હોવાથી સર્વેને કપડાં આપવાં જોઈએ.

ચંચળઃ—આપવાં જોઈએ તો હું કયાં ના કહું છું: પરંતુ તમે મ્હને જે રૂપિયા આપ્યા છે, તેમાંથી એક પાઈ પણ હવે હું તમને આપવાની નથી. એ રૂપિયા તો મ્હારા સુકુમારની તિજોરીમાં જમા થઈ ગયા છે !

રમેશઃ—મ્હારે બધા રૂપિયા નથી જોઈતા. મ્હેં તને જે ત્રણસો રૂપિયા આપ્યા છે, તેમાંથી બસો તું ત્હારી પાસે રાખ, અને સો રૂપિયા મ્હને આપ.

ચંચળઃ—આપણી પાસેથી એક પાઇ પણ મેળવવાની આશા રાખશો નહિ !

રમેશઃ—ત્યારે હું સર્વેને શું જવાબ દઈશ ! હજી તો ગામના લોકોનું દેવું માથા ઉપર એંચાયેલુંજ જાય છે. દીવાળી આવી પહોંચી છે, એટલે તેમને આપી દીધા સિવાય ચાલે તેમ નથી; વળી આવા તહેવારના દિવસોમાં ઘરમાં વાપરવાને માટે પણ થોડા ઘણા રૂપિયા જોઇએ કે નહિ ?

ચંચળઃ—જ્યારે એમજ હતું તો પછી મ્હને બધા રૂપિયા શા માટે આપ્યા ?

રમેશઃ—એ મ્હારો મ્હોટો અપરાધ થયો છે, કેમ નહિ ?

ચંચળઃ—મ્હને તમે કંટાળો આપશો નહિ: હું એક પૈસો પણ તેમાંથી આપીશ નહિ.

રમેશઃ—ત્યારે ખર્ચ ખુટણનું શું કરવું ?

ચંચળઃ—શું કરવું ? ખેતરોમાં અનાજ ઉત્પન્ન થયું છે, તે વેચી નાંખો.

રમેશઃ—ત્યારે એક વર્ષ સુધી ઘરમાં ખાશો શું ?

ચંચળઃ—નવી ફસલનું અનાજ આવશે તે.

રમેશઃ—તેને આવતાં તો હજી ચાર મહિના લાગશે. ચાર મહિના સુધી ઘરનાં માણસો શું ખાઈને જીવશે ?

ચંચળઃ—તમે શા માટે ઘરનાં સઘળાં મનુષ્યોની ફિકર કરો છો ? અનાજ વેચી નાંખીને દેવાના રૂપિયા આપી દ્યો. વળી હવે તો તમારા ન્હાના ભાઇને મહિને દોઢસો રૂપિયાના પગારની નોકરી મળી છે, માટે તમારે શી ચિંતા છે ? સહુ સહુનું ફોડી લેશે !

ચંચળનાં છેવટનાં વચનો સાંભળી રમેશચંદ્ર દિઙ્મૂઢ બની ગયો. તે કાંઈ કહેવા જતો હતો એટલામાં તો ચંચળ ત્યાંથી ચપળાની માફક અદ્રશ્ય થઈ ગઈ !

રમેશચંદ્રે પત્નિ પાસેથી રૂપિયા કઢાવવાની ઘણી મહેનત કરી પરંતુ તેની સઘળી મહેનત વિફળ થઇ પડી.

પ્રકરણ ૮ મું.

વશુ વિના નર પશુ.

કાલુએ આવીને સરસ્વતી પાસે તેલના પૈસાની ઉઘરાણી કરી.

સરસ્વતીએ રમેશચંદ્રને કહ્યું:–" કાલુના તેલનો હિસાબ ચુકવી દે."

રમેશચંદ્રે કાલુની સાથે બેસીને તેનો હિસાબ ગણ્યો તો તેનું દેવું અગીઆર રૂપિયા નવ આના તથા અઢી પૈસા નીકળ્યું.

" કાલે પૈસા મળશે. " કહી રમેશચંદ્રે કાલુને વિદાય કર્યો. એ વિદાય થયો ન થયો એટલામાં તો દૂધવાળો પોતાનો હિસાબ લઇને હાજર થયો. તેને આપવાની રકમ બાવિસ રૂપિયા આઠ આના નીકળી. તેને પણ બીજે દિવસે પૈસા મળશે એવું આશ્વાસન આપીને વિદાય કર્યો. કેટલાક સમયને અંતરે મોદી આવી પહોંચ્યો તેની ઘણી રકમ બાકી હતી. તે લગભગ સો રૂપિયા માગતો હતો. ત્યાર પછી ધોબી, હજામ વગેરે સર્વેએ આવીને પોતાની લેણી રકમ માટે ઉઘરાણી કરી. રમેશચંદ્રે તે દિવસે તો સર્વેને વિદાય કર્યા, તથા તેમને આવતી કાલે પૈસા આપવાનું જણાવ્યું.

સર્વેને વિદાય કર્યા ખરા; પરંતુ દીપોત્સવીના સમય હોવાથી સહુનું દેવું ચુકવી દીધા સિવાય અન્ય કોઇ ઉપાય નહોતો. વળી રમેશચંદ્ર ઘેર આવતી વખતે જે રકમ લઇ આવ્યો હતો તે તેણે પોતાની પત્ની ચંચળના હાથમાં મૂકી હતી. હવે તેની પાસેથી એક પાઇ પણ મળે એવી આશા નહોતી. ત્યારે હવે ઉપાય ? ધીમે ધીમે વખત ઘણો વીતી ગયો. રમેશચંદ્ર ઘરમાં બેઠો બેઠો પૈસા સંબંધીની ચિંતા કર્યા કરતો હતો, તથા વારંવાર તે ચંચળના ઉપર ગુસ્સે ભરાતો હતો; પરંતુ પાછો મોહ–મદિરાના નીશાથી તેનો ગુસ્સો ઉતરી જતો હતો.

આ સમયેજ કૃષ્ણચંદ્ર કાંઇ કારણને લીધે રમેશચંદ્ર પાસે

આવી પહોંચ્યો. તેણે પોતાના મ્હોટા ભાઇનું મન ચિંતાતુર જોઇને પૂછ્યું:-" તમારી તબિયત સારી નથી કે શું ? "

રમેશચંદ્રે ગંભીર સ્વરે કહ્યું:-" તબિયત તો સારી છે. "

કૃષ્ણ:-તો પછી આમ ચિંતાતુર કેમ બની ગયા છો ?

રમેશ:-પૈસા માટે હું મ્હોટા વિચારમાં પડી ગયો છું. મ્હારી પાસે એક પૈસો પણ નથી અને દીપોત્સવીનો પ્રસંગ હોવાથી સર્વેનું દેવું ચુકાવી દીધા સિવાય છુટકો પણ નથી. કાલે સર્વે માગતા-વાળાઓ ફરીથી પૈસા લેવા આવવાના છે, અને તેમને વાયદો કરી શકાય તેમ નથી.

કૃષ્ણ:-ત્યારે હવે શું કરીશું ભાઇ ?

રમેશ:-રૂપિયા કાલેજ જોઇએ. વળી દીપોત્સવીના પ્રસંગે કોઇની પાસેથી ઉછીના રૂપિયા પણ મળી શકશે નહિ.

કૃષ્ણ:-ત્યારે હવે કરવું શું તેના નિશ્ચય ઉપર આવોને ?

રમેશ:-આપણી પાસે અનાજ કેટલું છે ?

કૃષ્ણ:-વેચી નાંખશો ?

રમેશ:-તે સિવાય બીજો એક પણ ઉપાય નથી.

કૃષ્ણ:-છ માસ ચાલી શકે એટલું અનાજ વેચવાથી હાલ તરત સો રૂપિયા મળી શકે તેમ છે.

રમેશ:-તો તેમજ કરીએ.

કૃષ્ણ:-પરંતુ કાલેને કાલે કોઇ ખરીદ કરનાર મળશે કે ?

રમેશ:- એ માટે હરકત નડે તેમ નથી. ત્હારી ઇચ્છા હોય તો આજે સાંજેજ વેચી નાંખીએ.

કૃષ્ણ:-તો ચાલી ઉત્તમ વાત.

આ પ્રમાણે બન્ને ભાઇઓએ મળીને અનાજ વેચી નાંખવાનો નિશ્ચય કર્યો: પરંતુ ચંચળનો વિચાર તો નજ કર્યો ! !

પ્રકરણ ૧૦ મું.

મંદાકિનીનો મિજાજ !

ગોકુળઅષ્ટમીના દિવસે પોતાના એક આત્મીયને ત્યાં નિમંત્રણ હોવાથી ચંચળ, સ્નેહલતા વગેરે કપડાંલત્તાં પહેરી બ્હાર નીકળ્યાં છે. મંદાકિનીનો નિમંત્રણ ઉપર જવાનો વિચાર નથી. તેનો વિચાર શા માટે નિમંત્રણ ઉપર જવાનો નથી, તે અમે સમજી શકતા નથી. સાસુએ તેને ઘણી સમજાવી, ઘણી વિનંતીઓ કરી–સધવા સ્ત્રીઓ અષ્ટમીના મહા પ્રસાદને નથી ખાતી તો તેમનું અમંગળ થાય છે એવો ભય દર્શાવ્યો; પરંતુ મંદાકિનીએ પોતાના નિશ્ચયનો ત્યાગ નજ કર્યો.

ત્યાર પછી મ્હોટી વહુ જયંતીએ મંદાકિનીને સમજાવી સાથે લઇ જવાને માટે યથાશક્તિ યત્ન કર્યો; પરંતુ તેનો સઘળો યત્ન વિફળ થઇ પડયો. અંતે ઘરમાં કામ કરનારી રૂક્મિણી આવી પહોંચી.. તે મહા મુશિબતે મંદાકિની શા માટે નિમંત્રણ પર નથી આવતી તેનું કારણ સમજી શકી. મંદાકિનીએ તેને જણાવ્યું કે:–" સારાં સારાં વસ્ત્રો તેમજ અલંકારો પહેર્યાં સિવાય મ્હારો આવવાનો વિચાર નથી."

મંદાકિનીનો આ હેતુ જ્યારે રૂક્મિણી દ્વારા જયંતીના જાણવામાં આવ્યો ત્યારે તેણે મંદાકિની પાસે આવીને કહ્યું કે:–" બ્હેન ! આમ તે કરીએ કે ? જેમની પાસે સારાં વસ્ત્રો તેમજ સારા અલંકારો ન હોય તેઓ નિમંત્રણ ઉપર ન જઇ શકે કે ? બ્હેન ! હમ્મેશાં કાંઇ આવી સ્થિતિ કાયમ રહેવાની નથી: વળી સર્વ ગૃહસ્થોને ત્યાં સારાં સારાં વસ્ત્રો અને અલંકારો હોતાં નથી."

ક્રોધી સિંહણના જેવું સ્વરૂપ ધારણ કરી, રૂક્મિણી તરફ નજર કરી મંદાકિની બોલી ઉઠી:–" તને આવું કોણે કહ્યું હતું કે, તું જેમ ફાવે તેમ સહુને કહ્યા કરે છે. દિવસે દિવસે તું ઘણીજ ચબરાક થતી જણાય છે."

રૂક્મિણી સમયને વિચારી જઇ શાન્ત રહી. જયંતીએ મંદાકિનીને પૂછ્યુંઃ—"બ્હેન! ત્યારે પછી તું શા માટે નિમંત્રણ ઉપર આવતી નથી?"

મંદાકિનીઃ—મ્હારી ઇચ્છા.

જયંતીઃ—ત્હારી ઇચ્છા! વહુ થઇને પોતાની ઇચ્છા પ્રમાણે વર્તી શકાય ખરૂં કે?

મંદાકિનીઃ—મ્હારે કોઇનો ઉપદેશ સાંભળવો નથો.

જયંતીઃ—હું કાંઇ કોઇ નથી. તું હજી ન્હાની છે. તને યોગ્ય ઉપદેશ આપવો એ મ્હારૂં કર્તવ્ય છે. જો તુ મ્હારા ઉપદેશને નહિ સાંભળે તો હું ત્હારો તિરસ્કાર કરીશ. તું મ્હારી ન્હાની બ્હેન જેવી છે.

મંદાકિનીઃ—હું બધું સમજાું છું.

જયંતીઃ—સમજે છે, તો પછી આમ શા માટે કરે છે?

મંદાકિનીઃ—શું કરૂં છું!

જયંતીઃ—મૂર્ખાઇ.

મંદાકિનીઃ—મૂર્ખ છું, તેથીજ મૂર્ખાઇ કરૂં છું.

જયંતીઃ—મૂર્ખજ છે. જા કપડાં પહેર. સહુ બ્હાર ઉભાં રહ્યાં છે, જલદી કર.

મંદાકિનીઃ—મ્હેં ક્યાં સહુને ઉભાં રહેવાનું કહ્યું છે?

જયંતીઃ—ત્હેં કહ્યું નથી, પરંતુ તેઓ તને મૂકીને કેવી રીતે જઇ શકે?

મંદાકિનીઃ—લાત મારીને.

સ્નેહલતા મ્હોટેથી હસી પડી. તેણે હસતાં હસતાં કહ્યુંઃ—"અરે ચંચળ બહેનને તમારી ખાંધ ઉપર બેસીને જવું છે, તેથીજ ઉભાં રહ્યાં છે!"

સ્નેહલતાનું વાક્ય સાંભળી સઘળાં હસી પડયાં. માત્ર મંદાકિનીએ વિશેષ ગુસ્સાના આવેશમાં આવી જઇને કહ્યુંઃ—"આટલો

અહંકાર તમને શોભતો નથી ! કાંઇક વિચાર કરીને હવેથી બોલજો, નહિ તો પછી મ્હારા જેવી કોઇ ભુંડી નથી સમજ્યાં ! "

મંદાકિનીના આ શબ્દોથી જયંતીને ઘણું માઠું લાગ્યું.

બરાબર આજ સમયે ચારે ભાઇઓ નિમંત્રણ કરેલે ઠેકાણે ભોજન કરી સુકુમારને સાથે લઇને પાછા આવી પહોંચ્યા. રમેશચંદ્રે રૂક્મિણીને પૂછ્યું:-"સહુ ઉભાં કેમ રહ્યાં છે ? વખત થઇ ગયો છે, જલદી ચાલો."

રૂક્મિણીઃ-મંદાકિની વહુ આવતાં નથી તેથી કોઇ જઇ શકતું નથી.

રમેશઃ-કેમ નથી આવતાં ?

રૂક્મિણીઃ-હું ગરીબ માણસ શું જાણું ?

કૃષ્ણચંદ્ર ઘરમાં ગયો હતો, તેથી મંદાકિની પણ બ્હારથી ઉઠીને ઘરમાં ચાલી ગઇ. રમેશચંદ્ર બ્હાર આવ્યો.

આ સમયે સુકુમાર હરિશ્ચંદ્રની કમ્મર ઉપર હતો. જયંતીએ સુકુમારના ગુલાબી અધરોષ્ઠ ઉપર એક બે વખત ચુંબન કર્યું. ત્યાર પછી તેણે મ્હોટેથી કહ્યું:-" કૃષ્ણચંદ્રભાઇ ! વહુને મોકલી દ્યો. "

ઘરમાંથીજ કૃષ્ણચંદ્રે ઉત્તર આપ્યો:-" ના, તે આવશે નહિ. "

જયંતીઃ-રામ રામ; અષ્ટમીને દિવસે સધવા વહુ મહાપ્રસાદ લેશે નહિ ?

કૃષ્ણચંદ્રઃ-સધવાની વિધવા થશે તો મ્હારી મુક્તિ થશે, તથા તે સાથે તેનો પણ છુટકારો થશે.

સરસ્વતી અગાઉથી નિમંત્રણ ઉપર ગઇ હતી, તેથી વહુઓ પણ નિરૂપાયે મંદાકિનીને ઘેર મૂકી નિમંત્રણ ઉપર ચાલી ગઇ. હરિશ્ચંદ્ર સુકુમારને લઇને બ્હાર ઓટલા ઉપર ગયો. ત્યાં રજની, રમેશ, તથા હરિશ્ચંદ્ર સુકુમારને બેલાવી આનંદ મેળવવા લાગ્યા.

પ્રકરણ ૧૧ મું.

દુર્ભાગી દંપતી.

કૃષ્ણચંદ્રે કહ્યું:—"તું ગમે તેમ કહે પરંતુ તું સારૂં માણસ નથી."

ક્રોધથી બેફામ બની ગયેલી મંદાકિનીએ કહ્યું:—"એમ હોય તો મ્હને મ્હારા બાપને ઘેર મોકલી દ્યો એટલે તમારી સઘળી આપદા ટળી જશે."

કૃષ્ણચંદ્ર:—હું ક્યાં તને મોકલવાની ખટપટમાં પડું. તું ત્હારી મરજીમાં આવે તેમ કર.

મંદાકિની:—મ્હારૂં નશીબજ ફુટેલું છે, તેથી મ્હને સહુ એ આંખોનું ઝેર જાણે છે. હવે તો મ્હારૂં મરણ થાય તો છુટું. હે યમ! મ્હને લઈ જાઓ.

મંદાકિનીનાં નેત્રોમાં આંસુ ભરાઈ આવ્યાં. તેનાં આંસુ જોતામાં આવતાં કૃષ્ણચંદ્રને તેના ઉપર કાંઈક દયા આવી. તેણે વ્યથિત સ્વરે કહ્યું:—"તું તદ્દન મૂર્ખ છે!"

મંદાકિની:—જેનું નશીબજ ફુટયું છે, તે ડાહ્યું માણસ કયાંથી ગણાય? હું શું કરૂં? મ્હને કાંઈ સુઝતું નથી.

કૃષ્ણચંદ્ર:—નિમંત્રણ ઉપર સહુ ગયાં તો પછી તું કેમ ન ગઈ?

મંદાકિની:—હું શું રૂક્મિણીથી પણ અધમ છું?

કૃષ્ણચંદ્ર:—આમ કેમ કહે છે?

મંદાકિની:—રૂક્મિણી કરતાં પણ મ્હને સારાં કપડાં મળ્યાં નથી.

કૃષ્ણચંદ્ર:—તું ભૂલે છે. રૂક્મિણી કરતાં ત્હારાં કપડાંની કીમત વધારે આપી છે. તેનાં વિલાયતી છે અને ત્હારાં દેશી છે તેથીજ તને તેનાં કપડાં વધારે સુંદર અને કીંમતી જણાય છે.

મંદાકિની:—એ તો જાણે કે સમજી; પરંતુ સ્નેહલતાના હાથમાં સોનાની બંગડીઓ હતી, ત્યારે મ્હારા હાથમાં માત્ર ત્રણ ભાંગેલી ચુડીઓજ!

કૃષ્ણચંદ્રઃ—મ્હોટા ભાઈએ કાંઈ સ્નેહલતાને બંગડીઓ ખરીદી આપી નથી, એ તો મ્હોટાં ભાભીએ તેને પહેરાવી છે.

મંદાકિનીઃ—શા માટે પહેરાવી છે એ તમે જાણો છો કે ?

કૃષ્ણચંદ્રઃ—ના !

મંદાકિનીઃ—તેના સ્વામી ગુણવાન્ છે—તેના સ્વામીને દોઢસો રૂપિયાના માસિક પગારની નોકરી મળી છે, તેથી !

કૃષ્ણચંદ્રઃ—એથી તો ઉલટો આપણને લાભ છે.

મંદાકિનીઃ—તમે હજી સુધી કાંઈ સમજ્યા જ નહિ. તેમને નોકરી મળી તેમાં આપણને શો લાભ થયો ?

કૃષ્ણચંદ્રઃ—દરેક મહિને તે ઘર ખર્ચ ચલાવવાને માટે મ્હોટી રકમ મોકલી આપશે; આપણો સહુનો અભાવ દૂર થશે.

મંદાકિનીઃ—એ તો વખત આવ્યે બધુંય જણાશે. હં, પણ આ વખતે તમે પણ કાંઈ ઓછી મહેનત કરી નથી. દરેક વર્ષ કરતાં આ સાલ પુષ્કળ અનાજ ઉત્પન્ન થયું છે.

કૃષ્ણચંદ્રઃ—ખરી વાત છે. મ્હેં એક દિવસે હિસાબ ગણી જોયો હતો ત્યારે સઘળું ખર્ચ બાદ કરતાં સો રૂપિયાની પ્રાપ્તિ થયેલી માલૂમ પડી હતી.

મંદાકિનીઃ—પરંતુ તેમાં તમારૂં શું વળ્યું ? તમે આટલી સખ્ત મહેનત ઉઠાવી તો પણ કોઈએ તમારો આભાર માન્યો છે ? વળી લોહીનું પાણી કરી તમે જે અનાજ ઉત્પન્ન કર્યું હતું તે તો સઘળું વેચાઈ ગયું ! તેમાંથી તમને એક પણ પૈસો મળ્યો છે કે ? સહુ તેમને સ્વાધીન છે—બ્હાર ગામથી કેટલા પૈસા આવ્યા, કેટલા ખરચાયા, કેટલા સિલિક રહ્યા તે કોણ જાણે છે ? તમને એક પૈસાની જરૂર પડે તો તે કોઈ આપે તેમ છે ? ઘરનાં સઘળાં માણસો આગળ હું અને તમે તો કાંઈ હિસાબમાંજ નથી !

કૃષ્ણચંદ્રે કાંઈક નમ્ર તેમજ ગંભીર સ્વરે કહ્યું:—“ હું સઘળું સમજું છું; પરંતુ સંસારના રંગ એવાજ હોય છે. ઇશ્વર કૃપા હશે

તો સુયોગ મળતાં એ પૈસા એકઠા કરવાનો યત્ન કરીશ.”

મંદાકિની ચિંતાતુર ચિત્તે બેસી રહી—તેણે મૌન ધારણ કર્યું.

પ્રકરણ ૧૨ મું.

પતિ-વિયોગ.

“હજી સવાર થયું નથી છતાં તમે કેમ ઉઠ્યા ?” પોતાનાં ઉદાસ કરૂણાપૂર્ણ નેત્રો સ્વામીના મુખની ઉપર સ્થાપન કરીને સ્નેહલતાએ કહ્યું.

રજનીચંદ્રે પૂછ્યું:-“તું કેમ ઉઠી છે વારૂ ?”

વાયુના જોરશને લીધે દીપકની જ્યોતિ કાંઈક ઓછી થઈ ગઈ છે. પણ પંખીઓનો શ્રવણે પડતો મધુર ગુંજારવ મનુષ્યોને પ્રભાતકાળ થયાની સૂચના આપે છે.

સ્નેહલતા આજે ઘણા કાર્યમાં નિમગ્ન બની ગયેલી જણાય છે. તે કયું કામ કરે છે તેનો નિશ્ચય થઈ શકતો નથી. સવારની ગાડીમાં રજનીચંદ્ર અહમ્મદનગર તરફ ચાલ્યો જવાનો છે. ગઈ રાત્રે સંધ્યા સમયેજ તેનો સરસામાન બંધાઈ ગયો છે તથાપિ હજી સુધી સ્નેહલતાનું કામ પૂર્ણ થયું નથી. તે ક્યારની ઉઠી છે, તેની રજનીચંદ્રને ખબર પણ નથી. તે ઉઠીને ઘડીમાં એક વસ્તુ આમ મૂકે છે, તો ઘડીમાં તેજ વસ્તુ બીજી બાજુએ મૂકે છે. સ્વામીનાં કપડાંલત્તાંને કેટલી વખત તેણે સાફસુફ કર્યાં છે તેની ગણના કરવા જતાં ભૂલથાપ ખાવી પડે છે. સ્વામિને માટે જે ભોજન કરવાની વસ્તુઓ તૈયાર કરી હતી તે વસ્તુઓને તેણે મહા મુશિબતે કીડીઓનો ભોગ થઈ પડતી બચાવી છે; તે આખા ઓરડામાં ફરીને આ પ્રમાણે કાર્ય કર્યા કરે છે, કારણ કે કદાચ ખડખડાટ થવાથી સ્વામિ જાગી ઉઠશે એવો તેને ભય હતો. પરંતુ પ્રભાતકાળ થતાં ન થતાંમાંજ રજનીચંદ્ર જાગી ઉઠ્યો; આથી કરીને સ્નેહલતાના મનને ઘણું દુઃખ થયું. તેને

એવી આશંકા થઇ આવી કે, પોતાનીજ ખટપટના અવાજથી પતિદેવ જાગી ઉઠયા છે.

સ્વામિના પ્રશ્નનો ઉત્તર આપતાં સ્નેહલતાએ કહ્યું:–"હું વહેલી ઉઠી છું તેથી શું થયું? મ્હારે તો કાંઇ વિદેશ જવું નથી કે, ઉજાગરાનું મ્હારે રસ્તામાં દુઃખ ભોગવવું પડે."

રજનીચંદ્રે શય્યાત્યાગ કરીને સ્મિત હાસ્ય કરતાં કરતાં પૂછ્યું:–"રસ્તે ઉજાગરો શા માટે થાય? ઉલટી નિદ્રાજ વધી પડવાની છે. સગાં વ્હાલાંને મૂકી વિદેશે જતાં એકલી અવસ્થામાં નિદ્રાજ એક માત્ર અવલંબન છે."

સ્નેહલતાના મનને આ શબ્દોથી ઘણું દુઃખ લાગ્યું. તેનાં નેત્રામાં જળ ભરાઇ આવ્યું. તરતજ તેણે શયનાલયમાંથી બ્હાર નીકળી નેત્રામાંનું અશ્રુજળ સાફ કરી નાંખ્યું.

ગરમ નિશ્વાસની સાથે એક વિરહ-કવિતાની આશા રજનીચંદ્રના હૃદયમાં ઉપસ્થિત થઇ ને હૃદયમાંજ વિલીન થઇ ગઇ. અરેરે! તેની સ્ત્રી ઘણી મૂર્ખ છે!

રજનીચંદ્રે ઘડીઆળ જોઇને કહ્યું:–"વખત થયો છે. રામલાને પાંચ વાગે ગાડી લઇ આવવાનું કહ્યું છે. હવે માત્ર એકજ કલાકની વાર છે!"

માત્ર એકજ કલાકની વાર છે! સ્નેહલતાનું સમસ્ત હૃદય કંપી ઉઠ્યું.

રજનીચંદ્ર શયનાલયમાંથી બ્હાર નીકળ્યો, અને પ્રાતઃકર્માદિ કરીને ચ્હા પીવા તથા થોડો નાસ્તો કરવા બેઠો. સ્નેહલતા પતિ પાસે આવીને બેઠી.

ધીમે ધીમે રાત્રિનો અંધકાર દૂર થયો. પૂર્વ દિશામાં પ્રકાશી નીકળેલી જ્યોતિ સૂર્યનારાયણનું આગમન થોડા સમયમાં થશે એવી સૂચના કરવા લાગી. પ્રભાતનો શીતળ વાયુ વહેવા લાગ્યો.

એવામાં સ્નેહલતા કાંઇ વસ્તુ લેવાને માટે બ્હાર જતી હતી તેને એ સમયે ઠોકર વાગી, તથા તે પડી જતી બચી ગઇ. આ

પ્રકાર જોઇને રજનીચંદ્રે કહ્યું:–"લતા! તું ઘણી આકુળ વ્યાકુળ જણાય છે!"

સ્નેહલતાની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. તેણે નમ્ર સ્વરે કહ્યું:–"તમે કેમ આટલા બધા વહેલા ચાલ્યા જવાનું નક્કી કર્યું? પહેલાં તમે મ્હને કેટલી બધી આશા દર્શાવતા હતા? ડૉકટરી પરીક્ષામાં પાસ થયા પછી દેશમાં રહીનેજ તમે ધંધો કરવાનું કહેતા હતા તો પછી હવે વિદેશે શા માટે જાઓ છો?" આ શબ્દો સ્નેહલતા એટલા બધા ધીમેથી બોલી કે રજનીચંદ્ર બરાબર સાંભળી પણ શકયો નહિ.

ધીમે ધીમે ઘરમાંનાં સર્વે મનુષ્યો જાગી ઉઠયાં. હરિશ્ચંદ્ર જઇને ગાડીવાળાને બોલાવી લાવ્યો. રજનીચંદ્ર પોતાનો સરસામાન બ્હાર ઓટલા ઉપર લઇ જઇને મૂકવા લાગ્યો. સામાન મૂકી આવ્યા પછી તેણે શયનાલયમાં આવી કપડાં પહેર્યાં તથા સ્નેહલતાને પૂછ્યું કેઃ–"ત્યારે જાઉં કે?"

સ્નેહલતાએ મહા મુશિબતે રૂદ્ધ થઇ ગયેલા અસ્પષ્ટ સ્વરે કહ્યું:–"પાછા ક્યારે પધારશો?"

અરેરે! રજનીચંદ્રને તેની ધારણા પ્રમાણે ઉત્તર મળ્યો નહિ. કયાં છે, ક્યાં છે, વિરહવેદનાપૂર્ણ મર્મભેદક કવિતા ક્યાં છુપાઇ ગઈ છે."

રજનીચંદ્રે વિરકત સ્વરે કહ્યું:–"જ્યારે અવકાશ મળશે ત્યારે આવીશ."

અરેરે! રજનીચંદ્રે આવો ઉત્તર આપ્યો તો પણ સ્નેહલતાએ વિરહ કવિતા સંભળાવી નહિ. તેણે એક પણ લીટી ગાઇ નહિ કેઃ–"પતિદેવ પાછા ફરજો, દાસી પર કરૂણા કરજો."

રજનીચંદ્ર તરતજ શયનાલયની બ્હાર નીકળી પડ્યો. બ્હાર ઓટલા નજીક તેની માતા તથા તેનું બંધુમંડળ આવીને ઉભું રહ્યું. એવામાં હરિશ્ચંદ્ર પણ ગાડીવાળાને સાથે લઇને આવી પહોંચ્યો; ત્યાં

ગાડીવાનને સૂચના મળતાંજ તેણે રજનીચંદ્રનો સઘળો સરસામાન ગાડીમાં મૂકી દીધો. રજનીચંદ્રે પોતાનાં વડિલ સગાંવ્હાલાંને પ્રણામ કર્યાં, તથા વડિલ માણસોએ તેને શુભાશીર્વાદ આપ્યા. ત્યારપછી રજનીચંદ્ર ગાડીમાં બેઠો. આવજો, કાગળ લખજો, શરીર સંભાળજો, વગેરે અવાજો વચ્ચે ગાડીવાને ગાડી હાંકી.

સ્નેહલતાના દેહમાંથી કોઈ બળાત્કારે તેનો પ્રાણ ખેંચી લેતું હોય એવું તેને દુઃખ થયું. તે ચિંતાતુર ચિત્તે ભોંય ઉપર બેઠી, અને નેત્રોમાંના અશ્રુજળથી ભૂમિને ભીંજવવા લાગી.

સહુ પોતપોતાના કામમાં લાગી ગયાં. જયંતી સ્નેહલતાની પાસે ગઈ. તેણે જોયું કે પૂર્ણિમાનો ચંદ્ર રાહુગ્રસ્ત થયો છે, પ્રભાત-નલિની મ્લાન બની ગઈ છે, સ્નેહલતાના સ્મિત વદન ઉપર વિષાદ ગાંભીર્ય આવી વસ્યું છે, નેત્રોમાં અશ્રુજળ ભરાઈ ગયું છે.

જયંતીએ સ્નેહલતાના મસ્તક ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું:—"વાહરે, તું તો છેકજ ગાંડી જણાય છે! માણસને વિદેશ ન જવું પડે કે? ચાલ, આપણે ઘરકામ આટોપી નાંખીએ." આમ કહીને જયંતી સ્નેહલતાને ઘરમાં ખેંચી ગઈ.

પરંતુ સ્નેહલતા એ દિવસે પોતાના કામમાં પૂરતું લક્ષ્ય આપી શકી નહિ. તેણે ત્રણ માટલાં ભાંગી નાંખ્યાં, ભાતમાં વિશેષ મીઠું નાંખી દીધું, દૂધના લોટામાં પાણી રેડી દીધું. જો આ સઘળી હકીકત ચંચળવહુના જાણવામાં આવી હોત તો તે "કુરુક્ષેત્રની સ્થાપના" કર્યા સિવાય રહેત નહિ, પરંતુ અમારે કહેવું જોઈએ કે મ્હોટી વહુ જયંતીએ સ્નેહલતાથી એ દિવસે જે જે દોષ થયા તે સર્વે છુપાવ્યા હતા.

પહેલો ખંડ સમાપ્ત.

મિલન-મંદિર.

ખંડ બીજો.

માયાનું બંધન.

ખંડ ૨ જો.

પ્રકરણ ૧ લું.

માયાનું બંધન.

રજનીચંદ્ર અહમ્મદનગર જઈને પોતાની જગ્યા સંભાળી લીધી. તે જો કે નવયુવક હતો તોપણ પોતાના શિષ્ટ સ્વભાવથી અને કાર્ય કરવાની ચતુરાઈથી થોડા દિવસમાંજ સહુનો પ્રિયપાત્ર તથા શ્રદ્ધા-ભાજન થઈ પડ્યો.

૭ માસ વીતી ગયા એટલા સમયમાં તો રજનીચંદ્રે ઘણી ખ્યાતિ મેળવી. તેને મિત્રમંડળનો અભાવ પણ રહ્યો નહિ.

આમ છતાં અશાંત પ્રેમપિપાસુ હૃદય પ્રેમને માટે રાત્રિ દિવસ ઝુરી મરતું હતું. રજનીચંદ્રનો પ્રાણ એક સુશિક્ષિતા પ્રણયનીને માટે આકુળ વ્યાકુળ બની ગયો હતો.

શ્રાવણ માસ છે. સ્હવારથીજ ‘ ટપક ટપક ’ કરતો વરસાદ વરસે છે. આખો દિવસ વરસાદ વરસેલો હોવાથી ભૂમિ ભીંજાઈ ગઈ છે. મધ્યાન્હનો સમય થયો છે. આજે ભગવાન્ સૂર્યનારાયણ પોતાનો પ્રકાશ પૃથ્વી ઉપર પહોંચાડી શક્યા નથી. વાદળાંઓની પાછળ છુપાઈ રહીને તેઓ પોતાને માર્ગે આગળ વધે છે—પશ્ચિમ દિગ્વધુને આલિંગન કરવાને માટે વ્યાકુળતાથી મુસાફરી કરી રહ્યા છે. વૃષ્ટિબિંદુઓથી ચારે દિશાઓ જળમયી જણાય છે. પ્રકૃતિ શાન્ત છે.

વર્ષાઋતુના આવા મધ્યાન્હકાળે એકલા મનુષ્યનો પ્રાણ સોબતી મેળવવાને માટે વ્યાકુળ થાય છે. રજનીચંદ્ર પોતાના દિવાનખાનામાં એકલો બેસી રહ્યો છે. તેનો પ્રાણ ઘણો ઉદાસ જણાય છે. તેના ચિંતાતુર ચિત્તમાં અનેક પ્રકારના વિચારો ઉપસ્થિત થાય છે. ઘણે

દૂર આવેલું પોતાનું ગામ તેને યાદ આવે છે! એ ગામમાં આવેલા પોતાના શાંત ઘરમાંના શાંત પ્રેમની શાંત પ્રેમકથાના વિચારોએ તેને ચિંતાતુર બનાવી દીધો છે! વિદાય વખતનાં પેલાં અશ્રુપૂર્ણ નેત્રો, પેલું પ્રેમપરિપૂર્ણ સુકોમળ મુખ યાદ આવે છે. રજનીચંદ્રને એમ વિચાર થઇ આવે છે કે, "આવા દિવસે હું ઘેર હોત તો મ્હારૂં ચિત્ત આટલું બધું ઉદાસ ન રહેત."

બીજી ક્ષણે વળી એવો વિચાર થઇ આવ્યો કેઃ—"ઘેર હોત તેથી શું થાત!! તે કાંઇ જાણતી નથી—સમજતી નથી. તે માત્ર જાણે છે, ઘરનું કામકાજ. દાસ દાસી જે કરે છે તે કરવાનુંજ તેને માલૂમ છે. કાવ્યકળા તથા સંગીતકળા પ્રત્યે તેની સહજ પણ પ્રીતિ નથી. તો પછી એવી મૂર્ખ પ્રેમદાના મિલનથી મારી ઉદાસિનતા કેવી રીતે દૂર થાત?"

આ સમયે ગુજરાતી સમાજ ઉપર રજનીચંદ્ર ઘણો ગુસ્સે ભરાયો. તેણે વિચાર્યું કેઃ—"ગુજરાતી સમાજમાં સ્ત્રીશિક્ષણ, યૌવન વિવાહ તથા "કોર્ટસિપ" ની પ્રથાનો પ્રચાર થાય એ માટે હું હવેથી ગુજરાતી ભાષાનાં સુપ્રસિદ્ધ વર્તમાનપત્રો તેમજ માસિકોમાં લેખ લખીશ." પરંતુ અરેરે! રજનીચંદ્ર સમજી શક્યો નહિ કે તેનાથી ગુજરાતી સમાજ આગળ કાંઇ થઇ શકે તેમ નથી. માત્ર શાહી, કલમ, કાગળ અને થોડો વખત નકામો જશે.

ત્યાર પછી રજનીચંદ્રને એવી આશંકા થઇ આવી કે, "આ હૃદયની આ અતૃપ્ત આકાંક્ષા શું હમ્મેશાં આવી રીતે જાગ્રતજ રહેશે! આ વાસના શાંત નહિજ થાય કે શું?"

ચિંતાતુર રજનીચંદ્રે પોતાની ચિંતા દૂર કરવાને માટે હારમોનિયમની પેટી પોતાની પાસે ખેંચી લીધી, તથા જેવો તે હારમોનિયમ બજાવવાની તૈયારીમાં હતો એવામાં તેના એક નોકરે તેની પાસે આવી સલામ કરીને કહ્યુંઃ—"કોઇ એક માણસ એક ચીઠ્ઠી લઇને આપને મળવા માટે આવ્યો છે. તે બહાર આપની રાહ જુએ છે."

રજનીચંદ્રે પ્રશ્ન કર્યોઃ—"કોઇ ગૃહસ્થ છે કે શું?"

નોકરે ઉત્તર આપ્યોઃ–"ના, સાહેબ! કોઇનો નોકર હોય એમ લાગે છે."

રજનીચંદ્રે નોકરને, "ચીઠ્ઠી અહિં લઇ આવ." કહીને રવાના કર્યો. પછીથી તેણે હારમોનિયમને પેટીમાં ગોઠવી દીધું. તેને એમ લાગ્યું કે હમણાંજ કોઇ રોગીને ત્યાં જવું પડશે.

નોકરે ચીઠ્ઠી લઇ આવીને રજનીચંદ્રના હાથમાં મૂકી. પત્રની ઉપરનું કવર ઘણુંજ સુંદર હતું. એક મ્હોટા સુંદર કવરની ઉપર એક બાજુએ એક વિલાયતી નગ્ન પરીનું ચિત્ર હતું, તથા બીજી બાજુએ રજનીચંદ્રનું ઇંગ્રેજીમાં શિરનામું લખેલું હતું.

રજનીચંદ્રે કવર ફોડીને પત્ર બ્હાર કાઢ્યો. તીવ્ર મધુર વિલાયતી સેન્ટની સુગંધિથી પત્ર સૌગંધપૂર્ણ હતો. પત્રની ઉપર મૉનોગ્રામ છાપેલો હતો, તથા નીચે મુક્તાના જેવા ગુજરાતી અક્ષરોથી પત્ર લખેલો હતો. એ પત્ર આ પ્રમાણે હતોઃ–

"પ્રિય ડૉકટર સાહેબ!

હું આપનાથી તદન અજાણી છું; પરંતુ સંકટ સમયે શરમ રહી શકતી નથી. હું મ્હોટા સંકટમાં આવી પડી છું. લગભગ સાત દિવસથી મ્હારાં માતુશ્રી મુંબઇથી મ્હારી પાસે આવ્યાં છે. હમણાં તેમને સખ્ત તાવ આવે છે. વારંવાર બેભાન બની જાય છે. આ ભયંકર પ્રસંગે જો આપની સહાયતા મળશે નહિ તો આ સંકટમાંથી મુક્તિ મેળવવાનો અન્ય એક પણ ઉપાય નથી. ગાડી તથા માણસ મોકલ્યાં છે. દયા કરી દાસીને ત્યાં પધારવાની તસ્દી લઇ હમ્મેશાંને માટે આભારી કરશો.

આપનીજ

પુષ્પાવતી બી. એ.

મિશનરી બાલિકા વિદ્યાલયની લેડી સુપ્રિન્ટેન્ડેન્ટ

તથા

"**સ્ત્રીશિક્ષણ**"—માસિક પત્રની સંપાદિકા."

રજનીચંદ્રે આ પત્રને બે વખત વાંચી જોયો. તેણે પોતાના મનમાં ને મનમાં વિચાર્યું કે:-" જે સ્ત્રી આવી ભાવપૂર્ણ ભાષામાં પત્ર લખી શકે છે, તે સ્ત્રીના હૃદયમાં કેટલો બધો ગંભીર પ્રેમ હશે તેની કલ્પના હું કરી શકતો નથી !"

રજનીચંદ્ર બ્હાર જવાનાં વસ્ત્રો પહેરી, આવેલી ગાડીમાં જઇને બેઠો. ગાડીની ઉપરનો ભાગ ઢાંકેલો હોવાથી તે વરસાદથી ભીંજાઈ ગયો નહિ.

પ્રકરણ ૨ જું.

પ્રેમની પ્રતિમા !

અહમ્મદનગરની બ્હાર થોડે દૂર એક સુંદર બંગલામાં પુષ્પાવતી રહે છે. બંગલાની આસપાસ એક સુંદર, મનોહર પુષ્પોદ્યાન આવેલો છે. બાગમાં પાણીનો એક કૃત્રિમ ફુવારો જણાય છે. આ ઉદ્યાનમાં થઇનેજ બંગલામાં જવાય છે. ઉદ્યાનના પ્રવેશદ્વારથી બંગલાના પ્રવેશદ્વાર સુધીનો રસ્તો લાલ ઇંટોથી તૈયાર કરાવવામાં આવ્યો છે.

ગાડીવાને ઉદ્યાનના પ્રવેશદ્વાર નજીક ગાડી ઉભી રાખી. રજનીચંદ્રે ગાડીમાંથી નીચે ઉતરી ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. એક નોકર તેની આગળ ચાલતો હતો તથા રસ્તો દર્શાવતો હતો.

ધીમે ધીમે રજનીચંદ્રે નોકરની પાછળ પાછળ બંગલામાં પ્રવેશ કર્યો. બંગલાનાં દરેક બારણાંની આગળ તેમજ બારીઓ ઉપર રંગબેરંગી પડદાઓ ઝુલી રહ્યા હતા. એક સુંદર દિવાનખાનામાં પ્રવેશ કરીને નોકરે કહ્યું કે:-" ડૉક્ટર સાહેબ પધાર્યા છે."

વિના વિલંબે એક વિચિત્ર વસ્ત્રોથી વિભુષિત થયેલી ઈંદ્રની અપ્સરા જેવી સ્વરૂપવતી યુવતી દિવાનખાનામાંથી બ્હાર આવી.

નાગદેવની ફણાના જેવી સૌગંધિત વેણી તેના પૃષ્ઠ પ્રદેશ ઉપર ઝુલી રહી હતી. વસ્ત્રો પાશ્ચાત્ય રિવાજ પ્રમાણે પહેરેલાં હતાં. પગમાં

મોજાં તથા લેડીઝ સૂઝ હતા.

હવે તેના રૂપનું ઘણું વર્ણન કરવું જોઇએ; પરંતુ એ કામ કઠિન છે! એ સુંદર સ્વરૂપનું વર્ણન કરવાને માટે લેખિની અસમર્થ છે. હાવભાવ–લીલામયી સ્થિરયૌવના કે જે મ્હોટા મુનિઓની તપસ્યાને વિઘ્ન પહોંચાડી શકી છે, અથવા તો મદનને ઉત્તેજિત કરનાર બંધન વિનાના ભુવન મોહન રૂપ–કે જે રૂપથી વિશ્વનું યૌવન મુગ્ધ લુબ્ધ થઇ ગયું છે, તેની જેણે હકીકત સાંભળી છે તે મનુષ્યો આ સુંદર સ્વરૂપની કલ્પના કરી જુઓ! જો એ કલ્પના કરી શકવાને તમે શક્તિવાન ન હો તો બીજો માર્ગ ગ્રહણ કરો. બરાબર તારાઓના જેવું ઉજ્વળ હાસ્ય, વિજળીની ચંચળતા, કુસુમની સુગંધિ, વસંતનો રંગ, પાષાણ પ્રતિમાનો બાંધો, તથા કાવ્યના છંદ અને અવાજને એકઠા કરીને આ સુંદર સ્વરૂપવતી યુવતીના રૂપતત્વની કલ્પના કરી જુઓ. કહેવાનો સારાંશ એ છે કે, યુવતી અદ્વિતીય, સર્વશ્રેષ્ઠ સુંદરી છે. જે કોઇ તેના સ્વરૂપનું દર્શન કરે તે તરતજ તેના ઉપર મુગ્ધ બની જાય તેમ છે. આ રૂપનું દર્શન કરીને રજનીચંદ્ર કંપી ઉઠયો.

આવી ઉચ્છૃંખલ યુવતીઓના રૂપાગ્નિમાં કેટલાયે પુરૂષો પતંગ બનીને બળી ગયા છે, કેટલાયે તપસ્વીઓએ તપસ્યાની આહુતિ આપી છે! રૂપનો મોહ કોઇ પણ સ્થળે સુખના કારણરૂપ થઇ પડતો નથી. રૂપ તો દુઃખનુંજ મૂળ છે. જેને રૂપ હોય છે તે દુઃખ પામે છે; તથા જે એ રૂપમાં દીવાનો બને છે તે પણ દુઃખ પામે છે.

પ્રથમ પુષ્પાવતીએજ વાત શરૂ કરી. તેનો સ્વર બંસરીના કોમળ સ્વર જેવો સુમિષ્ટ છે. પુષ્પાવતીએ કહ્યું:–“આપની દયાનો પાર નથી. આવા વરસાદને દિવસે આપ દયા કરીને પધાર્યા છો, તેથી હું હમ્મેશાંને માટે આપની આભારી થઇ છું. માતાજી ઘરમાં છે. આપ મ્હારી સાથે ત્યાં પધારો. અમારૂં સંકટ કૃપા કરીને દૂર કરો.”

રજનીચંદ્ર શું ઉત્તર આપવો તે એકાએક વિચારી શક્યો નહિ; તો પણ તેણે ઉત્તર આપવોજ જોઇએ એમ ધારીને કહ્યું કેઃ–

"તમારી પણ મ્હારા પ્રત્યે ક્યાં ઓછી માયા-મમતા છે?" આમ કહીને તે પુષ્પાવતીની પાછળ પાછળ જવા લાગ્યો.

પુષ્પાવતીની આજ્ઞાથી એક નોકરે એક ઓરડાનાં દ્વાર ઉઘાડી નાંખ્યાં. એ ઓરડામાં એક શય્યાની ઉપર એક ઘરડી સ્ત્રી સૂઇ રહીને મુઝાયા કરતી હતી.

ડૉક્ટરે એ સ્ત્રીને હાંક મારી બોલાવી. એ સ્ત્રીએ નેત્રો ઉઘાડી કહ્યું:–"ઘણી તૃષા લાગી છે. ઘણા વખતથી પાણી જોઇએ છીએ; પરંતુ મળતું નથી. થોડું પાણી પાશો કે? મ્હારી પાસે કોઇ માણસ રહેતું નથી!"

ડૉક્ટરે પુષ્પાવતીના મુખ તરફ નજર કરી. ત્યાર પછી કહ્યું:– "રોગીની પાસે હમ્મેશાં એક માણસ રાખવું જોઇએ."

પુષ્પાવતીઃ–શું કરૂં મહાશય! અહિં એવું કોઇ માણસ મળી આવતું નથી. અમારો એક રસોઇઓ છે, તે રસોઇનું કામકાજ કરે છે, અને અવકાશના વખતે અહિં બેસીને માતાજીની સંભાળ લે છે. વળી માતાજીને સ્પર્શ કરતાં મ્હને ભય લાગે છે. માજી મુંબઈથી આવ્યાં છે. હમણાં મુંબઈમાં સખ્ત પ્લેગ ચાલે છે! આમ હોવાથી માજી કદાચ એવા ભયંકર રોગના ભોગ થઇ પડ્યાં હોય, એવી આશંકાથી હું તેમની સેવા ચાકરી કરતાં ભય પામું છું. તેમને સ્પર્શ સુદ્ધાં કરતી નથી. જે માણસ સાવચેત રહે છે, તેનો વિનાશ થતો નથી. ડૉક્ટર સાહેબ! આ સંબંધી તમારો શો અભિપ્રાય છે?

રજનીચંદ્રે કહ્યું:–"પ્રત્યેક જ્ઞાની મનુષ્યનો અભિપ્રાય તમારા જેવોજ હોય છે. આ કારણને લીધેજ રોગીની સેવા ચાકરી કરવાને માટે નર્સની ઉત્પત્તિ થઇ છે."

પુષ્પાવતીની માતાએ કહ્યું:–"ક્યાં છે પાણી? પાણી પાઓ!"

એવામાં રસોઇઓ પાણી લઇ આવ્યો, અને તેણેજ રોગી સ્ત્રીના મુખમાં પાણી રેડ્યું. પછીથી ડૉક્ટરે રોગીના રોગની ચિકિત્સા કરી.

પુષ્પાવતીએ પ્રશ્ન કર્યો:–"આપને કેમ લાગે છે?"

રજનીચંદ્રઃ—ભય પામવાનું કાંઈ કારણ નથી. કૅપેલરી બ્રોન્કાઇટિસ છે.

પુષ્પાવતીઃ—કેટલા દિવસમાં આરામ થશે?

રજનીચંદ્રઃ—આઠ દશ દિવસમાં; પરંતુ સેવા ચાકરીની વ્યવસ્થા સારી રીતે થવાની જરૂર છે.

પુષ્પાવતીઃ—ડૉકટર સાહેબ! અમને કેવી રીતે માણસ મળી આવે? આપની હકીકત સાંભળી મ્હારો જીવ ઘણો ગભરાય છે.

રજનીચંદ્રઃ—તમારે ગભરાવાનું કાંઈ કારણ નથી. હુંજ સઘળી વ્યવસ્થા કરી આપીશ.

પુષ્પાવતીઃ—આપના વિશ્વ-પ્રેમની અપૂર્વ કરૂણાને માટે હું આપને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપું છું. ધન્ય છે આપના નિષ્કામ કર્મની વાસનાને! પરંતુ આપને 'નર્સ' ક્યાંથી મળી આવશે?

રજનીચંદ્રઃ—સરકારી દવાખાનામાં કેટલીક 'નર્સ' છે. તેને રાજી કરીશું એટલે તે ખુશીથી આ કામ કરશે. એ વ્યવસ્થા હુંજ કરીશ. મ્હારી ભલામણથી તે નિઃસ્વાર્થ ભાવે અહિં કામ કરવા આવશે એવી મ્હારી ધારણા છે.

પુષ્પાવતીઃ—આપ આદર્શ મનુષ્ય છો. આજથી હું આપની પવિત્ર મૂર્ત્તિને મ્હારા હૃદયમાં ધારણ કરી રાખીશ!

ડૉકટર સાહેબની છાતી ત્વરિત ગતિથી ધડકવા લાગી. તેમણે કહ્યું:—હું પ્રિસ્ક્રિપ્શન લખી આપું છું. નોકરને દવાખાનામાં દવા લઇ આવવા માટે મોકલો.

પુષ્પાવતીઃ—દવાની કીંમત શી થશે?

રજનીચંદ્રઃ—સરકારી દવાખાનામાં દવાની કીંમત લાગતી નથી.

પુષ્પાવતીઃ—આપના અપૂર્વ પ્રેમનો બદલો વાળી શકવાને હું અશક્ત છું; છતાં કૃપા કરીને મ્હારી સાથે પધારો. આપણે મ્હારા દિવાનખાનામાં જઇએ. ત્યાં સર્વ પ્રકારની લેખન સામગ્રી છે.

તરતજ પુષ્પાવતી સાથે રજનીચંદ્ર એ ઓરડામાંથી બ્હાર નીકળ્યો, તથા નોકરે એ ઓરડાનાં દ્વાર બંધ કરી દીધાં.

પ્રકરણ ૩ જું.

રમણી કે રાક્ષસી?

" સુખે આલિંગે છે, કુમળી કળી કોઈ ભ્રમરને;
નથી એ બંધાઈ, અમુક ભ્રમરાથી નકી નકી. "

કલાપી.

પુષ્પાવતીનું દિવાનખાનું ઘણું સુંદર જણાય છે. નીચેની જમીન ગાલિચાથી ઢંકાઈ રહેલી છે. ગાલિચાની ઉપર એક મોરોકકો લેધરથી મઢી લીધેલું ટેબલ પડેલું છે. ટેબલની ચારે બાજુએ વિવિધ પ્રકારની ખુરસીઓ ગોઠવેલી છે. દિવાલની આગળ કેટલાંક મ્હોટાં કાચનાં કબાટો ગોઠવેલાં છે, તથા એ કબાટોમાં અનેક પુસ્તકો સુવ્યવસ્થિત રીતે રાખવામાં આવેલાં છે. તે સિવાય દિવાલની ઉપર અનેક વિલાસ-વૃત્તિને સતેજ કરે એવાં ચિત્રો નજરે પડે છે. એક બારીના ઉપરના ભાગમાં દિવાલની સાથે એક મ્હોટું ઘડીઆળ રાખેલું જણાય છે. ટેબલની પાસેજ એક બેંચ ઉપર કેટલાંક વાદ્યયંત્રો જેવાં કે હારમો-નિયમ, પિયાનો, વીણા વગેરે ગોઠવેલાં છે. ટેબલની ઉપર પણ કેટલાંક પુસ્તકો માસિકો, વર્ત્તમાનપત્રો, ખડિયો, હૉલ્ડર, કાગળ વગેરે સુવ્યવ-સ્થિત રીતે રાખવામાં આવેલાં નજરે પડે છે. આખા દિવાનખાનામાં અત્તરની સૌગંધ ફેલાઈ રહેલી છે.

પુષ્પાવતીએ દિવાનખાનામાં પ્રવેશ કરીને પોતાના કોમળ કર-પલ્લવથી એક અતિ મનોહર ખુરસીને સહજ હલાવીને કહ્યું:—" આપ બેસો. વિશ્રામ લ્યો. આપને ઘણું કષ્ટ આપ્યું છે—ક્ષમા કરજો. "

રજનીચંદ્રે સ્મિત હાસ્ય કરી નમ્ર સ્વરે કહ્યું:—" તમે પણ બેસો."

બન્ને જણાં એકજ ક્ષણે જૂદી જૂદી ખુરસીઓ ઉપર બેઠાં. પછી પુષ્પાવતીએ એક કાગળ રજનીચંદ્રની આગળ મૂકતાં કહ્યું:— " પ્રિસ્ક્રિપ્શન હમણાંજ લખશો કે?"

"હા હમણાંજ લખું છું." કહીને વિના વિલંબે રજનીચંદ્રે પ્રિસ્ક્રિપ્શન લખી તૈયાર કરી, યોગ્ય ઉપદેશ આપીને નોકરના હાથમાં મૂક્યું. નોકર તે લઇને ચાલ્યો ગયો.

રજનીચંદ્રે કહ્યું:–"આપના માસિકપત્રના ગ્રાહકોની સંખ્યા કેટલી છે ?"

પુષ્પાવતીએ ગંભીરતાથી કહ્યું:–"ઘણી થોડી. એકસોથી વધારે નહિ હોય; તેમાં વળી લવાજમ ભરીને કોઈ વાંચતું નથી. એ ઉપરથી એમ સ્પષ્ટ માલુમ પડી આવે છે કે, ગુર્જર સમાજની ઉન્નતિ થવાને હજી ઘણા સમયની જરૂર છે. શું આપ પણ મ્હારા જેવો વિચાર નથી ધરાવતા ? જે દેશમાં શિક્ષિતા સન્નારીને હાથે પ્રસિદ્ધ થતું માસિકપત્ર પ્રત્યેક ગૃહસ્થના ઘરમાં શોભા પામતું નથી તે દેશ અદ્યાપિ ભયંકર અજ્ઞાનતાના અંધકારમાંજ રહ્યો છે. એ જાતિની ઉન્નતિની આશા આકાશ કુસુમ સમાન છે."

રજનીચંદ્રે એક ગાઢ નિશ્વાસ મૂકીને કહ્યું:–"તમારૂં કહેવું તદ્દન વાસ્તવિક છે."

પુષ્પાવતી:–આપે કદાપિ મ્હારૂં માસિક વાંચ્યું છે ?

રજનીચંદ્ર:–ના, એ સૌભાગ્યથી હજી હું કમનશીબ રહ્યો છું.

પુષ્પાવતી:–અહિં એક પણ નકલ નથી કે હું આપને બતાવી શકું. છતાં ચાલુ માસથી હું આપને એક નકલ મોકલતી રહીશ. આ જુઓ, આ માસના અંકના બીજા ફૉર્મનાં 'પ્રુફ સીટસ' છે. લખાણ ઘણું ચમત્કારિક છે. થોડું મૅટર ખૂટી પડ્યું હતું, તેથી ઉતાવળથી એક ગાયન લખી કાઢવું પડ્યું છે. આપ આવ્યા ત્યારેજ મ્હારૂં ગાયન સદ્ભાગ્યે પૂરૂં તૈયાર થઇ ગયું હતું; નહિ તો આપ આવ્યા હોત તોપણ હું ઉઠી શકત નહિ. મ્હને લાગે છે કે, જો કદાચ એમ બન્યું હોત તો આપ મ્હારા અપરાધની ક્ષમા કરત. કારણ કે આપ સુશિક્ષિત છો. કવિનું સંમાન કેમ સાચવવું એ આપ સારી રીતે જાણો છો. કવિના ધ્યાનને ભંગ કરવું એ ભયંકર અપરાધ છે, એમ આપ પણ કબુલ કરશો. આ જુઓ, મ્હારૂં ગાયન

વાંચી તો જુઓ—આપને ના દર્શાવી શકું એવી એક પણ વસ્તુ હવે મ્હારી પાસે નથી.

પુષ્પાવતી:—આપની મ્હારા પ્રત્યેની આવી પ્રેમવૃત્તિથી હું મ્હને પોતાને મહાભાગ્યશાળી સમજું છું.

પુષ્પાવતીએ પોતાના હાથમાંનો ગાયનનો કાગળ રજનીચંદ્ર આગળ ધર્યો. રજનીચંદ્રે પ્રેમપૂર્વક તે પોતાના હાથમાં લીધો, તથા વાંચવા લાગ્યો. પુષ્પાવતીએ આ પ્રમાણે ગાયન લખ્યું હતું:—

કોઇ કહેજો જોગીડાને જઇને હો રાજ
મધુવનમાં ઝુરે તારી બાલા જોગણ;
વિરહ અંગારે સળગે આખું નંદનવન—મધુ.
એની આંખે શ્રાવણને ભાદરવો ઝરે,
બાલા રસીઆના રાગે એ રોતી ફરે;
વ્હાલા અંતરમાં હોયે તો લ્હોજો લોચન—મધુ. *

આ ગાયન સૂર્ય કુમારી નાટકમાંનો ઉતારો છે એમ રજનીચંદ્ર સમજી શક્યો નહિ, તેથી તે ગાયન વાંચીને ઘણો ખુશી થઇ ગયો. તે પુષ્પાવતી તરફ સ્મિત મુખે ટગર ટગર જોઇ રહ્યો.

પુષ્પાવતીએ પૂછ્યું:—"કેમ, ગાયન કેવું છે?"

રજનીચંદ્ર:—ગુજરાતી ભાષામાં આવાં ગાયન બનતાં હશે કે કેમ એ માટે પૂર્વે મ્હને સંદેહ હતો; પરંતુ તમારૂં અપૂર્વ ગાયન જોઇ મ્હારો ભ્રમ હવે દૂર થયો છે. તમારા ગાયનના ભાવે મ્હારા હૃદયને સ્પર્શ કરીને મ્હારા પ્રાણમાં એક પ્રકારના મિલનની આશા જાગ્રત કરી છે—આવી આકુળ-વાસના બાયરન અને બર્ન્સ પણ જાગ્રત કરી શકે તેમ નથી.

પુષ્પાવતી:—ગાયન રચવા માટે મ્હેં જે શ્રમ લીધો છે, તે હવે સાર્થક થયો. આપને મ્હેં ઘણું કષ્ટ આપ્યું છે. હું ગરીબ રમણી આપને માટે શું કરી શકું? જો રજા આપો તો હારમોનિયમ સાથે

* સૂર્ય કુમારી.

એક એ ગાયન ગાઇ સંભળાવી આપના વ્યથિત ચિત્તને શાંત કરવાનો યથાશક્તિ યત્ન કરૂં.

રજનીચંદ્ર:—ખરેખર આજે મ્હારી એક સ્વર્ગીય દેવબાલાની સાથે મુલાકાત થઇ. આ મિલન આ જીવનમાં કદાપિ ભૂલીશ નહિ. દયા કરીને તમે તમારા વાક્યને પાળો.

પુષ્પાવતી હારમોનિયમ પાસે બેસી સૂર મેળવવા લાગી. ત્યાર પછી સૂર મળતાંજ તે ગાવા લાગી કે:—

તમારાં શાં કરૂં સન્માન,
મળ્યા મને મન ગમતા મ્હેમાન—તમારાં.
હૃદય ઢળી તમ ચરણે પડતું, દેવા આદરમાન તમોને

રજની પણ સાથે સાથે ગાવા લાગ્યો કે:—

બાળા એ પુરવ જન્મની પીછાણ
ભાગ્યદેવી તવ દર્શન પામી પ્રફુલ થયા મમ પ્રાણ—તમારાં. ×

સુગંધી-સુવાસથી સુવાસિત થઇ રહેલા સુસજ્જિત દિવાનખાનામાં મધુર કંઠના મધુર સ્વરની લહરિયો ફેલાઈ ગઈ! પુષ્પાવતીના ગુલાબી પુષ્પના જેવા અધરોષ્ઠ મૃદ મૃદ કંપતા હતા. મુખમંડળ ઉપર મુક્તાફળના જેવાં સ્વેદબિંદુઓ શોભી રહ્યાં હતાં. વાયુની પાસે ચુંબન કરાવતો કેશકલાપ કપોળ પ્રદેશ ઉપર તથા પીઠના ભાગ ઉપર નૃત્ય કરી રહ્યો હતો. ચંપકની કલિકાઓ જેવી કોમળ હાથની કોમળ આંગળીઓ હારમોનિયમ ઉપર ફરી રહી હતી. ફેન્સી પોલકામાં છુપાઈ રહેલાં પયોધરો ઉંચાં નીચાં થતાં હતાં. રજનીચંદ્ર મોહમુગ્ધ બની જઇને દેવબાલા સમાન સ્વરૂપવતી પુષ્પાવતીનું ગાન સાંભળી રહ્યો હતો, તથા એ ગાનનું રહસ્ય તેના આંતર પ્રદેશને પ્રેમમિલનની આશાથી આકુળ વ્યાકુળ બનાવી દેતું હતું.

ઘણા સમય પછી ગાન બંધ રહ્યું. પ્રાણ ઉડી ગયો દેહ રહ્યો, પક્ષી ઉડી ગયું પિંજર રહ્યું; સ્વર ઉડી ગયો તેની લહરિયો કાયમ

× સૂર્ય કુમારી.

રહી. કોમળ હાથમાં ઝુલી રહેલા ફેન્સી રૂમાલથી મુખ ઉપરનાં સ્વેદાંબુઓ સાફ કરીને પુષ્પાવતીએ કહ્યું:-" શું હું આપને ચિંતાતુર બનાવું છું ?"

ગાઢ નિશ્વાસ મૂકીને રજનીચંદ્રે કહ્યું:-" મ્હારા જીવનમાં આવો આનંદ હું આજે પ્રથમજ ભોગવું છું. હું આશા રાખું છું કે આ આનંદનો અંત આવશે નહિ."

પુષ્પાવતી કંપી ઉઠી. તેણે કહ્યું:-" આપ આવી અમંગળ વાતને હૃદયમાં વિચારશો નહિ. આપના દર્શનથી કોણ જાણે કે, એક પ્રકારનો ભાવ મ્હારા અંતરમાં ઉપસ્થિત થયો છે, અને તેને પરિણામે હું આપને ભૂલું એ સર્વથા અસંભવિત છે. ડૉક્ટર સાહેબ ! દિલમાં દયા લાવીને કોઈ કોઇ સમયે આપનાં પવિત્ર પગલાંથી આ દાસીના દિવાનખાનાને પવિત્ર કરશો કે ? આપ નહિ પધારો તો મ્હને ઘણું દુ:ખ થશે."

રજનીચંદ્ર:-જો તમને હરકત નહિ હોય, તો હું હમ્મેશાં એક વખત તમારૂં દર્શન કરવાને આવીશ.

પુષ્પાવતી:-હરકત ! એમ કેમ બોલ્યા ? ખરા પ્રેમ-મિલનમાં હરકતનો પ્રશ્ન રહેતો નથી. હં, પરંતુ મૂળ વાત તો હું ભૂલી જાઉં છું. આપને મ્હારે શું વિઝિટ (મુલાકાત) ની ફી આપવાની છે ?

રજનીચંદ્ર:-વિઝિટ ! તમે વિઝિટ આપશો ! ? મ્હને તમે તમારો સ્નેહી ગણશો એટલે હું મ્હને બધું મળી ચુક્યું સમજીશ.

પુષ્પાવતીએ સ્મિતહાસ્ય કરીને પિયાનાની સાથે ફરીથી એક ગાયન સમયને અનુસરતું ગાયું.

કહો મારા નયન સલુણા શ્યામ
તમને શું કહીને બોલાવું (૨)
અનુપમ છો ઉપમા શી આપું
દેવ હૃદય મંદિરમાં સ્થાપું
અંતરના આરામ-તમને. *

* માલતી માધવ.

ગાન પૂર્ણ થતાંજ રજનીચંદ્ર પુષ્પાવતીને વારંવાર ધન્યવાદ આપી, ઉઠીને ઉભો થયો, અને તેણે વિદાય માગી.

પુષ્પાવતી પણ ઉઠીને ઉભી થઇ. તેણે કહ્યું:—“ પુનઃ ક્યારે પધારશો ? આપનાં પવિત્ર પગલાંથી આ દાસીના નિવાસને પાવન કરશો ? જો નિવેદન કરશો તો ગાડી મોકલીશ. ડૉકટર સાહેબ ! માતાજીને લીધે હું મ્હોટા સંકટમાં ફસાઇ પડી છું. હું નિરાધાર અબળાનો આધાર માત્ર આપજ છો. ”

રજનીચંદ્રઃ—તમે ગાડી મોકલવાનો શ્રમ લેશો નહિ. હું મ્હારી ગાડીમાંજ આવીશ. કાલે સ્હવારે હું જરૂર આવીશ.

પુષ્પાવતીઃ—આપની આ દાસીના ઉપર અપાર કૃપા થઇ છે ! નર્સ સંબંધી યથાયોગ્ય બંદોબસ્ત કરવા કૃપા કરશો.

રજનીચંદ્ર વિદાય થયો. દિવાનખાનાની બ્હાર નીકળી દાદરના પગથીઆ ઉપરથી નીચે ઉતરતાં ઉતરતાં તેણે એક વખત પાછા ફરીને પુષ્પાવતીના દિવાનખાના તરફ દૃષ્ટિ ફેંકી તો તેને માલુમ પડયું કે અલ્પ સમય પૂર્વે જે પ્રેમની પ્રતિમા પુષ્પાવતી તેની સાથે અપૂર્વ આનંદથી વાર્તાલાપ કરતી હતી તેજ તેના દિવાનખાનાના મુખ્ય દ્વારમાં ચિંતાતુર ચિત્તે ઉભી રહી છે !

રજનીચંદ્રના પગ બંધાઇ ગયા. તેણે વિચાર્યું કે આવા અમૃતમય પ્રસાદનો ભોક્તા મનુષ્ય થશે કે દેવતા ? એવામાં બાગમાં આવેલા એક દેવદારૂના વૃક્ષ ઉપરથી એક કાગડાનો કઠોર સ્વર તેને કાને પડયો. રજનીચંદ્ર માત્ર ડૉકટરી જાણતો હતો. તે કાગડાનું ચરિત્ર જાણતો નહોતો: જાણતો હોત તો સમજી શકત કે કાગડો કર્કશ કંઠે તેને એવી સૂચના કરે છે કેઃ—“ યુવક ! એ અમૃતધારા નથી, એ હળાહળ વિષ છે ! એક પ્રકારની છળના છે ! યુવકોના ચિત્તમાં વિચિત્ર વેદના ઉત્પન્ન કરી તેમનું સમસ્ત જીવન દુઃખપૂર્ણ કરનાર વિષ-ધારા છે ! ”

પ્રકરણ ૪ થું.

સ્નેહ કે સ્વાર્થ.

ઘણા દિવસથી પુષ્પાવતીની માતા આરોગ્ય થઈ છે. હમ્મેશાંના અવરજવરથી રજનીચંદ્ર પોતાનો સમસ્ત પ્રાણ પુષ્પાવતીના ચરણોમાં અર્પણ કરી બેઠો છે. હવે તેનું સમસ્ત હૃદય પ્રેમજ્વાળાથી પરિપૂર્ણ થઈ ગયું છે.

આ સળગતી જ્વાળાને રજનીચંદ્રે સ્વેચ્છાથી પોતાની પાસે બોલાવી છે. જ્યાં સુધી તે પુષ્પાવતી પાસે જઈ શકતો નથી ત્યાં સુધી શાંતિ મેળવી શકતો નથી. ત્યાં જાય છે ત્યારે વળી પાછી તેની જ્વાળા વધી જાય છે. આ જ્વાળાને શાંત કરવાનો એક પણ ઉપાય નથી કે શું ?

ઉપાય હતો. સ્નેહલતા જે શાંત પ્રેમ–પ્રવાહથી પતિને પવિત્ર કરવાનો યત્ન કરતી હતી તે રજનીચંદ્ર સમજી શક્યો નહિ. તેનો પાશ્ચાત્ય શિક્ષણ પામી ચુંકેલો પ્રાણ પવિત્ર ગંગાના નિર્મળ જળથી શીતળ થયો નહિ. શિક્ષણના મોહથી ગંગાજળને તુચ્છ ગણી તે ટેમ્સ જીવન ભોગવવાને માટે–વિલાયતી વિલાસ ભોગવવાને માટે આતુર બન્યો. પ્રાચ્ય–પ્રેમના ઉપર પદાઘાત કરીને પાશ્ચાત્ય–પ્રેમને માટે તે આતુર બન્યો; પરંતુ એ પ્રેમની સ્વાધીનતા, એ પ્રેમની વિશ્વ વ્યાપકતા, ક્ષુદ્ર દેશીય પ્રાણમાં ધારણ કરવાનું સ્થાન ક્યાં છે ? જ્યાં સંયમ નથી ત્યાં શાંતિ હોઇ શકે ખરી કે ?

એક દિવસે સ્હવારે ચ્હા પી રહ્યા પછી એક વર્તમાનપત્રને લઈ રજનીચંદ્ર તે વાંચવાની તૈયારીમાં હતો એવામાં નોકરે આવીને ત્રણ પત્રો તેના ટેબલ ઉપર મૂક્યા.

એક સરકારી પત્ર હતો. એ પત્ર વાંચીને તેણે બીજો ખોલ્યો. બીજો પત્ર પુષ્પાવતીએ લખેલો હતો. તેણે લખ્યું હતું કેઃ—“ આ

પત્ર વાંચતાની સાથેજ મ્હને કૃપા કરીને મળી જશો, ઘણું જરૂરી કામ છે. કદાચ સંધ્યા સમયે આવશો તો હું નહિ મળી શકું. મ્હારે અહમ્મદનગરનો ત્યાગ કરી મુંબઇ જવાનું છે."

ત્રીજો પત્ર ઘણે દૂર આવેલા છાણી ગામથી સ્નેહલતાએ લખ્યો હતો. રજનીચંદ્રે પત્નીનો પત્ર પણ વાંચી જોયો. એ પત્ર મ્હોટા મ્હોટા અક્ષરોએ લખેલો હતો. સ્નેહલતા બિચારી વિશેષ ભણેલી ન્હોતી તેથી તેણે ઘણી સાદી તેમજ સરળ ભાષામાં પોતાનો પત્ર લખ્યો હતો. તે આ પ્રમાણે હતો:—

"પ્રાણાધિક પતિની સેવામાં.

જણાવવાનું કે, તમે હવે પત્ર કેમ નથી લખતા? મ્હેં ઉપરા ઉપરી ત્રણ ચાર પત્રો લખ્યા; પરંતુ એક પણ કાગળનો ઉત્તર મ્હને મળ્યો નથી. તમે મ્હને છેકજ ભૂલી ગયા છો? મ્હને તો ભૂલી ગયા; પરંતુ તમારાં માતાજીને કેમ કરીને ભૂલી ગયા? તમારા ભાઇઓ વગેરેને કેમ ભૂલી ગયા? તમે મોટા પગારદાર થયા ખરા; પરંતુ અહિં અમે ભૂખે મરી જઇએ છીએ. તમે શા માટે બધો પગાર ખરચી નાંખો છો? વળી જેઓ નોકરી કરતા હશે, તે શું ઘેર નહિ આવતા હોય કે? મણિલાલના કાકા, કૃષ્ણપ્રસાદના ભાઈ એ સર્વે તમારી માફક નોકરી કરે છે, છતાં ઘેર આવે છે. આંતરે આંતરે ઘેર કાગળ પત્ર પણ લખે છે. દિવસ જાય છે, હું વિચાર્યા કરૂંછું કે, કાલે પત્ર આવશે. જ્યારે ટપાલી આવવાનો હોય છે, ત્યારે આતુરતાથી તેની રાહ જોઇને બેસી રહું છું: પરંતુ જ્યારે તે આવે છે અને પત્ર આપ્યા સિવાય ચાલી જાય છે, ત્યારે મ્હને તેના ઉપર એટલો બધો ગુસ્સો ભરાય છે કે હું તેને શું કરૂં? ઉત્તર જરૂર લખજો. તમને મ્હારા સમ છે, તમે મ્હારૂં મુએ મ્હોઢું જુઓ.

ધાર્યા પ્રમાણે વરસાદ નહિ પડવાથી જોઇએ એટલું અનાજ ઉત્પન્ન થયું નથી. તમારા મ્હોટા ભાઈ રમેશચંદ્રથી પણ રૂપિયાની સગવડ થાય તેમ નથી. ઘરનાં માણસો ઘણાં દુઃખી થાય છે.

સુકુમાર સારો છે. હરિશ્ચંદ્રભાઇનો વિવાહ નથી કરતાં તે હવે

સારૂં દેખાતું નથી; પરંતુ રૂપિયા ક્યાં છે ? જેમને બે મૂઠી અનાજ મળી શકતું નથી તેઓ વિવાહ કેવી રીતે કરી શકે ? મંદાકિની વહુ ઘણો કલહ કરે છે. માતાજી સારાં છે. ઘેર ક્યારે આવશો ?

લી૦ આપની દાસી.

સ્નેહલતા."

પત્ર વાંચી રહેતાંની સાથેજ રજનીચંદ્રના પ્રાણમાં એક પ્રકારનો અંધકાર છવાઈ ગયો ! ગામડાનું પેલું સરળ હાસ્યપૂર્ણ મુખ તેને યાદ આવ્યું ! તેને ગામડાના નિસ્તબ્ધ નિવાસના વિચારો આવવા લાગ્યા. માતૃસ્નેહ, ભ્રાતૃપ્રેમ, ભાભીઓનો સ્નેહ તથા બાળક સુકુમારનું નિર્દોષ મુખ તેને યાદ આવવા લાગ્યું. મનમાં એવો વિચાર થઈ આવ્યો કે—"તેઓ સર્વે દ્રવ્યના અભાવથી દુઃખી થાય છે, અને હું તેમને એક પણ પૈસો નહિ મોકલતાં મ્હારી સઘળી પેદાશ વિલાસ-વ્યસનમાં ગુમાવી દઉં છું."

રજનીચંદ્ર પાસે બસો રૂપિયા સિલ્લક હતા, તેથી એ સઘળી રકમ તેણે તેજ દિવસે ઘેર મોકલી આપવાનો વિચાર કર્યો.

ત્યાર પછી પુષ્પાવતીને મળવા જવાને માટે તે તૈયાર થયો. નોકરે ગાડી તૈયાર કરી. રજનીચંદ્ર ઇંગ્રેજી એટિકેટનાં વસ્ત્રોથી વિભુષિત થઇ ગાડીમાં જઇને બેઠો, અને કોચમેનને પુષ્પાવતીના નિવાસ સ્થાન તરફ ગાડી લઈ જવાની આજ્ઞા કરી.

પુષ્પાવતી સુંદર વસ્ત્રાલંકારોમાં સજ્જ થઇને પોતાના દિવાનખાનામાં બેઠી બેઠી વીણા વગાડી રહી હતી. રજનીચંદ્રે તેના દિવાનખાનામાં પ્રવેશ કર્યો, એટલે તેણે વિણા નીચે મૂકી દઈ સ્મિત હાસ્ય કરી કહ્યું:—"તમારા વિના જીવને ચેન પડતું નહોતું તેથી આ વિણા વગાડી ચિત્તની ચિંતા દૂર કરવાનો યત્ન કરતી હતી."

રજનીચંદ્ર:—ચિંતાને દૂર કરવાને માટે સંગીતવિદ્યા જેવી બીજી કોઈ ઉત્તમ વિદ્યા નથી. વળી હું જાણું છું કે, મ્હારા સિવાય તમને ગમતું નથી અને તમારા સિવાય મ્હને ગમતું નથી. તમે પત્ર ન

લખ્યો હોત તોપણ હું અવશ્ય આવત!

પુષ્પાવતીઃ—ડૉક્ટર સાહેબ! હું તમારી કોણ છું? હું તો એક ગરીબ, સામાન્ય રમણી છું. મ્હારા બોલાવવાથી તમે શા માટે આવો? મ્હારામાં એવા તે શા ગુણો છે, કે જેના પ્રભાવથી આપના જેવા સુવિખ્યાત ડૉક્ટર સાહેબ મ્હારા બોલાવતાંની સાથેજ મ્હારે ત્યાં પધારે!

રજનીચંદ્રઃ—પુષ્પાવતી! હું તમારે ત્યાં શા માટે આવું છું, તે હું જાતે પણ સમજી શકતો નથી; પરંતુ જે માટે એક ગ્રહ બીજા ગ્રહની તરફ દોડી જાય છે, જે માટે અણુની તરફ અણુ ખેંચાય છે તે માટેજ હું અહિં આવતો હોઉં એમ મ્હને લાગે છે.

પુષ્પાવતીઃ—સમજી. આપનું એમ કહેવું છે કે, આપણી બન્નેની વૃત્તિઓ સમાન છે; પરંતુ વાસ્તવિક રીતે તેમ નથી. મ્હારામાં ને તમારામાં આસ્માન જમીનનું અંતર છે. હું સમજી શકતી નથી કે, મ્હારા કયા ગુણ ઉપર મુગ્ધ બની જઇને તમે મ્હારી તરફ આટલી-અધી દયા દર્શાવો છો? વળી ડૉક્ટર સાહેબ! મ્હને એવો ભય રહ્યા કરે છે કે, કદાચ કોઈ સમયે તમે આ દાસીને ભૂલી જાઓ તો!? હું તમને કરગરીને કહું છું કે દાસીને કદાપિ ભૂલી જશો નહિ—નારી વધ કરશો નહિ!

પુષ્પાવતીએ પોતાનાં નેત્રો ઉપર રૂમાલ દાબ્યો. રજનીચંદ્રે વ્યાકુળ બની જઇને કહ્યું:—"પુષ્પાવતી! આ શું કરો છો? તમારા જેવાં જ્ઞાની, સુશિક્ષિતા રમણીએ રૂદન કરવું યોગ્ય છે કે? હું શું તમને ભૂલી શકીશ?

પુષ્પાવતીએ નેત્રો ઉપર દાબેલા રૂમાલને ટેબલ ઉપર મૂકીને કહ્યું:—"અદ્વિતીય નિરાકાર બ્રહ્મ તેમજ કરો; પરંતુ હું એ માટે રૂદન કરતી નથી—એ માટે આ દાસી પોતાનાં નેત્રોમાંથી આંસુઓ વરસાવતી નથી."

રજનીચંદ્રઃ—તો પછી તમે શા માટે રૂદન કરો છો? હું શું તમારી વેદનાને જાણી શકીશ નહિ?

પુષ્પાવતીઃ—શા માટે નહિ જાણી શકો? તમને નહિ કહેવા જેવું કાંઈજ નથી. મ્હારે આજે રાત્રે મુંબઈ જવાનું છે. ત્યાં લગભગ દશ દિવસ રહેવું પડશે. આ દશ દિવસ હું તમારાં દર્શન કરી શકીશ નહિ.

રજનીચંદ્રઃ—હું પણ આ દશ દિવસ તમારાં દર્શન કર્યા સિવાય કેવી રીતે રહી શકીશ?

પુષ્પાવતીઃ—પરંતુ શું કરવું ડૉક્ટર સાહેબ! જે પ્રકારને અટકાવી શકાય તેમ નથી, તેના ચક્ર નીચે ચગદાઈ મર્યા સિવાય કાંઈ છુટકો છે?

રજનીચંદ્રઃ—ત્યારે તમે આજેજ જશો?

પુષ્પાવતીઃ—હા આજેજ; પરંતુ હું તમને વિનંતી કરૂં છું કે, હું જઉં તે પહેલાં એક કલાકે આવીને તમે મ્હને મળી જજો.

રજનીચંદ્રઃ—અવસ્ય આવીશ.

પુષ્પાવતીઃ—બીજી એક વાત કહેવાની છે—એકાએક જવાની તૈયારી કરવી પડે છે તેથીજ આ વાત તમને કહેવી પડે છે. જો આપની પાસે રૂપિયા હોય તો મ્હને પાંચસો રૂપિયા ઉછીના આપજો. હું મુંબઈથી આવતાંની સાથેજ આપને પાછા આપીશ.

રજનીચંદ્રઃ—પાંચસો રૂપિયા—આજેજ જોઇએ છીએ?

પુષ્પાવતીઃ—હા, સંધ્યાકાળ પહેલાંજ. કારણ કે સંધ્યાકાળ પૂર્વેજ જવાની બધી તૈયારી કરી રાખવાની છે. રાત્રે દશ વાગ્યાની ગાડીમાં જવાનું છે. જ્યારે સંધ્યાકાળે આપ આ દાસીની પાસે આવો ત્યારે નિરાંતે વાર્તાલાપ કરવાનો વખત મળે એ માટે સંધ્યાકાળ પહેલાં આ વ્યવસ્થા થઈ જાય તો ઘણું સારૂં.

રજનીચંદ્રની પાસે સિલકમાં બસો રૂપિયાથી વધારે રકમ નહોતી—પરંતુ પુષ્પાવતીની પ્રાર્થનાનો અસ્વીકાર કરતાં તેના પ્રાણ કંપી ઉઠયો. તેણે પાંચ વાગ્યાની અંદર પાંચસો રૂપિયા પહોંચાડવાનું કબુલ કર્યું,

પુષ્પાવતીએ રજનીચંદ્રને અનેક ધન્યવાદ આપ્યા. રજનીચંદ્રને

દવાખાનામાં જવાનો વખત થયેલો હોવાથી તે વિદાયગીરી લઈ ચાલ્યો ગયો; વળી પાંચ વાગ્યાની અંદર તેને ત્રણસો રૂપિયા મેળવવાના હતા. વિદેશમાં ઉછીની રકમ મેળવવાનો તેનો આ પ્રથમ યત્ન હતો. તે ત્વરાથી દવાખાનામાં જઈ પહોંચ્યો.

દવાખાનામાં ગયા પછી રજનીચંદ્રે વૃદ્ધ કંપાઉન્ડર પન્નાલાલને એકાન્તમાં પોતાની પાસે બોલાવીને કહ્યું:-"જુઓ મહાશય! એકાએક મ્હને પાંચસો રૂપિયાની જરૂર પડી છે. સાંજના પાંચ વાગ્યા પહેલાં રૂપિયા જોઇએ: મ્હારી પાસે માત્ર બસો રૂપિયા છે, તો બાકીના ત્રણસો રૂપિયા ક્યાંથી ઉછીના મેળવવા તે જણાવી શકશો ?"

પન્નાલાલે થોડા સમય સુધી વિચાર કરીને કહ્યું:-"આપ રામગોપાળ શેઠને ઓળખો છો ?"

રજનીચંદ્ર:-હા, ઓળખું છું. હું તેમને ત્યાં ત્રણ ચાર વખત ચિકિત્સાને માટે જઈ આવ્યો છું.

પન્નાલાલ:-તેઓ વ્યાજ લઇને નાણાં ધીરે છે. મ્હને લાગે છે કે તેઓ આપને પણ ધીરશે.

રજનીચંદ્ર:-આપ હમણાંજ તેમની પાસે જાઓ.

પન્નાલાલ ચાલ્યા ગયા. રજનીચંદ્ર દવાખાનાની ઑફીસ રૂમમાં બેસી રોગીઓ તપાસવા લાગ્યો, તથા મનમાંને મનમાં એવું વિચારવા લાગ્યો કે પન્નાલાલ આવીને નિષ્ફળતા ન દર્શાવે.

ઘણા સમય પછી પન્નાલાલ પાછા આવ્યા. રજનીચંદ્રે પૂછ્યું:-"આપ બધું નક્કી કરી આવ્યા છો કે ?"

પન્નાલાલ:-તેઓ આપવાને માટે કબુલ છે; પરંતુ બે પ્રકારની હરકત છે.

રજનીચંદ્ર:-શી શી ?

પન્નાલાલ:-એક તો વ્યાજ કાંઇક વધારે છે.

રજનીચંદ્ર:-કેટલું ?

પન્નાલાલ:-રામગોપાળ શેઠે એમ જણાવ્યું કે "સો રૂપિયાનું હું માસિક ત્રણ રૂપિયા વ્યાજ લઇને ઉછીના રૂપિયા આપું છું; પરંતુ

ડાકતર સાહેબ પાસેથી માત્ર બે રૂપિયા વ્યાજ લઈશ.”

રજનીચંદ્રઃ—બીજી શી હરકત છે ?

પન્નાલાલઃ—આપે તેમની પેઢીમાં જઈને રીતસર લખાણ લખી આપીને રૂપિયા લેવા જોઇએ.

રજનીચંદ્રઃ—ઘણું જરૂરી કારણ હોવાથી આ બન્ને શરતોને કબૂલ રાખીને રૂપિયા લીધા સિવાય છૂટકો નથી. તેમણે મ્હને કેટલા વાગે બોલાવ્યો છે ?

પન્નાલાલઃ—આપને જ્યારે ફુરસદ હોય ત્યારે. સ્હવારમાં બાર વાગ્યા સુધી પેઢી ખુલી રહે છે.

રજનીચંદ્રઃ—હમણાં દશ વાગેજ આપણે રૂપિયા લઈ આવીશું. તમે પણ મ્હારી સાથે આવજો.

“જેવી આજ્ઞા” કહીને પન્નાલાલ રોગીઓને માટે ઔષધ તૈયાર કરવા માટે ગયા, તથા રજનીચંદ્ર પણ પોતાના કાર્યમાં રોકાયો.

દશ વાગ્યાનો સમય થયો. એક ગાડી મંગાવી, તેમાં વૃદ્ધ કંપાઉન્ડર પન્નાલાલને બેસાડીને રજનીચંદ્ર પણ બેઠો. અલ્પ સમયમાંજ પન્નાલાલ અને રજનીચંદ્ર રામગોપાળ શેઠની પેઢીમાં જઈ પહોંચ્યા.

રામગોપાળ શેઠે રજનીચંદ્રને યોગ્ય સંમાન આપ્યું. ત્યાર પછી રજનીચંદ્ર પાસે હાથચીઠ્ઠી લખાવી લઇને તેમણે તેને ત્રણસો રૂપિયા આપ્યા. રૂપિયા લઇને રજનીચંદ્ર ઘેર આવી પહોંચ્યો.

ભોજન કરી લઇને રજનીચંદ્રે પાંચસો રૂપિયાની નોટો ખિસ્સામાં મૂકી. એક વખત તેનો જીવ કંપી ઉઠ્યો. આટલા બધા રૂપિયા પોતે કોને અને શા માટે આપવા જાય છે ? ! ઘેર તો માતા, સ્ત્રી, ભાભીઓ તેમજ ભાઇઓ દ્રવ્યના અભાવથી દુઃખી થાય છે. કદાચ બાળક સુકુમારને દૂધ પણ નહિ મળી શકતું હોય તો પછી તેમને રૂપિયા નહિ મોકલતાં હું કોને રૂપિયા આપવા જાઉં છું’ શા માટે હું આવી અપરિચિત સ્ત્રીને આટલી મ્હોટી રકમ આપવાને તૈયાર થયો છું ! શા માટે પુષ્પાવતીને રૂપિયા આપવા ? એ કોણ છે ? તેની સાથે મારે શો સંબંધ છે ? આવા અનેક વિચારો મધ્યાન્હના શાન્ત સમયે

રજનીચંદ્રના મનમાં ઉપસ્થિત થયા ! આવા વિચારો પણ દેવતાના આશીર્વાદ સિવાય મોહમુગ્ધ મનુષ્યના મનમાં ઉપસ્થિત થતા નથી; પરંતુ આવા આશીર્વાદો પ્રાપ્ત કરી અયોગ્ય કર્ત્તવ્ય દૂર કરી શકવાની શક્તિ ભાગ્યેજ કોઈ મનુષ્યમાં હોય છે. દેવતાના આશીર્વાદની સાથે સાથેજ દાનવની નિષ્ઠુર છળના મનુષ્યને છેતરવાનો યત્ન કરે છે. એ છળનામાં સઘળું તણાઈ જાય છે ! દાનવની છળનાનોજ વિજય થાય છે.

રજનીચંદ્રનું પણ તેમજ થયું. પુષ્પાવતીના પ્રણય આગળ તે પોતાનાં સગાં વ્હાલાં તથા પોતાની પ્રેમમયી પત્નીને ભૂલી ગયો. તેને કર્ત્તવ્ય અકર્ત્તવ્યનું જ્ઞાન રહ્યું નહિ. તે ખિસ્સામાં રૂપિયા મૂકી, ગાડીમાં એસીને પુષ્પાવતી તરફ ચાલી નીકળ્યો.

પ્રકરણ ૫ મું.

પાંચસોનું પાણી.

“ આપ પધાર્યા છો કે ? હું આ એકાંત અવસ્થામાં માત્ર આપનાજ વિચારો કર્યા કરતી હતી. ” મર્મભેદક કટાક્ષ બાણથી રજનીચંદ્રના હૃદયને ભેદી નાંખી પુષ્પાવતીએ કહ્યું.

રજનીચંદ્રે મહામુશિબતે એ અસહ્ય કટાક્ષબાણની વેદનાને સહન કરી કહ્યું:—“ તમે જ્યારે આવવાનું ફરમાવ્યું હતું ત્યારે પછી હું આવ્યા સિવાય રહું ખરો કે ? ! ”

પુષ્પાવતીઃ—ડૉકટર સાહેબ ! શું તમે મ્હને ચ્હાઓ છો ?

રજનીચંદ્રઃ—પ્રેમને કેવી રીતે દર્શાવવો તે હું જાણતો નથી. જો જાણતો હોત તો કહી શકત કે, પુષ્પાવતી ! હું તમારા ઉપર કેટલો બધો પ્રેમ રાખું છું.

પુષ્પાવતીઃ—અરેરે ! હું અભાગિની છું, તેથીજ તમારા અપૂર્વ પ્રેમનો કાંઇ બદલો વાળી શકતી નથી. ડૉકટર સાહેબ ! તમે મ્હને અવિશ્વાસિની ધારો છો ?

રજનીચંદ્ર:–પુષ્પા ! આમ કેમ બોલે છે ?

પુષ્પાવતી:–જ્યાં પ્રેમનો બદલો વાળી શકાતો નથી, ત્યાં અવિશ્વાસ ઉત્પન્ન થવાનો સંભવ રહે છે, એમ મહાન્ પ્રેમિક શેકસપિયર કહી ગયો છે.

રજનીચંદ્ર:–નહિ નહિ પુષ્પા ! હું ત્હારા શાંત પ્રેમનો બદલો ત્હારાં નેત્રોમાંજ જોઈ શકું છું.

પુષ્પાવતી:–હું સમજી, ડૉકટર સાહેબ ! તમે ખરા પ્રેમિક છો. તમારા જેવા પ્રેમિક આ મૃત્યુલોકમાં દુર્લભ હોય છે !

રજનીચંદ્ર:–પુષ્પા ! રૂપિયા લે,

પુષ્પાવતી:–રૂપિયા ? ડૉકટર સાહેબ ! આવા આનંદના સમયે પાર્થિવ દ્રવ્યની વાત કાઢી મ્હારા સ્વર્ગીય પ્રેમના ધ્યાનનું ભંગ શા માટે કરો છો ? હું તમારા પ્રાણાધિક પ્રેમના સ્વર્ગીય સ્વપ્નમાં નિમગ્ન હતી, તમે શા માટે મ્હારા સુખ–સ્વપ્નને ઉડાવી દીધું ? તુચ્છ રૂપિયા જો લાવ્યા હો તો આ ટેબલ ઉપર મૂકો.

રજનીચંદ્રે દશ દશ રૂપિયાની પચાસ નોટોનું બંડલ પુષ્પાવતીની આગળ ટેબલ ઉપર મૂક્યું.

કેટલીક વખત આનંદપૂર્વક નોટોના બંડલ તરફ કટાક્ષ ફેંકી પુષ્પાવતીએ પૂછ્યું:–" પાંચસો છે કે ? "

રજનીચંદ્ર:–હા, તમારા કહેવા પ્રમાણે પાંચસો રૂપિયા લાવ્યો છું.

પુષ્પાવતી:–હવે એ નકામી વાતને જવા દ્યો. આવો આ વિયોગ પ્રસંગનું એક ગાન ગાઈએ.

હારમોનિયમનો મધુર સ્વર ગુંજારવ કરી રહ્યો. અમૃતની સાથે અમૃત મળ્યું. હારમૌનિયમની સાથે પુષ્પાવતીનો સ્વર મળ્યો.

ઘણા સમય સુધી સંગીત ચાલ્યું. સંગીત સાંભળી, પ્રેમનો આસ્વાદ લઈ, રાત્રે આઠ વાગે રજનીચંદ્ર પોતાના નિવાસ સ્થાન તરફ પાછો ફર્યો.

જ્યારે રજનીચંદ્ર ઘેર આવ્યો ત્યારે તેનું ચિત્ત ઘણું અસ્થિર હતું. તેના હૃદયમાં એક પ્રકારનું દારૂણ દુ:ખ થયા કરતું હતું. સમસ્ત

શરીર તેને શક્તિ વિનાનું જણાતું હતું.

ઘેર આવીને તે એક વર્તમાનપત્ર વાંચવા લાગ્યો; પરંતુ પત્ર વાંચવું તેને ગમ્યું નહિ. પછીથી તે એક નવલકથા લઇને વાંચવા લાગ્યો; પરંતુ તેમાં પણ તે લક્ષ આપી શક્યો નહિ. પછીથી તેણે સ્નેહલતાના પત્રનો ઉત્તર લખ્યો. તેમાં લખ્યું કે:–

"ત્હારો પત્ર મળ્યો છે; પરંતુ કામ એટલું બધું છે કે બિલકુલ વખત મળતો નથી. પત્ર લખવાનોજ સમય ક્યાં મળે છે? તું પૈસા મોકલવાનું જણાવે છે, પરંતુ આટલી નજીવી આવકમાં મ્હારા જેવા એક ગૃહસ્થનુંજ ખરચ બરાબર ચાલી શકતું નથી તો પછી હું તમને કેવી રીતે રૂપિયા મોકલી શકું? ત્હેં અનેક માણસોનાં ઉદાહરણો દર્શાવી મ્હને ઘેર આવવાને માટે લખ્યું છે: પરંતુ મ્હારી નોકરી કેટલી બધી જોખમ ભરેલી છે, તેનો તને ખ્યાલ સુદ્ધાં નથી. કેટલા માણસોના જીવન મરણનો ભાર મ્હારા શિર ઉપર છે તે તું ક્યાંથી જાણી શકે? છતાં અવકાશ મળ્યે ઘેર આવી જવા ભૂલીશ નહિ."

આ પત્ર રજનીચંદ્રે તેજ દિવસે રવાના કરી દીધો.

પ્રકરણ ૬ ઠું.

કુરૂક્ષેત્રની સ્થાપના.

યથા સમયે એ પત્ર સ્નેહલતાને મળ્યો. એ પત્ર વાંચીને સ્નેહલતા સંતોષ પામી શકી નહિ. તે તરતજ પતિને પત્ર લખવાને બેઠી. તેના મનમાં ઘણી હકીકત લખવાના વિચારો થઇ આવ્યા હતા; પરંતુ લખતી વખતે તેને એ સર્વ હકીકત યાદ આવી નહિ. તેણે જે લખવા માંડયું તેમાં પણ ભૂલો થવા લાગી. મહા મુશ્કેલીએ ઘણો સમય ગુમાવ્યા પછી તે એક પત્ર લખી શકી. તેમાં તેણે લખ્યું કે:–

"પરમપૂજ્ય પતિદેવની સેવામાં.

દાસીની વિનંતિ કે, આપે પ્રત્યુત્તર લખવાની કૃપા કરી એજ મ્હારે માટે ઘણા આનંદની વાત છે. જ્યારે મ્હારા પત્રનો મ્હને ઉત્તર મળતો નથી ત્યારે મ્હને કેટલું બધું દુઃખ થાય છે, તે માત્ર મ્હારોજ જીવ જાણે છે. દાસી ઉપર દયા લાવીને મહિને મહિને જરૂર પત્ર લખતા રહેજો. તમે લખોછો કે અમને તમે કાંઈ મોકલી શકો તેમ નથી; દોઢસો રૂપિયાના માસિક પગારમાં તમારા જેવા ગૃહસ્થનું ખરચ પણ ચાલી શકતું નથી; પરંતુ હું તમને પૂછું છું કે, જે ગૃહસ્થને પોતાના એકલાના ખર્ચ માટે મહિને દોઢસો રૂપિયા જોઈએ તેમના ઘરસંસારમાં ઓછામાં ઓછા કેટલા રૂપિયા જોઈએ ? જે ગૃહસ્થ પુરૂષના ઘરનાં માણસો ભૂખે મરી જાય તે ગૃહસ્થે મહિને દોઢસો રૂપિયા માત્ર પોતાનાજ ખરચમાં વાપરી દેવા એવું કયા શાસ્ત્રમાં લખ્યું છે ? જો તમે ઘર ખરચ માટે મહિને પચીસ રૂપિયા મોકલશો તો પણ સહુને ઘણો આનંદ થશે. જ્યારે નોકરી ઉપરથી રજા ન મળી શકતી હોય, તેમજ ઘેર કાંઈ રકમ પણ મોકલી શકાતી ન હોય તો પછી એવી નોકરી કરોછો શા માટે ? અહિં આપણા ગામના દાકતરને પણ મહિને પચાસ રૂપિયા મળે છે. આટલી કમાણીમાંથી તેઓ પોતાના સંસારનું ખર્ચ નિભાવતાં મહિને દશ વિસ રૂપિયા બચાવે છે, તો પછી તમારા જેવા એકલા પુરૂષનું ખરચ ત્રિસ રૂપિયામાં ન ચાલી શકે કે ? અને જો ન ચાલી શકે તો પછી પરદેશમાં નોકરી કરવાની કાંઈ જરૂર નથી. અમને ઘણું દુઃખ પડે છે, તેથીજ તમને આટલું લખવું પડયું છે, માટે જો વધારે ઓછું લખાયું હોય તો માફ કરજો.

લી૦ તમારી દાસી.

સ્નેહલતાના પ્રણામ."

પત્ર લખી તેને કવરમાં બીડી સ્નેહલતા ઉઠવા જતી હતી એવામાં ત્યાં મંદાકિની આવી ચઢી તેણે મૃદુહાસ્ય કરીને કહ્યુંઃ– "વાહરે ! હમણાં તો પત્ર આવ્યો અને એટલામાં તો તેનો ઉત્તર

સુદ્ધાં લખ્યો! કદાચ અહમ્મદનગરથી કોઇ ઘરેણું ઘડાવી મંગાવવાનું માપ મોકલ્યું હશે!?"

સ્નેહલતા હસી પડી; પરંતુ તેનું હાસ્ય પૂર્વ પ્રમાણે અચળ નહોતું. હમણાંનું તેનું હાસ્ય કૃષ્ણપક્ષની ચાંદનીની માફક ક્ષીણ થઈ ગયું. તેણે હસીને કહ્યું:–"હા એક નવીન ઘરેણું ઘડાવવાનું છે તેનું માપ મોકલી આપ્યું છે."

મંદાકિની:–તે વળી કેવું?

સ્નેહલતા:–સુવર્ણનું દાતરડું. એ તૈયાર થઇ આવેથી આપણે બન્ને આપણાં ખેતરોમાં જઇને મજુરી કરીશું.

સળગતા અગ્નિમાં ઘી નાંખવાથી અગ્નિ જેમ પ્રચંડતાથી સળગી ઉઠે છે તેમ સ્નેહલતાના ઉત્તરથી મંદાકિની સળગી ઉઠી. લાલચોળ આંખો કરીને તેણે કહ્યું:–"વાહરે! આટલો બધો દિમાક શાના ઉપર કરે છે? અમારો તું આવો તિરસ્કાર કરે છે? આ ત્હારૂં અભિમાન ધૂળમાં મળી જશે ધૂળમાં, સમજી?"

સ્નેહલતા ગભરાઇ ગઇ. તે સમજી શકી નહિ કે એકાએક તેના મુખમાંથી શો ઉત્તર નીકળી પડયો હતો! એક દાતરડાનું નામ લેવાથી આવો ભયંકર કલહ–કુરૂક્ષેત્રનું યુદ્ધ ઉપસ્થિત થશે એવી જો તેને કલ્પના સુદ્ધાં આવી હોત તો તે આમ બોલત નહિ. તેણે મંદાકિની તરફ જોઇ કહ્યું:–"બહેન! મ્હેં એવું તે શું કહ્યું કે જેથી તમે આટલાં બધાં ગુસ્સે ભરાઓ છો?"

મંદાકિનીએ વિશેષ મ્હોટેથી કહ્યું:–"હાસ્તોને, ત્હારો વર વિદ્વાન છે, દાકતર છે. મ્હારો વર મૂર્ખ છે, અજ્ઞાની છે, ખેતરમાં મજુરી કરે છે; પરંતુ અમે શું કાંઇ કોઇનું ખાઇએ છીએ? તું મ્હને દાતરડું લઇને મજુરી કરવા જવાનું કહે છે એ કાંઇ મ્હારૂં જેવું તેવું અપમાન થયેલું તને જણાય છે? ત્હેં મ્હારૂં તથા મ્હારા વરનું ભયંકર અપમાન કર્યું છે!"

સ્નેહલતા મંદાકિનીના પગે પડી ગદ્ગદ્ કંઠે તેને કહેવા લાગી:–

“મંદાકિની બ્હેન ! કોઇ પણ પ્રકારના હેતુથી મ્હેં તમને એક શબ્દ સુદ્ધાં કહ્યો નથી. તમારા પતિ મ્હારા વડિલ જેવા છે, હું કદાપિ તેમનું અપમાન કરૂં ખરી કે ? હું તમારે પગે પડું છું, મ્હને માફ કરો.”

“આટલો મિજાજ અને આટલું અભિમાન રાખોછોને, તે એક દિવસે પૂરાં પસ્તાશો !” બને તેટલા ઉંચા સ્વરે આ વાક્યો બોલીને મંદાકિની સ્નેહલતાની ઓરડીમાંથી બ્હાર નીકળી. તેના ભયંકર અવાજથી, અને પગના ખખડાટથી ઘરમાંનાં ઘણાં ખરાં માણસો એકઠાં થઇ ગયાં. કૃષ્ણચંદ્ર પણ કોઈ ઠેકાણેથી બરાબર આજ સમયે આવી પહોંચ્યો. સહુથી પ્રથમ જયંતીએ પૂછ્યું:–“મંદાકિની ! શું થયું છે ?”

મંદાકિની:–થવાનું શું છે ! હું મજુર છું. સહુ મ્હારૂં અપમાન કર્યા કરે છે. કર્મચંડાળ કાળ પણ મ્હને લઇ જતો નથી. આટલાં બધાં માણસો મરી જાય છે અને હું કેમ નથી મરી જતી ?

જયંતી:–થયું છે શું તે તો કહે ? તું તો બસ એકદમ કુરૂક્ષેત્રની સૃષ્ટિ કરી દે છે !

મંદાકિની:–મ્હારા ભાગ્યનોજ દોષ છે, હું કંકાસિયણ છું, મ્હારો વર ખેડુત છે, મજુર છે, તેથીજ સહુ મ્હારૂં અપમાન કરે છે !

જયંતી:–પરંતુ કોણે તને એમ કહ્યું ?

મંદાકિની:–સહુ કહે છે.

જયંતી:–હમણાં કોણે કહ્યું ?

મંદાકિની:–જે કહી શકતું હોય તેણે. જેનો ધણી મહિને સોઢસો રૂપિયાની સાહેબગીરી કરતો હોય તેણે. જેનો પગ અભિમાનથી જમીન પર અડતો નથી તેણે.

જયંતી:–સ્નેહલતાએ ?

મંદાકિની:–તે નહિ તો બીજું કોણ ?

જયંતી:–તેણે શું કહ્યું ?

મંદાકિની:–ના ના, કાંઇ કહ્યું નથી–કાંઇ કહ્યું નથી. સઘળો દોષ મ્હારો પોતાનોજ છે.

જયંતીઃ—તો પછી આમ કલહ કેમ કરે છે ?

કૃષ્ણચંદ્રઃ—શું થયું ? બોલતાં બોલતાં જીભ કેમ અટકી ગઈ ? !

મંદાકિનીઃ—બીજું શું થવાનું હતું ? સ્નેહલતાને મ્હેં પૂછ્યું કે અહમ્મદનગરથી આવેલા કાગળનો ઉત્તર આટલો બધો વહેલો કેમ લખ્યો ? તેના ઉત્તરમાં એ મિજાજની પુતળીએ કહ્યું કે, સોનાનું દાતરડું મોકલાવી આપવાને લખું છું. મ્હેં પૂછ્યું કે, દાતરડું શા માટે મંગાવ્યું ? તેણે ઉત્તર આપ્યો કે, એ દાતરડાથી ખેતરમાં જઇને, મજુરી કરાશે. શું હું કાંઇ ન્હાની હતી કે, તેનાં વાગ્બાણોનું રહસ્ય ન સમજી શકું. મ્હારા વર ખેતરમાં જાય છે, અનાજની કાપણી કરે છે, તેથીજ તેણે અમને મજુર કહી અમારૂં અપમાન કર્યું છે !

કૃષ્ણચંદ્ર એકાએક ઘણો ક્રોધે ભરાયો. ક્રોધથી કંપતા સ્વરે તેણે કહ્યું:—“ આટલું બધું અભિમાન ! ન્હાના મ્હોડે આટલાં મ્હોટાં વચનો. હું ખેતરમાં મજુરી કરૂં છું, તેથી મ્હારે ‘માટેજ સોનાનું દાતરડું મોકલવાનું લખ્યું છે ! આ પ્રકારથી કોણ ક્રોધે ભરાયા સિવાય રહે ? હજી સુધી ધણીનો એક પૈસો તો ઘરમાં આવ્યો નથી અને આટલો બધો દિમાક ! ”

મંદાકિની આ વખતે રડવા લાગી. રડતાં રડતાં ઉચ્ચ સ્વરે તેણે કહ્યું:—અમે મજુરી કરી કરીને ઘરખર્ચ નિભાવીએ ત્યારે અમારૂં જ આવું અપમાન ? હે પ્રભુ ! હવે તો આ દુઃખ—આ અપમાન સહન નથી થતું ! ”

કૃષ્ણચંદ્રે જયંતીને કહ્યું:—“ સાંભળો ભાભી ! તમે સ્નેહલતા વહુને કહી દેજો કે તેમને ખેતીની મજુરીને માટે માન ન હોય તો ભલે તેઓ તેમની કમાણીના પૈસામાંથી અમારૂં પોષણ ન કરે; પરંતુ જો ફરીથી આવું અપમાન કરશે તો તેનું પરિણામ ઘણું ખોટું આવશે. હું કાંઇ કોઇના બાપનો ગુલામ નથી. ”

જયંતીઃ—ભાઇ ! તમે પણ પૂરી ખાત્રી કર્યા સિવાય શા માટે

આમ ક્રોધે ભરાઓ છો ? સ્નેહલતા તમારૂં અપમાન કરે એમ તમને લાગે છે ?

કૃષ્ણચંદ્રઃ—ત્યારે શું, સઘળો દોષ એકજ માણસનો છે ? તમારા આવા પક્ષપાતથીજ આપણો ઘરસંસાર વિશેષ દુઃખી થતો જાય છે. ભાભી ! એક હાથે કદાપિ તાલી પડતી નથી, એ શું તમે જાણતાં નથી ?

જયંતીઃ—ભાઇ ! હું પક્ષપાત કરતી નથી. મંદાકિની વહુ રજનું ગજ કરી બેસે છે.

કૃષ્ણચંદ્રઃ—તો પછી, બધાંય મળીને એને મારી નાંખો.

આ વખતે મંદાકિનીએ પોતાના રૂદનસ્વરથી સમસ્ત ઘરને તથા ગગનમંડળને ગજવી મૂક્યું, અને તે સાથે તેણે પોતાના ભાગ્યની નિંદા, ઇશ્વરની અવકૃપા, ઘરનાં સઘળાં માણસોની નિષ્ઠુરતા વગેરે વિષયો ઉપરનાં વાક્યોથી ભયંકર કોલાહલ કરી મૂક્યો.

કૃષ્ણચંદ્રે કહ્યું:—“ તું હમણાં ઘરમાં આવ. હવે હું આ દેખાવ જોઇ શકતો નથી. આ વખતે રમેશચંદ્રભાઇને ઘેર આવવા દે એટલે હું સર્વ પ્રકારની વ્યવસ્થા કરી નાંખીશ. ”

મંદાકિનીએ રૂદન સ્વરને ધીમો કરી નાંખી પોતાના ઓરડામાં પ્રવેશ કર્યો. કૃષ્ણચંદ્ર પણ તેની સાથે સાથે ગયો. ઓરડામાં ગયા પછી મંદાકિનીએ કહ્યું:—“ આજે તમે તમારા કાને સાંભળ્યું ! તમે દરેક બાબતમાં મ્હને દોષ દેતા હતાને ? ”

કૃષ્ણચંદ્રઃ—હવે મ્હારી ખાત્રી થઈ ચુકી. હું ભયંકર સંકટમાં ફસાઇ પડ્યો છું ! શું કરૂં ? મ્હને કાંઇ સુઝતું નથી.

મંદાકિનીઃ—આવું અપમાન કોણ સહન કરી શકે ? શું આપણે કાંઈ કોઈના બાપના એ પૈસા ખાધા છે ? કોઇના ધણીની કમાણી-માંથી કાંઇ લીધું છે ?

બીજી તરફ સરસ્વતીના ઓરડામાં આ કલહની સમાલોચના શરૂ થઈ ગઇ હતી. જયંતીએ સાસુને કહ્યું:—“ બા ! તમે કૃષ્ણચંદ્ર ભાઇને કેમ કાંઈ કહ્યું નહિ ? ”

સરસ્વતીઃ-શું કહું, બેટા ! હવે મ્હારે કહેવા કથવાનું કાંઈ રહ્યું નથી. હવે તો હું સ્વર્ગમાં ચાલી જાઉં એટલે છૂટું. આવા પ્રકારો જોઈ જોઇને મ્હારી વાચા બંધ થઈ ગઈ છે !

જયંતીઃ-કોઈ પણ પ્રકારની ખાત્રી કર્યા સિવાય ગરીબ બિચારી સ્નેહલતાને સંબોધીને જેમ ફાવે તેમ બોલવું એ શું યોગ્ય છે કે ? સ્નેહલતાના સદ્‌ગુણોથી તેઓ હજી સુધી અજાણ્યા છે કે ?

સરસ્વતીએ કાંઇ ઉત્તર આપ્યો નહિ એટલે સૌ આ કલહ સંબંધી પોતપોતાના મનમાં એક પ્રકારનો નિર્ણય કરીને પોતપોતાને કામે ચાલ્યાં ગયાં.

આ સમયે સ્નેહલતા પોતાની ઓરડીમાં બેઠી બેઠી રૂદન કર્યા કરતી હતી. મંદાકિનીએ તેની સાથે કલહ કર્યો, તેને ગાળો દીધી એ માટે તે રડતી નહોતી; પરંતુ તે ગુન્હેગાર ઠરેલી હોવાથી રડતી હતી. તે બિચારી કોની પાસે જઈ શાન્તિ મેળવી શકે ?

પ્રકરણ ૭ મું.

વિવાહની વાત.

કાળની ગતિ અટકતી નથી. જીવન, મરણ, સુખ તેમજ દુઃખ તરફ તે લક્ષ્ય આપતો નથી. તે તો મહાકાળમાં મળી જવાને આગળ ધસ્યેજ જાય છે. અત્યાર સુધીમાં દર્શાવેલા પ્રકારો બની ગયાને એક વર્ષ તેમજ કેટલાક માસ થઇ ગયા છે. રમેશચંદ્ર પણ ઘેર આવ્યો છે, તથા પોતાની સાથે મ્હોટી રકમ લેતો આવ્યો છે.

સંધ્યા સમય થઇ ગયા પછી પતિ પત્ની ઘરમાં બેઠાં બેઠાં વાતચિત કરતાં હતાં. બાળક સુકુમાર તેમની બન્નેની વચ્ચે દોડાદોડી કરીને બન્નેના આનંદમાં વૃદ્ધિ કરતો હતો.

ચંચળે કહ્યું:-" તમારૂં શરીર તો સારૂં છેને ? "

રમેશઃ-હા, હમણા તો શરીર સારૂં રહે છે.

ચંચળે પૂછ્યું:–" આ વર્ષની કમાણી કેવી છે ? "

રમેશ:–ઠીક છે. પરંતુ આ વર્ષે અનાજ ધાર્યા પ્રમાણે ઉત્પન્ન નહિ થવાથી સહજ નુકશાન થયું છે.

ચંચળ:–પરંતુ તમે અહિં કેટલા રૂપિયા લાવ્યા છો ?

રમેશ:–દર વર્ષે જેટલા લાવુંછું, તેટલાજ આ વર્ષે લાવ્યો છું.

ચંચળ:–પરંતુ કહેતા કેમ નથી કે કેટલા લાવ્યા છો ?

રમેશ:–છસો

ચંચળ:–મ્હારા સુકુમાર માટે કેટલા રૂપિયા રાખી મૂકવાના છે ?

રમેશ:–તું જેટલા કહે તેટલા–મ્હારા કરતાં ત્હારી બુદ્ધિ ક્યાં ઓછી છે ? ત્હારી સલાહ પ્રમાણે કરવાથી આ થોડાં વર્ષમાંજ દોઢ-હજાર રૂપિયા એકઠા થઇ ગયા છે.

ચંચળ:–પચાસ રૂપિયા ઘરમાં ખર્ચ માટે આપો, તથા બાકીના રૂપિયા સુકુમારને માટે રાખી મૂકવા મ્હને આપો.

રમેશ:–પચાસ રૂપિયામાં શું થશે ? અનાજ થયું નથી તેથી તે ખરીદવું પડશે. દેવું પણ ઘણું થઈ ગયું છે. વળી હવે મ્હને એક વર્ષ સુધી પૈસા મળી શકવાના નથી.

ચંચળ:–તેમાં હું શું કરૂં ? છોકરાની તો ચિંતા રાખવીજ જોઇએને ?

રમેશ:–બસો રૂપિયા ઘરખર્ચ માટે આપી બાકીના ચારસો તું સુકુમાર માટે રાખ.

ચંચળ:–બસો રૂપિયા ! એટલા બધા શું કરવા છે ? સુકુમારની ચિંતા કોઇનેય નથી. તમારા સંસારની દશા તો આવી છે અને કદાચ ન કરે નારાયણ અને કાંઇ સારૂં ખોટું થાય તો પછી મ્હારે તેમજ મ્હારા સુકુમારને ક્યાં જઇને ઉભાં રહેવું ?

રમેશ:–એ સૌ હું સમજુ છું; પરંતુ બીજી તરફ સંસાર પણ ચલાવવો જોઇએને ?

ચંચળ:–તમારે એકલાએજ સંસાર ઓછો ચલાવવાનો છે ? તમારા ન્હાના ભાઇને તમારા કરતાં પણ વધારે–મહિને દોઢસો

રૂપિયાનો પગાર મળે છે; તેઓ સંસાર ચલાવવાને કેટલા રૂપિયા આપે છે ?

રમેશઃ—હું ધારૂં છું કે તેનું ચરિત્ર સારૂં નથી. ત્રણ ચાર પત્રો લખ્યા છે; પરંતુ ઉત્તર મળતો નથી. એ ચાર મહિને ધ્યાનમાં આવે છે તો પત્ર લખે છે. વળી પત્રનું લખાણ વાંચતાંજ તેનું ચિત્ત અસ્થિર રહેતું હોય એમ માલૂમ પડી આવે છે ! કેટલી મ્હોટી આશા રાખી હતી કે તેને સારો પગાર મળશે, અને સંસારની ઘણી ઉન્નતિ થશે; પરંતુ અરેરે ! સઘળું વૃથા થઈ પડ્યું !

ચંચળઃ—સૌ કાંઈ તમારા જેવા ભોળા હોતા નથી ! શા માટે તેઓ રૂપિયા આપે ? રૂપિયા એકઠા કરીને વહુજીને માટે ઘરેણાં ઘડાવે છે.

રમેશઃ—(હસીને) હા ખરી વાત છે; સ્નેહલતા વહુના શરીર ઉપર ઘરેણાં સમાતાં પણ નથી !

ચંચળઃ—અરે ! હજી તો ઘરેણાં ઘડાવાની શરૂઆત કરી છે. સ્નેહલતા વહુ જ્યારે અહમ્મદનગર જશે ત્યારે એ ઘરેણાં પહેરશે !

રમેશઃ—મ્હને ત્હારૂં કહેવું ખરૂં લાગતું નથી. મ્હને તો એમ લાગે છે કે રજનીચંદ્ર ખરાબ સોબતમાં પડી પોતાની સઘળી કમાઈનો દુરૂપયોગ કરે છે.

આ સમયે રૂક્ષ્મણીએ ત્યાં આગળ આવીને કહ્યું:—"રમેશચંદ્રભાઇ ! કોઈ ત્રણ ગૃહસ્થ આવ્યા છે."

રમેશઃ—ક્યાં છે ?

રૂક્ષ્મણીઃ—બ્હાર પરસાળમાં બેઠા છે. ભિખા તેમને બેસાડીને હુક્કો ભરવા ગયો છે. રાત્રે તેઓ અહિંજ રહેવાના છે.

રમેશઃ—ક્યાંથી આવ્યા છે, એ ત્હેં પૂછ્યું છે કે ?

રૂક્ષ્મણીઃ—નાવલીથી આવ્યા છે. ભિખાએ તેમને પૂછ્યું હતું એટલે મ્હેં સાંભળ્યું હતું.

રમેશચંદ્ર ઉઠીને પરસાળમાં ગયો.

પરસાળમાં એક ગ્યાસલેટનો દીવો સળગતો હતો. એક શેતરંજી ઉપર આવેલા ત્રણ ગૃહસ્થો બેઠા હતા; તથા એ ત્રણ પૈકીના એક

રામકૃષ્ણ હુક્કો પીતા હતા. રમેશચંદ્રે પરસાળમાં પ્રવેશ કર્યો એટલે એકજણે કહ્યું:-"પધારો રમેશચંદ્ર! કેમ શરીર તો સારૂં છેને?"

રમેશચંદ્રે સ્મિત હાસ્ય કરીને કહ્યું:-"આજે તમારાં પગલાં અમારે ત્યાં થયાં છે, એ ઘણા આનંદની વાત છે. કેમ રામકૃષ્ણ! હમણાં નાવલીના શા નવીન સમાચાર છે?"

રામકૃષ્ણ:-નાવલીના નવીન સમાચારમાં કાંઇ નથી. હં, પણ તમે આ બે મજાજનોને ઓળખતા નહિ હો! તેઓ પણ નાવલીનાજ રહેવાસી છે. તેમાં (એક ગૃહસ્થ તરફ આંગળી કરીને) આ ગૃહસ્થનું નામ હેમચંદ્ર છે તથા (બીજા ગૃહસ્થ તરફ આંગળી કરીને) આ ગૃહસ્થનું નામ શરચ્ચંદ્ર છે. નાવલી ગામમાં તેઓ બન્ને ઘણા સુપ્રતિષ્ઠિત છે. વળી હેમચંદ્ર મહાશયને એક ગુણવતી કુવારિકા ભત્રિજી છે. એ સાક્ષાત પરી જેવી છે; છોકરીના પિતા હયાત નથી, એટલીજ માત્ર ઉણપ છે. તમારા ન્હાના ભાઇની સાથે એ છોકરીનો વિવાહ થાય તો તેમાં તમારો શો મત છે?

રમેશચંદ્ર:-ઘણા આનંદની વાત. હું મ્હારા ન્હાના ભાઇનો વિવાહ કરવાનીજ ખટપટમાં છું. હમણાં તમે હાથ પગ ધોઇ વિશ્રામ લ્યો. જમ્યા પછીથી નિરાંતે વાતચિત કરીશું.

આમ કહીને રમેશચંદ્ર આવનાર ગૃહસ્થોને માટે ભોજન વગેરેની વ્યવસ્થા કરાવવા રસોડામાં ગયો.

પ્રકરણ ૮ મું.

હું પરણવાનોજ નથી!

"દાના હોકર દીવાના બનજાના હો તો જોરૂ કર,
તેલી કે બૈલસા ચક્કર ખાના હો તો જોરૂ કર;
ઘર ઘર ધક્કે ખા ખા કર મરજાના હો તો જોરૂ કર,
બચ્ચે કુચ્ચેસે ભેજા ખિલવાના હો તો જોરૂ કર;
સર પર હમ્માલીકા બોઝ ઉઠાના હો તો જોરૂ કર

રમેશચંદ્ર રસોડામાં જઇ પહોંચ્યો ત્યારે જયંતી રસોઇ બનાવતી હતી, સ્નેહલતા શાક સુધારતી હતી અને સરસ્વતી ઉમરા ઉપર બેસીને વહુઓની સાથે વાતચિત કરી રહી હતી.

રમેશચંદ્રે કહ્યું:—"ત્રણ ગૃહસ્થો મ્હેમાન આવ્યા છે તેમને માટે રસોઇની વ્યવસ્થા કરવાની છે."

સરસ્વતી:—કયે ગામથી આવ્યા છે? શા માટે આવ્યા છે?

રમેશચંદ્ર:—નાવલીથી આવ્યા છે. હરિશ્ચંદ્રની સાથે વિવાહ સંબંધ નક્કી કરવાને આવ્યા છે.

આ સમયે જયંતીએ શાક વધારી રહીને પૂછ્યું:—"છોકરી કેટલી ઉમ્મરની છે? દેખાવમાં કેવી છે?

રમેશચંદ્ર:—હજી સુધી મ્હેં કાંઇ પૂછ્યું નથી. તો પણ મ્હોટી ઉમ્મરની છે એમ હું જાણી શક્યો છું. આજકાલ છોકરીની ઉમ્મર મ્હોટી થાય છે, અને જ્યારે તેને ઘરમાં રાખતાં આપણા લોકો સંકોચાય છે, ત્યારેજ તેઓ જલદીથી વિવાહ કરી નાંખવાની ખટપટ કરે છે. સૌ પોતપોતાની પુત્રીને સુંદરતાનો અદ્વિતીય નમુનો સમજે છે.

જયંતી:—એક બે મહિનામાં વિવાહ કરી નાંખો. હરિશ્ચંદ્રભાઇનો વિવાહ હજી સુધી નથી કર્યો એ સારૂં દેખાતું નથી!

રમેશ:—જો કે નાવલીમાં રહેતા આપણા જ્ઞાતિબંધુઓની આર્થિક સ્થિતિ જોઇએ તેવી સારી નથી તો પણ તેમની આબરૂ ઘણી છે.

સરસ્વતી:—હવે મ્હારાથી તો કાંઇ કહી શકાતુંજ નથી. આજકાલના છોકરાઓ ઉપરથી મ્હારો વિશ્વાસ ઉઠી ગયો છે. મ્હને મ્હોટી આશા હતી કે મ્હારો રજની નોકરી કરીને આપણા સંસારને સુખી કરશે—પોતાના બંધુઓને મદદ કરશે પરંતુ મ્હારી આશા ધૂળમાં મળી ગઇ છે. મ્હારૂં સુખ-સ્વપ્ન હવામાં ઉડી ગયું છે.

રમેશ:—માતાજી! દિવસો કાઢવાનું કામજ જ્યારે કઠિન થઇ પડયું છે, ત્યારે પછી વિવાહ કેવી રીતે કરવો? પાંચસો છસો રૂપિયા ઓછામાં ઓછા જોઇએ; એટલી મ્હોટી રકમ હમણાં ક્યાંથી મેળવવી?

માતા એક ગાઢ નિશ્વાસ મૂકીને શાંત રહી. જયંતીએ કહ્યું:–
"કેમ ભાઇ ! એટલા બધા રૂપિયા કેવી રીતે જોઇએ ? એ લોકો કાંઇ આપશે નહિ ?"

રમેશઃ–પ્રથમ તો ઘરેણાં ખરીદવાં જોઇએ. ત્યાર પછી જ્ઞાતિ ભોજન વગેરેની વ્યવસ્થા કરવી જોઇએ. પહેરામણીમાં તે એવું શું મળી જવાનું છે ?

જયંતી:–ગમે તેમ પણ વિવાહ તો કરવોજ જોઇએ.

રમેશઃ–હું યત્ન કરવામાં પાછી પ્હાની નહિ કરૂં; પરંતુ તમે ક્યાં નથી જાણતાં કે જન્મ, મૃત્યુ તેમજ વિવાહમાં ઇશ્વરનો હાથ હોય છે !

જયંતી:–તો પણ તમે દેવાની દરકાર કરશો નહિ.

રમેશઃ–તો પછી દેવું આપશે કોણ ?

જયંતી:–તમારા સિવાય બીજું કોણ આપનાર છે ?

રમેશચંદ્ર ચાલ્યો ગયો.

કેટલા સમય પછી એજ ઠેકાણે હરિશ્ચંદ્ર આવી પહોંચ્યો. તેણે જયંતીને કહ્યું:–"ભાભી ! મ્હને ભૂખ લાગી છે; કાંઈ ખાવાનું આપશો ?"

જયંતીએ હસીને કહ્યું:–"ભાઈ ! તમારો તો વિવાહ થવાનો છે."

હરિશ્ચંદ્રઃ–ઠીક ત્યારે તો, હવે મ્હારી ભૂખ તરસ ઉડી ગઈ છે: હું જઇને સૂઈ જાઉછું !

જયંતી:–ભાઇ ! હું ખરૂંજ કહું છું કે, વિવાહ કરવાને માણસો આવેલા છે.

હરિશ્ચંદ્રઃ–રમેશચંદ્રભાઇએ શું કહ્યું ?

જયંતી:–વિવાહ નક્કી કરવાનું.

હરિશ્ચંદ્ર–મ્હોટાં ભાભી ! મ્હેં વારંવાર તમને કહ્યું છે, તેમજ આજે પણ ફરીથી કહુંછું કે હું પરણવાનો નથી માટે કદાપિ એ સંબંધી ખટપટ કરશો નહિ !

જયંતી:–અરે ! સંસારમાં રહીને પરણ્યા સિવાય તે ચાલે કે ?

હરિશ્ચંદ્રઃ–હું ખરૂંજ કહુંછું ભાભી ! કે હું પરણીશ નહિ !

જયંતીઃ—જેઓ ધર્મ કરે છે, તેઓ પરણતા નથી કે?

હરિશ્ચંદ્રઃ—ધર્મ કર્મને માટે હું ના પાડતો નથી; પરંતુ હું પરણીને નવવધુને શું ખાવા આપું? હું શું ધંધો કરી જાણું છું? બંધુમંડળમાં રહી આનંદથી ખાઇપીને ઇશ્વરનું નામ લઇ ફર્યા કરવામાંજ મ્હને સુખ જણાય છે. વિના કારણ માથા ઉપર એક પ્રકારનું દુઃખ ખેંચી લાવવાની શી જરૂર છે?

જયંતીઃ—હવે તમારી મૂર્ખાઇને મૂકી દ્યો. ખબરદાર! જો તેમની પાસે જઇને કાંઇ બોલ્યા તો!

હરિશ્ચંદ્રઃ—હમણાં તો હું ભૂખના દુઃખથી મરી જાઉંછું. મ્હને કાંઇ ખાવાનું આપો; વિવાહની વાતથી કાંઇ મ્હારૂં પેટ તૃપ્ત થવાનું નથી.

જયંતીએ હરિશ્ચંદ્રને ખાવાનું આપ્યું. હરિશ્ચંદ્ર શાન્તિથી ભોજન કરવા લાગ્યો.

પ્રકરણ ૯ મું.

હાય પૈસા! હાય પૈસા!

" હવસકા દામ હય, ઇમાનકા આજાર હય પયસા,
રગે સબ્રો ખિરદકે વાસ્તે તલવાર હય પયસા.
ખુશામદ હય, ગરજ હય, દુશ્મની હય, પ્યાર હય પયસા!
ખુદાકોભી ભૂલાદે, વ્હો ખુદાઈ જ્વાર હય પયસા!
ઈસીસે સબ બખેરે હય, ઈસીસે શોર હય, શર હય,
જિસે કહેતા હય જર આલમ, વહી હર ઝગરેકા ઘર હય! "

એકાંત મળતાંજ ચંચળે પતિને પૂછ્યુંઃ—" તમારા ન્હાના ભાઇનો વિવાહ થવાનો છે કે શું? "

રમેશઃ—એ ત્રણ માણસો તો આવ્યા છે.

ચંચળઃ—તેઓ કેટલી પહેરામણી આપવાનું જણાવે છે?

રમેશઃ—વિશેષ કાંઇ આપી શકે તેમ નથી. છોકરીના બાપ જીવતા

નથી, તેના મામા તેનો વિવાહ કરે છે. તેના મામાની સ્થિતિ પણ સાધારણ પ્રકારની છે.

ચંચળઃ—ત્યારે તો તમારેજ સઘળું ખરચ કરવું પડશે ?

રમેશઃ—હા.

ચંચળઃ—રૂપિયા ક્યાં છે ?

રમેશઃ—એનીજ પંચત છે; પરંતુ હરિશ્ચંદ્રનો વિવાહ હવે મુલતવી રાખી શકાય તેમ નથી, વિવાહ કરવોજ જોઈએ. વળી ઘર ઘણું સારૂં છે, એવા ઘરની સાથે સંબંધ બાંધવાથી આપણી પ્રતિષ્ઠામાં પણ વધારો થાય તેમ છે.

ચંચળઃ—પરંતુ સૌનું મૂળ પૈસા ક્યાં છે. તમે નથી જાણતા કે 'વસુ વિનાના નર પશુ, વસુ વિના કાપડીઓ ના ફાટે એક તસુ.'

રમેશઃ—એમાં શો શક; પરંતુ તું એક કામ કર.

ચંચળઃ—મ્હારાથી તમારૂં કામ કરી શકાશે નહિ. મ્હને તમે કાંઈ પણ કરવાનું કહેશો નહિ.

રમેશઃ—બીજું કાંઈ કામ નથી.

ચંચળઃ—ત્યારે શું કામ છે ?

રમેશઃ—આ વખતે હું જે રૂપિયા લાવ્યો છું તેનો તું લોભ કરીશ નહિ. એટલી રકમમાંથી સંસાર ખર્ચ સરળતાથી ચાલશે, તેમજ હરિશ્ચંદ્રનો વિવાહ પણ થઈ જશે.

ચંચળઃ—તમારૂં માથું પણ પાછું ફરી ગયેલું જણાય છે. હું તમારી ધારણા કદાપિ સફળ થવા દેનારી નથી. એમાંથી પચાસ રૂપિયા ઉપરાંત એક પણ પૈસો આપવાની નથી. છેવટે શું મ્હારા સુકુમારને રસ્તે રખડતો કરવાનો વિચાર છે ?

રમેશઃ—ચૈત્ર માસમાં જે આવક થશે, તે સઘળી હું ત્હારે સ્વાધીન કરીશ.

ચંચળઃ—નાહિ નહિ, હવે નકામા મ્હારી સાથે વિશેષ વિવાદ કરશો નહિ.

રમેશઃ–ત્યારે શું હું પેલા આવેલા ગૃહસ્થોને નકારમાં ઉત્તર આપી દઉં ?

ચંચળઃ–જેવી તમારી મરજી.

રમેશચંદ્ર ચિંતાતુર ચિત્ત પરસાળમાં ગયો. રામકૃષ્ણે તેને પૂછયું:–"કેમ રમેશચંદ્ર ! શો વિચાર નક્કી કર્યો ? આ કાર્ય કરવામાં તમે સંમત છો કે નહિ ?"

રમેશઃ–જો કે મ્હારો વિચાર તો છે; પરંતુ વૈશાખ માસ પહેલાં હું કાંઇ કરી શકું તેમ નથી.

રામકૃષ્ણઃ–એમ તો કેમ રીતે બને ? છોકરી ઉમ્મર લાયક થઇ છે. આ મહિનામાંજ ઠેકાણે બેસાડયા સિવાય ચાલે તેમ નથી. હમણાં નક્કી કરવામાં તમને શી અડચણ છે ?

રમેશઃ–કેટલીક ખાનગી અડચણો છે.

આવનાર ગૃહસ્થો નિરાશ બની ગયા. તેઓ ભાવે અભાવે થોડું ભોજન કરીને શય્યામાં સૂતા અને રમેશચંદ્ર પત્ની પાસે ચાલ્યા ગયો.

પ્રકરણ ૧૦ મું.

સ્નેહલતાની ઉદારતા.

ગામમાં એક કાબુલી ગરમ વસ્ત્રો વેચવાને આવ્યો છે. બનુસ, બ્લેંકેટ, શાલ વગેરે શિયાળામાં ઓઢવાનાં વસ્ત્રો તે વેચે છે. પાંચ સાત દિવસથી તેણે ત્હાણી ગામના બજારમાં એક માણસના ઓટલા ઉપર દુકાન માંડી છે. ગામલોકો પોતાની શકિત અનુસાર પૈસા ખરચી જરૂરી વસ્ત્રો લઈ આવે છે.

હરિશ્ચંદ્ર પાસે શિયાળામાં ઓઢવા જેવું એક પણ વસ્ત્ર નહોતું. તે ચૌદ રૂપિયાની એક બ્લેંકેટ લઇને ઘેર આવ્યો. માતાને બ્લેંકેટ દેખાડીને તેણે કહ્યું:–"મ્હારી પાસે ઓઢવાનું એક પણ કપડું નહિ હોવાથી મા હું આ લઇ આવ્યો છું."

સરસ્વતીઃ—પરંતુ રૂપિયા ?

હરિશ્ચંદ્રઃ—મ્હોટાભાઇ ક્યાં છે ?

સરસ્વતીઃ—બ્હાર ગયા છે.

હરિશ્ચંદ્રઃ—કૃષ્ણચંદ્રભાઇ ક્યાં છે ?

સરસ્વતીઃ—ઘરમાંજ હશે.

હરિશ્ચંદ્રઃ—તું એક વખત બોલાવને.

સરસ્વતીઃ—શા માટે ? રૂપિયા આપવા ? એ ક્યાંથી રૂપિયા આપશે ?

હરિશ્ચંદ્રઃ—તું એક વખત બોલાવ તો ખરી.

સરસ્વતીએ કૃષ્ણચંદ્રને બોલાવ્યો. તરતજ કૃષ્ણચંદ્ર ત્યાં આગળ આવી ચઢ્યો. સરસ્વતીએ કહ્યુંઃ—"હરિયો આ કપડું લઇ આવ્યો છે. મ્હને તો લાગે છે કે એ છેતરાઇ આવ્યો હશે. ભાઇ ! તને આ કપડું કેટલી કીંમતનું લાગે છે ?

હરિશ્ચંદ્રઃ—હા, કહો જોઇએ ભાઇ, કે તમને આની કેટલી કીંમત લાગે છે ?

કૃષ્ણચંદ્રઃ—લગભગ વિસ રૂપિયા.

હરિશ્ચંદ્રે હસીને કહ્યુંઃ—"ત્યારે તો હું છેતરાયો નથી. મ્હેં ચૌદ રૂપિયા ઠરાવ્યા છે."

કૃષ્ણચંદ્રઃ—પરંતુ રૂપિયાનું શું કર્યું ?

કૃષ્ણચંદ્ર વિશેષ કાંઇ પણ બોલ્યા સિવાય ચાલ્યો ગયો.

એવામાં ચંચળવહુને ત્યાં આગળથી જતી જોઇને સાસુજીએ તેને બોલાવી, તથા કહ્યુંઃ—"વહુ ! ત્હારા ન્હાના દિયરે આ કપડું આણ્યું છે, તે જો તું કહે તો રાખે."

ચંચળઃ—હું ક્યાં ના પાડું છું, બા !

સરસ્વતીઃ—એ તો ખરી વાત છે. હરિયાની ઉપર ત્હારો ઘણો પ્રેમ છે તેથી તું નારાજ ન થતી હોય તોજ હરિયો આ કપડું રાખવાને ચ્હાય છે. વળી હરિયા પાસે એક પણ રૂપિયો નથી. રૂપિયા વિના તે કેવી રીતે રાખી શકે ?

ચંચળઃ—મ્હારી પાસે પણ એક પાઈ નથી. તમારા પુત્ર ઘેર આવશે અને જો તેમની પાસે રૂપિયા હશે તો આપશે.

હરિશ્ચંદ્રે અતિ નમ્ર સ્વરે કહ્યુંઃ—“ભાભી! હું તમારે પગે પડુંછું. માત્ર ચૌદ રૂપિયા આંખો મીચીને આપી દ્યો. હું ટાઢે હેરાન થાઉંછું. મ્હને ગરીબને ટાઢના વખતમાં ગરમ વસ્ત્રનું દાન કરશો તો તમે સ્વર્ગ મેળવી શકશો.”

ચંચળઃ—ભાઇ! તમને ગરીબ કોણ કહે છે? મ્હારી પાસે રૂપિયા નથી, જો હોત તો અવશ્ય આપત.

હરિશ્ચંદ્રઃ—કોઈના હાથમાં તો ઓછાજ રૂપિયા હોય છે? પેટીમાં હોય છે. ચૌદ રૂપિયાની માયાને મૂકી દ્યો, ભાભી!

ચંચળઃ—એક વખત તો મ્હેં કહ્યું કે, મ્હારી પાસે રૂપિયા નથી, છતાં શા માટે મ્હારો જીવ ખાઓછો?

આ સમયે ત્યાં આગળ રમેશચંદ્ર આવી પહોંચ્યો. ચંચળવહુ ત્યાંથી ચાલી ગઇ. રમેશચંદ્રે બ્લૅંકેટને જોઈ તપાસીને કહ્યુંઃ—“સસ્તી તો છે, પરંતુ રૂપિયાની ગોઠવણ કર્યા પહેલાં શા માટે લાવ્યો? હવે પાછી આપીએ એ પણ અયોગ્ય કહેવાય; પરંતુ કરવું શું? મ્હારી પાસે કાંઈજ નથી.”

રમેશચંદ્ર પોતાના ઓરડામાં ચાલ્યો ગયો. તેણે પત્ની પાસેથી ચૌદ રૂપિયા મેળવવાનો વિચાર કર્યો હતો; પરંતુ તેણે જે યત્ન કર્યો તે સઘળો નિષ્ફળ થઇ પડયો.

હરિશ્ચંદ્રે નિરાશાપૂર્ણ સ્વરે માતાને પૂછયુંઃ—“મા! ત્યારે હું આ કપડું પાછું આપી આવું કે?”

પહેરેલા વસ્ત્રના પાલવથી અશ્રુજળ સાફ કરીને સરસ્વતીએ કહ્યુંઃ—“ભાઈ! હું તને કેવી રીતે કહું કે તુ પાછું આપી આવ. હું ત્હારી માતા છું, છતાં ત્હારી એક પણ ઇચ્છાને પૂરી કરી શકતી નથી એ માટે મ્હને ઘણું દુઃખ થાય છે.”

એવામાં સ્નેહલતા એકાએક સાસુ પાસે આવી પહોંચી. તેણે સાસુ તથા દિયરની વાતચિત સાસુના ઓરડાની બ્હારથી સાંભળી હતી.

તે સાંભળતાં તેને ઘણી લાગણી થઇ આવી હતી.

આ સમયે હરિશ્ચંદ્રે બ્લૅંકેટને બે ચાર વખત આમ તેમ ફેરવી નિરાશાપૂર્ણ દૃષ્ટિથી તેને જોઇને કહ્યું:–"હે વસ્ત્ર! તું મ્હારે માટે યોગ્ય નથી. આ ગરીબના શરીરનું તું રક્ષણ કરી શકે તેમ નથી. જા, જેની પાસે પૈસા હોય તેના અંગનું રક્ષણ કર."

ત્યાર પછી બ્લૅંકેટને લઇને હરિશ્ચંદ્ર ત્યાંથી ચાલ્યો ગયો એટલે સ્નેહલતાએ સાસુને કહ્યું:–"બા! ન્હાના ભાઇને પાછા બોલાવો."

સરસ્વતીએ સ્નેહલતાની તરફ નજર કરીને પૂછ્યું:–"કેમ, શું કામ છે?"

સ્નેહલતા:–પહેલાં તેમને બોલાવો તો ખરાં; નહિ તો કદાચ ચાલ્યા જશે.

સરસ્વતીએ હરિશ્ચંદ્રને બૂમ મારી. હરિશ્ચંદ્રે માતાની પાસે પાછા આવીને પૂછ્યું:–"કેમ, શું છે બા?"

સ્નેહલતાના હાથમાં બે સોનાની બંગડીઓ હતી. તે બન્ને બંગડીઓમાંથી એક બંગડી હાથમાંથી કાઢી સાસુની પાસે મૂકી તે ઘરમાં ચાલી ગઈ. આ પ્રકાર જોઇને હરિશ્ચંદ્રે પૂછ્યું:–"બા! હું આ બંગડીને શું કરૂં? મ્હારા હાથમાં પહેરૂં?!"

સરસ્વતી:–આ બંગડી ચંદુલાલ શેઠને ત્યાં મૂકીને તેના ઉપર ચોદ રૂપિયા લેજે, અને આ કપડાની કીંમત ભરી દઈ તું કપડું ખરીદી લેજે.

આટલા શબ્દો કહેતાં કહેતાંમાં તો સરસ્વતીનાં નેત્રોમાંથી આંસુ ઉભરાઈ જવા લાગ્યાં; હરિશ્ચંદ્ર કોઈ પણ રીતે માતાના કહ્યા પ્રમાણે કરવાને કબૂલ થયો નહિ. તે બ્લૅંકેટ પાછી આપવાને માટે ચાલ્યો ગયો.

પ્રકરણ ૧૧ મું.

સમજફેર.

આખો માઘ માસ ઘેર રહ્યા પછી ફાગણ માસમાં રમેશચંદ્ર નોકરી ઉપર જવાની ખટપટ કરવા લાગ્યો. જે દિવસે તે ઘેરથી જવાનો હતો તેને આગલે દિવસે જ્યારે તે માતા તથા કૃષ્ણચંદ્રને બોલાવીને સાંસારિક કાર્યનો બંદોબસ્ત કરતો હતો તે સમયે કૃષ્ણચંદ્રે કહ્યું:—"હવે વિના કારણ ભિખાને રાખવાની જરૂર નથી. વૃષ્ટિના અભાવથી હવે જોઇએ એવું ધાન્ય ઉત્પન્ન થતું નથી."

રમેશ:—તો પછી ભિખા વગેરેને રજા આપી દ્યો.

સરસ્વતી:—ભિખો આપણો જુનામાં જુનો ચાકર છે, તેને રજા કેવી રીતે આપી શકાય?

રમેશ:—જ્યારે જોઇએ એવું ઉત્પન્ન થતું નથી તો પછી ભિખાને રાખી શું કરવું! એક માણસનું ખાધા ખરચ તેમજ તેનું પગાર ખરચ વેઠવા જેવો હમણાં આપણો વખત નથી. ખેતીના ધંધાને હવે માંડીવાળવાનોજ મ્હારો વિચાર છે.

સરસ્વતી:—કૃષ્ણ! ખેતી બંધ થશે તો પછી તું શું કરીશ?

કૃષ્ણ:—વિદેશમાં જઇને નોકરી મેળવવાનો યત્ન કરીશ. વળી મ્હારાં સાસુજીએ ઘરમાંથી વહુને તેડાવી છે, તેથી હમણાં તેને પિયરમાં જવા દઇશું.

રમેશ:—શા માટે? તું ત્હારે વિદેશમાં જવું હોય તો ભલે જા; પરંતુ મંદાકિનીવહુને શા માટે પિયર મોકલી દેવી?

કૃષ્ણ:—જ્યારે ઘરમાં કોઇને એકબીજાની સાથે બનતું નથી ત્યારે પછી તે કેવી રીતે અહિં રહી શકશે?

રમેશ:—પરંતુ તું વિચાર કરી જોને કે એમાં કોનો દોષ છે?

કૃષ્ણઃ—દોષ ગમે તેનો હોય; પરંતુ મ્હારૂં એમ કહેવું છે કે, તે પિયર જાય એમાંજ તેને તેમજ ઘરનાં માણુસોને સુખ છે.

રમેશઃ—તું ઘેરથી બિદેશ તરફ જવાનો વિચાર ક્યારે રાખે છે ?

કૃષ્ણઃ—આ માસની તેરમી તારીખે મ્હારાં સાસુ ગાડી તથા માણસ મોકલવાનાં છે તેથી ચૌદમી તારીખે હું ઘરમાંથી પિયર મોકલી દઈને આ માસની આખર તારીખના અરસામાં હું બ્હાર ગામ ઉપડી જઈશ.

રમેશઃ—જો ભાઈ ! મ્હારો મત તો એવો છે કે, હમણાં મંદાકિનીવહુને પિયર મોકલવી યોગ્ય નથી.

કૃષ્ણચંદ્રઃ—ભાગ્યમાં સુખ નિર્માણ નથી થયું હોતું તો કોઈ પણ ઠેકાણેથી સુખ મળતું નથી, એ હું જાણું છું; પરંતુ કરવું શું ? અહિં જ્યારે કોઈની સાથે પણ તેને બનતું નથી ત્યારે પછી તેને અહિં શી રીતે રાખવી.

રમેશઃ—જ્યાં સુધી માતાજી હયાત છે, ત્યાં સુધી ઘરસંસારની વિશેષ ચિંતા રાખવાની મ્હને જરૂર જણાતી નથી.

કૃષ્ણચંદ્રઃ—પરંતુ માતાજી ઘરસંસાર તરફ વિશેષ લક્ષ્ય આપતાં હોય એમ મ્હને લાગતું નથી.

રમેશચંદ્રે પાસે બેઠેલી માતાના મુખ તરફ દૃષ્ટિ કરી એટલે તેણે કહ્યું:—"શું કરૂં ભાઈ ! હવે હું મ્હારી આ પાકી ઉમ્મરમાં આવી ખટપટ તરફ લક્ષ્ય આપી શકતી નથી. વળી મંદાકિનીવહુ ક્યાં મ્હારી વાત કે શિખામણ સાંભળે છે ?

કૃષ્ણચંદ્રઃ—બા ! તમને તો બધો દોષ એનોજ જણાય છે ! જો તમે તેના ઉપર વિશેષ માયા રાખતાં હો અને તેના તરફ પ્રેમ દર્શાવતાં હો તો આટલું બધું થાય ખરૂં કે ?

સરસ્વતીઃ—ભાઈ ! હું કોઈની પણ તરફ પક્ષપાત કરતી નથી. જેવી રીતે બીજી બધી વહુઓના પ્રત્યે હું પ્રેમ રાખુંછું તેવીજ રીતે મંદાકિની વહુ પ્રત્યે પણ રાખું છું. બીજું વધારે શું કરવું તે હું જાણુતી નથી ! મ્હારો આગળ સહુ સમાન છે.

કૃષ્ણચંદ્રઃ—ના બા ! મ્હેં પ્રત્યેક કાર્યમાં લક્ષ્ય આપીને જોયું છે

કે તમે સહુને સમાન દૃષ્ટિથી જોતાં નથી.

સરસ્વતીઃ—ભાઇ ! તું ભૂલે છે. તને ચાર પાંચ છોકરાં થવા દે એટલે તું જાણી શકીશ કે સહુ સમાન છે. સર્વ આંગળીઓની વ્યથા સરખીજ હોય છે. ભાઇ ! તું વિના કારણ શા માટે મ્હારે માથે દોષ મૂકે છે ?

કૃષ્ણચંદ્રઃ—મા ! હું તમને દોષ દેતો નથી. હું મ્હારા ભાગ્યનેજ દોષ દઉંછું ! જીવનમાં હજી સુધી મ્હને શાન્તિનો અનુભવ મળ્યો નથી. હવે શાન્તિનો અનુભવ મેળવવાને માટે હું બીજો માર્ગ ગ્રહણ કરવાની ઇચ્છા રાખું છું.

સરસ્વતીઃ—પરમાત્માએ સૌને હાથ પગ આપ્યા છે. સૌ પોતપોતાનું સારૂં ખોટું સમજી શકે છે. તને જેમાં શાન્તિ જણાય તે માર્ગ તું ગ્રહણ કરી લે !

સરસ્વતી સમજી ગઇ કે, જે ભાવથી તેણે આ વચનો ઉચ્ચારવાનું વિચાર્યું હતું તે ભાવથી આ વચનો ઉચ્ચારાયાં નહિ. તેનાથી જે ભાવથી આ વચનો ઉચ્ચારાયાં તે ઉપરથી કૃષ્ણચંદ્ર એમ સમજ્યો કે માતા તેને વિદાય આપે છે ! તેના મનમાં ઘણું અભિમાન થઈ આવ્યું. રમેશચંદ્ર સમજી ગયો કે માતાએ પોતાના શબ્દો બોલવામાં ભૂલથાપ ખાધી છે.

પરંતુ સરસ્વતીએ આ ઉપરથી કોઇ પણ પ્રકારનો ખોટો વિચાર વિચાર્યો નહિ. જો એમ વિચાર્યું હોત તો તે પોતાનાં વચનોનું રહસ્ય ફરીથી પુત્રને સમજાવત. રમેશચંદ્ર પણ શાન્તિ ધારણ કરીને બેસી રહ્યો. જો તે કાંઇ બોલવા જાત તો કૃષ્ણચંદ્રનો સંશય વિશેષ દૃઢ થાત. કૃષ્ણચંદ્રે પણ આ વાતને ફરીથી કાઢી નહિ. તેણે એવો દૃઢ નિશ્ચય કર્યો કે, માતા પુત્રે એકબીજાની સલાહથીજ પોતાને વિદાય દીધી છે ! જો કૃષ્ણચંદ્રે આ વાત ઉપર વિશેષ ચર્ચા ફરીથી ચલાવી હોત તો વાદવિવાદને અંતે ખરી હકીકત જાહેર થઇ જાત. કૃષ્ણચંદ્ર અભિમાનથી બેહોશ બની ગયો.

આ પ્રકાર બની ગયા પછી બીજે દિવસે રમેશચંદ્ર નોકરી ઉપર ચાલ્યો ગયો.

યથા સમયે કૃષ્ણચંદ્રને સાસરેથી ગાડી આવતાંજ મંદાકિનીવહુ પિયર ચાલી ગઇ. ત્યાર પછી ભાગ્યની પરીક્ષા કરવાને માટે કૃષ્ણચંદ્ર ઘેરથી કોઈ પણ પ્રકારનો નિશ્ચય કર્યા સિવાય વિદેશમાં ચાલી નીકળ્યો.

પ્રકરણ ૧૨ મું.

કંકાસ દુઃખનું મૂળ છે.

વૈશાખ માસ વીતી જવા આવ્યો તથાપિ રમેશચંદ્ર ઘેર આવ્યો નહિ તથા એક પૈસો પણ ઘેર મોકલી શકયો નહિ. નવ્વાબ રંગરાગમાં, મદ્યપાનમાં તેમજ વિષય-વાસનાને તૃપ્ત કરવામાં પોતાના પૈસાનું પાણી કરતો હતો. ઘણા સમયથી આવો પ્રકાર ચાલતો હોવાથી તેની ત્રિજોરીનું તળિયું ખલ્લાસ થઇ જવા આવ્યું હતું. આમ હોવાથી રમેશચંદ્રને હમણાં કેટલાક માસથી બિલકુલ પગાર મળ્યો નથી. ખેતી બંધ કરી દીધેલી હોવાથી આ વરસે ખેતીની આવક પણ થઈ નથી. કૃષ્ણચંદ્ર ઘેરથી ચાલ્યો ગયો છે. આથી સંસારના દુઃખની સીમા રહી નથી.

સરસ્વતીએ આ વિટંબના સંબંધી એક પત્ર લખી આપીને રમેશચંદ્ર પાસે એક માણસને મોકલ્યો. તે માણસ પત્રનો ઉત્તર લઇ પાછો આવી પહોંચ્યો. હરિશ્ચંદ્રે એ પત્ર માતાને વાંચી સંભળાવ્યો.

રમેશચંદ્રે લખ્યું છે કે:-" નવ્વાબ સાહેબની આર્થિક સ્થિતિ ઘણી ખરાબ થઈ ગયેલી હોવાથી મ્હને કેટલાક માસથી એક પાઇ પણ પગાર તરીકે મળી નથી; અને તેથી હું તમને કાંઈ મોકલી શકતો નથી. દેવું કરીને ઘર ખરચ ચલાવજો. જો કદાચ ઇશ્વર સારા દિવસ આપશે તો દેવું ચુકવી દઇશ."

સરસ્વતીએ માથા ઉપર હાથ મૂકીને એક ગાઢ નિશ્વાસ મૂકયો!

સ્ત્રીજાતને કોણ ઉછીના રૂપિયા આપે ? વળી ઘરમાં આઠ આના પણ સિલક નથી ! રમેશચંદ્ર તરફની આવક બિલકુલ બંધ થઈ ગઇ. બીજી તરફ ઘર ખરચ ઘણું ઓછું કરી નાંખવામાં આવ્યું તો પણ ચાળિસ પચાસ રૂપિયા સિવાય ઓછી રકમથી કાંઈ ચાલી શકતું નથી !

રૂક્મિણી પૂંજો વાળીને જતી હતી તેને બોલાવીને સરસ્વતીએ કહ્યું:–"ચંચળવહુને બોલાવ જોઉં."

રૂક્મિણી ચંચળને બોલાવી લાવી. સરસ્વતીએ રમેશચંદ્રનો પત્ર ફરીથી ચંચળને વાંચી સંભળાવવા માટે હરિશ્ચંદ્રને કહ્યું. હરિશ્ચંદ્રે પત્ર ફરીથી વાંચી સંભળાવ્યો. ચંચળે કહ્યું:–"તેમાં હું શું કરૂં, તે કહો ? જેમ ઠીક લાગે તેમ કરો. જુઓ માજી ! આ સમયે રજનીચંદ્રભાઈ થોડી થોડી મદદ કરતા હોત તો આપણી આવી દશા થાત કે ? એક માણસ શું કરે, કહો જોઇએ ? વળી તેઓ હમણાં સંકટમાં પડેલા છે, નહિ તો અત્યાર સુધી તેઓજ ઘર ખરચ ચલાવતા આવ્યા છે અને ચલાવત."

સરસ્વતીએ એક ગાઢ નિશ્વાસ મૂકીને કહ્યું:–"ખરી વાત છે બેટા ! હું સૌ જાણું છું. મ્હેં મ્હારા મનમાં પહેલાં એમ વિચાર્યું હતું કે, મ્હારો રજની કમાતો થશે એટલે આપણું સકળ દુ:ખ દૂર થશે; પરંતુ મ્હારી આશા નિષ્ફળ થઇ પડી. મ્હારો વિચાર ધૂળમાં મળી ગયો ! હવે શો ઉપાય છે, તે કહે જોઇએ, બેટા !"

ચંચળ:–માજી ! મ્હારામાં તે કાંઈ તમારા કરતાં વિશેષ બુદ્ધિ છે કે, હું તમને ઉપાય બતાવું ?

સરસ્વતી:–ત્હારા સિવાય હવે બીજો કોઈ માર્ગ નથી–સૌ ભૂખના દુ:ખથી રીબાઇ રીબાઈ મરી જશે.

ચંચળ:–પરંતુ તમારા દીકરાએ મ્હને બસો ચારસો રૂપિયા આપ્યા છે કે હું તમને આપું ?

સરસ્વતી:–સ્નેહલતાવહુની બંગડીઓ મૂકીને ચાળિસ રૂપિયા લાવ્યાં હતાં તેમાંથી ગયા મહિનાનું ખર્ચ તો કાઢયું; પરંતુ હવે શું કરવું ?

ચંચળ:-તમે શું કહેવા માગોછો ?

સરસ્વતી:-તું એક ઘરેણું આપ.

ચંચળ:-મ્હારૂં ઘરેણું ! હું કેટલા બધા સોનાથી મઢાઇ રહેલી છું કે હું તમને ઘરેણું આપું ? બે ચુડીઓ, કડું તેમજ એક કંઠહાર સિવાય મ્હારી પાસે કાંઈ નથી. હું મરી જઈશ તોય આ બન્નેમાંથી તો એક પણ ઘરેણું આપવાની નથી.

સરસ્વતી:-સ્નેહલતા હજી ન્હાની છે, તો પણ તે આપણા ઘરનું દુઃખ જોઈ શકતી નથી. તેણે વગર માગ્યેજ પોતાની બંગડીઓ આપી છે.

ચંચળ:-તે શા માટે ન આપે ! તેને તો મ્હોટો ભરોંસો છે કે તેના પતિને મહિને દોઢસો રૂપિયાનો પગાર મળે છે.

સરસ્વતી:-પરંતુ બેટા ! એ આવક સાથે સ્નેહલતાને શો સંબંધ છે ? હજી સુધી રજનીએ તેને એક રૂપાનો આંકડો સુદ્ધાં આપ્યો છે કે ! ?

ચંચળ:-નહિ આપ્યો હોય તો ભવિષ્યમાં આપશે. ધીમે ધીમે રજનીચંદ્રની ઉન્નતિ થશે-તેમનો પગાર વધશે એટલે સ્નેહલતા વહુ સુખી થશે.

હરિશ્ચંદ્ર હમ્મેશાં આનંદી રહેતો હતો. તેણે હસતાં હસતાં ચંચળ વહુને કહ્યું:-"ભાભી સાહેબ ! આટલું બધું વિવેચન કરવાની કાંઈ જરૂર નથી. જો ઘરેણું આપવું હોય તો આપો અને ન આપો તો ઘરમાં જઈને રામાયણનો પાઠ કર્યા કરો."

આ શબ્દોથી ચંચળ ક્રોધે ભરાયેલી નાગણની માફક છંછેડાઈ ગઈ. તેણે લાલચોળ નેત્રો કરી ઉચ્ચ સ્વરે કહ્યું:-"મ્હારૂં આવું અપમાન ! આવો તિરસ્કાર ! શું આ ઘરમાં હું કોઇ નથી ! હવે હું આ ઘરમાં રહેવાની નથી. સુકુમારને સાથે લઇ હમણાંજ હું મ્હારે પિયર ચાલી જઈશ. એક મુઠી અનાજ તો જ્યાં જઇશ ત્યાં મળશે. હું શું ઘરસંસારનું કાંઈ કામ કરતી નથી ? રામાયણ વાંચીનેજ બેસી રહુંછું ! ઘેર છોકરો છે તે મ્હને એક મૂઠી અનાજ તો આપશે."

"છોકરા" નો અર્થ તેનો એક પચીસ વર્ષનો ભાણેજ રામપ્રસાદ હતો. જેના સ્વામિની આવક ઉપર સંસારનાં સઘળાં માણસો જીવન ધારણ કરી રહ્યાં છે, તેના પર આટલો ક્રોધ—આટલું અભિમાન!?

સરસ્વતીએ નમ્રતાથી કહ્યું:—"વહુબેટા! હરિયો તો ગાંડો છે. એ તો ત્હારા સુકુમાર જેવો છે. એની વાત ઉપર આટલો બધો ગુસ્સો કરાય કે?"

આટલું બન્યા છતાં હરિશ્ચંદ્ર તો જાણે કાંઇ બન્યુંજ નથી એમ જાણતો હતો. તેણે પૂર્વ પ્રમાણે હસતાં હસતાં કહ્યું:—"રામાયણ ના વાંચવું હોય તો મહાભારત વાંચો."

ચંચળે વિશેષ ક્રોધાવેશમાં આવી જઇને કહ્યું:—"મ્હારી મશ્કરી! હું ત્હારી મશ્કરીને યોગ્ય છું કે, હરિયા?

હરિશ્ચંદ્રે હસતાં હસતાં કહ્યું:—"બસ, તમે મ્હારી સાથે વિશેષ વાતચિત કરશો નહિ, નહિ તો હું યમ જેવો છું તે જાણો છો ને?"

લાલચોળ મ્હોં કરી નાંખીને ચંચળ બોલી ઉઠી:—"તું યમ છે તો મ્હારા સુકુમારને મારી નાંખજે."

સ્વચ્છ નિર્મળ આયનાની આસપાસ ધુમાડો ભરાતાં આયનો જેવી રીતે મલિન તેમજ નિસ્તેજ બની જાય છે તેજ પ્રમાણે "મ્હારા સુકુમારને મારી નાખજે." એ શબ્દો સાંભળતાંજ હરિશ્ચંદ્રનું મુખ મલિન તેમજ નિસ્તેજ બની ગયું. તેનાં નેત્રોમાં આંસુ ભરાઈ આવ્યાં. તેણે ધ્રુજતા સ્વરે કહ્યું:—"મ્હેં સુકુમારને શું કર્યું છે? ભાભી! તમે મ્હને શા માટે આમ કહ્યું?"

ચંચળ:—ના ના, હવે માયા દેખાડવાની કાંઈ જરૂર નથી. હજી એક વખત પણ અનાજ ખવડાવ્યું નથી અને આટલું બોલાય છે, તો પછી કદાચ એક વખત ખવડાવે તો શું ન કહે? માથા ઉપર એક વાળ પણ રહેવા ન દે.

સરસ્વતી:—વહુ! એ કયાં એવું કશું બોલ્યો છે! વિના કારણ શા માટે આટલું બોલે છે!

ચંચળ:—ના બોલ્યો હોય તો હજી હવે બોલાવો. હું તો વિન

કારણુ કંકાસ કરૂં છું કેમ ? હું સમજી છું કે હમણાં થોડા મહિનાથી તેઓ ઘેર રૂપિયા મોકલી શકયા નથી તેથી તમે સૌ મ્હારી તથા મ્હારા સુકુમારની ઉપર ક્રોધે ભરાયાં છો, અને અમે તમારાં અળખામણાં થઇ પડયાં છીએ. હવે હું તમારા ભેગી રહેવાની નથી. જ્યાં જઈશ ત્યાં મ્હને વધારે નહિ તો માત્ર એક વખત તો મુઠી અનાજ મળશેજ.

સરસ્વતીઃ—ત્યારે હું હરિશ્ચંદ્રને જૂદો કરૂં ?

ચંચળઃ—ના શું કરવા ! હું જાતેજ તમારાથી જૂદી થઇશ.

પ્રકરણ ૧૩ મું.

બંધુના ચરિત્ર માટે હરિશ્ચંદ્રની આશંકા.

ચંચળવહુ ત્યાં આગળ વધારે વખત ઉભી રહી નહિ. વિવિધ પ્રકારનાં વાકયોથી તે આ કલહનો ઉપસંહાર કરતી કરતી પોતાના સુવાના ઓરડામાં ચાલી ગઇ. હરિશ્ચંદ્ર એક પૈસો પણ પેદા નહિ કરતાં માત્ર એકજ માણસના લોહીનું પાણી કરી, બેઠો બેઠો ખાય છે, અને સૌને પોતાની ઈચ્છામાં આવે એવાં વચનો કહી સંભળાવે છે. એટલોજ ચંચળવહુના ઉપસંહારનો સારાંશ હતો.

હરિશ્ચંદ્રે ચંચળવહુના ઉપસંહારનાં વચનો સાંભળ્યાં. તેણે આંસુ ભરેલી આંખોએ માતા તરફ નજર કરીને કહ્યું:—"કોણ જાણે કે મ્હને સ્હવારે ઉઠતાંની સાથે કોનું મ્હોં જોવામાં આવ્યું છે ! મ્હને લાગે છે કે, સંસારની આ સઘળી ખટપટમાં રહેવા કરતાં એકાંત સ્થાનમાં જઇ રહી ત્યાં પ્રાણાયામ તથા ઈશ્વરભકિત કરવામાંજ પરમ સુખ તેમજ શાન્તિ સમાયેલાં છે."

રૂક્ષ્મિણી ત્યાં ઉભી રહીને ચંચળવહુના અર્થ વિનાના કલહથી ઘણી ક્રોધે ભરાઈ હતી, તથા કમાણી કરવાને અશકત રહેલા હરિશ્ચંદ્રના થતા તિરસ્કારથી દુ:ખી થતી હતી. હરિશ્ચંદ્રનાં છેવટનાં વચનો

સાંભળી તેણે કહ્યું:–"ન્હાના ભાઇ! જ્યારે તમને પ્રાણાયામ કરતાં આવડે છે, ત્યારે પછી તેમ કરીને જો બે રૂપિયા કમાઇ શકતા હો તો કમાઓને!! પારકાની કમાણી ખાઇએ તો આવું સાંભળવું પડે ને! વળી સૌ કાંઈ એકજ પ્રકારનો ધંધો યા તો નોકરી કરતા નથી. પ્રાણાયામ કરવાને કયા દેશમાં જવું પડે છે?"

"યમને ઘેર!" આમ કહીને હરિશ્ચંદ્ર ઉઠી ઉભો થયો. સરસ્વતીએ એક ગાઢ નિશ્વાસ મૂકયો.

હરિશ્ચંદ્ર જ્યારે પરસાળમાંથી બ્હાર નીકળતો હતો ત્યારે "હું ન્હાના કાકા પાસે જઇશ" એમ કહીને સુકુમાર તેની માતા પાસેથી છુટી આવ્યો. હરિશ્ચંદ્ર આવા દુઃખના સમયે પણ સઘળા દુઃખને દૂર કરનાર સુકુમારને જોતાંજ બન્ને હાથ પહોળા કરી તેને ઉચકી લેવા જતો હતો; પરંતુ તેમ થયું નહિ. ચંચળવહુએ આવી ચઢીને સુકુમારને ક્રોધથી કમ્મર પર ઉંચકી લઇ ઘરમાં જવા માંડયું. "હું જઇશ, હું જઇશ." એમ કહેતો કહેતો સુકુમાર ચંચળની કમ્મર પર કૂદાકૂદ કરવા લાગ્યો. આથી કરીને એ પુષ્પના જેવા કોમળ બાળકના કોમળ ગાલ ઉપર ચંચળે એક થપ્પડ મારીને કહ્યું:–"હવે લાડ લડાવવાની જરૂર નથી. જો એ મરવાનો હશે તો મ્હારાજ ખોળામાં મરશે." આમ કહી સુકુમારને લઇને ચંચળ ઘરમાં ચાલી ગઈ. સુકુમારને સખ્ત થપ્પડ વાગેલી હોવાથી તેણે પોતાના રૂદનધ્વનિથી સમસ્ત ઘરને ગજાવી મૂકયું. હરિશ્ચંદ્ર સુકુમારની પાછા ફરવાની આશાથી જ્યાં ઉભો હતો ત્યાંજ ચિંતાતુર ચિત્તે પત્થરના પુતળાની પ્રમાણે સ્થિર ઉભો રહ્યો; પરંતુ ચંચળવહુએ પુત્રનું રક્ષણ કરવાને માટે જ્યારે ઘરનું દ્વાર ઝડપથી બંધ કરી દીધું ત્યારે હરિશ્ચંદ્ર ઘણું દુઃખ પામીને વ્યથિત ચિત્તે માતાની પાસે ચાલ્યો ગયો!

સ્નેહલતા દૂર ઉભી રહીને સઘળો પ્રકાર જોયા કરતી હતી. જ્યારે ચંચળવહુ, હરિશ્ચંદ્ર તથા રૂક્મિણી ત્યાંથી ચાલ્યાં ગયાં, તથા સરસ્વતી વસ્ત્રના પાલવથી આંખોનાં આંસુ સાફ કરી ચિંતાતુર ચિત્તે બેસી રહી ત્યારે તે તેમની પાસે ગઇ અને નમ્ર સ્વરે તેણે કહ્યું:–

"ચિંતા કરવાથી શું થવાનું છે, બા! ચાલો આપણે ઘરમાં જઇએ, માઠું લગાડશો નહિ."

સરસ્વતી:-કોના ઉપર માઠું લગાડવાનું છે, બેટા! ભાગ્યમાં જે દુઃખ ભોગવવાનું હશે તે ભોગવ્યા સિવાય કાંઇ છૂટકો થવાનો છે? છતાં આ હતભાગી છોકરાનો વિચાર કરતાં મ્હારૂં માથું ફરી જાય છે. તેની શી દશા થશે એ હું વિચારી શકતી નથી!

પુનઃ સરસ્વતીનાં નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી! સ્નેહલતાએ પોતાના વસ્ત્રના પાલવથી સાસુનું ચક્ષુજળ સાફ કરી નાંખીને કહ્યું:-"માતાજી! શાન્ત થાઓ. તમારા જેવાં વડિલ તેમજ સમજુ માણસે ધૈર્યનો ત્યાગ કરવો જોઇએ નહિ."

એવામાં હરિશ્ચંદ્ર ચિંતાતુર મુખે ત્યાં આવી ચઢ્યો. હૃદયમાં સખ્ત વેદના થતાં મનુષ્ય જે પ્રમાણે અસ્થિર બની જાય છે, તે પ્રમાણે હરિશ્ચંદ્ર અસ્થિરતાથી-હૃદયની અસહ્ય વેદનાથી નીચે બેસી પડ્યો. સ્નેહલતા થોડે દૂર ખસીને બેઠી.

માતાએ પુત્રની વ્યાકુળ સ્થિતિ જોઈ પૂછ્યું:-"હરિયા! તને શું થયું છે?"

અસ્પષ્ટ સ્વરે હરિશ્ચંદ્રે ઉત્તર આપ્યો:-"કાંઈ થયું નથી. હવે હું આ ઘરમાં રહેવાનો નથી!"

સરસ્વતી:-કેમ વળી એકાએક શું થયું? ત્હારે ક્યાં જવું છે?

હરિશ્ચંદ્ર ન્હાના બાળકની માફક રડી પડ્યો. તેના જીવનમાં ભયંકર વેદનાપૂર્ણ રૂદન આ પ્રથમજ હતું. રૂદન કરતાં કરતાં તેણે કહ્યું:-"ચંચળભાભીએ મ્હારા હૃદયમાંથી મ્હારા હૃદયાધિક સુકુમારને કાઢી લીધો છે!"

સરસ્વતી:-જેનો છોકરો હોય તે લઈ લે, તેમાં તું શું કરે?

હરિશ્ચંદ્ર:-સુકુમાર મ્હારા જીવ બરાબર છે. તેના સહવાસ સિવાય મ્હારાથી આ ઘરમાં રહી શકાશે નહિ.

સરસ્વતી પણ રડી પડી. રડતાં રડતાં તેણે કહ્યું:-"મ્હને દુઃખ પડવામાં હવે કાંઈ બાકી રહ્યું નથી માટે તું પણ જતો રહીને

મ્હને વિશેષ દુઃખી કરીશ નહિ. જ્યાં સુધી હું જીવતી છું ત્યાં સુધી તું મ્હારી આંખ આગળથી દૂર થઈશ નહિ. ત્યાર પછી તને ત્હારૂં ભાગ્ય જ્યાં લઈ જાય ત્યાં જજે."

હરિશ્ચંદ્રે કેટલાક સમય સુધી શાન્ત બેસી રહીને કાંઇક વિચાર કર્યો. ત્યાર પછી એક ગાઢ નિશ્વાસ મૂકીને તેણે કહ્યું:-"ખાધા પીધા વિના હું તમારી આગળ કેવી રીતે રહી શકું? ચંચળભાભી હવે મ્હને ખાવાનું આપશે નહિ. તેઓ મ્હારા ભાઇને લઇને જૂદાં થશે. પછી આપણે શું કરીશું?"

સરસ્વતી:-શું કરવાનું બાકી રહ્યું છે?

હરિશ્ચંદ્ર:-રજનીચંદ્રભાઈ શું કરે છે તે સમજાતું નથી. સૌનું એમ કહેવું છે કે, રજનીચંદ્રભાઇના હમણાંના જીવનમાં કોઈ પણ પ્રકારનું ગુપ્ત રહસ્ય સમાયેલું છે; તેને પરિણામેજ તેઓ ઘરને તેમજ સગાં વ્હાલાંને ભુલી ગયા છે. મ્હારી હવે તમને એક વિનંતિ છે.

સરસ્વતી:-શી?

હરિશ્ચંદ્ર:-કાલે સ્હવારેજ હું અહમ્મદનગર જઈશ. ત્યાં જઇ તેમની સ્થિતિનું દર્શન કરી આવીશ; તથા કાંઈ લઇ આવી શકીશ પણ ખરો.

સરસ્વતી:-હા, ત્હારી વાત કાંઇ ખોટી નથી; પરંતુ તું જઇશ કેવી રીતે? ટીકીટનું તેમજ રસ્તાનું ખર્ચ પણ નથી.

જયંતી એક પાડોસીને ત્યાં ગઇ હતી તે ઘેર આવી એટલે રૂક્ષ્મિણીએ તેને સઘળી હકીકત કહી સંભળાવી. સઘળી હકીકત સાંભળી રહેતાંની સાથેજ તે સાસુ પાસે આવી પહોંચી.

હરિશ્ચંદ્ર દ્રવ્યના અભાવથી અહમ્મદનગર જઇ શકે તેમ નથી; પરંતુ જો કોઇ પણ ઉપાયે તે ત્યાં જઈ શકે તો આ ઘરસંસારનું દુઃખ ઘણે અંશે દૂર થાય તેમ છે એમ જાણવામાં આવતાંજ જયંતીએ કહ્યું:-"મ્હારી પાસે એક સોનાનો કાનનો કાપ છે તેને વેચી નાંખીને તેમાંથી કેટલીક રકમ આપણી ખોરાકી માટે રહેવા દઈ

બાકીની રકમ લઇ હરિશ્ચંદ્રભાઇને અહમ્મદનગર જવા દ્યો. એમ કરવાથી અવશ્ય આપણું દુ:ખ દૂર થશે."

સાને આ વાત ગમી. જયંતી પોતાની પેટી ઉઘાડી કાપ લઇ આવી. ત્યાર પછી હરિશ્ચંદ્ર એ કાપને વેચી નાંખવાને માટે બજારમાં ગયો.

પ્રકરણ ૧૪ મું.

હરિશ્ચંદ્રનું અહમ્મદનગર તરફ પ્રયાણ.

સ્હવારની અગીયાર વાગ્યાની ટ્રેનમાં બાજવા સ્ટેશનેથી હરિશ્ચંદ્રે અહમ્મદનગર જવાનો નિશ્ચય કર્યો.

નવ વાગતામાં તો જયંતીએ રસોઇ તૈયાર કરી નાંખી. હરિશ્ચંદ્રે સ્નાન કરી લીધું; પરંતુ તે ભોજન કરવા બેસી શકયો નહિ. તેનાં નેત્રો આતુરતાથી સુકુમારને શોધવા લાગ્યાં. સુકુમાર તેની પાસે બેસીને જ્યાં સુધી જમતો નહિ, ત્યાં સુધી તેને જમવાનું ગમતું નહિ. વળી વિશેષમાં તે પોતાના કંઠહાર સુકુમારને મૂકીને આજે વિદેશ જવાનો છે તેથી કેટલાક દિવસ સુધી હવે સુકુમારનું મુખ જોવામાં આવશે નહિ. ગઈ કાલથી તે સુકુમારને પોતાની પાસે લઇ શકયો નથી. અત્યાર સુધી સુકુમાર લીધા સિવાય તે કેવી રીતે રહી શકે?

જયંતીએ કહ્યું:—"ભાઈ! ગાડીને હવે ઝાઝા વખતનો વિલંબ નથી. હજી એક ગાઉ ચાલીને જવાનું છે, માટે જમવા બેસી જાઓ."

હરિશ્ચંદ્ર વિચારમાં પડી ગયો. તેણે સુકુમારની ઘણી રાહ જોઈ પરંતુ તે નજ આવ્યો; ટ્રેનનો વખત થઇ જવા આવ્યો તેથી અંતે નિરૂપાયે તે ભોજન કરવા એકલો બેઠો!

એકાએક તેને કાને સુકુમારનો અવાજ સંભળાયો. સુકુમાર બોલે છે કે:—"હું ન્હાના કાકા સાથે ખાઇશ."

ચંચળ સુકુમારને લઇ કોઇ સ્થળે ગઈ હતી તે આ સમયે ઘેર

આવી. સુકુમાર ન્હાના કાકાની સાથે જમવાનો આગ્રહ કરવા લાગ્યો. તે માતાની કમ્મર પર કુદાકુદ કરવા લાગ્યો; પરંતુ ચંચળે તેને નજ છોડયો.

સુકુમારનો પ્રથમ સ્વર સાંભળીનેજ હરિશ્ચંદ્રે તેની તરફ નજર કરી હતી; તેણે વિચાર્યું હતું કે સુકુમાર દુરાગ્રહથી માતાનો પરાજય કરી પોતાની પાસે આવશે; પરંતુ જ્યારે તેની માતા કોઇ પણ પ્રકારે તેનાથી પરાજિત ન થઇ ત્યારે હરિશ્ચંદ્રે કહ્યું:—"ચંચળભાભી! સુકુમારને જમવા આવવા દ્યો; તેના સિવાય હું જમી શકતો નથી."

ચંચળવહુએ કાંઈ ઉત્તર આપ્યો નહિ. તેનું ક્રોધગ્રસ્ત મુખમંડળ જોઇને હરિશ્ચંદ્ર ચમકી ઉઠયો. ચંચળવહુ દુરાગ્રહી બાળક સુકુમારને માર મારીને બળાત્કારે ઘરમાં લઇ ગઈ. આ પ્રકારથી હરિશ્ચંદ્ર ઘણો ગુસ્સે ભરાયો, તેથી તેણે ઉદાસ દૃષ્ટિથી જયંતીના મુખ તરફ જોયું. હરિશ્ચંદ્રની કાતરદૃષ્ટિથી જયંતીના હૃદયમાં દારૂણ દુઃખ થયું.

જયંતીએ કહ્યુ:—"શું કરીએ ભાઈ, ચંચળવહુનું મન ઘણું કઠોર છે. તમે હમણાં તો ઈશ્વરનું નામ લઇ, ભોજન કરી જે કામે જવાનું છે તે તરફ જવાની તૈયારી કરો. ઘેર આવ્યા પછી સુકુમારને રમાડજો."

હરિશ્ચંદ્ર કાંઈ પણ બોલ્યો નહિ. તેણે ભાવે અભાવે નજીવું ખાધું. ત્યાર પછી વસ્ત્રો પહેરીને તેણે માતાને પ્રણામ કર્યા. પછી સઘળી વહુઓને પ્રણામ કરી તે આતુરતાથી ચંચળવહુના ઓરડા તરફ જોઇ રહ્યો. જતી વખતે જો માત્ર એકજ વખત સુકુમારનું દર્શન થયું હોત તો તેનો વ્યથિત આત્મા કાંઇક અંશે શાન્ત થાત; પરંતુ ચંચળવહુએ સુકુમારને પોતાના ઓરડામાંથી બ્હાર નીકળવા દીધો નહિ.

એક ગાઉ દૂર સ્ટેશન આવેલું હોવાથી નિરૂપાયે હરિશ્ચંદ્ર ઘેરથી ચાલી નીકળ્યો. રસ્તે જતાં જતાં તે વારંવાર પાછો ફરીને ઘર તરફ નજર કરવા લાગ્યો. તેના કાનમાં જાણે કે એવા ભણકારા વાગવા લાગ્યા કે:—"ન્હાના કાકા! ઉભા રહો, હું આવું છું." આમ કહેતો કહેતો સુકુમાર તેની પાછળ રડતો રડતો આવે છે! પરંતુ પાછો

ફરી જુએ છે, તો કોઈ જણાતું નથી. માત્ર વૃક્ષોનાં પાંદડાંનો ખખડાટ સંભળાય છે.

હરિશ્ચંદ્ર જ્યારે સ્ટેશને ગયો ત્યારે ગાડી આવી પહોંચી હતી. જલદીથી ટીકીટ ખરીદી તે ગાડીમાં ચઢી બેઠો. ગાડીમાં બેઠા પછી તે બારીમાંથી બહાર મુખ કાઢી રસ્તા તરફ જોવા લાગ્યો. તેના મનમાં એમ લાગ્યું કેઃ—" કદાચ ચંચળભાભીએ દયા લાવીને સુકુમારને છોડી દીધો હશે: તે એકલો રસ્તે દોડયો આવતો હશે ! કદાચ તેને રસ્તે ઠોકર વાગશે તો ! હે પરમાત્મા ! તમે મ્હારા કંઠહાર પ્રાણાધિક સુકુમારનું સંરક્ષણ કરજો."

હરિશ્ચંદ્રનાં નેત્રોમાંથી આંસુની ધારાઓ સરી પડવા લાગી. આ સમયે રેલ્વે ટ્રેન ઉપડી.

બીજો ખંડ સમાપ્ત.

મિલન-મંદિર.

ખંડ ત્રીજો.

નિષ્કામ સ્નેહ.

ખંડ ૩ જો.

પ્રકરણ ૧ લું.

મંદાકિનીની બિમારી.

ભરૂચ જીલ્લામાં વિલાયત નામનું ન્હાનું ગ્રામ છે. સમસ્ત ગામમાં સંધ્યા સમયનો અંધકાર ફેલાઈ ગયો હતો. પશ્ચિમ આકાશના સંધ્યા સમયના ઉજ્વળ તારકો પોતાના પ્રકાશથી આ અંધકારને દૂર કરવાનો વ્યર્થ શ્રમ કરતા હતા તેવે સમયે એક ફાટેલી છત્રીને બગલમાં રાખી જમણા હાથમાં એક ન્હાની પોટલી ઉંચકી લઇને કૃષ્ણચંદ્રે ત્વરાથી વિલાયતમાં પ્રવેશ કર્યો. તેનું મુખ સુકાઈ ગયું હતું. સર્વાંગ ઉપર સ્વેદાંબુઓ ઉપસી આવ્યાં હતાં. સમસ્ત શરીર થાકી ગયું હતું.

વિલાયતમાં કૃષ્ણચંદ્રનું સાસરૂં હતું. ગામના મધ્યભાગમાં જીવનમોહનનું મકાન આવેલું હતું. પત્ની, બે પુત્ર તથા ત્રણ કન્યાઓને આ સંસારમાં મૂકી જીવનમોહન ઘણા દિવસથી પરલોકવાસી થયા હતા.

જીવનમોહનની ન્હાની પુત્રી મંદાકિનીની સાથે કૃષ્ણચંદ્રનો વિવાહ થયો હતો. ગામમાં પ્રવેશ કરતાંની સાથેજ કૃષ્ણચંદ્રને એક ઓળખીતો ખેડૂત સામો મળ્યો. તે પોતાના બન્ને બળદોને ચરાવીને ખેતરમાંથી ઘર તરફ આવતો હતો. કૃષ્ણચંદ્રને જોતાંજ તેણે આનંદ પામીને પૂછ્યું:—"જમાઇરાજ ! ક્યાંથી પધાર્યા ! ઘેર સૌ આનંદમાં છે ને ?"

કૃષ્ણચંદ્રે સખ્ત થાક લાગેલો હોવાથી એક ગાઢ નિશ્વાસ મૂકીને કહ્યું:—"હું ઘેરથી આવતો નથી. લગભગ બે મહિનાથી હું ઘેરથી નીકળ્યો છું. અનેક સ્થળોએ ફરી ફરીને અંતે અહિં આવી પહોંચ્યો છું. અહિં તો સૌ આનંદમાં છે ને !"

ખેડૂતઃ—હા, સૌ આનંદમાં છે; માત્ર અમારાં મંદાકિની બહેનનું

શરીર સારૂં નથી, એમ સાંભળ્યું છે.

આ ખેડૂત કૃષ્ણચંદ્રના શ્વસુરના મકાન પાસેજ રહેતો હતો. તે જીવનમોહનને કાકા કહીને, તેમની પત્નીને કાકી કહીને, તેમજ પુત્ર કન્યાઓને ભાઇ બહેન કહીને બોલાવતો હતો.

ખેડૂતનો ઉત્તર સાંભળી કૃષ્ણચંદ્રની છાતી કંપી ઉઠી. તેણે પ્રશ્ન કર્યો:-"શું થયું છે ?"

ખેડૂત:-તેમને હમણાં સખ્ત તાવ આવે છે.

કૃષ્ણ:-કેટલા દિવસથી આવે છે ?

ખેડૂત:-લગભગ બાર તેર દિવસથી. કાળિદાસ દાકતરની દવા ચાલે છે.

કૃષ્ણ:-હજી તાવ બિલકુલ નરમ પડયો નથી ?

ખેડૂત:-આજે બપોરે મ્હારા સાંભળવામાં આવ્યું હતું કે આજે કાંઇક ઠીક છે. તમે ફિકર કરશો નહિ. પરમાત્મા સૌ સારૂંજ કરશે.

ધારો કે એક ઘરમાં અગ્નિ સળગવાથી આખું ઘર 'ધુ ધુ' અવાજ કરતું સળગી રહ્યું છે. તે ઘરમાં મર્ફ રહેલું માણસ એક તરફ થોડો અગ્નિ જોઇ તે તરફ નિશ્ચિંત થવા જાય છે; પણ એવે સમયે ત્યાં પણ ભયંકર અગ્નિ સળગી ઉઠે છે; તેથી એ અગ્નિમાં ફસાઇ પડેલા માણસની જેવી સ્થિતિ થાય છે તેવીજ સ્થિતિ કૃષ્ણચંદ્રની થઈ!

ઘેરથી બહાર નીકળ્યા પછી બે માસ સુધી તે ઘણાં સ્થળોએ ફર્યો હતો. ઘણા લોકની તેણે ખુશામદ કરી હતી; છતાં તે એક સાધારણ ચાકરી પણ મેળવી શકયો નહોતો ! માસિક માત્ર દશ રૂપિયાનો પગાર આપીને પણ કોઇએ તેના સળગતા આત્માને શાન્ત કરવાની ઇચ્છા દર્શાવી નહોતી !

નિરાશાના ગાઢ નિશ્વાસો મૂકતો મૂકતો તે સાસરે આવતો હતો. સકળ શ્રમ વ્યર્થ થઈ પડવાથી પોતાના આત્માને જે દુઃખ થયું હતું તે દુઃખ સાસરે જવાથી દૂર થશે-આત્માને શાન્તિ મળશે એમ તેણે વિચાર્યું હતું; પરંતુ રસ્તે જે સમાચાર તેને મળ્યા તે ઉપરથી એ સમજી શકયો કે તેનું જીવન માત્ર દુઃખ ભોગવવાને માટેજ નિર્માણ

થયું છે! તેના ભાગ્યમાં સહજ પણ સુખશાન્તિ નથી!

મોહાંધ યુવક! આ અશાન્તિનો ભયંકર અગ્નિ તું જાતેજ ત્હારી પોતાની પાસે ખેંચી લાવે છે! ત્હેં ત્હારા ભાઇઓની સાથે મળી જઈને જો ત્હારી પોતાની સ્ત્રીને યોગ્ય શિક્ષણ આપી ગુણિયલ બનાવી આદર્શ આર્યપત્ની બનાવવાનો યત્ન કર્યો હોત તો ત્હારે માટે સ્વર્ગસુખ આ સંસારમાં નિર્માણ થયેલું હતું. એમ કરવાથી ત્હારે આવા અશાંતિના અગ્નિમાં રાત્રિ દિવસ બળી મરવું પડત નહિ—આવી રીતે નિરાધાર સ્થિતિમાં એક દિશાએથી બીજી દિશાએ ભટકીને દુઃખી થવું પડત નહિ.

કૃષ્ણચંદ્ર ધડકતી છાતીએ અને ચિંતાતુર મુખે સાસરે જઈ પહોંચ્યો. બારણાં આગળ જોડા કાઢી, હાથમાંની છત્રીને એક ખીંટીએ ભેરવી તેણે કહ્યું:—"હરિચરણ છે કે?"

હરિચરણ કૃષ્ણચંદ્રનો મ્હોટો સાળો થતો હતો. સંબંધમાં જેમ તે મ્હોટો હતો તેમ ઉમ્મરમાં પણ હરિચરણ કરતાં મ્હોટો હતો.

હરિચરણ ઘેર નહોતો. રસોડામાંથી એક રમણીએ પૂછ્યું:—"કોણ છે? હરિચરણભાઈ ઘેર નથી; દાકતરને બોલાવી લાવવાને ગયા છે."

"હું કૃષ્ણચંદ્ર છું." કૃષ્ણચંદ્ર ઉભો રહ્યો હતો, તે આમ કહીને જ્યાં ઉભો હતો ત્યાંજ બેસી પડયો.

જેણે રસોડામાંથી ઉત્તર આપ્યો હતો એ કૃષ્ણચંદ્રની વચટ સાળી થતી હતી. તેનું નામ યશોદા હતું.

તેણે ઉત્સુકતાથી કહ્યું:—"કોણ કૃષ્ણચંદ્ર! તમેજ આવ્યા છો? આવો, ભલે આવ્યા. મ્હારાં મંદા બહેનની તબિયત ઘણી બિમાર છે."

કૃષ્ણચંદ્રે નિરાશાથી દુઃખપૂર્ણ સ્વરે કહ્યું:—"હા હુંજ આવ્યો છું; જો ન આવ્યો હોત તો આટલું દુઃખ ભોગવવાનું વળી બાકી રહી જાત!"

યશોદાએ કૃષ્ણચંદ્રના છેવટના વાક્યને લક્ષ્યમાં લીધું નહિ. તેણે

એક આસન લાવીને પાથર્યું, તથા પોતાના ભાઇની ન્હાની છોકરી લીલીને એક લોટો પાણી ભરી લાવવાનું કહ્યું.

કૃષ્ણચંદ્રે પૂછ્યું:-"બા ક્યાં છે?"

યશો:-"ઓરડામાં-મંદા બહેન પાસે."

કૃષ્ણ:-તબિયત ઘણીજ બિમાર છે?

યશોદા:-હા, આજે ઘણી બિમાર છે. આખો દિવસ લવારો કર્યાં કરે છે-આંખો લાલચોળ થઇ ગઇ છે. વૈદે નાડી જોઇને એમ કહ્યું છે કે, નાડી પણ બરાબર ચાલતી નથી. રાત્રે બે વાગ્યે તાવ કાંઈક ઉતરે છે; પરંતુ એ વખતે તેના જીવનની ઘણી ચિંતા રહે છે. આથી કરીનેજ મ્હારા મ્હોટા ભાઇ દાકતર સાહેબને બોલાવી લાવવા ગયા છે.

કૃષ્ણચંદ્રે ઘણું દુઃખ પામીને પોતાના મન સાથે વિચાર્યું:-"મ્હને સકળ પ્રકારના દુઃખમાંથી મુક્ત કરવાને માટેજ મંદા સ્વર્ગમાં જશે! જેની પાસે સિલકમાં એક પણ પૈસો નથી તેમજ જે સમસ્ત વિશ્વમાંથી એક પણ પૈસો પ્રાપ્ત કરવાનું સ્થાન શોધી શકતો નથી તેને માટે આવું મૃત્યુ મંગળમય છે!" આમ વિચારતાંજ કૃષ્ણચંદ્રનાં બન્ને નેત્રોમાં જળ ભરાઇ આવ્યું. યશોદાથી ગુપ્ત રીતે તેણે પોતાનું ચક્ષુજળ સાફ કરી કહ્યું:-"ચાલો, એક વખત આપણે તેને જોઈ આવીએ."

યશોદા કૃષ્ણચંદ્રને સાથે લઇને ઓરડામાં જ્યાં આગળ મંદાકિની રોગશય્યા ઉપર વ્યાકુળતાથી પડી રહીને લવારો કર્યાં કરતી હતી ત્યાં ગઈ.

ઘરમાં જમીન ઉપર પથારી કરવામાં આવેલી હતી. તેની ઉપર બેભાન સ્થિતિમાં સૂઈ રહીને મંદાકિની લવારો કર્યાં કરતી હતી. ઉશિકાથી થોડે દૂર એક દીપક મંદ જ્યોતિથી બળી રહ્યો હતો. મંદાકિનીની માતા પુત્રીની રોગશય્યા પાસે બેસી રહી હતી-સમસ્ત ગૃહમાં મર્મભેદક ભયંકર શાન્તિ જણાતી હતી. પાડોસમાં રહેતી શિવગંગા પણ ઓરડાની દિવાલને અઢેલીને બેસી રહી હતી.

યશોદાએ કહ્યું:—"બા ! કૃષ્ણચંદ્ર આવ્યા છે."

આ વાક્ય સાંભળી માથા ઉપરનું કપડું સહજ આગળ ખેંચી કૃષ્ણચંદ્રની સાસુ રડી ઉઠી. રડતાં રડતાં તેણે કહ્યું:—"મ્હારી છોકરીને મ્હેં એવા જમાઇના હાથમાં સોંપી છે કે, તે એક પણ દિવસ સુખે રહી નથી. જમાઇએ હજી સુધી તેને એક રૂપાનો આંકડો સુદ્ધાં આપ્યો નથી. સંસારના દુ:ખથી—સાસુ વહુઓના ત્રાસથી મ્હારી પુત્રીની આવી ભયંકર સ્થિતિ થઈ ગઇ છે !"

શિવગંગા મ્હોટી ઉમ્મરની આધેડ સ્ત્રી હતી. તેણે કહ્યું:— "બહેન ! અનેક ઠેકાણે ફરતા ફરતા જમાઇ અહિં આવ્યા છે. હજી સુધી તેમના મુખ ઉપરનાં પસીનાનાં બિંદુઓ સુદ્ધાં સુકાયાં નથી, હજી તેમણે હાથ પગ ધોયા નથી—આ તરફ આપણી મંદા મરવા પડી છે અને આવા પ્રસંગે તું ઘરેણાંની વાત કાઢે છે તે ઠીક નહિ. જો કે ભય રાખવાનું કાંઇ કારણ નથી. આપણી મંદાને થોડા દિવસમાંજ આરામ થઇ જશે."

કૃષ્ણચંદ્રને નાડી તપાસતાં આવડતું હતું. તેણે સાસુનાં કઠોર વાગ્બાણ પ્રત્યે લક્ષ્ય નહિ આપતાં પત્નીનો હાથ પોતાના હાથમાં લઇ નાડી તપાસવા માંડી. થોડા સમય સુધી નાડી તપાસીને તેણે કહ્યું:— "આજે કોઇ પણ પ્રકારનો ભય રાખવાનું કારણ નથી. નાડી ઠીક ચાલે છે. જો દવા દારૂની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવશે તો જલદીથી આરામ થઈ જશે. માથા ઉપર લોહી ચઢી ગયું છે તેથીજ આવી રીતે બેભાન બની જઇને બકયા કરે છે."

શિવગંગાએ કહ્યું:—"હું પણ ત્રણ ચાર દિવસથી એમજ કહ્યા કરૂં છું. અહિંનો કાળિદાસ હજામ દવા કરે છે તેથીજ જલદીથી તબિયત સુધરતી નથી. પોતે હજામ તરીકે વિશેષ પ્રખ્યાત થાય તો વૈદ્યનો ધંધો ભાગી પડે એ હેતુથી તેણે પોતાનું નામ કાળિયાને બદલે કાળિદાસ જાહેર કર્યું છે. જો ભરૂચથી કોઇ સારા દાક્તરને બોલાવીને તેની દવા ચાલુ કરી હોત તો અત્યારે તો ક્યારનોય આરામ થઈ ગયો હોત !"

મંદાકિનીના માતાએ ભ્રુકુટી ચડાવીને કહ્યું:–“ એ બધું શ્રીમંતોને માલવે. મ્હારો હરિચરણ એકલો કેટલું ખરચ વેઠી શકે ? રોજ રોજ એવા મ્હોટા દાકતરોની ફી કેવી રીતે ભરી શકાય ?! કાળિદાસને તો જે આપીએ છીએ તેમાં તે સંતોષ માને છે. હવે જમાઇ આવ્યા છે; તેમની મરજી હશે તો તેઓ કોઇ સારા દાકતરની દવા ચાલુ કરશે !”

શિવગંગાએ કહ્યું:–“ તેઓ તો કરશેજને, એમનો કાંઈ છુટકો થવાનો છે ? કૃષ્ણચંદ્ર ! જાઓ, હાથ પગ ધોઈ થોડો સમય વિશ્રાંતિ લ્યો. ભય રાખવાનું કાંઇ કારણ નથી. હોય. દેહ છે. થોડો વખત દુઃખ પણ ભોગવવું પડે. હમ્મેશાં ભાગ્યમાં કાંઇ એકલુંજ સુખ ભોગવવાનું લખેલું હોય છે ?! ”

પ્રકરણ ૨ જું.

કૃષ્ણચંદ્રની હૃદય-વ્યવસ્થા.

મોડી રાત્રે હરિચરણ દાકતરને સાથે લઇને ઘેર આવી પહોંચ્યો. કૃષ્ણચંદ્રને જોઇ તેણે પૂછ્યું:–“ કયાંથી આવો છો ? ”

કૃષ્ણચંદ્ર:–ઘણાં સ્થળોએ ફરી ફરીને અહિં આવ્યો છું. કેમ તમારી પ્રકૃતિ તો સારી છે ને ?

હરિચરણ:–હા, પ્રકૃતિ તો ઠીકઠીક છે; પરંતુ તમે શા માટે ઘેરથી બ્હાર નીકળી પડ્યા હતા ? પરદેશમાં કાંઇ કામ હશે ?

કૃષ્ણચંદ્ર:–નોકરી મેળવવાને નીકળ્યો હતો.

હરિચરણ:–નોકરી મળી ?

કૃષ્ણચંદ્ર:–ના.

હરિચરણે પોતાની સાથે આવનાર ડૉકટરની કૃષ્ણચંદ્રની સાથે ઓળખાણ કરાવી. આ ડૉકટર કાળિદાસ હજામજ હતો. તેણે કહ્યું:– “ કેમ મહાશય ! તમે રોગીની તપાસ કરી કે ? ”

કૃષ્ણચંદ્ર:–હા, કરી છે. તો પણ મ્હને દવાદારૂના કામમાં વિશેષ

સમજ પડતી નથી, માટે તમેજ તપાસ કરો.

કાળિદાસ ડૉકટર જાતે હજામ હતો. નિશાળમાં તેણે માત્ર બીજી ચોપડી સુધીનોજ અભ્યાસ કર્યો હતો. ત્યાર પછી દેશમાં એકાએક મૅલેરિયાનો તાવ ફેલાતાં તેણે કેટલાક રોગીઓને ક્વિનાઇન ખવડાવી સાજા કર્યા હતા. ત્યારથીજ તેણે ડૉકટરની પદવી મેળવી હતી. (લોકો પાસેથી કે પોતાની જાતે એતો પરમાત્મા જાણે!) હમણાં હમણાં તેનો લોકોને ત્યાં ઘણો સારો પગપેસારો થયો હતો. તે શહેરમાંથી બે ચાર પ્રકારનું ઔષધ ખરીદી લાવી રોગીને આપતો હતો અને ધીમે ધીમે તે આ પ્રમાણે ડૉકટર બની ગયો હતો! પરંતુ દુઃખની વાત એ હતી કે, તે રોગની પરીક્ષા કરી શકતો નહિ તેમજ ઔષધની પસંદગી પણ કરી શકતો નહિ. એટલુંજ નહિ પરંતુ ક્વચિત જો કોઇ ઔષધના નામનો ઉચ્ચાર કરવો પડતો તો પણ તેની જીભ અટકી જતી હતી.

કાળિદાસ ડૉકટરે હરિચરણની સાથે રૉફમાંને રૉફમાંજ મંદાકિની વહુના ઓરડામાં પ્રવેશ કર્યો. ત્યાં જઇ તેનો હાથ પકડી મ્હોંડા પર હાથ ફેરવી, નેત્રો નિહાળી તે વિચાર કરતો ઉભો રહ્યો.

ગુન્હેગારની માફક કૃષ્ણચંદ્ર પણ તેની પાછળ પાછળ ગયો હતો. તેણે નમ્ર સ્વરે પૂછ્યું:—"દાકતર સાહેબ! કેમ, શું લાગે છે?"

મુખ ઉપર અસાધારણ ગાંભીર્ય લાવવાનો યત્ન કરતાં કરતાં કાળિદાસે કહ્યું:—"કૃમી રોગ છે."

કૃષ્ણચંદ્રના દુઃખની સીમા નહોતી તો પણ દાકતરનો ઉત્તર સાંભળી તેને હસવું આવ્યું; પણ તેણે મહામુશિબતે પોતાના હાસ્યને અટકાવી રાખીને કહ્યું:—"નાડીની સ્થિતિ કેમ છે?"

કાળિદાસઃ—પેટમાં બિગાડ થતાં જેવી નાડીની મંદ સ્થિતિ થઇ જાય છે, તેવી મંદ સ્થિતિ છે.

કૃષ્ણચંદ્રઃ—હું એમ પૂછતો નથી. હું એમ પૂછુંછું કે, બચી શકશે કે નહિ?

કાળિદાસઃ—હું કાંઇ ભવિષ્યવેત્તા છું કે, તમારા પ્રશ્નનો ઉત્તર આપી શકું ?

કૃષ્ણચંદ્રઃ—કેટલાકનું એમ કહેવું છે કે, આ તાવ ઉતરી જતાંની સાથેજ નાડી છૂટી જશે. તમને શું લાગે છે ?

કાળિદાસઃ—ના ના, એવું કાંઇ થનાર નથી.

કૃષ્ણચંદ્રઃ—પરંતુ થાય, અને નાડી છૂટી જાય તેમ જણાય તો કયું ઔષધ આપવું ?

કાળિદાસઃ—કેમ, બ્રાન્ટેકનો નંબર, કાઉમકો, સ્પિરિટ કોલેરા વગેરે—આનું મિક્ષ્ચર રોગીને માટે ઘણું ફાયદો કરતા છે. જો કોઇ રોગી મરવાની તૈયારી પર હોય છે, અને તેને આ મિક્ષ્ચર આપવામાં આવે છે તો તે પણ થોડા સમય સુધી વાતચિત કરી શકે છે.

કૃષ્ણચંદ્ર રજનીકાંતના ડૉકટરી અભ્યાસનાં પુસ્તકો લઇને કેટલીક વખત વાંચતો હતો. જો કે ઔષધોના નામના કાળિદાસથી બરાબર ઉચ્ચારો થઇ શકયા નહિ તો પણ તે એટલું તો સમજી શકયો કે એ ઔષધ હમણાંની સ્થિતિ પ્રમાણે કાંઈ છેક ખોટું નથી. તેણે કહ્યુંઃ—“ જો બની શકે તો એ ઔષધ આપો. ”

એક રૂમાલમાં ન્હાની ન્હાની ચાર શીશીઓ બાંધેલી હતી. રૂમાલ છોડી શીશીઓ બ્હાર કાઢી કાળિદાસે કહ્યુંઃ—“ એક સ્વચ્છ શીશી અને થોડું પાણી આપો. ”

તરતજ માગ્યા પ્રમાણે શીશી તેમજ પાણી આપવામાં આવ્યું. કાળિદાસે લેબલ વિનાની દવાની શીશીઓમાંથી કોઈમાંથી એક બિંદુ તો કોઈમાંથી બે બિંદુ નવી શીશામાં રેડયાં અને પછીથી તેમાં થોડું પાણી મેળવ્યું શીશીને બે ત્રણ વખત હલાવીને તેણે કહ્યુંઃ— “ આ દવા ત્રણ ત્રણ કલાકને અંતરે આપજો. છ વખતને માટે છે.”

દવાની સ્થિતિ જોઇને કૃષ્ણચંદ્રનું મન વિગળિત થયું. તે સમજી ગયો કે આવી કુચિકિત્સાથીજ મંદાકિનીને આરામ થતો નથી ! પરંતુ તે એક પણ શબ્દ બોલી શકયો નહિ. તે ઘરમાંથી ઉઠી પરસાળમાં જઇને બેઠો.

કાળિદાસ પોતાનું કામ પૂરૂં કરી એક માણસ તથા ફાનસ સાથે પોતાના નિવાસ સ્થાન તરફ ચાલ્યો ગયો.

કૃષ્ણચંદ્રે હાથ મ્હોં ધોઇ ફરીથી એક વખત પત્નીની પાસે જઇને તેની નાડીની પરીક્ષા કરી. તપાસ કરતાં તાવ ઉતરી જતો તેને માલૂમ પડયો; પરંતુ નાડીની સ્થિતિ તો પ્રથમના જેવીજ હતી. આથી તેને વિશ્વાસ બેઠો કે કદાચ તાવ ઉતરી જશે તો પણ તે સાથે નાડી છૂટી જશે નહિ.

ભોજન તૈયાર થયું. કૃષ્ણચંદ્ર હરિચરણ સાથે જમવા ઉઠયો. જમવા ઉપર તેને બિલકુલ રૂચિ નહોતી-તો પણ તે જમવા બેઠો.

જમી રહ્યા પછી તે પાછો પત્ની પાસે ફરીથી ગયો. હાથ ઉંચકી નાડીની પરીક્ષા કરી તો નાડીની સ્થિતિ ખરાબ થયેલી નહોતી. તાવ પણ ઓછો થઇ ગયો હતો.

મંદાકિનીની રોગશય્યા પાસે એકલી યશોદાજ બેઠી હતી, તેણે કૃષ્ણચંદ્રને કહ્યું:-"તમે વારંવાર અહિં આવો છો તેથી માતાજીથી અહિં બેસી શકાતું નથી; માટે જાઓ બ્હાર પરસાળમાં જઇને બેસો, જરૂર પડશે તો તમને બોલાવીશું."

કાંઈ પણ બોલ્યા ચાલ્યા સિવાય કૃષ્ણચંદ્ર પરસાળમાં ગયો. ત્યાં આગળ એક ગ્યાસલેટનો દીવો બળી રહ્યો હતો. વાયુનું જોર વિશેષ હોવાથી દીપકની જ્યોતિ ધ્રુજતી હતી. એક બાજુએ એક ચટાઇ પડી રહી હતી, તથા બીજી બાજુએ એક કામળ પાથરેલી હતી; એ કામળ ઉપર ધનો મજુર સૂઇ રહ્યો હતો.

કૃષ્ણચંદ્ર સમજી ગયો કે ચટાઇ તેને માટેજ નિર્માણ થયેલી છે તેથી તે ચિંતાતુર ચિત્તે ચટાઇ પર આડો થયો.

આ સમયે ધનાએ પાસું ફેરવીને પૂછયું:-"તમે બીડી પીશો કે?"

કૃષ્ણચંદ્રઃ-પરંતુ બીડી તૈયાર ક્યાંથી હશે?

"તેની ચિંતા તમારે શા માટે જોઇએ?" કહીને ધનો ઉઠયો. અલ્પ સમયમાંજ વિલાયતી ચીરૂટના જેટલી મ્હોટી બે બેડોળ દેશી

બીડીઓ તે બનાવી લાવ્યો; જે પૈકી એક તેણે સળગાવી તથા બીજી કૃષ્ણચંદ્રને આપી.

બીડી પીતાં પીતાં ધનાએ વાત શરૂ કરી તેણે પૂછ્યું:—"હમણાં તમે કાંઇ નોકરી કરતા નથી કે? એક દિવસે માજી પણ એમ કહેતાં હતાં."

કૃષ્ણચંદ્ર:—શું કહેતાં હતાં?

ધનો:—ન્હાની બ્હેનને તમે ઘરેણાં ઘડાવી આપ્યાં નથી તેથી તેઓ વારંવાર ઘણાં પસ્તાય છે.

કૃષ્ણચંદ્ર આ વાક્ય પર કાંઇ બોલ્યો નહિ. તેને શાન્ત જોઇને ધનો પણ સમજી ગયો કે આ વાત જમાઇરાજને ગમતી નથી. તેણે તરતજ વાત ફેરવીને કહ્યું:—"બહેનને તાવ કેમ આવે છે તે હું જાણું-છું. સાધારણ તાવ હોય તો આટલા દિવસથી દવાદારૂ કરવામાં આવે છે એટલે મટી ગયા સિવાય રહે કે? પરંતુ આ તો ભૂત વળગ્યું છે ભૂત. જુઓને! એ ભૂત કેટલો બધો બકવાદ કરે છે? આવી સ્થિતિમાં તો જેમ જેમ વધારે દવાઓ કરીએ તેમ તેમ તબિ-યતમાં વિશેષ બિગાડ થાય છે. આ કામ તો ભુવાઓ તેમજ ફકીરોનાં હોય છે. તેઓ આ ભૂત પ્રેત વગેરેને હાંકી કાઢવામાં ઘણા ઉસ્તાદ હોય છે. આપણા ગામમાં પણ એક સાંઇ રહે છે. તેને બોલાવીએ તો બ્હેનને તરત આરામ થઇ જાય તેમ છે.

કૃષ્ણચંદ્રે આ વાક્યોના ઉત્તરમાં પણ કાંઇ કહ્યું નહિ. ધનો એમ સમજ્યો કે જમાઇરાજ ઉંઘી ગયા છે: તેથી તે પણ પાસું ફેરવી સૂઇ ગયો અને થોડા સમયમાંજ તેણે નાસિકાના અવાજથી સમસ્ત ઘરને ગજવી મૂકયું.

કૃષ્ણચંદ્રને નિદ્રા આવતી નહોતી. તે ચિંતાતુર ચિત્તે, દુઃખી હૃદયે ઘણા સમય સુધી શય્યામાં પડી રહ્યો. ત્યાર પછી તે એક વખત છુપી રીતે ઘરમાં જઇને મંદાકિની વહુ જે ઓરડામાં સૂઇ રહી હતી ત્યાં ડોકિયું કરી આવ્યો. પરંતુ ત્યાં તેને સંપૂર્ણ શાન્તિ માલૂમ પડી. ત્યાર પછી તે ઘરમાંથી બ્હાર પરસાળમાં આવ્યો. એક

વખત આકાશ તરફ દૃષ્ટિ ફેરવી. શુક્લપક્ષની રાત્રિ હતી; સૌંદર્યપૂર્ણ તારાઓથી પૃથિવી ઉપર અમૃત ઝરી રહ્યું હતું; પરંતુ કૃષ્ણચંદ્રને એ અમૃત ઝેર જણાયું. સર્વ તારકો જ્યોતિ વિનાના જણાયા. જાણે કે, તેમનામાં પ્રાણ નથી, ગગનને શોભાવે એવું સાંદર્ય નથી. પ્રકૃતિની અપૂર્વ સુંદરતા જાણે કે ઉડી ગઇ છે. સુગંધિત મલયવાયુમાં વિદ્યુતની જ્વાળા જણાય છે. પવન દુર્ગંધપૂર્ણ લાગે છે. પક્ષીઓનો મધુર કંઠરવ જાણે કે મર્મભેદક રૂદન સમાન સમજાય છે. સરિતાના પ્રવાહનું મધુર સંગીત કરૂણારસથી પરિપૂર્ણ જણાય છે.

એવામાં એકાએક કૃષ્ણચંદ્રે મંદાકિની વહુને મ્હોટેથી રૂદન કરતી સાંભળી. તે જલદીથી ઘરમાં જવાને તૈયાર થયો; પરંતુ કોઈ આવીને પરસાળનું બારણું બંધ કરી ગયું હતું. તરતજ કૃષ્ણચંદ્રે હરિચરણને હાંક મારી. ઘણી હાંકો માર્યા પછી તેના સાળાએ ઉત્તર આપ્યો.

દુઃખી પથિકના જેવા અતિ નમ્ર સ્વરે કૃષ્ણચંદ્રે કહ્યું:-“ તમારી બહેન રૂદન કર્યા કરે છે. એક વખત મ્હને તેની તબિયત તપાસવા દ્યો.”

હરિચરણે શય્યામાં સૂતાં સૂતાંજ કહ્યું:-“ એ તો હમ્મેશાં રાત્રે આમ કરે છે. તમે તમારે નિરાંતે સૂઇ રહો. માતાજી ત્યાં છે. ફિકર કરશો નહિ.”

કેદમાં પડેલા-જંજીરોથી જકડાયલા પુરૂષની કમ્મર પર ચઢવાને મમતાળુ પુત્ર જેમ આકુળ વ્યાકુળ બની જાય, શિકારીના તીક્ષ્ણ બાણથી વિંધાયલી, મૃત્યુના કરાળ મુખમાં પડેલી હરિણીને જેવું દુઃખ થાય તેવુંજ દુઃખ કૃષ્ણચંદ્રને થવા લાગ્યું. તેણે બારણાં ઉઘાડવાને માટે ફરીથી કહ્યું; પરંતું “ કાંઇ જરૂર નથી ” એવો ઉત્તર આપીને તેનું કહેવું હરિચરણે સાંભળ્યું નહિ ! હૃદયવેદનાને હૃદયમાંજ સમાવી રાખી કૃષ્ણચંદ્ર વ્યાકુળતાથી પાછો પથારીમાં પડયો.

પ્રકરણ ૩ જું.

ઔષધની વ્યવસ્થા.

પ્રભાતકાળે કૃષ્ણચંદ્રને થોડીઘણી નિદ્રા આવી; પરંતુ એ નિદ્રા ઘણા થોડા સમયને માટે હતી. એકાએક તેની નિદ્રા ઉડી ગઇ. નિદ્રા ઉડી જતાં માલૂમ પડયું કે, તેની છાતી ઘણા જોરથી ધબકારા કરી રહી હતી. દેહ તથા મન તદ્દન થાકી ગયાં હતાં.

હજી સુધી ઘરમાં કોઇ ઉઠયું નહોતું. રાત્રે ઘણા વખત સુધી જાગવું પડેલું હોવાથી સૌ અદ્યાપિ નિદ્રાધીન હતાં. મંદાકિનીએ પણ શાંતિ ધારણ કરેલી જણાતી હતી.

કૃષ્ણચંદ્રે ઉઠીને ધનાને જગાડયો. તેણે ઉઠી આંખો ચોળતાં ચોળતાં કહ્યું:–“ બીડી પીશો કે ? ”

કૃષ્ણચંદ્ર:–ના. મ્હારે તને એક વાત કહેવાની છે તેથીજ તને ઉઠાડયો છે. મ્હારે ભરૂચ જવું છે. ત્યાંથી પાછા ફરતાં મ્હને વિલંબ થાય તો તું હરિચરણને કહેજે કે, હું ભરૂચવાળા ચંદ્રશંકર ડૉકટરને બોલાવવા ગયો છું.

ધનો:–ઠીક, કહીશ. બધાંના જીવને શાંતિ વળે, પણ તમારા જીવને કયાંથી વળે ? વળી બાયડીને દુ:ખી જોઇ કયો ધણી સ્થિરતા ધારણ કરી રહે ? ચંદ્રશંકર ડૉકટર ભરૂચમાં ઘણા પ્રખ્યાત છે. તેઓ મરતા માણસને પણ બચાવી શકે છે તેમ સાંભળ્યું છે !

કૃષ્ણચંદ્રે પોતાનાં કપડાં મરસાળમાં ઉતારેલાં હતાં તેથી ઠીક હતું; નહિ તો તેને ભરૂચ જવામાં અડચણ નડત. તે કપડાં પહેરી ચાલી નીકળ્યો. વિલાયત ગામથી ભરૂચ આશરે ચાર ગાઉ દૂર હોવાથી કૃષ્ણચંદ્ર ઘણીજ ઉતાવળથી ચાલવા લાગ્યો.

આ સમયે પૂર્વ દિશામાં ઉષાની જ્યોતિ પ્રકાશી રહી હતી. ઠંડો પવન વાતો હતો એટલે કૃષ્ણચંદ્રને જલદીથી ચાલતાં હરકત નડી નહિ.

લગભગ સ્હવારે આઠ વાગ્યે કૃષ્ણુચંદ્ર ચંદ્રશંકર ડૉક્ટરને ત્યાં જઈ પહોંચ્યો. દવાખાનામાં જતાં તેને માલૂમ પડયું કે, હજી ડૉક્ટર સાહેબને આવવાને થોડા સમયનો વિલંબ છે તેથી કૃષ્ણુચંદ્ર બ્હાર પડેલી એક બેંચ ઉપર બેસી પોતાના દુર્ભાગ્યનો વિચાર કરવા લાગ્યો. જોત જોતામાં તો ઘણાં માણસો દવા લેવાને માટે આવી પહોંચ્યાં. કોઈ રોગી પુત્રને કમ્મર પર લઇને, કોઇ માત્ર હાથમાં ખાલી શીશી લઇને, તો કોઇ વૃદ્ધ પોતાના દેહભારને લાકડીના ટેકાથી ખેંચી આણીને દવાખાનામાં હાજર થયો.

કેટલોક સમય પસાર થયા પછી ડૉક્ટર સાહેબ આવી પહોંચ્યા. તેમણે કોટ પેન્ટ, કૉલર, ટાઇ વગેરેથી પોતાના શરીરને શોભાવ્યું હતું તથા મુખમાં સીઝર સીગાર હતી. ખુરસી ઉપર બિરાજી પ્રથમ તેઓ એક પછી એક જૂના સર્વ રોગીની ચિકિત્સા કરી અનેક પ્રકારના પ્રશ્નો પૂછી પ્રિસ્ક્રિપશન લખવા લાગ્યા, તથા તેમની દવાની વ્યવસ્થા કરીને તેમને વિદાય કર્યા. પછીથી તેમણે નવા રોગીઓના રોગની હકીકત સાંભળી તેમની દવાની પણ વ્યવસ્થા કરી.

છેવટે જ્યારે ડૉક્ટર સાહેબ ચાલ્યા જવાની તૈયારી કરવા લાગ્યા ત્યારે કૃષ્ણુચંદ્રે તેમની પાસે જઇને નમ્ર સ્વરે કહ્યું:—“ હું આપની પાસે એક વિનંતિ કરવા આવ્યો છું. મ્હારે શિરે મ્હોટું સંકટ આવી પડયું છે. આપ કૃપા નહિ કરો તો મ્હારા શિર પરનું સંકટ દૂર થનાર નથી. ”

ચંદ્રશંકર:—કેમ શું છે કહો ?

કૃષ્ણુચંદ્ર:—હું મ્હારે ઘેરથી નીકળી લગભગ બે માસ સુધી બ્હાર ગામ ફરી ગઈ કાલે રાત્રિને સમયે વિલાયત મ્હારે સાસરે આવ્યો છું. ત્યાં મ્હારી પત્ની ઘણી બિમાર થઇ ગઇ છે.

ચંદ્રશંકર:—શો રોગ છે ?

કૃષ્ણુચંદ્ર:—ચોવીસ કલાકમાં માત્ર થોડા સમયને માટેજ તાવ ઉતરે છે; વળી માથામાં ઘણું લોહી ચઢી ગયેલું માલૂમ પડે છે. બેભાન સ્થિતિમાં વારંવાર બકયા કરે છે.

ચંદ્રશંકરઃ—કોની દવા ચાલે છે?

કૃષ્ણચંદ્રઃ—કાળિદાસ હજામની દવા ચાલે છે; પરંતુ એની દવા કરાવવા કરતાં બિલકુલ દવા નજ કરવી સારી છે.

ચંદ્રશંકર ડૉક્ટરે મૃદુહાસ્ય કરીને કહ્યું:—"બીજું કાંઇ!"

કૃષ્ણચંદ્રઃ—બીજું કાંઇ શું? હું આપની સંપૂર્ણ દયાનો ભિખારી થઈને આપને બારણે આવ્યો છું.

ચંદ્રશંકરઃ—તમે શું કહેવા માગો છો, તે હું સમજી શકતો નથી.

કૃષ્ણચંદ્રઃ—જુઓ, મ્હારા પર દયા લાવીને સાંભળો. હું એક પણ પૈસો સાસરે આવ્યો ત્યારે સાથે લાવ્યો નથી. હું દરિદ્ર છું. સ્ત્રીના શરીર ઉપર એક પણ અલંકાર નથી કે તે વેચી હું પૈસા મેળવી શકું. વળી દવા નહિ થાય તો એ બચી શકે તેમ નથી. તેથી કરીને તમે આ ગરીબના ઉપર દયા લાવો. આપને મ્હારી સાથે વિલાયત કે જેનું મૂળ નામ વેરિમ છે ત્યાં આવવું પડશે. વળી જ્યાં સુધી રોગ નહિ મટે ત્યાં સુધી આપને દયાભાવે દવા આપવી પડશે. હું આવતી કાલે રૂપિયાની વ્યવસ્થા કરીશ; પરંતુ કયાંથી મેળવી શકીશ તે કાંઈ નક્કી નથી. આપ દરિદ્રીની પાસેથી જેટલી રકમ લેતા હશો તેટલી રકમ હું અવશ્ય આપીશ. દરિદ્રને જીવન તેમજ શાંતિ-દાન દેવાથી પરમકૃપાળુ પરમાત્મા તમારૂં કલ્યાણ કરશે.

ચંદ્રશંકરે થોડા સમય સુધી વિચાર કરીને પૂછ્યું:—"તમારા શ્વસુરનું નામ શું છે?"

કૃષ્ણચંદ્રે ધ્રુજતા સ્વરે કહ્યું:—"મ્હારા શ્વસુર કેટલાંક વર્ષથી મૃત્યુ પામેલા છે. મ્હારા સાળાનું નામ હરિચરણ છે."

ચંદ્રશંકરઃ—હરિચરણને તો હું જાણું છું. તેમના ઘરની સ્થિતિ કાંઈ તદ્દન ખરાબ નથી. હરિચરણની બહેન બિમાર છે, તો પછી દવાના પૈસા તે નહિ ખરચે?

કૃષ્ણચંદ્રઃ—ડૉક્ટર સાહેબ! મ્હારી સ્થિતિ જો સારી હોત—મ્હારી પાસે જો રૂપિયા હોત તોજ મ્હારી સ્ત્રીની ભયંકર બિમારીને પ્રસંગે મ્હારો સાળો પૈસા ખરચત. "જે દરિદ્ર છે તેને માટે આ

સંસારમાં કોઇ સગું વ્હાલું પણ પૈસા ખરચતું નથી."

આટલું બોલતાં બોલતાંમાં તો કૃષ્ણચંદ્રની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. ડૉકટર સાહેબ સમજ્યા કે, આ ચિંતાપૂર્ણ દુઃખ-સાગરના તીવ્ર તરંગો છે. તેમણે કહ્યું:—" હું આવીશ, અને ઔષધ આપીશ. તમે ધીમે ધીમે તમારી સગવડે મ્હને રૂપિયા આપજો."

કૃષ્ણચંદ્રે આંખોમાંનાં આંસુ સાફ કરીને કહ્યું:—" પરમાત્મા આપનું કલ્યાણ કરો—આપને ચિરાયુ કરો."

ચંદ્રશંકર:—જો કે હું તમારૂં ગાડી ભાડું બચાવવાની ખાતર સાયકલ પર બેસીને આવીશ, પરંતુ ઔષધની પેટી કોણ ઉચકી લેશે?

કૃષ્ણચંદ્ર:—હુંજ ઉચકી લઇશ.

ચંદ્રશંકરે નમ્ર સ્વરે કહ્યું:—" તમે તો કોઇ સદ્‌ગૃહસ્થ જણાઓ છો?"

કૃષ્ણચંદ્ર:—ડૉકટર સાહેબ! જેની પાસે રૂપિયા નથી તેને સદ્‌-ગૃહસ્થ કેમ કહી શકાય? જો હું ઔષધ ન લઇ જાઉં તો મ્હારી સ્ત્રી બચી શકે તેમ નથી.

ચંદ્રશંકર:—એક કામ કરો. આજે એક માણસને સાથે લઇ લ્યો: તેને ચાર આનાના પૈસા આપજો. પછી આવતી કાલથી તમે શીશી લાવીને દવા લઇ જજો.

કૃષ્ણચંદ્રની પાસે આઠ આનાના છૂટા પૈસા હતા. તેણે ડૉકટર સાહેબનું કહેવું કબૂલ કર્યું.

ચંદ્રશંકર:—ત્યારે તમે ચાલવા માંડો. મ્હને આવતાં વિલંબ નહિ થાય. હું થોડા સમયમાંજ આવીશ. ઔષધની પેટી આપું છું તે મજુર સાથે ઉચકાવી જાઓ.

તરતજ મજુરની વ્યવસ્થા કરી, તેની પાસે ઔષધની પેટી ઉચ-કાવી ઉત્સાહિત ચિત્તે કૃષ્ણચંદ્ર વિલાયત ગામ પાછો ફર્યો.

ઘેર જતી વખતે તેણે બજારમાંથી ચૌદ પૈસાનો ઘઉંનો લોટ ખરીદી લીધો.

પ્રકરણ ૪ થું.

મિત્રની મુલાકાત.

ચંદ્રશંકર ડૉકટરે આવીને રોગીની ચિકિત્સા કરી કહ્યું:–"કોઈ પણ પ્રકારનો ભય નથી. જો પ્રથમથીજ વિચાર કરીને ઉત્તમ પ્રકારની દવાની વ્યવસ્થા કરી હોત તો રોગ આટલો વધી જાત નહિ. કાળિદાસ હજામની દવાથીજ રોગિણીને આટલું બધું દુઃખ વેઠવું પડે છે."

ડૉકટર ચંદ્રશંકર દવા આપીને ચાલ્યા ગયા. શિવગંગા ત્યાં હાજર હતી. ડૉકટરના ચાલ્યા ગયા પછી તેણે કહ્યું:–"કૃષ્ણચંદ્ર પાસે પૈસા નંહોતા તો પણ તેઓ દાકતરને બોલાવી લાવ્યા. ઘરના માણસને દુઃખ પડતું જોઇને કયા ધણીને દુઃખ ન થાય? ગમે એમ પણ મંદાકિનીનો પતિ છે ને!"

કૃષ્ણચંદ્રની સાસુને આ વચનો ગમ્યાં નહિ. તેણે કહ્યું:–"શું કરીએ બહેન! અમે પણ અમારી શક્તિ પ્રમાણે દવા કરી છે. હવે એમના માણસની દવા એજ કરાવશે."

શિવગંગાઃ-હાસ્તોને, તેમનો કાંઇ છૂટકો છે? થોડો લોટ પણ ખરીદી લાવ્યા છે.

સાસુઃ–તેમાં શું થઈ ગયું? લોટ લાવીને ઉલટું અમારૂં મ્હોં નીચું કર્યું છે? શું અમે અમારી છોકરીને બરાબર ખાવાનું પણ નહિ આપતાં હોઇએ! આવો જમાઇ તો મ્હેં એક પણ જોયો નહિ.

શિવગંગાઃ–જમાઇનો શો દોષ છે? દાકતરે ઘઉંના લોટનો ખોરાક આપવાની સલાહ આપી હશે અને કદાચ ઘરમાં લોટ તૈયાર નહિ હોય, એમ ધારીનેજ લઇ આવ્યા હશે.

આ સમયે બ્હાર પરસાળમાંથી કૃષ્ણચંદ્રે કહ્યું:–"માજી! હરિચરણ ક્યાં ગયા છે? મ્હારે થોડા વખતને માટે બ્હાર ગામ જવું છે."

શિવગંગા:—અત્યારે થાક્યા પાક્યા શું કામ જાઓ છો ? ખાઇ પીને જજો.

કૃષ્ણચંદ્ર:—ના ના, સાંજે તો હું પાછો આવવાનો છું. લગભગ અહિંથી બે ગાઉ દૂર જવું છે.

સાસુ:—જો ગયા વગર નજ ચાલે તેમ હોય તો જઈ આવો. હરિચરણ તો ખેતરમાં ગયો છે. ઘરમાં યશોદા છે. હં, પણ ક્યા ગામ જવું છે ?

કૃષ્ણચંદ્ર:—વીરપુર.

આમ કહીને કૃષ્ણચંદ્ર ઘરમાં કપડાં પહેરવા ગયો, તો ત્યાં આગળ તેની સાળી યશોદા બેઠી બેઠી ચોખા વીણતી હતી. કૃષ્ણચંદ્રે તેને કહ્યું:—“ હું અત્યારે જમવાનો નથી. ”

યશોદા:—કેમ ?

કૃષ્ણચંદ્ર:—મ્હારે હમણાંને હમણાં વીરપુર જવું છે. ત્યાંથી સાંજે પાછો આવવાનો છું.

યશોદા:—જમીને જશો તો શી હરકત છે ?

કૃષ્ણચંદ્ર:—જે દરિદ્ર છે તેને જમવાની શી ચિંતા હોય છે ? ત્યાં જઇનેજ જમીશ.

યશોદા:—એટલા વહેલા જવાની શી જરૂર છે ?

કૃષ્ણચંદ્ર:—ડૉકટરને એક પણ પૈસો આપ્યો નથી. તેમને થોડી ઘણી રકમ આપ્યા સિવાય ચાલે તેમ નથી, તેથી રૂપિયાની વ્યવસ્થા કરવાને ત્યાં જાઉં છું.

યશોદા:—ત્યાં તમારૂં કોઇ ઓળખીતું માણસ છે કે શું ?

કૃષ્ણચંદ્ર:—હા, ત્યાં મ્હારો એક મિત્ર છે. તેના ઘરની સ્થિતિ ઘણી સારી છે. મ્હારા આવા સંકટની હકીકત જાણવામાં આવ્યાથી તે મ્હને થોડી ઘણી રકમ અવશ્ય ઉછીની આપશે.

યશોદા:—આજે પાછા તો આવશોને ?

કૃષ્ણચંદ્ર:—હા, સંધ્યા સમયે જરૂર આવીશ. ઔષધ બરાબર નિયમ પ્રમાણે પાવાની સંભાળ રાખજો.

યશોદાએ માથું હલાવી સંમતિ દર્શાવી. કૃષ્ણચંદ્ર કપડાં પહેરી ચાલી નીકળ્યો.

જ્યેષ્ઠ માસનો દિવસ હતો. મધ્યાન્હનો સમય હતો. ચોતરફ લાહ્ય લાહ્ય વરસી રહી હતી. છાયાનું ચિહ્ન સુદ્ધાં નહોતું. પ્રચંડ પ્રભાકરની ગરમીથી પૃથિવીએ અગ્નિદેવનું સ્વરૂપ ધારણ કર્યું હતું. વાયુ બિલકુલ વાતો નહોતો. આવા ભયંકર સમયે ત્રણ ગાઉનો માર્ગ વટાવીને કૃષ્ણચંદ્ર વીરપુર જઈ પહોંચ્યો.

જ્યારે તે પોતાના મિત્રને ત્યાં જઈ પહોંચ્યો ત્યારે તેનું સર્વાંગ પસીનાથી ભીંજાઈ ગયું હતું. આ સમયે તેનો મિત્ર બારી બારણાં બંધ કરીને નિદ્રાધીન થઈ ગયો હતો. કૃષ્ણચંદ્રના આગમનના સમાચાર સાંભળી તે તરતજ ઉઠ્યો અને મિત્રનો યોગ્ય સત્કાર કરી તેણે કુશળ સમાચાર પૂછ્યા.

કૃષ્ણચંદ્રે શુષ્ક કંઠે કહ્યું:—"મ્હારે શિરે મ્હોટું સંકટ આવ્યું છે. મ્હારી પત્ની ઘણી બીમાર થઇ ગઇ છે."

મિત્રે આશ્ચર્ય પામી પૂછ્યું:—"શો રોગ થયો છે?"

કૃષ્ણચંદ્ર:—જ્વર—વિકાર.

મિત્ર:—કોની દવા ચાલે છે?

કૃષ્ણચંદ્ર:—ભરૂચના ચંદ્રશંકર ડૉકટરની.

મિત્ર:—હા, એ ડૉકટર ઘણા પ્રખ્યાત છે. ઠીક છે, હમણાં તો તમે સ્નાન કરી જમી લ્યો. તમારૂં મુખ ઘણું સુકાઇ ગયું છે.

કૃષ્ણચંદ્રે તરતજ સ્નાન કરી નજીવું જમી લીધું. ત્યાર પછી તેનો મિત્ર તેને પોતાના દિવાનખાનામાં લઈ ગયો, કે જ્યાં ઘણી ઠંડી જણાતી હતી. મિત્રે કહ્યું:—"કૃષ્ણચંદ્રભાઇ! હમણાં થોડો સમય સૂઈ જાઓ."

કૃષ્ણચંદ્ર:—ભાઇ! જેના હાથમાં એક પણ પૈસો નથી, જે નિરાધાર છે, સગાં વ્હાલાંથી વિખુટો છે, તદુપરાંત જેની સ્ત્રી જ્વર-વિકારથી મરવા પડી છે તેને સુખમય નિદ્રા કેવી રીતે આવી શકે! મ્હોટી મુશ્કેલીમાં ફસાઈ પડેલો હોવાથીજ અહિં આવ્યો છું.

મિત્રઃ—તમે જે કર્યું છે તે સારૂં કર્યું નથી. ભાઈ ભાઇની સાથે વિરોધ કરી જુદા થવાથી સારૂં પરિણામ આવતું નથી એમ હું તમને પહેલાં પણ કહેતો હતો. હવે મ્હારાં ભાભીને આરામ થાય એટલે તેમને સાથે લઇને બારોબાર ઘેરજ જઇને રહેજો, અને સગાં વ્હાલાં સાથે સંપ રાખી તમારા દિવસો કાઢજો.

કૃષ્ણચંદ્રઃ—ઠીક છે; એ બધી વાત પછી કરીશું. હમણાં તો મ્હને પચાસ રૂપિયા ઉછીના આપો. આ કામ માટેજ મ્હારે અહિં આવવું પડયું છે.

મિત્રઃ—જો કે રૂપિયા આપવામાં મ્હને કોઇ જાતનો વાંધો નહોતો; પરંતુ હાલ તરત મ્હારી પાસે એક પણ પૈસો નથી. જે રકમ ઘરમાં સિલકે હતી તે આજે સ્હવારેજ એક માણસને ઉછીની આપી છે.

કૃષ્ણચંદ્રઃ—ગમે તેમ હોય પણ મ્હારા આ સંકટ સમયે તમારે મ્હને મિત્રભાવે મદદ કરવી પડશેજ. હું હાથચિઠ્ઠી લખી આપું છું. તમે જાણો છો કે, અમારા ઘરમાં તથા જમીનમાં મ્હારો ભાગ છે. મ્હારો ભાગ વેચી નાંખવામાં આવે તો પચાસ રૂપિયા વ્યાજ સાથે મળે એ નિઃસંદેહ છે. કોઈ પણ પ્રકારનો બીજો વિચાર મનમાં લાવશો નહિ. હું મ્હોટા સંકટમાં ફસાયો છું તથા દૃઢ આશાથી અહિં આવ્યો છું.

મિત્રઃ—મ્હારી પાસે તો રૂપિયા નથી; પરંતુ કદાચ બહેનની પાસે વિસ પચિસ રૂપિયા હશે!

કૃષ્ણચંદ્રઃ—ગમે તેની પાસેથી લઇને મ્હને આપો. ભાઈ વિસ પચિસ રૂપિયાથી ચાલી શકે તેમ નથી; ઓછામાં ઓછા ચાળિસ રૂપિયા તો જોઇએજ.

મિત્રઃ—પછીથી જોઇશું; હમણાં તો થોડો વખત સૂઈ જાઓ.

કૃષ્ણચંદ્રઃ—મ્હને ઉંઘ આવશે નહિ. તમે પણ મ્હારે દુઃખે દયા ભાવે આજનો દિવસ દુઃખી થાઓ અને ઉંઘશો નહિ. ઘરમાં જઇને સઘળી વ્યવસ્થા કરી આવો.

મિત્રઃ—મ્હારાથી બની શકશે ત્યાં સુધી તો હું અવશ્ય કરીશ. આવા સખ્ત તાપમાં કાંઇ થઇ શકે તેમ નથી. તાપ ધીમો પડતાં જોઇ લેવાશે. હમણાં તો સૂઇ રહો.

આમ કહીને કૃષ્ણચંદ્રનો મિત્ર દિવાનખાનામાં પડેલા એક કોચપર સૂઇ રહ્યો. કૃષ્ણચંદ્ર આરામ ખુરસીમાંજ નિરૂપાયે આડો થયો. અલ્પ સમયમાં તો તેનો મિત્ર નિદ્રાધીન થઇ ગયો.

કૃષ્ણચંદ્રને ઉંઘ આવી નહિ. તે ભયંકર મર્મભેદક દુઃખને મહા મુશિબતે સહન કરીને ખુરસીમાં પડી રહ્યો. ધીમે ધીમે ઘણો વખત વીતી ગયો. સંધ્યા સમયને પણ વિશેષ વિલંબ રહ્યો નહિ. આમ છતાં કૃષ્ણચંદ્ર પોતાના મિત્રની નિદ્રાનો નાશ કરવાનું સાહસ કરી શકયો નહિ. જો તે સંકટમાં પડીને રૂપિયાને માટે ન આવ્યો હોત તો તેણે કોઈ પણ પ્રકારના સંકોચ સિવાય મિત્રની નિદ્રાનો નાશ કર્યો હોત; પરંતુ આજે તેનાથી એવું સાહસ થઈ શક્યું નહિ. બરાબર સાંજના છ વાગ્યે કૃષ્ણચંદ્રના મિત્રની નિદ્રાનો ભંગ થયો. તેણે ઉઠીને પૂછ્યું:—“ તમે ઉંઘ્યાજ નથી કે શું ? ”

કૃષ્ણચંદ્રઃ—દરિદ્રી પુરૂષનાં નેત્રોમાં કદાપિ ઉંઘ આવતી નથી.

મિત્રઃ—(હસીને) તમે તો વહુઘેલા જણાઓ છો. ‘ ભાગ્યવાનની સ્ત્રી મરે અને અભાગિયાનો ઘોડો મરે એ બરાબર છે ’ તો પછી તેને માટે આટલી બધી ચિંતા કરવાનું કાંઇ કારણ? જો મ્હારાં ભાભી મરી જાય તો બીજાં લાવજો—વિવાહનું બજાર આજકાલ ઘણું સસ્તું થઈ ગયું છે!

કૃષ્ણચંદ્રઃ—મ્હારા જેવા દરિદ્રને માટે સ્ત્રી ન હોય એમાંજ કલ્યાણ છે; પરંતુ એક માણસ સેવા ચાકરીના અભાવથી મરી જાય એના જેવો શોચનીય બીજો કયો પ્રકાર હોઇ શકે ?

મિત્રઃ—જેઓ રૂપિયા ખરચીને ચંદ્રશંકર ડૉકટરની દવા કરાવી શકતા નથી તેમના ઘરનું રોગી માણસ મરી જતું હશે કે? વળી ચંદ્રશંકર ડૉકટરની ફી કાંઈ એટલી બધી વધારે નથી કે તમે ધારો છો એટલા રૂપિયાની જરૂર પડે. તેમની વિઝિટ ફી માત્ર બે રૂપિયા છે.

કૃષ્ણચંદ્રઃ—રોગ ગંભીર છે. તેમને કેટલી વખત તપાસ માટે આવવું પડશે તે કોણ જાણે છે! તે સિવાય દવાની કીંમત, પથ્ય વગેરેનું ખરચ પણ કરવાનું છે.

મિત્રઃ—પથ્યની વસ્તુઓ પણ તમારે ખરીદવાની છે કે? તેનો ભાઇ કાંઇ ખરચશે નહિ?

કૃષ્ણચંદ્રઃ—દરિદ્ર પુરૂષની પત્ની માટે કોણ ખરચે?

મિત્રઃ—તો પછી મ્હારાં ભાભીને ત્યાં શા માટે રાખી મૂકો છો? ગુસ્સે ભરાશો નહિ. તમે સ્ત્રીને આધીન થઈ ગયા છો, તેથીજ તે જેમ કહે છે તેમ કરો છો. આજે જો તમે સ્ત્રી સહિત તમારા ઘરમાં હોત તો તમારે આટલું બધું દુઃખ તેમજ અભાવ સહન કરવાં પડત કે?

કૃષ્ણચંદ્રઃ—હમણાં ઘરની સ્થિતિ પણ ઘણી દુઃખપૂર્ણ છે.

મિત્રઃ—તો પણ તે પોતાનું ઘર કહેવાય!

આમ કહીને કૃષ્ણચંદ્રનો મિત્ર ઉઠી ઘરમાં ગયો. કૃષ્ણચંદ્ર જ્યાં બેઠો હતો ત્યાંજ બેસી રહીને આકાશ પાતાળ તેમજ વિશ્વ—બ્રહ્માંડની ચિંતા કરવા લાગ્યો.

ઘણા વખત પછી તેનો મિત્ર તેની પાસે પાછો આવ્યો. તેનાં પગલાંના પ્રત્યેક અવાજ પર કૃષ્ણચંદ્રનું હૃદય કંપવા લાગ્યું. કદાચ તે એમ કહે કે, "રૂપિયાની વ્યવસ્થા થઈ શકી નથી તો?!" પરંતુ તેણે આવીને એમ કહ્યું નહિ. હાથચિઠ્ઠી લખી આપવાનું કૃષ્ણચંદ્રે કબૂલ કરેલું હોવાથી તેનો અવિશ્વાસ દૂર થઇ ગયો હતો; છતાં તે ત્રિસ રૂપિયાજ લઈ આવ્યો. કારણ કે તેણે ત્રિસ રૂપિયાનું ત્રણ વર્ષનું વ્યાજ ગણીનેજ રૂપિયા આપવાનું યોગ્ય ધાર્યું હતું.

કૃષ્ણચંદ્રના મિત્રે આવીને ખુરસી ઉપર બેસતાં કહ્યુંઃ—"પોતાની પાસે રૂપિયા નથી હોતા તો આવી અડચણ ભોગવવી પડે છે! બહેનને ઘણી સમજણ આપી ત્યારેજ આ ત્રિસ રૂપિયા તેમણે આપ્યા, અને મ્હેં પણ તમારે માટેજ આટલી બધી હરકત વેઠી; બીજું કોઈ હોત તો હું આવી હરકત વેઠત નહિ; પરંતુ હું મિત્ર—

ધર્મ સારી રીતે સમજુ છું. વ્યાજ એક રૂપિયા ઉપર મહિને બે પૈસા લેખે છે.”

કૃષ્ણચંદ્રઃ—ઠીક, હું તમારા કહેવા પ્રમાણે વ્યાજ આપવાનું કબૂલ કરૂં છું.

મિત્રઃ—તો તો પછી એક હાથચિઠ્ઠી લખી આપો.

કાગળ, કલમ તેમજ ખડીઓ ત્યાંજ હતાં; કૃષ્ણચંદ્રે હાથચિઠ્ઠી લખી આપવા તૈયાર થઇને પૂછ્યું:—“બહેનના નામની લખું કે ?”

મિત્રઃ—ના ના, મ્હારાજ નામની લખોને; સ્ત્રીના નામ પર લખવાની કાંઇ જરૂર નથી.

કૃષ્ણચંદ્ર સમજી ગયો કે પોતાના મિત્રે વિશેષ વ્યાજ લેવાના હેતુથીજ રૂપિયા બહેનના છે એમ જણાવ્યું છે. ગમે તેમ પણ તેને રૂપિયા મળ્યા એજ તેને માટે મહા સૌભાગ્યની વાત હતી! તરતજ તે મિત્રના નામની હાથચિઠ્ઠી લખી આપી રૂપિયા લઇ ઉભો થયો.

મિત્રઃ—કેમ, હમણાંજ જવું છે કે શું ?

કૃષ્ણચંદ્રઃ—હા, રાત્રિ થતા પહેલાં તો મ્હારે જવુંજ જોઇએ.

મિત્રઃ—ઠીક તો પધારો, તથા તમારી સ્ત્રીની તબીયત કેમ રહે છે તેના સમાચાર જણાવતા રહેજો.

કૃષ્ણચંદ્રઃ—વારૂ જણાવીશ.

આમ કહીને કૃષ્ણચંદ્ર વીરપુરથી નીકળી પડયો. વીરપુરથી ભરૂચ બે ગાઉ થતું હોવાથી પ્રથમ કૃષ્ણચંદ્રે ભરૂચ ચંદ્રશંકર દાકતર પાસે જવાનો નિશ્ચય કર્યો, તથા પોતાના નિશ્ચય પ્રમાણે તો તે એક કલાકમાં દાકતર સાહેબ પાસે જઇ પહોંચ્યો.

દાકતર સાહેબ તે સમયે આરામ ખુરશીમાં બેઠા બેઠા સીઝર સીગારનો ધુમાડો કાઢતા હતા. તેમની પાસે બીજું કોઈ પણ માણસ હાજર નહોતું. કૃષ્ણચંદ્રને જોતાંજ તેમણે કહ્યું:—“આવો, કેમ શા સમાચાર છે ?”

કૃષ્ણચંદ્રે દાકતર સાહેબની પાસે પડેલી એક ખુરશી ઉપર બેસતાં કહ્યું:—“રોગીણીની તબિયતના સમાચાર મ્હને બરાબર માલુમ નથી;

કારણ કે જેવા તમે ત્યાં તપાસ કરીને આ તરફ વળ્યા તેવોજ હું વીરપુર તરફ ગયો હતો. આપને મેં કહ્યું હતું કે, હું મ્હારાથી બની શકશે તેટલી રકમ આપને અવશ્ય આપીશ. તે માટે હું પૈસાની વ્યવસ્થા કરવાનેજ વીરપુર ગયો હતો."

આમ કહીને કૃષ્ણચંદ્રે દશ રૂપિયા દાકતર સાહેબની આગળ પડેલા ટેબલ ઉપર મૂક્યા.

ચંદ્રશંકરઃ—દશ રૂપિયા શા માટે આપો છો? મ્હારી વિઝિટની ફી બે રૂપિયા છે, તથા ઔષધની કીંમત આશરે એક રૂપિયો છે.

કૃષ્ણચંદ્રઃ—મ્હારી સ્થિતિ ઘણી શોચનીય છે. હું આપને હમ્મેશાં આપનો ચાર્જ આપી શકીશ કે કેમ એ માટે મ્હને સંશય રહે છે. જે મ્હને મળી આવ્યું છે, તે મ્હેં આપની આગળ મૂક્યું છે. આપ મ્હારી પત્નીને આરોગ્ય કરો. આપને ફરીથી ક્યારે રૂપિયા આપી શકીશ તે હું કહી શકતો નથી. તો પણ હું લુચ્ચાઇ કરીશ નહિ. મ્હારી પાસે જે કાંઈ આવશે તે હું અવશ્ય આપને આપીશ.

ચંદ્રશંકરઃ—તમે માત્ર બે રૂપિયા મ્હને આપી બાકીના રૂપિયા પાછા લઇ જાઓ, જરૂર પડેથી ફરી આપજો.

કૃષ્ણચંદ્રઃ—આપની પાસેજ ડિપોઝીટ રાખો.

અંતે દાકતર સાહેબે દશ રૂપિયા લઇ પોતાની સિલકમાં મૂક્યા. પછીથી તેમણે કહ્યું:—"ઘઉંનોજ ખોરાક આપજો, તેમજ દૂધ આપવામાં પણ સંકોચાશો નહિ. ખોરાકની અડચણથીજ દુર્બળતા વધી પડી છે."

"વારૂ." કહીને કૃષ્ણચંદ્રે દાકતર સાહેબ પાસેથી વિદાય લીધી.

પ્રકરણ ૫ મું.

ઘર જમાઇ પ્રત્યે સાસરિયાંનો સ્નેહ!

ચંદ્રશંકર દાકતરે બની શકે તેટલી કાળજીથી કૃષ્ણચંદ્રની પત્ની મંદાકિનીની દવા કરી. પંદર સોળ દિવસ સુધી યથાનિયમ દવાનું

સેવન કરવાથી મંદાકિની આરોગ્ય થઇ. તો પણ અદ્યાપિ તેની દુર્બળતા દૂર થઇ નહોતી. દુર્બળતાને દૂર કરવાની દવા હજી સુધી ચાલુજ હતી. કૃષ્ણચંદ્ર હમ્મેશાં સ્હવારે ભરૂચ જઇને દવા લઈ આવતો હતો, તથા ફળ ફળાદિ પણ લાવતો હતો. આવી રીતે કેટલાક માસ વીતી ગયા અને કાળક્રમે મંદાકિની સંપૂર્ણ આરોગ્ય થઇ ગઇ.

વિલાયત ગામનાં ઘણાંખરાં માણસોએ આષાઢ માસમાં શ્રીજગન્નાથપુરીની યાત્રાએ જવાનો નિશ્ચય કર્યો હતો. કૃષ્ણચંદ્રની સાસુ પણ જવાને તૈયાર થઈ. વિદાય વખતે યશોદાએ માતાના હાથમાં દશ રૂપિયા મૂકયા.

સંધ્યા સમય પછી મંદાકિનીએ પતિને એકાંતમાં પોતાની પાસે બોલાવીને કહ્યું:—“ માતાજી યાત્રાએ જાય છે; બ્હેને દશ રૂપિયા આપ્યા છે, તમે શું આપશો ? ”

આ સમયે કૃષ્ણચંદ્રે જે રૂપિયા ઉછીના લીધા હતા તે બધા ખરચાઇ જઈ તેમાંથી માંડ એક રૂપિયો બાર આના તેની પાસે સિલક રહ્યા હતા. શુષ્ક મુખે તેણે કહ્યું:—“ મ્હારા હાથમાં તો કાંઇ નથી. ”

મ્હોઢું ચ્હડાવી, આંખો લાલચોળ કરી મંદાકિનીએ કહ્યું:— “ નથી કહ્યે કાંઇ ચાલે કે ? જેટલી બની શકે તેટલી રકમ આપવીજ જોઇએ. ”

કૃષ્ણચંદ્ર:—આપવી જોઇએ તે હું જાણું છું. ન આપીએ તો ખોટું લાગે એ પણ હું સમજું છું; પરંતુ હું નિરૂપાય છું. જે રકમ ઉછીની લાવ્યો હતો તે બધી ત્હારી બિમારીમાં ખરચાઈ ગઈ છે.

મંદાકિની:—તેમાં મ્હને કહી શું બતાવો છો ? કાંઇ દુનિયામાં તમે એકલાજ તમારી બૈરીની દવામાં પૈસા ખરચો છો ? વળી તમે ખરચ ન કર્યું હોત તો અટકી રહેત કે ? મ્હારા ભાઇને જો એ પૈસા મળત તે ખરચત. વળી મ્હારા જેવી હતભાગિનીને તમે બચાવી શા માટે ? જેને પહેરવાને માટે સારાં વસ્ત્રો નથી, અંગ પર અલંકાર નથી, જે માતાને તીર્થ—ધર્મ કરવાને કાંઇ આપી શકતી નથી તેને માટે મૃત્યુજ મંગળ છે. જો તમે માતાજીને કાંઈ નહિ આપો તો

હું અફિણ ખાઇને મરી જઈશ. આવી શરમ તથા આવું અપમાન મ્હારાથી કદાપી વેઠાશે નહિ.

કૃષ્ણચંદ્રઃ—જેની પાસે એક પૈસો પણ મેળવવાનું હવે સાધન નથી તે પૈસા ક્યાંથી લાવે ? મ્હને કાપી નાંખવામાં આવે તો પણ મ્હારી પાસેથી એક રૂપિયો બાર આનાથી વધારે પૈસા નીકળી શકે તેમ નથી. મ્હારી પાસે માંડ એક રૂપિયો બાર આનાજ છે.

મંદાકિનીઃ—મ્હારે તમારા રૂપિયા જોઈતા નથી. મ્હારી મા શું ફકિર કે વૈષ્ણવ છે કે એક રૂપિયો અને બાર આના તેને ભિક્ષા અપાય ? તમે રૂપિયા નહિ આપો તો તેથી કાંઈ મ્હારાં માજીની તીર્થયાત્રા અટકી પડશે નહિ.

કૃષ્ણચંદ્રઃ—હું ગરીબ છું—દરિદ્ર છું. મ્હારી મદદ તેમને કેટલી ઉપયોગી થઈ પડશે ?

મંદાકિનીઃ—કાંઈ થવાની નથી.—તો પણ તમારી અક્કલની કીંમત થશે !

કૃષ્ણચંદ્રઃ—ત્યારે તો જેની પાસે રૂપિયા નથી તેનામાં મનુષ્યત્વ નથી કેમ ?

મંદાકિનીઃ—એક રૂપિયો શું કહીને આપવો ?

કૃષ્ણચંદ્રઃ—તે હું શું જાણું ? વળી એ એક રૂપિયો પણ ખરચાઈ ગયો હોત તો હું કાંઈ આપી શકત નહિ.

મંદાકિનીઃ—એક રૂપિયો આપવો એ નહિ આપવા જેવું છે.

કૃષ્ણચંદ્રઃ—સત્ય છે; તો પણ પુનઃ જો કદાચ પ્રસંગ પ્રાપ્ત થાય તો હમણાંનું મ્હેણું દૂર કરજે.

મંદાકિનીઃ—મ્હારા ફૂટેલા નશીબમાં કદાપિ સારો પ્રસંગ પ્રાપ્ત થવાનો નથી. મૃત્યુજ મ્હારે માટે મંગળમય છે.

આ સમયે કૃષ્ણચંદ્રનો સાળો હરિચરણ ગામમાંથી ઘેર આવ્યો. તેની માતા તથા શિવગંગા પરસાળમાં બેઠાં હતાં. હરિચરણે તેમને પૂછ્યું:—“ કૃષ્ણચંદ્ર ક્યાં છે ? ”

માતાએ ઉત્તર આપ્યોઃ—“ ઘરમાં; બીજે ક્યાં હોય ? ”

હરિચરણ પણ પરસાળમાં બેઠો તથા ત્યાં આગળ તેણે કૃષ્ણચંદ્રને હાંક મારીને બોલાવ્યો; બોલાવતાંની સાથેજ કૃષ્ણચંદ્ર ત્યાં આવી ચઢયો.

હરિચરણ:—બેસો, એક વાત કરવાની છે.

કૃષ્ણચંદ્ર એક બાજુએ બેઠો. હરિચરણે તેને પૂછ્યું:—"હવે શું કરવાનો નિશ્ચય કર્યો છે?"

કૃષ્ણચંદ્રને શાન્ત બેસી રહેલો જોઈ શિવગંગાએ કહ્યું:—"બીજું શું કરવાનું હોય? મંદાને આરામ થયો છે, તેથી તેને સાથે લઇને ઘરનાં છોકરાં ઘેર જશે."

હરિચરણની માતાએ કહ્યું:—"હા, ઘેર તો સુખનો દરિયો ઉછળી પડે છે! છોકરીનાં હાડકાં નીકળી આવ્યાં છે! શરીરમાં તો લોહીનું એક પણ ટીપું જણાતું નથી!! એને એક મુઠી અનાજ સુદ્ધાં મળતું નથી!!!"

હરિચરણ:—મ્હેં જે નિશ્ચય કર્યો છે, તે તમે સાંભળો. કૃષ્ણચંદ્ર પણ સાંભળે. પછી સૌના વિચાર એક થાય તેમ કૃષ્ણચંદ્ર કરે.

સૌથી પ્રથમ કૃષ્ણચંદ્રે કહ્યું:—"શો નિશ્ચય કર્યો છે, કહો જોઉં?

હરિચરણ:—અહિંના રામદાસ શેઠને બે માણસની જરૂર છે. હમણાં મોસમનો વખત હોવાથી તેમને માણસો વિના ચાલી શકે તેમ નથી, તેથી મ્હેં કૃષ્ણચંદ્રની વાત કાઢી હતી; તેથી તેઓ તેમને રાખવાને કબૂલ થયા છે; પરંતુ હમણાં માસિક પગાર ૭ રૂપિયા મળશે અને થોડા દિવસ પછી દશ રૂપિયા થશે.

શિવગંગા:—૭ રૂપિયામાં બે માણસનું ભરણ પોષણ થઇ શકે નહિ.

હરિચરણ:—ખોરાકીનો સવાલજ નથી. ખોરાકીનું અમારા ભેગું રહેશે. હું એકલો સઘળું કામકાજ કરી શકતો નથી. કૃષ્ણચંદ્ર મ્હને ખેતીના કામમાં થોડી ઘણી મદદ કરશે એટલે અમને ખોરાકીનો બદલો મળી ગયા જેવુંજ છે.

શિવગંગા:—પરંતુ એ રામદાસ શેઠનું કામ કરશે કે તમારૂં?

હરિચરણઃ—તેને માટે હરકત પડે તેમ નથી. રામદાસ શેઠના કામ ઉપર દશ વાગે જવાનું છે, અને સંધ્યા સમયે પાછું આવવાનું છે, તેથી સ્હવારે અમારૂં કામકાજ કરી શકશે.

શિવગંગાઃ—પણ મ્હને એ ઉચિત લાગતું નથી. સાસરે રહી કામ કરીને ખાવું તદ્દન અયોગ્ય છે. એનું પરિણામ ઘણું ખોટું આવે છે.

હરિચરણની માતાઃ—ત્યારે બીજે ક્યાં જશે ?

હરિચરણઃ—કૃષ્ણચંદ્રને પણ વિચાર કરી જોવા દ્યો. મ્હારાથી બની શકે તેટલી મહેનત મ્હેં કરી છે.

કૃષ્ણચંદ્રે થોડા સમય સુધી કાંઇ વિચાર કરીને કહ્યુંઃ—"હા, આ કાર્ય હું કરીશ. ક્યારથી નોકરી કરવા જવાનું છે ?"

હરિચરણઃ—ત્રણ દિવસ પછી.

ત્યાર પછી રાધાચરણની વાત નીકળી. રાધાચરણ હરિચરણનો ન્હાનો ભાઇ હતો. તેની ઉમ્મર બાવિસ વર્ષની હતી. તે મેટ્રિકનો અભ્યાસ કરતો હતો તેથી તેની માતાની ધારણા એવી હતી કે રાધાચરણ ભણીગણીને ન્યાયાધીશ સાહેબ બની જશે અને પોતાનું સઘળું દુઃખ દૂર કરશે.

આ વાતને અંતે જગન્નાથની યાત્રા કરવા જવાની વ્યવસ્થા સંબંધી વાત નીકળી. એ વાતનો મર્મ એવો હતો કે, હરિચરણની માતાની યાત્રા કરવા જવાની બિલકુલ ઇચ્છા નહોતી. ગામનાં પાંચ સાત માણસો યાત્રાએ જતાં હોવાથી તથા તેમનો આગ્રહ હોવાથીજ નિંદાભયથી હરિચરણની માતા યાત્રા કરવા જવાને તૈયાર થઇ હતી ! નહિ તો તેના જેવી રત્નગર્ભાને વળી જગન્નાથનાં દર્શનની શી જરૂર હતી ? તેના બન્ને પુત્રોજ જગન્નાથ તથા બલરામ હતા !

હરિચરણને હુકકો પીવાની ટેવ પડી હતી તેથી વાતચિત વિશેષ લંબાવા તેને હુકકો પીવાની તલપ થઇ આવી. તેણે કહ્યુંઃ—"ધનો હજી આવ્યો નથી ? હુકકો બ્હાર છે કે ?"

હરિચરણે કૃષ્ણચંદ્રને માટે નોકરી શોધી કાઢેલી હોવાથી, તથા

અન્નદાન આપવાની દયા દર્શાવેલી હોવાથી તેને માટે હુક્કો ભરી લાવવો એ પોતાનું કર્ત્તવ્ય છે એમ વિચારી કૃષ્ણચંદ્ર "હુંજ હુક્કો શોધી કાઢીને ભરી લાવું છું." કહી હુક્કો શોધવા ઘરમાં ગયો.

પ્રકરણ ૬ ઠું.

બંધુ-મિલન.

લગભગ આઠ વાગ્યે અહમ્મદનગર સ્ટેશને ગાડી જઇ પહોંચી. હરિશ્ચંદ્ર ઉતાવળો ઉતાવળો ગાડીમાંથી ઉતરી પડયો, તથા ટિકીટ માસ્તરનાં હાથમાં ટિકીટ આપી સ્ટેશનથી બ્હાર નીકળી પડયો.

ગુજરાતના ગામડામાં ઉછરેલો, વિદેશથી સંપૂર્ણ અજાણ્યો હરિશ્ચંદ્ર સ્ટેશનની બ્હાર નીકળી મ્હોટા વિચારમાં પડી ગયો. જે તરફ જુએ તે તરફ દક્ષિણી લોકોજ નજરે પડવા લાગ્યા. પોતાના દેશનો એક પણ માણસ તેની નજરે પડયો નહિ. માથા ઉપર મ્હોટા મ્હોટા ફેંટા, પગમાં દક્ષિણી જોડા પહેરીને દક્ષિણી લોકો જતા આવતા જણાયા. હરિશ્ચંદ્ર ઘણે સુધી ચાલ્યો ગયો; પરંતુ કયાં જવાશે તેનો નિર્ણય કરી શકયો નહિ, તેથી અંતે તેણે ઘણા સંકોચથી એક દક્ષિણી ગૃહસ્થને ગુજરાતીમાંજ પૂછ્યું:—"ડૉકટરસાહેબ કયાં રહે છે?"

અહમ્મદનગરમાં ડૉકટર અનેક હતા. દક્ષિણી ગૃહસ્થે મરાઠીમાંજ પૂછ્યું:—"કયા ડૉકટરસાહેબ? અહિં તો ઘણા ડૉકટર છે."

હરિશ્ચંદ્રે પોતાના ભાઇનું નામ લીધું; પરંતુ દક્ષિણી ગૃહસ્થ રજનીચંદ્રને પિછાનતો નહિ હોવાથી તેણે કહ્યું:—"સામે પોષ્ટઑફીસ છે; ત્યાં બે ગુજરાતી નોકરો કામ કરે છે; તેમને જઇને પૂછશો એટલે સઘળી હકીકત જાણી શકશો."

હરિશ્ચંદ્ર તરતજ પોષ્ટ ઑફિસ તરફ જવા લાગ્યો.

હરિશ્ચંદ્ર પોષ્ટ ઑફિસના બારણા આગળ જઇને આમતેમ

દૃષ્ટિ કરતો હતો એવામાં અંદરથી એક ગુજરાતી યુવકે જલદીથી બ્હાર આવીને નમ્રતાથી પૂછ્યું:–“ તમે આપણા દેશના માણસ જણાઓછો, તથા તમે અહિં પ્રથમજ આવ્યા હો એમ મ્હને લાગે છે. તમારે ક્યાં જવું છે ?”

આ ગુજરાતી યુવકને જોતાંજ હરિશ્ચંદ્રનો આત્મા શાન્ત થયો. તેણે કહ્યું:–“ તમારૂં કહેવું ખરૂં છે. વડોદરા તરફથી હું હમણાંજ ચાલ્યો આવું છું. મ્હારા મ્હોટા ભાઈ અહિં ડૉકટર છે; તેમની પાસે મ્હારે જવું છે; પરંતુ તેઓ ક્યાં રહે છે એ હું જાણતો નથી.”

ગુજરાતી યુવક:–તમારા ભાઇનું નામ શું છે ?

હરિશ્ચંદ્ર:–રજનીચંદ્ર. તેઓ સરકારી ડૉકટર છે.

ગુ૦ યુવક:–હં, સમજ્યો તમે થોડો વખત રોકાઓ. પોષ્ટમેન હમણાં કાગળો વહેંચવા નીકળશે. તેની પાસે દવાખાનાની પોષ્ટ પણ હશે, તેથી તે તમને તમારા ભાઈ પાસે સરકારી દવાખાનામાં પહોંચાડી દેશે.

હરિશ્ચંદ્ર:–સરકારી દવાખાનું અહિંથી કેટલે છેટે છે ?

ગુ૦ યુવક:–વિશેષ છેટે નથી. શહેરની વચ્ચેજ છે.

આ સમયેજ પોષ્ટમેનો કાગળો લઇને બ્હાર નીકળ્યા. ગુજરાતી યુવકે એક પોષ્ટમેનને બોલાવીને કહ્યું:–“ આ ભાઇને સરકારી દવાખાનું દેખાડજે. એ ડૉકટર સાહેબના ભાઈ છે. મુસાફરીથી ઘણા થાકી ગયા છે. પહેલાં તેમને દવાખાનું બતાવી દઇને પછીથીજ તું પોષ્ટ વહેંચવા જજે.”

પોષ્ટમેન હરિશ્ચંદ્રને સાથે લઇને ચાલી નીકળ્યો.

શહેરની વચ્ચેજ સરકારી દવાખાનાનું ભવ્ય મકાન આવેલું હતું. મકાનની ચારે તરફ વિશાળ કંપાઉન્ડ આવેલું હતું. કંપાઉન્ડની અંદર એક બાજુએ ન્હાનો સરખો બાગ બનાવેલો હતો. દવાખાનાના ભવ્ય મકાનની પાસે બીજાં કેટલાંક ન્હાનાં મકાનો તેમજ ઓરડીઓ આવેલી હતી. એ ઓરડીઓ નોકર વર્ગના ઉપયોગમાં આવતી હતી. હરિશ્ચંદ્ર સ્વભાવથીજ નિડર હતો. તે કોઇ પણ પ્રકારે વિચલિત થતો

નહિ. પોષ્ટમેનની સાથે તેણે નિડરતાથી, સરકારી દવાખાનાના કંપાઉન્ડમાં પ્રવેશ કર્યો.

જે સ્થળે ડૉકટર સાહેબ બેસતા હતા એ સ્થાન પોષ્ટમેનથી જાણીતું હતું. હરિશ્ચંદ્રને સાથે લઇ તે ત્યાં ગયો. તે સમયે રજનીચંદ્ર ખુરસી ઉપર બેઠો બેઠો કાંઈ વાંચતો હતો. પોષ્ટમેને સલામ કરીને કહ્યું:—"સાહેબ! આ ભાઈ આપને મળવાને માટે આવ્યા છે."

રજનીચંદ્રે માથું ઉંચું કર્યું. હરિશ્ચંદ્રને એકાએક પોતાની પાસે આવી પહોંચેલો જોઇને તેનું ચિત્ત હર્ષ-શોકથી ઉછાળા મારવા લાગ્યું. શુષ્ક હૃદયમાં સ્નેહનો પ્રવાહ વહેવા લાગ્યો. તેણે પૂછયું:— "કેમ રે હરિયા! તું અહિં કયાંથી? ઘેર સૌ ખુશીમાં છે ને?"

હરિશ્ચંદ્રે પોતાના હાથમાંની ખુરસીને દિવાલને અઢેલી મૂકી કહ્યું:—"બધાં જીવતાં તો છે!"

રજનીચંદ્ર:—જા, હમણાં મકાનમાં જા. ત્યાં બધી હકીકત સાંભળીશ. રસ્તે કાંઇ હરકત તો નહોતી પડીને?

આમ કહીને રજનીચંદ્રે નોકરને બોલાવ્યો. નોકર આવ્યો એટલે તેણે તેને હરિશ્ચંદ્રને પોતાના મકાનમાં મૂકી આવવાની આજ્ઞા કરી તથા કહ્યું:—"ત્યાં મૂકી આવીને સૌને કહેતો આવ કે આ મ્હારો ભાઈ છે. જલદીથી તેને માટે સ્નાન તેમજ ભોજનની વ્યવસ્થા કરો."

હરિશ્ચંદ્રે પૂછયું:—"તમે હમણાં ઘેર નહિ આવો?"

રજનીચંદ્ર:—એક કલાક પછી હું આવીશ: તું ઘેર જઇ સ્નાન કરી થોડો નાસ્તો કરી લેજે.

હરિશ્ચંદ્ર:—અહિં આવીને હું એક મ્હોટા સંકટમાં પડયો છું. હું કોઇની વાત સમજી શકતો નથી. તમારે ઘેર જે નોકર ચાકરો છે તેઓ આ દેશના છે કે?

રજનીચંદ્રે હસી પડીને કહ્યું:—"રસોઇ કરનાર બ્રાહ્મણ ગુજરાતી છે."

"ત્યારે તો ઠીક." કહીને હરિશ્ચંદ્ર છત્રીને બગલમાં મારી લઇ નોકર સાથે ચાલ્યો ગયો.

યથા સમયે રજનીચંદ્ર પણ ઘેર આવ્યો. સ્નાન ભોજન કર્યા પછી તેણે હરિશ્ચંદ્ર પાસેથી ઘરની સઘળી પરિસ્થિતિ જાણી લીધી. તેના હૃદયમાં પશ્ચાત્તાપનો અગ્નિ સળગી ઉઠયો. તેને એમ લાગ્યું કે:-" હું મહિને આટલા બધા રૂપિયા કમાઇને ઉડાવી દઉંછું-તે ઉપરાંત દેવું કરૂં છું-અને ઘેર મ્હારી પત્ની, મ્હારી ભાભીઓ, માતા વગેરે ભૂખના દુ:ખથી રીબાય છે!"

આવો પશ્ચાત્તાપ રજનીચંદ્રને આજે પહેલવહેલો થયો નથી; પરંતુ "જેનામાં હૃદયબળ નથી હોતું તે મનુષ્ય અનુતાપના અગ્નિમાંથી ઉદ્ધાર પામતો નથી. ભયંકર ગૃહદાહમાં બે બિંદુ જળની માફક, એ અનુતાપ પાપાગ્નિને વિશેષ સળગાવી મૂકે છે. એ અનુતાપ કુંભમાં કેટલાંક અમૃત બિંદુ જેવા છે. પાપકાર્યમાં અંધ બનીને મનુષ્ય જ્યારે ઘણી ચિંતાથી થાકી જાય છે ત્યારેજ તેના મનમાં અનુતાપનો અગ્નિ સળગી ઉઠે છે. અનુતાપ એ વિવેકનો પુણ્ય-પ્રતિધ્વનિ છે. જેના હૃદયમાં બળ છે તે એ ધ્વનિ સાંભળી જાગે છે-પાપને માર્ગેથી ખસી જાય છે; પરંતુ એવાં ભાગ્યશાળી માણસો વિશ્વમાં વિરલજ છે. જેમનામાં હૃદય બળ નથી હોતું તેઓ ફરીથી પાપાગ્નિમાં કૂદકો મારે છે-ફરીથી બળે છે અને ફરીથી પશ્ચાત્તાપ-અનુતાપ કરે છે." રજનીચંદ્રની સ્થિતિ પણ તેવીજ થઇ હતી.

ભાઇને સઘળી હકીકત કહી સંભળાવી. હરિશ્ચંદ્રે કહ્યું:-" ત્રણ ચાર દિવસમાં તમે એક વખત ઘેર ચાલો."

રજનીચંદ્ર:-ઘેર આવવાની ઇચ્છા તો છે; પરંતુ હમણાં રજા મળી શકે એવી આશા નથી. હમણાં અહિં પ્લેગ ચાલુ થયો છે તેથી આ સમયે મ્હને રજા મળશે નહિ!

હરિશ્ચંદ્ર:-ઘણાં માણસો મરી જાય છે કેમ?

રજનીચંદ્ર:-હા, આ સમયે તું અહિં આવ્યો તે ત્હેં સારૂં કર્યું નથી!

હરિશ્ચંદ્ર:-કેમ, રોગનો ભય છે તેથી? હું એવું કાંઇ માનતો નથી. પ્લેગ એ તો પરમાત્માની સંહારિણી લીલા છે. મરવું જન્મ

એ જીવની લીલા છે! જે લોકો રોગથી ડરે છે તેમનામાં બુદ્ધિ ઓછી હોવી જોઇએ.

રજનીચંદ્ર સમજ્યો કે, શિક્ષણથી અજ્ઞાની રહેલા હરિશ્ચંદ્રની આવી મૂર્ખતા વાસ્તવિક છે.

હરિશ્ચંદ્રઃ—કેટલા દિવસ પછી ઘેર આવી શકશો ?

રજનીચંદ્રઃ—કેમ કરીને નક્કી કહી શકું ? રજાનો રિપોર્ટ કરીશ અને તેનો ઉત્તર આવશે એ ઉપરથી સઘળું સમજાશે.

હરિશ્ચંદ્રઃ—ત્યારે તો આજનીજ પોષ્ટમાં મનીઑર્ડર કરીને થોડા રૂપિયા ઘેર મોકલો; નહિ તો ઘરનાં માણસો ભૂખના દુઃખથી મરી જશે.

રજનીચંદ્રઃ—તું ઘેર જવાનો નથી ?

હરિશ્ચંદ્રઃ—થોડા દિવસ સુધી આ દેશ જોવાની મ્હારી ઇચ્છા છે. તમારી રજા મંજુર થઈ આવશે, એટલે આપણે બન્ને સાથેજ ઘેર જઇશું.

રજનીચંદ્રઃ—આવા પ્લેગના સમયે તને અહિં રહેવા દેવાની મ્હારી ઇચ્છા નથી.

હરિશ્ચંદ્રઃ—એ માટે તમે નિર્ભય રહો. ઘેર જવાથી પણ મ્હને કાંઈ સુખ નથી. ઘેર જઉં અને સુકુમારને ન મેળવી શકું એટલે પછી મ્હારાથી ઘેર રહેવાયજ નહિ. રૂપિયા આજેજ મોકલશોને ?

રજનીચંદ્રઃ—રૂપિયા તો સિલક નથી. ઘરખરચ માટે માત્ર દશેક રૂપિયા પડ્યા છે.

હરિશ્ચંદ્રઃ—ત્યારે આજે એટલાજ મોકલી દ્યો. વળી સગવડ થયે ફરીથી મોકલજો.

રજનીચંદ્ર કબૂલ થયો. હરિશ્ચંદ્ર રૂપિયા લઇને તરતજ પોષ્ટ ઑફિસ તરફ ચાલ્યો ગયો. સ્ટેશનેથી ઉતરીને આવતાંજ તેણે પોષ્ટ ઑફિસ જોઈ હતી એ હકીકત પાઠકો જાણે છે. તેણે પોષ્ટ ઑફિસે જઈ દશ રૂપિયાનો મનીઑર્ડર કરી દીધો, તથા માતાના ઉપર એક પત્ર પણ લખી દીધો.

પ્રકરણ ૭ મું.

શિક્ષિત કે અશિક્ષિત ? !

હરિશ્ચંદ્ર પોષ્ટ ઑફિસનું કામ પૂરૂં કરી અહમ્મદનગર શહેરમાં ગયો. તે સંધ્યા સમય સુધી શહેરમાં ફરીને પછીથી ઘેર જઈ પહોંચ્યો. તે સમયે રજનીચંદ્રના મકાન પાસે એક ગાડી ઉભી રહેલી હતી. ગાડી કીંમતી હતી તથા તેના બન્ને ઘોડાઓ હૃષ્ટપુષ્ટ તેમજ બલિષ્ઠ હતા. ઘોડાગાડીનો દેખાવ જોતાંજ હરિશ્ચંદ્રને એમ લાગ્યું કે કોઇ શ્રીમંત માણસ તેના ભાઈની મુલાકાતે આવ્યું હશે; પરંતુ કોઈ પણ કાર્યમાં તે સંકટ જોઇ શકતો નહોતો. એક ક્ષણ માત્રમાં તો તેણે ભાઈના મકાનમાં પ્રવેશ કર્યો.

રજનીચંદ્રના દિવાનખાનામાંથી હારમોનિયમના સ્વર સાથે રમણી કંઠનો મધુર સ્વર નીકળતો હતો. હરિશ્ચંદ્ર શો પ્રકાર છે તે જોવાને માટે દિવાનખાનામાં ગયો.

દિવાનખાનામાં જતાંની સાથેજ તે ચમકી ઉઠ્યો. તેણે જોયું કે એક અપૂર્વ તેમજ અદ્‌ભૂત રૂપવતી યુવતી રજનીચંદ્રની પાસે ખુરશી ઉપર બેસી ટેબલના ઉપર હારમોનિયમ રાખી શ્રૃંગારી ગાન ગાતી હતી. તેના શરીર પર ઈંગ્લીશ કટનો ઓવરકોટ હતો, પગમાં લેડિઝ સુઝ હતા અને માથા પરના કેશકલાપમાં પુષ્પો સાથે વેણી બાંધવામાં આવેલી હતી. સ્ત્રીજાતિનો આવો પોષાક, તેમજ આવો વ્યવહાર હરિશ્ચંદ્રે તેના જીવનમાં પહેલવહેલોજ જોયો, તેમજ જોઇને આશ્ચર્યમાં પડી ગયો.

હરિશ્ચંદ્ર દિવાનખાનાના દ્વાર પાસે ઉભો રહીને આ અદ્‌ભૂત દેખાવ જોવા લાગ્યો. ગાયન ગાતાં ગાતાં પુષ્પાવતીનાં નયનો દ્વાર તરફ વળ્યાં. તેણે જોયું કે એક હૃષ્ટપુષ્ટ બલિષ્ઠ યુવક એકાગ્ર દૃષ્ટિથી તેની તરફ જોઈ રહ્યો છે. ગાયન બંધ કરી પુષ્પાએ પૂછ્યું:-“ મહાશય !

તમે કોણ છો ?”

હરિશ્ચંદ્ર કાંઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય એ સ્થાનેથી ચાલ્યો ગયો. પુષ્પાવતી મનમાંને મનમાં હસી. તેણે ધાર્યું કે માણસ ઘણો શરમાળ છે ! એક શબ્દ સુદ્ધાં બોલી શકતો નથી; પરંતુ જણાય છે તો સુપુરૂષ. વાર્તાલાપ તેમજ પરિચય માટે તદ્દન અયોગ્ય નથીજ ! ઉમ્મર ઘણી ન્હાની છે. હજી માત્ર મુછનો દોરોજ ફૂટયો છે; તેથીજ આટલો શરમાળ જણાય છે.

રજનીચંદ્રે પૂછ્યું:–“ પુષ્પા ! ગાન બંધ કરીને શો વિચાર કરે છે ?”

પુષ્પાવતીએ એક વખત રજનીચંદ્ર તરફ દૃષ્ટિ કરી. ત્યાર પછી અસ્થિર ભાવે પૂછ્યું:–“ આ માણસ કોણ હતું ?”

રજનીચંદ્ર:–એ તો મ્હારો ન્હાનો ભાઈ છે. જોજે, બન્ને ભાઇના પ્રેમમાં પડતી નહિ !

જો કે રજનીચંદ્રે આ વાકય મશ્કરીમાં કહ્યું; તો પણ પુષ્પાવતીના હૃદયમાં તો તે વિશેષ ઉજ્વળ ભાવથી વિકસિત થયું. તેના મનમાં વિચાર આવ્યો કે, એમાં શો દોષ છે ? આવું મુખ, આવી આંખ, આવી સરળ દૃષ્ટિ ભાગ્યેજ કોઇની હોય છે !

પુષ્પાવતીએ હારમોનિયમની ચાવી બંધ કરીને કહ્યું:–“ એ કયારે આવ્યા છે ?”

રજનીચંદ્ર:–આજ સ્હવારે.

પુષ્પાવતી:–અહિં કેટલા દિવસ રહેવાના છે ?

રજનીચંદ્ર:–નક્કી નથી. તેની મરજી હશે ત્યાં સુધી રહેશે.

પુષ્પાવતી:–તેઓ કૉલેજમાં અભ્યાસ કરે છે કે ?

રજનીચંદ્ર:–ના, એને લખતાં વાંચતાં બરાબર આવડતું નથી. તેની બાલ્યાવસ્થામાં તેને માથામાં રોગ થઈ આવ્યો હતો તેથી ડૉકટરોએ અભ્યાસ વગેરે માનસિક પરિશ્રમ કરાવવાની ના પાડી હતી.

પુષ્પાવતી:–અરેરે ! ત્યારે શું આવું સુંદર પુષ્પ શિક્ષણરૂપી સુગંધ વિનાનું છે ?

રજનીચંદ્રઃ-તેનામાં એક બીજો ગુણ છે.

પુષ્પાવતીઃ-શો ?

રજનીચંદ્રઃ-સુંદર હારમોનિયમ વગાડી શકે છે-આકર્ષક તેમજ મધુર સ્વરથી ગાઈ શકે છે.

પુષ્પાવતીઃ-ત્યારે અહિં બોલાવોને.

રજનીચંદ્રઃ-મ્હારી હાજરીમાં ગાશે નહિ.

પુષ્પાવતીઃ-અશિક્ષિત તેમજ ગ્રામ્યનિવાસી ખરાને ! અરેરે ! આ કુસંસ્કાર આપણા ગુજરાતીમાંથી ક્યારે દૂર થશે ! ! પવિત્ર સંગીત પવિત્ર ભાવથી પિતા પુત્ર, ન્હાના મ્હોટા ભાઈ, ભાઈ બ્હેન, પતિ પત્ની તેમજ સાસુ જમાઇ એક સાથે બેસી એક બીજાંની તરફ સ્થિર દૃષ્ટિથી જોઇ ગાઇ નહિ શકે ત્યાં સુધી **वन्देमातरम्** મંત્રની સાધના થવાની આશા નથી.

રજનીચંદ્રઃ-તું વળી બીજે કોઇ સમયે તેનું ગાન સાંભળી શકીશ.

પુષ્પાવતીઃ-કાલે સ્હવારે જ્યારે તમે દવાખાનામાં જશો, ત્યારે હું આવીને તેમનું ગાન સાંભળીશ.

રજનીચંદ્રઃ-હા, એમજ કરવું ઠીક છે.

પ્રકરણ ૮ મું.

હનુમાનજીના પૂજારીની નીચતા.

સંધ્યા પસાર થઇ ગઈ છે. મનોહર ઉજ્વળ જ્યોત્સ્નાએ પૃથ્વી દેવીને પ્રકાશિત બનાવી તેને રૂપેરી રંગની સાડી પહેરાવી દીધી છે. હરિશ્ચંદ્ર ભાઈના મકાનમાંથી બહાર નીકળી પડીને શહેરને માર્ગે આગળ ચાલ્યો જાય છે. તે ક્યાં જાય છે, શા માટે જાય છે, તેની તેને પોતાને પણ માહિતી નથી. તેનો માત્ર ફરવાનોજ ઉદ્દેશ હોય એમ માલૂમ પડે છે. તે ત્વરાથી શહેરના સીમાડા સુધી જઇ પહોંચ્યો.

થોડે દૂર એક દિશાએ એક દરિદ્ર ગામડું આવેલું છે. માર્ગનું ઠેકાણું નથી. વૃક્ષોની છાયામાંથી માર્ગ શોધી આગળ વધવાનું કામ

ઘણું મુસ્કેલી ભર્યું છે. જ્યોત્સ્નાનો પ્રકાશ વૃક્ષોની છાયાનો ભેદ કરીને ત્યાં આગળ પ્રસારી શકતો નથી.

ઉપર દર્શાવેલા ગામડામાં સખ્ત પ્લેગ ચાલે છે. ઘણું કરીને પ્લેગનું જોર એકજ બાજુએ વિશેષ રહે છે. પ્લેગના ભયંકર હુમલાથી આ ગામડું સ્મશાન સમાન બની ગયું છે. કોઇના મુખમાં પાણી રેડવાને માટે પણ માણસ મળી આવતું નથી. ઘણાંખરાં માણસો તો સરકારી દવાખાનામાંજ મરે છે. જેઓ ભયને લીધે સરકારી દવાખાનામાં નથી આવતાં તેઓ ઘરમાંજ રીબાઇ રીબાઇને મૃત્યુ પામે છે. જેઓ હજી સુધી બચી રહ્યાં છે, તેઓ અપાર વેદનાથી જેમ બને તેમ જલદીથી પોતાનું મૃત્યુ થાય એમ ઇચ્છે છે. જેઓ હજી સુધી પ્લેગના પંજામાં ફસાયાં નથી, તેઓ પોતાના ઉપર આ ભયંકર રોગ ક્યારે હુમલો કરશે એની ચિંતાથી અધમુઆ જેવાં બની ગયાં છે. સંધ્યા સમય પછી કોઇ બહાર નીકળતું નથી. આ દરિદ્ર ગામડામાંથી જાણે કે હીંમત અને ઉત્સાહ ઉડી ગયાં છે.

હરિશ્ચંદ્ર આગળ ચાલતો ચાલતો એકાએક રસ્તામાં ઉભો રહ્યો. સામેથી એક સ્ત્રી તેની તરફ આવતી હતી. જ્યારે આ સ્ત્રી હરિશ્ચંદ્રની નજીક આવી પ્હોંચી ત્યારે હરિશ્ચંદ્રે ચાંદનીના પ્રકાશની સહાયતાથી જોયું કે એ સ્ત્રી નહિ પણ યૌવનના મળસ્કામાં જાગૃત થયેલી નવયાવના હતી. એ વિચિત્ર વેશવાળી નવયૌવનાને આવી અંધકારમયી રાત્રે એકલી જોઇને હરિશ્ચંદ્રને ઘણું આશ્ચર્ય લાગ્યું. તેનાં નયનો વિશાળ તેમજ ઉજ્વળ હતાં. મસ્તક પહોળું અને વિચારદર્શી જણાતું હતું.

નવયૌવનાએ ઘણાજ નમ્ર તેમજ કરૂણસ્વરે હરિશ્ચંદ્રને કાંઈ પૂછ્યું; પરંતુ હરિશ્ચંદ્ર તેના શબ્દોનો સારાંશ સમજી શક્યો નહિ. તે માર્ગમાંથી એક બાજુએ સરકી જઇને ઉભો રહ્યો.

હરિશ્ચંદ્ર રમણીના શબ્દોનો સારાંશ સમજી શક્યો નહિ તો પણ તે એટલું તો અવશ્ય સમજી શક્યો કે, કોઇ કારણને લીધે એ રમણી દુઃખમાં ફસાઇ પડી છે; તેમજ કોઈ મનુષ્યની મદદ મેળવવાનું ચ્હાય છે. તે પાછો ફરી એ નવયૌવના નારીની પાછળ

પાછળ જવા લાગ્યો.

થોડે દૂર જઇને રમણી રસ્તા પર ઉભી રહી, તથા તેણે પોતાની દષ્ટિ પાછી ફેરવી. પછી જાણે કે તે કોઇના આગમનની રાહ જોતી ઉભી રહી. આવી રીતે ઘણો વખત પસાર થઇ ગયો; પરંતુ કોઇ આવ્યું નહિ. રમણી પાછી ફરીથી આગળ ચાલવા લાગી. જ્યાં સુધી તે માર્ગમાં ઉભી રહી હતી ત્યાં સુધી હરિશ્ચંદ્રે પોતાનું શરીર એક દેવદારૂના વૃક્ષની પાછળ છુપાવી રાખ્યું હતું. જેવી રમણી આગળ ચાલવા લાગી તેવોજ તે પણ તેની પાછળ પાછળ જવા લાગ્યો.

નગરનો રસ્તો છોડી રમણીએ બીજે રસ્તે આગળ વધવા માંડયું. અરધો માઇલ આ પ્રમાણે ચાલ્યા પછી રમણી રસ્તાની એક બાજુએ ઉભી રહીને ચારે દિશા તરફ નજર ફેરવવા લાગી; પરંતુ સર્વ દિશાઓ જનશૂન્ય માલૂમ પડી. ઘણે દૂરથી ઠંડો વાયુ વાતો આવતો હતો. વાયુથી કંપતી લતાની માફક રમણી પણ કંપતી હતી તથા ભયની ભાવનાથી ધ્રુજતી હતી.

ઘણો સમય વીતી ગયો. જેવી રમણી પાછી ફરવાની તૈયારી કરતી હતી એવામાં બે બળવાન યુવકો ત્યાં આગળ આવી ચઢ્યા. રમણી તેમને જોતાંજ વિશેષ ધ્રુજી ઉઠી. જાણે કે પોતે અહિં આવી છે તે સારૂં કર્યું નથી એમ તેને કેમ ન લાગ્યું હોય ! તેણે મનમાંને મનમાં પરમાત્માનું સ્મરણ કર્યું એ રમણીનું નામ લક્ષ્મીબાઇ હતું. જાતે દક્ષિણી બ્રાહ્મણ હતી.

ત્રાસથી ધ્રુજતા સ્વરે આગંતુક બે યુવકો પૈકી એકને સંબોધીને લક્ષ્મીએ કહ્યું:—“ હું આપની પાસે આવી છું. તમે મ્હને હનુમાનજીનું જે કવચ આપવાનું જણાવ્યુ છે, તે આપો. ભયંકર સંકટમાંજ ફસાઇ પડેલી હોવાથી તમારા કહેવા પ્રમાણે આવી નિર્જન રાત્રે હું તમારી પાસે આવી છું. મ્હારા પિતા પ્લેગથી માર્યા ગયા છે. માતા પણ પ્લેગના ક્રુર પંજામાં ફસાઇ પડી સરકારી દવાખાનામાં ગઇ છે. હવે હું, મ્હારી ન્હાની બહેન તથા મ્હારો એક ન્હાનો ભાઈ બચી રહેલાં છીએ. જેમણે હનુમાનજીનું કવચ લીધું છે, તેમને ત્યાં

પ્લેગ થયો નથી. તમે મ્હને પણ કવચ આપવાની હા પાડેલી હોવાથી હું અહિં એકલી આવી છું. એક જણની મ્હારી સાથે આવવાની ઇચ્છા હતી; છતાં તે માણસ આવ્યું નહિ; કારણ કે તમે મ્હને એકલીનેજ અત્રે આવવાનું જણાવ્યું હતું.”

એક યુવકે હસીને કહ્યું:–“એકલી આવી છે તેથી શું થયું ? હનુમાનજીનું કવચ હવે કોઇને પણ આપી શકાય તેમ નથી. હુંજ હનુમાનજીના મંદિરનો સેવક છું. મ્હારા સિવાય કોઈ પણ તને કવચ આપી શકે તેમ નથી.”

લક્ષ્મી:–હું એ જાણુંછું તેથી તો આવી નિર્જન રાત્રિએ અહિં આવી છું.

યુવક:–ઘણું સારૂં કર્યું છે; પરંતુ હું તને જે કીમતી કવચ આપું તેના બદલામાં તું મ્હને શું આપીશ ?

લક્ષ્મી:–હું ગરીબ છું, નિરાધાર છું, હું શું આપું ? તમે દયાભાવે આપવાની હા પાડેલી હોવાથીજ હું આવી છું. મ્હારી પાસે એવું શું છે કે જે હું તમને આપું ?

યુવક:–ત્હારી પાસે જે છે તે રાજરાણીની પાસે પણ નહિ હોય. ત્હારા આ યૌવનનો આસ્વાદ મ્હને લેવા દે. હું હનુમાનજીનો સેવક હોવાથી જાહેર રીતે વિવાહ કરી શકતો નથી; પરંતુ તું જો મ્હારી માગણી કબૂલ રાખીશ તો હું તને રાજરાણીના જેવા સુખમાં રાખીશ. તું મ્હારી પ્રાણેશ્વરી થા. ત્હારા પિતાનું મૃત્યુ થયું છે, ત્હારી માતા પણ સરકારી દવાખાનામાં મરવા પડી છે, તેનું પણ જો મૃત્યું નિપજશે તો તું શું કરીશ ? કોના આધાર પર આ વિશ્વમાં રહી શકીશ ? હું તને મ્હારા પ્રાણથી પણ વિશેષ ગણીશ. ત્હારા સુખને માટે હનુમાનજીનો ભંડાર ખુલ્લો રહેશે.

ક્રોધે ભરાયેલી નાગણની માફક લક્ષ્મીએ પોતાનું મસ્તક ઉંચું કર્યું. ભય તેમજ રોષથી તેના અધરોષ્ઠ કંપવા લાગ્યા. તે સમજી ગઇ કે પોતે અહિં આવી છે એ તેણે મ્હોટી ભૂલ કરી છે. સંન્યાસીઓ તેમજ પૂજારીઓ પોતે આવા પાપી હશે એવો તેને અત્યાર-

સુધી ખ્યાલ સુદ્ધાં આવ્યો નહોતો. લક્ષ્મી રડી પડી.

યુવકઃ—તું રડે છે શા માટે ? ત્હારા સૌભાગ્યચંદ્રનો ઉદય થયો છે.

લક્ષ્મીઃ—મ્હારે એવું સૌભાગ્ય જોઈતું નથી, તેમજ તમારૂં કવચ પણ જોઇતું નથી. તમે હનુમાનજીના પૂજારી છો—સેવક છો; તમે મ્હારા પિતાતુલ્ય છો. હું અહિંથી જઉં છું, મ્હને ક્ષમા કરો. હું નિરાધાર અબળા છું.

યુવકઃ—ક્યાં જઈશ ? મ્હેં યુક્તિ પ્રયુક્તિથી તને અહિં શું પાછી જવા દેવાને બોલાવી છે ?

લક્ષ્મીઃ—તમે હનુમાનજીના પૂજારી છો. ધર્મનું સ્મરણ કરો અને પાપનું પગલું ન ભરો. સતી શીયળવતી સન્નારીનું અપમાન હનુમાનજી સહન કરશે નહિ.

આમ કહીને લક્ષ્મી જેવી ચાલી જવા લાગી કે તરતજ પાપી યુવકે તેનો હાથ જોરથી પકડી રાખ્યો. અબળા બૂમ મારી ઉઠી. યુવકના સાથીદારે આગળ આવી તેનું મુખ દબાવી દીધું.

થોડે દૂર આવેલા એક વૃક્ષની છાયા પાછળ છુપાઈ રહીને હરિશ્ચંદ્ર આ સર્વ પ્રકાર જોઈ રહ્યો હતો. જો કે લક્ષ્મી તેમજ યુવકની વાતચિત તે અક્ષરશઃ સમજી શક્યો નહિ તો પણ તેમના વર્તન તેમજ રીતભાત ઉપરથી તે એ સર્વ પ્રકારનું મૂળ કારણ કળી ગયો. તેને એમ લાગ્યું કે ભયંકર પ્લેગના જુલ્મથી ભય પામતી અબળાને રોગનો નાશ કરનાર કવચ આપવાનો લોભ દર્શાવીને એ યુવક નરપશુઓએ તેના સર્વસ્વનો નાશ કરવાને માટે તેને આવી ગંભીર રાત્રિએ અહિં એકલી બોલાવી છે. તે પાપી યુવક તેમજ અબળા લક્ષ્મી વચ્ચે ચાલતી વાતચિત સાંભળીને ઘણો ઉશ્કેરાઈ જતો હતો. અંતે જ્યારે પાપી યુવકે તથા તેના સાથીદારે એ અબળા પર જુલ્મ ગુજારવાની શરૂઆત કરી ત્યારે હરિશ્ચંદ્ર સિંહના જેવા જુસ્સાથી જે સ્થળે આ પ્રકાર ચાલતો હતો તે સ્થળે જઈ ચઢ્યો. તેણે વિચાર કર્યો નહિ કે વિરૂદ્ધ પક્ષમાં બે હૃષ્ટપુષ્ટ બળવાન યુવકો છે, અને પોતે એકલોજ છે.

હરિશ્ચંદ્રને ત્યાં આગળ આવી ચઢેલો જોઇને ઉપરોક્ત બન્ને નરપશુઓ લક્ષ્મીને છોડી દઇને હરિશ્ચંદ્રનો પશુબળથી સંહાર કરવાને આગળ ધસ્યા.

. હરિશ્ચંદ્રે સતીના સતીત્વનું રક્ષણ કરવાને માટે સંકટ વ્હોરી લીધેલું હોવાથી તેના શરીરમાં અસાધારણ શક્તિએ પ્રવેશ કર્યો હતો. બન્ને નરપશુઓ મહા મહિમામયી શકિતને પ્રભાવે પાછા હઠવા લાગ્યા! લક્ષ્મી મ્હોટેથી મદદાર્થે બૂમો મારવા લાગી.

એકાએક હનુમાનજીના સેવકની એક સખ્ત થપ્પડ ગાલ પર વાગવાથી હરિશ્ચંદ્ર જમીન પર પટકાઇ પડ્યો. બરાબર આજ સમયે બે કોનસ્ટેબલ ત્યાં હાજર થયા. લક્ષ્મીએ રૂદન કરીને તેમને બન્નેને સઘળી હકીકત કહી સંભળાવી. કોનસ્ટેબલોએ બન્ને નરપશુઓને ગિરફ્તાર કર્યા.

હરિશ્ચંદ્ર હજી સુધી બેહોશ સ્થિતિમાં પડેલો હતો. એક કોન-સ્ટેબલે હરિશ્ચંદ્રના અંગ તરફ આંગળી કરી લક્ષ્મીને પૂછ્યું:—“ આ માણસે પણ તમારા તરફ અત્યાચાર કર્યો હતો કે ? ”

લક્ષ્મીએ નમ્ર સ્વરે કહ્યું:—“ ના. તેમણેજ મ્હારૂં રક્ષણ કર્યું છે. જો તેઓ વખતસર ન આવી ચઢ્યા હોત તો આ પાપી પુરૂષો અત્યાર સુધીમાં તો મ્હને કોઇ અંધકારપૂર્ણ રાજ્યમાં લઇ ગયા હોત તથા મ્હારા સર્વસ્વનો નાશ કરવાનો યત્ન આદરતા હોત. ”

એક કોનસ્ટેબલે જઇને હરિશ્ચંદ્રના નાક પર હાથ મૂકી જોયો. ત્યાર પછી તેનો હાથ પકડીને તેને હલાવ્યો. હરિશ્ચંદ્ર મૂર્છિત થયો હતો. ઘણા સમય સુધી તે ખુલ્લા વાયુમાં પડી રહેલો હોવાથી તેનામાં થોડી ઘણી ચેતના આવી હતી. કોનસ્ટેબલે તેનો હાથ હલાવ્યો એટલે તે ઉઠીને ઉભો થયો.

હરિશ્ચંદ્રે ઉભા થઇને ચારે દિશાએ દૃષ્ટિ કરી. સઘળી હકીકત તેના સ્મરણમાં આવી, તથા બન્ને નરપશુઓને તેણે પોલિસના હાથમાં પકડાયલા જોયા; તેમજ સતીના સતીત્વનું સંરક્ષણ થયેલું જાણી તેને ઘણો આનંદ થયો. તેણે કોનસ્ટેબલને કહ્યું:—“ આ રમણીને તમે ઘેર

પહોંચાડી દેજો, હું જાઉં છું.”

કોનસ્ટેબલો દક્ષિણી હતા, છતાં તેઓ હરિશ્ચંદ્રના ગુજરાતી વાક્યનો સારાંશ સમજી શક્યા, તથા તેઓને એમ પણ લાગ્યું કે હરિશ્ચંદ્ર તેમનાં મરાઠી વાક્યો સમજી શકશે નહિ. તેથી એક કોનસ્ટેબલે ભાંગી ટૂટી હિંદી ભાષામાંજ પૂછ્યું:—“આ રમણીને તમે પિછાનો છો ?”

હરિશ્ચંદ્રઃ—ના.

કોનસ્ટેબલઃ—તમે અહિં એકલા આવ્યા હતા ?

હરિશ્ચંદ્રઃ—હું શહેરની બ્હાર ફરવા નીકળી પડ્યો હતો એવામાં આ રમણીને આ રસ્તે એકલી આવતી જોઈ મ્હને કૌતુહલ થયું અને તેથીજ હું તેની પાછળ પાછળ આવ્યો હતો.

કોનસ્ટેબલઃ—તમારે આ કેસમાં સાક્ષી આપવી પડશે.

હરિશ્ચંદ્રઃ—જે હકીકત સત્ય છે, તે હું શા માટે નહિ જાહેર કરૂં ?

કોનસ્ટેબલઃ—તમારે પોલિસ ગેટ પર આવવું પડશે. તમે પરદેશી છો તેથી અહિં ક્યાં સુધી રહો અને ક્યારે ચાલ્યા જાઓ તે જાણી શકાય નહિ; માટે પોલિસ ગેટ પર આવી, ફોજદાર સાહેબ પાસે નામ ઠામ લખાવીને જ્યાં જવું હોય ત્યાં બેલાશક ચાલ્યા જજો.

હરિશ્ચંદ્રઃ—તમારા કહેવા પ્રમાણે હું તમારી સાથે આવવાને તૈયાર છું.

પછીથી કોનસ્ટેબલો બન્ને ગુન્હેગાર, લક્ષ્મી, તથા હરિશ્ચંદ્રને સાથે લઇને શહેરમાં ચાલ્યા ગયા.

પ્રકરણ ૯ મું.

મનુષ્ય કે દેવતા ?

રાત્રીના દશ વાગ્યા હતા. પોલિસગેટનો ફોજદાર પોતાને ઘેર ગયો હતો. બીજા બધા નોકરોમાંથી કોઇ રસોઇ બનાવતો હતો, કોઈ આહાર કરતો હતો, કોઇ સૂઈ રહ્યો હતો, તો કોઇ

પહોંચ્યો હતો. ઘણાખરા કોનસ્ટેબલો રોન ફરવાને માટે શહેરમાં નીકળી પડયા હતા.

બન્ને કોનસ્ટેબલોએ પોલિસગેટમાં જઈ પહોંચીને લક્ષ્મી તેમજ હરિશ્ચંદ્રને ગેટની સામે આવેલા એક વિશાળ વૃક્ષ નીચે બેસવાનું કહ્યું, તથા બન્ને નરપશુઓને તેમણે ગેટમાં પહેરા નીચે રાખ્યા. ત્યાર પછી એક કોનસ્ટેબલ ફોજદાર સાહેબને બોલાવવા ગયો.

ઠંડો પવન વાતો હતો. લક્ષ્મી અને હરિશ્ચંદ્ર એક બીજાંની સાથે બેઠાં બેઠાં કાંઈ વિચાર કર્યા કરતાં હતાં.

લક્ષ્મીએ એક વખત હરિશ્ચંદ્ર તરફ દૃષ્ટિ કરી. હરિશ્ચંદ્રને જોતાં તેનું મુખ હરખાઇ જતું હતું. તે મનમાં એમ વિચારતી હતી કે:—"પૃથ્વી પર આવા પરોપકારી યુવકો કેટલા છે? પારકાને માટે જે પોતાના જીવનની આહુતિ આપવાને તત્પર થાય છે એ તે મનુષ્ય કે સાક્ષાત્ દેવતા? અમે જ્યાં બેઠાં છીએ તે પૃથ્વી છે કે સ્વર્ગ છે?"

હરિશ્ચંદ્ર પણ લક્ષ્મીનું ચંદ્રના પ્રકાશથી સુંદર તેમજ પ્રકાશિત થયેલું અપૂર્વ મુખ સ્થિર નેત્રોથી જોઈ રહ્યો હતો. એ સૌંદર્ય તેના સદાનંદ પ્રાણમાં પ્રવેશ કરીને એક પ્રકારના મહાભાવની સૃષ્ટિ કરતું હતું. તેને એવો વિચાર થયા કરતો હતો કે:—"વિશ્વની સૃષ્ટિસ્થિતિ સંહારકારિણી મ્હારી મા આ રમણીરૂપમાં ઉછળી પડે છે. મ્હારી મા જાણે કે અપૂર્વ સૌંદર્યમયી છે! વિશ્વના લોકો સૌંદર્યથી મુગ્ધ થાય છે તેથીજ મ્હારી માતા જીવને બાંધવાને માટે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, તારા વગેરેથી શોભી રહેલા ગગનમાંથી તેમજ જીવ, જંતુ, તરૂ, તૃણ નદી સાગર વગેરેથી શોભી રહેલી ધરણીમાંથી હમ્મેશાં સૌંદર્યનાં સાધનોને સંગ્રહ કરીને રમણીરૂપે દેખા દે છે. તેથીજ વિશ્વનું તલ જેટલું સૌંદર્ય સંગ્રહ કરી લઇને પણ તે તિલોત્તમાની સૃષ્ટિ થાય છે. એ સૌંદર્ય ગ્રહણ કરીને મ્હારી મા કોઈ સમયે કન્યા, કોઇ સમયે ભગિની, કોઈ સમયે સ્ત્રી તો કોઈ સમયે માતાના સ્વરૂપમાં દર્શન દે છે. તથા આ પૃથ્વીવાસીઓ મોહમુગ્ધ નયને એ સુંદરતા જોઈ જોઇને મોહિત થાય છે; પરંતુ અમારાં તૃષિત નેત્રોની આકુળ દૃષ્ટિ

એ શરીર વિનાની સૌંદર્ય રાણીને હૃદયમાં રાખી શકે છે ? ચિત્રકારની કલ્પના એ સ્થળે હવામાં ઉડી જાય છે, મુખની ભાષા બોબડી બની જાય છે, વ્યાખ્યા નિર્વાક થઈ જાય છે. એ ઇંદ્રિય અધિકારથી ઘણે છેટે નાસતી ફરે છે, પકડવા જતાં પકડાતી નથી, બોલાવતાં પાસે આવતી નથી.”

આવા વિચારો કરતાં કરતાં હરિશ્ચંદ્રની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. તે ભક્તિપૂર્ણ નમ્ર સ્વર લક્ષ્મીને મા કહીને બોલાવવા જતો હતો એવામાં એક કોનસ્ટેબલ આવીને લક્ષ્મી તથા હરિશ્ચંદ્રને ગેટમાં બોલાવી ગયો.

ગેટમાં એક ખુરશી પર એક ગુજરાતી ગૃહસ્થ બેઠો હતો. તે ફોજદાર હતો. તેની ઉમ્મર પણ ઘણી મ્હોટી જણાતી હતી. પાસે પડેલા એક ટેબલ ઉપર ઉજ્વળ દીપક સળગી રહ્યો હતો.

તેજસ્વી કિશોર તેમજ કિશોરી આવીને ટેબલ પાસે ઉભાં રહ્યાં. ફોજદાર એક વખત તેમને બરાબર જોઈ લઇને બનેલા પ્રકાર સંબંધી પ્રશ્નો કરવા લાગ્યો. લક્ષ્મી તથા હરિશ્ચંદ્રે તેમને જે જે પ્રશ્નો પૂછવામાં આવ્યા તેના ઉત્તર આપ્યા.

ફોજદારે હરિશ્ચંદ્રને પૂછ્યું:–“ તમે ગુજરાતી છો છતાં આ દક્ષિણી રમણી સાથે તમારી મુલાકાત કેવી રીતે થઈ ? ”

હરિશ્ચંદ્ર:–તેનો ખુલાસો તો મ્હેં કર્યો છે.

ફોજદાર:–તમારા ખુલાસા ઉપર હું વિશ્વાસ મૂકી શકતો નથી.

હરિશ્ચંદ્ર:–ત્યારે તમે શું ધારો છો ?

ફોજદાર:–ધારવાનું કાંઈ રહ્યું નથી; સઘળું સાબિત થઇ ગયું છે. તમે બન્ને જણાં નાશી જતાં હતાં; હનુમાનજીના પૂજારી મહારાજ તથા તેમના સાથી એ રસ્તે થઇને આવતા હતા, તેમણે તમને જોયાં તેથી પોલિસને સ્વાધીન કરી દીધાં છે.

હરિશ્ચંદ્ર:–અમે શા હેતુથી નાશી જતાં હતાં ?

ફોજદાર:–તમારી પાપી વાસનાને તૃપ્ત કરવાના હેતુથી.

હરિશ્ચંદ્ર:–માતા પુત્ર વચ્ચે પાપી વાસના હોવી સંભવિત છે

કે ? ફોજદાર સાહેબ ! આ મ્હારી મા છે !

ફોજદાર ચમકયો. લક્ષ્મીએ નીચું જોયું. ફોજદારે પૂછ્યું:–" તમે અહિં શું કામ કરોછો ? "

હરિશ્ચંદ્ર:–કાંઈ કામ કરતો નથી, અહિં હું મ્હારા મ્હોટા ભાઇ પાસે આવ્યો છું.

ફોજદાર:–તમારા ભાઇ અહિં રહે છે કે ?

હરિશ્ચંદ્ર:–હા; તેઓ સરકારી ડૉકટર છે.

ફોજદાર:–કોણ, રજનીચંદ્ર ?

હરિશ્ચંદ્ર:–હા.

ફોજદાર રજનીચંદ્રને પિછાનતો હતો. ન્યાયાધીશ સાહેબને ત્યાં એક વખતે તેણે રજનીચંદ્રને ચ્હાપાણી કરતાં જોયો હતો, તથા તે દિવસથી તે એમ પણ જાણતો હતો કે ન્યાયાધીશ સાહેબની સાથે તેને મિત્રાચારી છે.

ફોજદારે થોડા સમય સુધી કાંઇ વિચાર કર્યો. પછીથી કહ્યું:– " તમે મનમાં માઠું લગાડશો નહિ. કેસની ખરી હકીકત જાણવાને માટે અમારે કેટલાક ખરા ખોટા પ્રશ્નો પૂછવા પડે છે. હં, પરંતુ હજી મ્હારે તમને એક પ્રશ્ન પૂછવાનો છે. "

હરિશ્ચંદ્ર:–બેલાશક પૂછો.

ફોજદાર:–જો આ કેસને કોર્ટ સુધી લઇ જવામાં આવે તો આ રમણીને કાંઇ હરકત છે ?

હરિશ્ચંદ્ર:–શી હરકત ?

ફોજદાર:–કદાચ તેનો પતિ તેને ઘરમાં ન રાખે તથા તેને માથે મિથ્યા કલંક મૂકે તો ?

હરિશ્ચંદ્ર:–તમે વયોવૃદ્ધ તેમજ અનુભવી છો, જેમ ઠીક લાગે તેમ કરો.

દેવ દેવીના નામે સાધારણ જનસમાજ તરફ મંદિરના પૂજારીઓ, સેવકો વગેરેને જે પ્રમાણે દ્રવ્ય પ્રાપ્તિ થાય છે તેજ પ્રમાણે આ સમયે ઉપરોક્ત હનુમાનજીના સેવક તરફથી ફોજદારને પણ થોડું-

ઘણું દ્રવ્ય મળ્યું હતું, તથા ભવિષ્યમાં વિશેષ પ્રાપ્તિ થાય એવી તેને આશા હતી.

અંતે ફોજદારે આ વાત છુપાવી રાખવાનો લક્ષ્મી તેમજ હરિશ્ચંદ્રને ઉપદેશ આપ્યો, તથા રજનીચંદ્ર આગળ પણ આ વાત નહિ કરવાનું તેણે હરિશ્ચંદ્રને કહ્યું. હરિશ્ચંદ્ર તે પ્રમાણે વર્તવાને કબૂલ થયો.

પછીથી એક કોનસ્ટેબલને સાથે લઈને હરિશ્ચંદ્ર લક્ષ્મીને તેને ઘેર મૂકી આવ્યો. જ્યારે તે લક્ષ્મીને તેને ઘેર પહોંચાડી તેની વિદાય લઇ પાછો ફર્યો ત્યારે લક્ષ્મી દયાજનક દૃષ્ટિથી હરિશ્ચંદ્રની તરફ જોઈ રહી! હરિશ્ચંદ્ર સ્વચ્છંદ ચિત્તે ઘર તરફ ચાલ્યો આવ્યો.

તે જ્યારે ઘેર આવી પહોંચ્યો ત્યારે મધ્યરાત્રી થઇ હતી.

રસોઇઆએ પૂછ્યું:—"અત્યાર સુધી ક્યાં ગયા હતા?"

હરિશ્ચંદ્ર:—શહેરમાં ફરતો હતો.

રસોઇઓ:—આવા વિદેશમાં અત્યાર સુધી ફર્યા કરવું સારૂં કે?

હરિશ્ચંદ્ર:—ભાઇ કાંઈ બોલ્યા હતા?

રસોઇઓ:—ના તેઓ સંધ્યા સમય પછી હમ્મેશાં ઘેરથી ચાલ્યા જાય છે, રાત્રે કદાપિ ઘેર સૂઈ રહેતા નથી.

પછીથી રસોઇઓ મનમાંને મનમાંજ બોલ્યો કે:—"એ પણ તમારાજ ભાઇને! તમે આવતાંની સાથેજ જ્યારે મધ્યરાત્રિ સુધી ભટક્યા તો પછી આવતી કાલથી તો તમારો પત્તોજ નહિ લાગે."

પ્રકરણ ૧૦ મું.

પુષ્પાવતીની મોહજાળ!

રજનીચંદ્ર સાથે પુષ્પાવતીએ બીજે દિવસે સ્હવારે આવીને હરિશ્ચંદ્રનું ગાન સાંભળી જવાની વાત કરી હતી, પરંતુ સ્હવારે સંગીતનું માધુર્ય સર્વાંશે પ્રકાશ પામતું નથી તેથી કરીને પુષ્પાવતી સ્હવારે નહિ આવતાં સંધ્યા સમય થઈ ગયા પછી આવી.

એ દિવસે આકાશ સ્વચ્છ હતું, તથા ચંદ્રકિરણોથી દિશાઓ

પ્રકાશી રહી હતી.

પુષ્પાવતી જ્યારે રજનીચંદ્રને ઘેર આવી પહોંચી ત્યારે પ્રથમની સલાહ પ્રમાણે રજનીચંદ્ર ઘેર નહોતો. રજનીચંદ્ર જાણતો હતો કે, પુષ્પાવતી શિક્ષિતા છે. પુષ્પાવતી પ્રેમમયી છે. માત્ર વિશુદ્ધ પવિત્ર સંગીત સાંભળવાનોજ તેનો એક ઉદ્દેશ છે.

પુષ્પાવતી આવી કે તરતજ નોકરે રજનીચંદ્રના દિવાનખાનાનાં દ્વાર ઉઘાડી નાંખ્યાં. પુષ્પાવતીએ દિવાનખાનામાં એક ખુરસી ઉપર બેસીને પૂછ્યું:—"ડૉકટર સાહેબ ક્યાં ગયા છે?"

નોકર:—બ્હાર ગયા છે.

પુષ્પાવતી:—ડૉકટર સાહેબના ભાઇને બોલાવ.

નોકરે જઇને આ સમાચાર હરિશ્ચંદ્રને કહ્યા. આ સમયે હરિશ્ચંદ્ર પ્રાણાયામનું કાર્ય સમાપ્ત કરી રહ્યો હતો. તેણે રસોઇઆને પૂછ્યું:—"એ ભૂતડી કોણ છે?"

રસોઇઓ:—સાહેબ! એ ગુજરાતી મેમસાહેબ છે.

હરિશ્ચંદ્ર:—અહિં કેમ આવે છે?

રસોઇઓ:—હું શું જાણું સાહેબ?! મ્હેં સાંભળ્યું છે કે, ઇંગ્રેજી ભણેલાં માણસો સાથે બેસીને આનંદ ઉડાવે છે! ડૉકટર સાહેબ તથા મેમસાહેબ પણ એક બીજાની સાથે આનંદ ઉડાવે છે એમાં કાંઇ પાપ લાગતું નથી.

હરિશ્ચંદ્ર:—ભૂતડીનું ચરિત્ર તો સારૂં છે ને?

રસોઇઓ:—મહિને માત્ર સાત રૂપરડી કમાતો હું એક ગરીબ રસોઇઓ એ બધી હકીકત ક્યાંથી જાણી શકું?

હરિશ્ચંદ્રની પુષ્પાવતી પાસે જવાની જો કે બિલકુલ ઇચ્છા નહોતી તથાપિ એ આ દેશના સભ્યતાના નિયમો નહિ જાણતો હોવાથી કદાચ તેની પાસે પોતે ન જાય તો તેનું અપમાન કર્યાનો અપરાધ ગણાય તેમજ ભાઇનો ઠપકો મળે એવા વિચારથી તે તેની પાસે ગયો. પુષ્પાવતીએ સ્મિત હાસ્ય કરી આકર્ષક સ્વરે કહ્યું:—"આવો બેસો, હું ઘણા સમયથી આપની રાહ જોતી બેસી રહી છું!"

આ વાક્યનો શું ઉત્તર આપવો તે હરિશ્ચંદ્ર વિચારી શકયો નહિ જે વાતનો તે વિચાર કરવા જતો હતો તે વાત તેના પેટમાંજ ડૂબી જતી હતી. તે કાંઈ પણ ઉત્તર આપ્યા સિવાય એક ખુરસી ઉપર બેઠો.

પુષ્પાવતીએ કહ્યું:—“આપ મધુર સ્વરે ગાઈ શકો છો, તેથી હું આપનું ગાન સાંભળવા આવી છું; માટે કૃપા કરીને હારમોનિયમ સાથે એક ગાન ગાઓ.”

હરિશ્ચંદ્રે નમ્ર સ્વરે પૂછ્યું:—“હું હારમોનિયમ સાથે ગાઈ શકું-છું, એમ તમને કોણે કહ્યું?”

પુષ્પાવતીઃ—તમારા ભાઈએ—ડૉકટર સાહેબે.

હરિશ્ચંદ્ર ચમકયો. પુષ્પાવતીએ હસીને કહ્યું:—“તમે શા માટે શરમાઓ છો? ગાન અતિ પવિત્ર વસ્તુ છે. એ સ્વર્ગીય પદાર્થ છે. કોઇની પાસે ગાવામાં શરમ રાખવાનું કારણ નથી!”

હરિશ્ચંદ્ર હારમોનિયમ ઉઘાડી તેને વગાડવા લાગ્યો અને સાથે સાથે મધુર તેમજ ઉચ્ચ કંઠે ગાવા લાગ્યો:—

“હરિ જેવો તેવો હું દાસ તમારો, કરુણાસિંધુ ગ્રહો કર મારો; હરિ૦
સાંકડાના સાથી શામળિયા, છો બગડ્યાના બેલી;
શરણ પડયો ખળ અમિત કુકરમી, તદપી ન મૂકો ઠેલી. હરિ૦
નિજજન જાડાની જાતી લજ્યા, રાખો છો શ્રી રણછોડ;
શૂન્ય ભાગ્યને સફળ કરો છો, પૂરો બિરદ બળ કોડ. હરિ૦
અવળનું સવળ કરો સુંદરવર, જ્યારે જન જાય હારી;
અયોગ્ય યોગ્ય પતિત કરો પાવન, પ્રભુ દુઃખ દુરતહારી. હરિ૦
વિનતિ વિના રક્ષક નિજજનના, દોષ તણા ગુણ માનો;
સ્મરણ કરતાં સંકટ ટાળો, ગણો ન મોટો નાનો. હરિ૦
વિકળ પરાવિન પીડા પ્રજાળો, અંતરનું દુખ જાણો;
આરત બંધુ સહિરનું અભયંકર, અવગુણ ઉર નવ આણો. હરિ૦
સર્વેશ્વર સર્વાત્મા સ્વતંત્ર, દયા પ્રિતમ ગિરધારી;
શરણાંગત વત્સલ શ્રીજી મારે, મોટી છે ઓથ તમારી. હરિ૦”

હારમોનિયમની સાથે હરિશ્ચંદ્રનો મધુર કંઠ મળી જઇને ગાન

ગવાતું હતું. હરિશ્ચંદ્રે ઘણા સમય સુધી ગાન ગાયું; ત્યાર પછી તેણે કપાળ ઉપર ઉપસી આવેલાં સ્વેદાંબુઓ સાફ કરી નાંખ્યાં.

પુષ્પાવતીએ કહ્યું:—"આપનો કંઠસ્વર અને આપની હારમોનિયમ વગાડવાની છટા અતિ પ્રશંસનીય છે; પરંતુ ગાન ઘણુંજ અરૂચિકર થઇ પડે એવું છે—સુશિક્ષિત લોકો આવું ગાન ગાતા નથી."

હરિશ્ચંદ્ર સમજી શક્યો નહિ કે આ ભક્તિરસથી પરિપૂર્ણ ગાન અરૂચિકર કેમ નિવડ્યું? તે કાંઈ બોલ્યો નહિ. આશ્ચર્યપૂર્ણ નજરથી તેણે પુષ્પાવતીના મુખ તરફ દૃષ્ટિ કરી. પુષ્પાવતીનો કંઠસ્વર કાંઇક કંપી ઉઠ્યો. તેણે કહ્યું:—"આપ આ ગાનનો વિષય સમજતા હો એમ લાગતું નથી! એ દેવ દેવાદિનું નામ કાને પડતાં વૃંદાવન, યમુના તટ, કદંબવૃક્ષ—માફ કરજો બીજું બોલી શકીશ નહિ—એ સઘળી અરૂચિકર અને અશ્લીલ કથા યાદ આવે છે. તે ઉપરાંત દેવની પૂજા, ઇશ્વરનું ભજન, ભોગનું પાત્ર વગેરે ઘણી અરૂચિકર કથાનું સ્મરણ થાય છે. અરેરે! એક શિક્ષિત ગૃહસ્થના ઘરમાં એક શિક્ષિતા મહિલાની આગળ આ ગાન બીજા કોઇએ ગાયું હોત તો આટલે તો મ્હને ક્યારનીય મુર્ચ્છા આવી હોત; પરંતુ હું તમને ચ્હાઉં છું—મ્હારા પ્રાણથી પણ વિશેષ ચ્હાઉં છું તેથી અત્યારસુધી સ્થિરતાથી બેસી રહી છું. આ દાસીની સવિનય વિનંતિ છે કે, ફરીથી કદાપિ આવું ગાન ગાશો નહિ. હું મ્હોટી આશા રાખીને આપની પાસે આવી છું, માટે ફરીથી બીજું એક ઉત્તમ ગાન ગાઇને મ્હારા આશાતપ્ત હૃદયને શીતળ કરો."

હરિશ્ચંદ્ર પુષ્પાવતીનાં આ વચનોનો અક્ષરશઃ અર્થ સમજી શક્યો નહિ. તેણે પૂછ્યું:—"ત્યારે કેવું ગાન ગાઉં?"

પુષ્પાવતીએ એક વિદ્યુતના જેવો કટાક્ષ ફેંકી કહ્યું:—"પ્રેમ-સંગીત ગાઓ. આપ શું નથી જાણતા કે પ્રેમજ જગતનું બંધન છે! પ્રેમ પવિત્ર છે. પ્રેમ સિવાય જગતનું કાંઈ પણ અસ્તિત્વ નથી."

હરિશ્ચંદ્રે વિચાર્યું:—"ઇંગ્રેજી શિક્ષણથી મનુષ્યનું મસ્તક ફરી જતું હશે કે શું?! જે વાત કહે છે તે પણ પૂરેપૂરી સમજાતી નથી.

સ્વભાવ તેમજ ચરિત્ર તો કોઇ ઉન્માદિનીના જેવાં જણાય છે!" આવો વિચાર થયા છતાં હરિશ્ચંદ્ર એક ગુજરાતી મેમસાહેબની વિનંતિનો અસ્વીકાર કરી શક્યો નહિ. ઘણા સમય સુધી વિચાર કરી તેણે હારમોનિયમ સાથે સૂર મેળવી નેત્રો મીંચી ફરીથી ગાવા માંડયું.

ભક્તિ ભાવેથી કરી લે રૂડા રામની,
રૂડા રામની કરી લે સીતા રામનીરે. ભક્તિ૦
વૈભવ ત્હારા બહુ, વિખરાઈ જાશે સહુ,
માળા તું ધરી લે હેને, હરી નામનીરે (૩) ભક્તિ૦
વ્રજવાસીના જશ નવ ગાયા,
કાચી આ કાયા ત્હારી શું કામનીરે (૩) ભક્તિ૦

દિવાનખાનામાં ઉજ્વળ ટેબલ લેમ્પનો દીપક સળગી રહ્યો હતો. એ દીપકની જ્યોતિથી હરિશ્ચંદ્રનું મુખમંડળ જ્યોતિપૂર્ણ જણાતું હતું: તેના કપાળ ઉપર મોતીના દાણા જેવાં પસીનાનાં બિંદુઓ ઉપસી આવ્યાં હતાં. કિન્નર-કંઠનો મધુર સ્વર પ્રત્યેક લહરિ સાથે ક્રીડા કરી રહ્યો હતો. વિલાસ વાસનામયી પુષ્પાવતી સ્થિર દ્રષ્ટિથી આ સર્વ દેખાવનું દર્શન કરી રહી હતી-ધડકતી છાતીએ ગાન સાંભળી રહી હતી. તેના હૃદયમાં એક પ્રકારની ઉચ્છૃંખલ વિલાસવાસના ઉત્પન્ન થઇ આવી. તે કંપવા લાગી. હરિશ્ચંદ્રનું ગાન સમાપ્ત થયું.

પુષ્પાવતીએ કાંપતે કંઠે કહ્યું:-" આપનું ગાન સ્વર્ગની વસ્તુ સમાન જણાય છે. મ્હને એમ લાગે છે કે, આપ આ સ્વર્ગીય સંગીત ગાતાં ગાતાં સૌંદર્યના દેવતા રૂપે મ્હારૂં હૃદય હરી લેતા જાઓ છો."

હરિશ્ચંદ્રે સ્મિત હાસ્ય કરી કહ્યું:-" તમને સંતુષ્ટ થયેલાં જોઇ મ્હને ઘણો આનંદ થયો છે."

પુષ્પાવતી:-મ્હારી એક પ્રાર્થના સ્વીકારશો કે?

હરિશ્ચંદ્ર:-શી પ્રાર્થના? કહો જોઇએ?

પુષ્પાવતી:-આપ જ્યાં સુધી અહિં રહો ત્યાં સુધી હમ્મેશાં એક વખત મ્હારે ત્યાં પધારશો કે? આ દાસીના સ્થાનને આપનાં પવિત્ર પગલાંથી પાવન કરશો કે?

હરિશ્ચંદ્રઃ—શા માટે ?

પુષ્પાવતીઃ—તમારા ગાને મ્હને ગાંડી બનાવી દીધી છે.

હરિશ્ચંદ્રઃ—જે ગાન સાંભળવાથી પોતાનું મન દીવાનું બની જાય છે એ ગાન નહિ સાંભળવામાંજ કલ્યાણ છે.

પુષ્પાવતીઃ—તમારો જીવ ઘણો કઠિન જણાય છે.

આ સમયે બ્હાર કાંઈ કોલાહલ થતો માલૂમ પડયો. જાણે કે નોકરોની બૂમોથી સમસ્ત બંગલો ધ્રુજી ઉઠયો. હરિશ્ચંદ્ર આશ્ચર્ય પામીને બોલી ઉઠયોઃ—"શું બન્યું છે ?"

પુષ્પાવતીઃ—નોકર ચાકરો આપસ આપસમાં તકરાર કરતા જણાય છે. એ તરફ ધ્યાન આપવાની આપણને શી જરૂર છે ?

આ વાકય પ્રતિ લક્ષ્ય આપ્યા સિવાય હરિશ્ચંદ્ર ઉઠીને સફાળો બ્હાર ગયો. શો પ્રકાર બન્યો છે તે જોવાને માટે પુષ્પાવતી પણ રજનીચંદ્રના બંગલાના છજામાં આવીને ઉભી રહી.

પૃથ્વી પર ઉજ્વલ જ્યોત્સ્ના પ્રકાશી રહી હતી. એક અજાણ્યો વૃદ્ધ આવીને બંગલામાં પેસવાનો યત્ન કરી રહ્યો હતો—તેનું શરીર તદ્દન હાડપિંજર જેવું હતું. નોકર તેને બ્હાર કાઢી મૂકતો હતો; પરંતુ તે કોઈ પણ પ્રકારે બ્હાર નીકળતો નહોતો. તે નમ્રતાથી કહેતો હતો કેઃ—"હું રોગનો ભોગ થઈ પડયો હતો, તથા સરકારી દવાખાનામાં રહેતો હતો; દશ દિવસથી હું રોગના પંજામાંથી બચી ગયો છું. આખી આલમમાં મ્હારૂં કોઈ નથી." પરંતુ નોકર તેનાં વચનો તરફ દુર્લક્ષ્ય કરી તેને હાંકી કાઢવાનોજ યત્ન કરતો હતો.

હરિશ્ચંદ્ર ભૂખથી રીબાતા એ નિરાધાર વૃદ્ધ પાસે જઈ પહોંચ્યો, તથા મધુર કંઠે તેણે પૂછયુંઃ—"તમે અહિં કેમ આવ્યા છો ?"

પુષ્પાવતીએ છજામાંથીજ હરિશ્ચંદ્રને સંબોધીને મ્હોટે અવાજે કહ્યુંઃ—"આપ આ તરફ આવતા રહો. તેને શો રોગ થયો હશે એ કાંઈ કહી શકાય નહિ. વળી તેનો ચહેરો જોતાં એમ માલૂમ પડી આવે છે કે, હજી તેનો રોગ દૂર થયો નથી. જલદી આવતા રહો, જલદી આવતા રહો—કદાચ કોઈ ચેપી રોગ હશે તો સત્યાનાશ વળી

જશે. મ્હને ઘણો ભય લાગે છે.”

હરિશ્ચંદ્રે પુષ્પાવતીનાં વચનો તરફ તદ્દન દુર્લક્ષ્ય કર્યું. વૃદ્ધે તેને કહ્યું:–“ભાઇ! મ્હેં આખા દિવસમાં કાંઇ ખાધું નથી.”

નોકર કર્કશ કંઠે બોલી ઉઠ્યો:–“અહિં કાંઇ કોઇએ ત્હારે માટે ખાવાનું કરી રાખ્યું છે? જલ્દીથી ચાલ્યો જા. નહિ તો પોલિસને બોલાવી તેને સ્વાધીન કરીશ.”

વૃદ્ધ:–અરેરે! મ્હારામાં ઉભા રહેવાની શકિત નથી. આ જુઓ, મ્હારા પેટમાં પાંચ શેરનો ખાડો પડયો છે. મ્હને કાંઇ ખાવાનું આપો.

નોકર:–હમણાં હું તને ડંડાથી ખાવાનું આપું છું, ઉભો રહે સાલા!

“અરે ભાઇ! આટલો બધો ગુસ્સે કેમ ભરાય છે?” આમ કહીને હરિશ્ચંદ્રે રસોઇઆને બૂમ મારી. રસોઇઓ આવ્યો એટલે તેણે તેને પૂછ્યું:–“આ ભૂખ્યા ડોસાને કાંઈ ખાવાનું આપી શકશો?”

રસોઇઓ:–હમણાં કયાંથી આપી શકું? એના જેવા ઘણા ડોસાઓ ખાવાને તૈયાર છે. તમે એને અહિંથી વૃંદાવન કે મથુરાં રવાના કરી દ્યો. જો દાકતર સાહેબ એને જોશે તો આપણા બધાના પર ગુસ્સે ભરાશે.

પુષ્પાવતી:–ખરી વાત છે: એવા માણસોને આશ્રય આપવાથી નિરાકાર ઇશ્વર ઘણા નારાજ થાય છે.

“પરંતુ અમારા દેવ એને આશ્રય ન આપીએ તો અમારા પર ઘણા નારાજ થાય છે.” આમ કહી હરિશ્ચંદ્ર તેને પોતાને માટે જે ઓરડો નક્કી થયો હતો તેમાં ગયો અને ઘેરથી જે રૂપિયા લઇને તે નીકળ્યો હતો તેમાંથી સઘળું ખરચ બાદ કરતાં બાકી જે સાત આના વધ્યા હતા તે પૈસા બ્હાર લઈ આવ્યો. તે પછી વૃદ્ધને સંબોધીને તેણે કહ્યું:–“મ્હારી સાથે બજારમાં ચાલો હું તમને ખાવાનું અપાવું છું.”

વૃદ્ધ:–ભાઇ! હું મહા મુશિબતે અહિં સુધી ચાલીને આવ્યો છું. હવે બજાર સુધી ચાલીને આવવાની મ્હારામાં શક્તિ નથી. મ્હારૂં સર્વ શરીર ધ્રુજે છે–પેટમાં હજુ સુધી અનાજનો દાણો સરખો

પડ્યો નથી.

હરિશ્ચંદ્રે એ વૃદ્ધનો હાથ પકડી તેને એક સારે સ્થાને લઇ જઇને બેસાડ્યો, અને પછી તે બજારમાં જઈ ઝડપથી ખાવાનું બંધાવી લાવ્યો, તેમજ તે સાથે એક લોટો ભરીને પાણી પણ વૃદ્ધ આગળ મૂક્યું. બજારમાંથી તે પાંચ આનાનું ખાવાનું લઇ આવેલો હોવાથી તેની પાસે બે આનાના પૈસા બચ્યા હતા તેથી એ પૈસા તેણે વૃદ્ધને બીજે દિવસે ભોજનને માટે આપીને કહ્યું:—"હવે તમે ક્યાં જશો ?"

વૃદ્ધ:—ભાઇ જેવી રીતે તમે મ્હારૂં રક્ષણ કર્યું છે, તેવીજ રીતે પરમાત્મા પણ તમારૂં હમ્મેશાં કલ્યાણ કરશે. હવે તમે બંગલામાં જાઓ, મ્હારે માટે ઇશ્વરે આટલાં બધાં વૃક્ષો બનાવ્યાં છે.

હરિશ્ચંદ્ર ચાલ્યો ગયો. તે સમયે રજનીચંદ્ર ઘેર આવીને પુષ્પાવતી સાથે વાતચિત કરતો હતો, તેથી હરિશ્ચંદ્ર રસોડામાં જમવા ગયો.

પ્રકરણ ૧૧ મું.

નિષ્કામ સ્નેહ.

વર્ષાઋતુની લતા પ્રમાણે પુષ્પાવતીની વિલાસવાસના વધી પડી. તે હરિશ્ચંદ્રને ચ્હાવા લાગી. હરિશ્ચંદ્ર તેનો આરાધ્ય દેવતા બની ગયો; પરંતુ શિકાર કરવાને તૈયાર થઇ રહેલા શિકારીને જોતાંજ હરિણીનાં બચ્ચાંઓ જે પ્રમાણે દૂર નાશી જાય છે તે પ્રમાણે હરિશ્ચંદ્ર પણ તેનાથી દૂર નાસતો હતો. તેનું હૃદય વિશ્વમાતાની સ્તનસુધાધારાથી સિંચિત થયેલું હતું—તે રમણી માત્રનેજ માતાની મૂર્તિ સમાન માનતો હતો. એ સૌંદર્યથી કદાપિ તેના હૃદયમાં સહજ પણ કલંકનું ચિહ્ન અંકિત થતું નહોતું; ઉલટું એ સૌંદર્ય જોવામાં આવતાં તેનું હૃદય માતૃભક્તિથી ઉછળી જતું હતું !

ત્યાર પછી એક મહિનો વીતી ગયો છે; પુષ્પાવતી જેટલી તેની વાસનાના વિષમાં બળી મરે છે, તેટલો હરિશ્ચંદ્રને બાંધવાને માટે શ્રમ

કરે છે; પરંતુ હરિશ્ચંદ્ર તેટલોજ પાછો હઠે છે. પહેલાં તો તે પુષ્પાવતીના બોલાવવાથી તેને ત્યાં જતો આવતો હતો; પરંતુ હવે તે પુષ્પાવતીના મનનો ભાવ સમજી ગયો તેથી ધીમે ધીમે તે તેને ત્યાં જવાનું ઓછું કરી નાંખવા લાગ્યો. હવે તે આમંત્રણ થયા છતાં પણ તેને ત્યાં જતો નથી: પરંતુ જે દિવસે તે ઘણી સપડામણમાં આવી જાય છે, તે દિવસે તેને નિરૂપાયે જવું પડે છે.

શ્રાવણની પૂર્ણિમાનો આજે દિવસ હતો. શહેરમાં ઝુલન પૂર્ણિમાના આનંદનું તોફાન ચાલી રહ્યું હતું. આકાશ વાદળાં વિનાનું હતું—ચારે દિશાએ જ્યોત્સ્નાનો પ્રકાશ ફેલાઈ રહ્યો હતો.

અત્યારે પુષ્પાવતીનાં પ્રસ્ફુટિત પંકજ જેવાં નેત્રો પણ હરિશ્ચંદ્રના મુખ ઉપર સ્થપાઈ ગયાં હતાં. વાયુના સ્પર્શથી તેના કેશકલાપની કેટલીક લટો તેના કપાળ પ્રદેશ પર ફેલાઈ જઈને નૃત્ય કરતી હતી. હૃદયના આવેગથી ઉન્મત્ત બનેલા પ્રાણે, કંપિત કંઠે, પુષ્પાવતીએ હરિશ્ચદ્રને કહ્યું:—“એક ગાન ગાઓ.”

હવે પુષ્પાવતી હરિશ્ચંદ્રને “તમે” “તમારા” વગેરે શબ્દોથી સંબોધતી હતી, તથા હરિશ્ચંદ્રને પણ વિનંતિ કરી એવાં સંબોધન વાપરવાનું કહેતી હતી.

હરિશ્ચંદ્ર પુષ્પાવતીના દૃઢ આગ્રહથી આજે તેને બંગલે ગયો હતો. બંગલાની આસપાસ આવેલા પુષ્પોદ્યાનમાં બે આસનો ઉપર બન્ને જણાં બેઠાં હતાં. ફુવારામાંથી સ્વચ્છ જળ ઉડી રહ્યું હતું. સુગંધિત પવન ફુંકાતો હતો. હરિશ્ચંદ્રે હારમોનિયમ વગાડવા માંડ્યું.

એકાએક એક વૃક્ષની ડાળ પર કોયલે મધુર ટહુકો કર્યો. હરિશ્ચંદ્ર પણ ગાવા લાગ્યો કે:—

માલીકના બાળક સૌ, માલીક સૌના શ્રી જગનાથ (૨)
કર્તા હર્તા સૃષ્ટિના, સૌ બાજી એને હાથ.
ઋણાનુંબંધે આવી મળતું ખાવ્યું નવ કોઈનાથી ખળતું,
જગત માત્ર તેને આધીન, છે અનાથના જે નાથ.
નહિં પીંડ આ પોતાતણો, પોતાનું કાંઈ ન જાણવું;

સૌએ શુભાશુભ કર્મને, પોતા તણું જ પ્રમાણવું.

ચિત્રકાર.

પુષ્પાવતી આવેશભરી દૃષ્ટિથી ચંદ્રની જ્યોતિથી જ્યોતિપૂર્ણ થઇ રહેલા હરિશ્ચંદ્રના સુકોમળ મુખનું દર્શન કરી રહી હતી. પ્રત્યેક ક્ષણે તેને હરિશ્ચંદ્રના લાલચોળ અધરોષ્ઠને ચુંબન કરવાની ઇચ્છા થતી હતી. હરિશ્ચંદ્રે ગાન પૂર્ણ કર્યું, પુષ્પાવતી ઉઠીને પોતાના બન્ને હાથ હરિશ્ચંદ્રના ગળામાં નાંખી તેને આલિંગન કરવા આગળ ધસી.

બાણથી વિંધાયલો સિંહ જે પ્રમાણે ભયંકર ગર્જના કરી કૂદકો મારે તેજ પ્રમાણે હરિશ્ચંદ્રે પાછળ કૂદી પડીને કહ્યું:-"કેમ મા ! મ્હારા ઉપર આવી અવકૃપા કેમ? હું તો તમારો પુત્ર છું."

પુષ્પાવતી ઉઠી ઉભી થઇ. આ સમયે તેની મૂર્તિ દીવાનીના જેવી જણાતી હતી. તેણે કહ્યું:-"જીવનાધાર ! મ્હને જીવથી મારશો નહિ; હું તમારીજ છું ! તમે ધારોછો કે, તમારા ભાઇ સાથે હું પ્રેમમાં પડી છું-પરંતુ તેમ નથી. પુષ્પાવતી તમારા સિવાય આ જગતમાં અન્ય કોઇને ચ્હાતી નથી. જીવનદીપ ! મ્હારી રક્ષા કરો. તમે દ્રવ્ય કમાઇ શકો તેમ નથી તેથી શી હરકત છે? મ્હને પ્રત્યેક માસે ઘણો સારો પગાર મળે છે. એ પગારની રકમમાંથી તમારૂં તેમજ મ્હારૂં જીવન મહા સુખમાં પસાર થશે. મ્હારૂં એકઠું કરેલું દ્રવ્ય પણ ઘણું છે. હું તમારા ચરણમાં એ સઘળું અર્પણ કરીશ. તમે મ્હારા થાઓ. હું તમારી દાસી થવામાં પણ મ્હારૂં મ્હોટું સૌભાગ્ય સમજું છું."

ગંભીર અમાવાસ્યાની રાત્રિએ પ્રેતમૂર્તિના દર્શનથી પથિક જે પ્રમાણે ભય પામી પલાયન કરી જાય તેજ પ્રમાણે હરિશ્ચંદ્ર પણ ગભરામણમાં પોતાનું સમસ્ત જ્ઞાન ભૂલી જઈ જલદીથી પુષ્પોદ્યાનમાંથી બ્હાર નીકળી પડી, ભાઇના બંગલા તરફ નાશી છૂટયો.

પ્રકરણ ૧૨ મું.

પરોપકારનો બદલો.

આ ઘટનાને બીજે દિવસે રાત્રે વાળુ વગેરે થઇ ગયા પછી રજનીચંદ્રે હરિશ્ચંદ્રને પોતાની પાસે બોલાવીને કર્કશસ્વરે પૂછ્યું:—“અહિં તું શો વિચાર કરીને આવ્યો છે?”

હરિશ્ચંદ્રે નમ્રસ્વરે ઉત્તર આપ્યો:—“ઘેર શાન્તિ નથી-સુખ નથી; તેથીજ અહિં આવ્યો છું. વળી તમે ઘરખરચ પણ મોકલતા નથી તે માટે ફરિયાદ ઉઠાવવા આવ્યો છું!”

રજનીચંદ્ર:—હવે ત્હારે અહિં રહેવાનું નથી.

હરિશ્ચંદ્ર—ત્યારે ક્યાં જવાનું છે?

રજનીચંદ્ર:—ઘેર.

હરિશ્ચંદ્ર:—મ્હેં તમને કહ્યું તો ખરૂં કે ઘેર સુખશાન્તિ નથી, અને તે એટલે સુધી કે ચચંળાભાભી સુકુમારને મ્હારી પાસે આવવા પણ દેતાં નથી.

રજનીચંદ્ર:—ત્હારા જેવાને માટે એવા પુરષ્કાર યોગ્યજ છે.

હરિશ્ચંદ્ર ચમકી ઉઠ્યો. તેનું સદા પ્રફુલ્લિત રહેતું મુખ મ્લાન બની ગયું. તે સમજી શક્યો નહિ કે તેણે શો ગુન્હો કર્યો છે! પરંતુ તેનાથી કોઇ ગુન્હો થયો છે, એટલું તે તે સમજી શક્યો. કારણ કે વિના અપરાધે તેના ભાઈ તેની ઉપર ગુસ્સે ભરાય તેમ નહોતું. હરિશ્ચંદ્ર સાહસ કરી ભાઇની સામે વિશેષ કાંઇ બોલી શક્યો નહિ. તે ભાઇના મુખ તરફ ટગર ટગર જોઇ રહ્યો.

કોઇ પણ પ્રકારનો ઉત્તર નહિ મળવાથી રજનીચંદ્રે કહ્યું:—“એક પણ પૈસો કમાવાની ત્હારામાં તાકાત નથી, પારકાને ભારરૂપ થઇ પડીને દહાડા કાઢે છે; છતાં આટલી બધી લુચ્ચાઇ?”

હરિશ્ચંદ્ર આ સમયે શાન્ત રહી શક્યો નહિ. નમ્ર સ્વરે તેણે

પૂછ્યુંઃ—"મ્હેં શું કર્યું છે મ્હોટાભાઈ?"

વિશેષ ઉત્તેજીત સ્વરે રજનીચંદ્રે કહ્યું:—"શું કર્યું છે?! મૂર્ખ માણસમાં અનેક દોષો હોય છે. ફોજદારને મ્હોડેથી મ્હેં ત્હારા ગુણો સારી રીતે સાંભળ્યા છે!

હરિશ્ચંદ્ર જ્યાં ઉભો હતો ત્યાંજ બેસી ગયો. તેને એમ લાગ્યું કે, ફોજદારે તે દિવસની હકીકત તદ્દન અસત્ય બનાવીને ભાઇને કહી છે. તે કાંઈ કહેવા જતો હતો; પરંતુ તેને બોલવાનો અવકાશ નહિ આપતાં રજનીચંદ્રે કહ્યું:—"ત્હારા જીવમાં આટલું બધું સાહસ! તું હનુમાનજીના પૂજારી મહારાજ ઉપર ખોટું કલંક મૂકવાનો ઈરાદો રાખતો હતો—પોલિસની સાથે મારામારી કરતો હતો! જો તેમણે તને મ્હારા ભાઈ તરીકે ન ઓળખ્યો હોત તો તે તને યોગ્ય સજા કર્યા સિવાય રહેત નહિ! ગમે તેમ હોય—હવે ત્હારે અહિં રહેવાનું નથી, નહિ તો કોઈ દિવસે મ્હારી આબરૂને હરકત પહોંચશે. આજે રાત્રેજ તું અહિંથી વિદાય થા. આ લે, ત્હારા ગાડીભાડાને માટે રૂપિયા— રાત્રે અગીયાર વાગે જે ગાડી જાય છે, તેમાંજ ત્હારે ચાલ્યા જવાનું છે."

હરિશ્ચંદ્રે એક ગાઢ નિશ્વાસ મૂક્યો. તેનો સ્વભાવજ એવો હતો કે તે કોઈનાં પણ વચનોની વિરૂદ્ધ બોલી શકતો નહોતો. આ સમયે પણ તેણે પોતાના સ્વભાવનું અનુસરણ કર્યું. તેણે ભાઈની વાત વિરૂદ્ધ એક પણ શબ્દ ઉચ્ચાર્યો નહિ. તે ઘેર જવાને ઉત્સુક થયો. માત્ર ટગર ટગર દૃષ્ટિથી ભાઇના મુખ તરફ જોઇ તેણે ઘણાજ નમ્ર સ્વરે કહ્યું:—"મ્હારાં સ્નેહલતા ભાભીએ તમને ઘેર આવવાને માટે ઘણીજ નમ્રતાથી વિનંતિ કરી છે!"

રજનીચંદ્રે વિકટ હાસ્ય કરીને કહ્યું:—"બહુ સારૂં!"

હરિશ્ચંદ્ર સંકોચ પામ્યો, તથાપિ કહ્યું:—"ઘરખરચ માટે કાંઇ આપશો કે?"

રજનીચંદ્રઃ—આપવાનું હશે તો મોકલી આપીશ. દશ ઉપર સાત મિનિટ થઇ છે, હવે સ્ટેશને જવામાં ઢીલ કરીશ તો ગાડી મળશે નહિ. આ ગાડીમાં ત્હારે વિદાય થવુંજ જોઇએ.

હરિશ્ચંદ્ર વિશેષ કાંઈ બોલ્યો નહિ. તે કપડાં પહેરી હાથમાં છત્રી લઇ બ્હાર નીકળી પડયો. તે દિવસે કૃષ્ણપક્ષની એકાદશી હતી. રાત્રિનો અંધકાર રાજમાર્ગ ઉપર ફેલાઈ ગયો હતો. થોડે થોડે છેટે આવેલાં ફાનસોનો પ્રકાશ આ અંધકારને દૂર કરવાનો વ્યર્થ પ્રયાસ કરતો હતો. ક્વચિત્ એકાદ ગાડી સ્ટેશન તરફ જતી આવતી જણાતી હતી. રસ્તાની એક બાજુએ કોઈ કોઇ સ્થળે કૂતરાં નિદ્રાધીન થયેલાં જણાતાં હતાં. બબ્બાની બ્હારમાં મસ્ત બનેલા કોઇ કોઈ માણસો જેમ ફાવે તેમ બકતા, ઘડીમાં કોઇ નાટક કંપનીનું બીભત્સ ગાયન લલકારતા ક્વચિત્ જતા આવતા નજરે પડતા હતા.

અગીઆર વાગવામાં પાંચ મિનિટ બાકી હતી કે, હરિશ્ચંદ્ર સ્ટેશને જઈ પહોંચ્યો. ટ્રેન આવવાની તૈયારી હતી—અનેક યાત્રાળુઓ ટિકીટ ખરીદી પ્લૅટફૉર્મ પર જઇને ઉભાં હતાં. ટિકીટ લેવાની બારી આગળ બે ચાર માણસો ઉભેલાં જણાતાં હતાં. એક વૃદ્ધ પુરૂષ ત્યાં આગળ બેઠો બેઠો ઉચ્ચ સ્વરે રડતો હતો.

હરિશ્ચંદ્ર સ્ટેશને જઇને ટ્રેન આવવાને વિશેષ વખત રહ્યો નથી એમ જાણી મુંબઈની એક ટીકીટ ખરીદી લાવ્યો. ત્યાર પછી જેવો તે પ્લૅટફૉર્મ ઉપર જતો હતો એવામાં તેણે ઉપરોક્ત વૃદ્ધને રડતો કકળતો જોયો. તરતજ તે એ વૃદ્ધની પાસે ગયો અને પૂછયું:— "બાપુ! તમે કેમ રડો છો?"

વૃદ્ધ:—ભાઈ! મ્હારા સર્વસ્વનો નાશ થયો છે!

હરિશ્ચંદ્ર:—પરંતુ શું થયું છે, તે સ્પષ્ટ ન કહો ત્યાં સુધી હું શું જાણું? ગાડી આવવાને હવે વિલંબ નથી—કહો, તમને શું થયું છે?

વૃદ્ધ:—હું ગુજરાતી છું.

હરિશ્ચંદ્ર:—તે તો તમારી બોલી પરથી હું જાણી શકયો છું.

વૃદ્ધ:—મ્હારો પુત્ર આ દેશમાં નોકરી કરતો હતો—એક ગૃહસ્થને ત્યાં રસોઇઓ હતો, તેને પ્લેગ થયો હતો—જે ગૃહસ્થને ત્યાં એ નોકરી કરતો હતો એ ગૃહસ્થ તેને દવાખાનામાં પહોંચાડી પોતાના દેશમાં ચાલ્યા ગયા છે.

હરિશ્ચંદ્રઃ—ત્યાર પછી ?

વૃદ્ધઃ—હું એ સમાચાર મળતાંજ અહિં આવ્યો હતો. ભાઈ! મ્હારો પ્રાણાધિક પુત્ર આજે સ્હવારે મ્હને રડતો કકળતો મૂકીને પરલોકવાસ પામ્યો છે. અરેરે! મ્હારા જેવો હતભાગ્ય બીજો કોણ છે! આવી વૃદ્ધાવસ્થામાં મ્હેં મ્હારો એકનો એક પુત્ર ગુમાવ્યો! હે પ્રભુ!

હરિશ્ચંદ્રઃ—ભાગ્યમાં જે ભોગવવાનું નિર્માણ થયું હોય છે, તે ભોગવ્યા સિવાય છૂટકો થતો નથી. આમ રૂદન કરીને શું કરશો? ગાડી આવવાને હવે વાર નથી. જુઓ ગાડીનો અવાજ સંભળાય છે. જલદીથી ઉઠો પ્લૅટફૉર્મ પર ચાલો; તમારે ક્યાં જવું છે?

વૃદ્ધઃ—ભાઇ! હું મુંબઈ જવાનો હતો; પરંતુ હવે જઈ શકું તેમ નથી. હું પુત્ર શોકથી ઘણો વ્યાકુળ બની ગયો હતો, તેથી ટિકીટ કરાવવાની જગ્યાએ ઘણી ભીડ હોવાથી મ્હેં એક માણસને ટિકીટ કરાવવાના પૈસા આપ્યા હતા. મ્હેં ધાર્યું હતું કે તે પોતાની ટિકીટ સાથે મ્હારી ટિકીટ પણ લેશે; પરંતુ થોડા સમય પછી મ્હેં જોયું તો એ માણસ મ્હારી નજરે પડ્યો નહિ. ટિકીટ માસ્તર પાસે જઇને મ્હેં આ હકીકત કહી ત્યારે તેમણે કહ્યું કે, "કોઇ બદમાશ તમને ઠગી ગયો!" ભાઈ! હવે મ્હારી પાસે એક પણ પૈસો નથી. પુત્રવિયોગના શોકથી મ્હેં આખા દિવસમાં કાંઇ ખાધું નથી! હવે મ્હારૂં શું થશે?!

વૃદ્ધનો રૂદન ધ્વનિ કાંઇક ઉંચો થયો. બરાબર આજ સમયે ટ્રેન સ્ટેશનના પ્લૅટફૉર્મ પર આવી પહોંચી. ટ્રેન નજરે પડતાંજ વૃદ્ધ વળી વિશેષ ઉચ્ચ સ્વરે રૂદન કરવા લાગ્યો.

હરિશ્ચંદ્ર વૃદ્ધની સ્થિતીથી વાકેફ થઈ ઘણો દુઃખી થયો. તેણે પોતાની ટિકીટ વૃદ્ધના હાથમાં મૂકી કહ્યું:—"જલદી જાઓ, ગાડીમાં બેસી જાઓ."

વૃદ્ધે કહ્યું:—"તમેજ મ્હારી ટિકીટ લેવા ગયા હતા કે શું? મેં તમનેજ રૂપિયા આપ્યા હતા કે શું! અરેરે! ઘણા માણસો તમને

બદમાશ કહે છે; પરંતુ ઉચ્ચ કુટુંબમાં પેદા થયેલાં સંતાનો નજીવી રકમ માટે કદાપિ વિશ્વાસઘાત કરે કે! હું ઘણો ગરીબ છું. જો તમે ટિકીટ ન આણી આપી હોત તો મ્હારી ઘણી દુર્દશા થાત!"

હરિશ્ચંદ્ર:—હવે વખત નથી; તમે જલદીથી ગાડીમાં જઇને બેસો.

વૃદ્ધ જલદીથી ઉઠીને ચાલ્યો ગયો, તથા પ્લૅટફૉર્મ પર જઈ ટ્રેનમાં ચઢી બેઠો! કેટલાક સમય પછી ટ્રેન ઉપડી; એન્જીનમાંથી ધુમાડાના ગોટે ગોટા નીકળવા લાગ્યા.

હરિશ્ચંદ્ર એ ટ્રેનમાં જઇ શક્યો નહિ. તેના ભાઇએ તેને માત્ર ગાડીભાડુંજ આપ્યું હતું. તેણે મુંબઇ સુધીની ટીકીટ લીધેલી હોવાથી તેની પાસે માત્ર મુંબઈથી વડોદરા સુધીનું ભાડું તેમજ એક રૂપિયો પરચુરણ ખર્ચ માટે મળેલો બચ્યો હતો. હવે તે શું આપીને ટિકીટ ખરીદે?

સ્ટેશનથી થોડે દૂર એક હૉટલ હતી. એ હૉટલમાં રેલ્વે ટ્રેનના મુસાફરો ઉતરતા હતા. સૂવા, ખાવા, પીવા વગેરે પ્રત્યેક વાતની હૉટલમાં ઉત્તમ વ્યવસ્થા હતી. હરિશ્ચંદ્રે પણ એ હૉટલમાં જઇને આશ્રય લીધો, જળપાન કર્યું. ત્યાર પછી પોતાની પાસેની કામળ પાથરી, પોટલી ઉશિકે મૂકી તે સૂઈ ગયો અને થોડા સમયમાંજ ગાઢ નિદ્રાને આધીન થયો.

મળસ્કે એક ટ્રેન મુંબઈ તરફ જતી હતી. ટ્રેન આવવાને થોડા સમયની વાર હતી એવામાં કેટલાક ગુજરાતી યુવકો હૉટલમાં આવી પહોંચ્યા.

આ હૉટલ રાત્રિ દિવસ ખુલ્લીજ રહેતી હતી. ગુજરાતી યુવકો આવીને હરિશ્ચંદ્ર જ્યાં આગળ સૂઈ રહ્યો હતો ત્યાં બેઠા; તથા વાર્તાલાપ કરવા લાગ્યા. તેમના આ વાર્તાલાપથી તેમજ હાસ્યવિનોદથી હરિશ્ચંદ્રની નિદ્રાનો ભંગ થયો—તે ઉઠીને બેઠો થયો.

એક યુવકે પ્રશ્ન કર્યો:—"તમે ગુજરાતી જણાઓછો; અહિં કેમ આવ્યા છો?"

હરિશ્ચંદ:—મ્હારા ભાઇ અહિં રહે છે, તેમને મળવાને માટે

આવ્યો હતો.

યુવક:—ક્યાં જશો ?

હરિશ્ચંદ્ર:—મુંબઈ થઈને વડોદરે. આપ ક્યાં જવાના છો ?

યુવક:—મુંબઈ.

હરિશ્ચંદ્ર:—ક્યાં ગયા હતા ?

યુવક:—દેશ વિદેશમાં ફરવાને માટેજ અમે સર્વ મિત્રો નીકળ્યા હતા.

ત્યાર પછી તેમણે ચ્હા પીધી. હરિશ્ચંદ્રને ઘણો આગ્રહ કરવામાં આવ્યો પણ તેણે ચ્હા પીધી નહિ. તેણે કહ્યું:—"ભાઈ ! મ્હને ક્ષમા કરજો. ચ્હા એ એક પ્રકારનું વ્યસન છે; અને જે મનુષ્ય વ્યસનનો દાસ થયો નથી તેને વ્યસની નહિ બનવા દેવામાંજ તેનું કલ્યાણ છે."

પ્રથમ જે યુવકે હરિશ્ચંદ્ર સાથે વાતચિત કરવી શરૂ કરી હતી તેણે કહ્યું:—"વાસ્તવિક છે. તમે ચ્હા નથી પીતા તેથી અમને તમારા પર બિલકુલ માઠું લાગ્યું નથી."

એ સર્વ યુવક મંડળમાં વિશ્વનાથ નામનો એક યુવક સારો ગાયક હતો. એક યુવકે ખિસ્સામાંથી ઘડીઆળ કાઢી વખત જોઈ કહ્યું:—"ગાડીને હજી અડધા કલાકની વાર છે, તો ત્યાં સુધી ગાનતાન થવા દ્યો. વિશ્વનાથ ! તું હારમોનિયમ વગાડવા માંડ."

આજે વિશ્વનાથ કાંઈક થાકેલો હોવાથી તેણે એકજ ગાન ગાયું, ત્યાર પછી તેણે બીજા કોઈને ગાવાની વિનંતિ કરી. આ પ્રમાણે એક પછી એક ઘણાખરાએ પોતાના શિર પર આવેલું કાર્ય પાર ઉતાર્યું. ત્યાર પછી હરિશ્ચંદ્રનો વખત આવ્યો. એક યુવકે તેનો હાથ પકડીને કહ્યું:—"જો કે તમને વિશેષ આગ્રહ કરવાનો અમને અધિકાર નથી તો પણ જો તમે કૃપાભાવે એકાદ ગાન ગાશો તો અમે મ્હોટો ઉપકાર થયો માનીશું. અમે વિદેશમાં આવી રીતે મોજ શોખ તેમજ આનંદ ઉડાવીનેજ દિવસો પસાર કરીએ છીએ."

હરિશ્ચંદ્ર કાંઈ પણ આનાકાની કર્યા સિવાય હારમોનિયમ પાસે બેઠા તથા હારમોનિયમના સૂર સાથે પોતાનો સૂર મેળવીને ગાન

ગાવાની તૈયારી કરવા લાગ્યો. તેનો મધુર સ્વર સાંભળીને યુવકમંડળ મોહિત થઈ જવા લાગ્યું. તેણે નીચેનું ગાન ગાવું શરૂ કર્યું.

"અજબ નવાઇ નશિબની, શાણા તું સમજી લે;
એક દિન હાથી, એક દિન ઘોડા, એક દિન પાઈ ન પાસ;
એક દિન મંદીર, એક દિન માળા, એક દિન વનમાં વાસરે—શાણા.
કર્મરાયના અજબ તમાસા, રંકરાય નહિ ત્યાંય;
કરશું તેવું ભરશું ભાઇ ફોગટ શું ફુલાયરે—શાણા૦ અજબ.

ગાન ચાલતું હતું. એવામાં ટિકીટ કરાવવાનો ઘંટ વાગ્યો. એક યુવકે કહ્યું:—"એક જણ જઇને ટિકીટો લઈ આવો. ગાન બંધ રાખવાનું નથી; કેમ મહાશય! અમારી સાથે આવવાને તમને કાંઇ હરકત તો નથીને?"

હરિશ્ચંદ્રે હસીને કહ્યું:—"આપ પણ મુંબઇ જવાના છો, તેમ હું પણ મુંબઇ આવવાનો છું; તેથી આપની સાથે આવવાને મ્હને શી હરકત છે? ઉલટું આપની સાથે હું પણ આનંદ મેળવી શકીશ; પરંતુ મ્હારી પાસે ભાડાના રૂપિયા નથી તેથી આ ગાડીમાં મ્હારાથી આવી શકાશે નહિ."

"કુછ પરવાહ નહિ—ઇસ લિયે કુછ ભી અટક જાયગા નહિ." આમ કહીને એક યુવક જઇને તેમની ટિકીટો સાથે હરિશ્ચંદ્રની ટિકીટ પણ ખરીદી લાવ્યો. ત્યાર પછી ટ્રેન આવતાં તેઓ સર્વે હરિશ્ચંદ્રની સાથે ટ્રેનમાં જઇને બેઠા.

હરિશ્ચંદ્રને ભાડાના રૂપિયા માટે કોઈ પણ પ્રકારનો અભાવ રહ્યો નહિ. પરોપકારનો બદલો ઈશ્વર આવી રીતેજ આપે છે.

પ્રકરણ ૧૩ મું.

રાક્ષસીની નવીન જાળ.

પુષ્પાવતી પાસેથી જે દિવસથી હરિશ્ચંદ્ર પલાયન કરી ગયો હતો તે દિવસથી પુષ્પાવતીના હૃદયમાં નિરાશ પ્રેમનો દાવાનળ સળગી

ઉઠયો. પુષ્પાવતી—વિલાસિની પુષ્પાવતી—અત્યાર સુધી જાણે કે એ દાવાનળની જ્વાળાને જાણતી નહોતી. અત્યાર સુધી જે તરફ તેનું મન ખેંચાયું હતું તે તરફ તે સ્હેલાઇથી આગળ ધસી શકી હતી—સફળતા મેળવી શકી હતી. નયન બાણથી પ્રેમના પોઠીઆઓને જહરનું પાણી પાઇ ચુકી હતી. નિરાશાપૂર્ણ પ્રેમની ભયંકર જ્વાળામાં તેને કદાપી બળી મરવું પડ્યું નહોતું. આથી કરીનેજ તે ઘણી વ્યાકુળ બની ગઇ. હરિશ્ચંદ્ર સિવાય હવે બીજું કોઈ તેને પોતાના પ્રેમનું પાત્ર જણાતું નહોતું. એક પ્રકારના સુખ સૌંદર્યના નીશાથી તે દીવાની બની ગઇ. તે રાત્રિ દિવસ હરિશ્ચંદ્રનાજ વિચારો કરવા લાગી.

શિકાર કરવાને તૈયાર થઇ રહેલી વાઘણના મુખ પાસેથી હરિણીનાં બચ્ચાંને જો ખસેડી લેવામાં આવે અને તેને પરિણામે એ ક્રૂર વાઘણ જે પ્રમાણે ક્રોધથી સળગી ઉઠી ભયંકર સ્વરૂપ ધારણ કરે તેજ પ્રમાણે પુષ્પાવતીએ જ્યારે એમ સાંભળ્યું કે, રજનીચંદ્રે હરિશ્ચંદ્રને ઘેર મોકલી દીધો છે—પોતાનો પ્રાણાધિક સમસ્ત અહમ્મદનગરમાં છેજ નહિ—ત્યારે તેના હૃદયે પણ તેજ પ્રમાણે ક્રોધથી સળગી ઉઠીને ભયંકર સ્વરૂપ ધારણ કર્યું.

“પુરૂષ હોય કે સ્ત્રી હોય, શિક્ષિત હોય કે મૂર્ખ હોય, પરંતુ જે કદાપિ સંયમનો અભ્યાસ નથી કરતું, તેના હૃદયમાં લાલસા જાગ્રત થતાં તેની નિવૃત્તિ થતી નથી. જેમ જેમ સમય પસાર થતો જાય છે તેમ તેમ લાલસા વૃદ્ધિ પામતી જાય છે, તથા ધીમે ધીમે તે ભયંકરથી પણ ભયંકર આકાર ધારણ કરે છે. માત્ર બહારની કેળવણીથીજ મનુષ્ય ઉન્નત થતું નથી. આદર્શ તેમજ પિતામાતાના શાસનના સંકેતથી સંયમની કેળવણી નથી મળતી તો મનુષ્ય પશુથી વિશેષ ઉન્નત થઇ શકતું નથી.” પુષ્પાવતી સ્વચ્છંદાચારિણી હતી, તેથીજ તે પોતાની વાસનાને સમાવી શકતી નહોતી. તે હરિશ્ચંદ્રનો વિરહ સહન કરી શકી નહિ.

એક દિવસે મધ્યાન્હકાળે તેણે રજનીચંદ્રને મળીને એક યુક્તિ વાપરી. રજનીચંદ્ર પુષ્પાવતીની યુક્તિનું રહસ્ય સમજી શકયો નહિ.

તે દીપક પર પતંગ બન્યો હતો, તેથી બળી મરવાને માટે અગ્રેસર થયો.

બન્નેની વચ્ચે આ પ્રમાણે વાતચિત ચાલતી હતીઃ-

પુષ્પાવતીએ આરામ ખુરશીમાં પોતાના સર્વાંગ સુંદર શરીરને નાંખી, એક ગાઢ નિશ્વાસ મૂકી અતિ ચિંતાપૂર્ણ સ્વરે કહ્યુંઃ-" અરેરે, હવે સહન કરી શકતી નથી ! ડૉક્ટર સાહેબ ! હવે ક્યાં સુધી આવી રીતે દિવસો કાઢવા પડશે ?"

રજનીચંદ્રે પૂછ્યુંઃ-" કેમ પુષ્પા ! વળી પાછું તને શું થયું છે ?"

પુષ્પાવતીઃ-ડૉક્ટર સાહેબ ! હું તમારાથી જુદી રહી શકતી નથી. તમે અહિં મ્હારી આંખો આગળ નથી હોતા ત્યારે મ્હને ઘણું દુઃખ થાય છે.

રજનીચંદ્રઃ-પુષ્પા ! પ્રિયતમે ! ત્યારે હું બંગલો કાઢી નાંખી ત્હારે ત્યાં રહું, અગર તો તું મ્હારા બંગલામાં રહે ?

પુષ્પાવતીઃ-હા, એ ઘણી સારી વાત છે તમારા પેલા ભાઇનું નામ શું છે ? હં, યાદ આવ્યું, હરિશ્ચંદ્ર કેમ ? તેને તમે ઘેર કેમ મોકલી દીધો ?

રજનીચંદ્રઃ-તે કાંઇ ભણ્યો ગણ્યો નથી, તેથી અહિં બેસી રહીને શું કરે ? ઘેર જાય તો કાંઇ ઘરકામ તો કરે. નોકરી તો તેનાથી થઇ શકે એમ નથી.

પુષ્પાવતીઃ-તો પણ તે ઘણો સરળ અને બુદ્ધિમાન જણાય છે. તેને આમ રખડતો નહિ રાખતાં કંઇ કામે લગાડી દેવો જોઇએ. તેને માટે મ્હને ઘણી લાગણી થાય છે. પછી આ લાગણી તમારા સંબંધથી થતી હોય કે તેની સરળતાથી થતી હોય તે પ્રભુ જાણે ! ડૉક્ટર સાહેબ ! હું તમારા પ્રેમસાગરમાં ડુબી છું, પ્રેમઘેલી બની ગઇ છું. તમે મ્હારી એક વાત કબૂલ કરશો કે ? આ દાસી પર દયાભાવ દર્શાવશો કે ?

રજનીચંદ્રઃ-પુષ્પે ! પ્રિયે ! શા માટે હું ત્હારી વાત કબૂલ નહિ કરૂં ? આ જીવન માત્ર ત્હારે માટેજ...

પુષ્પાવતીઃ-એ તો હું જાણું છું, ડૉક્ટર સાહેબ ! તમે જાણો

છે કે, અહિં અહમ્મદનગરમાં જો આપણે બન્ને એકઠાં રહીશું તો લોકો આપણી બન્નેની ઘણી નિંદા કરશે; માટે મ્હારી તો એવી ઇચ્છા છે કે, આપણે બન્ને જણાં નોકરીનું રાજીનામું આપીને મુંબઇ જઇએ.

રજનીચંદ્રઃ—ત્યાં જવાથી શું થશે ?

પુષ્પાવતીઃ—કેમ, મનનું દુઃખ દૂર થશે. ત્યાં આપણે બન્ને જણાં એકજ મકાનમાં રહીશું. સંસારખર્ચ ચલાવવાને માટે ચિંતા રાખવાની જરૂર નથી. મ્હારી પાસે લગભગ પાંચ હજાર રૂપિયા છે. એ રૂપિયામાંથી આપણે મુંબ-માં એક ઔષધાલય સ્થાપિત કરીશું. પછીથી આપણને શી હરકત પડવાની છે ?

"પુષ્પા ! ત્હારો આટલો બધો પ્રેમ ! ? મ્હારે માટે ત્હારો આવો અપૂર્વ સ્વાર્થત્યાગ ! ?" આમ વિચારીને તેણે કહ્યું:—"પુષ્પા ! પ્રિયે ! તું જેમ કહે તેમ કરવાને હું તૈયાર છું. તને સુખી જોવાનીજ મ્હારી એક માત્ર મહત્વાકાંક્ષા છે."

પુષ્પાવતીઃ—તો પછી આ માસમાંજ નોકરીનું રાજીનામું આપી દ્યો; હું પણ આપી દઉ છું. આવતા માસમાં આપણે બન્ને નોકરીનો ત્યાગ કરી મુંબઇ ચાલ્યાં જઇશું.

રજનીચંદ્ર આનંદથી આ પ્રાર્થના કબૂલ કરી, તથા મુંબઇ જવા સંબંધીની બીજી કેટલીક વાતચિત કરતાં કરતાં પુષ્પાવતીએ રજનીચંદ્રને એમ પણ કહ્યું કે, દવાખાનાની સંભાળ માટે હરિશ્ચંદ્રને બોલાવી આપણી પાસે રાખવો. રજનીચંદ્ર સમજ્યો કે, હરિશ્ચંદ્ર પોતાનો ભાઇ છે તેથીજ પુષ્પાવતી તેની પ્રત્યે આટલી બધી લાગણી રાખે છે.

રજનીચંદ્ર ચાલ્યો ગયો. પુષ્પાવતી ઉઠીને બેઠી થઈ. ઘણા સમય સુધી તેણે કાંઇ ચિંતા કર્યા કરી; પછીથી એક ગાઢ નિશ્વાસ મૂકીને મૃદુસ્વરે તેણે કહ્યું:—"હરિશ્ચંદ્ર ! પ્રાણાધિક હરિશ્ચંદ્ર ! તમને મેળવવાને માટે મ્હેં નવીન યુકિત ચલાવી છે. મ્હેં મ્હારા એકત્ર કરેલા દ્રવ્યની માયા છોડી દીધી છે. તમે—તમે આ હમ્મેશાં શાન્ત રહેતા હૃદયમાં જે અગ્નિ સળગાવ્યો છે તે તમારા સિવાય શાન્ત

થવાનો નથી. તમને હું મ્હારા મકાનમાં રાખીશ. કોઇ પણ પ્રકારે હું તમને મ્હારા કરીશ અને અંતે રજનીચંદ્રને દૂર કરીશ. આ કાર્યમાં અહિં અનેક પ્રકારની અડચણો નડે તેમ હોવાથીજ હું મુંબઈ જવાની યુક્તિ વાપરી ચૂકી છું. નિર્દય પાષાણ! ફરીથી પણ મ્હારો પરિત્યાગ કરીને ચાલ્યા જશો કે શું?"

ત્યારં પછી તેણે શાન્ત થઇને એકં વખત ચારે દિશા તરફ દૃષ્ટિ ફેરવી. તેની પાસે બીજું કોઈ માણસ નહોતું–માત્ર દિવાલ ઉપર ટાંગેલા ઘડીઆળનો 'ટક ટક' અવાજ કાને પડતો હતો.

ઘડીઆળ જાણે કે તેને રહસ્યમય ભાષામાં કહી રહી છે કેઃ– "હે હતભાગિની! તને ઉત્તમ પ્રકારનું શિક્ષણ મળ્યું છે તેનું ફળ કેવું ફળ્યું? જો શિક્ષણ મળ્યા છતાં પણ તને આટલી સ્વતંત્રતા ન મળી હોત–અગર તો બાલ્યાવસ્થામાંથી તને યોગ્ય સદુપદેશ મળી શક્યો હોત–અગર તો કોઇની સાથે વિવાહ કરીને ત્હેં તેના ચરણોમાં ત્હારૂં સૌંદર્ય અર્પણ કર્યું હોત તો તું આવા અસંયમના અગ્નિમાં બળી મરત નહિ. એમાંનું કાંઈ ત્હારામાં નથી તેથીજ ત્હારી આવી દુર્દશા છે–આટલી પિપાસા છે. પિપાસાજ પાપ છે–નરક છે!"

ત્રીજો ખંડ સમાપ્ત.

મિલન-મંદિર.

ખંડ ચોથો.

માયા બંધનનો નાશ.

ખંડ ૪ થો.

પ્રકરણ ૧ લું.

હરિશ્ચંદ્રનો સુકુમાર પ્રત્યેનો સ્નેહ.

શ્રાવણ માસનો દિવસ હતો. સંધ્યા સમય થયો હતો એવામાં હરિશ્ચંદ્ર બાજવા સ્ટેશને ઉતરી છાણી ગામે આવવાને ચાલી નીકળ્યો. તેના એક હાથમાં એક ન્હાની પોટલી હતી તથા બીજા હાથમાં એક ન્હાનું સાત આનાનું વાજું કે જે તેણે સુકુમારને વગાડવા માટે લીધું હતું તે હતું. પોટલીમાં કેટલાંક નવાં કપડાં હતાં; તેમાં સુકુમાર માટે એક કોટ, એક જોડ બુટ, તથા એક સીટી હતાં.

હરિશ્ચંદ્ર અહમ્મદનગરના સ્ટેશનથી જેમની સાથે મુંબાઈ ગયો હતો તેઓ સર્વ ઘણી સારી સ્થિતિના ગૃહસ્થોના પુત્રો હતા. હરિશ્ચંદ્ર સાથેના વાર્તાલાપથી તેમજ તેના ગાનતાનથી તેઓ સૌ અતિ આનંદ પામ્યા હતા. તેમણે હરિશ્ચંદ્રને થોડા દિવસ સુધી મુંબઈમાં રાખી પછીથી તેને ઉપહાર તરીકે ત્રિસ રૂપિયા આપી ઘર તરફ વિદાય કર્યો હતો. હરિશ્ચંદ્ર પણ તેમની સાથે થોડા દિવસ સુધી આનંદમાં રહી પછીથી ઘર તરફ ચાલ્યો આવ્યો.

ગામમાં આવી પહોંચતાંજ હરિશ્ચંદ્રે પોતાનાં પરિચિત માણસોને પ્રથમ સુકુમારના સમાચાર પૂછ્યા. તે સારો છે એમ જાણીને એ ઘણો આનંદ પામ્યો.

હરિશ્ચંદ્ર ગામમાં કોઈની પણ પાસે ઉભો રહ્યો:—એક ક્ષણનો પણ તેણે વિલંબ કર્યો નહિ. તે કપાળ પર ઉપસી આવેલાં પસીનાનાં બિંદુઓ સાફ કરતો કરતો ઘર તરફ જલદીથી ચાલવા લાગ્યો. ઘણા દિવસથી તેણે સુકુમારને જોયો નહોતો. જતી વખતે તે સુકુમારને ખોળામાં લઇ માત્ર એક ચુંબન પણ કરી શક્યો નહોતો. ઘેર જતાં

જતાં તેનો સમસ્ત પ્રાણ અંધકારથી ઢંકાઇ જતો હતો. ચંચળવહુ કદાચ સુકુમારને પોતાની પાસે નહિ આવવા દે તો? તો પછી હરિશ્ચંદ્રને ઘેર આવવાથી શો લાભ? માત્ર સુકુમારજ તેના જીવનના બંધન સ્વરૂપ હતો–સુકુમારજ તેના સંસારના સર્વસ્વ સ્વરૂપ હતો. આશાનો દીપક સળગી ઉઠયો. તેણે વિચાર્યું:–"એમ કેમ બની શકે? શું ચંચળવહુનો ક્રોધ હજી સુધી શાંત નહિ થયો હોય? મનુષ્યનો ગુસ્સો આટલા બધા વખત સુધી ટકી શકે ખરો કે? મ્હારા નયનમણિ–મ્હારા વંશધર, મ્હારા જીવનધનને શા માટે હું મ્હારા ખોળામાં નહિ લઈ શકું?"

હરિશ્ચંદ્ર ઉતાવળો ઉતાવળો ઘેર ચાલ્યો આવ્યો. ઘર આગળ આવીને તેણે મ્હોટેથી બૂમ મારી:–"સુકુમાર!"

સુકુમારે ઉત્તર આપ્યો નહિ! હરિશ્ચંદ્રે ફરીથી હાંક મારી. રૂક્મિણીએ બ્હાર આવીને કહ્યું:–"કોણ ન્હાના ભાઈ! આવ્યા કે? સુકુમાર સૂઇ ગયો છે. ચાલો ચાલો, માતાજી તમનેજ યાદ કર્યા કરે છે."

હરિશ્ચંદ્રે પૂછ્યું:–"ચંચળભાભી ક્યાં છે?"

રૂક્મિણીએ કહ્યું:–"તમે હમણાં માતાજી પાસે તો ચાલો; પછીથી સૌને મળજો."

હરિશ્ચંદ્ર રૂક્મણી સાથે પોતાની માતા પાસે ગયો. એટલામાં તો જયંતી, સ્નેહલતા સૌ ત્યાં આવી ચઢયાં. સૌએ પ્રથમ રજનીચંદ્રના કુશળ સમાચાર પૂછ્યા. હરિશ્ચંદ્રે રજનીચંદ્રની સઘળી હકીકત જણાવી. એ હકીકત સાંભળી સરસ્વતીએ દીર્ઘ નિશ્વાસ મૂકયો. સ્નેહલતા જ્યાં ઉભી હતી ત્યાંજ બેસી ગઇ.

હરિશ્ચંદ્રે પોતાની હકીકત કહી સંભળાવી. પછીથી તેણે ત્રણ વહુનાં તેમજ માતાનું મળીને ચાર વસ્ત્રો બહાર કાઢયાં. સરસ્વતીએ પહેરેલા વસ્ત્રના પાલવથી આંખોમાંનાં આંસુ સાફ કરતાં કહ્યું:–"ભાઇ! મ્હારી પાસે એક પણ વસ્ત્ર નહોતું, તેથી તું આ વસ્ત્ર લઈ આવ્યો તે ઠીક કર્યું છે. થોડા ઘણા રૂપિયા લાવી શકયો છે કે નહિ!"

હરિશ્ચંદ્રે શુષ્ક હાસ્ય કર્યું. પછીથી કહ્યું:–"હું શું પૈસા લાવી

શકું તેમ છું! જે યુવકોએ દયા દર્શાવીને મ્હને વિસ રૂપિયા આપ્યા હતા તેમાંથી આ કપડાંના તેમજ ગાડી ભાડાના પૈસા ખરચતાં મ્હારી પાસે હવે સાત રૂપિયા નવ આના રહ્યા છે, તે લ્યો, આ રહ્યા.”

આમ કહીને હરિશ્ચંદ્રે પોતાના ખિસ્સામાંથી રૂપિયા બ્હાર કાઢી માતાના હાથમાં મૂક્યા. ત્યાર પછી તેણે કહ્યું:–“બા! ચંચળભાભી સુકુમારને મ્હારી પાસે આવવા દેશે કે? નહિ આવવા દે તો હું બળાત્કારથી તેને મ્હારા ખોળામાં લઈશ. ઘણા દિવસથી તેને જોયો નથી તેથી મ્હારો જીવ અકળાયો થઇ ગયો છે.”

સરસ્વતીએ કહ્યું:–“હું શું જાણું ભાઈ કે ચંચળવહુ સુકુમારને ત્હારી પાસે આવવા દેશે કે નહિ! ત્હારા મ્હોટા ભાઇ ઘેર આવ્યા છે.”

હરિશ્ચંદ્ર:–હમણાં તમારી સાથે તેમનો કેવો વ્યવહાર ચાલે છે?

સરસ્વતી:–રસોઇ જૂદીજ થાય છે.

હરિશ્ચંદ્ર:–શું ખરી વાત કહો છો? મ્હોટા ભાઇ આવીને પણ શાન્તિની સ્થાપના કરી શક્યા નહિ? તમે પણ ભાઇને કાંઈ કહ્યું નહિ?

સરસ્વતી:–મ્હેં કહેવામાં કાંઇ બાકી રાખ્યું નથી; પરંતુ ભાઈ એમ કહે છે કે, તમે સૌએ મળીને વહુને ઘણી કાયર કરી નાંખી છે તેથી હું શું કરૂં? તેને જૂદા થઇને સુખ મેળવવું હોય તો તેમ કરી જોવા દ્યો.”

હરિશ્ચંદ્ર:–ભાઈ ખરચ માટે કાંઈ પૈસા આપે છે કે નહિ?

સરસ્વતી:–મ્હારી ખોરાકી માટે મહિને પાંચ રૂપિયા આપે છે.

હરિશ્ચંદ્ર:–અને મ્હારી ભાભીઓને માટે?

સરસ્વતી:–તેમને માટે તેઓ શા માટે આપે?

હરિશ્ચંદ્ર:–ત્યારે કોણ આપે?

સરસ્વતી:–પરમાત્મા.

હરિશ્ચંદ્ર:–ઠીક છે. એ બધી ચિંતા કરીને દીવાના બની જવાની મ્હારે કાંઇ જરૂર નથી. હવે સુકુમાર ઉંઘમાંથી ઉઠયો હશે, તેથી તેને ખોળામાં લઇ આ નવાં કપડાં પહેરાવી એક બચ્ચી કરી લઉં, કેમ મા?

સરસ્વતી:–ચંચળવહુ સુકુમારને તને આપે તો તેમ કરજે.

હરિશ્ચંદ્રઃ—શા માટે ચંચળભાભી નહિ આપે ? હું સુકુમારનો કાકો થાઉં છું. એ મ્હારૂં સર્વસ્વ ધન છે ! શું તે મ્હને નહિ આપે ? જો મ્હેં ચંચળભાભીનો કાંઇ ગુન્હો કર્યો હોય તો ભલે તેઓ મ્હને ગાળો દે, મ્હારો તિરસ્કાર કરે; પરંતુ સુકુમારને શા માટે મ્હને ન આપે ? સુકુમાર શું એમનો એકલાંનોજ છે ? મ્હારો નથી ?

આ સમયે સુકુમારને કમ્મર પર બેસાડી રૂક્મિણી બ્હાર લઇ આવી. જલદીથી હરિશ્ચંદ્રે સુકુમાર પાસે જઇને પોતાના બન્ને હાથ લાંબા કર્યા. ઉંઘમાંથી ઉઠેલો બાળક સુકુમાર ઘણા દિવસ પછી પોતાના ન્હાના કાકાને જોઇ અપૂર્વ આનંદ પામ્યો, તથા કૂદકો મારીને તે પોતાના ન્હાના કાકાના હાથમાં ગયો અને તેણે કાકાના કંઠને આલિંગન કર્યું. હરિશ્ચંદ્ર સુકુમારના મુખકમળ ઉપર અનેક ચુંબન કરી જે ઓરડામાં તેણે સુકુમાર માટે આણેલાં નવીન વસ્ત્રો મૂકયાં હતાં ત્યાં જવા લાગ્યો; પરંતુ જઇ શકયો નહિ.

ઘરમાંથી ચંચળવહુ આ દેખાવ જોઇને જલદીથી ત્યાં આવી ચઢી, તથા રૂક્મિણીને ગાગ્ય કપડાં આપી સુકુમારને પોતાની પાસે લાવી આપવાની તેણે તેને આજ્ઞા કરી.

રૂક્મિણીએ હરિશ્ચંદ્ર પાસે આવીને કહ્યું:—"આપો ભાઇ, સુકુ-રને હમણાંને હમણાં પાછો આપી દ્યો. ચંચળવહુ વઢે છે."

હરિશ્ચંદ્ર રૂક્મિણીનું કહેવું નહિ સાંભળતાં સુકુમારને લેઇને ચાલ્યો જતો હતો; પરંતુ આ સમયે ચંચળવહુએ રૂક્મિણીને ઉદ્દેશીને કહ્યું:—"લાવ લાવ, જલદી લાવ નહિ તો ત્હારી વાત તું જાણી !"

રૂક્મિણીએ જઇને સુકુમારને પકડી રાખ્યો. સુકુમાર કોઇ પણ પ્રકારે પોતાના ન્હાના કાકાની કમ્મર પરથી ઉતરતો નહોતો. રૂક્મિણી પણ તેને છોડતી નહોતી. તેણે ઘણું બળ વાપરીને તેને તાણી લીધો. હૃદયની સમસ્ત શક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો છતાં રક્ષણ કરવામાં અસમર્થ થઇ, વાઘના મુખમાં, ખોળામાંના બાળકને મૂકી મનુષ્ય જે પ્રમાણે વ્યથિત હૃદયે ઘર તરફ પાછો ફરે તે પ્રમાણે હરિશ્ચંદ્ર માતાની

પાસે ગયો. સુકુમાર ન્હાના કાકા પાસે જવાની કૂદાકૂદ કરતો નિરૂપાયે રૂક્ષ્મિણી સાથે પોતાની માતા જ્યાં આગળ ઉભી હતી તે તરફ ગયો.

પ્રકરણ ૨ જું.

સદુપદેશ.

બીજે દિવસે સંધ્યા સમય પછી પાડોસમાં રહેતા વિષ્ણુપ્રસાદ રમેશચંદ્ર પાસે આવ્યા. તેઓ રમેશચંદ્રના પિત્રાઇ કાકા થતા હતા. ગામમાં અનુભવી તેમજ જ્ઞાની પુરૂષોમાં તેમનો નંબર ઘણો ઉંચો હતો.

વિષ્ણુપ્રસાદે પૂછ્યું:—"ક્યાં સુધી ઘેર રહેવું છે ?"

રમેશચંદ્ર:—કાલેજ જવાનો વિચાર છે.

વિષ્ણુપ્રસાદ:—હમણાં ત્યાં શું વિશેષ કામકાજ છે ?

રમેશચંદ્ર:—હા, નવાબ સાહેબનું કામકાજ તરફ તદ્દન દુર્લક્ષ્ય રહે છે. તેને પરિણામે આવક ઘણી ઘટી ગઇ છે; આથી કરીને મ્હારે કામકાજમાં ઘણું લક્ષ્ય આપવું પડે છે.

વિષ્ણુપ્રસાદ:—એ તો જાણે ઠીક છે: પરંતુ આજે હું તને કેટલીક વાત પૂછવાને આવ્યો છું. વહુ ક્યાં છે ? (વહુ એટલે રમેશચંદ્રની માતા સરસ્વતી.)

રમેશચંદ્ર:—તેઓ આ તરફ વિશેષ આવતાં નથી. મ્હને લાગે છે કે, હમણાં તેઓ રસોડામાં હશે.

વિષ્ણુપ્રસાદ:—એક વખત તેમને બોલાવ જોઉં—તેમની હાજરીમાં મ્હારે તને કેટલીક વાત પૂછવાની છે.

રમેશચંદ્રે રૂક્ષ્મિણીને બોલાવીને કહ્યું:—"કાકાનું નામ દઇને માને બોલાવ જોઇએ."

રૂક્ષ્મિણી ચાલી ગઇ. ઓરડાનાં બારણાં પાછળ ચંચળવહુ છુપાઇને ઉભી રહી.

થોડા સમયમાંજ રમેશની માતા ત્યાં આવી ચઢી. તેણે વિષ્ણુપ્રસાદને નમ્ર સ્વરે પૂછ્યું:—"તમે મ્હને બોલાવી હતી કે ?"

વિષ્ણુપ્રસાદઃ—હા, મ્હેંજ તમને બોલાવ્યાં છે. ઘણા દિવસથી તમારા ગૃહસંસારની ખબર લીધી નથી. બ્હારથી ઘણી વાત સાંભળી છે, તેથીજ એક વખત આવ્યો છું.

સરસ્વતીઃ—તમારા સિવાય સમસ્ત વિશ્વમાં અમારી ચિંતા કોઇને હોય એવું એક પણ માણસ નથી. વળી અમારા સંસારની દુર્દશાની હકીકત સાંભળીને તમે શું કરશો ? હવે તો મ્હારૂં મૃત્યુ થાય એટલે જાણે કે હું છૂટી.

આટલું બોલતાં બોલતાંમાં તો સરસ્વતીની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં.

વિષ્ણુપ્રસાદે રમેશચંદ્રના મુખ તરફ દૃષ્ટિ કરી પૂછ્યુંઃ— “ રજનીના કાંઇ સમાચાર મળ્યા છે કે ? ”

રમેશચંદ્રઃ—ના, હરિયો ત્યાં ગયો હતો તે ગઇ કાલેજ પાછો આવ્યો છે મ્હેં કાંઇ હકીકત સાંભળી નથી.

વિષ્ણુપ્રસાદઃ—કેમ ત્હારાથી ત્હારા ભાઈની ખબર પણ ન લઈ શકાય કે ?

રમેશચંદ્રઃ—હવે મ્હેં એ સઘળી ખબરો લેવાનો ભાર ઉતારી નાંખ્યો છે.

વિષ્ણુપ્રસાદઃ—ત્યારે તો ત્હેં યોગધર્મનું અવલંબન કરીને સંસારના માયાબંધનને તોડી નાંખ્યું હશે કેમ ?

રમેશચંદ્રઃ—ખરી રીતે જોવા જતાં તો એમજ છે. મ્હારે બાર મહિનામાં અહિં આઠ દશ દિવસને માટે આવવાનું થાય છે.

વિષ્ણુપ્રસાદઃ—જમે છે કયાં ? ત્હારાં માતાની પાસે કે ?

રમેશચંદ્રઃ—ના.

વિષ્ણુપ્રસાદઃ—ત્યારે ત્હારી પત્નીની પાસે કે ?

રમેશચંદ્રઃ—હા.

વિષ્ણુપ્રસાદઃ—કેમ ?

રમેશચંદ્રઃ—ત્યારે આપજ કહોને કે હું શું કરૂં ?

વિષ્ણુપ્રસાદઃ—શું કરૂં કેમ ? જો ત્હારી સ્ત્રી ત્હારાં માતાની

સાથે કલહ કરીને ઘરમાં રહેવાની ના પાડતી હોય તો તેને જૂદી રાખ-તેને તું ભરણ પોષણનું ખર્ચ દર માસે આપ્યા કરજે. તું ત્હારી માતાની પાસે કેમ નથી રહેતો ? જન્મદાયિની માતા પ્રત્યે પુત્રનું આવું વર્ત્તન યોગ્ય છે કે ?

રમેશચંદ્ર કાંઇ બોલ્યો નહિ.

વિષ્ણુપ્રસાદે કહ્યું:-"ત્હારાં માતાજી શું ખાય છે ?"

રમેશચંદ્ર:-હું દરેક મહિને તેમને પાંચ રૂપિયા આપું છું.

વિષ્ણુપ્રસાદ:-એટલી મ્હોટી રકમ ?! ઠીક છે, ત્હારા ભાઇઓની વહુઓ તથા બીજાં બધાં શું ખાય છે ?

રમેશચંદ્ર:-તેની મ્હને શી ખબર ? સૌનો નિભાવ કરવાની શક્તિ મ્હારામાં નથી.

વિષ્ણુપ્રસાદ:-નહિ નહિ, રમેશ આવું બોલતાં તને શરમ નથી આવતી ?! ત્હારી શક્તિ નથી એટલે તેઓ ભૂખના દુઃખથી મરી જાય ? તું અને ત્હારી સ્ત્રી સુખ શાન્તિમાં રહો, સારાં કપડાંલત્તાં પહેરો અને તેઓ સર્વ દુઃખના દરિયામાંજ ડૂબતાં રહે ? તું જે કમાતો હોય તે કમાણીમાંથી ત્હારે સૌનો સાથેજ નિર્વાહ કરવો જોઇએ. ત્હારી કમાણીમાંથી જો સૌનો બન્ને વખતનો ખોરાક નભતો ન હોય તો સૌ એક વખત ઉપવાસ કરો અને એકજ વખત જમો. હિંદુ પુત્રોનું આવુંજ કર્ત્તવ્ય છે.

રમેશચંદ્ર:-તેમ તો થતુંજ હતું.

વિષ્ણુપ્રસાદ:-ત્યારે પછી હમણાં કેમ નથી થતું ?

રમેશચંદ્ર:-સૌએ મળીને એક માણસને કાયર કરી નાંખ્યું-અકળાવી દીધું. જો તેની સાથે હળીમળીને સૌ ચાલ્યાં હોત તો કાંઇ હરકત નહોતી.

વિષ્ણુપ્રસાદ:-એ એક માણસ કોણ ? ત્હારી સ્ત્રીજ કે ? જો તેજ હોય તો સૌને સહન કરવાનો ઉપદેશ આપવા કરતાં તું ત્હારી પત્નીનેજ એવો ઉપદેશ કેમ નથી આપતો ? બીજાઓના કરતાં તેના ઉપર ત્હારો વિશેષ અધિકાર છે.

રમેશચંદ્ર કાંઇ બોલ્યો નહિ.

વિષ્ણુપ્રસાદે ફરીથી કહ્યું:—"મ્હેં એમ સાંભળ્યું છે કે કાલે હરિયાએ આવીને ત્હારા પુત્રને ખોળામાં લીધો હતો; પરંતુ એ માટે ચંચળવહુએ ઘણું અયોગ્ય વર્તન ચલાવ્યું હતું. તેમ કરવાની શી જરૂર હતી ? હરિયાને એ પ્રકારથી ઘણું દુઃખ લાગ્યું છે."

રમેશચંદ્ર:—જેનો છોકરો છે, તેજ જ્યારે તેને આપવાને નારાજ છે તો પછી હરિયાને તેને લેવાને માટે વિશેષ યત્ન કરવાની શી જરૂર છે ?

વિષ્ણુપ્રસાદ મ્હોટેથી હસી પડ્યા. તેમણે ગંભીર તેમજ વિકૃત સ્વરે કહ્યું:—"રમેશ ! પ્રથમ તો હું તને ઘણો સારો છોકરો ધારતો હતો. મ્હને ત્હારૂં ભવિષ્ય ઉજ્વળ જણાતું હતું; પરંતુ અરેરે ! આજે મ્હારી એ ધારણા અસત્ય ઠરી છે; મ્હારી આશા આસ્માનમાં ઉડી ગઇ છે. તું ત્હારી સ્ત્રીનો ગુલામ બની ગયો છે, તથા ત્હારી સ્ત્રી પણ રમણી નહિ પરંતુ રાક્ષસી છે. એ રાક્ષસીનો તું ગુલામ થઇને શા માટે ત્હારાં કુટુંબી માણસો સાથે ત્હારી પોતાની પણ પાયમાલી કરે છે ? શા માટે ત્હારા પૂર્વજોની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે છે ? મ્હને ચોક્કસ પાયા પર ખબર મળી છે કે, ત્હેં નોકરી કરીને લગભગ ત્રણહજાર રૂપિયા એકઠા કર્યા છે. કેમ ખરી વાત છેને ?"

રમેશચંદ્ર—ના ના, આપ ભૂલો છો. પારકાના ઘરની લક્ષ્મી સૌને વિશેષ જણાય છે.

વિષ્ણુપ્રસાદ:—ત્યારે કદાચ તેનાથી કાંઈક થોડી રકમ હશે; પરંતુ જો સાંભળ, તેમાંથી તું ત્હારી માતાને પાંચસો રૂપિયા આપ. તેઓ એ પાંચસો રૂપિયાની સહાયતાથી હરિયાદ્વારા કાંઇક ધંધો કરાવીને સંસારનો નિર્વાહ કરશે.

રમેશચંદ્ર:—એટલા બધા રૂપિયા હું આપું ?

વિષ્ણુપ્રસાદ:—એટલા ત્હારે આપવાજ પડશે. કહે, આપીશકે નહિ ?

રમેશચંદ્ર:—આ પ્રશ્નનો ઉત્તર હું આવતી કાલે આપીશ.

"ઠીક છે, કાલે ઉત્તર આપજે; પરંતુ જોજે, મ્હારા પ્રશ્નનો

ઉત્તર તેમજ કહેલી રકમ આપ્યા સિવાય ચાલ્યો જઈશ નહિ." આમ કહીને વિષ્ણુપ્રસાદ ચાલ્યા ગયા.

રમેશચંદ્રની માતા સરસ્વતી પણ ધીમે ધીમે રસોડા તરફ ચાલી ગઈ.

પ્રકરણ ૩ જું.

સર્પદંશ-માયા બંધનનો નાશ.

સરસ્વતીના રસોડામાં ગયા પછી ચંચળવહુ પતિ પાસે આવી ચઢી. તેણે બારણા પાછળ છુપાઈ રહીને ગયા પ્રકરણની સઘળી હકીકત સાંભળી લીધી હતી. તેણે રોષાવેશમાંજ હાથની એકટિંગ કરી મુખને લાલચોળ કરી હસ્તને કહ્યું:-"જેટલા ખુશામદીઆ કચરાઓ આવે છે તે બસ એમજ કહે છે કે રૂપિયા એમને આપો. રૂપિયા તો જાણે કે ગંગાનું પાણી કેમ ન હોય ?"

રમેશચંદ્રે પાછા ફરીને ચંચળ તરફ દૃષ્ટિ કરી કહ્યું:-"તહેં સઘળી હકીકત સાંભળી છે કે ?"

નથને હલાવી, મુખને ફેરવી, નેત્રો લાલચોળ કરી તથા કંઠસ્વરને વિકૃત કરીને ચંચળે કહ્યું:-"શા માટે ન સાંભળું ? ખરીજ વાત છે કે, ડોસાને સાઠ વર્ષ ઉપર થઇ ગયાં છે, એટલે તે 'સાઠી બુદ્ધિ નાઠી' ની કહેવત ખરી કરી બતાવે છે !"

રમેશઃ-પરંતુ વિષ્ણુકાકા કહી ગયા તેનું શું કરવું ?

ચંચળઃ-શું રૂપિયા આપવાનું કે ?

રમેશઃ-હા.

ચંચળઃ-એક પૈસો પણ નહિ. રૂપિયા આપણા છે. શા માટે આપણે આપીએ ? તેમને આપીએ એટલે પછી મ્હારા સુકુમારને તો ભિક્ષાવૃત્તિથી નિર્વાહ કરવાનોજ દિવસ આવે. વળી આપણે રૂપિયા નહિ આપીએ તો તેઓ બધાં મળીને આપણને શું કરી નાંખવાનાં છે ?

રમેશઃ-કરવાનાં તો શું હતાં; પરંતુ......

ચંચળઃ—પરંતુ શું ? આપવા છે...તો ભલે આપો. મ્હારા સુકુમારના હાથમાં ચપણીઉં આપો ! તુમડી આપો ! ! તમે મ્હારા નયનમણિ સુકુમારની તો કંઈ ફિકર રાખતાજ નથી. મ્હારો પ્રાણાધિક પુત્ર શું ખાઇને મ્હોટો થશે ? હું એક પણ પૈસો આપીશ નહિ—આપીશ નહિ તે આપીશ નહિજ—જેમ થવાનું હોય તેમ ભલે થાય.

રમેશઃ—ગામનાં ઘણાંખરાં માણસો આપણી નિંદા કરે છે: વળી આ વખતે નવાબ સાહેબનો મોજશોખ વધી પડવાથી હું પણ કળે કળે ત્રણ હજાર રૂપિયા જેટલી મ્હોટી રકમ યુક્તિ પ્રયુક્તિથી કાઢી લાવ્યો છું; તેથી તેમાંથી માત્ર ત્રણસો રૂપિયા ઘરમાં આપવા દે, એટલે આપણી નિંદા થતી અટકે, અને ઘરનાં માણસો પણ પોતાના દિવસો સુખમાં પસાર કરે.

ચંચળઃ—મ્હારા તરફથી એક પણ પૈસો મેળવવાની તમે આશા રાખશો નહિ.

રમેશચંદ્રઃ—માતાજી તથા ઘરની વહુઓ વગેરે ઘણાં દુઃખી થાય છે ! હરિશ્ચંદ્રની હકીકત સાંભળીને વાસ્તવિક રીતે મ્હારો જીવ વિચળિત થઈ ગયો હતો.

ચંચળઃ—વાહરે મ્હારા દયાસાગર ! હવે આવી દયાને દૂર કરો, તેમજ એક પણ પૈસો મેળવવાની આશાને અંતરમાં ન ધરો. મ્હારા સુકુમાર પર માયા રાખનાર આપણા સિવાય કોઈ નથી, માટે હું કોઈ પણ રીતે મ્હારા સુકુમારનું અહિત થવા દઈશ નહિ.

રમેશચંદ્ર શાન્ત રહીને વિચાર કરવા લાગ્યો. તેણે વિચાર્યું કેઃ—"પત્નીનું કહેવું કાંઇ ખોટું નથી; જો કદાચ આજેજ ન કરે નારાયણ અને મ્હારૂં મૃત્યુ થાય અગર તો જો હું બીમાર થઇ જાઉં તો પછી સુકુમારની સંભાળ કોણ રાખે તેમ છે ? ઘરનાં માણસો ભૂખના દુઃખથી રીબાય છે, તે માટે હું શું કરૂં ? મ્હારી પત્નીનું કહેવું પણ કાંઇ ગેરવ્યાજબી નથી. મ્હારો સુકુમાર શું ખાઇને મ્હોટો થાય ?

પાસેની એક ઓરડીમાં સુકુમાર ઉઘી ગયો હતોઃ—બરાબર આજ સમયે તે મ્હોટેથી બૂમો મારતો રડી ઉઠ્યો. પતિ પત્નીની સઘળાં

ઉઠીને તેની પાસે ગયાં.

એ ઘરમાં એક ન્હાના દીપકની ઘણી ક્ષીણ જ્યોતિ પ્રકાશી રહી હતી. એ ક્ષીણ જ્યોતિથી સમસ્ત ઓરડીમાં પ્રકાશ પડતો નહોતો. સુકુમાર બૂમો મારીને રડતાં રડતાં કહેવા લાગ્યો કેઃ–“ઓ બાપા ! ઓ બા ! મલી ગયો લે ! બલી ગયો લે ! મ્હને મિનિ કરલે છે.”

મિંની, એ સુકુમારની સાથે રમતી બિલાડી હતી. સુકુમારે વ્યાકુળતાથી આવી રીતે બૂમો મારી, પોતાના ઉચ્ચ સ્વરથી સમસ્ત ઘરને ગજવી મૂક્યું. એ રૂદનસ્વર તે જાણે કે ભયંકર દુઃખનો હૃદય-ભેદક આર્ત્તનાદ હતો !

રમેશચંદ્રે સુકુમારને પોતાના હાથમાં ઉંચકી લીધો; તથા દીપક પાસે જઇને જોયું તો સુકુમારના જમણા પગના અંગુઠા પર સહજ ખાડો પડ્યો હતો તથા એ ખાડામાંથી ખર ખર કરતી લોહીની ધારા વહેતી હતી !

સુકુમાર ધીમે ધીમે વિશેષ વ્યાકુળ બની જતો હતો. તેનું મ્હોં તથા નેત્રો નીલ રંગનાં થઇ જતાં હતાં. રમેશચંદ્રે પત્નીને કહ્યુંઃ–“જો જોઇએ, પથારીમાં બિલાડી છે કે નહિ ?”

ચંચળ જલદીથી દીપકને હાથમાં લઈ પથારી પાસે ગઈ તથા તેણે તપાસ કરી તો બિછાનામાં બિલાડી જણાઈ નહિ; પરંતુ એવામાં ઉશિકા તરફ તેની નજર પડતાં તે ભયથી ચમકી ઉઠી ! એક ભયંકર વિષધર–સર્પ ઉશિકા પાસે પોતાની ફણા ઉંચી નીચી કરીને ફુંફાડા મારી રહ્યો હતો !

રમેશચંદ્રે પણ આ કાળા નાગને જોયો. સાથે સાથે રૂદન કરતો કરતો તે પુત્રને હાથમાં લઇનેજ બ્હાર નીકળ્યો. ચંચળવહુ પણ રડતી રડતી પતિ પાછળ બ્હાર નીકળી.

રમેશચંદ્રે ઘરમાંથી બ્હાર નીકળી મ્હોટેથી બૂમ મારી; “હરિયા ! ઓ હરિયા ! જલદીથી અહિં આવ ભાઇ ! સુકુમારને સાપ કરડ્યો છે રે–”

આ સમયે હરિશ્ચંદ્ર ગામમાં રખડી આવીને ઘેર બેઠો એટ

બાજરીનો રોટલો અને મીઠું જમતો હતો. તરતજ તે હાથ ધોઇ એકજ ઘુંટડો પાણી પી રમેશચંદ્ર પાસે આવ્યો. આવતાંની સાથેજ તેને જે સમાચાર મળ્યા તે સમાચારથી તેના દુ:ખની સીમા રહી નહિ. ભાઇના કહેવાથી તે તરતજ વાઘરીવાડામાં સાપ ઉતારનાર માણસને બોલાવી લાવવા વિજળી વેગે ચાલ્યો ગયો.

રામલો વાઘરી સાપ ઉતારવામાં ઘણો પ્રખ્યાત તેમજ સિદ્ધ-હસ્ત હતો. હરિશ્ચંદ્ર તેને બોલાવીને ઘેર આવ્યો; પરંતુ તે સમયે સુકુમારના શરીરમાં જીવ નહોતો. સુકુમાર રૂપી પંખી-તે સમયે આ સંસારની માયા રૂપી પિંજરનું બંધન છિન્ન ભિન્ન કરી નાંખી કોઈ અજાણ્યા પ્રદેશમાં ઉડી ગયું હતું! ઘરનાં તેમજ કુટુંબનાં સઘળાં માણસો તેના મૃતદેહની પાસે પછાડા ખાતાં હતાં! પરંતુ અરેરે! જે જાય છે-જે આ સંસારના બંધનને છિન્ન ભિન્ન કરી નાંખે છે; તે કદાપી પોતાની પાછળ રૂદન કરનાર-હાયપિટ કરનારની તરફ એક દૃષ્ટિપાત સુદ્ધાં કરતું નથી!

આડોસ પાડોસનાં માણસો આવી ચઢ્યાં, તથા કેટલાક આત્મીય પુરૂષો સ્નેહ-કરૂણાના આધાર, સુકુમારના સુકોમળ દેહને તેનાં માતા પિતા તેમજ સગાં વહાલાં પાસેથી લઇને સ્મશાનમાં મૂકી આવ્યા.

જે દેહને સાપ કરડે છે, તેને અગ્નિદાહ દેવામાં આવતો નથી, જળમાં તણાતો મૂકવામાં આવતો નથી, પણ સ્મશાન ભૂમિમાં દાટી આવવોજ પડે છે; તેથી સુકુમારના દેહને પણ તેજ પ્રમાણે સ્મશાનમાં દાટી આવવામાં આવ્યો!

પ્રકરણ ૪ થું.

અપૂર્વ જ્ઞાન.

રાત્રિનો અંધકાર પૃથ્વી પરથી સર્વાંશે દૂર થયો નહોતો. હજી સુધી ગગનમાં બે ચાર તારકો પ્રકાશી રહ્યા હતા. રાત્રિએ વન જંગ-

સમાં ફરતાં પશુઓ અદ્યાપિ અદ્રશ્ય થઈ ગયાં નહોતાં. અદ્યાપિ રાત્રિનો વાયુ પ્રભાતના આગમનની રાહ જોઈ ધીમે ધીમે વહેતો હતો.

આ સમયે હરિશ્ચંદ્ર દુઃખી હૃદયને દબાવી રાખી સ્મશાનભૂમિમાં આવી ચઢ્યો. તે જાણે કે સુકુમારને શોધવા આવ્યો હતો. ગઈ રાત્રે એ દેહને આ સ્મશાનભૂમિમાં મૂકી જવામાં આવ્યો હતો; પરંતુ અત્યારે એ દેહ કયાં છે ? સર્વત્ર શૂન્ય છે !

સ્મશાન તટને ધોઈ નાંખીને નદીનો પ્રવાહ સાગર તરફ પ્રચંડ ગતિથી દોડયો જતો હતો. શૂન્ય વાયુ ‘ ઝીમ ઝીમ ’ શબ્દ કરતો વહેતો હતો. શિયાળવાંનો ભયંકર અવાજ સાંભળવામાં આવતો હતો. કોઇ કોઇ ઠેકાણે કૂતરાં ભસતાં હોય એમ જણાતું હતું. હરિશ્ચંદ્ર સ્વગત બોલી ઉઠયો:–“ સુકુમાર ! જીવનાધાર ! ભાઇ ! તને કેટલા બધા દિવસથી મ્હેં મ્હારા ખોળામાં નથી લીધો ? શું એક વખત તું મ્હારી પાસે નહિ આવે ? મ્હારા હૃદયમાં અપાર દુઃખ થાય છે. એક વખત શું તું એ વેદના દૂર કરવાને મ્હારી પાસે નહિ આવે ? આવ આવ, તદ્દન નિષ્ઠુર ન થા. સુકોમળ કાયા આવી સ્મશાનભૂમિમાં રહેવાને યોગ્ય નથી. હે દેવલોકના બાળક ! નયનમણિ ! આવ, આવ, જલદી આવ, આ ત્હારા દુઃખી કાકાને વધારે ન સતાવ. ” હરિશ્ચંદ્રનાં આ વચનો સ્મશાનભૂમિમાં સર્વત્ર ગાજી ઉઠયાં; પરંતુ કોઇએ કાંઇ ઉત્તર આપ્યો નહિ. કોઇએ એ વાતને સાંભળી નહિ.

હરિશ્ચંદ્રે આટલી બધી બૂમો મારી, વિનંતિ કરી, તો પણ કોઇએ કેમ કાંઈ ઉત્તર આપ્યો નહિ ? હરિશ્ચંદ્રે વિચાર્યું:–“ સુકુમાર સિવાય આ જગતમાં રહેવાથી શો લાભ છે ? એ સંસારનો ત્યાગ કરી ગયો તો હું શું કરી શકીશ નહિ ? આ સરિતાના શીતળ જળમાં સૂઈ જવાથી સઘળું દુઃખ શું દૂર થતું નથી ? એમ કરવાથી શું આત્મહત્યાનું પાપ લાગશે ? પાપ ! પાપ શું છે ? પાપમાંજ દુઃખ છે–જવાળા છે. આ દુઃખ કરતાં, આ જવાળા કરતાં શું એ દુઃખ તેમજ એ જવાળા વિશેષ અસહ્ય છે ? કોઇએ પણ નજર કરીને જોયું નહિ કે આ હૃદયમાં કેટલું બધું દુઃખ છે. અરે ભગવાન !

તમે તો કલ્યાણકર્ત્તા છો, તો પછી તમારા સંસારમાં આટલું બધું અમંગળ કેમ થાય છે? સુકુમારને શા માટે તમે મ્હારી પાસેથી તમારી પાસે બોલાવી લીધો?

આ વચનોનો ઉત્તર નદીના સામેના કિનારેથી આવ્યો. કોઇએ જાણે કે પેલે કિનારે ઉભા રહીને ગંભીર સ્વરે કહ્યું:—"આ વિનાશ-નીતિ નિષ્ઠુરતાનું કારણ નથી! સંસારમાં સુખ દુઃખ તેમજ નાશ અને ઉત્પત્તિ ચાલ્યાંજ કરે છે. ઉત્પત્તિ વિના સૃષ્ટિ થતી નથી!"

હરિશ્ચંદ્રે નમ્ર સ્વરે કહ્યું:—"મ્હારા જીવનનો આધાર તોડી પાડવાથી, મ્હારી મધુર સુરવાળી વીણા ભાંગી નાંખવાથી શો લાભ થયો?"

ઉત્તર મળ્યો કે:—"તું અને હું કોણ છીએ? જડ તેમજ ચેતન સર્વત્ર સમાન વિધિ છે! શોક શા માટે કરે છે? કોણ આવે છે, તથા કોણ જાય છે? એ સઘળી ભ્રાંતિ તું ભૂલી જા અને હરિ-રસનો સ્વાદ ચાખવાને રસ્તે આગળ ધા."

હરિશ્ચંદ્ર:—શું હું ભૂલી જાઉં? સુકુમારને ભૂલી જાઉં? એ મ્હારૂં સર્વસ્વ હતો. મ્હારો નયનમણિ હતો. મ્હારા જીવનનો આધાર હતો; સંસારનો સાર હતો.

ઉત્તર:—ત્હારી ભૂલ છે! જ્યારે તે આવ્યો હતો ત્યારે તેને બોલાવવો પડ્યો નહોતો. બોલાવ્યો હોત તો પણ તે આવત નહિ. હવે ચાલ્યો ગયો તો પણ તેને ચાલ્યા જવાનું કહ્યું નથી. કહ્યું હોત તો પણ તે જાત નહિ. જવું આવવું—ભ્રમ છે.

હરિશ્ચંદ્ર:—તો સુકુમાર! પ્રાણાધિક સુકુમાર! એક વખત તું મ્હને દર્શન દઇ જા. એકજ વખત મ્હારા ખોળામાં બેસી જા. ત્હારી માતાએ તને મ્હારા ખોળામાં બેસવા દીધો નથી તેથી મ્હને ઘણું દુઃખ થાય છે.

બરાબર આજ સમયે હરિશ્ચંદ્રની પાછળ કોઇ જલદીથી આવીને ઉભું રહ્યું. અંધકારમાં પ્રથમ તો હરિશ્ચંદ્ર આવનાર વ્યકિતને ઓળખી શકયો નહિ; ત્યાર પછી તેને માલૂમ પડયું કે તેની પાસે તેનો મ્હોટો ભાઇ રમેશચંદ્ર આવીને ઉભો રહ્યો છે.

"મ્હારી માતાએ તને મ્હારા ખોળામાં લેવા દીધો નથી!"
"પ્રાણાધિક, હરિશ્ચંદ્ર આટલો બધો પ્રેમ રાખતો હતો? આવ ભાઈ! આજે આપણે એક તીર્થના મુસાફર છીએ; એક દેવતાના દર્શન કરનાર છીએ. હવે એ વાકયને મુખમાંથી બહાર કાઢીશ નહિ."

રમેશચંદ્ર ભાઇને ગળે વળગી પડીને દીવાનાની માફક રડી પડયો. હરિશ્ચંદ્ર પણ રડવા લાગ્યો.

ત્યાર પછી બન્ને ભાઇઓ ઘેર ચાલ્યા આવ્યા.

રમેશચંદ્રે પોતાની માતા સરસ્વતીને બોલાવીને કહ્યું:—"જેને માટે હું પૈસા એકઠા કરી રાખતો હતો, તે ચાલ્યો ગયો છે. અમે તેને અમારા સિવાય બીજા કોઈની પાસે, તેના ન્હાના કાકાની પાસે સુદ્ધાં જવા દેતાં નહોતાં તે જાણે કે તેને અયોગ્ય જણાતું હતું, તેથી એ વંશનો તિલક, સકળનો નિધિ, અમારો એકલાંનો થઇને રહ્યો નહિ. અમારાં પાપેજ એ ચાલ્યો ગયો. મા! હવે એવી જૂદાઈ રાખવાની જરૂર નથી. આજે મ્હને તથા હરિને એકઠું ખાવાનું આપ. ખાઇને હું સદાને માટે જ્યાં નોકરી કરૂંછું ત્યાં ચાલ્યો જાઉંછું. જે રકમની પ્રાપ્તિ થશે તે રકમ પ્રત્યેક મહિને ઘેર મોકલી આપીશ. સુકુમાર સિવાય શૂન્ય બની ગયેલે ઘેર હવે હું પાછો આવીશ નહિ."

પ્રકરણ ૫ મું.

ભ્રાતૃ-સ્નેહનું એક અપૂર્વ ચિત્ર.

રમેશચંદ્ર પુત્ર શોકથી તદ્દન અધીર બની ગયો. તેની માતાએ તેને ત્રણ ચાર દિવસ સુધી નોકરી પર જવા દીધો નહિ.

આ ત્રણ ચાર દિવસમાં તેમના સંસારની વ્યવસ્થા ઘણી ફેરવાઈ ગઇ હતી.

રમેશચંદ્રે હવે જૂદા રહેવાની ઈચ્છા જણાવી નહિ. ચંચળવહુ પણ પુત્ર વિયોગના શોકથી ગાંડી સ્ત્રીના જેવી બની ગઇ હતી. તેણે પણ હવે જૂદાં રહેવાની વાત તરફ વિશેષ લક્ષ્ય આપ્યું નહિ. સૌ

પૂર્વ પ્રમાણે એકઠાં થઇ ગયાં. સ્નેહલતા પુત્ર શોકથી વ્યાકુળ બનેલી ચંચળવહુને આશ્વાસન આપવા લાગી.

સુકુમારના મૃત્યુના સમાચાર જાણવામાં આવતાંજ ચંચળવહુની વિધવા ભાભી પોતાના પચ્ચિસ વર્ષની ઉમ્મરના પુત્ર રામપ્રસાદને લઇને તે દિવસે સંધ્યા સમયે રમેશચંદ્રને ત્યાં આવી પહોંચી.

રમેશચંદ્ર ઘરમાં બેઠો બેઠો ચંચળવહુને શાન્તવન આપતો હતો. એવામાં તેના સાળાની પત્ની તથા સાળાના પુત્રે ઘરમાં પ્રવેશ કર્યો. તેમને જોતાંની સાથેજ ચંચળવહુ મ્હોટેથી રડવા લાગી. રામપ્રસાદની માતાએ પણ પોતે પહેરેલા વસ્ત્રના પાલવને પોતાની આંખો ઉપર ઢાંક્યો.

ચંચળવહુએ રૂદન કરતાં કરતાં કહ્યું:—“વહુ ! મ્હારા સર્વસ્વનો નાશ થયો છે. મ્હારૂં ઘર, મ્હારો ખોળો, તેમજ મ્હારૂં હૃદય શૂન્ય થઈ ગયાં છે !”

રામપ્રસાદની માતાએ અનેક પ્રકારની ઉપમા તેમજ પુરાણની કથાઓનાં દૃષ્ટાંતો દર્શાવીને નણંદને શાન્તવન આપવાનો યત્ન કર્યો તથા ત્યાર પછી રામપ્રસાદનો હાથ પકડી તેને નણંદના ખોળા પાસે બેસાડીને કહ્યું:—“ઉદર અને સહોદરમાં કાંઈ જૂદાઈ નથી. આ તમારા ભાઈનોજ પુત્ર છે. તેને તમારોજ ગણીને તમારા ખોળામાં બેસાડો. આજથી એ મ્હારો નહિ: પરંતુ તમારોજ છે.”

ચંચળવહુએ ભાભીનાં આ વચનોનો કાંઇ ઉત્તર આપ્યો નહિ. રમેશચંદ્ર બ્હાર ચાલ્યો ગયો. રૂક્મિણી આવીને રામપ્રસાદ તેમજ રામપ્રસાદની માતાને રસોડામાં લઈ ગઇ.

જમતી વખતે રમેશચંદ્રે માતાને કહ્યું:—“મા ! ભાગ્યમાં જે બનવાનું હતું તે બની ગયું છે. હવે હું સુકુમાર સિવાય શૂન્ય બની ગયેલા ઘરમાં રહી શકતો નથી તેથી આજે હું નોકરી પર ચાલ્યો જાઇશ.”

સરસ્વતીએ રડતાં રડતાં પૂછ્યું:—“ફરીથી ઘેર ક્યારે આવીશ ?”

રમેશચંદ્ર:—હમણાં કાંઈ કહી શકતો નથી. મ્હને લાગે છે કે

હમણાં થોડા વખતમાં તો મ્હારાથી આવી શકાશે નહિ !

સરસ્વતીઃ—ભાઇ ! આ ગરીબ માતાને દુઃખ દઇશ નહિ. શાંતિ ધારણ કર. જ્યારે સુકુમારના વિયોગથી તને તેમજ મ્હને આટલું બધું દુઃખ લાગે છે તો પછી તું ઘણા સમય સુધી મ્હને ત્હારૂં મુખ બતાવે નહિ એ દુઃખ મ્હારાથી કેમ કરીને સહન કરી શકાશે ?

રમેશચંદ્રઃ—દીવાળી પહેલાં તો નહિજ આવી શકાય.

સરસ્વતીઃ—ઠીક છે; પરંતુ તે પહેલાં જો અવકાશ મળે તો જરૂર વધારે નહિ તો માત્ર બે દિવસને માટે પણ આવી જજે. હં, પણ તને હજી એક વાત કહેવાની છે.

રમેશચંદ્રઃ—શી વાત ?

સરસ્વતીઃ—હવે હરિયાના વિવાહની કાંઇ વ્યવસ્થા કર. હવે મ્હારો ભરોંસો રાખીશ નહિ—મ્હારૂં હૃદય અપાર દુઃખી થયું છે. કૃષ્ણચંદ્રને ઘેર તેડી લાવવાને યત્ન કર. રામપ્રસાદ તથા તેની માતા આવ્યાં છે—મ્હને લાગે છે કે, તેઓ જલદીથી પાછાં જવાનાં નથી. તે માટે તું કાંઇ પણ બોલીશ નહિ. હવે મ્હારે એકઠું કરવાની કાંઇ જરૂર નથી—જેને માટે હું કાંઇ સંચય કરી રાખવાની ઇચ્છા રાખતી હતી તે તો દગો દઇને ચાલ્યો ગયો છે. હવે તું મ્હને મહિને જે કાંઇ મોકલીશ તેમાંથી ઘર ખરચ ચાલ્યા કરશે.

રમેશચંદ્રઃ—તમને જેમ યોગ્ય લાગશે તેમજ થશે. તો પણ આટલાં બધાં ઉતાવળાં થશો નહિ—સંસારની સઘળી બાજી ઇશ્વરના હાથમાં છે.

માતા ! મહામાયાના સંસારમાં આ રહસ્યમય પ્રકારો કોઇ સમજી શકતું નથી. તો પણ એટલું તો સમજી શકાય છે કે, સર્વત્ર લોકદૃષ્ટિથી ગુપ્ત રીતે વિધાતાનો કોઇ મંગળમય ઉદ્દેશ છુપાઇ રહેલો છે. મનુષ્યની ક્ષુદ્ર બુદ્ધિ એ ગુઢ રહસ્યભેદનો પડદો ખસેડી શકતી નથી.

પુત્રના વિયોગ શોકથી ચિંતાતુર બની ગયેલા રમેશચંદ્રે પછી પત્નીને સમજાવી કેઃ—"આપણે ઘણાં ક્ષુદ્ર છીએ. આપણે સંસારનાં

સૌ સ્નેહીઓના સ્નેહપાત્ર કુળતિલક નિધિને સૌના સ્નેહમાંથી વિચ્છિન્ન કરી રાખ્યો હતો. મ્હને લાગે છે કે તેથી કરીનેજ એ દુઃખી થઇને આપણા સ્નેહનો ત્યાગ કરી નાસી ગયો છે. હવે તો સૌની સાથે મળીને સલાહ શાન્તિમાંજ બાકીના દિવસો પસાર કરજે."

ચંચળવહુએ પતિનાં આ વાક્યો પ્રમાણે વર્ત્તવાનું કબૂલ કર્યું.

પ્રભાતકાળે રમેશચંદ્રે ઉઠીને હરિશ્ચંદ્રને જગાડ્યો, તથા તેને કહ્યું:—"ચાલ તું પણ મ્હારી સાથે સ્ટેશન સુધી ચાલ. સહવાર થતાંમાં તો તું ઘેર પાછો આવી શકીશ."

હરિશ્ચંદ્ર ભાઇની સાથે ચાલી નીકળ્યો. બન્ને ભાઇઓ કાંઇ પણ બોલ્યા સિવાય શાન્તિથી ચાલ્યા જતા હતા. ચારે દિશાએ શાન્તિ જણાતી હતી તો પણ હરિશ્ચંદ્ર તેમજ રમેશચંદ્રના હૃદયમાં અશાન્તિનો અગ્નિ સળગી રહ્યો હતો. જાણે કે રસ્તો પણ અનેક યુગ યુગાંતરની પસાર થઇ ગયેલી યાદદાસ્તને છાતી ઉપર ધારણ કરીને આગળ વધતો હતો. પીપળાનાં ઉંચાં વૃક્ષો તેજ પ્રમાણે ઉંચું માથું કરીને શાન્તિ ધારણ કરી જીવનની ભૂતકથાની સાક્ષી આપતાં હતાં—સઘળું તેવુંજ જણાતું હતું. માત્ર તેમના હૃદયમાં એ સુખશાન્તિ નથી, એ પ્રફુલ્લતા નથી—હમણાં તે શૂન્ય તેમજ ચિંતાપૂર્ણ છે!

ધીમે ધીમે બન્ને ભાઇઓ બાજવા સ્ટેશને આવી પહોંચ્યા. આ સમયે પૂર્વ દિશામાં સૂર્યનારાયણનાં કિરણો પ્રકાશી નીકળ્યાં હતાં. રાત્રિનો અંધકાર દૂર થઇ ગયો હતો.

રમેશચંદ્રે ગદ્‌ગદ્ કંઠે હરિશ્ચંદ્રને કહ્યું:—"ભાઇ! હવે અડધા કલાકમાંજ ગાડી આવશે. ત્હારે અહિં રોકાઇ રહેવાની કાંઇ જરૂર નથી. તું હવે ઘેર જા. હું પ્રત્યેક માસે જે રકમ પેદા કરીશ તે બધી ત્હારી તરફ મોકલી આપીશ."

હરિશ્ચંદ્રે સ્પષ્ટ તેમજ નમ્ર કંઠે કહ્યું:—"મ્હારી તરફ! ભાઇ! હું સંસારનો ભાર ખેંચી શકું તેમ નથી. વળી મ્હારી સમસ્ત શક્તિ સુકુમારના ચાલ્યા જવાની સાથેજ નાશ પામી છે. મ્હારા જીવનું બંધન સુકુમાર કોઇ અગમ્ય દેશે ચાલ્યો ગયો છે. હવે હું સુકુમાર

સિવાય શૂન્ય બની ગયેલા ઘરમાં રહી શકીશ નહિ. ભાઇ ! સંસાર સંબંધીની વ્યવસ્થા કરવાનો ભાર તમારા શિર પર છે તો પછી તેને તમારા શિર પરજ રહેવા દ્યો. હું જેમ બને તેમ જલદીથી ઘરનો ત્યાગ કરી ચાલ્યો જવાનો છું. !"

રમેશચંદ્રનું પુત્ર શોકથી સંતપ્ત હૃદય અનુતાપનાં ઉષ્ણ અશ્રુથી ગળી ગયું હતું. તેણે ધીમેથી કહ્યું:—"હરિ ! ભાઇ ! અત્યાર સુધી એક પ્રકારની ભ્રમપૂર્ણ મોહજાળથી મ્હારાં નેત્રો ઢંકાઈ રહેલાં હતાં. તે સમયે હું એમ સમજતો નહોતો કે, "મનુષ્યની દુર્બળ શક્તિની પાછળ પ્રકૃતિની મહાન્ શક્તિ રમ્યા કરે છે-કલ્યાણમયી પ્રકૃતિ માત્ર આંગળી હલાવે છે એટલે મનુષ્ય તેનો વેચાયલો ગુલામ બની જાય છે. પ્રકૃતિના સરળ ઉદાર વિધાન આગળ મનુષ્યનો સઘળો શ્રમ વ્યર્થ થાય છે. મનુષ્યની બુદ્ધિ આસમાનમાં ઉડી જાય છે." પરમાત્માએ મ્હારા સુકુમારને પોતાની પાસે બોલાવી લઇને મ્હારાં જ્ઞાન ચક્ષુ ઉઘાડયાં છે—મ્હને સમજાવ્યું છે કે આટલું બધું શા માટે ? સ્વાર્થાંધ થઇને પોતાના એકલાને માટે સૌ સ્નેહીજનોનો સ્નેહ વિચ્છિન્ન કેમ કર્યો ? બે કલાકમાં તો એ ચાલ્યો જશે એ ભૂલી કેમ જાય છે ? જે કર્ત્તવ્ય છે-જે કાર્ય કરવાનું છે-તે કદાપિ ભૂલી જઇશ નહિ. ભૂલી જઇશ તો અસાધારણ દુ:ખ ભોગવવું પડશે."

"ભાઈ ! તું કદાપી ઘરનો ત્યાગ કરી ચાલ્યો જઇશ નહિ. મ્હેં ત્હારી સાથે ઘણું નિષ્ઠુરતાપૂર્ણ વર્તન ચલાવ્યું છે. સુકુમારને ત્હારા ખોળામાં આપવામાં આવતો નથી, એ હકીકત મ્હારા જાણવામાં આવ્યા છતાં મ્હેં એ સંબંધી કાંઈ વ્યવસ્થા કરી ત્હરા વ્યથિત ચિત્તને શાન્ત કર્યું નહોતું: ઉલટું મ્હેં મોહાધીન થઇને એ મતમાંજ મત દર્શાવ્યો હતો ! મ્હારો એ મહાન્ અપરાધ ભૂલી જજે, મ્હને ક્ષમા કરજે." અશ્રુથી ભરાઇ ગયેલી આંખોએ અસ્પષ્ટ સ્વરે રમેશચંદ્રે આ વચનો કહ્યાં.

"ક્ષમા ! શાની ક્ષમા ભાઈ ? હું તો તમારો ન્હાનો ભાઇ છું." હરિશ્ચંદ્રથી વિશેષ બોલી શકાયું નહિ ! તેના ધ્રૂજતા અંગને આલિંગન

કરી રમેશચંદ્રે તેના મસ્તક પર ચુંબન કર્યું.

આ એક અપૂર્વ દેખાવ હતો ! વિરાટ અનંત સીમા વિનાના આકાશતળમાં એ દેખાવ મધુર હતો ! એ દેખાવ પવિત્ર ભ્રાતૃ-સ્નેહના અનંત ભંડારમાંના એક અદ્વિતીય ચિત્ર સમાન હતો !

ત્યાર પછી અશ્રુથી ભરાઇ ગયેલાં નેત્રોએ હરિશ્ચંદ્ર બંધુની પાસેથી વિદાય માગી ઘર તરફ પાછો ચાલી નીકળ્યો.

પ્રકરણ ૬ ઠું.

રજનીચંદ્રનો પત્ર.

લગભગ આઠ વાગતામાં તો હરિશ્ચંદ્ર બાજવા સ્ટેશનેથી ઘેર આવી પહોંચ્યો. સમસ્ત ઘર સુકુમાર સિવાય જાણે કે 'હાહાકાર' કરી રહ્યું છે. ઘરની સામે આવેલાં બે ચાર વૃક્ષો જાણે કે સુકુમારને માટે ચિંતાપૂર્ણ ભાવથી વખત વીતાડે છે.

હરિશ્ચંદ્ર ઘેર આવીને ચંચળવહુ પાસે ગયો. તે સમયે ચંચળવહુ શય્યામાં પડી પડી સુકુમારને યાદ કરી શોક કરી રહી હતી. હરિશ્ચંદ્રે કરૂણસ્વરે કહ્યું:—"ભાભી ! ઉઠો. હવે ચિંતા કરવાથી કાંઇ વળવાનું નથી. આ શરીરનો ત્યાગ કરશો તો પણ એ માણિક્ય હવે મળવાનું નથી. જો મળી શકે તેમ હોત તો આ હરિશ્ચંદ્રના નિરૂપયોગી દેહના દાનથી એ કાર્ય થઇ ગયું હોત."

ચંચળ ઉઠીને બેઠી થઇ. તેણે મ્હોટેથી રૂદન કરીને કહ્યું:—"એ તમારી પાસે આવવાને માટે ઘણા પછાડા ખાતો હતો તો પણ હું હતભાગિની તેને તમારી પાસે આવવા દેતી નહોતી ! મ્હને લાગે છે કે તેને પરિણામેજ એ ક્રોધે ભરાઇને અમારી પાસેથી ચાલ્યો ગયો છે. સુકુમાર ! પાછો આવ ભાઇ ! ત્હારા ન્હાના કાકા પાસે જતાં હવે હું તને કદાપિ રોકીશ નહિ. એક વખત મ્હારા નયનમણિ ! આ ત્હારી જન્મદાયિની માતા પર કૃપા કરીને પાછો આવ."

કોઇએ આ વાક્યોનો ઉત્તર આપ્યો નહિ. માત્ર હરિશ્ચંદ્રનાં

નેત્રામાંથી પ્રબળ જળ-પ્રવાહ વહેવા લાગ્યો. તેણે ધોતીઆથી પોતાની આંખો સાફ કરી.

રામપ્રસાદની માતા બરાબર આજ સમયે ત્યાં આવી ચઢી. તેણે હરિશ્ચંદ્રને કહ્યું:-“અરેરે! આ શું? આમ કરીને એ દુઃખી જીવને વધારે શા માટે રડાવો છો? જે વાત ભૂલાવી દેવાની છે, તેને શા માટે તાજી કરાવો છો? રામુ રામુ, આવ, ત્હારી ફોઈ પાસે આવ-તને જોતાં તેમના જીવને કાંઈક ટાઢક વળશે. હરિશ્ચંદ્ર! તમે હમણાં બ્હાર ચાલ્યા જાઓ.”

હરિશ્ચંદ્ર ચાલ્યો ગયો.

એ દિવસે એવો નિશ્ચય થયો કે રામપ્રસાદ તથા તેની માતા હમ્મેશાંને માટે એ ઘરમાંજ રહેશે, તથા રામપ્રસાદ પોતાની પુત્ર-વિયોગિની ફોઈનો પાલક-પુત્ર થશે.

આ પ્રકારથી હરિશ્ચંદ્ર સંતુષ્ટ થયો નહિ. હરિશ્ચંદ્રની માતા સરસ્વતી તેમજ બીજા કોઈને પણ આ નિશ્ચય પસંદ પડ્યો નહિ: તો પણ ચંચળવહુના નિશ્ચય વિરૂદ્ધ એક પણ શબ્દ બોલી શકવાનું સાહસ ઘરના કોઈ પણ માણસમાં નહોતું.

આ પ્રકાર બની ગયા પછી પંદર દિવસે હરિશ્ચંદ્રને રજનીચંદ્રનો એક પત્ર મળ્યો. પત્ર મુંબઈથી આવ્યો હતો. તેમાં રજનીચંદ્રે લખ્યું હતું કે:-

“ઘણા દિવસથી ત્હારો પત્ર નથી. મ્હારા સાંભળવામાં એમ આવ્યું છે કે, મ્હોટા ભાઈનો પુત્ર મૃત્યુ પામ્યો છે. આ ઘણો દુઃખ-પૂર્ણ પ્રકાર બન્યો છે: પરંતુ ઈશ્વરની લીલા આગળ લાચાર! ભાગ્યના ઉપર મનુષ્યની કાંઈ સત્તા નથી. જીવન પર થઈને અનેક પ્રકારનાં દુઃખ ચાલ્યાં જાય છે. હું નોકરી છોડી દઈને મુંબઈ આવ્યો છું; અને અહિં એક મ્હોટું દવાખાનું મ્હેં સ્થાપિત કર્યું છે; આ દવા-ખાનાનું સઘળું કામકાજ હું એકલો સંભાળી શકતો નથી. ઘેર ત્હારે પણ કાંઈ એવું ખાસ કામ હોતું નથી; માટે આ પત્ર મળતાંજ તું આ તરફ ચાલ્યો આવજે. તું અહિં આવીશ એટલે મ્હને કામ-

કાજ કરવાની ઘણી સુગમતા થઈ પડશે. મ્હારાથી પારકાની ઉપર વિશ્વાસ મૂકી શકાતો નથી. ત્હારા આવવાથી મ્હારો જીવ નિશ્ચિંત રહેશે. ઘરના સમાચાર જરૂર લખજે. એજ.

લી૦ શુભેચ્છક.

રજનીચંદ્રના શુભાશિર્વાદ."

હરિશ્ચંદ્રે આ પત્ર ઘરનાં સૌ માણસોને વાંચી સંભળાવ્યો. ચંચળવહુએ પત્રની હકીકત સાંભળી ખરી; પરંતુ તે કાંઇ બોલી નહિ. સંસારના કોઇ પણ વિષયમાં તે હવે લક્ષ્ય આપતી નહોતી. પુત્ર શોકથી શોકાતુર રહેતી ચંચળને આવા ગૃહસંસારના વિષયોમાં મેળવવાનો કોઇ યત્ન પણ કરતું નહોતું.

હરિશ્ચંદ્રની માતા પણ સુકુમારના શોકથી શય્યાવશ થઇ હતી; તો પણ તેને સર્વ વિષયોમાં લક્ષ્ય આપવું પડતું હતું. આ શોક દુઃખમાં પણ જો સંસારનું બંધારણ ફરીથી બંધાય તો સારૂં એવી તેની આશા હતી. તેણે કહ્યું:—"તેણે અહમ્મદનગર છોડ્યું એ એક રીતે ઠીક કર્યું છે એમ મ્હને લાગે છે."

સ્નેહલતાએ અનેક દેવતાઓની પ્રાર્થના કરી. અનેક પૂજાઓ માની. તે મનમાંને મનમાં કહ્યા કરતી હતી કે:—"હે દયાળુ દેવ! પતિની બુદ્ધિને ઠેકાણે લાવો. હે હરિ! પતિ દેવતાને સુમતિ આપો. હે સત્યનારાયણ દેવ! એક વખત આ અભાગિનીની તરફ ઉંચું મુખ કરીને જુઓ—હું સવાપાંચ શેરની કથા કહેવડાવીશ."

દેવતાએ સ્નેહલતાની આ વિનંતિ, પૂજન, પ્રાર્થના માન્યતા વગેરેને સ્વીકારી કે કેમ એ કહી શકતા નથી; પરંતુ સૌની સંમતિથી હરિશ્ચંદ્રને મુંબઈ જવાનું નક્કી કર્યું. હરિશ્ચંદ્ર પણ સુકુમાર સિવાયના ઘરનો ત્યાગ કરી મુંબઇ ચાલ્યા જવાથી શાન્ત રહી શકાશે એમ વિચારી તે દિવસે રાત્રેજ મુંબઈ જતી ફાસ્ટ ટ્રેનમાં બેસી રવાના થયો.

જ્યારે હરિશ્ચંદ્ર ઘેરથી સ્ટેશન તરફ જવાને વિદાય થયો ત્યારે સ્નેહલતાને પતિ પ્રત્યે એવો સંદેશો મોકલવાની ઘણી ઈચ્છા થયા કરતી હતી કે:—"માત્ર એક વખત—એકજ દિવસને માટે ઘેર આવીને

દર્શન દઇ જાઓ." પરંતુ શરમથી તે કાંઇ બોલી શકી નહિ. તેના મનની વાત મનમાંજ રહી ગઈ.

પ્રકરણ ૭ મું.

ઘર જમાઈની દુર્દશા.

હવે કૃષ્ણચંદ્રની સ્થિતિ પ્રત્યે લક્ષ્ય આપીશું. વ્હાલા વાંચકો તેને નોકરી પર સવારના ૧૦ વાગે જવું પડતું હતું અને ત્યાંથી તે સાંજના સાત વાગે છૂટો થતો હતો. કોઇ કોઇ વખતે આઠ નવ પણ વાગી જતા હતા. પ્રભાતકાળે ઉઠીને તે પોતાના સાળા હરિચરણની ખેતીનું કામકાજ કરવા જતો હતો. ત્યાંથી પાછો આવીને તરતજ શીતળ કે ગરમ પાણીથી સ્નાન કરીને ટાઢું ઉનું જે કાંઇ હોય તે જમી લેતો હતો. જો કોઇ દિવસે ટાઢું ખાવાનું ન હોય અને ગરમ ખાવાનું થવાને વિલંબ હોય તો ભૂખ્યે પેટેજ નોકરી પર ચાલ્યો જતો હતો.

એક દિવસ રાત્રિના નવ વાગ્યા હતા. કૃષ્ણપક્ષની રાત્રિ હતી. આકાશ વાદળાંઓથી ઢંકાયલું હતું. વરસાદ 'ટપક ટપક' કરતો વરસતો હતો. આ સમયે હાથમાં એક રૂમાલની અંદર શાક ઉંચકીને કાદવવાળા પગે, ભીંજાઈ ગયેલાં વસ્ત્રો પહેરીને ઠંડીથી ધ્રુજતો ધ્રુજતો કૃષ્ણચંદ્ર ઘેર આવી પહોંચ્યો.

આ સમયે હરિચરણ ઘરમાં બેઠો બેઠો તેની માતા તેમજ બ્હેનો સાથે વાતચિત કરતો હતો. કૃષ્ણચંદ્રને આવતાંજ તેનો દેખાવ જોઇને હરિચરણ હસી પડયો; પણ જો તેની આવી સ્થિતિમાં તે તેની માતા, અગર તો તેના બંધુઓ આગળ હાજર થયો હોત તો તેમની આંખોમાં આંસુઓ ભરાઈ આવ્યા સિવાય રહેત નહિ. અહિં તો હરિચરણને હસતો જોઈ, તેની માતા પણ હસવા લાગી અને વ્યંગ સ્વરે બોલી:—"ઘણો દુર્ભાગી છે, તેથીજ નજીવા પગારમાં અત્યાર સુધી મજુરી કરી કરીને મરી જાય છે."

કૃષ્ણચંદ્રની પત્ની ભ્રકુટી ચઢાવીને સહજ દૂર ખસીને બેઠી.

કૃષ્ણચંદ્ર શાકની પોટલી જમીન પર મૂકી નીચે બેઠો. આ સમયે સાહજિક રીતે તેના મુખમાંથી એવા શબ્દો બ્હાર નીકળી પડયા કેઃ-" હે પ્રભુ !"

હરિચરણે હસીને પૂછ્યુંઃ-" પ્રભુને કેમ યાદ કરો છો ?"

કૃષ્ણચંદ્રે વિરક્તિપૂર્ણ સ્વરે ઉત્તર આપ્યોઃ-" આ દુર્ભાગીનું દુર્ભાગ્ય દૂર કરવાને માટે."

હરિચરણઃ-તમે તદ્દન મૂર્ખ છો, તેથીજ અત્યાર સુધી ગદ્ધા-વૈતરૂં કરો છો.

કૃષ્ણચંદ્રઃ-શું કરૂં ? જેવું મ્હારૂં ભાગ્ય.

હરિચરણઃ-ઠીક ત્યારે, હવે હુક્કો ભરી લાવશો કે ? બજારમાંથી મ્હારે માટે અફીણ લેતા આવ્યા છો કે ?

કૃષ્ણચંદ્રઃ-હા, લાવ્યો છું; પરંતુ કાંઇક થોડું લાવ્યો છું.

હરિચરણઃ-થોડું તે કેટલું ?

કૃષ્ણચંદ્રઃ-પાવલી ભાર.

હરિચરણઃ-એટલું બધું થોડું કેમ લાવ્યા ?

કૃષ્ણચંદ્રઃ-મ્હારી પાસે પૂરતા પૈસા નહોતા. આ માસનો પગાર કડકે કડકે લઈને ઘરખર્ચનાજ ઉપયોગમાં લીધો છે. આજે જે કાંઇ થોડા ઘણા પૈસા મ્હારી પાસે સિલક હતા તેમાંથી શાક અને અફીણ લાવ્યો છું.

હરિચરણઃ-ધોબીને ત્યાંથી કપડાં લાવ્યા છો ?

કૃષ્ણચંદ્રઃ-હા, લાવ્યો છું.

હરિચરણઃ-હુક્કો ભરો.

કૃષ્ણચંદ્રઃ-હમણાં થોડો વખત સબૂર કરો. મ્હારી છાતીમાં દર્દ થાય છે.

હરિચરણઃ-આવું સાહસ કરશો તો કોઇ પણ દિવસે તમારો શુક્રવાર વળવાનો નથી. આળસથીજ માણસને દુઃખ ભોગવવું પડે છે. એક વખત હુક્કો ભરી આપો. પછીથી હાથ પગ ધોઈ કપડાં ઉતારો.

કૃષ્ણચંદ્ર નિરૂપાયે હુક્કો ભરી લાવવાને ઉઠયો. ત્યાર પછી હાથ પગ ધોઇ નાંખીને તેણે વસ્ત્રો બદલ્યાં.

હરિચરણની માતાએ કહ્યું:-"અમારે સૌને ગામમાં એક ઠેકાણે જમવા જવાનું છે. જમવાનું મોડું થવાનું હોવાથી રાત્રે કાંઈ ઘેર જમનાર નહોતું, એટલે તમારા એકલાને માટે રાત્રે કેવી રીતે રાંધી શકાય? માટે સ્હવારની પાંચ સાત ભાખરીઓ પડી છે તે શાક સાથે ખાઈ લ્યો."

"ઠીક છે, ખાઇ લઉં છું." એમ કહીને કૃષ્ણચંદ્ર રસોડામાં ગયો તથા ભાવે અભાવે થોડું ઘણું જમીને શયનગૃહમાં ગયો.

મંદાકિનીએ ગંભીર સ્વરે પૂછયું:-"લાવ્યા છો?"

ઘણા નમ્ર સ્વરે કૃષ્ણચંદ્રે કહ્યું:-"ના."

મંદાકિની:-ના! ઠીક છે!

આમ કહીને તેણે પલંગ પરથી એક ઉશિકું ઉંચકીને પલંગ પરજ પછાડયું અને કહેવા લાગી:-"હે યમ! તું મ્હને અહિં રાખીને ઉપવાસ કેમ કરે છે? શું મ્હારા જેવી દુર્ભાગિ સ્ત્રીને લઇ જવામાં તને પણ અશ્રદ્ધા થાય છે? મ્હેં કેટલી ગૌહત્યા અગર તો બ્રહ્મહત્યા કરી હશે તે હું વિચારી શકતી નથી! હે ભગવાન્! મ્હારા પાપનો છેડોજ નથી કે શું?"

પછીથી એક નિશ્વાસ મૂકી મંદાકિની ગુસ્સામાં ને ગુસ્સામાંજ પલંગ પર પડી રહી.

આ સમયે ગદ્ગદ્ કંઠે કૃષ્ણચંદ્રે કહ્યું:-"તું એક તખત મ્હારી વાત સાંભળ. મ્હારો કાંઇજ ગુન્હો નથી; મ્હારી પાસે પૈસા હોત તો હું તને એક ગવન ન લાવી આપત કે? શું કરૂં? મ્હારા દુઃખનો પાર નથી. હવે તો પરમાત્મા જો કાંઇ કૃપા કરશે તોજ મનનું દુઃખ દૂર થશે, નહિ તો આ જીવન નકામું ગયું છે."

મંદાકિની:-હવે મ્હારે કાંઈ જોઇતું નથી. મ્હને સઘળું મળી ગયું છે. મ્હારૂં ભાગ્યજ ફૂટેલું છે. હુંજ મૂર્ખ છું કે તમારી પાસે વારંવાર ગવનની માગણી કરૂંછું.

આમ કહીને મંદાકિની પાસું ફેરવીને સુઇ રહી.

કૃષ્ણચંદ્રે કહ્યું:—" શું કરૂં? મહિને માત્ર ૭ રૂપિયાજ પગાર મળે છે. તેમાંથી શાકપાન તેમજ અફિણનું ખર્ચ મ્હારે કરવું પડે છે! દરરોજ ઓછામાં ઓછા ત્રણ ચાર આના આવા ખર્ચમાં જાય છે. પછી હું એક પણ પૈસો ક્યાંથી બચાવી શકું? ત્હારા ભાઈ તો બજારની વસ્તુઓ લાવવા માટે એક પણ પૈસો આપતા નથી."

મંદાકિનીએ કાંઈક ક્રોધાવેશમાં આવી જઈને કહ્યું:—" તમારા જેવું માણસ તો બીજું એક પણ જોયું નહિ. મ્હારા ભાઈ મહા-મુશિબતે આપણું બન્નેનું ખર્ચ નિભાવે છે, તે બાબતનો ઉપકાર માનવો ભૂલી જઈને તમે તમારા રોજના શાકપાનના ખર્ચ માટે બબડયા કરો છો! તમને ન ફાવતું હોય તો હવેથી શાકપાન, તમાકુ, અફિણ વગેરેનું ખર્ચ તમે કરશો નહિ. તમે તમારે બીજે કોઈ સ્થળે નોકરીની તપાસ કરો. મ્હારા ભાગ્યમાં જેમ થવાનું હશે તેમ થશે."

ત્યાર પછી મંદાકિની એક પણ શબ્દ બોલ્યા ચાલ્યા સિવાય પલંગમાં સૂઈ રહી. કૃષ્ણચંદ્ર તેને ફરીથી કાંઈ કહેવાનું સાહસ કરી શક્યો નહિ.

કૃષ્ણચંદ્રને પલંગમાં સ્થાન મળે તેમ નહોતું, તેમજ થોડો સમય પસાર કરવાને માટે કોઈ પુસ્તક પણ મળે તેમ નહોતું તેથી તે નવીન વર્ષના પંચાંગનાં પૃષ્ઠોને ફેરવીને તેમાંની જાહેર ખબરો વાંચવા લાગ્યો.

ત્યાર પછી મંદાકિની જ્યારે નિદ્રાધીન થઇ ગઇ ત્યારે કૃષ્ણચંદ્ર ધીમે પગલે પલંગ પર ચઢીને બ્હીતો બ્હીતો એક બાજુએ સંકો-ચાઇને સૂઇ ગયો! અને મહામુશિબતે તેણે રાત્રિ પસાર કરી.

પ્રકરણ ૮ સું.

જમાઇ કે જાનવર?!

પ્રભાતકાળે ઉઠીને હરિચરણે કૃષ્ણચંદ્રને કહ્યું:—" આજે ખેતરમાં

મજુરોને કેટલુંક કામ સોંપવાનું છે, અને ત્યાં તમારે ત્રણ ચાર કલાક રોકાવું પડે તેમ છે, માટે જલદીથી કપડાં પહેરીને તૈયાર થાઓ.”

કૃષ્ણચંદ્રે કહ્યું:-“જો ત્યાં ત્રણ ચાર કલાક રોકાવાનું હશે, તો તો મ્હારાથી બપોરે ઘેર આવી શકાશે. પછીથી હું નોકરી પર કેવી રીતે વખતસર જઇ શકીશ? કેટલાક દિવસથી નોકરી પર મોડું જવાય છે તેથી શેઠ વઢયા કરે છે.”

હરિચરણ:-તેઓ વઢે છે તેમાં હું શું કરૂં? આ કામ પણ તમારે કરવાનું છે. છ રૂપિયામાં કાંઇ અમારાથી બે માણસોનું ભરણ પોષણ નિભાવી શકાય તેમ નથી.

આ શબ્દોનો કૃષ્ણચંદ્રે કાંઇ ઉત્તર આપ્યો નહિ. તે કપડાં પહેરી ખેતર તરફ જવાને નીકળી પડયો.

લગભગ દશ વાગ્યા પછી થાકયો પાકયો કૃષ્ણચંદ્ર જ્યારે ઘેર આવી પહોંચ્યો ત્યારે તેને માલૂમ પડયું કે હરિચરણના મ્હોટા બનેવી આવેલા છે.

તેમનું નામ રામકૃષ્ણ હતું. તેઓ ભરૂચ જીલ્લામાં ફોજદાર હતા તેથી ચેરીમેરીની આવક પણ ઘણી સારી હતી. તેમની ઉમ્મર લગભગ પચાસ વર્ષની હતી. દેખાવમાં કાંઇક બેડોળ હતા. તેઓના પર સરસ્વતી દેવીની વિશેષ કૃપા નહોતી; પરંતુ શ્રીમતી લક્ષ્મી દેવીની કૃપા હોવાથી તેમની પત્નીના અંગ પર ઘણાં ઘરેણાં પહેરેલાં રહેતાં હતાં, અને તેથી કરીનેજ તેમના સંમાનની સીમા નહોતી.

તેમની આસપાસ અનેક નર નારીઓ વિંટળાઈ વળ્યાં હતાં. તેઓ હસતા હસતા સૌની સાથે વાતચિત કરતા હતા. હરિચરણની માતા જમાઇરાજને માટે જમવાની સામગ્રી બનાવવાની ખટપટમાં પડી હતી.

કૃષ્ણચંદ્રે આવતાંની સાથેજ રામકૃષ્ણને પ્રણામ કર્યા. કૃષ્ણચંદ્ર સંબંધીની સઘળી હકીકત પત્ર મારફતે રામકૃષ્ણના જાણવામાં આવી હતી. એક વખત હાસ્ય કરી વ્યંગપૂર્ણ સ્વરે તેમણે પૂછયું:-“કેમ કૃષ્ણચંદ્ર! ખુશી આનંદમાં છો ને?”

કૃષ્ણચંદ્ર:-હા, છું તો ખરો!

રામકૃષ્ણ:-ક્યાં ગયાં હતા ?

કૃષ્ણચંદ્ર:-ખેડૂતોને થોડું ઘણું કામ બતાવવાનું હોવાથી સીમમાં ગયો હતો.

રામકૃષ્ણ:-ઘણી સારી વાત છે. હરિચરણને બનતી મદદ કરવીજ જોઇએ.

કૃષ્ણચંદ્ર:-આપને ત્યાં સૌ ખુશી આનંદમાં છે ને ?

રામકૃષ્ણ:-હા, ખુશીમાં છે.

ત્યાર પછી કૃષ્ણચંદ્ર ઉતાવળો ઉતાવળો હુક્કો ભરી લાવ્યો, અને થોડા સમય સુધી તેણે ધુમ્રપાન કરીને હુક્કો રામકૃષ્ણના હાથમાં આપ્યો. પછીથી તેણે જલદીથી સ્નાન કરી લઇ રસોડામાં જઇ સાસુને પૂછ્યું:-"ભોજન થયું છે ?"

મ્હોં મરડી સાસુએ ઉત્તર આપ્યો:-"એટલામાં તે ક્યાંથી ભોજન થાય ? જોતા નથી કે જમાઇ આવેલા છે ? તમે તે માણસ છો કે જાનવર તે હું વિચારી શકતી નથી."

કૃષ્ણચંદ્ર:-મ્હારે હમણાંને હમણાં નોકરી પર જવાનું છે.

સાસુ:-તેથી હું શું કરૂં ! આજે ના જશો !

કૃષ્ણચંદ્ર:-આજે નહિ જાઉં તો શેઠ વિશેષ ગુસ્સે ભરાશે.

સાસુ:-ત્યારે તો જેમ ફાવે તેમ કરો. રસોઈ થવાને હજી ઘણા વખતની વાર છે. હજી તો ઘણા પદાર્થો બનાવવાના બાકી છે.

કૃષ્ણચંદ્ર:-ત્યારે તો આજે મ્હારાથી નોકરી પર જઇ શકાશે નહિ.

આમ કહી થોડું જળ પીને કૃષ્ણચંદ્ર બ્હારની પરસાળમાં ગયો. તે દિવસે તેનાથી નોકરી પર જવાયું નહિ, તેથી તેનું ચિત્ત ઘણું ચંચળ બની ગયું; કારણ કે તે દિવસે વિશેષ કામ હતું; પરંતુ તે કેવી રીતે જઇ શકે ? ગઈ કાલે રાત્રે તે નજીવું જમ્યો હતો. ત્યાર પછી એક પણ મુઠી અનાજ તેના પેટમાં પડયું નહોતું-ભૂખના દુઃખથી તેનું સર્વાંગ ધ્રુજતું હતું.

રામકૃષ્ણ તથા હરિચરણ પણ સ્નાન કરી થોડો નાસ્તો ક્યો

પછી પાન ચાવતા ચાવતા બ્હાર પરસાળમાં જ્યાં કૃષ્ણચંદ્ર બેઠો હતો ત્યાં આવી ચઢ્યા. આડોસ પાડોસમાં રહેતા બે ત્રણ પુરૂષો પણ ત્યાં બેસવાને આવ્યા. પછીથી સૌની સંમતિ અનુસાર હુક્કો ભરવાનું કામ કૃષ્ણચંદ્રને માથે આવ્યું! કૃષ્ણચંદ્ર હુક્કો ભરી લાવ્યો એટલે સૌ બાજી રમવા બેઠા.

લગભગ બે કલાક સુધી બાજી રમવાનું કાર્ય ચાલ્યું હશે એટલામાં રામકૃષ્ણ તેમજ હરિચરણને જમવા ઉઠવા માટેનું રસોડામાંથી નિમંત્રણ આવ્યું. કૃષ્ણચંદ્રે પ્રશ્ન કર્યો:–"હું જમવા આવું કે?"

ઉત્તર મળ્યો:–"ના! તમારૂં ભોજન હજી તૈયાર થયું નથી."

કૃષ્ણચંદ્રે ઝંખવાણા પડી જઇને પોતાનું મુખ બીજી દિશા તરફ ફેરવ્યું. રામકૃષ્ણ તેમજ હરિચરણ ઉઠીને રસોડામાં ગયા.

પાડોસમાંથી બેસવા આવેલા હરિલાલ નામના એક માણસે પૂછ્યું:–"કૃષ્ણચંદ્ર કયારે જમશો?"

કૃષ્ણચંદ્ર:–જ્યારે જમવાનું મળશે ત્યારે.

બીજો એક જીવનલાલ નામનો પાડોશી બોલી ઉઠ્યો:–"હરિલાલ ભાઇ! જુઓ આ આર્યસંસારની સ્થિતિ! ગુજરાતી ઘરજમાઇઓની દુર્દશા!!"

ત્યાર પછી જીવનલાલે કૃષ્ણચંદ્રને સંબોધીને કહ્યું:–"કૃષ્ણચંદ્ર! તમે ક્રોધે ભરાશો નહિ. તમે ભણેલા ગણેલા છો, તમારા વંશની આબરૂ પણ ઘણી છે, તો પછી તમે શા માટે અહિં પડયા રહો છો? તમે તમારે ઘેર જશો તો સુખી થશો. જો તમને તમારા ભાઇ સાથે ન ફાવતું હોય તો જૂદા રહો; પરંતુ આ શું? આવું અપમાન તમારાથી કેમ સહન કરી શકાય છે? સાસરાના ઘરની ગુલામી તમને કેમ આટલી બધી વ્હાલી લાગે છે?!"

કૃષ્ણચંદ્રે આ વાકયોનો કાંઈ ઉત્તર આપ્યો નહિ.

ત્યાર પછી ઘણો સમય વીતી ગયો. રામકૃષ્ણ અને હરિચરણ ભોજન કરીને બ્હાર આવ્યા; હરિચરણે કૃષ્ણચંદ્રને કહ્યું:–"હવે તમે જાઓ જમી લ્યો. હુક્કો અને ચલમ સાથે લેતા જાઓ. હુક્કો ભરી

અહિં મોકલાવી આપીને તમે જમવા બેસજો.”

અતિ ચિંતાતુર ચિત્તે કૃષ્ણચંદ્ર હુકો લઇ ઘરમાં ગયો, તથા સાળાની આજ્ઞાનું પાલન કરીને જમવા બેઠો.

તેને માટે જાડા રંગુનના ચોખાનો ભાત તથા બાજરીના બે રોટલા કરેલા હતા. કૃષ્ણચંદ્ર પોતાની પાસેના પૈસા ખરચીને શાક લઇ આવ્યો હતો છતાં તેને સહજ પણ શાક મળ્યું નહિ. તેની સાસુએ તેને એમ કહ્યું કે:—“ રામકૃષ્ણ ઘણે દિવસે આવેલા હોવાથી તેમને એકલા જમવા બેસાડીએ તો ખોટું દેખાય માટે હરિચરણને તેમની સાથે બેસાડવો પડયો હતો ને તેથી કરીને શાક ખલાસ થઈ ગયું છે.”

કૃષ્ણચંદ્ર કાંઈ પણ બોલ્યા ચાલ્યા સિવાય આકાશ પાતાળના વિચાર કરતો કરતો જમવા લાગ્યો. દાળ ખૂટી પડેલી હોવાથી તે જમવા આવ્યો તે પહેલાં તેની સાસુએ દાળમાં જળ ઝબકાવ્યું હતું તેથી તેને દાળ પણ ભાવી નહિ; છતાં અસાધારણ ભૂખ લાગેલી હોવાથી ભાવે અભાવે પણ તેણે થોડું ખાઈ લીધું.

પ્રકરણ ૯ મું.

જૂની આંખે નવીન તમાસો.

રાત્રે ભોજન કરી લીધા પછી કૃષ્ણચંદ્ર શય્યામાં જઇને સૂઈ રહ્યો. કલાક પર કલાક વીતી ગયા; પરંતુ તેની સ્ત્રી તેની પાસે આવી નહિ. રસોડામાં અંધકાર હતો છતાં પત્ની પોતાની પાસે કેમ આવી નહિ? એ વિચાર કૃષ્ણચંદ્રના અંતઃકરણમાં ઘોળાવા લાગ્યો. ઘરનાં સઘળાં માણસો સૂઈ ગયાં હતાં. કૃષ્ણચંદ્ર પત્નીની તપાસ કરવા માટે ઘરમાંથી બહાર નીકળ્યો.

કૃષ્ણચંદ્રના શયનગૃહની પાસેના ઓરડામાંથી કોઇ સ્ત્રીનો કંઠસ્વર સંભળાતો હતો. આ સ્વર કૃષ્ણચંદ્રથી અજાણ્યો નહોતો. એ સ્વર તેની સ્ત્રીનોજ હતો. કૃષ્ણચંદ્ર એ ઓરડા પાસે ગયો, તો એ ઓરડાની એક બારી ખુલ્લી હતી. કૃષ્ણચંદ્રે બારીમાં ડોકીઉં કરી

જોયું તો તેણે રામકૃષ્ણને પલંગ પર આડા પડેલા જોયા તથા તેમની પાસેજ પલંગપર બેસીને તેણે પોતાની સ્ત્રીને ગાતી જોઇ. તે જે ગાન ગાતી હતી તે પ્રેમગાન હતું. કૃષ્ણચંદ્રને આ પ્રકાર ગમ્યો નહિ; પરંતુ તે પોતાની સ્ત્રીને બોલાવવાનું સાહસ પણ કરી શક્યો નહિ. તે આશ્ચર્યમાં પડી જઇને જ્યાં ઉભો હતો ત્યાંજ ઉભો રહ્યો.

આ સમયે એકાએક તેની સાસુ ત્યાં આવી પહોંચી. કૃષ્ણચંદ્રને ત્યાં ઉભેલો જોઈ તે ક્રોધથી સળગી ઉઠી. તેણે કહ્યું:-'આમ આવો જોઇએ."

આ વાક્ય સાંભળતાંજ કૃષ્ણચંદ્રે પાછી દૃષ્ટિ ફેરવી તો તેણે પોતાની સાસુને જોઈ. તેની સાસુ ઉપર પ્રમાણે કહી કૃષ્ણચંદ્રના શયનગૃહમાં ચાલી ગઇ. કૃષ્ણચંદ્ર પણ જલદીથી સાસુની પાછળ પાછળ પોતાના શયનગૃહમાં ગયો.

મ્હોંને અમાવાસ્યાની રાત્રિના અંધકાર જેવું કરીને સાસુએ કહ્યું:-"ત્યાં ઉભા રહીને શું જોતા હતા ?"

કૃષ્ણચંદ્ર:-કાંઈ નહિ. બ્હાર જતો હતો તેથી એક વખત એ તરફ નજર કરી હતી.

સાસુ:-સાળી અને બનેવી વચ્ચે જે વાતચિત ચાલતી હોય તે સાંભળી શકાય ખરી કે ?

કૃષ્ણચંદ્ર:-પરંતુ મ્હને તો એમ લાગે છે કે, આબરૂદાર વંશની સ્ત્રીઓ બનેવીને ભાઇ સમાન માને છે. આ પ્રકાર તો મ્હને જૂની આંખે નવીન તમાસા જેવો માલૂમ પડે છે !

કૃષ્ણચંદ્રનાં આ વાક્યોથી તેની સાસુના ક્રોધની સીમ રહી નહિ; તેણે ક્રોધાવેશમાંજ કહ્યું:-"અમે બધી બજારની વેસ્યાઓ છીએ તેથીજ આમ કરીએ છીએ. તમારી મા બ્હેનો સતી છે, અને અમે બધી કુલટાઓ છીએ !"

ક્રોધાવેશમાં ભરાયલી સિંહણ જેવી રીતે કોઈ અજાણ્યા માણસ પર હુમલો કરે તેવીજ રીતે સાસુ તરફથી થયેલા હુમલાથી કૃષ્ણચંદ્ર ગભરાઇ ગયો. તેણે બન્ને હાથ જોડી નમ્રતાથી કહ્યું:-"માતાજી ! મ્હને

માફ કરો. મ્હેં કાંઇ તમને ખોટું કર્યું નથી. મ્હેં તો માત્ર એકજ વખત નજર કરી હતી.”

આટલાથી પણ સાસુનો ક્રોધ શાન્ત થયો નહિ. તેણે કહ્યું;–‘તમારે નજર કરવાની શી જરૂર હતી? તમારા જેવા અવિશ્વાસી સ્વભાવના માણસો મૂર્ખજ ગણાય છે. ઠીક છે; એ સમયે જો કદાચ મ્હારી મંદાએ તેના બનેવીના શરીર પર હાથ મૂક્યો હોત તો?”

કૃષ્ણચંદ્રનું હૃદય જલદીથી ધડકવા લાગ્યું; પરંતુ તે કાંઇ બોલ્યો નહિ. તેની સાસુ તેને શાન્ત જોઇને તેના વંશ, ક્ષુદ્ર હૃદય, વગેરે સંબંધી વાક્યો બડબડતી ત્યાંથી ચાલી ગઈ.

સાસુએ બ્હાર જઈ, મંદાકિનીને પોતાની પાસે બોલાવી અને ઉપરની હકીકત મીઠું મરચું ભેળવીને કહી સંભળાવી, તથા તેને તેના શયનગૃહમાં જવાની આજ્ઞા કરી. મંદાકિની મ્હોઢું ચઢાવીને પતિ પાસે જઇ પહોંચી. તેણે વિકૃતસ્વરે કૃષ્ણચંદ્રને પૂછ્યું:–“કેમ શું છે?”

કૃષ્ણચંદ્રે સ્મિતહાસ્ય કર્યું. એ હાસ્ય શુષ્ક હતું–નિરાનંદની વિકટ સ્ફુર્તિ જેવું હતું. તેણે કહ્યું:–“હોય શું?”

મંદાકિનીએ નાક મરડીને પૂછ્યું:–“તમે શું જોવાને આવ્યા હતા?”

કૃષ્ણચંદ્ર:–મ્હારૂં શ્રાદ્ધ.

મંદાકિની:–તમારૂં શ્રાદ્ધ જલદીથી થાય તો પણ કાંઇ હરકત નથી.

કૃષ્ણચંદ્ર:–હું પણ પરમાત્માની પાસે પ્રતિદિન એવીજ પ્રાર્થના કર્યા કરૂંછું; પરંતુ મ્હારા જેવા હતભાગ્યની પ્રાર્થનાને તેઓ સ્વીકારતા નથી.!

મંદાકિની:–વચનમાં તો ઘણા દૃઢ જણાઓ છો–મ્હને બાળીને ભસ્મ કરી નાંખી. જેને તમારા જેવો પતિ મળ્યો હોય તેના જેવી કમનશીબ નારી આ પૃથ્વીમાં મ્હારા સિવાય બીજી એક પણ જન્મી નહિ હોય!

કૃષ્ણચંદ્ર:–ત્હારૂં કહેવું ખોટું નથી. મ્હેં એવું તે શું ભયંકર કાર્ય કર્યું છે, એવો તે શો અન્યાય કર્યો છે કે તું મ્હારા પર

આટલી બધી ક્રોધે ભરાઇ છે ?

મંદાકિની:—ના ના, તમે તો કાંઈ કર્યું નથી. હું મ્હારા બનેવીની સાથે બેસીને બે ઘડી વાતચિત કરતી હતી એમાં પણ તમને અવિશ્વાસ ઉત્પન્ન થયો—અને વળી તે માટે તમે મ્હારી માતાને નહિ કહેવાના શબ્દો કહ્યા ! કેમ ? આટલું બધું કરવાની કાંઇ જરૂર ? સાસરે આવી અન્નદાસ થઇ રહ્યા છો છતાં આ સઘળું શું કરો છો ?

કૃષ્ણચંદ્ર:—અન્નદાસ નહિ પરંતુ ગુલામ થઈને રહ્યો છું ! પરમાત્મા જ્યારે જે સ્થિતિમાં રાખે ત્યારે તેજ સ્થિતિમાં રહેવું પડે છે. આ સઘળું પૂર્વજન્મનાં કે આ જન્મનાં પાપોના પ્રાયશ્ચિત્ત સિવાય બીજું કાંઇ નથી !

મંદાકિની:—તો પછી જે જેવું માણસ હોય તેને તે પ્રમાણે રહેવું ઉચિત છે. જો પોતાનું કર્મફળ માણસ પોતે ન ભોગવે તો તેને બદલે બીજો કોણ ભોગવે ?

કૃષ્ણચંદ્ર:—હવે એ બધી વાતને બંધ કર. રાત્રિ ઘણી વીતી ગઈ છે. સૂઇ રહેવાનો વિચાર છે કે નહિ ?

મંદાકિની:—મ્હારે સૂઇ રહેવું નથી.

કૃષ્ણચંદ્ર:—ત્યારે જા, ત્હારા બનેવી પાસે જઇને એક બે ગાયન ગાઇ આવ !

ક્રોધી સિંહણને લક્ષ્ય કરીને તીર છોડવામાં આવતાં જેવી રીતે તે કૂદકો મારી ઉઠે તેજ પ્રમાણે મંદાકિની કૂદકો મારી ઉઠી. તેણે ઉચ્ચ સ્વરે કહ્યું:—"ત્યારે શું હું ગાયનો ગાતીજ ફર્યા કરૂંછું કે શું ? હું મુંબઇની કે કલકત્તાની ગાનારી છું કે શું ?"

કૃષ્ણચંદ્રે મંદાકિનીનો હાથ પકડી કહ્યું:—"એક પણ શબ્દ મ્હોટેથી બોલીશ નહિ—મ્હેં તને કાંઇ કહ્યું નથી. મ્હને માફ કર. જો ત્હારી માતા ત્હારો અવાજ સાંભળશે તો મ્હને એકલાને તો શું પરંતુ મ્હારા પૂર્વજોના પૂર્વજોને પણ યાદ કરીને વાગ્બાણો છોડશે !"

મંદાકિની:—ત્યારે પછી અહિં રહોછોજ શા માટે ? હું વેશ્યા,

મ્હારી મા વેશ્યા, મ્હારો ભાઇ ખરાબ અર્થાત્ અમે સૌ ખોટાં છીએ તો પછી અમારા અન્નના ભિખારી થઇને રહેવાની તમને શી જરૂર છે ?

કૃષ્ણચંદ્રે આ વાક્યોનો કાંઈ ઉત્તર આપ્યો નહિ. તેણે એક પણ શબ્દ બોલવાનું સાહસ કર્યું નહિ; કારણ કે મંદાકિનીનો સ્વર ધીમે ધીમે સપ્તમ સુધી પહોંચતો હતો. એ સ્વર સાંભળી જો કદાચ સાસુ આવી પહોંચશે તો મહા સંકટ આવી પડશે એમ વિચારીને શાંત થવાનુંજ યોગ્ય ધારીને તે તદ્દન શાંત થઇ ગયો.

મંદાકિનીએ ઘણાં સમય સુધી બકવાદ કર્યા પછી શય્યાનો આશ્રય સ્વીકાર્યો.

પ્રકરણ ૯૦ મું.

શું સારું ? અપમાન કે મૃત્યુ ?

બીજે દિવસે સીમમાં ફરી આવીને કૃષ્ણચંદ્ર જલદીથી સ્નાન કરી લઈ રસોડામાં જમવા ગયો. તે સમયે તેની સાસુએ તેને વઘારેલા ભાતની થાળી પીરસી આપી કહ્યું:—“ જમાઇને માટે રસોઈ કરતાં વાર થતી હોવાથી રાત્રે વધેલો ભાત વઘારી નાંખ્યો છે. ”

કૃષ્ણચંદ્રે પ્રફુલ્લ મુખે કહ્યું:—“ ઘણું સારું કર્યું; કાલે વખતસર ખાવાનું ન મળ્યું તેથી મ્હારાથી કામ પર જવાયું નહિ. ”

“ વખતસર ખાવાનું ન મળ્યું તેથી મ્હારાથી કામ પર જવાયું નહિ. ” આ વાક્ય સાસુ સહન કરી શકી નહિ. તેણે ક્રોધે ભરાઇને કહ્યું:—“ જુઓ કૃષ્ણચંદ્ર, તમારા શબ્દો ઘણા વિચિત્ર નીકળે છે તેને લીધેજ તમારે તમારાં ભાઇ ભાભીઓની સાથે બનતું નથી. શું અમારા ઘરમાં અન્નનો દુકાળ પડયો છે કે અમે તમને ખાવાનું ન આપીએ ? અંતે શું અમારા નામ પર કલંક બેસાડશો કે ? ”

કૃષ્ણચંદ્ર:—નહિ નહિ, મ્હારૂં એમ કહેવું નથી. કાલે રામકૃષ્ણ આવ્યા તેથી વખતસર રસોઇ તૈયાર થઈ નહિ તેને લીધે—

સાસુઃ—આ જુઓ ! તમે શું બોલો છો તેનો વિચાર સુદ્ધાં કરતા નથી. પાંચે આંગળીઓની વેદના સમાન હોય છે સમજ્યા? તમારા મનમાં આટલો બધો દ્વેષ કેમ રહે છે ? રામકૃષ્ણ આવ્યા છે, તેથી તમને ખાવાનું મળ્યું નહિ. એ બાપ ! લોકો સાંભળે તો અમને શું કહે ?! તમારા પર આટલા આટલા ઉપકારો કર્યાં, તમને નોકરી અપાવી તેનો બદલો તો અંતે આવી રીતે વાળ્યો કે ? દૂધ પાઇને સાપ ઉછેરવો તે આનુંજ નામ !

કૃષ્ણચંદ્ર જે કાંઇ કહેતો હતો તેનું પરિણામ વિપરીત આવતું હતું. આ સ્થળે વિશેષ બોલવું યોગ્ય નથી એમ વિચારી તે નીચું મ્હોં રાખીને થાળીમાંનો ભાત જમવા લાગ્યો. જમી રહ્યા પછી હાથ મ્હોં ધોઇ તે પોતાના ઓરડામાં ગયો. મંદાકિની તે વખતે એ ઓરડામાં હાજર હતી. ગઈ કાલે રાતથી તેણે પતિની સાથે વાતચિત કરવી બંધ કરી દીધી હતી. કૃષ્ણચંદ્રે તેની પાસે એક પાન માગ્યું. મંદાકિનીએ પતિની માગણી પ્રત્યે બિલકુલ લક્ષ્ય આપ્યું નહિ; ઉલટી તે ઓરડામાંથી બ્હાર નીકળી ચાલી ગઇ.

વખત વીતી ગયેલો હોવાથી પાનની આશાનો ત્યાગ કરીને કૃષ્ણચંદ્ર એક ફાટયો તૂટયો કોટ પહેરી નોકરી પર ચાલ્યો ગયો.

રસ્તે જતાં જતાં તેને રાધાચરણ મળ્યો. રાધાચરણ તેનો ન્હાનો સાળો હતો. ઘણે દિવસે તે ઘેર આવતો હતો. એક બીજાએ અરસપરસ કુશળ સમાચાર પૂછ્યા, અને પછીથી કૃષ્ણચંદ્ર નોકરી પર જવા લાગ્યો તથા રાધાચરણ ઘર તરફ આવવા લાગ્યો.

કૃષ્ણચંદ્ર દુકાને જઇ પહોંચ્યો એટલે તેના શેઠે તેને ઘણોજ ઠપકો આપ્યો, અને સ્પષ્ટતાર્થી કહ્યું કેઃ—“ તમારા જેવા નોકરથી અમારૂં કાંઇ કામ થઈ શકે તેમ નથી. કાલે કેટલોક માલ ભરૂચ પહોંચાડવાનો હતો; પરંતુ કાલે તો તમે મ્હોં સુદ્ધાં બતાવ્યું નહિ. મ્હને કેટલું નુકશાન થયું છે તેનો તમને ખ્યાલ સુદ્ધાં નહિ હોય. જે માણસ પોતાનું કર્ત્તવ્ય બજાવવામાં પાછી પ્હાની કરે છે તેને માણસજ ગણી શકાતો નથી. હવે તમે તમારી લેણદેણનો હિસાબ ચોખ્ખો કરી

લ્યો; કાલથી તમે કામ પર આવશો નહિ.”

કૃષ્ણચંદ્રે કાંઇ પણ બોલ્યા સિવાય ઉપરનાં વાક્યો સાંભળ્યાં. તેના શેઠ તેને ઘણોજ ઠપકો આપીને છેવટે શાન્ત થયા. અંતે તેમણે કહી દીધું કે:—“ફરીથી જો આ પ્રમાણે થશે તો હું તમને ધક્કો મરાવીને કાઢી મૂકીશ.”

કૃષ્ણચંદ્રે મનમાંને મનમાં વિચાર્યું કે, જે નિર્ધન હોય છે તેણે આવાં વચનો સાંભળી રહેવાંજ જોઇએ; પરંતુ કૃષ્ણચંદ્રની સાથે જો કોઈ તેનું શ્રેય ઇચ્છનાર માણસ હોત તો તે તેને કહી દેત કે, પૈસાને માટે વારંવાર આવું અપમાન સહન કરવા કરતાં મૃત્યુજ ઉત્તમ છે.

સમયસર કાર્ય પૂરૂં કરીને કૃષ્ણચંદ્ર નોકરી પરથી ઘેર જવાં નીકળી પડ્યો; ત્યાંથી બારોબાર એક સુગંધી તેલ વેચનારની દુકાને તે ગયો અને તેણે એક સુગંધીદાર તેલની શીશી ઉધાર લીધી, અને તેથી તેણે પોતાની સ્ત્રીને સંતોષવાનો વિચાર કર્યો.

પ્રકરણ ૧૧ મું.

સતી—સાધ્વીનો નમુનો.

“ સતિ શીરોમણી નાર, વચન પ્રિય પતિનું પાળે;
સતિ શીરોમણી નાર, આપ કુળને અજવાળે;
સતિ શીરોમણી નાર, શિયળવ્રત રૂડું રાખે;
સતિ શીરોમણી નાર, ભવ્ય મુખ મીઠું ભાખે;
વળી પતી વચન નહિ પાળતી, અવગુણનો ભંડાર છે;
ગુરૂજી એવી નારને, શતકોટી ધિક્કાર છે.”

સંધ્યા થઈ ગયાને ઘણો સમય વીતી ગયો છે. સંધ્યાના તારા પશ્ચિમ આકાશમાં નમી પડયા છે, તથા શુક્લપક્ષની ચોથનો ક્ષીણ ચંદ્ર ગગનમાંથી પૃથ્વી પર અમૃત વરસાવી રહ્યો છે. એક ઓરડીમાં દીપક બળ્યા કરે છે. રાધાચરણ ત્યાં બેઠો બેઠો રામાયણ

વાંચતો હતો. તેની પાસે રામકૃષ્ણ, હરિચરણ, હરિચરણની માતા, મંદાકિની તથા આડોસ પાડોસની ત્રણ ચાર સ્ત્રીઓ બેસીને તે સાંભળતાં હતાં.

રામાયણ વાંચતાં વાંચતાં કલિયુગના મહિમાની ચોપાઇઓ આવીઃ-

રાધાચરણ આ ચોપાઇઓ બે ત્રણ વખત વાંચી ગયો પરંતુ તે તેના અર્થ સમજી શક્યો નહિ. તેથી તેણે કહ્યુંઃ-" આ ચોપાઇઓના અર્થ હું બરાબર કરી શકતો નથી."

રાધાચરણની માતાએ કહ્યુંઃ-" તને આટ આટલું ભણાવ્યો છે, થોડા દિવસમાં તો તું મ્હોટો ન્યાયાધીશ થવાનો છે; છતાં તને આના અર્થ નથી આવડતા ?"

રાધાચરણઃ-માતાજી ! આ ચોપાઇના અર્થ કરવા એ કાંઇ જેવી તેવી બુદ્ધિનું કામ નથી. (રામકૃષ્ણ તરફ નજર કરી પૂછયું) " તમે આ ચોપાઇના અર્થ સમજાવી શકશો ?"

રામકૃષ્ણઃ-અમારો ધંધો એવો છે કે, જો અમે આવું શિખવા બેસીએ તો ભિખજ માગીએ. એ ગરબડ સરબડ આપણે ન જાણીએ !

રાધાચરણઃ-ત્યારે કદાચ કૃષ્ણચંદ્ર આવીને સમજાવશે ખરા.

આ વાક્ય સાંભળીને રાધાચરણની માતા ઘણા આશ્ચર્યમાં પડી ગઈ. આટલા બધા રૂપિયા કમાનાર જમાઈ રામકૃષ્ણ જે ચોપાઇના અર્થ સમજાવી શક્યા નહિ તેજ ચોપાઇના અર્થ મહિને માત્ર છ રૂપરડી કમાનાર સાસરાના ઘરનો અન્નદાસ કૃષ્ણચંદ્ર સમજાવશે ! આ વાત પર રાધાચરણની માતાને વિશ્વાસ બેઠો નહિ.

એવામાં કૃષ્ણચંદ્ર આવી પહોંચ્યો. કપડાં ઉતારી હાથ પગ ધોઈ તે સૌની પાસે બેઠો. રાધાચરણે તેને કહ્યુંઃ-" તમે આવ્યા કે ? રામાયણમાંની કેટલીક ચોપાઇના અર્થ અમે સમજી શકતાં નથી; તમે સમજાવી શકશો કે ?"

કૃષ્ણચંદ્રઃ-કયી ચોપાઈના અર્થ ?

" સાંભળો " કહીને રાધાચરણે પેલી ચોપાઇઓ ફરીથી કૃષ્ણચંદ્રને વાંચી સંભળાવી.

થોડા સમય સુધી વિચાર કરીને કૃષ્ણચંદ્રે એ ચોપાઇઓના અર્થ નીચે પ્રમાણે સમજાવી દીધા.

"આ કળીકાળમાં માંકડું જેમ મદારી પાસે નાચે છે તેમ પુરૂષો સ્ત્રીઓ પાસે નાચશે અને તેને આધીન વર્તશે. સ્ત્રીઓ પોતાના ગુણયુક્ત પતિને ત્યાગી પરપુરૂષની સાથે પ્રીતિ જોડશે. સૌભાગણી સ્ત્રીને પહેરવા વસ્ત્ર પણ મળશે નહિ અને વિધવા નવા નવા શ્રૃંગાર ધારણ કરવામાં કોઇથી ડરશે નહિ જેથી વર્ણશંકર પ્રજા ઉત્પન્ન થઈ અઘોર પાપ કરી મહા દુઃખો ભોગવશે.

વળી તુલસીદાસજી કહે છે કે જો મનુષ્યો વિશ્વાસ રાખે તો કલીયુગના જેવો બીજો એક યુગ નથી, કેમકે સતયુગમાં ત્રેતામાં અને દ્વાપરમાં જે પ્રભુ તપશ્ચર્યા કરવાથી, ધ્યાન ધરવાથી અરે નાના પ્રકારનાં પૂજન યજન કરવાથી રીઝતા હતા તેજ પ્રભુ આ કઠીન કલીકાલમાં વિના મૂલ્યે અને વિના પ્રયાસે વિશ્વાસ સહિત ફક્ત રામ નામનો ઉચ્ચાર કરવાથીજ રીઝે છે માટે હે જગતના જીવો આ સોંઘામાં સોંઘો અને મોંઘામાં મોંઘો શ્રીરામ નામનો ઉચ્ચાર કરો ઉચ્ચાર કરો."

આમ છતાં કૃષ્ણચંદ્રની સાસુને કૃષ્ણચંદ્રે કરેલા અર્થ ખરા લાગ્યા નહિ. તેણે વિચાર્યું કે, જો કૃષ્ણચંદ્રનામાં આટલી બધી વિદ્યા હોય તો તેની આવી દુર્ગતિ કેમ થાય? તે તેમનો અન્નદાસ શા માટે થઇ રહે?

રામકૃષ્ણના ગુસ્સાની સીમા રહી નહિ. ગુસ્સાની સાથે તેમના મનમાં અભિમાને પણ પ્રવેશ કર્યો. પરંતુ તેમના ક્રોધનો ભોગ રાધાચરણ નહિ થતાં કૃષ્ણચંદ્ર થઈ પડ્યો; પણ કૃષ્ણચંદ્ર અત્યાર સુધીમાં તો પોતાના શયનગૃહમાં જતો રહેલો હોવાથી તેઓ તરતને માટે તો શાન્ત રહ્યા, અને સાક્ષાત અગ્નિશર્માનું સ્વરૂપ ધારણ કરીને પોતાના શયનગૃહમાં ગયા.

આ સમયે સાસુએ પુત્રીને કહ્યું:—"જમાઇને પાન આપી આવ."

જમાઈ એટલે રામકૃષ્ણ. પુત્રી એટલે કૃષ્ણચંદ્રની પત્ની મંદા-

કિની. મંદાકિની ઉઠીને ચાલી ગઇ. પાછીથી હરિચરણ પણ ઉઠીને સૂઇ રહેવા ગયો. આડોસી પાડોસી ચાલ્યાં ગયાં. રાધાચરણે રામાયણનો પાઠ બંધ કર્યો.

મંદાકિની રામકૃષ્ણના શયનગૃહમાં ગયેલી હોવાથી કૃષ્ણચંદ્ર સુગંધિત તેલની શીશીને એક ઠેકાણે મૂકી, ચોકડીમાં પગ ધોવા ગયો; પરંતુ ત્યાં બિલકુલ પાણી નહોતું તેથી નિરૂપાયે શય્યામાં બેસીને પત્નીની રાહ જોવા લાગ્યો; પરંતુ ઘણા સમય સુધી મંદાકિની આવી નહિ.

કૃષ્ણચંદ્રના ધૈર્યનો અંત આવ્યો. તેણે પોતાના શયનગૃહમાંથી બ્હાર નીકળી ધીમેથી કહ્યું:–"એક વખત અહિં આવી જા. ત્હારૂં કામ છે."

રામકૃષ્ણે મંદાકિનીને કહ્યું:–"તમે જતાં રહો. હું વાઘ છું. તમારા પતિને આશંકા રહે છે કે વખતે હું તમને કરડી ખાઉં તો!?"

કૃષ્ણચંદ્રને આ વાકયનો ઉત્તર આપવો યોગ્ય લાગ્યો નહિ. મંદાકિની ગુસ્સે ભરાઇને પોતાના શયનગૃહમાં આવી. તેની પાછળ પાછળ કૃષ્ણચંદ્રે પણ શયનગૃહમાં પ્રવેશ કર્યો.

મંદાકિનીએ મ્હોડું ચઢાવી, આંખો ફેરવીને કહ્યું:–"કેમ શું છે? આ પ્રમાણે કરતાં તમને શરમ નથી આવતી?!"

કૃષ્ણચંદ્ર:–હું કયારનોય અહિં આવીને બેસી રહ્યો હતો છતાં તું એક મિનિટને માટે પણ મ્હારી પાસે કેમ આવી ગઇ નહિ?

મંદાકિની:–તમારૂં આવું અયોગ્ય વર્તન જો લોકોના જાણવામાં આવશે તો તેઓ શું કહેશે?!

કૃષ્ણચંદ્ર:–મ્હારી પાસે આવવાથી લોકો ત્હારી નિંદા કરશે, અને તને બનેવી પાસે જતી જોઇને તેઓ ત્હારી નિંદા નહિ કરે કેમ?

ગરમ થતા ઘીની કઢાઇમાં પાણી રેડવાથી ભયંકર અવાજ સાથે જે પ્રમાણે અગ્નિ સળગી ઉઠે છે તે પ્રમાણે આ વાકયથી કંપતા સ્વરે તેણે કહ્યું:–"હે યમ! હવે તમે મ્હને લઇ જાઓ. હવે હું ક્યાં જાઉં? બનેવી પાસે ગઇ એમાં આટલો બધો તિરસ્કાર?!"

કન્યાનાં આ વાકયો માતાના સાંભળવામાં આવ્યાં. તે ક્રોધથી

કંપતા શરીરે કન્યા પાસે આવી ચઢી. માતાને જોતાંજ મંદાકિની બોલી ઉઠી:—“ માતા ! હવેથી હું મ્હારા ચરિત્ર પર આવું અસત્ય કલંક રાખીને જીવવાની ઈચ્છા રાખતી નથી. હું ફાંસો ખાઇને મરી જઇશ. મ્હારા જેવી સાધ્વીના પર પણ કલંક ! ”

માતા બોલી ઉઠી:—“ કૃષ્ણચંદ્ર ! તમને વારંવાર કહેવામાં આવ્યું છે તો પણ તમે તમારી મૂર્ખતા છોડતા નથી ! પેટ પૂરતું ખાવાનું મેળવવાની શક્તિ તો છે નહિ, અને આટલો બધો મિજાજ શાના પર કરોછો ? મ્હારી ગાય જેવી દીકરી તરફ એક ક્રૂર કસાઈના જેવું વર્તન કેમ ચલાવો છો ? જો હવેથી આવો અત્યાચાર કરશો તો તેનું પરિણામ સારૂં નહિ આવે, સમજ્યા ? ”

કૃષ્ણચંદ્ર તો પત્થરના પુતળા પ્રમાણે જ્યાં ઉભો હતો ત્યાંનો ત્યાંજ સ્થિરતા ધારણ કરીને ઉભો રહ્યો. તેને પોતાના જીવન પર કંટાળો છૂટયો. જો આ વખતે તેના પગ નીચેની પૃથ્વીએ તેને જગ્યા આપી હોત તો તે અવશ્ય તેમાં સમઇ જાત.

પ્રકરણ ૧૨ મું.

સદાને માટે વિદાય.

કૃષ્ણચંદ્રની સાસુનાં અમૃતમય વાક્યોથી સમસ્ત મકાન ગાજી ઉઠયું. કોઇ ભયંકર પ્રકાર બન્યો છે, એમ વિચારીને ઘણાંખરાં માણસો ત્યાં આવીને એકત્ર થઈ ગયાં. કૃષ્ણચંદ્રની સાસુએ સૌને એમ સંભળાવી દીધું કે:—“ મ્હારી પુત્રી મંદા એક વખત માત્ર તેના બનેવીને પાન આપવાને ગઇ હતી એટલામાં તો કૃષ્ણચંદ્રે તેનો ઘણો તિરસ્કાર કર્યો છે—ન કહેવાના શબ્દો કહ્યા છે. ”

રામકૃષ્ણ પ્રથમથીજ કૃષ્ણચંદ્ર પર ક્રોધે ભરાયા હતા તેથી આ સમયે સુયોગ મળતાંજ તેમણે કહ્યું:—“ ઘર જમાઇ તથા પાળેલો કૂતરો બન્ને જણ જો કોઇને ઘેર આવેલું જુએ છે તો બળી જાય છે. હવે હું અહિં રહેવાનો નથી. કાલે સ્હવારેજ આ ગૃહનો ત્યાગ

કરી ચાલ્યો જઇશ.”

સાસુ બોલી ઉઠયાં:–“ બાય બાપરે ! હવે હું ક્યાં જાઉં ? હમણાં જો ઘરમાં હરિચરણના વડિલ હયાત હોત તો મ્હારે આ સઘળી ફિકર શાની રહેત ? આ અભાગિયા જમાઇએ મ્હારી સોનાની પુતળી સમાન પુત્રીને હતભાગિની બનાવી દીધી છે. પૂર્વજન્મે મ્હેં અનેક પાંપો કર્યા હશે તેને લીધેજ મ્હને આવો જમાઈ મળ્યો છે.”

હરિચરણે કહ્યું:–“ કૃષ્ણચંદ્ર ! તમે તમારે બીજી નોકરીની તપાસ કરો. હવે તમારે અહિં રહેવાનું નથી.”

અત્યાર સુધી કૃષ્ણચંદ્ર શાંત હતો. તેણે કહ્યું:–“ હું પણ એમજ ઇચ્છું છું.”

“ પરંતુ તમારે જેમ બને તેમ જલદીથી આ ગૃહનો ત્યાગ કરવાનો છે.” એમ કહી હરિચરણ ચાલ્યો ગયો. રામકૃષ્ણ પણ કૃષ્ણચંદ્રના ચરિત્ર પર અનેક પ્રકારના દોષ મૂકતા મૂકતા ત્યાંથી ચાલ્યા ગયા. ક્રમે ક્રમે સૌ ચાલ્યાં ગયાં. માત્ર પરાજય પામેલા સિપાહીની માફક એકલો કૃષ્ણચંદ્રજ ત્યાં બેસી રહ્યો.

તેના હૃદયમાં ભયંકર દાવાનલ સળગી રહ્યો હતો. “ કોને માટે શું કર્યું ? મંદાકિની ! હું તને મ્હારા જીવથી પણ વિશેષ ચ્હાઉં છું. તેનો બદલો આવોજ આપ્યો કે ?” હૃદય–પ્રદેશને ભેદી નાંખીને એક ગાઢ નિશ્વાસ તેનાથી મૂકી દેવાયો. પછી તે શય્યામાં સૂતો.

ધીમે ધીમે ઘણી રાત્રિ વીતી ગઈ. રામકૃષ્ણ તેમજ હરિચરણે ભોજન કરી લીધું. કૃષ્ણચંદ્રને જમવા માટે બોલાવવામાં આવ્યો તો તેણે ઉત્તર આપ્યો કે:–“ મ્હારૂં શરીર ઠીક નથી, તેથી હું અત્યારે જમીશ નહિ.”

સાસુએ કહ્યું:–“ ગુસ્સો ભરાયો હોય તો છો ભરાયો; એમાં આપણે શું કરીએ ?”

કેટલાક સમય પછી જમી પરવારીને પાન ચાવતી ચાવતી મંદાકિની શયનગૃહમાં આવી; પરંતુ તેણે કૃષ્ણચંદ્રની સાથે બિલકુલ વાર્તાચિત કરી નહિ. તે ગુપચુપ શય્યામાં સૂઇ રહી. કૃષ્ણચંદ્ર પણ

કાંઈ બોલ્યો નહિ.

ઘણો સમય પસાર થઈ ગયો. ઘરનાં સૌ માણસો જ્યારે શાન્ત થઈ ગયાં—નિસ્તબ્ધ બની ગયાં—નિદ્રાધીન થઇ ગયાં ત્યારે મંદાકિનીને બોલાવીને કૃષ્ણચંદ્રે કહ્યું:—"તું ઉઠીને મ્હારી એક વાત સાંભળ."

અત્યંત વિરક્તિપૂર્ણ સ્વરે મંદાકિનીએ કહ્યું:—"મધ્યરાત્રિને સમયે તે વળી તમારે શી વાત કહેવાની છે? હવે તો યમ મ્હને લઇ જાય તો હું તમારા જુલ્મમાંથી છૂટું."

કૃષ્ણચંદ્રે એક ગાઢ નિશ્વાસ મૂકીને કહ્યું:—"આજેજ છેવટનો દિવસ છે—આજથીજ તું સુખમાં રહી શકીશ. મંદાકિની! મ્હેં મ્હારા જીવ કરતાં પણ ત્હારી પર વિશેષ પ્રેમ રાખ્યો છે. ત્હારે માટે મ્હેં માતાજીનો, ભાઇભાંડુનો ત્યાગ કર્યો છે—ત્હારે માટે ઘરનો ત્યાગ કરી ઘરજમાઇ થઇ રહી પારકાની ગુલામગિરી કરૂંછું; પરંતુ ત્હેં મ્હને મ્હારા આવા ત્હારા પ્રત્યેના પ્રેમપૂર્ણ વર્તનનો ઘણો સારો બદલો આપ્યો છે!"

મંદાકિનીએ મ્હોડું મરડી, આંખો લાલચોળ કરી વિકૃત કંઠે કહ્યું:—"મ્હારે માટે સઘળાનો ત્યાગ કર્યો છે? હુંજ તમારી શત્રુ છું, તો પછી હવે મ્હારી પાસે શા માટે રહો છો? જ્યાં સુખ હોય—આનંદ હોય ત્યાં ચાલ્યા જાઓ."

કૃષ્ણચંદ્ર:—ત્યાં? ના; ત્યાં હવે જઇશ નહિ. જગતને જોઇ લીધું છે—જગતના મોહને જાણી ગયો છું. હવે તો જ્યાં રૂપિયા છે ત્યાંજ જઇશ.

મંદાકિની:—તમારે ફાવે ત્યાં જાઓ; તેમાં મ્હને શું? મ્હને શા માટે બોલાવો છો?

કૃષ્ણચંદ્ર:—જો મ્હારા બોલાવવાથી તને દુઃખ થતું હશે તો હવે હું તને બોલાવીશ નહિ—ત્હારે માટે સુગંધિત તેલની એક શીશી લાવ્યો છું. આ તેલની શીશીનો તું સ્વીકાર કર; કદાચ હું દુર્ભાગી તને હવે બીજું કાંઈ આપી શકીશ નહિ.

આટલું બોલતાંમાં કૃષ્ણચંદ્રની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં.

તેણે તેલની શીશી મંદાકિનીના હાથમાં મૂકી.

"આટલાં બધાં લાડ લડાવવાની કાંઇ જરૂર નથી." આમ કહીને મંદાકિનીએ તેલની શીશીને પતિની તરફ ફેંકી. મંદાકિની અત્યારે પલંગ પર બિછાવેલી શય્યામાં સૂઇ રહેલી હતી, તથા ઉશિકા પર ડાબો હાથ મૂકી તેના પર તેણે પોતાનું મસ્તક ટકાવી રાખ્યું હતું અને કૃષ્ણચંદ્ર પલંગથી થોડે દૂર જમીન પર બેઠો હતો. શીશી આવીને કૃષ્ણચંદ્રના કપાળમાં વાગી. તે ભાંગી ગઇ નહિ; પરંતુ કૃષ્ણચંદ્રને તેનો કાચ વાગવાથી તેના કપાળમાંથી લોહીની ધારા વહેવા લાગી. શીશીનો બુચ ઢીલો થઈ જવાથી તેમાંથી થોડું તેલ જમીન પર ઢળ્યું. મંદાકિની એક વખત પતિને થયેલા આઘાત તરફ દૃષ્ટિ કરી સૂઇ રહી. તેણે લોહીને વહી જતું અટકાવવાનો કાંઈ યત્ન કર્યો નહિ.

કૃષ્ણચંદ્રે ઉઠી પાણીથી ઘાને ધોઇ નાંખી, કપડાં પહેરી, હાથમાં છત્રી લઇ મંદાકિનીને કહ્યું:—"તું ઉઠીને બારણાં બંધ કરી દે. હું હવે મ્હારા ભાગ્યની પરીક્ષા કરવા નીકળી પડું છું. હવે કદાપિ તું મ્હારૂં દર્શન કરી શકીશ નહિ. મ્હને લાગે છે કે આ મ્હારી છેવટની વિદાય છે!"

મંદાકિનીએ માથું ઉંચું કરીને જોયું તો કૃષ્ણચંદ્રની આંખોમાંથી આંસુઓ સરી પડતાં હતાં. તેનું મુખ મ્લાન અને ચિત્ત ચિંતાતુર બની ગયું હતું. કપાળમાંથી હજી પણ થોડું થોડું લોહી નીકળતું હતું.

કૃષ્ણચંદ્ર શાન્ત થયો નહિ. એ નિસ્તબ્ધ રાત્રિએ ઘરમાંથી બ્હાર નીકળી પડીને શાન્ત—નિર્જન ગ્રામ્યમાર્ગ પર તે જવા લાગ્યો.

મંદાકિનીએ વિચાર્યું કે હમણાંજ પાછા આવશે. ઘરમાં એક દીપક મંદ મંદ બળતો હતો. ખુલ્લી બારીમાંથી વાયુ પ્રવેશ કરીને દીપકને ધ્રુજાવતો હતો, તથા શીશીમાંથી ઢળી ગયેલા તેલની સુગંધિથી સમસ્ત શયનગૃહને સુગંધિત બનાવતો હતો. હમણાં આવશે, હમણાં આવશે એમ વિચારીને મંદાકિનીએ ઘણો સમય પસાર કર્યો; પરંતુ કૃષ્ણચંદ્ર પાછો ફર્યો નહિ. અંતે મંદાકિનીએ વિચાર્યું કે:—"ત્યારે

શું તેઓ પાછા નહિજ આવે? મ્હેં તેમને શા માટે જતા અટકાવ્યા નહિ? મ્હેં તેમને અટકાવ્યા હોત તો તેઓ જરૂર જાત નહિ.” મંદાકિનીનાં નેત્રોમાં આંસુઓ ભરાઈ આવ્યાં. પહેરેલા વસ્ત્રના પાલવથી ચક્ષુજળને સાફ કરી તેણે બારી પાસે જઇને એક વખત રસ્તા તરફ દૃષ્ટિ કરી; પરંતુ સર્વત્ર શાન્તિ માલમ પડી, તેથી નિરૂપાયે તે પાછી પલંગમાં જઇને સૂઇ ગઇ.

પ્રકરણ ૧૩ મું.

પાપનો પશ્ચાત્તાપ.

“ હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે !
પાપી તેમાં ડૂબકી દઇને પુણ્યશાળી બને છે !
ઓહો ! કેવું સ્મરણ મધુરૂં પાપનું એ ધરે છે !
માફી પામ્યું કુદરત કને એમ માની ગળે છે ! ”

કલાપી.

મંદાકિનીએ સ્હવારે ઉઠીને તપાસ કરી તો તેને સમસ્ત મકાન શૂન્ય જણાયું. હરિચરણે તેની માતાને પૂછ્યું:-“મા ! તમારા ન્હાના જમાઈ ક્યાં છે? સીમમાં જવાના નથી કે શું?”

માતા:-હું શું જાણું ભાઇ ! તેમનાં વચનોથી રામકૃષ્ણ કાલે ગુસ્સે ભરાયા હતા, તથા આજે સ્હવારે તેમણે ચાલ્યા જવાનું જણાવ્યું હતું-હમણાં તેઓ શું કહે છે?

હરિચરણ:-તેમને શું કહેવાનું હતું ! તેઓ કાંઇ નથી સમજતા કે, કૃષ્ણચંદ્રમાં એક પૈસાભાર પણ અક્કલ નથી?

માતા:-ત્યારે તો ઠીક; પરંતુ ભાઇ ! તું દક્ષિણ તરફની સીમમાં જઇને કૃષ્ણચંદ્રની તપાસ કરી આવ જોઉં.

હરિચરણ:-પ્રથમ તમે મંદાબહેનને તો પૂછી જુઓ.

માતાએ તરતજ પુત્રીને પોતાની પાસે બોલાવીને કહ્યું:-“શાહુકારના પુત્ર ક્યાં ગયા છે?”

કૃષ્ણચંદ્રની સાસુ કૃષ્ણચંદ્રને માટે ઘણીખરી વખતે “શાહુ-

કારના પુત્ર "તુંજ સંબોધન વાપરતી હતી. મંદાકિનીએ ઉત્તર આપ્યો:—" તેઓ કાલે રાત્રેજ કોઈ ઠેકાણે ચાલ્યા ગયા છે."

માતા:—ત્યારે તો ઘેરજ ગયા હશે—બીજે ક્યાં જવાના હતા ? પરંતુ આવી વર્તણુંક સારી ન કહેવાય.

પૂર્વે મંદાકિનીની માતા તેના પતિને જે કાંઇ કહેતી તેથી તેને કોઈ પણ પ્રકારનું દુઃખ લાગતું નહોતું; પરંતુ આજે તેના પતિને ઉદ્દેશીને તેની માતા જે વચનો ઉચ્ચારવા લાગી તે વચનો તેના હૃદયને ભેદી નાંખવા લાગ્યાં. તેણે કહ્યું:—" મા ! એ ગયા તો ભલે ગયા, હમ્મેશાં કાંઇ તમારે ઘેરજ પડી રહે કે શું ?!"

માતા પુત્રીનું આ વાકય સાંભળી શકી નહિ. કૃષ્ણચંદ્ર કાલે રાત્રે કોઈ ઠેકાણે ચાલ્યો ગયો છે એ સમાચાર તેણે હરિચરણ પાસે જઇને કહ્યા. હરિચરણે ઘણા ગુસ્સે ભરાઈને કહ્યું—"કેવા નિમકહરામ જમાઈ મળ્યા છે તે જોયા ? હમણાં કામકાજ થોડું વધારે કરવું પડતું હતું એટલે કાંઇ પણ કહ્યા કર્યા સિવાય સટકી ગયા."

આ સમયે મંદાકિની અને રાધાચરણ ત્યાં જઇ ચઢ્યાં.

રાધાચરણે ઘણું દુઃખ પામીને કહ્યું:—" કાલે તમે તેમને જે વચનો કહ્યાં હતાં તે વચનો તેઓ કેવી રીતે સહી શકે ? તમે તેમને તુચ્છ સમજો છો; પરંતુ ખરી રીતે તો તેઓ તુચ્છ નથી. તેઓ બુદ્ધિશાળી છે; પરંતુ ભાગ્યના દોષથી તેમની આવી સ્થિતિ છે. સાના દિવસો કાંઇ હમ્મેશાં સરખી સ્થિતિમાં પસાર થતા નથી."

મંદાકિનીએ કરૂણાપૂર્ણ દ્રષ્ટિથી રાધાચરણ તરફ જોયું. પછી તેણે હૃદયનો દીર્ઘ નિશ્વાસ હૃદયમાંજ દબાવી રાખીને કહ્યું:—" મ્હેં અનેક અપરાધ કર્યા છે—છતાં તેમણે કદાપિ મ્હારો તિરસ્કાર કર્યો નથી. સૌનો સમય કાંઇ સરખી સ્થિતિમાં પસાર થતો નથી. સુખ દુઃખનું ચક્ર હમ્મેશાં ફર્યાજ કરે છે."

મંદાકિનીએ રાધાચરણને પોતાના શયનગૃહમાં લઇ જઇને કહ્યું:—" ભાઇ ! મ્હારી એક વાત સાંભળશો ?"

રાધાચરણ:—શી કહો ?

મંદાકિની:—હું તમને પૈસા આપુંછું. તમે એક માણસને મ્હારે

સાસરે જઈ આવવાને માટે બોલાવી લાવો.

રાધાચરણઃ-કેમ, કૃષ્ણચંદ્રના સમાચાર લઇ આવવા?

મંદાકિનીઃ-હા, તેઓ રાત્રે ચાલ્યા ગયા છે, તેથી સુખરૂપ પહોંચ્યા છે કે નહિ તે આપણે જાણવું જોઇએ.

રાધાચરણઃ-હું માણસ મોકલવા સંબંધીની વ્યવસ્થા કરૂંછું. તમારે પૈસા આપવાની જરૂર નથી. મ્હારી પાસે પૈસા છે. હં, પણ બ્હેન! તમારા શયનગૃહમાંથી આવી ઉત્તમ સુગંધ ક્યાંથી આવે છે?

મંદાકિની કાંઇ ઉત્તર આપી શકી નહિ. તેનાં નેત્રામાં આંસુ ભરાઇ આવ્યાં. તેણે વસ્ત્રના પાલવથી ચક્ષુજળ સાફ કરીને કહ્યું:- "ભાઇ! આ કામ ઘરનું કોઈ માણસ ન જાણી શકે તેવી રીતે કરવાનું છે. તમે જે માણસને મ્હારે સાસરે મોકલો તેને અહિં તેડી લાવ્યા સિવાય બારોબાર મોકલજો, તથા તે ત્યાંથી સમાચાર લઈ આવે તે પણ મ્હને છૂપી રીતે કહી સંભળાવે એવી સૂચના કરી દેજો."

"વારૂ, તેમજ કરીશ." કહીને રાધાચરણ ચાલ્યો ગયો.

જે દિવસે આ પ્રમાણે વાતચિત થઈ તે દિવસે માણસ મળી આવ્યો નહિ. તેને બીજે દિવસે એક માણસને છાણી ગામ તરફ રવાના કરવામાં આવ્યો.

બે દિવસમાંજ એ માણસે આવીને એવી ખબર આપી કે, કૃષ્ણચંદ્ર ઘેર ગયા નથી.

રાધાચરણે આ હકીકત પોતાની બ્હેનને કહી સંભળાવી. આ હકીકત સાંભળી મંદાકિની ઘણી ચિંતાતુર બની ગઈ. તે પૂર્વે એમ નહોતી જાણતી કે, પતિના ચાલ્યા ગયા પછી તેના આત્માને આટલું બધું દુઃખ થશે. તેણે વિચાર્યું:-"અરેરે! જ્યારે કપાળમાં ઘા થતાં તેમાંથી લોહીની ધારા નીકળતી હતી ત્યારે મ્હેં હતભાગિનીએ એ લોહીની ધારાને વહેતી અટકાવવાનો કેમ કાંઇ યત્ન કર્યો નહિ? જ્યારે તેઓ ચાલ્યા જવાને તૈયાર થયા ત્યારે મ્હેં શા માટે તેમના ચરણોમાં નમી પડીને તેમને શાન્ત થવાની પ્રાર્થના કરી નહિ?"

ચોથો ખંડ સમાપ્ત.

મિલન-મંદિર.

ખંડ પાંચમો.

સતીત્વની પરીક્ષા.

ખંડ ૫ મો.

પ્રકરણ ૧ લું.

પતિનું સુખ એજ પત્નીનું સુખ છે.

" ફરન્તાં ચક્ર આ તુજ નસીબની લ્હાણ મળશે !
અરે રો ના, હૈયા ! તુજ સહુ અધીરાઈ અમથી." કલાપી.

સંધ્યા થઇ ગયા પછી સ્નેહલતા જયંતી પાસે બેસીને રૂદન કર્યાં કરતી હતી. આ રૂદન શાન્ત હતું.

જયંતીએ કહ્યું:—" આમ રડે છે કેમ ? હું થોડા દિવસમાંજ પાછી આવી પહોંચીશ. મ્હારે માટે રૂદન કેમ કરે છે ?"

સ્નેહલતાએ હાથથી આંખોમાંનું જળ સાફ કરતાં કરતાં કહ્યું:— " બહેન ! જગતમાં હવે મ્હારૂં કોઈ નથી. તમે પણ આજે મ્હને મૂકીને ચાલ્યાં જાઓ છો ! સાસુજી હવે ઘરડાં થયાં છે—લોકો કહે છે કે તેઓ ગાંડાં બની જઈને રસ્તે નહિ ભટકતાં ઘરમાંજ રહ્યાં છે એ આપણું મહા સૌભાગ્ય છે. ચંચળવહુનો સ્વભાવ તો બદલાતોજ નથી; મ્હેં માત્ર તમારો એકલાંનોજ છેડો પકડ્યો હતો. હવે તમે ચાલ્યાં જશો એટલે હું એકલી આ સંસારમાં કેવી રીતે રહી શકીશ ?"

જયંતી:—બ્હેન ! મ્હારા ગયા સિવાય ચાલી શકે તેમ નથી. તેમને આરામ થશે કે તરતજ હું પાછી આવીશ.

સ્નેહલતા:—ના જાઓ તો ચાલે નહિ કે ? તેઓ તમારાં શાં સગાં થાય છે ? માસીની સાસુને ? એટલું દૂરનું સગું બીમાર થાય તો કોણ તેની સેવા ચાકરી કરવા જાય ?

જયંતી:—જો કોઈ ન જાય તો તે ભૂલ ગણાય. બ્હેન સ્ત્રીનો એવો ધર્મ નથી; આ વાત તને કેટલી વખત કહી છે ! સંબંધનો વિચાર નહિ કરતાં ' રોગમાં સેવા ચાકરી, દુઃખમાં દયા તેમજ શોકમાં

સાંત્વના આપવી એ રમણીનો મુખ્ય ધર્મ છે. જે આશ્રય લેવા આવે તેના પર ઉપકાર કરવો જોઇએ.'

સ્નેહલતાઃ—ત્યારે જાઓ; પરંતુ જોજો હોં, પાછાં વહેલાં આવજો.

જયંતીઃ—તે માટે ફિકર કરીશ નહિ. જો મુંબઈથી તેમનો કાંઇ કાગળ પત્ર આવે તો મ્હને સમાચાર લખજે.

સ્નેહલતાઃ—એ આશા રાખવી વ્યર્થ છે. હરિશ્ચંદ્રભાઇને મુંબઇ ગયાને ત્રણ માસ થયા છે; એટલામાં તો તેમના પાંચ છ પત્રો આવ્યા છે; પરંતુ તેમનાથી તો એક પણ પત્ર લખી શકાયો નથી. વળી હરિશ્ચંદ્રભાઈના પત્રોમાંની હકીકત તો તમે જાણોછોને ?

જયંતીઃ—હા હું જાણું છું કે, એ રંડા હજી પણ ભૂતડીની માફક તેમની પાછળ વળગી રહેલી છે.

સ્નેહલતાઃ—તેમાં એ રંડાનો શો દોષ ? રજનીચંદ્ર જાતેજ ઉન્મત્ત બની જઇને શા માટે તેની તરફ ધાય છે ?

જયંતીએ હસીને કહ્યુંઃ—" તને વશીકરણ મંત્ર નથી આવડતો માટે. પતિને સ્નેહવશ કરવાનો મંત્ર પ્રત્યેક પત્નીને આવડવો જોઇએ."

સ્નેહલતાઃ—એ વાત તો ખરી છે; જો મ્હને વશીકરણ મંત્ર આવડતો હોત તો આજે હું શા માટે તમને મ્હારી પાસેથી જવા દેત ?

જયંતી સ્નેહલતાના મસ્તક પર ચુંબન કરી ઘર કામ કરવાને ચાલી ગઈ. સ્નેહલતા પણ તેની પાછળ પાછળ ગઈ.

બીજે દિવસે પ્રભાતકાળે એક બળદગાડીમાં બેસીને જયંતી પોતાની માશીની સાસુને ત્યાં ચાલી ગઇ.

જ્યાં પીડા હોય, જ્યાં શોક હોય, જ્યાં યાતના હોય, ત્યાં જઇને જયંતી પોતાનાથી બની શકે તેટલી સેવા ચાકરી કરતી હતી. સેવા કરવી એજ એના જીવનનું મુખ્ય કાર્ય થઈ પડયું હતું. આવી નિઃસ્વાર્થ સેવા કરીને તે અપૂર્વ આનંદ પામતી હતી.

જયંતી ચાલી ગઇ. ઘરસંસારમાં ચંચળવહુ, સ્નેહલતા, સરસ્વતી, રામપ્રસાદ તથા રામપ્રસાદની માતા રહ્યાં.

સરસ્વતી ઘરડી થઈ હતી તથા દુ:ખ-શોકથી તેનું હૃદય અસ્થિર રહેતું હોવાથી, તેમજ શરીર બીમાર રહેતું હોવાથી તે કદાપિ રસોડામાં પ્રવેશ કરતી નહોતી. ચંચળવહુ પુત્ર-વિયોગના શોકથી શોકાતુર રહેતી હતી તેથી તે પણ કદાપિ રસોડામાં પ્રવેશ કરતી નહોતી. રામપ્રસાદની માતા પણ રસોઇ કરવા તરફ તેમજ ગૃહસંસારના કોઇ કામકાજ તરફ લક્ષ્ય આપતી નહોતી. સંસારનું તેમજ રસોઈનું સઘળું કામકાજ સ્નેહલતાને રૂક્મિણી સાથે મળીને કરવું પડતું હતું; પરંતુ કામકાજ કરવામાં સ્નેહલતાને સહજ પણ દુ:ખ જણાતું નહોતું. પ્રભાતકાળથી તે મધ્યરાત્રિ સુધી કામ કરવું પડતું હોવા છતાં સ્નેહલતાને થાક જણાતો નહોતો. આ જયંતીનું શિક્ષણ હતું. જયંતીએ તેને શિક્ષણ આપ્યું હતું-નારીકર્ત્તવ્ય શિખવ્યું હતું. સેવાવ્રત એજ તેનું મહાવ્રત હતું ! સ્નેહલતા આ વ્રત પ્રમાણે સર્વાંશે વર્તતી હતી.

ઉચ્ચ તેમજ વિશાળ પર્વતના ગગનને ચુંબન કરી રહેલા શિખર ઉપર ઉભું રહેલું માણસ જે પ્રમાણે વાયુની પ્રબળ તાડના, સખ્ત તાપ તેમજ વૃષ્ટિના નિર્દય પ્રહાર વગેરેમાં પણ તન્મય થઇ રહે છે તેજ પ્રમાણે સ્નેહલતા સ્વામિના તિરસ્કાર, સ્વામિના વિયોગ, સંસારના તદ્દન અભાવ વગેરેમાં પણ પતિદેવતાના મંદિરનું માર્જન કરવામાં તન્મય રહેતી હતી. આ શિક્ષણ તેને તેની શિક્ષયિત્રી જયંતીએ આપ્યું હતું. તેણે સ્નેહલતાને એમ સમજાવી દીધું હતું કે, “ રમણીએ સ્વામિના સુખમાં સંકટરૂપ શા માટે થવું ? તેઓ જેથી સુખી થાય તેમજ કરવું જોઇએ. નારીને બીજું સુખ શું છે ? જગતનો આનંદ એજ નારીનો આનંદ છે. નારીને જોઇએ પવિત્રતા અને કામકાજ. જેના અંતરમાં અનંત પ્રેમનો પ્રવાહ પ્રત્યેક ક્ષણે વહે છે, જે અચ્છેદ્ય પ્રેમબંધનમાં પોતાના સ્વામિને પોતાના ક્ષુદ્ર હૃદયમાં રાખી શકે છે, તેને સ્વામિના વિયોગમાં પણ શું દુ:ખ છે ? તેનો પતિ જો બીજી સ્ત્રી ઉપર પ્રેમ કરીને સુખી થતો હોય તો પછી સ્વામિને સુખ ભોગવતો જોઇને નારીએ શા માટે દુ:ખ માનવું ? ”

જયંતીએ સ્નેહલતાને આવા પ્રકારનું શિક્ષણ આપ્યું હતું.

તેથી કરીનેજ સ્નેહલતા કે જે પૂર્વે પતિના વિયોગે રાત્રિ દિવસ દુઃખથી ઝુર્યા કરતી હતી—જેને માત્ર સ્પર્શ કરવાને માટે તેનું તૃષિત શરીર અધીરૂં થઇ જતું હતું, જેના પ્રફુલ્લ મુખનાં પ્રેમવચનો સાંભળવાને માટે તેના કાન પ્રત્યેક્ ક્ષણે આતુર રહેતા હતા, તેજ સ્વામિ દેવતા હમણાં અન્ય નારીના મોહમાં પડી પોતાને સુખી માને છે, બીચારી નિર્દોષ પત્નીને દર્શન સુદ્ધાં આપતા નથી આ સર્વ હકીકત જાણવા છતાં સ્નેહલતા જયંતીના શિક્ષણને પ્રભાવે હવે ધૈર્ય ધારણ કરી પોતાનું જીવન ટકાવી રહી છે. જે વિકસિત યૌવનનો ઉછળતો અનુરાગ પતિદેવતાને ગાઢ આલિંગન બંધનમાં બાંધી રાખવાની ઇચ્છા રાખતો હતો—જેનાં પ્રેમ વચનો સાંભળવામાં ન આવે તો અભિમાનથી આંખો-માંથી આંસુઓ સરી પડતાં હતાં જેના અનાદરની આશંકાથી હૃદય જોરથી ધબકી ઉઠતું હતું—તેજ તેના પતિદેવ હમણાં અન્ય રમણીના છે! જ્યારે આ સઘળી હકીકત સ્મરણમાં આવતી હતી ત્યારે તેની છાતી ફાટી જતી હતી. તે એમ વિચારતી હતી કેઃ—“ હું તેમની સેવા કરવાનું સુખ પામી શકતી નથી તોપણ તેમના ભાઇ, ભાભી તથા તેમના ઘરબારનું કાર્ય કરી શકું છું એ મ્હારે માટે મહા સૌભાગ્યની વાત છે—એજ મ્હારા નારીજન્મની સાર્થકતા છે! તેઓ ગુણવાન છે, અને હું અશિક્ષિત મૂર્ખ છું. હું તેમના ચિત્તને આનંદમાં —વિનોદમાં રાખી શકું તેમ નથી. તો પછી તેમના આનંદ-વિનોદનો મ્હારે શા માટે નાશ કરવો? તેઓ સુખમાંજ રહો—તેમના માથા પરના એક પણ વાળને આંચ ન આવો—એવી ઇચ્છાને હૃદયમાં રાખીનેજ હું અભાગિની મ્હારા જીવનના બાકીના દિવસો પસાર કરીશ.”

પરંતુ સ્નેહલતાના દુઃખનો આટલેથી અંત આવ્યો નહિ. રામ-પ્રસાદની પાપદૃષ્ટિ એ સતી શીયળવતી રમણીની પવિત્ર મૂર્ત્તિ પર પડી.

પ્રકરણ ૨ જું.

દેવ કે દાનવ ?

રામપ્રસાદે કેટલાક માસમાં આ ગામની અંદર સારી પ્રખ્યાતિ મેળવી લીધી હતી; છતાં કોઇ સારા માણસને ત્યાં તે ભૂલે ચુકયે પણ જતો નહિ. સ્હવારે આઠ વાગ્યે તો તે ઉઠતો હતો તેમજ કોઈ દિવસે તેથી પણ વધારે મોડો ઉઠતો હતો. એમ કહેવું ભૂલી જવાય છે કે, કોઈ પણ દિવસે તે બૂમ પાડયા સિવાય ઉઠતો નહિ ! ઉઠીને તરતજ દાતણ પાણી કર્યા સિવાય તે બીડી સળગાવીને ઘણા સમય સુધી શય્યામાં બેસી રહીને આંખ્યો ચોળ્યા કરતો હતો. બરાબર બે ચાર બીડીઓનો ધુમાડો કાઢયા પછી તે દાતણ પાણી કરવાને માટે ઉઠતો હતો.

ત્યાર પછી તે તળાવ પર જતો હતો અને સ્ત્રીઓના સ્નાન કરવાના સમયે તો તે તળાવ પર હાજર રહેવાનું કદાપિ ભૂલી જતો નહિ. જે ઘાટ પર એ બેસતો હતો તે ઘાટ પર થઇને અનેક સુંદરીઓ તળાવ પર સ્નાન કરવા, વાસણ સાફ કરવા અગર તો પાણી ભરવાને જતી આવતી હતી. રામપ્રસાદ એ સુંદરીઓની તરફ લાલસામય દૃષ્ટિથી જોઈ રહેતો હતો. ત્યાર પછી તે ઘેર આવીને રસોડામાં બેસી રહેતો હતો. તેની માતા તેમજ ફોઇ તે સમયે ત્યાં બેસી રહેતાં હતાં—એ સમયે સ્નેહલતા રસોડામાં બેઠી બેઠી રસોઈ બનાવ્યા કરતી હતી. રામપ્રસાદ વારંવાર પાપપૂર્ણ દૃષ્ટિથી સ્નેહલતા તરફ નજર કરતો હતો, તથા પોતાની વિદ્વતા, સાહસિકતા તેમજ રસિકતાનો પરિચય કરાવતો હતો. આ સઘળો પરિચય પ્રાપ્ત થતાં તેની માતાના આનંદની સીમા રહેતી નહિ. તે એમજ વિચારતી હતી કે, જન્મ જન્માંતર સુધી તપસ્યા કરીનેજ આ રત્ન ગર્ભમાં ધારણ કર્યું હતું ! પરંતુ રામપ્રસાદની ફોઇ આ સઘળા પ્રકારોથી આનંદ પામતી નહોતી.

તેને એમજ લાગતું હતું કે રામપ્રસાદ જે કાંઈ બોલે છે તે બધું તેની મૂર્ખાઇને લીધેજ બોલે છે !!

ત્યાર પછી રામપ્રસાદ સ્નાન કરવા જતો હતો, તથા સ્નાન કરી સફેદ માંચેસ્ટરનું ધોતીઉં પહેરી કાંસકીથી વાળ ઓળીને છેલબટાઉ જેવો વાંકો સેંથો પાડતો હતો, અને કપાળમાં કુંકુંમની એક ન્હાની ટિપકી કરી જમવા બેસતો હતો. ભોજન કરી રહ્યા પછી પાછો તે સૂઈ જતો હતો તે સંધ્યા સમયે ઉઠતો હતો.

સંધ્યા સમયે ઉઠી, વસ્ત્રો પહેરી, વાળ સમારી તે ગામમાં ફરવા નીકળી પડતો હતો.

હવે રામપ્રસાદની રાત્રિની લીલાનું વર્ણન કરીશું. તે કદાપિ કોઇ સદ્‌ગૃહસ્થને ત્યાં જતો નહિ, એક લાલસાહેબ તરીકે સમસ્ત ગામમાં પ્રખ્યાત થયેલા યુવકની પરસાળમાં હમ્મેશાં સાંધ્ય-સમિતિ એકત્ર થતી હતી. રામપ્રસાદ એ સમિતિ-મંડળીનો પ્રમુખ હતો. હમ્મેશાં એ ત્યાં જતો હતો.

આ મંડળમાં રાજનીતિ, સમાજનીતિ, ધર્મનીતિ, વિજ્ઞાન-દર્શન વગેરે વિષયો પર ચર્ચા ચાલતી હતી. સંગીતશાસ્ત્રની ચર્ચા પણ બાકી રહી જતી નહોતી. રામપ્રસાદ આ સઘળી ચર્ચા કરવામાં નિપુણ ગણાતો હોવાથી બીજા મેમ્બરો તેના શબ્દો સાંભળવાને અતિ આતુરતા ધરાવતા હતા; તથા રામપ્રસાદની વક્તૃતા સાંભળી તેઓ અપૂર્વ જ્ઞાન મેળવતા હતા !

રામપ્રસાદ કહેતો હતો કેઃ-"મુંબઇની સુંદરીઓ ગુલાબજળથી પોતાના અંગ પ્રત્યંગને સાફ કરીને ધુએ છે. ઈંગ્રેજો પોતાનાં બાળબચ્ચાંને દારૂથી ન્હવડાવે છે તેથીજ તેમનાં બાળબચ્ચાં ઘણાં સફેદ થઇ જાય છે! રવિંદ્રનાથ ટાગોર બિલકુલ ભણ્યા નહોતા-આ દુઃખથી તેઓ એક દિવસે મધ્ય રાત્રે ગંગા નદીમાં ડૂબી મરવાને ગયા હતા; એ સમયે સાક્ષાત સરસ્વતીએ આવી તેમને વરદાન દીધું, અને તેથી કરીનેજ તેઓ ધીમે ધીમે સર્વોત્તમ કવિ તરીકે પૂજાવા લાગ્યા !"

રામપ્રસાદ આવાં આવાં અનેક ઠંડા પહોરનાં ગપ્પાં હાંકતો હતો. તે જ્યારે વાતચિત કરતો હતો ત્યારે શ્રોતાઓ તેની તરફ એકી ટસે જોઇ રહેતા હતા; અને કેટલીક વખત 'વાહવાહ' 'વાહવાહ' કહીને તેનાં વખાણ કરતા હતા.

આ સિવાય રામપ્રસાદ છાણી ગામમાં વિશેષ પ્રખ્યાતિ પામ્યો હતો તેનું કારણ એ હતું કે, તે ગામમાં ધાર્મિક પુરૂષ તરીકે તે પ્રખ્યાત હતો. તે પોતાના ગળામાં રૂદ્રાક્ષની માળા પહેરતો હતો. માથાની વચ્ચે મ્હોટી ચોટલી રાખતો હતો તથા હમ્મેશાં પોતાના કપાળમાં કુંકુમની ટિપકી કરતો હતો. આ સિવાય તેણે ભક્તિરસનાં કેટલાંક ગાયનો મુખે યાદ કર્યાં હતાં. દયારામ કવિનું પ્રત્યેક કાવ્ય તેને કંઠસ્થ હતું. વળી તે પુષ્કળ ગાંજો પીતો હતો. ધર્મશાસ્ત્રની ચર્ચા કરવામાં તે અદ્વિતીય હતો. તે સિવાય મારણ, ઉચ્ચાટન, વશીકરણ, કવચ, વનસ્પતિનું ઔષધ વગેરે વિષયો સંબંધી ઘણી માહિતી તે ધરાવતો હતો.

તે જે દિવસે ધર્મશાસ્ત્રની વ્યાખ્યા કરતો હતો તે દિવસે શ્રોતૃમંડળ ભક્તિપૂર્ણ હૃદયે તેનાં વચનો સાંભળતું હતું. તે કોઈ દિવસે યોગશાસ્ત્ર સંબંધી બોલતો તો કોઇ દિવસે મહાભારતની કથા કહી સંભળાવતો અને ઘણે ખરે દિવસે વ્રજલીલાનું વર્ણન કરતો હતો. આથી કરીને રામપ્રસાદ ઘરડા ખેડૂતોના પ્રેમને પ્રાપ્ત કરી શક્યો હતો. કોઇ કોઇ સમયે કોઇ પ્રતિયોગી મળતાં રામપ્રસાદ વાદવિવાદ પણ કરતો હતો.

એક દિવસે ધનેશ્વર શર્માનો ભાણેજ મહેશ્વર તેમને ત્યાં આવ્યો હતો. તે બ્હાર ઓટલા પર બેસીને ધર્મશાસ્ત્ર સંબધી વાતચિત કરતો હતો. મહેશ્વર ચૈતન્ય ભાગવત, વૃન્દાવનવિહાર, વગેરે બે ચાર ગ્રંથનો અભ્યાસ કરતો હોવાથી તે એ વિષય સંબંધીજ વાતચિત કરતો હતો, એવામાં રામપ્રસાદ ત્યાં જઇ ચઢ્યો. તેના બે ચાર મિત્રો પણ તેની પાછળ પાછળ ધનેશ્વરને ત્યાં જઇ ચઢ્યા અને વાતચિત ચાલવા લાગી. રામપ્રસાદે ગાંજાના દમ કાંઇક વધારે મારેલા હોવાથી

તેની આંખો લાલચોળ થઇ ગઈ હતી. તેણે મૃદુહાસ્ય કરી ગર્વિત સ્વરે કહેવા માંડયું કેઃ–"એક દિવસે શ્રીમતી રાધા મથુરામાંથી બ્હાર નીકળી યમુના કિનારે આવતાં હતાં. તે સમયે કૃષ્ણ ભગવાન્ યમુનાના કિનારા પર ફરતા હતા. તેમનું તથા શ્રીમતી રાધાનું દૃષ્ટિ-મિલન થયું ! એ સમયે કૃષ્ણપરમાત્મા રાધાજીનું દર્શન કરી ઘણો મોહ પામ્યા, અને બોલી ઉઠયા કેઃ–

"રાધા આવો કેવો ત્હારો વેશ,
નહિ હું તો જોઇ શકું રે........
વેણી ચુંથાઈ, આ કંપતી કાયા;
સ્વેદાંબુઓ મુખ ઉપસી આવ્યાં;
મન બળી ખાખ થાયે રે........"

રામપ્રસાદે ઉચ્ચ સ્વરે આ લીટીઓ ગાઇ, અને તે સાંભળી તેનું મિત્રમંડળ 'વાહવાહ' 'શાહબાશ' 'ખૂબ કરી' 'ઓહો' વગેરે શબ્દો બોલવા લાગ્યું, પરંતુ મહેશ્વરને આથી કરીને આનંદ થયો નહિ. તેણે કહ્યુંઃ–"પ્રભુ અદ્વિતીય છે. આપણે મૂઢ છીએ– પરમકૃપાળુ પરમાત્માને પ્રણામ કરીએ છીએ તેનો અર્થ સુદ્ધાં આપણે જાણતા નથી. કૃપા કરીને મ્હને એ સમજાવશો ?"

રામપ્રસાદે કહ્યુંઃ–"કહો કહો, તમે ક્યા મંત્રનો અર્થ સમજી શકતા નથી ?"

મહેશ્વરે કહ્યુંઃ–

"अज्ञान–तिमिरान्धस्य ज्ञानांजन–शलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः"

રામપ્રસાદ કાંઇ ગાંજ્યો જાય એવો ન્હોતો. એક ક્ષણ સુધી વિચાર કરીને તેણે કહ્યુંઃ–"હે ભાઇ ! આવા અતિ રહસ્યમય શાસ્ત્ર-મંત્રનો અર્થ તમારા જેવા સાધારણ બુદ્ધિવાળા મનુષ્યથી ઓછોજ કરી શકાય છે. પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી હું આ મંત્રનો અર્થ થોડો ઘણો સમજી શકું છું. **अज्ञान–तिमिरान्धस्य ज्ञानांजन-शलाकया**–એટલે કે અજ્ઞાનિની આગળ જે ત્રણ મણને દશ શેર

માલૂમ પડે છે તે જ્ઞાનીની પાસે સોળ શેર માલૂમ પડે છે! બાકીનો અર્થ તો સૌ કોઇ સહેલાઇથી સમજી શકે તેમ છે!!"

રામપ્રસાદનો અર્થ સાંભળી મહેશ્વર ઘણા આશ્ચર્યમાં પડી ગયો; પરંતુ બીજા બધાઓએ તો રામપ્રસાદનો જયજયકાર કર્યો. કહેવાનું તાત્પર્ય એ છે કે રામપ્રસાદની સાંખ્યલીલા આવી રીતે પૂરી થતી હતી.

રામપ્રસાદના આવા વિવિધ ગુણોને અભાવે ટૂંક સમયમાંજ તે પોતાની સેવામાં ઘણા શિષ્યો મેળવી શક્યો. તેઓ પ્રથમ તો રામપ્રસાદની ગાંજાની ચલમના એક બે દમ મારીનેજ તૃપ્ત થતા હતા; પરંતુ ધીમે ધીમે તેઓની તૃપ્તિ ઉડી ગઇ, અને તેઓ જૂદી જૂદી જાતના વ્યસનમાં ફસાયા. તેમના પૈસાનું પાણી થવા લાગ્યું.

શિષ્યો તરફથી ગાંજો, મદ્ય, વગેરે વ્યસની વસ્તુઓ જેમ જેમ મળવા લાગી તેમ તેમ રામપ્રસાદ વિશેષ વ્યસની બનવા લાગ્યો, તથા મધ્ય રાત્રિ સુધી મિત્રમંડળમાં રંગરાગ ઉડાવી, ગુલતાન થઇને ઘેર આવવા લાગ્યો. પાઠક! આતે દેવ કે દાનવ?

પ્રકરણ ૩ જું.

મહાન્ યોગી કે વિષય ભોગી?

રામપ્રસાદ કોઈ પણ દિવસે મધ્યરાત્રિ પૂર્વે ઘેર આવતો નહોતો. આમ છતાં પણ તે ચંચળવહુનો સ્નેહપાત્ર હોવાથી તેને માટે મધ્યરાત્રિ સુધી ભોજન ગરમ રાખવું પડતું હતું. આ માટે સ્નેહલતાને ઘણું દુઃખ ભોગવવું પડતું હતું. ઘરમાં બીજું કોઇ પુરૂષ માણસ નહોતું-જયંતીના ચાલ્યા ગયા પછી સ્નેહલતાનેજ રસોઈ વગેરેનું કામકાજ કરવું પડતું હતું. તેની સાસુનું શરીર ભાગી પડયું હતું; હમ્મેશાં સંધ્યા સમય પૂર્વે સરસ્વતીને થોડો ઘણો તાવ ભરાતો હતો. રાત્રે તે રસોડામાં નજર કરવા સુદ્ધાં જઇ શકતી નહોતી. ચંચળવહુ સંધ્યા સમયે સૂઇ જતી હતી; ત્યારે બીચારી સ્નેહલતા રસોઇને સઘડી પર રાખીને રામપ્રસાદની રાહ જોઈ બેસી રહેતી હતી.

જે દિવસે રૂક્ષ્મિણીને સ્નેહલતા ઉપર દયા થઈ આવતી હતી તે દિવસે તે રસોડાના બારણા પાસે સૂઇ રહેતી હતી, તથા જે દિવસે તેને દયા નહોતી થઇ આવતી તે દિવસે તે પોતાને ત્યાં જઇને સૂઇ રહેતી હતી. સ્નેહલતા બિચારી એકલીજ મધ્યરાત્રિ સુધી રસોઇને ગરમ રાખીને બેસી રહેતી હતી.

પહેલાં તો આ પ્રકારમાં કાંઇ વિશેષ ખટપટ ઉત્પન્ન થઈ નહિ પણ પછીથી જ્યારે રામપ્રસાદની રસિકતાના બરફના ટુકડાઓ વરસવાની શરૂઆત થઈ ત્યારે સ્નેહલતાએ પોતાના શિર પર મ્હોટું સંકટ આવેલું વિચાર્યું. જે દિવસે રામપ્રસાદ વિશેષ નિશાથી ચકચૂર બનીને ઘેર આવતો હતો તે દિવસે તેની રસિકતા પણ વધી પડતી હતી, તથા તે શું બોલે છે, તેનું તેને પોતાને ભાન સુદ્ધાં રહેતું નહિ. તેનું લાલચોળ મ્હોં તેમજ શરીરના હાવભાવ નજરે પડતાંજ સ્નેહલતા તેને રસોઇ પીરસી શકતી નહોતી—તે રામપ્રસાદની માતાનેજ બોલાવી લાવતી હતી. આથી કરીને રામપ્રસાદની માતા સ્નેહલતા પર ઘણી ગુસ્સે ભરાતી હતી. તે સ્નેહલતાને એમ કહેતી હતી કેઃ—" એ મ્હારો હજુ ન્હાનકડો છોકરો છે. તેની શરમ શા માટે રાખે છે? વળી તને બ્હીક પણ શી છે? જેની આંખમાં કમળો હોય તેને બધું પીળુંજ દેખાય!"

આવાં વાગ્બાણો સ્નેહલતાની ઉપર વરસાવીને તે ભોજનની થાળી રામપ્રસાદ આગળ મૂકતી હતી. રામપ્રસાદ લાલચોળ મુખ કરી, ગુસ્સે ભરાઇ એમ કહેતો કેઃ—" મા! જો તો ખરી! હું શું વાઘ છું કે ઘોડીનું લોહી ચૂશી ખાઇશ?!"

સ્નેહલતા રામપ્રસાદની સાથે વાતચિત કરતી નહોતી. રામપ્રસાદ નજરે પડતાંજ તે લાજ કાઢતી હતી. આથી કરીને પણ તે તેની ઘણી હાંસી મશ્કરી કરતો હતો. પછીથી સ્નેહલતા જ્યારે ઉઘાડે માથે ઘર કામ કરતી હોય ત્યારે રામપ્રસાદ છૂપી રીતે તેની પાછળ જઇને તેનું મુખ જોવાની આશાથી સ્થિર ઉભો રહેતો હતો. પછી સ્નેહલતા જ્યારે પાછી દૃષ્ટિ ફેરવતી હતી ત્યારે રામપ્રસાદ તેના

મુખનું દર્શન કરી લેતો હતો. એવે પ્રસંગે તે પોતાનાં પાપિષ્ઠ નેત્રોને હલાવી, સ્મિતહાસ્ય કરી ચાલ્યો જતો હતો ! સ્નેહલતાનો જીવ ભયથી ગભરાઇ જઈ લાકડાના જેવો સ્થિર થઇ જતો હતો. તે જલદીથી મ્હોટો ઘુમટો ખેંચીને જ્યાં કામ કરતી હોય ત્યાંથી ઉઠી બીજે સ્થળે ચાલી જતી હતી. જ્યારે તે આ હકીકત પોતાની સાસુ સરસ્વતીને કહેતી ત્યારે સરસ્વતી ચંચળવહુને કહેવાનું જણાવી નિશ્ચિંત થતી હતી. જ્યારે સ્નેહલતા ચંચળવહુને આ વાત કહેતી ત્યારે તે ઉત્તરમાં જણાવતી હતી કે:–" સ્નેહલતા ! ત્હારૂં મન ઘણું પાપી છે ! રામુ તો પેટના દિકરા જેવો છે–એ હસે છે તેમાં શું થઈ ગયું ? એમાં એનો કાંઈ દોષ નથી. તું ત્હારે ચાલી જા. ફરીથી આવી વાત કહી મ્હને કંટાળો આપીશ નહિ."

સ્નેહલતા અંતે નિરૂપાયે શાન્ત રહેતી હતી. તેની આંખોમાંથી આંસુની ધારાઓ વહેતી હતી. મનમાંને મનમાં તે વિયોગી પતિને યાદ કરીને કહેતી હતી કે:–" હે પ્રાણેશ્વર ! હૃદયદેવતા ! હવે મ્હને આવા મહા દુઃખમાં કેટલા દિવસ સુધી રાખશો ? અરેરે ! પહેલાં હું કેટલીયે આશાઓ કરતી હતી–કે તમે ભણી રહેશો–એ પૈસા કમાતા થશો એટલે હમ્મેશાં મ્હને તમારી સેવા કરવાને માટે તમારી સાથે રાખશો. તો પછી હે દેવ ! મ્હને આવી રીતે હડસેલી કેમ મૂકી ? હું વધારે ભણી ગણી નથી–હું ગાતાં વગાડતાં જાણુતી નથી એ ખરૂં છે; પરંતુ મ્હારાથી તમારી ચરણ–સેવામાં કદાપિ ખામી આવત નહિ. મ્હારી સેવા ચાકરીથી શું તમારા હૃદયને આનંદ થાત નહિ ? વળી જ્યારે તમારી આવીજ ઈચ્છા હતી તો પછી તમે મ્હને લખતાં વાંચતાં, ગાતાં વગાડતાં શા માટે શિખવ્યું નહિ ? તમને સંતોષ આપવાને માટે હું શું ન કરત ? તમે જ્યારે મ્હારો અસ્વીકાર કર્યો છે, તો પછી આ ક્ષુદ્ર જીવન શા માટે આ મૃત્યુલોકમાં જીવ ધારણ કરી રહ્યું છે ? હે ધર્મરાજ ! હવે મ્હને માત્ર તમારોજ ભરોંસો છે– તમેજ માત્ર મ્હારૂં આશ્રયસ્થાન છો ! પતિએ મ્હારો ત્યાગ કર્યો છે; પરંતુ તમે મ્હને ભૂલી જશો નહિ. તમે જેમ બને તેમ જલદીથી

મ્હને તમારી પાસે બોલાવી લ્યો.”

પરંતુ સ્નેહલતાનાં આ મર્મભેદક વચનો તેના પતિદેવ સુધી કે ધર્મરાજ સુધી પહોંચતાં નહોતાં.

એક દિવસે સ્નેહલતાને એકાંતમાં જોઇને રામપ્રસાદે કહ્યું:– “હું પાપી નથી. હું એક મહાયોગી અને ભક્ત છું! તું મ્હને મદદ કર–મ્હારી સાથે રાસલીલા કર–એટલે પછી આપણે બન્ને આ મૃત્યુલોકમાંજ વ્રજવાસી વ્રજવિહારીની વ્રજલીલાનું દર્શન કરી શકીશું; તથા પુષ્પના રથમાં ચઢીને મોક્ષ પામીશું.”

સ્નેહલતાએ આ વાક્યો સાંભળ્યાં નહિ–સાંભળી શકી પણ નહિ. તે રડતી રડતી રસોડામાંથી બ્હાર નાશી ગઇ. એ દિવસની વાત પણ તેણે પોતાની સાસુ તેમજ ચંચળને કહી; પરંતુ તેનું કાંઇ ફળ ફળ્યું નહિ. પરિણામે રામપ્રસાદનું સાહસ પણ વધી ગયું.

પ્રકરણ ૪ થું.

પાપીના પાપની પરિસીમા.

“ધીક તે નરને ખર તુલ્ય ગણો, પકડે રસ્તો વ્યભિચાર તણો;
દુ:ખ ભોગવશે સુખ શું મળશે? રખડી અન્ન પાણી વિના મરશે.
વળી લાજ જશે દુ:ખ દેહ થશે, નિજ નૂર ગુમાવી બધે ફરશે;
પણ કોઈ નહિં વિશ્વાસ કરે, છટકેલ તણી કયમ હાજ ધરે?”

મણિકાન્ત.

ગયા પરિચ્છેદમાં દર્શાવેલો પ્રકાર બની ગયા પછી એક દિવસે રામપ્રસાદે ઘણું તોફાન કર્યું. સ્નેહલતા રાત્રે જેવી તેની થાળી પીરસીને રસોડામાંથી બ્હાર નીકળતી હતી તેજ સમયે રામપ્રસાદે તેનું ગવન પકડી તેને ઉભી રાખી, તથા તેણે જે શબ્દો કહ્યા એ શબ્દો સાંભળી સ્નેહલતા મનમાંને મનમાં મરી ગઇ. ઘરમાં જઇને તે છૂટે મ્હોડે રડી પડી.

બરાબર આજ સમયે રામપ્રસાદની માતા ત્યાં આવી ચઢી.

અગાઉથીજ સ્નેહલતાએ તેને બોલાવી હતી; પરંતુ તેને આવવામાં થોડો વિલંબ થયો હતો. સ્નેહલતાને રડતી જોઇને તેણે પૂછ્યુંઃ–"કેમ રે, રડે છે કેમ? વળી આજે પાછું તને શું થયું છે?"

સ્નેહલતા કાંઈ કહેવા જતી હતી તે પહેલાં તો રામપ્રસાદે આવીને કહ્યુંઃ–"હવે આપણાથી આ ઘરમાં રહી શકાશે નહિ. થાળી પિરસવાની રીત તો જો, મા! થાળી પીરસીને મૂકવી પડે છે, એમાં પણ આટલો બધો રોષ કરવાનું શું કારણ?"

રામપ્રસાદની માતા સળગી ઉઠી. તેણે કહ્યુંઃ–"કેમ રે સ્નેહ-લતા! અમે શું બે મૂઠી અનાજને માટે તમારે ઘેર આવ્યાં છીએ કે? રામુની ફોઇનો એકનો એક પુત્ર મૃત્યુ પામવાથી અમે તેમને શાન્તિ આપવાને આવ્યાં છીએ. અમે શું કાંઇ ત્હારૂં ખાઇએ કે પહેરીએ છીએ? વળી તું આટલું બધું સતીત્વ બતાવે છે; પરંતુ ત્હારા ઢોંગ કાંઈ મ્હારાથી અજાણ્યા નથી!"

સ્નેહલતા કાંઈ બોલી શકી નહિ. તેનું હૃદય ફાટી જવા લાગ્યું. પગનાં તળિયાં પાસેની જમીન જાણે કે સરી જવા લાગી. તે ચક્ષુજળને સાફ કરતી કરતી ચંચળવહુના ઓરડામાં ચાલી ગઇ. તે જાણતી હતી કે સાસુને આ વાત કહેવાથી કાંઇ બંદોબસ્ત થવાનો નથી.

આ સમયે ચંચળવહુ ગાઢ નિદ્રામાં હતી. અતિ નમ્ર સ્વરે સ્નેહલતાએ કહ્યુંઃ–"ચંચળબહેન! ઉઠો જોઇએ. મ્હારી એક વાત સાંભળોને."

ચંચળવહુની ઉંઘ ઉડી નહિ. સ્નેહલતાએ તેનું અંગ હલાવીને કહ્યુંઃ–"બહેન! ઉઠીને મ્હારી એક વાત સાંભળો."

ચંચળવહુએ પાસું ફેરવ્યું, તથા અર્દ્ધ નેત્રો ઉઘાડીને તેણે કહ્યુંઃ–"કેમ, શું છે?"

સ્નેહલતાએ રડતાં રડતાં સઘળી હકીકત કહી સંભળાવી. રામ-પ્રસાદે તેને એમ કહ્યું હતું કેઃ–"જો સહેલાઈથી નહિ માને તો બળાત્કાર કરીશ. મ્હારા મ્હોડાનો કાળિમો કાઢી લેવાની શક્તિ કોઇ-નામાં નથી. બસો ખેડૂતો મ્હારી આજ્ઞાને આધીન રહે છે–હું તને

કોઈ જુદાજ દેશમાં લઇ જઇ શકીશ. કોઈ કાંઈ જાણી શકશે નહિ. એમ થાય તેના કરતાં તું ઘરમાંને ઘરમાંજ માની જા, એટલે બન્નેના દિવસો ઘણાજ આનંદમાં પસાર થશે.”

સ્નેહલતાએ સઘળી હકીકત ચંચળવહુને કહી સંભળાવ્યા પછી તેના પગ પકડીને રડતાં રડતાં કહ્યું:-“બહેન! મ્હારૂં રક્ષણ કરો. હું તમારીજ વહુ છું-મ્હારે તમારોજ આશ્રય છે-હું તમારી ન્હાની બહેન છું-તમે મ્હારૂં રક્ષણ નહિ કરો તો બીજું કોણ કરશે?”

કીચકનો ભય પામીને સૈરન્ધ્રીએ પણ આવી રીતેજ વિરાટ મહિષિના પગ પકડીને આશ્રય માગ્યો હતો. ચંચળવહુ ગમે એવી પણ સતી રમણી હતી; તેથી સતી સ્નેહલતાનું અપમાન સાંભળીને તેના મનને લાગણી થઈ આવી. એવામાં રામપ્રસાદની માતા ક્રોધાવેશથી કંપતી કંપતી ત્યાં આવી પહોંચી, તથા ગરીબ બીચારી સ્નેહલતાને સંબોધીને તેણે કહ્યું:-“અલિ! કેમ તું મ્હારા નિર્દોષ પુત્રની પાછળ લાગી છે? એ એની ફોઇબાને ઘેર આવ્યો છે-છતાં તું શા માટે તેને દુ:ખ દે છે? શા માટે તેનું અપમાન કરે છે? ચંચળબા મ્હને વિદાય કરો. અમે અમારે ઘેરં ચાલ્યાં જઇએ.” આમ કહી વક્તૃતાનો પ્રવાહ વહેતો કરીને, પછીથી ઉપસંહારમાં રામપ્રસાદ જે કાંઈ બોલ્યો હતો, તે હકીકત ફેરવી નાંખીને સાલંકારથી તેણે ચંચળને કહી સંભળાવી. આ હકીકત સાંભળીને ચંચળવહુએ સ્નેહલતાનો દોષજ વિચાર્યો, તથા તેને ધમકાવીને પોતાની પાસેથી વિદાય કરી દીધી.

સ્નેહલતા બીચારી હવે કોની પાસે જાય? તે સાસુની પાસે ગઈ. તે દિવસે સરસ્વતીને સખ્ત તાવ આવ્યો હતો. સ્નેહલતાએ એ ત્રણ વખત સરસ્વતીના અંગ પર હાથ મૂકી જોયો તો ગરમીની લાહ્યથી સાસુનું સમસ્ત અંગ બળી જતું હોય એવો તેને ભાસ થયો. ત્યાંથી પાછી ફરીને તે પોતાની ઓરડીમાં જતી હતી તે સમયે નરાધમ રામપ્રસાદ તેની ઓરડી પાસે ઉભો રહ્યો હતો. તેણે ભયંકર હાસ્ય કરીને કહ્યું:-“રાધાજી! તમે ભલેને જ્યાં ફાવે ત્યાં જાઓ;

પરંતુ યાદ રાખજો કે આ સાક્ષાત કૃષ્ણકનૈયાજીના પંઝામાંથી તમારી મૂક્તિ થવાની નથી. તમારે મ્હારી સાથે રાસલીલા રમવીજ પડશે."

શિકાર કરવાને માટે લક્ષ્ય તાકી રહેલા નિર્દય શિકારીના લક્ષ્યને ચૂકાવી, બ્હીકણ, ચંચળ હરિણી જે પ્રમાણે ઝડપથી નાશી છૂટે છે તેજ પ્રમાણે સ્નેહલતા રામપ્રસાદનું લક્ષ્ય ચૂકાવી ઝડપથી નાશી ગઈ. તેણે પોતાની ઓરડીમાં પ્રવેશ કરી જલદીથી દ્વાર બંધ કરી, સાંકળ વાસી દીધી. પછીથી તે શય્યામાં સૂઇ રહીને મ્હોટેથી રૂદન કરવા લાગી. રૂદન કરતાં કરતાં તે સ્વગત કહેવા લાગીઃ-"હે પ્રભુ ! હૃદયદેવતા ! તમે રમણીના રક્ષક છો-છતાં ક્યાં છો ? તમારાજ ઘરમાં તમારી હતભાગિની દાસી એક પાપીથી પીડાય છે-તિરસ્કાર પામે છે ! એ પાપિષ્ટ પુરૂષ સ્ત્રી જન્મના સારને-આધારને-ધર્મને -પવિત્રતાને હરી લેવાનો ભય દર્શાવે છે. શું તમે આ દાસીનું રક્ષણ કરવા આવશો નહિ ? હું કોઇ પણ દેવને ઓળખતી નથી. તમેજ મ્હારા દેવ છો, પ્રભુ છો. તમારા સિવાય બીજા કોઇ દેવને બોલાવતાં મ્હને શરમ આવે છે. હે મ્હારા પ્રભુ ! ભક્તને દુઃખમાં જોઇ તમે સ્થિર રહી શકતા નથી-શાન્તિ ધારણ કરી સુખ ભોગવી શકતા નથી તો પછી કેમ આવતા નથી ? હું તમારી પૂજાની પદ્ધતિ જાણતી નથી-તમને બોલાવવાની ભાષા જાણતી નથી, તેથીજ શું નથી આવતા કે ? !"

સ્નેહલતા ત્યાર પછી ઘણા સમય સુધી વ્યાકુળ ચિત્તે શય્યામાં સૂઇ રહી. સૂતીસૂતી વિચારવા લાગી કેઃ-"એ પાપિષ્ઠે જે કહ્યું છે, જે ભય દર્શાવ્યો છે, તેને એ કાર્યમાં ફેરવવાનો યત્ન કરશે તો મ્હારૂં રક્ષણ કરે એવું કોઈ નથી. જો કદાચ એકાએક કોઇ દિવસે રાત્રે થોડા ઘણા ખેડૂતો સાથે આવી, તે મ્હારૂં મુખ બંધાવી મ્હને ઉંચકાવીને અહિંથી ઉપાડી જાય તો મ્હારૂં રક્ષણ કોણ કરે તેમ છે ? એમ થાય તો મ્હારી કેવી દશા થાય ?"

આવા વિચારોથી સ્નેહલતાનું સર્વાંગ કંપી ઉઠયું. અંગ પ્રત્યંગ-માંથી સ્વેદાંબુઓ ઉપસી આવ્યાં. તેનાથી સૂઇ રહી શકાયું નહિ. તે

ઉઠીને બેઠી થઇ. બેસી રહેતાં પણ શાન્તિ મેળવી શકી નહિ. ફરીથી સૂઇ ગઇ અને પાછી ફરીથી ઉઠી. ત્યાર પછી તેણે નાશી છૂટવાનો નિશ્ચય કર્યો.

સંસારજ્ઞાનથી વિમુખ રહેલી રમણી સમજી શકી નહિ કે, આ અસાર સંસારમાં સુખમાં રહી શકાતું નથી. સ્નેહલતાએ એમ વિચાર્યું કે, "જો આ રાક્ષસના અધિકારવાળા ઘરનો પરિત્યાગ કરી ખુલ્લા જગત્‌માં જઇ શકીશ તો મ્હારા શીયળ સ્વરૂપ અમૂલ્ય નિધિનું સંરક્ષણ થશે." કોઈ તેને સમજાવનાર નહોતું, કોઇ તેને ભરોંસો આપનાર નહોતું. પ્રાણની જ્વાળાથી-રાક્ષસના ભયથી તેણે પલાયન કરી જવાનો સંકલ્પજ નક્કી કર્યો.

સાસુને સખ્ત તાવ આવ્યો છે અને એવે પ્રસંગે જો પોતે પલાયન કરી જશે તો કોણ સાસુની સેવા ચાકરી કરશે એવો સ્નેહલતાને એક વખત વિચાર થઇ આવ્યો. તેનાં નેત્રોમાંથી અશ્રુધારાઓ સરી પડવા લાગી. વળી તેણે ફરીથી વિચાર કર્યો કે, પલાયન કરી ગયા સિવાય રક્ષણનો બીજો એક પણ ઉપાય નથી; પરંતુ અરેરે ! તેણે એમ વિચાર્યું નહિ કે તે કયાં પલાયન કરી જશે ? તે કયાં આશ્રય મેળવી શકશે ? લાલચોળ આંખોમાંનાં આંસુઓને પહેરેલા વસ્ત્રના પાલવથી સાફ કરી નાંખીને, તેણે એક વખત પોતાના પ્રિય ઘર તરફ નજર કરી પોતાની પ્રિય વસ્તુઓને નિહાળી. ત્યાર પછી એક ગાઢ નિશ્વાસ મૂકીને કહ્યું:-"તમે સૌ અહિં કાયમ રહો. હું અભાગિની તમારી પાસેથી હમ્મેશાંને માટે વિદાય લઉં છું. જો કદાચ મ્હારા પતિ દેવ અહિં આવે તો તેમને એમ કહેજો કે તમારી અભાગિની પતિપ્રાણા સ્નેહલતા અમને સાને તમારા ઉપયોગ માટે મૂકી સદાને માટે વિદાય લઇ ચાલી ગઇ છે."

આટલું બોલતાંમાં તો સ્નેહલતાનાં નેત્રોમાં આંસુ ભરાઇ આવ્યાં; તે રડતી રડતી, એ અંધકારમયી રાત્રિએ ઘરનો ત્યાગ કરી બ્હાર રસ્તા પર નીકળી પડી.

રસ્તા પર જઈ પહોંચતાંજ તેની છાતી કંપી ઉઠી. તેણે ચારે

દિશાએ દૃષ્ટિ ફેરવી તો સર્વત્ર તેને ભયંકર અંધકાર માલૂમ પડયો' વૃક્ષોનાં પાંદડાના અવાજથી-ખડખડાટથી તેનું સર્વાંગ કંપવા લાગ્યું. અંતે કોણ જાણે કયા બળથી તેની ઇંદ્રિય-વૃત્તિ સ્તબ્ધ થઈ ગઇ-તેણે જ્ઞાન ગુમાવ્યું-આત્મજ્ઞાન ભૂલી ગઇ. વિદિર્ણ વેદનાપૂર્ણ હૃદયે એકાંત રાત્રે તે અજાણ્યે માર્ગે આગળ ચાલી નીકળી.

પ્રકરણ ૫ મું.

સૌંદર્યજ સંકટ લાવે છે.

" આ દરબાર દરવાજે ડંકા પ્રેમના બાજે;
પરંતુ બેવફાઇનાં ઉપર નિશાન ફરકે છે ! " કલાપી.

સ્નેહલતાએ બાહ્યજ્ઞાન ભૂલી જઇને દીવાનીની માફક સમસ્ત રાત્રિ અંધકારપૂર્ણ માર્ગ ઉપર ચાલ ચાલ કર્યું. કયે રસ્તે થઇ કયાં જવું છે તેનો તેણે નિશ્ચય કર્યો નહોતો. તેને કાંઇ જ્ઞાન પણ એ સમયે રહ્યું નહોતું. તે માત્ર ચાલ્યાજ કરતી હતી. ચાલતાં ચાલતાં તે એક નદી કિનારે જઇ પહોંચી. નદીમાં પુષ્કળ જળ હતું તથા તેનો પ્રવાહ પ્રચંડ સ્વરૂપથી વહેતો હતો.

નદી કિનારે આવી પહોંચતાંજ સ્નેહલતાને કાંઇક જ્ઞાન થયું. તે સમજી શકી કે નદી ઉતર્યા સિવાય આગળ જઇ શકાય તેમ નથી. જ્ઞાનની સાથે સાથે ભયે આવીને તેના હૃદય પર પૂર્ણ પ્રતાપથી અધિકાર મેળવ્યો. સ્નેહલતા વિહ્વળતાથી નદી કિનારા પર આવેલા એક વૃક્ષ નીચે બેઠી.

તેના મનમાં હવે પોતાની સ્થિતિ સંબંધીના અનેક વિચારો ઉત્પન્ન થવા લાગ્યા, તથા એ વિચારોએ તેને આકુળ વ્યાકુળ બનાવી દીધી. તેના બન્ને પગો કાંટા તેમજ માર્ગ પરના કાંકરા વાગવાથી ક્ષત વિક્ષત થઇ ગયા હતા ! થાકથી સમસ્ત શરીર અવસન્ન થઇ ગયું હતું. ઘણા સમય સુધી એ સ્થળે બેસીને તેણે રૂદન કર્યા કર્યું. રડતાં રડતાં તેણે ચૈતન્ય ગુમાવ્યું. એવામાં એકાએક નદી કિનારા પર

આવેલા વૃક્ષ ઉપર બેઠેલા એક પક્ષીએ પ્રભાતકાળ થયાની સૂચના પોતાના સુમધુર સૂરથી જણાવી. એ સૂચનાથી સ્નેહલતામાં પાછું ચૈતન્ય આવ્યું. તેણે ચંચળ તેમજ ચમકિત નજરે પુનઃ ચારે દિશાએ દૃષ્ટિ કરી. તેણે જોયું કે, પૂર્વ દિશામાં પ્રભાતકાળની જ્યોતિ પ્રકાશી રહી છે. અનેક પ્રકારની અમંગળ આશંકાઓથી સ્નેહલતાનું હૃદય કંપી ઉઠ્યું. તેણે વિચાર્યું કેઃ–" જ્યારે સ્હવાર થશે ત્યારે આ અભાગિનીની શી દશા થશે ? ! "

એવામાં કોઈ માણસનો અવાજ સ્નેહલતાને કાને પડયો; પરંતુ સ્નેહલતાએ એને એક પ્રકારનો ભ્રમ વિચાર્યો. તેણે પોતાની દુઃખમય જીવન લીલા પૂરી કરવાનો—આ સંસાર નાટકમાં પોતાના અભિનયની સમાપ્તિ કરવાનો નિશ્ચય કર્યો. તેણે સ્વગત કહ્યુંઃ–" મૃત્યુ ! પ્રાણાધિક મૃત્યુ ! તુંજ હવે મ્હારા દુઃખને દૂર કરી શકે તેમ છે. આ અભાગિની હવે તને આલિંગન કરી આ સંસારના સમસ્ત દુઃખને દૂર કરવાની ઇચ્છા રાખે છે. આ શીતળ જળમાં ડૂબી મરવાથી સઘળાં સંકટો દૂર થશે, મનની વેદના ઉડી જશે. હે યમદેવતા ! આ નિરાધાર રમણીને હવે માત્ર તમારોજ આધાર છે ! હે દેવ ! દાસી પર દયા કરો અને તમારા ચરણોમાં સ્થાન આપો. કહેવાય છે કે આત્મઘાત એ મહા પાપ છે—આત્મઘાત કરનારની સદ્‌ગતિ થતી નથી; પરંતુ હું નથી ધારતી કે આ સંસારના અસાધારણ દુઃખ આગળ આત્મઘાતનું દુઃખ વિશેષ હોય ! જીવન—નારીજીવન—એનો હેતુ શો ? પતિસેવા. હાય ભાગ્ય ! જ્યારે આ નારીજીવન પતિસેવાથી વંચિત છે, ત્યારે પછી તેને ટકાવી રાખવામાં શો સાર છે ? જે જીવનાધાર છે, આ રમણીના સાક્ષાત્ કૃષ્ણ છે, હૃદયનું લોહી છે, નેત્રોના નયનમણિ છે, કંઠના અલંકાર છે, ભક્તિમાં સાક્ષાત્ પરમાત્મા છે તેજ જ્યારે આ નિરાધાર નારીની સેવા સ્વીકારતા નથી, તેને પોતાના ચરણ યુગલમાં સ્થાન આપતા નથી તો પછી જીવનનું સાર્થક શું ? જીવનનો ધર્મ શું ? અને એવા ધર્મ વિનાના જીવન કરતાં મૃત્યુજ કલ્યાણકર્ત્તા છે—સમસ્ત દુઃખહર્ત્તા છે. પતિના સુખમાંજ



સ્મસાન ભૂમિમાં સ્નેહલતા ઉભા રહી.   જુઓ ચિત્ર ૨ જું.

પતિના આનંદમાંજ, રમણીનાં સુખ તેમજ આનંદ સમાયલાં છે. પતિ-પ્રભુ-દેવ તમે સુખી રહો એજ મ્હારી વિશ્વાધાર પ્રત્યે પ્રાર્થના છે. હું જાઉં છું-આ સંસાર સાથેનો સંબંધ છોડી-માયાનાં બંધન ત્રોડી, મૃત્યુને આલિંગન કરવા જાઉં છું. દેવ! મ્હને ક્ષમા કરજો. આ નારી આપની સેવા કરવાને યોગ્ય નથી. હું મૂર્ખ છું તમે વિદ્વાન્ મહાપ્રાણ પંડિત છો. બસ એજ વિદાય-"

એવામાં એકાએક ફરીથી કોઇ મનુષ્યનો સ્વર સ્નેહલતાએ સાંભળ્યો. નદીમાં ડૂબી મરવા જતાં તે સંકોચ પામી. ક્ષણ સુધી તેણે ચારે દિશાએ દૃષ્ટિ ફેરવી; પછીથી કોઈ પણ પ્રકારનો વિચાર કરી તે સ્મશાનભૂમિ તરફ જવા લાગી.

પ્રભાતકાળનો શીતળ વાયુ સપાટાથી વહેતો હતો. સ્મશાન-ભૂમિના ચરણોને ચુંબન કરી પ્રબળ વેગવતી સરિતા પ્રચંડતાથી સમુદ્ર સ્વામિને આલિંગન કરવાને દોડતી ચાલી જતી હતી. પૂર્વા-કાશમાં પથરાઇ રહેલી લાલ જ્યોતિ થોડા સમયમાંજ સૂર્યદેવતાના આગમનની સૂચના કરતી હતી.

સ્નેહલતાનો જીવ ઉદાસ હતો. સ્મશાનમાં તેણે શિયાળ તેમજ કૂતરાંઓનો અવાજ સાંભળ્યો. એક શબને તેઓ જમીનમાંથી બ્હાર કાઢી કરડી ખાતાં હતાં. માંસ તેમજ ચામડા સિવાયની અનેક મસ્ત-કોની ખોપરીઓ સ્મશાનભૂમિમાં પડી રહેલી જણાતી હતી. તેઓ જાણે કે માણસને બોલાવીને કહેતી હતી કે:-"સાંભળ! અમારામાં રૂપ હતું, યૌવન હતું, ધન, મદ, કામ, ક્રોધ, ઇંદ્રિય, મનોવૃત્તિ સર્વ હતું; પરંતુ હવે તેનું પરિણામ જો. જો! જો! કે, હવે અમારી કેવી શોચનીય સ્થિતિ થઇ ગઈ છે?!"

સ્નેહલતા આ દેખાવ જોઇ ડરી ગઇ નહિ. કોણ જાણે કે શાથી સ્મશાનભૂમિનો ત્યાગ કરી જવાની તેને ઇચ્છા થતી નહોતી. જાણે કે તેના મનમાં એમ કેમ ન લાગતું હોય કે, આ સ્થાને અત્યાચાર નથી, મૂર્ખતા નથી-રામપ્રસાદ જેવા પાપીઓની પાપદૃષ્ટિ પણ નથી.

પરંતુ સ્નેહલતા વધારે વખત સુધી ત્યાં ઉભી રહી શકી નહિ. સ્મશાનભૂમિમાંથી આવતી દુર્ગંધ તે સહન કરી શકી નહિ. તે એ સ્થાનનો ત્યાગ કરી આગળ ચાલવા લાગી. ધીમે ધીમે સ્હવાર થયું. સૂર્યોદયનો આભાસ જોઇને ઉષા સતી સભયે ચાલી ગઈ. સ્નેહલતા ઘણો ભય પામવા લાગી. હવે તે કેવી રીતે આત્મરક્ષણ કરશે? એ વિચારથીજ તે આકુળવ્યાકુળ બની ગઈ.

વૃક્ષો પર પક્ષીઓ મધુર ગુંજારવ કરવા લાગ્યાં. સરિતાના સ્વચ્છ પરંતુ ઉછાળા મારતા જળમાં સૂર્યકિરણો ઉછળવા લાગ્યાં.

ભયથી, ક્ષોભથી, લજ્જાથી તથા અત્યંત પરિશ્રમથી કાતર બની જઇને "હે પ્રભુ!" કહી સ્નેહલતા ભૂમિ ઉપર બેસી પડી.

આ સમયે પાછળથી કોઇએ પૂછ્યું:—"તું કોણ છે? અંગના કે દેવાંગના? ત્હારા રૂપથી આ પૃથ્વી પ્રકાશી રહી હોય એવો ભાસ થાય છે, માટે હે જ્યોતિર્મયી દેવી તું કોણ છે?"

સ્નેહલતાએ આશ્ચર્ય પામીને પાછું જોયું તો તેણે બે પ્રૌઢા સ્ત્રીઓને માથા ઉપર તેમજ હાથમાં ઘડાઓ સાથે ઉભી રહેલી જોઈ.

તેમને જોતાંજ સ્નેહલતા નાશી જવાનો યત્ન કરવા લાગી; પરંતુ નાશી શકી નહિ. તેના થાકી ગયેલા ચરણો એક પણ પગલું આગળ ભરી શક્યા નહિ. તે રડી પડી.

એક સ્ત્રીએ કહ્યું:—"બહેન! રડે છે શા માટે? અમે તો સ્ત્રીઓ છીએ. કહે તો ખરી કે તું ક્યાં જાય છે?"

અસ્પષ્ટ સ્વરે ગદ્‌ગદ્ કંઠે સ્નેહલતાએ કહ્યું:—"માજી! હું નિરાધાર છું. ક્યાં જવું છે તેનું કાંઇ ઠેકાણું નથી—યમદેવતાના ઘરનો માર્ગ શોધું છું: પરંતુ બિલકુલ પત્તો લાગતો નથી!"

બન્ને પ્રૌઢા સ્ત્રીઓએ એમ વિચાર્યું કે—"સાસુ નણંદના તિરસ્કારથી, અથવા પતિના મારથી આ છોકરી સાસરેથી નાશી છૂટી પિયર તરફ જતી જણાય છે." બન્ને સ્ત્રીઓના દયાર્દ્ર હૃદયે નિરાધાર દુ:ખી સ્નેહલતાને આશ્રય આપવાનો આગ્રહ કર્યો. એક જણીએ કહ્યું:—"તું અમારે ઘેર આવીશ? કોઈ પણ પ્રકારનો ભય રાખીશ

નહિ. અમે શ્રીમંત નથી તો પણ વંશમર્યાદામાં ઉચ્ચ છીએ."

સ્નેહલતા તેમને ત્યાં જવાને કબૂલ થઈ. તેણે મનમાંને મનમાં વિચાર્યું:—"હું એકલી રખડતી રઝળતી ક્યાં જઇશ? વળી સ્ત્ર જાતિએ હિંમત કરી અજાણ્યે માર્ગે આગળ વધવાથી ઘણાં સંકટો સહન કરવાં પડે છે તેથી હાલ તરત તો આ દયાળુ સ્ત્રીઓને ત્યાં જઇ તેમના આશ્રયમાં રહું; ત્યાર પછી અમુક નિશ્ચય પર આવીશ." આમ વિચારી સ્નેહલતા ઉઠી ઉભી થઇ.

બન્ને પ્રૌઢા સ્ત્રીઓ સરિતામાંથી સ્વચ્છ જળ ભરી લઇ સ્નેહલતાને સાથે લઇ ઘર તરફ જવા લાગી.

હજી પણ સૂર્યકિરણોની જ્યોતિ પ્રકાશી રહી હતી—પ્રભાતકાળનો શીતળ સમીર વહેતો હતો. પક્ષીઓનો મધુર ગુંજારવ સાંભળવામાં આવતો હતો.

ગામના પટેલ શંભુપ્રસાદ સ્હવારે ફરવા નીકળી પડ્યા હતા. રસ્તે તેઓ સામા મળ્યા. તેમની ઉંમર ચાળિસ વર્ષ ઉપરની હતી. ગામમાં તેઓની ગણના એક મુખ્ય પુરૂષ તરીકે થતી હતી. શ્રીમતી લક્ષ્મીની તેમના પર કૃપા હતી, અને તેને પરિણામેજ તેઓ પોતાની સર્વ પ્રકારની ઇચ્છાઓને પરિતૃપ્ત કરતા હતા.

એ ખેડૂત સ્ત્રીઓની સાથે સાક્ષાત્ ઉષાદેવી સમાન સ્નેહલતાને જોઇને શંભુપ્રસાદ ચમકી ઉઠયા. આટલું બધું રૂપ—આવું કુસુમ સુકુમાર લાવણ્ય ક્યાંથી આવ્યું? કાળા નાગના જેવા, મુનિજનને પણ મોહ પમાડે એવા કેશકલાપ, વિશાળ નેત્રો, લાલચોળ અધરોષ્ઠ, ગુલેગુલાબી ગાલ વગેરે નજરે પડતાં શંભુપ્રસાદ આત્મભાન ભૂલી ગયા, તથા વિષયવાસનામાં તલ્લીન થયા. તેઓ આ રૂપ જોતાંજ એક વખત ચમકી ઉઠયા. તેમણે પૂછ્યું:—"કમળાવહુ! આ કોણ છે?"

કમળાલક્ષ્મીએ માથા ઉપરનું વસ્ત્ર સહજ આગળ ખેંચી નમ્ર તેમજ પવિત્ર સ્વરે કહ્યું:—"મ્હને ખબર નથી. નદી કિનારા પર એકલી બેસીને રડયા કરતી હતી તેથી તેને હું મ્હારે ત્યાં લઈ આવી છું."

શંભુપ્રસાદ ઘણી વખત તૃષિત દૃષ્ટિથી સ્નેહલતાના મુખનું

દર્શન કરીને ચાલ્યા ગયા. બન્ને ખેડૂત સ્ત્રીઓ પણ સ્નેહલતાને સાથે લઇને ઘેર ગઈ.

શંભુપ્રસાદ સ્નેહલતાને ભૂલી શકયા નહિ. ઘેર જવા છતાં એ અપૂર્વ સૌંદર્ય તેમના હૃદય-દેશમાંથી દૂર થયું નહિ. વળી શંભુપ્રસાદનું ચરિત્ર પણ સારૂં નહોતું; છતાં રૂપમાદકતાનો આવો નીશો પૂર્વે તેમને કદાપિ લાગ્યો નહોતો. તેમણે પાડોસમાં રહેતી સંતોક નામની એક સ્ત્રીને બોલાવી કમળાલક્ષ્મીને ત્યાં મોકલી, તથા તેની સાથે કાંઇ સમાચાર કહેવડાવ્યા.

સંતોકની ઉમ્મર લગભગ આડત્રિસ વર્ષની હતી. તે જ્ઞાતે ઉદીચ્ય બ્રાહ્મણી હતી. ત્રણ વર્ષથી તેનો પતિ પરલોક પ્રયાણ કરી ગયો હતો. તેને ત્રણ કન્યા અને બે પુત્ર હતા. પતિ જીવતો હતો ત્યારથીજ તે એક યોગાનંદ નામના કહેવાતા સાધુ અર્થાત્ બગ ભગતની સાથે પ્યારમાં પડી હતી, અને એ સાધુ મહાત્મા પાસેથી કોઇ કોઇ સમયે ભાંગની પ્રસાદી લઇ તેમની સાથે રાસલીલા રમતી હતી. પતિના મૃત્યુ પછી પણ તેણે એ સાધુનો સંગ છોડયો નહોતો અને પરિણામે તેની વિધવા સ્થિતિમાં તે ગર્ભવતી થવાથી સમસ્ત ગામમાં કુલટા સ્ત્રી તરીકે તે પ્રખ્યાત થઇ હતી.

સંતોકે કમળાલક્ષ્મીને ત્યાં જઇને તેને સઘળી હકત સમજાવી. ત્યાર પછી તેણે સ્નેહલતા પાસે જઈ તેના ઉપર થયેલી ગામના મુખી પટેલની કૃપા તેમની અથાગ સંપત્તિ, તથા સ્નેહલતાના ભાવી સુખસૂર્યની કથા તેને કહી સંભળાવી! સ્નેહલતા એ હકીકત સાંભળી રડી પડી, અને તેણે સંતોકનો તેમજ શંભુપ્રસાદનો ઘણો તિરસ્કાર કર્યો. સંતોકે શંભુપ્રસાદ પાસે જઇને સઘળી હકીકત કહી સંભળાવી; પરંતુ તેમનું ચિત્ત વિષય વાસનાને શાન્ત કરી શકયું નહિ.

પ્રકરણ ૬ ઠું.

જળ-સમાધિ.

" રજની ગઈ એ, વાયુ ફૂંક્યા ! તોફાન થયાં પૂરાં !
ઝગઝગ થતો ઉગ્યો ભાનુ ! તુષાર ઉડી ગયાં !
દીપક ધ્રુજતા તે બુઝાઈ ગયા રવિમાં ભળી !
ધપતી ધપતી વહેતી નદી દરિયે મળી ! " કલાપી.

રૂપ ત્હારાં વખાણ કરૂં, કે તિરસ્કાર કરૂં તે વિચારી શકતો નથી; પરંતુ તું વિશ્વપ્રિય છે. તું સ્વર્ગવાસી છે, નહિ તો સ્વર્ગમાં ત્હારૂં આટલું બધું માન ક્યાંથી હોય? તિલોત્તમા, રંભા, મેનકા તેમજ ઉર્વશી સંબંધી અનેક વ્યાખ્યાનો કેમ થાય? તું સ્વર્ગવાસી છે તેથીજ ત્રિભૂવનનું યૌવન છે. ત્હારા કટાક્ષમાં રૂષિ મુનિઓ ધ્યાન સમાપન કરી ત્હારા ચરણોમાં પોતાની તપસ્યાનું ફળ હાજર કરી દે છે. કવિની કલ્પના ત્હારી આસપાસ ફરે છે. વિશ્વ-સંસારના યૌવન-પ્રસારિત હાથમાં ત્હારા મિલનની ઇચ્છા રાખે છે. ત્હારા આ સઘળા ભાવનો જ્યારે વિચાર કરૂં છું ત્યારે તને માનથી બોલાવવાનો, ત્હારાં વખાણ કરવાનો વિચાર થાય છે-ત્હારી પ્રકટ મૂર્ત્તિ જોવાની ઈચ્છા થાય છે; પરંતુ જ્યારે તું આ કમનશીબ મૃત્યુલોકમાં આવીને મૃત્યુલોકના યાવનને જાગ્રત કરીને શાંત થતું નથી-તું વ્યાકુળતાપૂર્ણ લાલસા ઉત્પન્ન કરે છે-ત્યારે ત્હારો તિરસ્કાર કરવાની ઇચ્છા નથી થતી કે શું? વાદળાંની વિદ્યુત્ આકાશમાંથી ટૂટી પડીનેજ ઘણાંખરાંનો વિનાશ કરે છે.

શંભુપ્રસાદ રૂપના અગ્નિમાં વ્યાકુળ બની જવા લાગ્યા. મૃત્યુલોકનું રૂપ આવી રીતેજ માણસોને બાળે છે. શંભુપ્રસાદ શાન્તિ ધારણ કરી શક્યા નહિ. તેમણે કમળાલક્ષ્મીના પતિ ગોપાળદાસને પોતાની પાસે બોલાવ્યો.

ગોપાળદાસ બ્હીતો બ્હીતો શંભુપ્રસાદ પાસે જઇ પહોંચ્યો. શંભુપ્રસાદે તેનો ઘણો સત્કાર કર્યો. ત્યાર પછી બન્ને જણા એક એકાંત સ્થાને જઇને બેઠા. બન્ને વચ્ચે ઘણા વખત સુધી વાતચિત થઈ. ત્યાર પછી ગોપાળદાસે કહ્યું:-"ત્યારે તેમ કરો મહાશય! આપની વિરૂદ્ધ વર્તન ચલાવવાની મ્હારામાં તાકાત નથી!"

ગોપાળદાસ ઘેર ચાલ્યો ગયો. તેનું મુખ ઘણું ચિંતાપૂર્ણ થઇ ગયું હતું.

સંધ્યા સમય પછી ગોપાળદાસ તેની પત્ની કમળાલક્ષ્મી સાથે વાતચિત કરતો હતો. ત્યાં આગળ બીજું કોઇ હાજર નહોતું; પતિ પત્ની ઘણે ધીમે સ્વરે વાતચિત કરતાં હતાં. કમળાલક્ષ્મીએ ભ્રકુટી ચઢાવીને વિરક્તિપૂર્ણ સ્વરે કહ્યું:-"એમ કદાપિ બનશે નહિ."

ગોપાળદાસઃ-એમાં શો દોષ છે? એ આપણી શી સગી છે?

કમળાલક્ષ્મીઃ-તે ગમે તે હોય; પરંતુ નિરાધાર છે-આપણી આશ્રિતા છે. આશ્રમમાં આવી રહેનારનું પોતાના પ્રાણનો ભોગ આપીને પણ રક્ષણ કરવું એ હિંદુઓનો ધર્મ છે. પવિત્ર હિંદુઓ આ ધર્મને ભૂલી ગયા છે-તેઓ સ્વાર્થાંધ થયા છે.

ગોપાળદાસઃ-આ સંસારમાં ધર્મનું આટલું મ્હોટું પૂંછડું પકડી રાખવાથી રહી શકાતું નથી.

કમળાલક્ષ્મીઃ-રામ રામ! આ તમે શું કહોછો? તમારા અંતઃકરણમાં લેશ પણ દયા માયા નથી? આવી ગરીબ નિરાધાર સુકુમાર યુવતીને તમે વાઘનો શિકાર બનાવશો? સતીના સતીત્વનો નાશ કરવાના સહાયકાર થશો? હે પ્રભુ! હવે હું ક્યાં જાઉં?

ગોપાળદાસનું મ્લાન મુખ વિશેષ મ્લાન બની ગયું. તેણે કહ્યું:-"શું કરૂં? તું નથી જાણતી કે શંભુપ્રસાદના કોપનો ભોગ થઈ પડવાથી આપણું અહિત થશે?"

કમળાલક્ષ્મીએ વિરક્તિપૂર્ણ સ્વરે કહ્યું:-"ધર્મ કરવા જતાં અહિત થાય તો તેને હું હિત થયા સમાન સમજું છું. તમારી માન્યતા પણ ભૂલ ભરેલી છે. ધર્મનોજ જય અને પાપનો ક્ષય થાય

છે; માટે ધર્મ માર્ગે આગળ વધો અને પાપ માર્ગનો ત્યાગ કરો. ધર્મશૂન્ય જીવન તે જીવન નથી. વળી આ સમસ્ત પૃથ્વી ઉપર હિંદુઓજ ચુસ્ત ધર્માભિમાની ગણાય છે, તો એ ચુસ્ત હિંદુધર્મ ઉપર કલંક ન બેસાડો. ધર્મનું રક્ષણ કરવા જતાં આપણે આપણો જીવ આપવો પડશે તો બેલાશક આપીશું અને દેવલોક નિવાસી થઈશું.”

ગોપાળદાસઃ–પરંતુ તું જાણે છે કે, શંભુપ્રસાદનું આપણી પાસે ઘણું લ્હેણું છે તેથી જો આપણે તેમની ઇચ્છા વિરૂદ્ધ વર્તીશું તો તેઓ આપણું ઘરબાર તેમજ સઘળો સરસામાન વેચી નાંખી આપણને રસ્તે રખડતાં નિરાધાર, કંગાલ બનાવી દેશે. તે આવી રીતે ક્રૂરતાથી પોતાના વેરની વસુલાત લેશે.

કમળાલક્ષ્મીઃ–ત્યારે પછી હું શંભુપ્રસાદનાં ધર્મનિષ્ઠ પત્ની પાસે જઇશ. આ ગરીબ નિરાધાર રમણીનું રક્ષણ કરવાની તેમને પ્રાર્થના કરીશ. સતીજ સતીનાં માન મર્યાદાનું રક્ષણ કરશે.

ગોપાળદાસે ચમકીને કહ્યું:–“નિદ્રાધીન થઇ ગયેલા વાઘને જાગ્રત કરી તું સર્વસ્વનો નાશ કરવા ચ્હાય છે ?”

કમળાલક્ષ્મીએ કાંઇક આવેશમાંજ કહ્યું:–“ત્યારે શું તમારે ધર્મને વેચી ખાવો છે ? કદાચ આપણા દુર્દૈવે આપણે ઘરબાર વગરનાં થઇ પડીશું તો ભિક્ષા કરી જીવનનો નિર્વાહ કરીશું; પરંતુ ધર્મત્યાગ નહિજ કરીશું.

ગોપાળદાસઃ–બીજો પણ એક ભય છે.

કમળાલક્ષ્મીઃ–શો ?

ગોપાળદાસઃ–તેમણે એમ કહ્યું છે કે, સંધ્યા સમય પછી ચાર માણસો આવશે.

કમળાલક્ષ્મીઃ–ઠીક છે; આવવા દ્યો. હું જોઈશ કે સતીના અંગને સ્પર્શ કરવાની તાકાત કયા નરાધમમાં છે ?!”

ગોપાળદાસ મંદમંદ પ્રકાશતા દીપકની જ્યોતિથી જોઇ શક્યો કે, તેની પત્નીના સર્વાંગમાંથી વારંવાર વિજળીની જ્યોતિ પ્રકાશી નીકળે છે. તે કાંઇ પણ બોલી શકવાનું સાહસ કરી શક્યો નહિ; પરંતુ

શંભુપ્રસાદના ભયથી તેનું હૃદય ચંચળ બની ગયું ! આ સમયે કમળાલક્ષ્મી ક્રોધાવેશમાંજ રસોડા તરફ ચાલી ગઇ.

સ્નેહલતા આ સમયે આ ઓરડાની એક બાજુએ બેઠી બેઠી રૂદન કર્યા કરતી હતી. જ્યારે પતિપત્ની વચ્ચે વાર્તાચિત્ત શરૂ થઈ ત્યારે તેણે ઓરડાની બ્હારથી કાન દઇ એકાગ્ર ચિત્તથી સમસ્ત વાતચિત સાંભળવા માંડી હતી. એક રીતે તેની સ્થિતિ પ્રવાહમાં તણાતા તૃણના જેવી થઇ ગઇ હતી—તેમાં પણ વળી જ્યારે ગોપાળદાસ તેમજ તેની પત્નીની વાતચિત તેના સાંભળવામાં આવી ત્યારે તેનો જીવ ઘણો દુઃખી થયો. ભાવી ભયની ભાવનાથી તે આકુળ વ્યાકુળ બની ગઇ. તે ઘણા સમય સુધી વિચાર કરી રડતી રડતી મનમાં બોલવા લાગી કેઃ—

“ જુલ્મી જમાનો આવીઓ છે, હાય હાય હરી હવે;
પાપીઓ પીડા કરે છે, ગાય રંક ગરીબને;
શેઠીઆઓ સુખ માણે, બેસી ઘોડાગાડીએ;
રાતદિન કરે મજુરી, પણ ન સુખ ગરીબને;
ક્ષત્રીઓ જે શૂર ધારી, તે ભરાયા ભૂતળે;
પેદા થયા નિર્માલ્ય હાય, રંજાડવાજ ગરીબને;
વ્યભીચારીઓના વમળમાં અટવાઈ બાળા અબળા જે;
કીરતાર છે આધાર એકજ, તારો આરે ગરીબને. ”

કલિયુગની સતી.

અંતે તેણે વિચાર્યું કેઃ—“ અહિં બેસી રહી રૂદન કરવાથી કાંઈ સારૂં પરિણામ આવવાનું નથી. જ્યારે મૂર્ખાઈનું કામ કર્યું છે—સાસુજીને કાંઈ પણ કહ્યા સિવાય શ્વસુરગૃહનો ત્યાગ કર્યો છે—જ્યારે મહાપાપ કર્યું છે ત્યારે પછી તેનું પાયશ્ચિત્ત કરવુંજ પડશે. એ પ્રાયશ્ચિત્ત જીવનનું બળિદાન દઇનેજ કરીશ. ”

તેના મનમાં થઇ આવ્યું કેઃ—“ હવે જો અહિં રહીશ તો કદાચ મ્હારા સર્વસ્વનો નાશ થશે. એક પાપી પુરૂષની તરફના અસંખ્ય માણસોના જુલ્મમાંથી મ્હને એક ધર્મનિષ્ઠ નારી કેવી રીતે બચાવી શકશે ? વળી જો તે મ્હારૂં રક્ષણ કરવાનો યત્ન કરશે તો તેને પણ

મહા સંકટને સ્વાધીન થવું પડશે. મ્હારે લીધે હું એમને શા માટે દુઃખી કરૂં ? આ જીવનની આહુતિ સિવાય આ કર્મ-હોમનું જ્યારે અવસાન થાય તેમ નથી ત્યારે પછી તેમના સર્વસ્વનો વિનાશ શા માટે કરૂં ? નદી કાંઇ વિશેષ દૂર નથી-ઘણી સહેલાઇથી હું મ્હારૂં કાર્ય પૂર્ણ કરી શકીશ."

આમ વિચારી સ્નેહલતાએ એક ક્ષણનો પણ વિલંબ કર્યો નહિ. કોઇને કાંઇ પણ કહ્યા સિવાય તે છૂપી રીતે કમળાલક્ષ્મીના ઘરમાંથી જેમ બને તેમ જલદીથી બ્હાર નીકળી ગઈ.

જ્યોતિર્મયી રાત્રિ હતી-સ્નેહલતા સહેલાઇથી સરિતાતટ પર જઈ પહોંચી. પછીથી તીર પર ઉભી રહી, અને બન્ને હાથ જોડી, આકાશ તરફ દૃષ્ટિ કરી તેણે કરૂણ સ્વરે કહ્યું:-"પ્રભુ ! સ્વામિન્ ! હું જાઉં છું. એક વખત તમારાં દર્શન કરવાની ઉત્કટ અભિલાષા હતી-પરંતુ મ્હારી અભિલાષા મનમાંને મનમાંજ રહી જાય છે ! જેવું દૈવ ! જેવું ભાગ્ય ! !"

બીજું કાંઈ તે બોલી નહિ. તેણે નદીના ઉચ્ચ કિનારા પરથી ઉછાળા મારતા જળમાં કૂદકો માર્યો.

થોડે છેટે એક ન્હાની નાકામાં દીપક સળગતો હતો. તેમાં બેઠેલા માણસે માછીને કહ્યું:-"જલદી જો જોઇએ; નદીમાં કોઈ માણસ પડયું હોય એમ લાગે છે !"

પ્રકરણ ૭ મું.

પાપીનું પાપ પકડાયું.

સ્નેહલતા ગૃહત્યાગ કરી ચાલી ગઇ છે. સર્વત્ર તેના નામ પર કલંક લાગ્યું છે. સઘળાં માણસો તેનો ધિક્કાર કરે છે; પરંતુ કોઇએ વિચારી જોયું નહિ, શોધ કરી નક્કી કર્યું નહિ કે કેવા ભયંકર જુલ્મથી, કેટલા બધા અવિચારથી આત્મભાન ભૂલી જઇને તેણે આવું મૂર્ખાઇનું કામ કર્યું છે !

લોકોએ વળી જૂદોજ વિચાર કર્યો—તેમણે સાંભળી પણ જૂદીજ હકીકત ! રામપ્રસાદ તથા તેની માતાએ સમસ્ત ગામમાં એવો ઢંઢેરો પીટયો કે, કોઇ એક છોકરો રાત્રે છૂપાઇને સ્નેહલતા પાસે આવતો હતો. પ્રથમ તો એ બાબતની કોઇને ખબર નહોતી; પરંતુ રામપ્રસાદના આવ્યા પછી તેમને પોતાના મિલનમાં ઘણી અડચણ નડતી હતી; કારણ કે રામપ્રસાદ મધ્યરાત્રે ઘેર આવતો હતો. આથી કરીને સ્નેહલતા એ છોકરાની સાથે નાશી ગઈ છે. કેટલાક દિવસમાં તો આ વાત સર્વત્ર જાહેર થઈ ગઇ. સઘળા લોકો આ પ્રકારનીજ ચર્ચા કરવા લાગ્યા. સ્ત્રીમંડળમાં, તળાવના ઘાટ પર, નિશાળમાં ગૃહસ્થ માણસોના મંડળમાં માત્ર આ હકીકતની આલોચના—આંદોલનોજ ચાલવા લાગ્યાં. ત્રણ ચાર દિવસ સુધી ઘણી ચર્ચા થયા પછી આ વાત કાંઈક ધીમી પડી.

પાડોસમાં રહેતા વિષ્ણુપ્રસાદે આ વાત પર ઘણો વિચાર કર્યો; પરંતુ તેઓ કોઈ પણ પ્રકારનો નિર્ણય કરી શકયા નહિ. તેઓ જાણતા હતા કે, સ્નેહલતા જેવી કુલલક્ષ્મી સમસ્ત ગામમાં બીજી એક પણ નહોતી. વળી મુખ્યત્વે કરીને સદ્વંશમાં જન્મ પામેલી અને ભદ્રકુળમાં પરણેલી કુલવધુ ઇંદ્રિયોને આધીન થઇ કુળને કલંક લગાડે—સ્વામિભક્તિ પર પાણી ફેરવે એ સહજ પણ વિશ્વાસ રાખવા જેવો પ્રકાર નહોતો ! તેઓ એક દિવસે સંધ્યા સમયે પોતાના નિત્યકર્મથી નિવૃત્ત થઇ હાથમાં એક જાડી લાકડી લઇને રમેશચંદ્રને ત્યાં આવ્યા.

આ સમયે રમેશચંદ્રની માતા સરસ્વતીનો તાવ કાંઈક ઉતર્યો હતો ખરો; પરંતુ તેણે શય્યાનો ત્યાગ કર્યો નહોતો. પોતાના ભાગ્યમાં આવું બનવાનું હશે એવો તેને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. શય્યામાં સૂઈ રહીને રાત્રિ દિવસ તે રૂદન કર્યા કરતી હતી.

વિષ્ણુપ્રસાદ સરસ્વતીની પાસેજ આવી ચઢયા, તથા તેમણે પૂછ્યું:—“વહુ કેમ છે ?”

તેમને જોતાંની સાથેજ સરસ્વતી મ્હોટેથી રડી પડી.

વિષ્ણુપ્રસાદે લાકડીને નીચે મૂકી એક આસન ખેંચી તેના પર

બેસતાં કહ્યું:–“વહુ ! શું થયું છે, તે કહો તો ખરાં ?”

નેત્રોમાંનાં આંસુઓને પહેરેલા વસ્ત્રના પાલવથી સાફ કરી, અશ્રુવેગને કાંઈક ધીમો કરી સરસ્વતીએ કહ્યું:–“હું તો કાંઇ જાણતી નથી.”

કાંઈક વિરક્તિપૂર્ણ સ્વરે વિષ્ણુપ્રસાદે કહ્યું:–“તમે કાંઇ જાણતાં નથી એ તો હું પણ જાણું છું. તમે કોઇ પણ વિષય પ્રત્યે લક્ષ્ય રાખતાં નથી. કોઇ પણ વિષય પર બરાબર વિચાર કરી જોતાં નથી. જરૂર જેવું હોય તો પણ તમે કોઇને પણ ઉપયુક્ત શાસન કરતાં નથી. તેથી કરીનેજ તમારો સંસાર આવી રીતે માટીમાં મળી જાય છે. જે ગૃહિણી પોતાના ગૃહસંસાર તરફ આવી રીતે દુર્લક્ષ્ય કરે છે, સંસારને સુયોગ્ય બનાવવાનો યત્ન કરતી નથી તેના સંસાર સુખનો આવીજ રીતે વિનાશ થાય છે.”

સરસ્વતીએ એક ગાઢ નિશ્વાસ મૂકયો. વિષ્ણુપ્રસાદે કહ્યું:–“મ્હને લાગે છે કે આ કલંકપૂર્ણ પ્રકારમાં રામપ્રસાદનોજ હાથ છે.”

સરસ્વતી:–જેનો હાથ હોય તેનો ખરો; પરંતુ હવે મ્હારાથી દુનિયામાં કોઇને પણ મ્હારૂં મુખ બતાવી શકાય તેમ નથી.

વિષ્ણુપ્રસાદ:–રામપ્રસાદને ધમકાવીને હું આ હકીકત પૂછી જોઉં ?

સરસ્વતી:–ના ના, એવું કામ કરશો નહિ. એમ કરશો તો વળી આટલા દુ:ખમાં બીજા પણ દુ:ખનો વધારો થશે–મ્હારાથી આ ઘરમાં રહી શકાશે નહિ.

વિષ્ણુપ્રસાદ:–તમારા આવા ભીરૂ સ્વભાવને લીધે તો આમ થયું છે. ગમે તેમ થાય તો પણ કાંઇ પૂછ્યા કર્યા સિવાય ખરી વાત બ્હાર નીકળશે નહિ. વળી ખરી વાત જાહેર થયા સિવાય આપણા ઘરની કુલલક્ષ્મી સ્નેહલતાનો શો દોષ છે તે કોઈ જાણી શકશે નહિ. માટે તમારા ગૃહસંસારના હિતની ખાતર, સ્નેહલતાના રક્ષણની ખાતર તેમજ તમારી પ્રતિષ્ઠાની ખાતર ખરી હકીકત શી છે તે જાણવુંજ જોઇએ.

ત્યાર પછી વિષ્ણુપ્રસાદે ‘રૂક્ષ્મિણી, રૂક્ષ્મિણી’ કહીને હાંક મારી. તરતજ રૂક્ષ્મિણી ત્યાં આવી હાજર થઇ. વિષ્ણુપ્રસાદે તેને

પૂછ્યું:–" રામપ્રસાદ ક્યાં છે ?"

રૂક્ષ્મિણી:–કપડાં પહેરીને ગામમાં જવાને તૈયાર થયા છે.

વિષ્ણુપ્રસાદ:–તેને બોલાવ જોઇએ.

રૂક્ષ્મિણીએ જઈને રામપ્રસાદને આ હકીકત કહી. રામપ્રસાદ પાન ચાવતો ચાવતો, અભિમાનથી પૃથ્વી પર પગ મૂકતો મૂકતો વિષ્ણુપ્રસાદ તથા સરસ્વતી પાસે આવી પહોંચ્યો.

વિષ્ણુપ્રસાદે ભ્રકુટી ચઢાવીને વક્રદૃષ્ટિથી એક વખત તેનું સમસ્ત અંગ નિહાળી કહ્યું:–" બેસ, ત્હારી સાથે કેટલીક વાતચિત કરવાની છે."

રામપ્રસાદ:–હમણાં મ્હને બેસવાની ફુરસદ નથી, જે વાત કહેવાની હોય તે ટુંકમાંજ કહી નાંખો.

વિષ્ણુપ્રસાદ:–ખરી રીતે જોવા જતાં તુંજ એકલો આ ઘરમાં પુરૂષ વર્ગનો છે તેથી ત્હારે ઘરની સર્વ પ્રકારની સંભાળ રાખવી જોઇએ.

રામપ્રસાદ:–આપ એમ કહીને મ્હને બાળોછો શા માટે ? હું શી બાબતમાં તપાસ રાખતો નથી ? આજે સ્નેહલતા મ્હારી આંખોમાં ધુળ નાંખીને નાશી ગઇ છે તે કાંઈ ઓછી વાત છે ?

વિષ્ણુપ્રસાદ:–હું પણ તેજ પૂછવાની ઇચ્છા રાખુંછું. શું બન્યું છે તે મ્હને કહે જોઇએ ?

રામપ્રસાદ:–શું કહું, વહુની ટેવ સારી નહોતી.

વિષ્ણુપ્રસાદ:–કદાચ એમ હશે; પરંતુ શું બન્યું છે ?

રામપ્રસાદ:–તમે જાણતાજ હશો કે હું મધ્યરાત્રિના સુમારમાં ઘેર આવુંછું તેથી શો પ્રકાર બનતો હતો તે કાંઈ મ્હારી ધ્યાન બ્હાર નથી.

બરાબર આજ સમયે રામપ્રસાદની માતા હાંફતી હાંફતી ત્યાં આવી ચઢી. વિષ્ણુપ્રસાદ ઘણા વિચિત્ર માણસ હોવાથી તેઓ કદાચ પોતાના પુત્રને કાંઇ કહે, એ ભયને લીધે તે ત્યાં આવીને ઉભી રહી.

વિષ્ણુપ્રસાદ:–ત્હારા ધ્યાનમાં શું આવ્યું ? ત્હેં શું જોયું ?

રામપ્રસાદની માતા બોલી ઉઠી:–" એણે એકલાએ તો શું; પરંતુ મ્હેં પણ ઘણી વખત એ દેખાવ જોયો છે–એ દેખાવની

કલ્પના કરવા જતાં સઘળું અંગ ધ્રુજે છે!"

વિષ્ણુપ્રસાદઃ—ક્યા દેખાવની કલ્પના, રામપ્રસાદ?

રામપ્રસાદઃ—એક મ્હારા જેટલી ઉમ્મરનો છોકરો...રામપ્રસાદ આગળ બોલ્યો નહિ.

વિષ્ણુપ્રસાદે પૂછ્યું:—"હં પછી?"

રામપ્રસાદઃ—એક બે વખત તો મ્હેં જાતેજ તેને હાંકી કાઢ્યો હતો.

વિષ્ણુપ્રસાદઃ—એ સ્નેહલતાનેજ મળવા માટે આવતો હતો એમ ત્હેં શા ઉપરથી જાણ્યું?

રામપ્રસાદ—એક દિવસે રાત્રે મ્હેં બન્નેને એક બીજાની સાથે વાતચિત કરતાં જોયાં હતાં; તેમજ તેમની વાતચિત મ્હેં સાંભળી પણ હતી.

વિષ્ણુપ્રસાદઃ—એ વાત ત્હેં ઘરના કોઈ માણસને કહી હતી?

રામપ્રસાદઃ—રૂક્મિણીને કહી હતી.

વિષ્ણુપ્રસાદે રૂક્મિણીને બોલાવી. રૂક્મિણી આવી, અને તેને એ બાબતની હકીકત પૂછવામાં આવી તો તેણે ઉત્તર આપ્યો કેઃ—"ના, મ્હને કોઇએ એવી વાત કદાપિ કહી નથી."

રામપ્રસાદની માતાએ ક્રોધે ભરાયલી નાગણના જેવું સ્વરૂપ ધારણ કરીને કહ્યું:—"ઓ હરામજાદી! અસત્ય કેમ બોલે છે?"

રૂક્મિણી કાંઇ ડરી જાય તેવી નહોતી. તેણે કહ્યું:—"અસત્ય કોણ બોલે છે તે તો પરમાત્મા સારી રીતે જાણે છે. વળી હું કાંઇ કોઈના ઉપકારમાં આવી નથી કે કોઇથી ડરી જઇને અસત્ય બોલુ. અહિં આવી લૂંટી લૂંટીને ખાવું, અને વળી પાછી ઉપરથી આવી ધમકી આપવી એ સારૂં નથી, સમજ્યાં?"

વિષ્ણુપ્રસાદઃ—તકરાર કરશો નહિ; હું પૂછું એટલી વાતના જવાબ આપો. ઠીક, રામપ્રસાદ! ઘરની ચાકરડીને આ વાત કહેતા પહેલાં ત્હેં આ વાત ઘરમાં બીજા કોઇને કેમ જણાવી નહિ?

રામપ્રસાદઃ—હું જણાવા જઉં તો તેઓ કહે કે તું તેની તરફ દ્વેષ રાખે છે.

વિષ્ણુપ્રસાદઃ—ત્હેં ત્હારી ફોઇને આ વાત કદાપિ કહી હતી કે ? તે તો તને પારકો નથી ગણુતાં ને ?

રામપ્રસાદઃ—હા, તેમને કહી હતી.

વિષ્ણુપ્રસાદઃ—હું તેમને પૂછી જોઉં ?

રામપ્રસાદઃ—તેઓ આપની સાથે વાતચિત કરશે નહિ.

વિષ્ણુપ્રસાદઃ—શા માટે તેઓ મ્હારી સાથે વાત નહિ કરે ?

રામપ્રસાદઃ—પુત્ર વિયોગના શોકથી તેઓ ઘણાં ચિંતાતુર રહે છે. તેઓ કોઇની પણ સાથે કાંઈ વાતચિત કરતાં નથી.

વિષ્ણુપ્રસાદઃ—ઠીક સમજ્યો: હવે રામપ્રસાદ ! તું મ્હારી એક વાત સાંભળ.

રામપ્રસાદઃ—શી વાત ?

વિષ્ણુપ્રસાદઃ—તુંજ આ પ્રકારનું મૂળ છે.

રામપ્રસાદઃ—કોણ હું ?

વિષ્ણુપ્રસાદઃ—હા, તુંજ. તુંજ ગરીબ બીચારી સ્નેહલતા ઉપર અત્યાચાર ચલાવવાને તૈયાર થયો હતો; અને તેથીજ તેણે કાંઇ પણ વિચાર કર્યા સિવાય નહિ કરવાનું કામ કર્યું છે.

રામપ્રસાદઃ—ઠીક ત્યારે એમ.

વિષ્ણુપ્રસાદઃ—એમ છે કે ! તું એમ ધારીશ નહિ કે આવી રીતેજ ત્હારા દિવસો પસાર થશે. “ ભગવાનની દૃષ્ટિ જગતમાં ચાલતા સર્વ પ્રકારોમાં છે. જે પાપ કરે છે તેને તેની સજા મળ્યા સિવાય રહેતી નથી. ”

રામપ્રસાદે કહ્યું:—“ ઠીક છે, સજા મળવાની હશે તો મળશે. ” આમ કહીને રામપ્રસાદ ચાલ્યો જતો હતો એવામાં વિષ્ણુપ્રસાદે તેને કહ્યું:—“ સાંભળ રામપ્રસાદ ! હજી પણ સાચું બોલ. જો કદાચ એ બાલિકા ભયની ભાવનાથી પલાયન કરી ગઈ હોય તો અમે તેની શોધ કરીએ. ”

રામપ્રસાદે ઉભા રહીને કહ્યું:—“ નાશી ગયેલી વહુને શોધી લાવવા જવું કે કેમ એ સંબંધી હું કાંઇ સલાહ આપી શકતો નથી. ”

રામપ્રસાદ ચાલ્યો ગયો. તેની માતાએ આ વાતનો પ્રતિધ્વનિ કર્યો. વિષ્ણુપ્રસાદ મૌન્ય મુખે ચાલ્યા ગયા.

રમેશચંદ્રની માતા ઘણા સમયથી પરલોકવાસ પામેલા પોતાના પતિ, તથા મ્હોટા પુત્ર અને રજનીચંદ્રનું નામ લઇને રૂદન કરવા લાગી. અંતે પાપીનું પાપ પકડાયું.

પ્રકરણ ૮ મું.

નિરાશામાં આશા.

" કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે. "

મ૦ ન૦ દ્વિવેદી.

વાદળાંઓને ભેદી નાંખીને મધ્યાન્હનાં સૂર્યકિરણો ચારે દિશાએ સમસ્ત પૃથ્વી પર પ્રકાશી રહ્યાં હતાં. સખ્ત તાપને લીધે લાહ્ય લાહ્ય વરસી રહી હતી. રસ્તે કોઇનો અવર જવર જણાતો નહોતો. ખેતરો પાક વિનાનાં જણાતાં હતાં. ખેડૂતોએ ઘણા દિવસથી ધાન્યની કાપણી કરી નાંખી હતી.

રસ્તાની એક બાજુએ એક મ્હોટું તળાવ આવેલું હતું. આ તળાવમાં અનેક કમળો ઉગેલાં હતાં. રસ્તો પણ તળાવને કિનારે થઇને જતો હતો. આ રસ્તે થઇને એક ઇંગ્રેજ સાયકલ પર બેસીને જતો હતો. એવામાં એકાએક એક ઢોળાવ પરથી ઉતરતાં સાયકલ ઉંધી થઈ ગઇ, તથા સાહેબ ત્યાં આગળજ કઠિણ માટીવાળી જગ્યા પર પછડાઈ ગયો.

એક મુસાફર થોડે દૂર આવેલા એક વિશાળ વૃક્ષની નીચે બેસીને વિશ્રામ લેતો હતો. સાહેબને આફતમાં પડેલો જોઇને તે ત્યાં દોડી આવ્યો. આ મુસાફર બીજો કોઈ નહિ પણ કૃષ્ણચંદ્ર હતો.

કૃષ્ણચંદ્રે સાહેબની પાસે આવીને જોયું તો સાહેબને સખ્ત વાગ્યું હતું. માથામાં પણ એક ઠેકાણે વાગવાથી ઘા પડયો હતો, તથા એ ઘામાંથી લોહી વહી જતું હતું. ધીમે ધીમે સાહેબ બેભાન

બની જતો હતો. તેની સાયકલ ભાંગી ગઈ હતી.

કૃષ્ણચંદ્રે પોતાના ખિસ્સામાંથી એક રૂમાલ બ્હાર કાઢીને સાહેબના મસ્તક પર બાંધી દીધો, તથા તળાવમાંથી કમળપત્રમાં જળ લઈ આવીને તે સાહેબના મુખ પર, તથા તેને માથામાં થયેલા આઘાત પર છાંટવા લાગ્યો. ઘણા સમય સુધી આવા પ્રકારની સેવા થયાથી સાહેબ શુદ્ધિમાં આવ્યો.

શુદ્ધિ આવતાંજ તે ઉઠીને બેઠો થયો. એક વખત તેણે ચારે દિશાએ દૃષ્ટિ ફેરવી જોઈ. જાણે કે થોડા સમય સુધી આ પ્રમાણે ચોતરફ દૃષ્ટિ ફેરવીને તે પોતાની સ્થિતિ વિચારી ગયો. ત્યાર પછી તેણે પોતાના મસ્તકમાં થયેલા ઘા પર હાથ ફેરવીને, કૃષ્ણચંદ્ર તરફ દૃષ્ટિ ફેરવી અને પૂછ્યું:—“ તમે કોણ છો ? ”

કૃષ્ણચંદ્ર:—હું એક દરિદ્ર મુસાફર છું. આ સામેના વૃક્ષ નીચે વિશ્રામ લેતો હતો; પરંતુ આપને એકાએક સંકટમાં ફસાઇ પડેલા જોઇને અહિં દોડી આવ્યો છું. આપ કોણ છો અને ક્યાં જાઓછો ? આપની ગાડી તો ભાંગી ગઈ છે. હવે કેવી રીતે આગળ જઇ શકશો ?

સાહેબ:—હું આ ગામડાંઓ જોવાને માટે બ્હાર નીકળી પડ્યો છું. હું કેટલાંક ઇંગ્લીશ વર્તમાનપત્રોનો લેખક છું. લેખકોએ હરેક પ્રકારનો અનુભવ લેવાની જરૂર છે, અને હું પણ એજ ઉદ્દેશથી આ તરફ નીકળી પડ્યો છું. તમે ક્યાં જાઓછો ?

કૃષ્ણચંદ્ર:—મ્હારે માટે જવાનું કોઇ આશ્રયસ્થાન નક્કી નથી. સાહેબ ! હું ઘણો દરિદ્ર છું—નોકરી ચાકરી મેળવવાની આશાથી ભટકતો ફરૂંછું.

સાહેબ:—તમે ગુજરાતી હો એમ લાગે છે. તમારા જેવા માણસને નોકરી માટે ભટકવું પડે છે એ સાંભળીને મ્હને આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. આ દેશ ઘણો દરિદ્ર છે. મુંબઈ ગયા હતા કે ? ત્યાં કોઇ ઠેકાણે નોકરી ન મળી ?

કૃષ્ણચંદ્ર:—ના હું મુંબઈ ગયો નથી. વળી મુંબઇમાં સિફારસ વિના નોકરી ભાગ્યેજ કોઇને મળે છે.



કૃષ્ણચંદ્રે કહ્યું:—" હું એક ગરીબ મુસાફર છું." જુઓ ચિત્ર ૩ જું.

સાહેબઃ—આમ છતાં ભારતવાસીઓ પોતાને ઉન્નત જાતિના ગણાવાનો યત્ન કરે છે એ આશ્ચર્યની વાત છે! તમારા જેવા દરિદ્રને માસિક પચાસ રૂપિયાની નોકરી મળે તો પણ તેથી તમને સંતોષ થાય તેમ છે–કુટુંબ પરિવારને લઇ સુખમાં દિવસો પસાર કરી શકાય તેમ છે. મુંબઇમાં ઘણા શ્રીમંતો પડયા છે કે જેઓ મોજશોખમાં તથા રાંડોની ગુલામી કરવામાં હજારો રૂપિયાનું પાણી કરે છે; મૉટરો અને ઘોડાગાડીઓ દોડાવે છે, અનેક પ્રકારનાં વ્યસનોના દાસ થઇ સારાસારનો વિચાર કરતા નથી, અને તેને પરિણામેજ તેમના તમારા જેવા દેશબંધુઓને નોકરી વિના રખડવું પડે છે! સિફારસ સિવાય નોકરી ન મળે એ એક પ્રકારનો અન્યાયજ કહેવાય. માણસની નીતિ રીતિ તેમજ તેના ચરિત્રની પરીક્ષા કર્યા પછી તેને યોગ્ય સહાયતા કરવી એ શ્રીમંતોનો ધર્મ છે; પરંતુ તેઓ પોતાના ધર્મનો કર્ત્તવ્યનો ત્યાગ કરી, અવનતિના ઉંડા ખાડામાં પડી પૈસાનો ધુમાડો કરે અને પાછીથી પોતાને દુનિયાની સઘળી જાતિઓમાં શ્રેષ્ટ જાતિના મનાવવાનો યત્ન કરે એ કેટલી મૂર્ખતા ભરેલી વાત છે? તેમને શ્રેષ્ટ જાતિના થવાને માટે હજી યુગ યુગાંતરની જરૂર છે!

કૃષ્ણચંદ્રઃ—સાહેબ! સંધ્યા સમય થવા આવ્યો છે. આપની ગાડી ભાંગી ગઈ છે. હું ધારૂં છું કે આપ જે ગામ જવા ધારો છો તે ગામ અહિંથી હજી આઠ નવ ગાઉ દૂર છે. હવે આપ કેવી રીતે જશો?

સાહેબઃ—તેથી તો હું તમને પૂછું છું કે તમે કયાં જશો?

કૃષ્ણચંદ્રઃ—હું પણ આપની માફક આ જીલ્લાથી અજાણ્યો છું. અહિંથી થોડે દૂર એક ગામ આવેલું હોય એવું અનુમાન આ તળાવની પરિસ્થિતિ પરથી હું કરી શકું છું. એ ગામમાં જઇનેજ રાત્રિ પસાર કરીએ, એવો મ્હારો વિચાર છે.

સાહેબઃ—ચાલો, હું પણ તમારી સાથે આવું છું. ઇંગ્રેજી ભાષાથી ગામડાના લોકો હજી અજ્ઞાની રહેલા છે. આ જીલ્લામાં તેમજ સમસ્ત ભારતવર્ષમાં અદ્યાપિ ઇંગ્રેજી ભાષાનો જોઇએ એવો પ્રચાર થયો નથી. તમે મ્હારી સાથે હશો તો મ્હને ઘણી સુગમતા થઈ પડશે. હું ધારૂં

છું કે, મ્હારી સાથે રહેવામાં તમને કાંઇ અડચણ તો નહિજ હોય.

કૃષ્ણચંદ્રઃ—અડચણ શાની હોય? આપ ચાલો. અનુમાનથી એમ લાગે છે કે, ગામ અહિંથી લગભગ એક ગાઉ દૂર હશે; હં, પણ સાહેબ! આપની ગાડીનું શું કરીશું?

સાહેબઃ—તમે કહોછો તે ગામમાં જઇને એક બે માણસો મોકલીશું.

કૃષ્ણચંદ્રઃ—ઠીક ત્યારે તેમજ કરીશું.

આમ કહીને કૃષ્ણચંદ્ર ઉઠીને ઉભો થયો. સાહેબ પણ ઉઠયો. કૃષ્ણચંદ્ર જાણતો હતો કે, સાહેબને મસ્તકમાં થયેલા સખ્ત ઘામાંથી ઘણું લોહી વહી ગયેલું છે અને તેથી તે કાંઈક દુર્બળ બની ગયો છે માટે બન્ને જણા ધીમે ધીમે ગામ તરફ ચાલી નીકળ્યા.

સંધ્યા સમયને થોડાજ વખતનો વિલંબ હતો એટલામાં તો કૃષ્ણચંદ્ર સાહેબને સાથે લઇને ગામમાં જઇ પહોંચ્યો. ગામ ઘણું ન્હાનું હતું. માત્ર કેટલાક ખેડૂતો તેમજ મજુરો એ ગામમાં રહેતા હતા. પ્રથમ તો સાહેબને જોઇને તેઓ ભયના માર્યા નાશી જવા લાગ્યા; પરંતુ કૃષ્ણચંદ્રે તેમને સમજાવ્યા કે તેઓ બન્ને સંકટમાં ફસાયા છે, અને તેમના અતિથિ તરીકે આવ્યા છે—ભય રાખવાનું કાંઈ કારણ નથી.

એક જીર્ણ મકાનના આંગણામાં બન્ને જણાને વિશ્રામ માટે જગ્યા મળી. કૃષ્ણચંદ્ર સાહેબને એ સ્થાને રાખી, એક મજુરને સાથે લઇને સાહેબની સાયકલ લઇ આવવાને માટે તળાવ તરફ ચાલી નીકળ્યો, અને મોડી રાત્રે તે સાયકલ ઉંચકાવીને સાહેબ પાસે આવી પહોંચ્યો. ત્યાર પછી કેટલાંક ફળ વગેરે મંગાવી તેણે સાહેબને ખવડાવ્યાં, અને પોતે પણ કેટલાંક ફળ ખાઇને રાત્રિ પસાર કરી. બીજે દિવસે એક બળદ ગાડી મંગાવી સાહેબને આગળ વધવાની તેણે વ્યવસ્થા કરી આપી. એક મજુરને સાયકલ ઉંચકી લેવાનું કામ સોંપવામાં આવ્યું.

જતી વખતે સાહેબે કહ્યું:—“મિ. કૃષ્ણચંદ્ર! તમારા આવા પરોપકારી વર્તનથી હું ઘણો સંતોષ પામ્યો છું. તમે પણ મ્હારી સાથે ચાલો. આપણે થોડા સમય સુધી આ દેશનું નિરીક્ષણ કરી

પછીથી મુંબઇ જઇ પહોંચીશું, તથા મુંબઈમાં હું તમારે માટે નોકરીની વ્યવસ્થા કરી આપીશ."

કૃષ્ણચંદ્રઃ–જ્યાં સુધી આટલામાં કોઇ ઠેકાણે નોકરી મળી જાય ત્યાં સુધી મ્હારો મુંબઇ નોકરી કરવાનો વિચાર નથી; કારણ કે 'મુંબઇની કમાણી મુંબઈમાંજ સમાણી' એવી જે લોકવાયકા છે તે કાંઈ ખોટી નથી.

સાહેબઃ–ઠીક છે, ત્યારે તો જેવી તમારી મરજી; પરંતુ જો બીજે કોઇ ઠેકાણે નોકરી ન મળે તો મ્હારી પાસે મુંબઇ જરૂર આવજો. તમારે નિરાશ નહિજ થવું પડે. લ્યો આ મ્હારી મુલાકાત કરવાનું શિરનામું છે.

આમ કહીને સાહેબે એક વિઝિટિંગ કાર્ડ કૃષ્ણચંદ્રના હાથમાં મૂક્યું, તથા સાહેબના કહેવાથી કૃષ્ણચંદ્રે સાહેબની ડાયરીમાં પોતાનું શિરનામું પણ લખી આપ્યું.

પાંચમો ખંડ સમાપ્ત.

મિલન-મંદિર.

ખંડ છઠ્ઠો.

કર્મ-ફળ.

ખંડ ૬ ઠ્ઠો.

પ્રકરણ ૧ લું.

માતૃ–ઉપાસક.

“ ક્યા કરે ચાહનેવાલેકા ભરોંસા કોઈ,
સચ હય દુનિયામાં કિસીકા નહીં હોતા કોઈ;
અય જફાકાર નહીં મેરી વફાઓંકા ખિયાલ,
યું ભી કર લેતા હય પત્થરકા કલેજા કોઇ. ”

એક ઉર્દૂ કવિ.

મુંબઇમાં કાલબાદેવી રોડ પર એક ઔષધાલય આવેલું હતું. આ ઔષધાલયનો ભપકો ઘણો હતો. એમાં હમ્મેશાં પાંચ છ માણસો કામ કરતાં હતાં. બ્હાર બારણાની ઉપર એક પાટીઉં ટાંગવામાં આવ્યું હતું કે:–“ મિસિસ પી. દેસાઇનો એલોપૅથિક સ્ટોર–ડૉક્ટર રજનીચંદ્ર એલ, એમ એન્ડ એસ, હમ્મેશાં હાજર રહીને ઔષધાલયની વ્યવસ્થા કરે છે, તથા આવનાર રોગીઓની વગર ચાર્જે પરીક્ષા કરીને દવાની વ્યવસ્થા કરે છે. ”

આ મકાનમાં બે કુટુંબ રહેતાં હતાં. એક ભાગમાં કેશવજી નામના શેઠ પોતાના કુટુંબ સહ રહેતા હતા. બીજા ભાગમાં પુષ્પાવતી રજનીચંદ્ર ડૉક્ટરની સાથે રહેતી હતી. હરિશ્ચંદ્ર પણ આવીને તેમના ભેગોજ રહેતો હતો.

પુષ્પાવતી વારંવાર હરિશ્ચંદ્ર તરફ પ્રેમવિહ્વળ દૃષ્ટિથી જોઇ રહેતી હતી. વેગવતી સરિતાનો પ્રચંડ પ્રવાહ જે પ્રમાણે નદીમાં સ્થાપેલા પુલના થાંભલાઓ સાથે અથડાઇને વિશેષ પ્રચંડ તેમજ ઉચ્છૃંખલ બની જાય છે તેજ પ્રમાણે પુષ્પાવતીના હૃદયની લાલસા હરિશ્ચંદ્રની આસપાસ–તેના સર્વ અવયવો સાથે અથડાઇને વિશેષ

ઉછૃંખલ બની ગઇ. તે તેના હૃદયના વેગને દબાવી શકી નહિ—ચિત્ત પર સંયમ રાખી શકી નહિ.

સંધ્યા વીતી ગઈ છે. ત્રિજા માળની અગાસીમાં બે આરામ-ખુરસીઓમાં પુષ્પાવતી અને હરિશ્ચંદ્ર બેઠાં છે.

ઉપર અનંત આકાશ છે. આકાશમાં તેજસ્વી ચંદ્ર પ્રકાશી રહ્યો છે—પૃથ્વી પર પ્રેમધારા વરસાવી રહ્યો છે. એ પ્રેમધારાથી જગત રસબસ બની ગયું છે. શીતળ વાયુ વાય છે. નીચે રસ્તા પરથી પસાર થતી ટ્રામનો, ગાડીઓનો, મૉટરોનો તેમજ ખટારાઓનો ખડખડાટ સાંભળવામાં આવે છે, અનેક મનુષ્યો રસ્તા પર થઇને જતાં આવતાં જણાય છે. વીજળીના દીવાના પ્રકાશથી રસ્તો પ્રકાશિત બની ગયો છે.

પુષ્પાવતીએ આજે અપૂર્વ વેષ ધારણ કર્યો છે. તેણે પોતાના મન સાથે એવો નિશ્ચય કર્યો છે કે, “હવે સહન કરી શકતી નથી. ક્ષણે ક્ષણે વિરહાગ્નિમાં બળી શકતી નથી. આજેજ હું મ્હારા વિરહાગ્નિને શાંત કરીશ. આજે હું તેમને મ્હારા હૃદયસિંહાસન પર બેસાડીશ અગર તો મ્હારા પગમાં પછાડી, ઉત્સવના અંતની પુષ્પમાળાની માફક તેને કચરી નાંખીશ !” આવા નિશ્ચયને લીધેજ પુષ્પાવતીએ આજે મનોહર કીંમતી વસ્ત્રોથી તેના શરીરને સુંદરતા-પૂર્ણ બનાવ્યું છે. સફેદ રેશમી સાડીમાંથી જણાઇ આવતા તેના મોહક અવયવો જોનારના હૃદયમાં વિલાસ-વાસના ઉત્પન્ન કરે તેમ છે. તેમજ સફેદ રેશમી પોલકાના મધ્ય ભાગમાંના સોનાના આંકડાઓ ચોળીને બન્ને તરફથી ખેંચી પોતાની અંદર છૂપાઇ રહેલા મોહક અવયવોને છૂપાવી રાખવાના યત્નમાં નાસિપાસ થાય છે. તેના પગમાં ઉંચી એડીના લેડિઝ શુઝ છે. ગળામાં એક નેકલેસ છે. ઉચ્છૃંખલ સુગંધિત કેશકલાપ વાયુની સાથે આલિંગન ચુંબન કરી રહ્યો છે. પુષ્પાવતીનાં વસ્ત્રોમાંથી સુગંધિત સેન્ટ તેમજ ઑટોની સુવાસ આસપાસ ફેલાઇ રહેલો છે. આકાશમાંથી કૌમુદી પૃથ્વી પર ઉતરી આવીને તેના સર્વંગમાં ઉછળી રહી છે. તેની સામેજ એક બીજી

આમખુરારરશીમાં હરિશ્ચંદ્ર બેઠો છે. તે ધીર, સ્થિર તેમજ ગંભીર છે. આ ગંભીરતા ઘણી પવિત્ર, ઘણી મધુર, તેમજ ઘણી કઠિન છે! પુષ્પાવતીના વેષમાં જે ખૂબી છે, બાંધામાં જે કમનીયતા છે, કાળા કેશકલાપમાં જે રમણીયતા છે, કટાક્ષમાં જે કુટિલ બાણ છે, અધરોષ્ઠ પર જે વિજળી છે, વર્ણમાં જે લાલિત્ય છે એથી ભાગ્યેજ કોઇ પુરૂષ સ્થિરતા ધારણ કરી શકે તેમ છે. હરિશ્ચંદ્ર પણ સ્થિરતા ધારણ કરી શકે એવા વિરલ પુરૂષોમાંનોજ એક છે.

હરિશ્ચંદ્ર શું યોગી છે? આવી મોહિની મૂર્ત્તિના દર્શનથી મહાન્ યોગીશ્વરનું મન પણ ચલિત થઈ જાય તેમ છે—ત્યારે હરિશ્ચંદ્ર કોણ છે? હરિશ્ચંદ્ર માતૃ-ઉપાસક શકિતસાધક છે. તેથી કરીનેજ તે આ સંજ્ઞા સિવાયના અનંત સૌંદર્યને તેની ઉપાસ્ય દેવી માતૃ-મૂર્ત્તિનો વિકાશ વિચારીને ગંભીર તેમજ સ્મિત વદને વિચારો કર્યા કરે છે, તથા ભકિતથી ગદ્દગદ્દ કંઠે મનમાંને મનમાં તે માનું સ્મરણ કરે છે. મા ઘણો મધુર શબ્દ છે. માના નામ માત્રથી મહાન્ શત્રુ નિર્બળ બની જાય છે, જીવ આનંદથી નાચે છે, નેત્રોમાંથી આનંદાશ્રુઓ સરી પડે છે. તે માને બોલાવતાં શિખ્યો છે—રૂપ—રસ—ગંધ—શબ્દ સ્પર્શમયી અનંત સૌંદર્યશાલિની માને ઓળખતાં શિખી શકયો છે; તેથીજ હરિશ્ચંદ્ર આત્મજયી છે. જ્યાં સુધી ઈંદ્રિયો રૂપ, રસ, ગંધ, શબ્દ તેમજ સ્પર્શની કંગાલ રહેશે—જ્યાં સુધી ભોગ ભોગવવાની ઈચ્છાને આધીન રહેશે ત્યાં સુધી નવી નવી વાસનાઓ ઉત્પન્ન થશેજ. મનમાં વાસનાનો ઉદય થશે એટલે પછી તેનું ફળ ઉત્પન્ન થયા સિવાય તેનો નાશ થશે નહિ. પ્રકૃતિ આપણને એવીજ રીતે બાંધે છે; પરંતુ જો આ અનંત પ્રકૃતિને માતા તરીકે પિછાનવામાં આવે તો જોઈ શકાય કે, કરૂણામયી માતા જે માર્ગે આવી છે તેજ માર્ગે ચાલી જશે. ચાલી જઇને, જે જીવનના માર્ગચિહ્ન વગરના મરૂપ્રદેશમાં માર્ગ હાર્યું હોય છે, તેને ફરીથી માર્ગ દર્શાવવાને પ્રવૃત્ત થશે. આનેજ શકિતસાધના કહે છે. એ સાધનાના સાધકોને શકિતસાધકો કહેવામાં આવે છે. હરિશ્ચંદ્ર સાધનાથી સિદ્ધપુરૂષ હતો. કોણ કહી શકશે કે

આત્મબળથી-પૂર્વજન્મની સાધનાના પરિણામે હરિશ્ચંદ્ર આત્મજયી નહોતો ?!

પુષ્પાવતીએ કહ્યું:-"સાંભળો હરિશ્ચંદ્ર ! મ્હારા હૃદયને તપાસી જુઓ-તેમાંનું પ્રત્યેક અણું પરમાણું તમારા હૃદય સાથેજ મળી ગયેલું છે. હું માત્ર તમનેજ ચ્હાઉં છું."

હરિશ્ચંદ્રે ગંભીર સ્વરે કહ્યું:-"શા માટે આવી ખોટી વાસના રાખોછો ? હું તો તમારો પુત્ર છું!"

પુષ્પાવતી:-એ બધી જુના જમાનાની વાતને મૂકી દ્યો. મ્હેં તમને ઘણા દિવસથી કહ્યું છે કે, હું સ્વતંત્ર રમણી છું-કોઇની પણ સાથે મ્હારો કાંઈ સંબંધ નથી. હું મ્હારી ઇચ્છા પ્રમાણે વર્તવાને માટે શકિતવાન છું. હું મ્હારી ઇચ્છાથી તમને ગ્રહણ કરૂંછું-તમે મ્હારા થાઓ.

હરિશ્ચંદ્ર:-તમે તો મ્હારાં મા છો.

પુષ્પાવતી:-ફરી પાછા એવું બોલ્યા કે ! એમ ન ધારશો કે તમારા ભાઇ આપણા સંબંધને જાણી જશે. છૂપી રીતે આપણે આપણી વાસના સહેલાઈથી પૂર્ણ કરી શકાશું.

હરિશ્ચંદ્ર:-તમે મ્હારી આગળ આવા શબ્દો બોલશો નહિ.

પુષ્પાવતી:-સાંભળો હરિશ્ચંદ્ર ! તમે કોણ છો કે હું તમારા ચરણોમાં નમી પડીને તમારી કૃપાભિક્ષા માગુ છું ? આ જીવનમાં આવું નિષ્ફળ રૂદન મ્હેં કદાપિ કર્યું નથી ! મ્હારા સંકેત માત્રથી સેંકડો પતંગો આવીને વાસના અગ્નિમાં બળી ગયાં છે. તો પણ હું સમજુ છું કે-મ્હારાથી તમને ભૂલી જવાશે નહિ. તમે વધારે નહિ તો માત્ર એકજ દિવસ મ્હને "તને ચ્હાઉં છું" કહીને પ્રેમાલિંગન કરો એટલે હું મ્હને પોતાને કૃતાર્થ થઈ સમજીશ-હું મ્હારા જીવનને સફળ થયું સમજીશ.

હરિશ્ચંદ્ર:-પુષ્પાવતી ! હું કોણ છું ? મ્હારે માટે શા સારૂ તમને આટલી બધી લાલસા થાય છે ? મ્હારો દેહ કાપી જુઓ-તે શિયાળવાંઓ તેમજ કૂતરાંઓનો ખોરાક થશે. માટીની કાયા માટીમાં

બળી જશે; તો પછી એવી માટી પર શા માટે મોહ રાખો છો ?

પુષ્પાવતી:-હે પાષાણ હૃદયના નિષ્ઠુર માણસ ! આટલી બધી શઠતા ! આટલી બધી નીચતા ! !

હરિશ્ચંદ્ર:—હું તમને માતા સમાન સમજું છું. ફરીથી કહુંછું કે, માતાજી મ્હારૂં રક્ષણ કરો—મ્હને માફ કરો !

પુષ્પાવતીનાં નેત્રોમાં દ્વેષાગ્નિ સળગી ઉઠયો. ગંભીર તીવ્ર તેમજ ઉત્તેજીત સ્વરે તેણે કહ્યું:—“મ્હારી પ્રાર્થના, મ્હારી વિનંતિ તેમજ મ્હારી ભિક્ષા તમે કબૂલ નહિ કરો ?”

હરિશ્ચંદ્રે દૃઢતાથી કહ્યું:—“ના.”

પુષ્પાવતી દીવાનીની માફક ઉઠીને ઉભી થઇ. તેણે ક્રોધાવેશમાં પોતાના બન્ને હાથ હલાવી તીવ્ર સ્વરે કહ્યું:—“તો પછી તૈયાર થાઓ. એમ નહિ ધારતા કે મ્હને પ્રેમાગ્નિમાં સળગાવી તમે સુખી રહી શકશો. આ જુઓ, તમારે પણ બળી મરવું પડશે.”

પુષ્પાવતીએ પાસેની ખુરસી નીચેથી એક વસ્તુ હાથમાં લઇ તે હરિશ્ચંદ્રને બતાવીને કહ્યું:—“આ શું છે, જાણોછો ?”

હરિશ્ચંદ્ર:—જાણું છું.

પુષ્પાવતી:—તમારી સ્થિતિ કેવી છે તે જાણો છો ?

હરિશ્ચંદ્ર:—હા, ઘણી સારી રીતે.

પુષ્પાવતી:—હું તમનેજ ગુન્હેગાર તરીકે પકડાવીશ, મ્હારી ઇચ્છા બર લાવીશ, મ્હારા વેરની વસુલાતમાં હું સર્વાંશે ફાવીશ.

હરિશ્ચંદ્ર—મ્હેં શો ગુન્હો કર્યો છે ?

પુષ્પાવતી:—આ પુષ્પાવતીના સમસ્ત પ્રાણને તમે તમારા ચરણો નીચે ધુંદી નાંખ્યો છે ! હવે હું જોઇશ કે, તમે કેવી રીતે સુખમાં રહી શકો છો ? જોઇશ કે, કેવી રીતે આત્મરક્ષણ કરી શકો છો ? હજી પણ કહો કે મ્હારા થશો કે નહિ ? હજી વખત છે. એક વખત હાથમાંથી છૂટેલું તીર પાછું નહિ ફરશે—બસ મ્હારૂં ધાર્યુંજ થશે. તમારૂં સુખ સદાને માટે ઉડી જશે. કહો પ્રિયતમ ! મ્હારા થશો કે નહિ ?

દૃઢતાથી હરિશ્ચંદ્રે કહ્યું:—“આ પૃથ્વીનો નાશ થાય, ચંદ્ર સૂર્ય

પૃથ્વી પર આળોટતા થઈ જાય, પ્રકૃતિ સૂર્યના પ્રકાશથી પ્રકાશિત ન થાય તોજ મ્હારાં વચનો મીથ્યા થાય.”

પુષ્પાવતી:—હજી પણ દુરાગ્રહ કરો છો? દુ:ખની સાથે પ્યાર કરવાનો માર્ગ ગ્રહણ કરો છો?

હરિશ્ચંદ્ર:—માતાની સાથે પુત્રનું વર્તન હમેશાં એક સરખુંજ હોય છે.

પુષ્પાવતી હવે એ સ્થળે એક ક્ષણ પણ ઉભી રહી નહિ. રાક્ષસીના જેવી ગતિથી તે અગાસીમાંથી અદ્રશ્ય થઈ ગઈ! તેણે હરિશ્ચંદ્રને જે વસ્તુ બતાવી હતી તે વસ્તુ પણ જતી વખતે તે પોતાની સાથે લઈ ગઈ.

હરિશ્ચંદ્રે ઘણા સમય સુધી બેસી રહીને કાંઈ વિચાર કર્યા કર્યો. ત્યાર પછી મધુર કંઠે એક ભક્તિરસપૂર્ણ ગાનની લીટીઓને લલકારતો લલકારતો તે નીચે ઉતર્યો.

પ્રકરણ ૨ જું.

ધર્મી પર ધાડ.

“રમણી અનંતનો મહિમા, વિશ્વની કીર્તિ, તેમજ સૃષ્ટિનું નૈપુણ્ય છે. નારી વિલાસીનો વિલાસ, સાધકની સાધના, યોગીનું ધ્યાન તેમજ તપસ્યાનો પ્રાણ છે. નારી સ્વરૂપમાં સેફાલિકા, માધુર્યમાં અનરાજિતા તેમજ સતીત્વની કીર્ત્તિમાં સુગંધિત પારિજાતક છે. નારી સ્નેહની મંદાકિની, પવિત્રતામાં ગૌમુખી, દયા દાક્ષિણ્યમાં ભાગિરથી તેમજ પ્રેમની કુલ્ગ છે. આ નારીજ દુ:ખ સહન કરવામાં સીતા, પાતિવ્રત્યમાં સાવિત્રી તથા તેજસ્વિતામાં દ્રૌપદી છે. નારી ગૃહકાર્યમાં ગૃહિણી, સંતાનનું પાલન કરવામાં જનની, ભૂખ્યાંની અન્નપૂર્ણા અને દુ:ખીઓની દયામયી માતા છે. નારીનો અપાર મહિમા ભાષાથી દર્શાવી શકાતો નથી—વ્યાખ્યાથી સંપૂર્ણ થતો નથી.”

દેવી કેમ દાનવી થાય છે? માનવી કેમ નાગણ થાય છે? ત્યારે દેવી દાનવી થાય છે, માનવી નાગણ થાય છે, ગુલાબની સુગંધિ

ઉડી જતાં તે નકામું થઇ પડે છે, સ્વર્ગનું પારિજાતક સુગંધિ વિનાનું થઇને મૃત્યુલોકમાં સાધારણ પુષ્પ ગણાય છે. પુષ્પાવતીએ ઉન્મત્ત ઇંદ્રિયોની ઉત્તેજનાથી સતીત્વ જેવા અમૂલ્ય ધનને લાલસારૂપી કચરાપટ્ટીના કૂવામાં ગુમાવી દીધું છે. તેથીજ દેવી દાનવી થઇ છે. તેથીજ એ રમણી નાગણ થઈ હતી. હરિશ્ચંદ્રના સંયમ આગળ તેની લાલસા નિષ્ફળ થવાથી તે સળગી ઉઠી હતી—તેથીજ તેણે નાગણનું સ્વરૂપ ધારણ કર્યું હતું. લાલસાની પ્રચંડ શિખા તેનાં નેત્રોમાં ધકૂ ધકૂ સળગી રહી હતી. તેના પ્રત્યેક વચનમાં ક્ષણે ક્ષણે ઝેર જણાતું હતું.

પુષ્પાવતી ત્રિજા માળની અગાસીમાંથી બીજે માળે આવી એક અનેકાસન પર પડી, તથા તેણે એક નોકરને ડૉકટર સાહેબને બોલાવી લાવવા મોકલ્યો.

નોકર ચાલ્યો ગયો. ઘરમાં ગ્યાસનો દીવો સળગતો હતો. પુષ્પાવતીએ ઉઠીને દિવાલ સાથે ટાંગેલા આયના પાસે જઇને એક વખત પોતાની પ્રતિમૂર્ત્તિનું દર્શન કર્યું. ત્યાર પછી પાછી તે અનેકાસન પર આવીને બેઠી; તથા ઘણે ધીમે સ્વરે દૃઢ કંઠે બોલવા લાગી:—“ હે મૂર્ખ ! ત્હેં આવા અપ્સરાના જેવા સૌંદર્યનો તિરસ્કાર કર્યો ? આવા નવીન યૌવન, આવા ઉન્નત શિક્ષણ, આટલી બધી વિલાસ લાલસા વગેરેને લઇને હું ચાર માસથી ત્હારે માટે ઝુર્યા કરૂં છું, વિરહાગ્નિમાં બળી મરૂં છું અને તે બધું ત્હારા જોવામાં આવ્યા છતાં તું આટલો બધો અહંકાર રાખે છે ?! તું કોઈ પણ રીતે કબૂલ નજ થયો ! તેથી કરીને તો આ કારસ્થાન રચીને આજે છેવટનો ઉત્તર લઈ લીધો. હવે તું ત્હારા આવા અવિચારી કૃત્યનું ફળ બરાબર ભોગવજે—જ્યાં સુધી હરિશ્ચંદ્ર જીવતો હશે ત્યાં સુધી આ પુષ્પાવતીના પ્રાણને શાન્તિ મળશે નહિ. હવે તો બસ ત્હારૂં મૃત્યુ કરવું એજ મ્હારૂં લક્ષ્ય છે—એજ મ્હારો ઉદ્દેશ છે ! ”

બરાબર આ સમયેજ ડૉકટર રજનીચંદ્ર ત્યાં આવી ચઢ્યો. તેને છંછેડાયલી પુષ્પાવતી આ સમયે અતિ સુંદર માલૂમ પડી. રજનીચંદ્ર તેને જોતાંજ ચમકી ઉઠ્યો. તેણે કહ્યું:—“ આજે આટલા

બધા ઠાઠમાઠમાં કેમ છે ?"

પુષ્પાવતીઃ—ના ના સહજજ; પરંતુ મ્હારા સાંભળવામાં એક વાત આવી છે. તમે સાંભળી છે ?

રજનીચંદ્રઃ—ત્હારા કહ્યા સિવાય હું કેવી રીતે જાણી શકું કે શી વાત ?

પુષ્પાવતીઃ—ઘણી ગંભીર તેમજ મહત્વની વાત છે.

રજનીચંદ્રઃ—શી વાત ?

પુષ્પાવતીએ જે વસ્તુ હરિશ્ચંદ્રને બતાવી હતી તેજ વસ્તુ રજનીચંદ્રને બતાવી. તે જોતાંજ રજનીચંદ્રે આશ્ચર્યથી ચમકી ઉઠીને કહ્યુંઃ—"એ આ મકાનમાં ક્યાંથી આવ્યો ?!"

પુષ્પાવતીઃ—તમારા ભાઇની બહાદૂરીથી આવ્યો !

રજનીચંદ્રઃ—ત્યારે હવે કાંઇ ઉપાય ? તુંજ એ આપદને ખેંચી લાવી છે. મ્હેં તેને અહમ્મદનગરથી હાંકી કાઢ્યો હતો તો પણ ત્હેં તેને પુનઃ આગ્રહ કરીને બોલાવ્યો. હવે શું કરવું ? આબરૂ ચાલી જશે, પ્રતિષ્ઠાને હાનિ પહોંચશે. તું શું કરવાની સલાહ આપે છે ?

પુષ્પાવતીઃ—કરવાનું શું છે ? હમણાંજ હું કેશવજી શેઠની પાસે જઇશ. તમે તેમની પાસે ક્ષમા માગવા સંબંધીનો એક પત્ર મ્હને લખી આપો. એ પત્રમાં એવું સ્પષ્ટ લખી દ્યો કે, "હરિશ્ચંદ્રને હું ત્વરાથી આ ઘરમાંથી હાંકી કાઢીશ, અને તેથી પરિણામે તમને કોઈ પણ પ્રકારની ચિંતા રાખવાનું કારણ મળશે નહિ."

રજનીચંદ્રે કાંઈ વિચાર કર્યો. ત્યાર પછી તેણે કહ્યુંઃ—"હું અગાઉથીજ લખીને ગુન્હો કબૂલ કરૂં ?"

પુષ્પાવતીઃ—હા, તેઓ આ પ્રકાર જાણી શક્યા છે. હમણાં જો આપણે હરિશ્ચંદ્રને અહિંથી કાઢી મૂકીશું તો પણ તેઓ કેસ ચલાવ્યા સિવાય રહેશે નહિ. તેઓ મ્હારીજ સાક્ષી મૂકશે, અને હું મરી જઈશ તો પણ મ્હારાથી જુઠું બોલાશે નહિ. વળી આ બ્રિટિશ ગવર્નમેન્ટનું રાજ્ય છે—હરિશ્ચંદ્ર નાશી નાશીને પણ ક્યાં જઇ શકશે ?

રજનીચંદ્રઃ—ત્યારે એવા ભાવનો પત્ર લખી આપું કે, ખરો

પ્રકાર ખુલ્લો ન થઈ જાય.

પુષ્પાવતીએ આ વાતમાં સંમતિ આપી. રજનીચંદ્રે લખ્યું કેઃ-
"મ્હારા મુખ તરફ નજર કરી દયા ભાવે ક્ષમા કરજો. તેને જલ-દીથીજ હું અહિંથી દૂર કરીશ, અને જ્યાં સુધી તે અહિં રહેશે ત્યાં સુધી હું તેના પર બરાબર દેખરેખ રાખીશ. આપની વસ્તુ મ્હેં આ સાથે મોકલી છે.

ક્ષમાભિલાષિ-**રજનીચંદ્ર.**"

પુષ્પાવતી આ પત્ર તેમજ હાર લઇને ઉઠી ઉભી થઇ. રજનીચંદ્રે હરિશ્ચંદ્રને બોલાવ્યો.

ખરી વાત એ હતી કે પુષ્પાવતી જે મકાનમાં રહેતી હતી તેજ મકાનમાં પહેલે માળે રહેતા કેશવજી શેઠની પત્નીનો એક કંઠહાર તેમજ એક વિંટી ચોરાયાં હતાં. કેશવજી શેઠની સ્ત્રીએ પતિના ભયને લીધે એ વાત પતિને કહી નહોતી. પછીથી શેઠને જ્યારે તપાસ કરતાં માલૂમ પડી આવ્યું કે તેમની સ્ત્રીનાં એ ઘરેણાં ખોવાયાં છે, ત્યારે તેમણે એ સંબંધી શું બન્યું છે તે જાણવાને પત્નીને પૂછ્યું. તેમની પત્નીએ કહ્યું:-"ચોરાઇ ગયાં હશે. હું કાંઈ જાણતી નથી." કેશવજીને પત્નીના ચરિત્ર ઉપર વિશ્વાસ નહોતો. તેમનું ચિત્ત સંદિગ્ધ હોવાથીજ તેમને પત્નીના ચરિત્ર ઉપર અવિશ્વાસ હતો; નહિતો ખરી રીતે તેમની પત્ની લક્ષ્મીસ્વરૂપા હતી. કેશવજી શેઠે આ ચોરી ઉપર પણ ઘણો સંદેહ કર્યો. ત્યાર પછી આ ચોરી સંબંધીની હકીકત તેમણે પોલિસમાં જાહેર કરી. આ પ્રકાર ત્રિજે દિવસે બન્યો હતો તેમજ મકાનમાં રહેતાં સઘળાં માણસોના જાણવામાં આવ્યો હતો.

આ કુકર્મ પુષ્પાવતીનું હતું. જ્યારે હરિશ્ચંદ્રદ્વારા પોતાની ઇચ્છા તૃપ્ત થાય એમ નથી એમ તેના જાણવામાં આવ્યું ત્યારે તેણે એક નવોજ માર્ગ સ્વીકાર્યો. કેશવજી શેઠના દિવાનખાનામાં પુષ્પાવતી ગઇ હતી, અને તે જાતેજ આ ઘરેણાં ચોરી લાવી હતી. તેના હૃદયમાં પ્રેમને બદલે શત્રુતાએ સ્થાન લીધું હતું. તેણે રમણીને બદલે રાક્ષસીનું સ્વરૂપ ધારણ કર્યું હતું, તેથીજ તેણે હરિશ્ચંદ્રનો જીવ લેવાની ખટપટ કરવા માંડી હતી!

સિપાઇની સાથે હરિશ્ચંદ્ર રજનીચંદ્ર પાસે આવી પહોંચ્યો. સિપાઇને વિદાય કરી રજનીચંદ્રે ક્રોધથી–કર્કશ કંઠે કહ્યું:–"તું આવું નીચ કામ કરવાને માટે મ્હારી પાસે શા માટે આવ્યો?"

હરિશ્ચંદ્ર:–કેમ? મ્હેં શું કર્યું છે?

રજનીચંદ્ર:–હજી પણ શું કર્યું છે? દુષ્ટ! ત્હેં અમારો વિનાશ કરવાના માર્ગનેજ સ્વીકાર્યો છે. તું કોનો હાર ચોરી લાવ્યો હતો?

હરિશ્ચંદ્ર:–હું તો કોઇનો હાર ચોરી લાવ્યો નથી.

રજનીચંદ્ર:–ત્યાર શું, મ્હેં ચોરી કરી છે?

હરિશ્ચંદ્ર:–ભાઈ! હું તમારા સોગન ખાઇને કહુંછું કે મ્હેં ચોરી કરી નથી. એ હાર પહેલવહેલો મ્હેં પુષ્પાબાઇના હાથમાં જોયો હતો.

રજનીચંદ્ર:–ત્યારે પુષ્પાવતીએ ચોર્યો છે, કેમ?

હરિશ્ચંદ્ર:–એ સંબંધી હું કાંઈ જાણુતો નથી.

રજનીચંદ્ર:–નિમકહરામ! પુષ્પાવતી ત્હારે માટે આટલું બધું કરે છે, તે ત્હારા ઉપર અસાધારણ પ્રેમ રાખે છે, તે ત્હારે માટે ક્ષમાભિક્ષા માગવાને ગઈ છે, તેના પર ચોરીનું કલંક મૂકતાં તને બિલકુલ શરમ નથી આવતી? નિમકહરામ! કૂતરા! અહિંથી ચાલ્યો જા!

હરિશ્ચંદ્રનાં નેત્રોમાં આંસુ ભરાઇ આવ્યાં. તેણે ગદ્‌ગદ્ કંઠે કહ્યું:–"પુષ્પાવતી મ્હારાં માતા છે. તેઓ શા માટે મ્હારા પર પ્રેમ ન રાખે? હું આવતી કાલની સવારની ગાડીમાંજ ચાલ્યો જઇશ; પરંતુ ભાઈ! મ્હને અભય આપો. મ્હારે તમને એક વાત કહેવાની છે–તમે મ્હારા મ્હોટા ભાઈ છો–તમારા કલ્યાણમાંજ મ્હારૂં કલ્યાણ છે. તમે કૃપા કરીને આ રમણીનો સંગ છોડી દ્યો. ઘરની લક્ષ્મી ભૂખના દુઃખથી રીબાય છે, રાત્રિ દિવસ તમને યાદ કર્યા કરે છે, અને તમે અમૃતને બદલે ઝેરને પીઓ છો!"

રજનીચંદ્ર આ વાક્યોનો કાંઈ ઉત્તર આપ્યા સિવાય ક્રોધે ભરાઇ બરબડતો બરબડતો ચાલ્યો ગયો. હરિશ્ચંદ્ર સ્હવારે વિદાય થવાનો હોવાથી પોતાનાં વસ્ત્રો એકઠાં કરવા લાગ્યો.



હરિશ્ચંદ્રે રજનીચંદ્રને કહ્યું:—" તમે કૃપા કરીને આ રમણીનો સંગ છોડી દ્યો. " જુઓ ચિત્ર ૪ થું.

પ્રકરણ ૩ જું.

ભયંકર કાવત્રુ.

" શ્વાસથી આગ જે વરસાવે તે અજગર છું હું;
જિદમાં તુફાન તો ગુસ્સામાં સમન્દર છું હું,
હુ બાળીશ, ઉડાવીશ, ડૂબાવીશ તને;
ફરી ગયેલા ત્હારા ભાગ્યનું ચક્કર છું હું ! "

કેશવજીશેઠની અટક ગમે તે હોય; પરંતુ સૌ તેમને રાજાસાહેબ કહીને બોલાવતા હતા. આ ખિતાબ તેમને કેમ તથા કેવી રીતે મળ્યો તેનું કાંઇ ખાસ કારણ કોઇના જાણવામાં નહિ હોવા છતાં સૌ તેમને રાજાસાહેબના સંબોધનથીજ સંબોધતાં હતાં. અમે પણ તેમને રાજાસાહેબ સંબોધનથી સંબોધીશું.

રાજાસાહેબની રીતભાત, તેમનો પહેરવેશ વગેરે સભ્યસમાજને યોગ્ય થઈ પડે એવાં હતાં; છતાં એ સઘળું જાતીયતા વિવર્જિત જણાતું નહોતું. તેમના પિતાએ સ્વદેશમાંથી ખાલી હાથે મુંબઈમાં આવી કપડાંની ફેરી કરીને કાળક્રમે અઢળક દ્રવ્ય એકઠું કર્યું હતું; પરંતુ તેઓ એ દ્રવ્યને ભોગવી શકવાને માટે ભાગ્યશાળી થયા નહોતા. તેમણે પોતાની પેદા કરેલી સઘળી સંપત્તિ પુત્રના હાથમાં સમર્પણ કરી, ઈશ્વરનું આમંત્રણ થતાંજ પરલોક–પ્રયાણ કર્યું હતું. રાજાસાહેબનો જન્મ મુંબઇમાં થયો હતો, તથા મુંબઇની વિલ્સન કૉલેજમાં તેમણે ઈંગ્રેજી વિદ્યાનું શિક્ષણ સંપાદન કર્યું હતું.

રાજાસાહેબની ઉમ્મર ત્રિસ વર્ષ કરતાં વધારે નહોતી. તેઓ કોઇ પણ પ્રકારનો વ્યાપાર ધંધો કરતા નહોતા. માત્ર પિતૃસંપત્તિને વ્યાજે ફેરવીને પોતાના દિવસો પસાર કરતા હતા. કાલબાદેવી ઉપર તેઓ જે મકાનમાં રહેતા હતા એ મકાન તેમનું પોતાનું હતું, તથા મકાનના બે માળ ભાડે આપી ત્રિજે માળે તેઓ પોતે રહેતા હતા.

રાજાસાહેબની દયાદૃષ્ટિ પુષ્પાવતી પ્રત્યે કાંઈક આકર્ષાઇ હતી; પરંતુ પુષ્પાવતી હવે પૂર્વના જેવી નથી. તે હવે સ્વચ્છંદતાથી વર્તી શકતી નથી. તેના હૃદયમાં વેદના ઉત્પન્ન થઇ છે. તે એક માણસને તેનું હૃદય સ્વાધીન કરી ચૂકી છે. રાજાસાહેબ પોતાની પાછળ દીવાના બન્યા છે, એ પુષ્પાવતી સારી રીતે જાણે છે; પરંતુ તેણે કદાપિ રાજાસાહેબને તેમની વૃત્તિને ઉત્તેજન મળે એવા ભાવથી તેમના તરફ નજર સુદ્ધાં કરી નથી.

આજે પુષ્પાવતી સ્વેચ્છાથી રાજાસાહેબની પાસે ગઈ, અને તેમને એકાંતમાં લઇ જઇને તેમની પાસે ખુરસી નાંખી બેઠી.

રાજાસાહેબે કહ્યું:—“ડૉકટરસાહેબા ! શા કારણે આજે મ્હારૂં ઘર પવિત્ર કર્યું ? તમે મ્હારા પ્રત્યે ઘણી કૃપા દર્શાવી છે !”

પુષ્પાવતી:—રાજાસાહેબ ! સૌભાગ્ય દુર્ભાગ્યને હું સમજતી નથી. હું તમને ચ્હાઉં છું. જ્યાં સુધી હું જીવતી હોઇશ—જ્યાં સુધી મ્હારા જીવમાં જીવ હશે—ત્યાં સુધી હું આપનું બુરૂં થતું જોઈ શકીશ નહિ; તેથીજ હું આપની પાસે આવી છું.

રાજાસાહેબ:—તમે મ્હને ચ્હાઓ છો ! કેવી મધુર અમૃતધારાએ મ્હારી ચિત્તભૂમિને પવિત્ર કરી ? ડૉકટર સાહેબા ! મ્હારૂં બુરૂં કોણે કર્યું છે ?

પુષ્પાવતી:—એ હકીકત સાંભળવાથી આપના પરમ પવિત્ર કોમળ હૃદયને દુ:ખ થશે.

રાજાસાહેબ:—એવા તે શા સમાચાર છે ? તમે મ્હારે માટે નિર્ભય રહો, અને જે હકીકત બની હોય તે બેલાશક કહો.

પુષ્પાવતી:—હું આપને અંત:કરણથી ચ્હાઉં છું, તેથીજ કહેવાને માટે આવી છું; નહિ તો આપના અનિષ્ટની, આપના કુળકલંકની વાત કહેવાને માટે હું શા માટે આપની પાસે આવત ? મ્હારે શા માટે આપના આત્માને ખોટું લગાડવું જોઇએ ?

રાજાસાહેબ:—શું થયું છે તે કૃપા કરી જલદી કહો. તમારો એકેક શબ્દ મ્હારી ઉત્સુકતાને વધારી દઇ મ્હને આકુળ વ્યાકુળ

બનાવી દેશે.

પુષ્પાવતીઃ—આપની પત્ની પવિત્ર રમણી છે—પરંતુ તેના યૌવનની ઉચ્છ્રંખલ લાલસા ડૉક્ટર સાહેબના ન્હાના ભાઇ હરિશ્ચંદ્ર પર પડી છે.

રાજાસાહેબ કૂદકો મારીને ઉઠી ઉભા થયા. તેમના કપાળમાંની સઘળી નસો ઉપસી આવી. ઉત્તેજિત સ્વરે તેમણે કહ્યુંઃ—"આ વાત તમને કોણે કરી ?"

પુષ્પાવતીઃ—સાંભળો રાજાસાહેબ ! હું આપને પ્રથમથીજ કહી ચૂકી છું કે હું આપને મ્હારા જીવન કરતાં પણ વિશેષ ચ્હાઉં છું તેથીજ આપને આ ગુપ્ત કલંકપૂર્ણ હકીકત નિવેદન કરવાને આવી છું. વ્યાકુળ ન બની જાઓ—યોગ્ય ધૈર્ય ધારણ કરો, અને મ્હારી હકીકત લક્ષ્યપૂર્વક સાંભળો.

રાજાસાહેબઃ—હું તમારી હકીકત સાંભળી શકતો નથી. તમારે હવે જે કાંઇ કહેવું હોય તે ઘણા સંક્ષિપ્તમાં કહો. વળી તમારે પ્રમાણ સાથે મ્હને આ હકીકત કહેવી પડશે. કહો કહો, હવે વિલંબ ન કરો.

પુષ્પાવતીઃ—આપની પત્નીએ તેનો કંઠહાર તથા હાથમાંની સુવર્ણમુદ્રિકા હરિશ્ચંદ્રને આપ્યાં હતાં

રાજાસાહેબે સવિશેષ ઉત્તેજીત સ્વરે કહ્યુંઃ—"તદ્દન ખોટી વાત ! એ વસ્તુઓ ચોરાઈ ગઇ છે ! તમને આવી ખોટી હકીકત કોણે કહી છે ?"

પુષ્પાવતીઃ—જો એ વસ્તુઓ ચોરાઇ ગઇ હોત તો આપની પત્નીએ એ હકીકત આપને તરતજ નિવેદન કરી હોત. આ જુઓ એ કંઠહાર અને સુવર્ણમુદ્રિકા.

રાજાસાહેબનાં નેત્રોમાંથી અગ્નિવૃષ્ટિ થવા લાગી. તેમનું મસ્તક ફરી ગયું. હૃદય છિન્નવિછિન્ન થઇ ગયું. દાંતથી ઓષ્ઠ દબાવીને તેમણે કહ્યુંઃ—"આ શું ? !"

પુષ્પાવતીઃ—ઉતાવળા ન થાઓ. આપ મરદ માણસ છો. સાધારણ સ્ત્રીજાતિની માફક આ પ્રકારથી અસ્થિર બની ન જાઓ. સાંભળો—સઘળી હકીકત એક વખત સાંભળો.

રાજાસાહેબઃ—હવે કાંઈ સાંભળવાની મ્હારી ઈચ્છા નથી, છતાં તમારૂં અપમાન કરી શકતો નથી; જે કહેવાનું બાકી રહ્યું હોય તે જલદીથી કહી નાંખો.

પુષ્પાવતીઃ—આથી કરીને ડૉકટર સાહેબે એક પત્ર લખી આપ્યો છે. આ જુઓ આપને હરિશ્ચંદ્રનો ગુન્હો માફ કરવો પડશે—દયા દર્શાવવી પડશે.

પુષ્પાવતીએ રજનીચંદ્રનો પત્ર રાજાસાહેબના હાથમાં મૂકયો. રાજાસાહેબે દીપક પાસે જઇ એ પત્ર વાંચી જોયો, અને ત્યાર પછી તેના અસંખ્ય ટુકડા કરી નાંખ્યા. પછી તેમણે કઠોર સ્વરે કહ્યું:—"ક્ષમા ! હા, હરિશ્ચંદ્રના લોહીથીજ આ ગુન્હાની તેને ક્ષમા મળશે. તમારે હવે જવું હોય તો ભલે જાઓ."

પુષ્પાવતીઃ—આપ આટલા બધા ઉતાવળા કેમ થઇ ગયા ? હું ફરીથી કહું છું કે, રાજાસાહેબ ! પ્રાણાધિક ! જીવન-સર્વસ્વ ! હું આપને ચ્હાઉં છું. ઘણા દિવસથી હૃદયમાં રાખેલી વાત આજે આપને જણાવું છું. આપની હિતાકાંક્ષિણી તરીકે હું આપને પ્રાર્થના કરૂં છું કે, આ પ્રકારને સહન કરો. આપને દુઃખી કરવાનો મ્હારો ઉદ્દેશ નથી.

રાજાસાહેબઃ—પાપીને તેના પાપનો બદલો આપવામાં કાંઇ પાપ નથી.

પુષ્પાવતીઃ—પરંતુ એમ કરવાથી આપને શિરે સંકટ આવશે, એ આપ જાણો છો ?

રાજાસાહેબઃ—જેની સ્ત્રી પરપુરૂષ સાથે પ્રેમ કરે છે તે પુરૂષને માટે સુખ દુઃખ છેજ કયાં ?

પુષ્પાવતીઃ—નહિ નહિ, આપ ભૂલોછો. પ્રેમ કાંઇ જબરદસ્તીથી ઉત્પન્ન થતો નથી. ડૉકટર સાહેબ મ્હને ખુશી રાખવામાં કયાં પાછી પ્હાની કરે છે; છતાં મ્હારો જીવ આપની તરફ કેમ આકર્ષાય છે ? આપને જોતાંજ મ્હારા જીવને કેમ અપૂર્વ આનંદ થાય છે ?

રાજાસાહેબઃ—ડૉકટરસાહેબા ! કાંઈ પણ પ્રકારનો વિચાર કર-

વાનો અવકાશ નથી–સમસ્ત હૃદય બળીને ખાખ થઇ જાય છે. હરિશ્ચંદ્રનું લોહી રેડાયા સિવાય મ્હારા હૃદયમાં સળગી રહેલો ક્રોધાગ્નિ શાંત થનાર નથી.

પુષ્પાવતી સમજી ગઇ કે તેનો શ્રમ વ્યર્થ ગયો નથી; વિષ-ક્રિયાની શરૂઆત થઇ ગઈ છે. યોગ્ય સમય વિચારીને તેણે પૂછ્યું:– "ત્યારે આપની શી ઇચ્છા છે?"

રાજાસાહેબ:–હરિશ્ચંદ્રનું લોહી રેડાયેલું જોવાનીજ ઇચ્છા છે.

પુષ્પાવતી:–નજીવા કારણથી ઉત્તેજિત બની જઇને આપ શા માટે આપનો જીવ જોખમમાં નાંખો છો? આ ન્યાયી સરકારનું રાજ્ય છે–માટે ખૂનના બદલામાં આપનું ખૂન થશે; અને તેને પરિણામે મ્હારો જીવ બળીને ખાખ થઈ જશે.

રાજાસાહેબ:–મ્હને મૃત્યુની ચિંતા નથી.

પુષ્પાવતી:–નહિ નહિ, હું આપને શિરે સંકટ આવેલું જોઇ શકીશ નહિ.

આમ કહીને પુષ્પાવતી ખુરસી પરથી ઉઠીને ઉભી થઇ. તેનાં નેત્રોમાં અગ્નિ સળગી રહ્યો. તેણે કહ્યું:–"ત્યારે તેમજ કરીશું. આજેજ હું આપની ઇચ્છા પૂરી કરીશ. સાંભળો રાજાસાહેબ! હરિશ્ચંદ્રે મ્હારા સર્વસ્વનો નાશ કર્યો છે–જબરદસ્તીથી મ્હારા સતીત્વનો નાશ કર્યો છે. મ્હારી પાસે જે દ્રવ્ય હતું, તે ચોરી કરીને તેણે ઉડાવી દીધું છે–તેનું મૃત્યુ નિપજે તો મ્હારા વેરની વસુલાત પણ થઇ ગણી શકાય તેનું લોહી રેડાયાથી મ્હારા જીવને પણ શાંતિ થાય! એ આવતી કાલે સ્હવારેજ ઘેર ચાલ્યો જવાનો છે, માટે આપણે આપણું કામ આજેજ આટોપી નાંખવાનું છે. આપ મ્હને એક ગુપ્ત-ઘાતક સોંપજો! હરિશ્ચંદ્ર દવાખાનામાંજ સૂઈ રહે છે. હું આજે દવાખાનાનું પ્રવેશદ્વાર ખુલ્લું રાખીશ."

રાજાસાહેબ કાંઈ સમજી શકયા નહિ. તેમણે કાંઇ વિચાર કરી જોયો નહિ. રાક્ષસી પુષ્પાવતીએ પાથરેલી જાળમાં તેઓ ફસાઇ પડયા. પોતાના હેતુમાં સફળતા પ્રાપ્ત થયેલી જોઇને પુષ્પાવતી આનંદ પામી

ત્યાંથી ચાલી ગઈ.

રાજાસાહેબે પોતાના પરમ વિશ્વાસપાત્ર રસોઇયાને બોલાવી તેને હરિશ્ચંદ્રની હત્યા કરવાનું કહ્યું. રસોઇઓ હરિશ્ચંદ્રને ઓળખતો હતો. રાજાસાહેબે તેને તે કાર્યના બદલામાં બે હજાર રૂપિયા ઈનામ તરીકે આપવાનું કહ્યું, તથા જણાવ્યું કેઃ-" કાર્ય પૂરૂં કરી, રૂપિયા લઇ તું ત્હારા સ્વદેશમાં ચાલ્યો જજે."

રસોઇઓ બે હજાર રૂપિયાના લોભનો ત્યાગ કરી શક્યો નહિ. તેણે ઘણા સમય સુધી બેસી રહીને કાંઇ વિચાર કર્યા કર્યો, અને ત્યાર પછી તે આ કાર્ય કરવાને કબૂલ થયો.

પ્રકરણ ૪ થું.

ખૂન.

હમ્મેશાં પ્રભાતકાળે નોકર દવાખાના આગળ આવી બારણાં ખખડાવીને હરિશ્ચંદ્રને જગાડતો હતો, અને હરિશ્ચંદ્ર જાગૃત થઇને દ્વાર ઉઘાડતો એટલે નોકર દવાખાનામાં પ્રવેશ કરી સાફસુફ કરતો હતો.

આજે પણ નોકર નિત્યના નિયમ પ્રમાણે પ્રભાતકાળેજ આવી ચઢ્યો, તથા તેણે બારણાં ખખડાવ્યાં કે તરતજ ઉઘડી ગયાં. નોકરે આશ્ચર્ય પામીને અંદર પ્રવેશ કર્યો, તથા હરિશ્ચંદ્રની પથારી પાસે જઈ પહોંચતાંજ તે બૂમ પાડી ઉઠ્યો !

હરિશ્ચંદ્ર શય્યામાં નથી. લોહીથી તેની પથારી ભીંજાઈ ગઇ છે. પથારીની આસપાસ પૃથ્વી પર પાથરવામાં આવેલી શેતરંજી પણ લોહીથી ભીંજાઇ ગઇ છે. આ દેખાવ જોઇને નોકર "આવો-કોઇ જલદી આવો-ખૂન થયું છે" કહીને બૂમો મારવા લાગ્યો.

આ બૂમ રજનીચંદ્રે સાંભળી. તે બીજે માળે સૂઇ રહેતો હતો ત્યાંથી ઉઠીને એકદમ નીચે દવાખાનામાં આવ્યો. આવતાંની સાથેજ તેણે જે દેખાવ જોયો તેથી તે પણ આક્રંદ કરવા લાગ્યો. રસ્તા પર પહેરો ભરનાર સિપાઈ પણ નોકરની બૂમ સાંભળીને આવી

ચઢયો. મકાનમાંથી રાજાસાહેબ, પુષ્પાવતી વગેરે સૌ દવાખાનામાં એકત્ર થઇ ગયાં.

હરિશ્ચંદ્રની શય્યાને શૂન્ય જોઇ—રક્તથી ભીંજાઇ ગયેલી જોઈ—રાજાસાહેબે એક ગાઢ નિશ્વાસ મૂકયો. પુષ્પાવતીનાં નેત્રો મીંચાઈ જવા લાગ્યાં. તેના અંતરમાં ભયંકર દુઃખ થવા લાગ્યું. તેની છાતી જોરથી ધડકવા લાગી. તેણે મર્મભેદક સ્વરે કહ્યું:—“ હરિશ્ચંદ્ર નથી ! ”

તેનાં નેત્રોમાં આંસુ નથી. શ્વાસ ત્વરાથી ચાલે છે. મુખ મલિન થઇ ગયું છે. જાણે કે તે દીવાની બની ગઈ છે—ઉન્માદિની થઈ ગઇ છે !

પૂર્વે તે જાણુતી નહોતી કે હરિશ્ચંદ્રનું મૃત્યુ થવાથી—તેનું લોહી રેડાયાથી—તેને આટલું બધું દુઃખ થશે. તેને પૂર્વે એવો અનુભવ પણ થયો નહોતો કે જેની તરફ પ્રેમ હોય છે તેના પર એક ક્ષણને માટે અભિમાન સુદ્ધાં ટકતું નથી તો પછી તેનું લોહી રેડાયલું તો કયાંથીજ જોઇ શકાય ? પૂર્વે પુષ્પાવતીએ કોઇના પર પણ અંતઃકરણપૂર્વક પ્રેમ કર્યો નહોતો—લોકોનું હૃદય, મન, પ્રાણ લઇને તે રમ્યા કરતી હતી—પ્રેમને ચરણો નીચે ચગદી નાંખતી હતી; પરંતુ હરિશ્ચંદ્રના પર તેનો અંતઃકરણનો સ્નેહ હતો. તે તેને પોતાનું હૃદય અર્પણ કરી ચૂકી હતી. આટલે દિવસે તે સમજી કે તેણે હરિશ્ચંદ્રનું ખૂન કરાવી ભયંકર અગ્નિ સળગાવ્યો છે. એ અગ્નિમાં તેનું અંગ પ્રત્યંગ, જીવ વગેરે બળી મરવા લાગ્યું છે.

પુષ્પાવતી હરિશ્ચંદ્રની શય્યાના ભયંકર દેખાવને જોઇ શકી નહિ. તેનાથી ઉભાં રહી શકાયું નહિ, તેમ બેસી શકાયું પણ નહિ. સમસ્ત સંસાર તેને નરકાગાર જેવો જણાયો. તે ત્વરાથી ત્યાંથી ચાલી ગઇ.

રજનીચંદ્ર રૂદન કરવા લાગ્યો. તે સ્પષ્ટ રીતે સમજી શકયો કે, રાજાસાહેબનાજ કોઇ માણસે તેના સ્નેહ—માયાના આધાર કનિષ્ઠ બંધુને જીવતો મારી નાંખ્યો છે.

રૂદન કરતાં કરતાં તેણે નોકરને પોલિસગેટ પર જઇને ફોજ-

દારને બોલાવી લાવવાનું કહ્યું.

થોડા સમયમાંજ કેટલાક પોલિસના માણસો સાથે પોલિસ-ઈન્સ્પેકટર આવી પહોંચ્યો. તેણે લક્ષ્યપૂર્વક સમસ્ત દવાખાનાની તપાસ કરીને એક છરો શોધી કાઢ્યો. ત્યાર પછી નોકરને પૂછ્યું:–"તું અહિં ક્યારે આવ્યો હતો, તથા બારણાં ખુલ્લાં છે એમ તને કેવી રીતે માલૂમ પડયું ?"

નોકરે ઉત્તર આપ્યો:–"હું હમ્મેશાંના નિયમ પ્રમાણે લગભગ પાંચ વાગ્યાના સુમારે આવ્યો હતો. આવતાંની સાથે મ્હેં હરિશ્ચંદ્ર-ભાઇને બૂમ મારી હતી; પરંતુ તેમના તરફથી કાંઈ ઉત્તર નહિ મળ-વાથી મ્હેં બારણાં હલાવ્યાં, એટલે બારણાં તરતજ ઉઘડી ગયાં.

ઇન્સ્પેકટર:–દરવાજો હંમેશાં અંદરથી બંધ રહેતો હતો કે ?

નોકર:–હા. કાલે રાત્રે જ્યારે હું અહિંથી ગયો ત્યારે મ્હેં હરિશ્ચંદ્રભાઇને બારણાં બંધ કરતાં જોયા હતા. તેમજ તેમણે અંદર સાંકળ પણ મારી હતી એમ સાંકળના ખખડવાથી હું સમજી શકયો હતો.

ઈન્સ્પેકટરે રજનીચંદ્ર તરફ નજર કરીને કહ્યું:–"મ્હને લાગે છે કે આ મકાનમાંનાજ કોઇ માણસે ખૂન કરેલું હોવું જોઇએ. મકાનમાંથીજ આવીને કોઇએ આ છરાથી ખૂન કર્યું છે, તથા તપા-સનો માર્ગ બંધ કરવાના હેતુથી શબને અહિંથી ખસેડી નાંખવામાં આવ્યું છે. તો પણ ખૂનીનું કોઇ મદદગાર જણાતું નથી ! એક માણસ નિર્વિઘ્ને ખૂન કરી, શબદેહને છૂપાવી શકે એ સંભવિત નથી."

"ત્યારે શું હું મ્હારા પ્રાણાધિક ભાઇને ફરીથી નહિંજ જોઇ શકું ?" આમ કહીને રજનીચંદ્ર એ સ્થાને બેસી પડયો. તેના અંત-રમાં અપાર દુઃખ થવા લાગ્યું.

ઈન્સ્પેકટર યોગ્ય તપાસ કરીને–પોતાનું કાર્ય સંપૂર્ણ કરીને લગભગ દશ વાગ્યે ચાલ્યો ગયો.

રજનીચંદ્ર હજી સુધી ત્યાં બેસી રહ્યો હતો. નોકરે પોલિસ ઈન્સ્પેકટરની રજા મળવાથી બધું લોહી ધોઇ નાંખ્યું. લોહીથી ભીંજા-યલું ગોદડું ઉશિકું અને શેતરંજી પોલિસ ગેટમાં લઇ જવામાં

આવ્યાં હતાં.

રજનીચંદ્ર અસાધારણ દુઃખથી દીવાના જેવો થઇ ગયો છે. હૃદય અસ્થિર બની ગયું છે. આટલા લાંબા કાળને અંતરે તેને પોતાના ન્હાના ગામડાનું સ્મરણ થઇ આવ્યું. સ્મરણ થઇ આવતાંજ તે એક ન્હાના બાળકની માફક રડવા લાગ્યો. સાથે સાથેજ તેને તેની માતાનાં વચનો યાદ આવ્યાં. રડતાં રડતાં તે બોલી ઉઠયોઃ— "મા મા ! ત્હારો હરિ હવે આ સંસારમાં નથી ! મા ! જ્યારે આ સમાચાર ત્હારા જાણવામાં આવશે ત્યારે ત્હારી કેવી શોચનીય સ્થિતિ થશે ? મા! મ્હારી ભૂલને લીધેજ ત્હારા નયનમણિનો નાશ થયો છે !"

બરાબર આજ વખતે પોષ્ટમેન આવીને રજનીચંદ્રની આગળ બે પત્રો મૂકી ગયો. એક પત્ર ઘેરથી આવ્યો હતો, અને બીજો પત્ર દમ્મણથી ચંદ્રશંકર નામના એક સ્નેહીએ લખેલો હતો. બીજો પોસ્ટ-કાર્ડ હતો તેથી રજનીચંદ્રે બીજા પત્રનેજ પ્રથમ વાંચવા માંડયો. તેમાં તેના સ્નેહી ચંદ્રશંકરે લખ્યું હતું કેઃ—"આ પત્ર મળે કે તરતજ અહિં આવજે. અહિં એક બાળિકા બીમાર છે. વખત ઘણો ભયંકર છે, માટે વિલંબ કરશો નહિ. તમને તમારી મહેનતનો ઘણો સારો બદલો આપીશું. ગમે એવું જરૂરી કામ હોય તે પણ પડતું મૂકીને આવજો. અમારે ત્યાંનાં બે ચાર માણસોને તમારા ઔષધથી આરામ થયેલો હોવાથી તમારા પર અમારી સૌની અસાધારણ શ્રદ્ધા છે."

ત્યાર પછી કવર ફોડી રજનીચંદ્રે ઘેરથી આવેલો પત્ર વાંચવા માંડયો. એ પત્ર વિષ્ણુપ્રસાદે લખ્યો હતો. તેમણે લખ્યું હતું કેઃ—

"ચિ૦ રજનીચંદ્ર !

ત્હારા વંશમાં ત્હેંજ સારી રીતે અભ્યાસ કર્યો છે. સગાં વ્હાલાં ત્હારી તરફથી ઘણી આશા રાખતાં હતાં; પરંતુ તું છેકજ અધો-ગતિને આધીન થયો ! ત્હારા ઘરની શોચનીય સ્થિતિના સમાચાર લખતાં લખતાં મ્હારા હાથમાંની લેખિની પણ ધ્રુજી ઉઠે છે. ત્હારી પત્ની સ્નેહલતા તેના પર એક પ્રકારનો જુલ્મ થયેલો હોવાથી કોઇને કાંઇ કહ્યા સિવાય અહિંથી ચાલી ગઇ છે. તેના નાશી જવાથી કેટલાક

નીચ લોકો તેને માથે કલંક મૂકીને અનેક આડાં અવળાં ગપ્પાં હાંકે છે; પરંતુ હું જાણું છું કે, એ નિર્દોષ બાળિકા વિશેષ જુલ્મને સહન કરવાને અશક્ત હોવાથીજ આગળ પાછળનો વિચાર કર્યા સિવાય શાન્તિ મેળવવાની આશાથી કોણ જાણે કે કયાંય ચાલી ગઈ છે! ત્હારી માતાની સ્થિતિ પણ ઘણી શોચનીય છે. પત્ર વાંચતાની સાથેજ ઘર તરફ આવજે. ત્હારી સાથે હરિશ્ચંદ્રને તેડતો આવજે."

"સ્નેહલતા! સ્નેહલતા! શું તું કલંકિની છે! હાયરે હતભાગ્ય રજની! આટલા દિવસ પછી તું કયે મુખે સ્નેહલતાના નામનો ઉચ્ચાર કરવાનું સાહસ કરે છે?"

રજનીચંદ્રે પોતાના મન સાથેજ આ પ્રમાણે કહ્યું. ત્યાર પછી વિષ્ણુપ્રસાદનું વાકય યાદ આવ્યું કે "ત્હારી સાથે હરિશ્ચંદ્રને તેડતો આવજે." પરંતુ હાય! હરિશ્ચંદ્ર કયાં છે?!

પ્રકરણ ૫ મું.

ખૂન પર ખૂન કે આત્મહત્યા?

રજનીચંદ્ર દવાખાનાના ઓરડામાં ઘણા સમય સુધી બેસી રહીને દેશ વિદેશ, આકાશ પાતાળ, સ્વર્ગ નર્ક વગેરેના વિચારો કરવા લાગ્યો. વિચારોને અંતે તેણે પોતાના મન સાથે કહ્યું:—"અરેરે! મ્હારા દુઃખની સીમા નથી! હું કયાં જાઉં? શું કરૂં? કયાં જવાથી આ ભયંકર દુઃખાગ્નિ શાન્ત થશે? ચંદ્રશંકરને ત્યાં જાઉં? ટ્રેનની મુસાફરી કરવાની છે—બ્હારનાં માણસોની મુલાકાતથી આ ભયંકર દુઃખને થોડા સમયને માટે ભૂલી શકું એવો સંભવ છે!"

રજનીચંદ્ર ઉઠીને ઉભો થયો તથા પોતાના દિવાનખાનામાં ગયો. રસોઇઓ રસોઈ તૈયાર કરી તેની રાહ જોઈ રહ્યો હતો. રજનીચંદ્ર સ્નાન કરી ભોજન કરવાને બેઠો. જમતાં જમતાં તેણે નોકરને પ્રશ્ન કર્યો:—"પુષ્પાવતી જમી?"

નોકરે કહ્યું:—"ના. તેમની તબિયત ઘણી ખરાબ છે. હરિશ્ચંદ્ર ભાઇને માટે તેઓ હાહાકાર કરી રહ્યાં છે! તદ્દન ગાંડાં બની ગયાં છે!!"

રજનીચંદ્રઃ—તે ક્યાં છે?

નોકરઃ—સૂવાના ઓરડામાં?

રજનીચંદ્ર નામ માત્રનું ભોજન કરી, વસ્ત્રો પહેરી પુષ્પાવતીની પાસે ગયો.

પુષ્પાવતીની મૂર્ત્તિ ઘણી ભયંકર છે; મસ્તક પરના વાળ વિખરાઇ ગયા છે, નેત્રોમાંથી અગ્નિકણ વરસી રહ્યા છે, તે તદ્દન ઉન્માદિનીના જેવી બની ગઈ છે! તે શાન્તથી બેસી રહી શકતી નથી અથવા તો ઉભી રહી શકતી નથી. ક્વચિત્ બેસે છે, ક્વચિત્ ઉઠી ઉભી થાય છે તો ક્વચિત્ શયનાલયમાં આમ તેમ આંટા મારે છે.

રજનીચંદ્રે શયનાલયમાં પ્રવેશ કર્યો એટલે પુષ્પાવતીએ તેની પાસે આવીને કહ્યું:—"કોણ ડૉકટર સાહેબ કે? ન્હાના ભાઇનું લોહી પી હજી તૃપ્ત નથી થયા કે? હજી રૂપિયા લેવા જાઓ છો? અરેરે હરિશ્ચંદ્ર! હું ત્હારૂં નામ લેવાને પણ અયોગ્ય છું!"

પુષ્પાવતીનાં વચનો સાંભળતાંજ રજનીચંદ્રનું દુઃખ વધી પડયું. તેણે પૂછ્યું:—"પુષ્પા! તું હરિશ્ચંદ્રને ચ્હાતી હતી કે શું?"

પુષ્પાવતીએ ઉન્માદ—તીવ્ર કઠોર સ્વરે કહ્યું:—"ચ્હાતું?! કોને ચ્હાવું? શું હરિશ્ચંદ્રને ચ્હાવું? જાઓ જાઓ, તમે દીવાના બની ગયા છો! એ મહાન્ હતો હું ક્ષુદ્ર છું. એ પુણ્યાત્મા હતો, હું પાપી છું. એ દેવતા હતો, હું દાનવી છું! તેને હું કેવી રીતે ચ્હાઇ શકું? તેને ચ્હાવાને માટે સ્વર્ગના પવિત્ર સ્નેહની જરૂર હતી. તેના તરફ આટલો બધો જુલ્મ ગુજાર્યો; નેત્રોમાંથી શ્રાવણ ભાદરવો વરસાવ્યો તો પણ તે મ્હારો થયો નહિ! કેવી રીતે મ્હારો થાય? એ મહાન્ હતો—પવિત્ર હતો. મ્હેં મ્હારા મનની વાત તેને કહી દીધી હતી; છતાં તેણે મ્હારા કલંકની વાત કોઇને પણ કહી નથી!"

એકાએક સર્પનો દંશ થતાંજ માણસ જેવી રીતે ભયભીત

તેમજ આશ્ચર્યચકિત બની જાય છે તેવી રીતે પુષ્પાવલીનાં આ વાક્યો સાંભળી રજનીચંદ્ર ભયભીત તેમજ આશ્ચર્યચકિત બની ગયો. કેટલાક સમય સુધી શાંત રહીને તેણે કહ્યું:—“ પુષ્પાવતી ! આ તું શું કહે છે ?!

દાનવીના જેવી વિકટ—તીવ્ર દૃષ્ટિથી રજનીચંદ્રના મુખ તરફ નજર કરી ઉન્માદિની પુષ્પાવતીએ કહ્યું:—“ ના ના, હું કાંઈ કહેતી નથી. હું બધું ઓટું બોલી ગઇછું; પરંતુ હું સઘળું જાણું છું—થોડા સમય સુધી રાહ જુઓ. મ્હને વિચારવા દ્યો—હરિશ્ચંદ્રનો વિચાર કરવા દ્યો; ત્યાર પછી હું તમને સઘળી હકીકત કહીશ. ”

બરાબર આ સમયે ત્રિજા માળ પર ઘણી ગડબડ થવા લાગી. એક માણસે ત્રિજે માળથી હાંફતા હાંફતા નીચે ઉતરી આવી કહ્યું:— “ દાકતર સાહેબ ! આપ જલદીથી ઉપર પધારો. મ્હારા શેઠનાં પત્ની ગળે ફાંસો ખાઇને મરી ગયાં છે. ઘણો વખત થઇ ગયો છે—જીવ ઉડી ગયો હોય એમ લાગે છે ! ”

રજનીચંદ્ર રાજાસાહેબના નિવાસસ્થાને ત્રિજા માળ પર ગયો. ત્યાં જઇને તેણે જોયું તો અનેક માણસો એકઠાં થયાં છે—શબદેહને પૃથ્વી પર સૂવાડવામાં આવ્યો છે. દેહનો રંગ લીલો થઈ ગયો છે.

પોલિસે આવી રજનીચંદ્રને પૂછ્યું:—“ ડૉકટર સાહેબ ! આ પ્રકાર જોતાં શા હેતુથી મૃત્યુ નિપજેલું તમે ધારો છો ? ઘણા આશ્ચર્યની વાત છે ! એકજ દિવસે એકજ મકાનમાં એક યુવક અને એક યુવતી મૃત્યુ પામ્યાં. આ બન્ને હત્યામાં કાંઇ ગુપ્ત રહસ્ય સમાઈ રહેલું હોય એવું અનુમાન થાય છે. ”

રજનીચંદ્રે તપાસ કરીને કહ્યું:—“ બ્હારનાં લક્ષણો પરથી તો આત્મહત્યા કરેલી જણાય છે. જુરીની વિશેષ તપાસમાં સઘળી હકીકત બરાબર જાહેર થશે. ”

પોલિસે મૃતદેહને યથાસ્થાને મોકલી દીધો. હરિશ્ચંદ્રના ખૂન સાથે આ યુવતીની આત્મહત્યાનો કાંઇ સંબંધ છે એવું પોલીસ અધિકારીઓને લાગ્યું. આ સૂત્રને અનુસરીનેજ તપાસ કરવાની જરૂર છે, એવો પણ તેમણે નિશ્ચય કર્યો.

રાજાસાહેબના તો હાંજાજ ગગડી ગયા. તેમણે રજનીચંદ્રને જવા દીધો નહિ. તેમણે કહ્યું:—"ડૉક્ટર સાહેબ! થોડા વખતને માટે રાહ જુઓ. આ પ્રકારનો કાંઈ નિર્ણય થઇ જવા દ્યો. જુરીનો રિપોર્ટ જોયા પછી આપ જજો. ઉપરા ઉપરી એ ખૂન થવાથી મ્હારૂં મન ઘણું અસ્થિર બની ગયું છે!"

પોલિસ ઇન્સ્પેક્ટર ત્યાં હાજર હતો તેણે રાજાસાહેબને ઘણા અસ્થિર બની ગયેલા જોયા તેથી તેના મનમાં સંદેહ ભરાયો. તેણે વિચાર્યું કે, "હરિશ્ચંદ્રની સાથે રાજાસાહેબની સ્ત્રીનો ખરાબ સંબંધ હોવો જોઇએ, તથા તેનેજ પરિણામે રાજાસાહેબે અગર તો તેમના કોઇ વિશ્વાસુ માણસે હરિશ્ચંદ્રનું ખૂન કર્યું હોવું જોઇએ; તથા એ કારણને લીધેજ રાજાસાહેબે પોતાની પત્નીને પણ મારી નાંખી હશે." જુરીની તપાસ પછી વિશેષ ચિકિત્સા કરવાનો નિશ્ચય કરીને તે ચાલ્યો ગયો; પરંતુ એ ત્રણ ડિટેક્ટિવોને તે મકાનની આસપાસ તપાસ રાખવાને માટે મૂકી ગયો.

રજનીચંદ્રના પ્રાણમાં ભયંકર અશાન્તિ હતી તો પણ તે યંત્રથી ચાલતા પુતળા પ્રમાણે રાજાસાહેબને સાથે લઇને કોરોનરની તપાસનું પરિણામ જોવાને માટે ગયો. ત્યાં જતાંજ તેણે સાંભળ્યું કે રાજાસાહેબની પત્નીએ ફાંસો ખાઇનેજ આત્મહત્યા કરી છે. રાજાસાહેબને વિદાય કરીને તે ચંદ્રશંકર તરફ જવાને માટે સ્ટેશને જઇ પહોંચ્યો.

સાંજના ચાર વાગ્યા હતા. ટ્રેન ઉપડવાની તૈયારી હતી. રજનીચંદ્ર દમ્મણની ટીકીટ કઢાવી જલદીથી ટ્રેનમાં જઇને બેઠો. ટ્રેન ઉપડી.

ટ્રેનમાં રજનીચંદ્ર અનેક પ્રકારના વિચારો કરવા લાગ્યો. અનેક પ્રકારની દુઃખપૂર્ણ કલ્પનાઓ તેના દુઃખમાં વધારો કરતી હતી. તેણે વિચાર્યું:—"પુષ્પાવતી શું દીવાની બની ગઈ છે? તે શું કહેતી હતી? હરિશ્ચંદ્રે તેની પાપપૂર્ણ પ્રાર્થના કબૂલ કરી નહિ તેથી તેણે તેનું ખૂન કર્યું છે? અરેરે! કેવો નાશ! ત્યારે શું મ્હારો પુણ્યાત્મા બંધુ એક નીચ વેશ્યા જેવી સ્ત્રીને હાથે માર્યો ગયો છે? હું નરાધમ છું. હેવી

સ્વરૂપ પત્નીને ભૂલી જઇને આ વેસ્યાની મોહજાળમાં ફસાઈ પડયો છું. અરેરે! મ્હારે લીધેજ મ્હારી સ્ત્રીને પણ ગૃહત્યાગ કરવો પડયો છે. હૃદય! આ સઘળી હકીકત સાંભળીને હજી પણ તું વિદિર્ણ કેમ થતું નથી? સ્નેહલતા! હું અધમ છું, પાપી છું, ઇન્દ્રિયોનો ગુલામ છું. તું હિંદુ કુલવધૂ છે. ત્હેં શા માટે આવું કાર્ય કર્યું? તું શા માટે ઘરનો ત્યાગ કરી ચાલી ગઈ? શા માટે મ્હારી પ્રત્યે વિરૂપ થઇ? ત્હેં શા માટે મ્હારા હૃદયને વિશેષ દુ:ખી કર્યું?"

આ સમયે ટ્રેન દમ્મણ સ્ટેશને જઇ પહોંચી. રાત્રિનો વખત હતો, મજૂરોના અવાજથી રજનીચંદ્રની વિચારમાળા અટકી ગઇ. રજનીચંદ્ર ટ્રેનમાંથી નીચે ઉતર્યો. સ્ટેશને તેને લેવાને માટે સામી ગાડી આવી હતી; એ ગાડીમાં બેસીને તે દમ્મણ જઇ પહોંચ્યો.

પ્રકરણ ૬ ઠું.

સ્વપ્ન કે સત્ય?

ચંદ્રશંકરની સ્થિતિ ઘણી સારી હતી. ખેતીમાંથી તેમને ઘણી સારી આવક હતી. વર્ષે લગભગ દશહજાર રૂપિયાની આવક હતી.

ચંદ્રશંકર વિદ્વાન્ તેમજ ધાર્મિક પુરૂષ હતા. ઉમ્મર લગભગ પંચોત્તેર વર્ષની હતી. તેમને એક પુત્ર અને બે કન્યાઓ હતી. પુત્ર હાઇકોર્ટનો વકીલ હતો અને બંને પુત્રીઓ પરણેલી તેમજ સંતાનવતી હતી.

રજનીચંદ્ર ગાડીમાં બેસીને ચંદ્રશંકરના વિશાળ મકાન પાસે આવી પહોંચ્યો. તેણે ગાડીમાંથી ઉતરી ચંદ્રશંકરના દિવાનખાનામાં પ્રવેશ કર્યો. ચંદ્રશંકર આતુરતાથી ડૉકટરની રાહ જોઇનેજ બેસી રહ્યા હતા. રજનીચંદ્રને જોતાંની સાથેજ તેઓ ઉઠીને ઉભા થઈ ગયા. તેમણે કહ્યું:—"આપ બપોરે આવી પહોંચશો એવી મ્હને આશા હતી; કદાચ કામની વિશેષતાને કારણેજ આપ બપોરે નહિ આવી શક્યા

હો. ઠીક છે; પ્રથમ રોગીની તપાસ કરીને પછી નિરાંતે બેસો.”

ચંદ્રશંકરે એક નોકરને હાથમાં વૉલસિટ લઇને આગળ આગળ ચાલવાનું ફરમાવ્યું, અને પછીથી તેઓએ ડૉકટરને સાથે લઇને ઘરમાં પ્રવેશ કર્યો.

રજનીચંદ્રે પૂછ્યું:–“રોગીને શો રોગ થયો છે? અત્યાર પહેલાં કોઈ ડૉકટરે તપાસ કરી છે?”

ચંદ્રશંકર:–રોગી નથી; રોગિણી છે.

રજનીચંદ્ર:–રોગ શો છે?

ચંદ્રશંકર:–ભયંકર તાવ આવે છે, અને છાતીમાં દર્દ થયા કરે છે.

રજનીચંદ્ર:–કોણ તપાસ કરે છે?

ચંદ્રશંકર:–હરિલાલ ડૉકટર.

રજનીચંદ્ર:–તેમણે રોગનું કાંઇ નામ કહ્યું છે?

ચંદ્રશંકર:–હા, પહેલાં તેઓ ન્યુમોનિયા કહેતા હતા; પરંતુ કાલે સંધ્યા સમયે તેમણે એમ કહ્યું કે, હું રોગ બરાબર પારખી શકતો નથી. આથી કરીનેજ મ્હેં આપને તસ્દી આપી છે.

રજનીચંદ્ર:–તાવ કયારે આવે છે?

ચંદ્રશંકર:–આખો દિવસ ૧૦૪ ડિગ્રી સુધી તાવ રહે છે. સંધ્યા સમય થતાંજ પાછો ધીમો પડે છે તે રાત્રિના બાર વાગતાં સુધીમાં ૧૦૦ ડિગ્રી સુધી રહે છે; વળી ફરીથી પ્રભાતકાળ થતાં વધતો જાય છે. છાતીમાં ઘણુંજ દર્દ થાય છે. તાવ વિશેષ ભરાય છે ત્યારે વિશેષ દર્દ જણાતું નથી. તાવ નરમ પડે છે, ત્યારે દર્દ ઘણું વધી પડે છે.

રજનીચંદ્ર:–રોગિણી ભાનમાં રહી શકે છે કે?

ચંદ્રશંકર:–વિશેષ તાવ ભરાયેલો હોય છે ત્યારે તેને જ્ઞાન રહેતું નથી. તાવ ઓછો હોય છે, અને જો બોલાવવામાં આવે છે તો ઉત્તર આપે છે.

રોગિણી સંબંધી આવા અનેક પ્રશ્નો પૂછી લઇને તેઓએ રોગિણીના ઓરડામાં પ્રવેશ કર્યો.

રોગિણીની પાસે ચંદ્રશંકરનાં પત્ની ઉભાં રહ્યાં હતાં. તે સિવાય બીજી ત્રણ ચાર સ્ત્રીઓ પણ હતી. ચંદ્રશંકરે તેમને સંબોધીને કહ્યું:– "તમે બધાં થોડા સમયને માટે ખસી જાઓ એટલે ડૉક્ટર સાહેબ રોગિણીની તપાસ કરે."

ચંદ્રશંકરનાં પત્ની તથા બીજી સઘળી સ્ત્રીઓ પાસેનાજ એક ઓરડામાં જઇને ઉભી રહી, તથા ડૉક્ટર શો મત દર્શાવે છે તે જાણવાને માટે અતિ ઉત્સુક થઇને રહી.

રોગિણીનું સમસ્ત અંગ સફેદ વસ્ત્રથી ઢાંકેલું હતું. ઘરમાં એક વૉલસિટમાં મિણબત્તી સળગી રહી હતી. ચંદ્રશંકરે રોગિણીને માથે હાથ ફેરવતાં કહ્યું:–" બહેન ! હમણાં કેમ છે ?"

કોઇએ ઉત્તર આપ્યો નહિ. જે ઓરડામાં સ્ત્રીમંડળ ઉભું રહ્યું હતું તે ઓરડા તરફ દૃષ્ટિ ફેંકી ચંદ્રશંકરે કહ્યું:–" આજે હજી સુધી ભાન આવ્યુંજ નથી કે શું ?"

ચંદ્રશંકરનાં પત્નીએ પોતાની પાસે ઉભી રહેલી સ્ત્રીઓ તરફ દૃષ્ટિ કરી કહ્યું:–" કહો કે, સંધ્યા સમય પછી ભાન આવ્યું હતું. પછીથી ઔષધ આપતાંની સાથેજ નિસ્તબ્ધ બની ગઈ છે. કદાચ ઉંઘતી હશે."

આ વાક્યો રજનીચંદ્રના સાંભળવામાં આવ્યાં. તેણે તેની પુનરૂક્તિ સાંભળવાની રાહ જોયા સિવાય કહ્યું:–" ત્યારે તમારામાંથી એક જણ આવીને રોગિણી પાસે બેસો; હું નાડી તેમજ હૃદય તપાસું."

એક વિધવા પ્રોઢા સ્ત્રી આવીને રોગિણીના ઉશિકા પાસે બેઠી. રજનીચંદ્ર પણ રોગિણીની શય્યા પાસે જઇને બેઠો. પ્રૌઢા સ્ત્રીએ રોગિણીના મસ્તક પરનું વસ્ત્ર એક બાજુએ સરકાવી દીધું.

એ મંદ પ્રકાશમાં સંધ્યાના કમળ જેવું, રોગથી મલિન થઇ ગયેલું મુખ જોઇને રજનીચંદ્ર ચમકી ઉઠ્યો ! તેને મૂર્છા થઈ આવવાની આશંકા થઇ; પરંતુ મહા મુશિબતે ઘણી સાવચેતીથી તેણે પોતાની જાતને સંભાળી રાખી.

પ્રૌઢા સ્ત્રીએ રોગિણીને બોલાવતાં કહ્યું:–' બહેન ! ત્હને ઉંઘ

આવી છે કે શું ?"

રોગિણી ઉંઘી ગઇ હતી. પ્રૌઢાના બોલાવવાથી તેણે નેત્રો વિકાસ્યાં. નેત્રો વિકાસી તેણે શું જોયું ?—તેની આગળ તેના જન્મ જન્માંતરની આરાધ્ય મૂર્ત્તિ—તેના નારી જીવનનો દેવતા રજનીચંદ્ર બેઠો છે ! આ શું કાલ્પનિક સ્વપ્નની માત્ર છાયાજ છે કે સત્ય શરીરવાળી જીવિત મૂર્ત્તિ છે !

રોગિણી સ્નેહલતા છે.

રજનીચંદ્રે ચંદ્રશંકરની તરફ નજર કરીને કહ્યું:—" મહાશય ! થોડા સમય સુધી રાહ જોવી પડશે. હમણાં હું રોગ પારખી શકતો નથી. થોડા સમય પછી ફરીથી તપાસ કરી ચોક્કસ નિર્ણય પર આવીશ. મ્હારૂં મસ્તક ભમવા લાગ્યું છે !"

સ્નેહલતા ઉઠીને શય્યામાં બેઠી થવાનો યત્ન કરતી હતી; પરંતુ તે બેઠી થઇ શકી નહિ. શય્યામાંજ પાછી ઢળી પડી. સૌ " હાં હાં, આ શું કરે છે !" એમ બોલી ઉઠયાં. સ્નેહલતા ઉન્માદિનીની માફક બોલી ઉઠી:—" મ્હારી છેવટની આશા પૂરી થઈ છે; હવે હું સુખેથી મરી શકીશ. ફરીથી એક વખત તેમનું દર્શન કરવા દ્યો—મ્હારાથી બરાબર જોઈ શકાતું નથી."

ઘણાંએ એમ વિચાર્યું કે, છોકરીનો રોગ આજે વધી ગયો છે, તેથીજ તે બેભાનમાં જેમ ફાવે તેમ બકે છે. તે ઉઠીને બેસવા જતી હતી તે પણ રોગનાજ વિકારથી, એમ સ્ત્રીમંડળે વિચાર્યું; પરંતુ સંસાર-રસ-અભિજ્ઞ ચંદ્રશંકર સમજી શકયા કે, ભગવાનના આ ચિત્રવિચિત્ર સંસારમાં ક્ષણે ક્ષણે શું થશે તે કોઇ સમજી શકતું નથી. આ યુવક યુવતીમાં એક પ્રકારનો ગુઢ સંબંધ છે એવો તેમણે દૃઢ વિચાર કર્યો. અત્યાર સુધીમાં રજનીચંદ્ર તો બ્હાર દિવાનખાનામાં ચાલ્યો ગયો હતો.

ચંદ્રશંકરે રજનીચંદ્રને સંબોધીને ઉચ્ચ સ્વરે કહ્યું:—" ડૉક્ટર સાહેબ ! જલદીથી અહિં આવો, રોગિણીની તબિયત સારી નથી. દવા આપવામાં વિલંબ કરવાથી કદાચ માઠું પરિણામ આવશે."

પરંતુ રજનીચંદ્ર પાછો રોગિણી પાસે આવ્યો નહિ. તે આકાશ પાતાળના વિચારો કરતો, જોરથી ધડકતા હૃદયને દબાવી રાખી દિવાનખાનામાં બેસી રહ્યો. તેને એમ લાગવા માંડયું કે આતે સ્વપ્ન કે સત્ય ?

પ્રકરણ ૭ મું.

નવીન પરિચય.

" ઘણું તાગ્યુ-ઘણું ટપક્યુ-બિચારૂં મીણનું હૈડું;
દ્રવ્યા કરશે હજી એતો, બિચારૂં પ્રેમનું પ્યાલું ! "

* * * *

" હૈયું હનુમાનનું ચીર્યું, નિહાળી રામની મૂર્તિ;
હૃદય મારૂં અરીસો છે, ઉઘાડી તું ભલે જો તે. " કલાપી.

કેટલાક સમય પછી રજનીચંદ્ર રોગિણીને ફરીથી તપાસી આવીને દિવાનખાનામાં આવીને બેઠો. ચંદ્રશંકર પણ દિવાનખાનામાં આવીને બેઠા એટલે બન્ને વચ્ચે વાતચિત ચાલવા લાગી.

ચંદ્રશંકરે કહ્યું:-" રોગિણીને આરામ નહિ થાય ત્યાં સુધી આપ અત્રેથી જઈ શકશો નહિ. "

રજનીચંદ્ર:-હું વિશેષ વખતને માટે રોકાઇ શકું તેમ નથી. કેટલાક ભયંકર રોગવાળા રોગીઓ મ્હારી સારવારમાં છે-મ્હારે હમણાંજ જવું પડશે. કોઈ જાતનો ભય નથી. આપની રોગિણીને જલદીથી આરામ થશે. જળમાં ડૂબી જવાથી તેનાથી ઘણું પાણી પીવાઇ જવાયું છે-એ પાણીમાંનું કેટલુંક બ્હાર નીકળી ગયું છે, અને કેટલુંક ફેફસાંમાં ભરાઈ ગયું છે-તાવ પણ વિશેષ છે અને તેથીજ તમને આવી ભયંકર સ્થિતિ જણાય છે. મ્હેં જે ઔષધની વ્યવસ્થા કરી છે તે ઔષધથી તેને વિના વિલંબે આરામ થશે.

ચંદ્રશંકર:-ડૉકટર સાહેબ ! ખરી વાત મ્હને કહેશો કે ? આ રોગિણી સાથે આપનો શો સંબંધ છે ?

રજનીચંદ્રઃ—મ્હારો ?! મ્હારો તેની સાથે કાંઇ સંબંધ નથી.

ચંદ્રશંકરઃ—નહિ નહિં; હું ધારૂં છું કે તે આપની પત્ની છે.

રજનીચંદ્રઃ—મ્હારી પત્ની ?! તમને ક્યાંથી મળી આવી ?!

ચંદ્રશંકરઃ—હું મ્હારા કુટુંબ સાથે ચાણોદ યાત્રાએ ગયો હતો. ત્યાં થોડા દિવસ રહીને અમે ગુજરાતમાં પ્રખ્યાતિ પામેલી મહી નદીમાં સ્નાન કરવાના હેતુથી ટ્રેન માર્ફત વાસદ ગયાં હતાં. વાસદ ગામથી મહી નદી અડધો માઇલ દૂર થાય છે. ચોમાસાનો વખત હોવાથી અમે ગયાં ત્યારે મહી નદીમાં કાંઇ વિશેષ જળ હતું. જે દિવસે અમારે અહિં પાછા ફરવાનું હતું તેને આગલે દિવસે બ્હાર ફરવા જવાના વિચારથી હું એક બે માણસોને સાથે લઇને નદી કિનારે ગયો હતો. નદીમાં થોડે દૂર એક હોડી હતી અને તેમાં બે ત્રણ માછીઓ બેઠા બેઠા એક ગાન લલકારી રહ્યા હતા. મ્હને હોડીમાં બેસી થોડે સુધી ફરી આવવાની ઇચ્છા થઇ તેથી અમે હોડીવાળાને હોડી કિનારે લાવવાનું જણાવ્યું. હોડીવાળો પણ બે પૈસાની પ્રાપ્તિ થશે એવા વિચારથી હોડી કિનારે લાવ્યો. અમે સૌ તેમાં બેઠા અને હોડીને સામે કિનારે લઇ જવાનું જણાવ્યું. ચોમાસું વીતી જવા આવેલું હોવાથી પ્રવાહનો વેગ જોશમાં નહોતો. માછીઓએ સામા કિનારા તરફ હોડી હંકારી જવા માંડી. કિનારો લગભગ પચાસેક ફીટ દૂર રહ્યો હશે એવામાં નદીમાં એક જબરદસ્ત પત્થર પડયા જેવો અવાજ અમે સાંભળ્યો; પરંતુ છેવટે ત્યાં આગળ જઇ પહોંચતાંજ કોઇ માણસને અમે ડૂબી મરતું જોયું. તરતજ મ્હેં માછીઓને કહ્યું:—' જલદીથી તપાસ કરો, કોઇ ડૂબી ગયું હોય એમ જણાય છે." માછીઓએ તરતજ નદીમાં પડીને આ રમણીના મરણતોલ દેહને ઉંચકીને નૌકામાં આણ્યો. પછીથી નૌકાને બીજી તરફને કિનારે લઇ જઇ રમણીના પેટમાં ભરાઇ ગયેલા પાણીને બ્હાર કઢાવી નાંખ્યું, અને તેજ દિવસે અમે ટ્રેનમાં બેસીને અહિં આવ્યાં. આ પ્રકાર બન્યાને પંદર દિવસ થયા છે; પંદર દિવસથીજ સારવાર ચાલે છે. તેની બેભાન સ્થિતિમાં તે જે કાંઇ બડબડે છે તે ઉપરથીજ એ પરમ પવિત્ર રમણી જણાય

છે; સંસારમાં ઘણું દુઃખ પડવાથી આત્મઘાત કરવાનો તેણે યત્ન કર્યો હોય એવું અનુમાન થાય છે!"

રજનીચંદ્રનાં નેત્રોમાંથી અગ્નિકણ ઝરવા લાગ્યા. તેનાં હૃદય-પ્રદેશમાં જાણે કે અસંખ્ય વીંછીઓ દંશ દઇ રહ્યા હોય એવી ભયંકર વેદના તેને થવા લાગી. તેણે કહ્યું:—"ના ના; આ રમણી સાથે મ્હારો કોઇ પણ પ્રકારનો સંબંધ નથી."

આ સમયેજ દાસીએ આવીને ચંદ્રશંકરને કહ્યું:—"એક વખત ઘરમાં આવી જાઓ જોઇએ."

ચંદ્રશંકરે રજનીચંદ્રને કહ્યું:—"ડૉકટર સાહેબ! આપ થોડો વખત બેસો. હું હમણાંજ પાછો આવી આપને સ્ટેશને પહોંચાડવાની વ્યવસ્થા કરૂં છું." આમ કહીને ચંદ્રશંકર ઘરમાં ગયા.

રોગિણીના ઉશિકા પાસે બેસીને ચંદ્રશંકરનાં પત્ની મૃદુ મૃદુ હાસ્ય કરતાં હતાં, તથા પોતાનો કમળ સમાન હસ્ત રોગિણીના લલાટ પર ફેરવતાં હતાં. ચંદ્રશંકરે ત્યાં આગળ જઇને કહ્યું:—"મ્હને કેમ બોલાવ્યો છે? તમે કાંઇ આનંદમાં જણાઓ છો!? રોગિણીની સ્થિતિ સારી હોય એમ જણાય છે—કેમ?

ગૃહિણીએ કહ્યું:—"ઘણી સારી સ્થિતિ છે. ડૉકટર સાહેબની દવાનો જેટલો ગુણ નથી લાગ્યો તેટલો ગુણ તેમનાં દર્શનનો લાગ્યો છે! આ બાળા કોણ છે તે તમે જાણો છો?"

ચંદ્રશંકરઃ—હું કેવી રીતે જાણી શકું?

ગૃહિણીઃ—એ મ્હારાં બ્હેનની પુત્રી 'સ્નેહલતા' છે.

ચંદ્રશંકરઃ—તમારાં બહેનની પુત્રી?

ગૃહિણીઃ—મ્હારે કયાં પાંચસાત બહેનો હતી? એકજ બહેન હતી.

ચંદ્રશંકરઃ—ત્યારે તો ભાગરથી, કેમ નહિ?

ગૃહિણીઃ—હા; મ્હારી માતાને પુત્ર સંતાન થયું નહોતું. અમે બેજ માત્ર બહેનો હતી. મ્હારાં બહેનનો વિવાહ સુરતમાં થયો હતો. વિવાહ થવા પછી થોડા સમયને અંતરેજ મ્હારા બનેવીનું મૃત્યુ નિપજયું હતું. વળી થોડો સમય પસાર થતાં મ્હારી પ્રાણાધિક બહેન

પણ ભયંકર કાળનો ભોગ થઈ પડી હતી. તેને એકની એક પુત્રી હતી તેજ આ સ્નેહલતા છે. મ્હેં સ્નેહલતાનું નામ સાંભળ્યું હતું; કદાપિ તેને નજરે જોઇ નહોતી. આપણે ઘેર ડૉકટર સાહેબ આવ્યા છે તેજ આપણી સ્નેહલતાના પતિ અર્થાત્ આપણા જમાઈ છે. આજનો દિવસ કેવા આનંદનો છે ?! આપણા ગૃહમંદિરમાં આજે કેવું આનંદજનક મિલન થયું છે ?! તમે હવેથી આપણા ઘરને ‘મિલન–મંદિર !’ તરીકે ઓળખાવજો !

ચંદ્રશંકર:–સ્નેહલતા અત્યારે બરાબર જ્ઞાનમાં છે ?

ગૃહિણી:–હા, હું એને પૂછીનેજ આ સઘળી હકીકત જાણી શકી છું. જો કે મ્હેં સ્નેહલતાને કે જમાઇને કદાપિ જોયાં નથી તો પણ સ્નેહલતાનું નામ તથા તેનું સાસરૂં જે ગામમાં છે તે ગામનું નામ સાંભળેલું હતું. હું હતભાગિની છું–મ્હારા પિતાના વંશમાં કોઈ જીવતું રહ્યું નથી–મ્હારી બ્હેન પણ નથી !

ચંદ્રશંકર:–તમે સ્નેહલતાને પૂછ્યું કે, શા માટે તે નદીમાં પડી હતી ? શા માટે તેણે શ્વસુરગૃહનો ત્યાગ કર્યો હતો ?

સ્નેહલતા આ સમયે પાસું ફેરવીને ઉઠીને બેઠી થવા જતી હતી–તે ચંદ્રશંકરના પ્રશ્નનો ઉત્તર આપવાનેજ બેઠી થતી હોય એમ લાગ્યું; પરંતુ તેની માશીએ તેને ઉઠીને બેઠી થવા દીધી નહિ. તેણે કહ્યું:–“હમણાં એ બધી વાતચિત કરવાથી કદાચ એની સ્થિતિ પાછી બગડશે. એ સઘળી હકીકત પછીથીજ સાંભળીશું.”

સ્નેહલતા ઉઠી પણ નહિ તેમ કાંઈ બોલી પણ નહિ.

ચંદ્રશંકરે થોડા સમય સુધી સ્થિર બેસી રહીને કાંઈ વિચાર કર્યા કર્યો. પછીથી તેમણે કહ્યું:–“મ્હને આજે અપાર આનંદ થયો; પરંતુ–” ગૃહિણીએ આતુરતાથી પૂછ્યું:–“પરંતુ શું ?”

ચંદ્રશંકર:–ડૉકટર સાહેબના મન પર જાણે કે એક પ્રકારનો ડાઘ લાગ્યો છે; છતાં હું ખાત્રીથી કહી શકું છું કે આપણી સ્નેહલતા પવિત્ર છે. દયાળુ દેવે જ્યારે આવું અપૂર્વ આનંદજનક મિલન કર્યું છે તો પછી તેનું પરિણામ પણ સારૂંજ આવશે ! કોઈ પણ

પ્રકારનો ભય રાખવાનું કારણ નથી. હવે હું જાઉં છું.

ગૃહિણી કાંઈ કહેવા જતી હતી; પરંતુ તે કહી શકી નહિ. ચંદ્રશંકર એ સમયે બ્હાર ચાલ્યા ગયા હતા.

ચંદ્રશંકર જો કે વૃદ્ધ હતા તો પણ તેમના શરીરમાં યથેષ્ટ બળ હતું. તેઓ ત્વરાથી દિવાનખાનામાં ગયા.

રજનીચંદ્ર એ સમયે દિવાનખાનામાં બેઠો બેઠો અસંખ્ય વિચારો કર્યાં કરતો હતો. તેના વિચારોનો અંત નહોતો. ભ્રાતૃ-શોક, પોતાના નિષ્ફળ અપવિત્ર પ્રેમ-રહસ્યની તીવ્રવેદના, તથા સ્નેહલતાના વિચારોથી તે અસ્થિર બની ગયો હતો. તે મનમાંને મનમાં કહેતો હતો કે:-"સ્નેહલતાં તું શા માટે મરી ન ગઇ? ફરીથી તને જોવાનું મ્હારા નશિબમાં કેમ નિર્માણ થયું? હરિશ્ચંદ્ર મરી ગયો છે-તું પણ કેમ ન મરી ગઇ? તું મરી ગઇ હોત તો હું પણ નિરાંતે મરી શકત. સ્નેહલતા! શું તું કલંકિની છે? ના ના, મ્હારી સ્નેહલતા અપવિત્ર હોઈ શકેજ નહિ, હુંજ અપવિત્ર છું! સ્નેહલતા સતી સાધ્વી છે! પરંતુ તે ગૃહત્યાગ કરીને ગુપચુપ નાશી કેમ છૂટી? ઘેર તેના પર શો જુલ્મ ગુજર્યો હશે?"

રજનીચંદ્ર આવા આવા અનેક વિચારોમાં નિમગ્ન હતો એવામાં ચંદ્રશંકર તેની પાસે આવી પહોંચ્યા.

ચંદ્રશંકરને જોતાંજ રજનીચંદ્ર જાણે કે ચમકી ઉઠયો. ત્યાર પછી ઘડીઆળ જોઇને તેણે કહ્યું:-"મ્હારે હમણાં ને હમણાંજ સ્ટેશને જવું જોઇએ. જો થોડો પણ વખત નકામો જશે તો ટ્રેન હાથમાં આવશે નહિ."

ચંદ્રશંકરે કહ્યું:-"ના ના, આજ રાત્રે તમારાથી જઈ શકાશે નહિ."

"તમારાથી!" જો કે ચંદ્રશંકર વયોવૃદ્ધ હતા તથાપિ તેઓ કદાપિ રજનીચંદ્ર પ્રતિ 'તમે' તમારું વગેરે સંબોધનોનો ઉપયોગ કરતા નહોતા, તો પછી આજે તેઓએ એકાએક પોતાના સંબોધનમાં ફેરફાર કેમ કરી નાંખ્યો? રજનીચંદ્રે જાણે કે કાંઇક વિરક્તિપૂર્ણ સ્વરે

કહ્યું:—" ના મહાશય ! મ્હારે હમણુાંને હમણુાંજ જવાની જરૂર છે."

ચંદ્રશંકરે હસતાં હસતાં કહ્યું:—" મ્હારાં પત્ની તમને રજા આપવાની ઇચ્છા રાખતાં નથી તેથી હું શું કરૂં ? તમે તેમની પાસે જાઓ અને તેમની રજા મળે તો બેલાશક ચાલ્યા જજો."

રજનીચંદ્ર આ વાકયોનું રહસ્ય સમજી શકયો નહિ. તે ચંદ્રશંકરના ગંભીર તેમજ હાસ્ય-વિકસિત મુખ તરફ જોઈ રહ્યો. ચંદ્રશંકરે તેની સ્થિતિ કળી જઇને કહ્યું:—" તમને આશ્ચર્ય લાગે છે ? આશ્ચર્ય લાગે એવીજ વાત છે ! તમે હજી સુધી કાંઈ હકીકત જાણુતા નથી ! ગમે તેમ હોય, તમે હાલ તરત માત્ર એટલુંજ લક્ષ્યમાં રાખજો કે, તમે અમારા જમાઇ છો ! હમણાં હું મ્હારાં પત્ની પાસેથી તમારી તેમજ મ્હારી સ્નેહલતાની હકીકત સાંભળી આવ્યો છું."

ત્યાર પછી ચંદ્રશંકરે પોતાની પત્ની પાસેથી સાંભળેલી સઘળી હકીકત રજનીચંદ્રને કહી સંભળાવી.

રજનીચંદ્રે કહ્યું:—" આપનું કહેવું વાસ્તવિક છે. મ્હેં પણ ઘણા સમય પૂર્વે એમ સાંભળ્યું હતું કે, મ્હારાં એક માશીસાસુ છે; પરંતુ તેમના સંબંધી બીજી વિશેષ હકીકત મ્હને માલૂમ નહોતી."

ચંદ્રશંકરે કહ્યું:—" હું પણ તમને પિછાનતો નહોતો. અત્યાર સુધી હું તમને મુંબઈના એક સુપ્રસિદ્ધ ડૉકટર તરીકેજ ઓળખતો હતો ! તમારૂં મૂળ વતન કયું ? કુટુંબ કયું ? એ વગેરે મ્હેં તમને કદાપિ પૂછ્યું નથી. ચાલો, હવે ઘરમાં ચાલો."

રજનીચંદ્ર:—મ્હને ક્ષમા કરો. મ્હારે જલદીથી મુંબઇ જવાની જરૂર છે. હવે તો હું આપનોજ બાળક છું. આપ આજ્ઞા કરશો એટલે મ્હારે રહેવુંજ પડશે; પરંતુ......

રજનીચંદ્રને બોલતો અટકાવીને ચંદ્રશંકરે કહ્યું:—" મનમાં કોઇ પણુ પ્રકારનો સંદેહ કરશો નહિ. મ્હારી સ્નેહલતાનું ચરિત્ર નિષ્કલંક છે; એ હું પ્રતિજ્ઞાપૂર્વક તમને જણાવી શકું છું. કલંકિની જીવનત્યાગ કરવાનું સાહસ કરી શકતી નથી ! ત્યાર પછી અમે જ્યારે તેને બેભાન સ્થિતિમાં નૌકામાં લીધી ત્યારે પણુ તે સ્વામિ દેવતાનું

સ્મરણ કર્યા કરતી હતી. એવી સતી પત્ની પર સંદેહ લાવવો સર્વથા અયોગ્ય છે.”

રજનીચંદ્રે એક ગાઢ નિશ્વાસ મૂકીને કહ્યું:–“એ સંબંધી પછી વિચાર કરીશું. હમણાં મ્હારે શિરે એક ભયંકર સંકટ આવ્યું છે.”

ચંદ્રશંકર:–શાનું સંકટ ?

રજનીચંદ્ર:–મ્હારો સૌથી ન્હાનો ભાઈ મ્હારી સાથે રહેતો હતો. તે દવાખાનામાંજ સૂઈ રહેતો હતો. આજે પ્રભાતકાળે નોકરે આવી દવાખાનાનાં બારણાં ઉઘાડયાં તો મ્હારા ભાઇનું ખૂન થયેલું જણાયું.

ચંદ્રશંકર ધ્રુજી ઉઠયા. તેમણે ધ્રુજતા સ્વરે પૂછ્યું:–“ખૂન !”

રજનીચંદ્ર:–જી, હા.

ચંદ્રશંકર:–એ તો ઘણી દુ:ખી થવા જેવી વાત છે.

રજનીચંદ્ર:–હજી પોલિસની ખટપટ ચાલે છે તેથી મ્હારે હમણાંને હમણાં અહિંથી વિદાય થવું જોઇએ.

ચંદ્રશંકર:–ત્યારે તો હું તમને રોકી શકતો નથી. હું તમારાં માશીસાસુને આ વાત કહી આવું.

રજનીચંદ્ર:–ભલે; પરંતુ ગુપ્ત રીતે કહેજો. રોગિણી જો આ હકીકત જાણશે તો તેનો રોગ વધી પડશે, અને તેને આરોગ્ય થતાં વિશેષ વખત લાગશે.

ચંદ્રશંકર:–ઠીક છે, એ માટે હું સાવચેત રહીશ.

ત્યાર પછી તેમણે મુનીમને બોલાવી રજનીચંદ્રને સો રૂપિયા વિઝિટ ફી આપવાનું કહ્યું. ગાડી પણ તૈયાર કરવામાં આવી. રજનીચંદ્રે કહ્યું:–“રૂપિયા હમણાં રહેવા દ્યો; વળી એક દિવસે લઇશ.”

ચંદ્રશંકરે સ્મિત હાસ્ય કરીને કહ્યું:–“છોકરી તેના પિતાને ઘેર માંદી થતાં જમાઇ ડૉકટર વિઝિટ લે એ રિવાજ તો ગુજરાતી ડૉકટરોમાં પરાપૂર્વથી ચાલ્યોજ આવે છે !”

રજનીચંદ્ર આ વાક્યોના ઉત્તરમાં કાંઇ પણ બોલ્યા સિવાય માત્ર શુષ્ક હાસ્ય કરી, ચંદ્રશંકરને પ્રણામ કરી ગાડીમાં બેઠો. ગાડી સ્ટેશન તરફ જલદીથી જવા લાગી.

પ્રકરણ ૮ મું.

નિરપરાધીનો નમુનો !

રામપ્રસાદની માતા ઘરનો કારભાર ચલાવતી હતી તેથી રામપ્રસાદ ઘરમાં સર્વાંશે નિરંકુશ હતો ! ચંચળવહુની સ્થિતિ તો પૂર્વ પ્રમાણે કાયમજ હતી. ચંચળવહુની સાસુ સરસ્વતી બિચારી ઉન્માદિનીના જેવી થઇ ગઈ હતી. તે સારી સ્થિતિમાં હતી ત્યારે પણ સંસાર પ્રત્યે વિશેષ લક્ષ્ય આપતી નહિ. તે પ્રત્યેક પ્રકારથી અલગ રહેતી હતી. રાત્રિ દિવસ તે ચિંતાજ કર્યા કરતી હતી. રૂક્મિણી આવીને જ્યારે સ્નાન કરાવતી ત્યારેજ સ્નાન કરતી, નહિ તો તેને સ્નાન કરવાની સુદ્ધાં ફિકર રહેતી નહિ. રસોઇનું કામકાજ હવે રામપ્રસાદની માતાજ કર્યા કરતી હતી. તેની દયા તેમજ કૃપાથી સરસ્વતીને જે ભોજન મળતું હતું તેન તે રૂક્મિણીના આગ્રહથી ન્યાય આપતી હતી. ખાનપાનની પણ તેને પોતાને ચિંતા નહોતી.

એક દિવસે રામપ્રસાદની માતા દશ વાગ્યાના સુમારે રસોઇ કરતી હતી અને રામપ્રસાદ રસોડાની દિવાલ સાથે અઢેલીને બેઠો બેઠો તેની માતા સાથે વાતાચિત કરતો હતો. માતા પુત્રની દિન પ્રતિદિન ઉન્નતિ થતી જોઇને આનંદઘેલી બની જતી હતી, તથા વચ્ચે વચ્ચે આનંદસૂચક ઉત્તર આપતી હતી. વાતમાંને વાતમાં રામપ્રસાદે કહ્યું:—“જે સમયે જે મનુષ્યની ઉન્નતિનો કાળ આવે છે તે સમયે તેની આવીજ રીતે ઉન્નતિ થાય છે !”

માતાએ ગર્વિત સ્વરે કહ્યું:—“તું મ્હારા કેટલા દેવદેવાદિની પ્રસાદી સ્વરૂપ છે, એ તો માત્ર મ્હારો આત્માજ જાણે છે. તું ચિરકાળ સુધી જીવતો રહીને વંશનું મુખ ઉજ્વળ કર. હું તને સુખી જોઇને આ સંસારમાંથી વિદાય થાઉં એવીજ મ્હારી પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે યાચના છે.”

રામપ્રસાદઃ—હું ખોટું બોલતો નથી. હમણાં મ્હારી ઉન્નતિ થતી જાય છે. આ જો તો ખરી કે માત્ર થોડાજ સમયમાં એક વૈદ્યરાજ તરીકે હું કેટલો બધો પ્રસિદ્ધ થયો ? એક મહિનામાં લગભગ ત્રણ ચાર રૂપિયા મ્હેં પેદા કર્યા છે, તથા ઘણાખરા ખેડૂતો મ્હારા શિષ્ય છે. હું તેમને જે કાંઇ કહુ છું તે તેઓ નીચું માથું રાખીને સાંભળી રહે છે. બીજી એક વાત કહું કે ?

માતાઃ—શી વાત ?

રામપ્રસાદઃ—રામનારાયણ હરિભક્તની એક કોમળ કિશોરી કુમારિકા કન્યા છે તે પરીના જેવી સુંદર છે, સ્વર્ગની હુરીના જેવી તેજસ્વી છે, દેવલોકની અપ્સરાના જેવા કિન્નર કંઠવાળી છે, અરે ! સાક્ષાત કામદેવની રતી સમાન છે. મ્હારી સાથે એ દેવી સમાન કન્યાનો વિવાહ થવાની વાતચિત ચાલી રહી છે. તેના પિતા વડોદરામાં ન્યાયાધીશ છે.

માતાઃ—ભાઇ એ કરતાં વિશેષ આનંદ થાય એવી બીજી કયી વાત હોઇ શકે ? પરંતુ વિવાહ કરવામાં પૈસાની જરૂર પડશે તેનું શું કરીશું ?

રામપ્રસાદઃ—આ દુનિયામાં સૌ કોઇ પૈસાને જોતું નથી. કોઇક એકાદ વ્યક્તિ નિર્લોભી પણ નીકળે છે. વળી મ્હારા જેવા સાક્ષાત કામદેવ સમાન જમાઇ મેળવવાને માટે તો ઘણી સુરસુંદરીઓ સમાન કન્યાઓનાં માતા પિતા ઉત્સુક થઇ રહેલાં છે. મ્હારા વાંકા સેંથા તરફ જોઇને ભલભલી કુમારિકાઓ માથા પરનાં બેડાં પૃથ્વી પર પછાડી નાંખે તેમ છે; તો પછી પૈસાની શી ચિંતા છે ? રૂપ આગળ પૈસાની એક કોડીની પણ કિંમત નથી.

માતાઃ—ત્હારૂં કહેવું સત્ય છે; ત્હારા જેવો જમાઇ મેળવવા જેવાં સદ્‌ભાગ્ય ભાગ્યેજ કોઇનાં હોઇ શકે !

બરાબર આ સમયે બે પોલિસ સિપાઇ રસોડાના દ્વારની બ્હાર આવીને ઉભા રહ્યા. તેમનો પહેરવેશ કાળો હતો. માથા પર લાલ પાઘડી હતી. કમ્મર પર ન્હાનાં પરંતુ મજબૂત ડંડા લટકી રહ્યાં

હતો. બેમાંના એક સિપાઈએ કર્કશ સ્વરે કહ્યું:–"રામપ્રસાદ છે કે ?"

સિપાઈ હાલ્દાઓને જોતાંજ રામપ્રસાદનું હૃદય કંપી ઉઠ્યું. રામપ્રસાદ જેવો રસોડામાંથી ઉઠીને બ્હાર જતો હતો કે, તેની માતાએ કહ્યું:–"રામપ્રસાદ ! કપડાં પહેરી આવ જોઉં."

રામપ્રસાદ:–હવે કપડાં પહેરવાની કાંઈ જરૂર નથી.

માતા:–ત્યારે ઉભો રહે. આવનો, કાંસકી વગેરે લાવી આપું. લગાર સેંથો પાડતો જા. ત્હારો સેંથો મ્હને ઘણો સુંદર જણાય છે !

એક સિપાઈએ સ્મિત હાસ્ય કરી પૂછ્યું:–"કેમ ? સેંથો પાડ-વાથી શું વિશેષ છે ?"

માતા:–તે તમારા જેવા કાળી ડગલીવાળા ક્રૂર પુરૂષો ક્યાંથી સમજી શકે ? રામપ્રસાદ એક રત્ન સમાન છે. દેવદેવાદિ કરતાં પણ તે વિશેષ ગુણવાન છે; લગભગ ન્યાયાધીશોનું તેમજ તેમની કોમળાંગી કુમારિકાઓનું મ્હારા આ અમૂલ્ય રત્નમાં ધ્યાન છે, તથા મ્હારા આ રત્ન પર તેમનો જાન પણ કુરબાન છે.

બીજા સિપાઈએ હાસ્ય કરીને કહ્યું:–"ફોજદાર સાહેબ તમારા આ ગુણવાન, વિદ્યાવાન દેવપુત્રનો વિવાહ કરવા માટેજ આવ્યા છે; માટે બિલકુલ વિલંબ કરશો નહિ, નહિ તો. લક્ષ્મી ચાંલ્લો કરવા આવેલી હોવા છતાં મ્હોં ધોવા ગયા બરાબર થશે."

આમ છતાં રામપ્રસાદ એક પ્રકારની ભયંકર આશાથી ધ્રુજતો હતો. બ્હાર ફોજદાર પાસે જવાને તે આનાકાની કરતો હતો. એવામાં એક સિપાઈએ જોરથી તેને ધક્કો માર્યો, અને પરિણામે રામપ્રસાદને બ્હાર નીકળવું પડ્યું.

ન્યાયાધીશ સાહેબના ભવિષ્યમાં જમાઈ થનાર પુત્ર પર પોલિ-સનો આવો જુલ્મ થતે, રામપ્રસાદની માતા જોઈ શકી નહિ. તે પણ બ્હાર જઈને શો પ્રકાર બને છે, તે જોવાને ઉભી રહી.

ફોજદારે રામપ્રસાદની તરફ ભ્રકુટી ચઢાવી કઠોર નજર કરીને કહ્યું:–"ત્હારૂં નામ શું ?"

રામપ્રસાદે કંપતાં કંપતાં કહ્યું:–"રામપ્રસાદ."

ફોજદારે એક સિપાઇ તરફ દૃષ્ટિ કરી કહ્યું:—“ હાથકડી નાંખો. ”

તરતજ રામપ્રસાદના બન્ને હાથમાં લોઢાની બેડી પડી.

આ પ્રકાર જોઇને રામપ્રસાદ તથા તેની માતા બૂમો મારવા લાગ્યાં !

થોડે દૂર આવેલા એક ઓટલા પર વિષ્ણુપ્રસાદ બેઠા હતા. તેઓ મૃદુ હાસ્ય કરતા કરતા આ પ્રકાર જોઇ રહ્યા હતા. એક સિપાઇ ગામના બેચાર માણસોને બોલાવી લાવવા ગયો હતો તે પણ આવી પહોંચ્યો આવનાર ગૃહસ્થોમાં એક માણસનું નામ રાયજી હતું. રાયજીએ વિષ્ણુપ્રસાદને પૂછ્યું:—“ કેમ, આ શી ધમાલ છે ? ”

વિષ્ણુપ્રસાદે કહ્યું:—“ અમારા કુટુંબમાંની સ્નેહલતા નામની વહુ પલાયન કરી ગઇ છે એ તો તમારા સાંભળવામાં આવ્યુંજ હશે. મ્હને લાગે છે કે આ પાપીષ્ટ રામપ્રસાદજ એ પ્રકારમાં કારણ-ભૂત છે. મ્હેં તેની પાસેથી ખરી હકીકત જાણવાનો યત્ન કર્યો; પરંતુ મ્હારો યત્ન વ્યર્થ ગયો છે તેથીજ મ્હારે ફોજદાર સાહેબની મદદ લેવી પડે છે. તમે બધા હાજર રહો એટલે ખરી હકીકત શી છે તે જાણવામાં આવશે, અને નિર્દોષ રમણીના નિષ્કલંક ચરિત્ર પર લાગેલું કલંક દૂર થશે. ”

“ ભાઇ તમે તો હદ કરી, હો ! ” આમ કહીને રાયજી હસવા લાગ્યા. પછીથી વિષ્ણુપ્રસાદ ફોજદાર સાહેબ, રામપ્રસાદ તેમજ બીજા ગૃહસ્થોને લઇને તેમના બેઠકખાનામાં ગયા. ત્યાં વિષ્ણુપ્રસાદે ફોજદારને કહ્યું:—“ ફોજદાર સાહેબ ! તમે આ બિચારાને શા માટે પકડ્યો છે ? એ તો તદ્દન ભલો માણસ છે ! ”

ફોજદાર સાહેબ કાંઇ બોલવા જાય તે પહેલાંજ રામપ્રસાદે રડતાં રડતાં અસ્પષ્ટ સ્વરે કહ્યું:—“ જુઓ ફોજદાર સાહેબ ! સૌ એમજ કહે છે કે, હું તદ્દન ભલો માણસ છું. ”

રામપ્રસાદની માતા પણ બેઠકખાનાનાં બારણાં પાસે આવીને ઉભી રહી હતી. તેણે કહ્યું:—“ ફોજદાર સાહેબ ! મ્હારા નિર્દોષ પુત્રને છોડી દ્યો. મ્હારો પુત્ર તદ્દન ભલો માણસ છે ! ”

ફોજદાર:—ખૂન કરનાર માણસને છોડી દેવાને માટે કાયદો સાફ ના પાડે છે.

રામપ્રસાદે ભયથી ધ્રુજતા સ્વરે કહ્યું:–"મ્હેં ખૂન કર્યું છે?"

રામપ્રસાદની માતા બોલી ઉઠી:–"કેવી જૂઠી વાત! શું મ્હારો પુત્ર ખૂની છે?"

વિષ્ણુપ્રસાદે સ્મિત હાસ્ય કરીને કહ્યું:–"શું કહ્યું ફોજદાર સાહેબ! રામપ્રસાદે ખૂન કર્યું છે? કોનું ખૂન કર્યું છે?"

ફોજદાર:–રજનીચંદ્રની નિર્દોષ પત્ની સ્નેહલતાનું.

રામપ્રસાદ:–તદ્દન ખોટી વાત. હું નિર્દોષ છું–બિનગુન્હેગાર છું. એ છાનીમાની નાશી ગઈ તેને હું શું કરૂં? મ્હેં ક્યાં તેનું ખૂન કર્યું છે?

ફોજદાર:–ચૂપ રહે બદમાશ! જ્યારે ફાંસીને લાકડે ઝુલતો થઈશ ત્યારેજ તું સાચું કહીશ.

રામપ્રસાદની માતા:–ઓ બાપરે! મ્હારૂં હવે શું થશેરે! હું શા માટે અહિં મરવાને આવી હતી રે! મ્હારા પુત્રનું રક્ષણ કરનાર કોઇ નથી રે!

આ પ્રમાણે બૂમો મારતી રામપ્રસાદની માતા અસ્થિર બની ગઈ. રામપ્રસાદે પણ માતાનું અનુકરણ કરીને રડતાં રડતાં કહેવા માંડ્યું કે:–"અરેરે! હું શા માટે અહિં મરવાને આવ્યો! મ્હારૂં કોઇ નથી રે!"

વિષ્ણુપ્રસાદે ફોજદારના મ્હોં તરફ નજર કરી મ્હોટેથી હસીને કહ્યું:–"પરંતુ ફોજદાર સાહેબ! જો રામપ્રસાદ ખરી વાત કહી દે તો તમે તેને માફ કરશો?"

ફોજદાર પણ હસી પડ્યો. તેણે કહ્યું:–"હા; જો એ ખરી હકીકત કહી દે તો હું એનો ગુન્હો માફ કરી શકીશ; પરંતુ એ ઘણો બદમાશ છે; તે કદાપિ ખરી હકીકત કહેશે નહિ."

રડતાં રડતાં રામપ્રસાદની માતાએ કહ્યું:–"એના વંશમાં પાજી કે બદમાશનો જન્મ કદાપ થયો નથી. એ વહુ બદમાશ હતી તેથીજ આજે મ્હારો નિર્દોષ પુત્ર ગુન્હેગાર ગણાય છે, નિર્દોષ પર જુલ્મ થાય છે, પાપની પરિસીમા જણાય છે!"

વિષ્ણુપ્રસાદે રામપ્રસાદની માતાને ધમકાવી. તેમણે કહ્યું:–"તમેજ તમારા છોકરાને આટલો બધો બગાડયો છે. તમારે લીધેજ તેની આવી દુર્દશા થઇ છે. હજી પણ જો તેને ખરી વાત નહિ કહેવા દ્યો તો પછી કોઈ પણ પ્રકારે તેનું રક્ષણ થશે નહિ! હજી પણ જો તે સાચું બોલશે તો ફોજદાર સાહેબ તેને છોડી દેશે. ફોજદાર સાહેબ સઘળું જાણી ગયા છે."

રામપ્રસાદે રડતાં રડતાં કહ્યું:–"હું કહું છું–બધી ખરેખરી હકીકત કહું છું. મ્હારી માને કાંઇ એમ્હુંજ ફાંસીને લાકડે ચઢવાનું છે: ફાંસીએ જવાનું તો મ્હારે છે. હવે મ્હારી મા કહેશે તો પણ હું જૂઠું નહિ બોલું; વળી મ્હારા ગળામાં રૂદ્રાક્ષની માળા છે.'

ફોજદાર:–કહે, જલદીથી કહે, કે સ્નેહલતા ક્યાં ગઈ છે?

રામપ્રસાદ:–ફોજદાર સાહેબ! એ ક્યાં ગઇ છે તેની મ્હને માહિતી નથી. મ્હેં કેટલાંક માણસો માર્ફત તેની શોધ કરાવી હતી; પરંતુ પત્તો લાગ્યો નથી.

ફોજદાર–એક શબ્દ પણ જૂઠો બોલીશ નહિ. તું જો સાચું બોલીશ તોજ તને છોડી દઇશ. ઠીક કહે જોઇએ કે તે શા માટે જતી રહી?

રામપ્રસાદ:–મ્હેં તેની મશ્કરી કરી હતી તેથી.

રામપ્રસાદની માતા બોલી ઉઠી:–"મ્હારા છોકરાને મશ્કરી કરવી બહુ ગમે છે. હું તેને વારંવાર શિખામણ આપ્યા કરૂં છું કે સૌની મશ્કરી કરવી એ સારૂં નથી; પરંતુ મ્હારો છોકરો તદ્દન મૂર્ખ છે! તદ્દન ભોળો માણસ છે!!"

વિષ્ણુપ્રસાદે રામપ્રસાદની માતાને ધમકાવીને કહ્યું:–"તમારાથી ચૂપ નથી રહેવાતું કે? છોકરાને ફાંસીને લાકડે ચઢાવવાનોજ તમારો વિચાર છે કે?"

રામપ્રસાદની માતા ગભરાઇ જઇને શાંત રહી. ફોજદારે ફરીથી રામપ્રસાદને પૂછયું:–"ત્હેં મશ્કરીમાં તેને શું કહ્યું હતુ?"

રામપ્રસાદ:–તે મ્હારી સાથે વાતચિત કરતી નહોતી તેથી હું

વારંવાર તેને મ્હારી સાથે વાતચિત કરવાનો આગ્રહ કરતો હતો.

ફોજદાર:—તેથી તે શું કરતી હતી ?

રામપ્રસાદ:—અરે ફોજદાર સાહેબ ! હું શું કહું ? એ તો એવી લુચ્ચી હતી કે હું જે કાંઈ કહેતો હતો તે બધી હકીકત મ્હારાં ફોઈને કહી દેતી હતી. કોઇ દિવસ ફોઈ મ્હને ઠપકો પણ આપતાં હતાં તો કોઇ દિવસે કાંઈ પણ કહેતાં નહોતાં, અને જ્યારે તેઓ શાંત રહેતાં ત્યારે સ્નેહલતા રડ્યા કરતી હતી.

ફોજદાર:—પછી ?

રામપ્રસાદ:—એક દિવસે તેને મ્હેં જબરદસ્તીથી કહ્યું કે, "જો તું મ્હારૂં કહ્યું કબૂલ નહિ કર તો પણ હું ત્હારા સતીત્વનો ભંગ કરીશજ—એક દિવસે મધ્યરાત્રે મ્હારા કેટલાક ખેડૂત શિષ્યોની સહાયતાથી હું તને કોઈ ગુપ્ત સ્થાને લઈ જઈશ—જેથી ત્હારૂં કોઇ રક્ષણ કરી શકશે નહિ." પરંતુ એ એવી તો મૂર્ખ હતી કે મ્હારી વાત ખરી માની તે ભય પામીને જ પાંચ અગીઆર ગણી ગઈ !

ફોજદારે વિષ્ણુપ્રસાદ તરફ જોયું. વિષ્ણુપ્રસાદે ક્રોધાવેશમાંજ કહ્યું:—"રામપ્રસાદ ! સાંભળ, તું અત્યાર સુધી આખા ગામમાં શું કહ્યા કરતો હતો તે તને યાદ છે કે ?"

રામપ્રસાદની માતા બોલી ઉઠી:—"ઓ બાપ ! તમે તો સારા ગૃહસ્થ માણસ છો ને આમ કેમ પૂછો છો ? પોતાનો ગુન્હો કોઇ પોતાની જાતે કબૂલ કરે ખરૂં કે ?"

ફોજદારે રામપ્રસાદની માતાને ઘણી ધમકાવી તેથી તે મરવા જેવી થઇ જઈને દૂર ખસી ગઇ.

રામપ્રસાદ:—હા ભાઇસાહેબ ! મ્હારી ભૂલ થઇ છે. હું સૌને એમજ કહેતો હતો કે તે એક છોકરા સાથે નાશી ગઈ છે. મ્હારો આ ગુન્હો માફ કરો, નહિ તો ન્યાયાધીશ સાહેબની છોકરી સાથે મ્હારો વિવાહ થવાનો છે તે બંધ રહેશે !

વિષ્ણુપ્રસાદ:—ત્યારે તું સૌને કહેતો હતો એ વાત ખોટી છે ને ?

રામપ્રસાદ:—હા, ભાઇસાહેબ !

વિષ્ણુપ્રસાદઃ-કયી વાત ખોટી છે? ત્હેં કબૂલ કરી તે કે તું સૌને કહેતો હતો તે?

રામપ્રસાદઃ-હું સૌને કહેતો હતો તે.

વિષ્ણુપ્રસાદઃ-તેની સાબિતી શી?

રામપ્રસાદઃ-સાબિતી મ્હારાં ફોઇ. જે દિવસે મ્હેં તેને મ્હારી સાથે વાત કરવાનો આગ્રહ કર્યો હતો તે દિવસે તેણે મ્હારાં ફોઇ પાસે જઇને મ્હારા નામ પર ફરિયાદ કરી હતી; ઘણું રડી હતી; પરંતુ ફોઇબાએ કાંઈ કર્યું નહોતુ. હું પણ સ્નેહલતાને જોઇને ચક્રમ બની ગયો હતે, તેથી......

"બસ કર, હવે કાંઇ બોલીશ નહિ." આમ કહીને વિષ્ણુપ્રસાદે ઘરમાં જઇને એક છોકરાને રૂક્મિણીને બોલાવી લાવવા મોકલ્યો. રૂક્મિણી વિષ્ણુપ્રસાદના મકાનની બ્હાર આવીનેજ ઉભી રહી હતી. તે તરતજ હાજર થઇ. વિષ્ણુપ્રસાદે તેને પૂછ્યું:-"તું અહિંજ હતી કે શું?"

રૂક્મિણીઃ-હા, મ્હારા સાંભળવામાં સઘળી હકીકત આવી છે.

વિષ્ણુપ્રસાદઃ-ત્યારે તું ચંચળવહુને પૂછી આવ કે, રામપ્રસાદ ખરી હકીકત કહે છે કે નહિ?

રૂક્મિણી ચાલી ગઇ. સૌ આતુરતાથી તેના પાછા ફરવાની રાહ જોવા લાગ્યા. કેટલાક સમય પછી રૂક્મિણીએ પાછી આવીને કહ્યું:-"ચંચળમા કહે છે કે સઘળું હું જાણું છું. સ્નેહલતાનો કાંઇ દોષ નથી. રામપ્રસાદના જુલ્મના ભયથીજ તે ઘરમાંથી ગુપચુપ નાશી ગઇ છે. જો હું પ્રથમથી સાવચેત રહી હોત તો આમ થાત નહિ."

આ સમયે વિષ્ણુપ્રસાદે સૌને સંબોધીને કહ્યું:-"હવે આપના સૌના જાણવામાં આવ્યું કે, સતી લક્ષ્મીના નામ પર મિથ્યા કલંક બેઠું છે! તે જીવતી હોય અગર તો તેણે પોતાના સતીત્વરૂપી અમૂલ્ય ધનનું રક્ષણ કરવાને માટે મૃત્યુને આલિંગન કર્યું હોય તો પણ તે સતીજ છે. દુષ્ટના જુલ્મથી-પાપીના પાપમાંથી આત્મરક્ષણ કરવાને માટે તે ગૃહનો ત્યાગ કરી જતી રહી છે, અને તેણે પોતાના સતીત્વ,

ધર્મનું સંરક્ષણ કરી પવિત્રતાનો મહિમા દર્શાવ્યો છે!"

આ વચનો સાંભળતાંજ સૌનાં નેત્રોમાંથી આંસુ ઉભરાઈ જવા લાગ્યાં. ફોજદારની આજ્ઞાથી એક સિપાઇએ રામપ્રસાદના હાથમાંની બેડી કાઢી નાંખી. સૌ રામપ્રસાદનો તિરસ્કાર કરતા કરતા ચાલ્યા ગયા.

રામપ્રસાદ પોતાના હાથ પર પડેલા હાથકડીના ડાઘને જોતો જોતો, રડતો રડતો ઘર તરફ ચાલ્યો ગયો. રસ્તે કેટલાક માણસો તેને 'નિરપરાધીનો નમુનો!' કહીને ખિજવવા લાગ્યા.

પ્રકરણ ૯ મું.

સતીને માટે સાસરૂં દેવમંદિર છે.

સંધ્યાનો સમય થવા આવ્યો હતો. શીતળ સમીર વહેતો હતો. પક્ષિઓ પૃથ્વી પર આહાર શોધીને પોતાનાં બચ્ચાંને મળવાને માટે વ્યાકુળ બની ગયેલાં જણાતાં હતાં.

મંદાકિનીની પાડોસમાં શારદા કરીને તેની એક સહિયર રહેતી હતી. તેણે બરાબર સંધ્યા સમયે મંદાકિની પાસે આવીને કહ્યું:— "મંદા! તું તે બળ્યું ક્યાં સંતાઈ ગઇ'તી? કાલે હું સાસરે જવાની છું તેથી આજે તને મળવા આવી છું."

મંદાકિની આ સમયે દીપક સળગાવતી હતી. તેણે કહ્યું:— "આવ બહેન! આજે તું તો ઘણે દહાડે આ તરફ ભૂલી પડી કાંઈ! તું સાસરે જવાની છું? સ્ત્રીના મહાતીર્થસ્થાન સ્વરૂપ સાસરે જવાની છું?"

આટલું બોલતાં બોલતાંમાં તો મંદાકિનીનાં નેત્રોમાં આંસુ ભરાઇ આવ્યાં. પ્રથમથીજ તેનું મુખ મ્લાન હતું, ચિત્ત ચિંતાતુર હતું, હૃદયમાં અસાધારણ વેદના થતી હતી.

શારદાએ કહ્યું:—"તું વળી શ્વસુર-સ્થાન પ્રત્યે આટલી બધી ભક્તિ રાખતાં ક્યારથી શિખી?"

મંદાકિનીઃ—તું એક વખત ઘરમાં તો ચાલ. ઘણા દિવસથી ત્હને મળાયું નથી. આ હૃદયમાં કેટલું બધું દુઃખ થાય છે તે તું જાણતી નથી! ત્હારૂં શરીર આમ છેકજ કેમ સુકાઈ ગયું?

શારદાનું મુખ મલિન બની ગયું. તેણે કહ્યું:—"બહેન! ત્હારા ભાવ જોતાં મ્હને ભય લાગે છે. શું બન્યું તે કહે તો ખરી."

મંદાકિની હાથમાંનું કામ પૂરૂં કરી, શારદાને લઈ ઘરમાં ગઈ.

શારદાઃ—ત્હારી બ્હેન આવ્યાં છેને? લગભગ એક માસથી તેમના આવ્યાની વાત મ્હેં સાંભળી છે, છતાં બિલકુલ દેખાતાં કેમ નથી?

મંદાકિનીઃ—હા, તેમને પ્રસવનો વખત છે. તેઓ મ્હોટા ઘરનાં મહારાણી સાહેબ છે તેથી તેમનાથી હાથ કે પગ કાંઈ પણ હલાવાતું નથી. હું હતભાગિની છું—મ્હારો પતિ ગરીબ છે તેથી મ્હોટાં બહેનનું કામકાજ, તેમનાં બાળબચ્ચાંનું કામકાજ વગેરે ગધ્ધાવૈતરૂં મ્હારેજ કરવું પડે છે. જો મ્હારાથી ક્હાય કાંઈ કામ રહી જાય છે તો સા પણ મ્હને ભાંડવામાં બાકી રાખતી નથી. તે મ્હને જેમ ફાવે તેમ કહે છે. શારદા! બહેન! અરેરે! હું પહેલાં જાણતી નહોતી કે પતિની સેવામાંજ રમણીનું સમસ્ત સુખ સમાયલું છે. સ્હવારથી તે રાત્રિના દશ વાગ્યા સુધી કામ કરી કરીને મરી જાઉં છું—છતાં કોઈ કાંઈ કરવા લાગતું નથી. મ્હેં પાણી સુદ્ધાં પીધું છે કે કેમ તેની કોઈ સંભાળ રાખતું નથી. અરેરે! હું અભાગની છું—પાપિણી છું. એ સમયે હું સમજતી નહોતી કે, 'ભાઈ હોય, મા હોય અગર તો બહેન હોય તો પણ પતિના જેવો સ્નેહ તેમજ દયા રમણીને કોઈની તરફથી પણ મળતાં નથી.' તે સમયે હું સમજતી નહોતી કે, પતિના માનમાંજ પત્નીનું માન સમાયલું છે. હું બીમાર પડી ગઈ હતી ત્યારે તેમણે ઘણું કષ્ટ વેઠીને મ્હારી સેવા ચાકરી કરી હતી. દવા દારૂ માટે મહા મુશિબતો વેઠીને પણ તેમણે ઘણું ખર્ચ કર્યું હતું; પરંતુ હું અભાગિની તેમના પ્રેમને પિછાની શકી નહિ—ગૌરવને સમજી શકી નહિ. હવે હું સારી રીતે સમજી છું. તે દિવસે સખ્ત તાવ આવ્યો હતો—દશ દિવસ દુઃખ ભોગવ્યું—ઉપવાસ કર્યા—કોઈએ બરાબર ખવડા-

'વવાની પણ સંભાળ લીધી નહિ! બ્હેન ! ત્યારેજ મને કાદંબરીના પુસ્તકમાંનું એક ગાયન યાદ આવ્યું. જો ત્હને પણ તે સંભળાવું.

શારદાઃ—સંભળાવ જોઇએ બ્હેન !

મંદાકિનીઃ—જો સાંભળઃ—

" પતિ વિના પ્રેમદાના મનના પૂરાય કયાંથી કોડ,
કહે સખી પૂરાય કયાંથી કોડ.
સરજનહારે સરજી જગમાં નર નારીની જોડ (૨)
પશુ પક્ષી વનચર નિહાળો સૃષ્ટિ માંહી સઘળે જઈ ભાળો,
નાના મોટા જીવ જંતુમાં, પણ એવી નથી ખોટ—કહે સખી.
પતિ ભજ્યે પાપ સહુ ટળતાં, અખંડ સુખડાં સેજે મળતાં,
પતિ વિના સાહેલી જગમાં, હરાય જીની હોડ—કહે સખી.

અરે ! હવે હું પતિનું અપમાન કરીને ઘણીજ પસ્તાઉં છું: મારાથી તેમનો વિયોગ સહન કરી શકાતો નથી. શું હવે હું તેમની પવિત્ર પ્રેમળતા મૂર્તિનું દર્શન કરી શકીશ નહિ?

વર્ષાઋતુમાં ભીંજેલા પુષ્પ પરથી જળકણનાં બિંદુ સરી પડે તે પ્રમાણે મંદાકિનીનાં નેત્રમાંથી આંસુઓ સરી પડ્યાં. તેણે રૂદ્ધ કંઠે કહ્યું:—" શારદા ! જો સાંભળ, હું હતભાગી છું—પાપના અગ્નિમાં બળી મરૂં છું. મ્હારી સ્થિતિને ધ્યાનમાં રાખજે. ' સ્વામિ તથા શ્વસુરપક્ષ સ્ત્રીને માટે આ સંસારમાં કીમતી સુખ-ભંડાર છે!' સ્વામિની સેવા કરવામાં, ભક્તિ કરવામાં પાછી પાની કરીશ નહિ. તેમને તું ત્હારૂં સર્વસ્વ સમર્પણ કરી દેજે. મહાત્મા સુરદાસજી જેઓ આગળના વખતમાં એક પ્રખ્યાત ભક્તરાજ થઇ ગયા છે તેમની સ્ત્રીએ પણ એક ઠેકાણે કહેલું છે કેઃ—

" સતી શિર મણી પતિની સેવ, કરીને સુંદરી સોહાતી;
રમણી કાતી કુંદન થાતી (૨)
વિશ્વમાં ખ્યાતી ફેલાતી.......................સતી.
સકળ તીર્થનું ધામ છે સ્વામી, ગંગા જમુના ચરણે વિરામી;
પતિ પ્રભુ ગુણ ગાતી.......................રમણી. "

માટે બ્હેન પતિની સેવા કરવાથી તને અપાર પુણ્યની પ્રાપ્તિ થશે."

શારદાની આંખોમાં પણ આંસુ ભરાઈ આવ્યાં. તેણે કહ્યું:—"બહેન! ત્હારા પતિનો કયાંય પત્તો ન લાગ્યો?".

મંદાકિનીએ ઉત્તર આપ્યો:—"ના! પરમાત્મા તેમને દીર્ઘાયુ કરે! મ્હારા પર તેમનો અપાર પ્રેમ હતો; પરંતુ હું હતભાગિની છું. મ્હેં તેમને જે પ્રમાણે કહ્યું હતું તે પ્રમાણે તેમણે કર્યું છે! મ્હારા કહેવાથીજ તેઓ વૃદ્ધ માતા, ભાઈ, ભાભીઓ વગેરેથી છૂટા પડીને અહિં આવ્યા હતા! હું સુખી છું એમ વિચારી તેમણે અપાર અપમાન તથા અપાર તિરસ્કાર સહન કર્યાં હતાં! તેમની સેવા ચાકરી કરવાનું, તેમની ભક્તિ પૂજા કરવાનું તો દૂર રહ્યું; પરંતુ શારદા! હું જાણું છું કે મ્હેં જે મહાન્ પાપકર્મ કર્યું છે તેનું પ્રાયશ્ચિત્ત હમણાં હું કરી રહી છું. મ્હારા હૃદયમાં જે દુઃખ થાય છે તેનો અંત નથી! શારદા! હવે હું તેમનું દર્શન કરી શકીશ નહિ—તેમના જેવો સ્નેહ તેમજ દયા મ્હારા પ્રત્યે કોઇ દર્શાવશે નહિ. તેઓ આંસુ ભરેલી આંખોએ મ્હારી પાસેથી વિદાય થયા છે—વિદાય થયા તે થયા—પાછા આવ્યાજ નહ! મ્હેં અભાગિનીએ એ સમયે તેમને કાંઈ પણ કહ્યું નહિ—તેમને જતા રોકી પણ રાખ્યા નહિ!"

મંદાકિનીથી વિશેષ બોલી શકાયું નહિ. તેનો કંઠસ્વર અટકી જવા આવ્યો.

શારદાએ સહિયરને દુઃખે દુઃખી થઇને કહ્યું:—"તું હમણાંજ ત્હારે સાસરે જા ત્યાં જવાથી તને થોડી ઘણી શાન્તિ મળશે."

મંદાકિની:—શારદા! મ્હારાંજ પાપોને પરિણામે મ્હારા શ્વસુર-પક્ષમાં સુખપૂર્ણ સંસાર બળીને ખાખ થઈ ગયો છે. સ્વર્ગ સ્મશાન સમાન બની ગયું છે—ત્યાં હમણાં જઇને હું શું કરૂં?

શારદા:—તું પૂરો વિચાર કરી જો. પરમાત્માનું સ્મરણ કર. તેઓ ત્હારા પર કૃપા કરશે, અને ત્હારૂં દુઃખ હરશે. ફરીથી ત્હારા પતિદેવ પાછા ઘેર આવશે. તું જા—ત્હારે સાસરે જા.

મંદાકિની:—પરમાત્માનું સ્મરણ કરવાનો મ્હારો અધિકાર મ્હેં જાતેજ ગુમાવ્યો છે. 'જે પાપિણીએ પતિને દુઃખ દીધું હોય છે,

પતિનું અપમાન કર્યું હોય છે, જે પાપિણીએ પતિને ભયંકર દુઃખા-ગ્નિમાં સળગાવી દીધા છે એ પાપિણીને પરમાત્માનું સ્મરણ કરવાનો અધિકાર નથી!' મ્હેં જેવું કર્મ કર્યું છે તેવુંજ ફળ મ્હેં ભોગવ્યું છે અને ભોગવું છું-અને હજુ પણ કેટલું ભોગવીશ તેની કલ્પના સુદ્ધાં કરી શકતી નથી!

બરાબર આ સમયે હરિચરણ પોતાના હાથમાં એક પત્ર લઇને હસતો હસતો ઘરમાં આવ્યો. માતા તથા ભગિનીએ મંદાકિનીને બોલાવી. મંદાકિની શારદાને સાથે લઇને માતા તથા મ્હોટી બહેન પાસે ગઈ.

હરિચરણે હસતાં હસતાંજ મશ્કરીના સ્વરે કહ્યું:-"મા! ભાગ્યચક્ર ફરી ગયું છે. ન્હાની બહેનને તેડવાને માટે તેમની સાસુએ ગાડી તથા માણસ મોકલ્યું છે."

હરિચરણની માતાએ કહ્યું:-"ઠીક છે; પરંતુ પેલા રાવસાહેબના દિકરા ઘેર પધાર્યા છે કે?"

હરિચરણ:-ના. જો સાંભળ હું આ પત્ર વાંચું છું.

આમ કહીને હરિચરણ હાથમાંનો પત્ર વાંચવા લાગ્યો:-

"સ્વસ્તિશ્રી ગામ વિલાયત મધ્યે મહાશુભસ્થાને અનેક સર્વે શુભોપમાલાયક સદ્ગુણાલંકૃત શેઠજી હરિચરણ વગેરે. છાણીથી લી૦ તમારાં વહેવાણ સરસ્વતીના ઘટિત. બીજું અમારા દુર્ભાગ્યની સઘળી હકીકત મ્હારા ધારવા પ્રમાણે તમે સાંભળી હશે. રામપ્રસાદ તથા તેની માતા અહિંથી ચાલ્યાં ગયાં છે. હવે ઘેર રાંધી શકે એવું કોઇ પણ માણસ નથી. ચંચળવહુ પુત્રવિયોગથી શોકાતુર રહે છે! તેથી મ્હેં ગાડી મોકલી છે તો એ ગાડીમાં મંદાકિનીવહુને જેમ બને તેમ જલદીથી મોકલી દેજો. રૂક્મિણીને પણ મોકલી છે. રમેશચંદ્ર નોકરી પર છે. કૃષ્ણચંદ્ર, રજનીચંદ્ર તથા હરિશ્ચંદ્રના કાંઇ સમાચાર મળ્યા નથી. મ્હારી સ્થિતિ કેવી દુઃખપૂર્ણ છે તે તો માત્ર મ્હારો જીવજ જાણે છે; માટે મંદાકિનીવહુને જરૂર મોકલી દેજો, એજ.

લી. તમારાં વહેવાણ

સરસ્વતીના યથાઘટિત વાંચશો."

હરિચરણની માતા ક્રોધથી બેફામ બની જઇને બોલી ઉઠી:– "હા શા માટે ના મોકલું ? મ્હારી છોકરીને ત્હારી ગુલામગિરી કરવાનેજ હું મોકલીશ, કેમ ?! ક્યાં છે, રૂક્ષ્મિણી ? તેને બોલાવો એટલે હું મ્હારી મંદાને મોકલવાની સાફ ના પાડી દઉં."

શારદાએ ધીમેથી કહ્યું:–'ના ના કાકી ! એમ ન કરો. મંદાને સાસરે જવા દ્યો. સાસરે જઇને દુઃખી સાસુની સેવા કરવી એ અત્યારે મંદાનું કર્ત્તવ્ય છે."

હરિચરણની માતાએ વિશેષ ઉચ્ચ સ્વરે કહ્યું:–"ત્યારે શું આટલા દિવસ સુધી મ્હારી પુત્રીએ તેમની સેવા કરી નથી કે ? હમણાં મ્હારી મ્હોટી પુત્રીને એક બે દિવસમાં પ્રસવ થાય તેમ છે, એટલે હું મંદાને મોકલી દઉં તો અહિંનું કામકાજ કોણ કરે ?"

મૃદુ પરંતુ દઢ સ્વરે મંદાકિનીએ કહ્યું:–"હું તો સાસરે જઇશ."

માતા:–જવું હોય તો ભલે જા; પરંતુ પાછી રડતી કકળતી અહિં આવીશ નહિ ! અહિં હવે તને સ્થાન મળશે નહિ, સમજી ? પિયર કરતાં પણ સાસરાની કીમત આ કલિયુગની પુત્રીઓ વધારે ગણે એમાં કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી !"

મંદાકિનીએ માતાનાં આ વચનોનો કાંઇ ઉત્તર ન આપ્યો. તેણે મનમાંને મનમાં કહ્યું:–"હા હા એમજ થશે–જો એ પવિત્ર તીર્થમાં મ્હને સ્થાન નહિ મળે તો પછી હું મ્હારૂં સ્થાન સરિતામાંજ કરી લઇશ."

આ સમયે રૂક્ષ્મિણી પણ તળાવ પર ન્હાવા ગઇ હતી ત્યાંથી સ્નાન કરીને આવી પહોંચી.

સંધ્યાને વિશેષ વિલંબ નહિ હોવાથી શારદાએ કહ્યું:–"મંદાકિની ! ત્હારે તું જઇશને ?"

મંદાકિનીએ આંસુ ભરી આંખોએ શારદા તરફ જોઇને નમ્ર પરંતુ દઢ સ્વરે કહ્યું:–"હા, હું અવશ્ય જઇશ. કોઇનું કહ્યું પણ સાંભળનાર નથી; આ ભયંકર દુઃખાગ્નિમાં હવે વિશેષ બળી મરનાર નથી.

છઠ્ઠો ખંડ સમાપ્ત.

મિલન-મંદિર.

ખંડ સાતમો.

કર્મફળ (ચાલુ).

અને

મિલન-મંદિરની સ્થાપના.

ખંડ ૭ મો.

પ્રકરણ ૧ લું.

ખૂની કોણ? રાજાસાહેબ!

લાંબા સમયની અતૃપ્ત આકાંક્ષા, તથા વ્યર્થ પ્રયાસે પુષ્પાવતીના હૃદયમાં જે દુઃખ જાગ્રત કર્યું હતું તે દુઃખમાં હરિશ્ચંદ્રનું લોહી રેડાયાથી ઘણો વધારો થયો. તેનું દુઃખ સુતીક્ષ્ણ, અસહ્ય તેમજ ગંભીર બની ગયું. અત્યાર સુધી તેણે વિલાસ–લાલસાની સેવાથી ઉન્મત્ત બની જઇને કોમળ સ્વર્ગીય પવિત્ર પ્રવૃત્તિને અવિચારથી પોતાના ચરણો નીચે છુંદી નાંખી છે. તેણે અંતે માત્ર એકલા હરિશ્ચંદ્રનેજ પોતાના હૃદયમાં સ્થાન આપ્યું હતું; પરંતુ તેના પર પોતાનો કેટલો પ્રેમ છે તેનો એ પૂર્ણ નિશ્ચય કરી શકી નહોતી. હરિશ્ચંદ્રનો હમ્મેશાંને માટે વિયોગ થતાં પોતાને દીવાની, ઉન્માદિની બની જવું પડશે એમ તેને માલૂમ નહોતું. જો એમ માલૂમ હોત તો તે હરિશ્ચંદ્રની હત્યા કરવાનું કારસ્થાન રચત નહિ. એ સમયે તો તેણે એમજ વિચાર્યું હતું કે, "હરિશ્ચંદ્રની હત્યા કરવાથી પોતાના સમસ્ત દુઃખનો અંત આવશે!" વળી આજકાલની નવલકથાઓમાં પણ જો પ્રેમાતુર નાયિકા નાયકને મેળવી વિષય સુખ મેળવી શકતી નથી તો પછી તેનો પ્રેમ પ્રચંડ વૈરમાં બદલાઇ જાય છે, અને રમણી ભયંકર રાક્ષસી બની જાય છે. પુષ્પાવતીને પણ નવલકથાઓ વાંચવાનું કાર્ય વિશેષ પ્રિયકર હોવાથી તેના મનમાં આવી ભાવના ભરાઇ જાય એ સંભવિત છે. હરિશ્ચંદ્રનો વિનાશ થયાથી પોતાનું જીવન પણ વ્યર્થ થઇ પડશે, અને પોતાને પશ્ચાત્તાપના અગ્નિમાં બળી મરવું પડશે એવો તેને પ્રથમ વિચાર સુદ્ધાં નહોતો આવ્યો. સર્પિણી કાંઇ મનુષ્યના

જીવનલીલાનો અંત લાવવાનો નિશ્ચય કરીને, એ નિશ્ચયનું હૃદયમાં પોષણ કરી રાખી દંશ દેતી નથી–તેટલો કદાચ વિચાર પણ કરતી નથી; તે તો ગુસ્સે ભરાતાંજ દંશ દઇને નિશ્ચિંત થાય છે !

પુષ્પાવતી કોઈ પણ પ્રકારે હૃદયને સ્થિર કરી શકતી નહોતી. નોકરે સ્નાન કરવાનું કહ્યું, રસોઈયાએ આહાર કરવાની પ્રાર્થના કરી; પરંતુ તેણે સ્નાન કે આહાર કાંઇ કર્યું નહિ. એ સમયે તેનાં નેત્રો લાલચોળ થઈ ગયાં હતાં. વેશ વિચિત્ર હતો. ચોટલો વિખરાયલો હતો.

રજનીચંદ્રના ચાલ્યા ગયા પછી તેણે નોકરને રાજાસાહેબને ત્યાંના સમાચાર લઈ આવવા મોકલ્યો. તેણે ત્યાં જઇ આવીને સમાચાર આપ્યા કેઃ–" રાજાસાહેબની સ્ત્રી પણ ગળે ફાંસો ખાઇને મરી ગઈ છે ! "

પુષ્પાવતીનું વ્યાકુળ હૃદય વિશેષ વ્યાકુળ બની ગયું. બરાબર ત્રિજા પ્રહરે નોકરની ઘણી વિનંતિથી તેણે બે કોળિયા ભોજન કર્યું, અને માત્ર એક પ્યાલો પાણી પીધું.

સંધ્યા સમય પછી તે શાન્ત રહી શકી નહિ. તેણે નોકરને પોલિસ ગેટ પર મોકલ્યો, તથા પોલિસ ઇન્સ્પેકટરને જલદીથી પોતાને મળી જવા તથા ખૂન સંબંધી પોતે ઘણી હકીકત જાણે છે એમ કહેવડાવ્યું.

સમાચાર મળતાંજ પોલિસ ઇન્સ્પેકટર પુષ્પાવતી પાસે આવી પહોંચ્યો. પુષ્પાવતીની મૂર્ત્તિ જોઇને તે સમજી ગયો કે, આ રમણીનું ચિત્ત બરાબર સ્વસ્થ નથી. કદાચ એણે જાતેજ ખૂન કર્યું હશે, અને અંતે પોતાના પાપકાર્યના પશ્ચાત્તાપથી પોતાના ચિત્તની અશાન્તિને લીધે તે ખૂન કરેલું કબૂલ કરશે, અગર તો આ ખૂન સંબંધીના કારસ્થાનમાં તે સામેલ હશે.

પુષ્પાવતીએ ગંભીર મુખે તેમજ ઉદાસ સ્વરે કહ્યુંઃ–" ઇન્સ્પેકટર સાહેબ ! એ નથી–હવે આવશે પણ નહિ–તેની હત્યા કરનાર કેદ પકડાય–શિક્ષામાં સપડાય એજ મ્હારી ઇચ્છા છે. "

ઇન્સ્પેકટરઃ—મ્હારી પણ એવીજ ઇચ્છા છે; પરંતુ કાંઇ પણ આધાર મળી આવ્યા સિવાય ખૂનીને કેવી રીતે પકડવો ?

પુષ્પાવતીઃ—આધાર ! હું તમને સઘળી હકીકત જણાવું છું.

ઇન્સ્પેકટરઃ—જણાવોને, હું હમણાંજ ખૂનીને કેદ કરીશ—કોણ છે ખૂની ?

પુષ્પાવતીઃ—રાજાસાહેબ.

ઇન્સ્પેકટરઃ—રાજાસાહેબ ! ?

પુષ્પાવતીઃ—જી, હા.

ઇન્સ્પેકટરઃ—તેઓ પોતે ! ?

તેઓ પોતે નહિ તો તેમનોજ કોઇ માણસ. તેમને કેદ કરશો એટલે સઘળી હકીકત તમે જાણી શકશો.

ઇન્સ્પેકટરઃ—મ્હને કૃપા કરીને સઘળી હકીકત સ્પષ્ટ રીતે કહો.

પુષ્પાવતીઃ—રાજાસાહેબની પત્ની સાથે હરિશ્ચંદ્રનો ગુપ્ત સંબંધ હતો. બન્ને એકબીજાને ચ્હાતાં હતાં. આ પ્રકાર રાજાસાહેબના જાણવામાં આવ્યાથી તેમણે હરિશ્ચંદ્રનું ખૂન કર્યું છે, અને તેમણે પોતાની પત્નીને સખ્ત માર માર્યો તથા તેને કેટલાંક એવાં ખરાબ વચનો કહી સંભળાવ્યાં કે જેથી ગુસ્સાના, ક્ષોભના તેમજ અભિમાનના આવેશમાંજ તેમની પત્નીએ ગળે ફાંસો ખાઇને આપઘાત કર્યો.

ઇન્સ્પેકટરઃ—મ્હારી ધારણા પણ એવીજ છે; પરંતુ પ્રમાણ સિવાય રાજાસાહેબને કેવી રીતે કાયદાની બારીમાં પકડી શકાય ?

પુષ્પાવતીઃ—પ્રમાણ ! પ્રમાણો જોઇએ એટલાં છે.

ઇન્સ્પેકટરઃ—શાં શાં છે ? કહો જોઇએ ?

આ સમયે પુષ્પાવતીએ ઇન્સ્પેકટરને અનેક પ્રમાણો કહી સંભળાવ્યાં. પુષ્પાવતીના હૃદયમાં જે નરકાગ્નિ સળગી ઉઠયો હતો. તે નરકાગ્નિની પ્રચંડ શિખાઓ સ્વરૂપજ આ પ્રમાણ હતાં. ‘ મનુષ્યનાં પ્રાણમાં એક વખત પાપની પ્રતિષ્ઠા થતાં તેનું પાપ ધીમે ધીમે વધતુંજ જાય છે !’

સઘળી હકીકત સવિશેષ લક્ષ્યથી સાંભળી લઇને ઈન્સ્પેક્ટરે કહ્યું:-"હવે હું આપના પ્રમાણોને અનુસરીનેજ તપાસ ચલાવીશ, અને મ્હારી તપાસનું જે પરિણામ આવશે તે હું તમને યથા સમયે જણાવીશ."

આમ કહીને ઈન્સ્પેક્ટર ચાલ્યો ગયો.

પ્રકરણ ૨ જું.

દિવ્ય-અગ્નિ.

"અહાહા! ઈશ્ક જુગારે, ચલ્યો તો દાવ શો ત્યારે!
પડ્યો પાસો હવે ઉંધો! ફકીરી આ રહી મ્હારે!" કલાપી.

રજનીચંદ્ર બીજે દિવસે સહવારે ઘેર આવી પહોંચ્યો. જે ઓરડામાં પુષ્પાવતી સૂઇ રહેતી હતી ત્યાં જઇને જોયું તો, તેણે પુષ્પાવતીને એક સોફા પર ઉન્માદિનીના વેષમાં પડી રહેલી જોઇ. આ સમયે તે નિદ્રાધીન હતી! પરંતુ તેની નિદ્રા સુખનિદ્રા નહોતી. રજનીચંદ્ર સ્પષ્ટ રીતે સમજી શક્યો કે પુષ્પાવતી નિદ્રામાં ચિત્ર વિચિત્ર સ્વપ્ન જુએ છે—એ સ્વપ્ન દુઃખદાયક હતાં. તેનું મુખ લીલાશ પડતું થઇ ગયું હતું. તેની નસે નસ અસ્વાભાવિક ઉછળી રહી હતી. રજનીચંદ્ર સમજ્યો કે—પાપચિંતાનો પ્રવાહ સ્વપ્નરૂપે વિકાશ મેળવીને પુષ્પાવતીના હૃદયને બાળી દે છે.

રજનીચંદ્રે પુષ્પાવતીને બોલાવી. પુષ્પાવતી જાગી ઉઠી જલદીથી સોફા પર બેઠી થઇ. તેણે ઉદાસ તેમજ ઉન્માદ બની ગયેલાં નેત્રોએ ચારે તરફ દૃષ્ટિ કરી. તેણે તીક્ષ્ણ દૃષ્ટિથી રજનીચંદ્ર તરફ જોઇને કહ્યું:—"તમે તો હરિશ્ચંદ્ર નથી! તમે શા માટે અહિં આવ્યા છો? પુષ્પાવતીનો પ્રેમ સ્વીકારવાને? પ્રેમ! ખોટી વાત! તમે તો ઇંદ્રિય-સંગ્રામના વાઘકર છો—પ્રેમ-પ્રકાશને લક્ષ્યમાં રાખી કેવી રીતે મરવું જોઇએ તે માત્ર હરિશ્ચંદ્રજ સમજી શકે છે—તેથીજ તે મહત્ છે, તે

પવિત્ર છે! તમે જાઓ-હવે ફરીથી આવશો નહિ. મ્હારા સુખપૂર્ણ ધ્યાનનો ભંગ કરશો નહિ.

રજનીચંદ્રઃ-પુષ્પા! તું શું દીવાની બની ગઇ છે?

પુષ્પાવતીઃ-દીવાની?! ના ના, અત્યાર સુધી હું દીવાની હતી, હવે શાણી થઈ છું! 'જે મનુષ્ય પોતાના સ્વરૂપને સમજી શકતું નથી તેજ દીવાનું કહેવાય છે!' તમે હજી સુધી દીવાના છો. પાળેલા કૂતરાની માફક હજી પણ મ્હારી પાછળ પાછળ ભમ્યા કરો છો! શા માટે ભમ્યા કરો છો? પ્રેમ પ્રાપ્તિની આશાથી? હું પ્રેમ કરવાનું સમજી નહોતી-હરિશ્ચંદ્ર પાસેથી સમજી છું-શિખી છું: પરંતુ તે મ્હને શિખવીને તેના મૂળનો નાશ પણ કરીને ચાલ્યો ગયો છે. મ્હેં ઘણા દિવસથી તેના પ્રત્યેના પ્રેમને મ્હારા હૃદયમાં છૂપાવી રાખ્યો હતો; પરંતુ તમે અજ્ઞાન હતા, અંધ હતા તેથી જોઇ શક્યા નહોતા. હરિશ્ચંદ્ર મહત્ હતો, પવિત્ર હતો-તે મ્હારા અપવિત્ર હૃદયને કેવી રીતે સ્વીકારી શકે? તમારા જેવા પુરૂષોજ ભૂલે છે! એના જેવો દેવતુલ્ય પુરૂષ કેમ ભૂલ કરે? એના પવિત્ર લોહીથી મ્હેં મ્હારા હૃદયના પાપને ધોઇ નાંખ્યું છે-હવે હું તમને અડકીશ નહિ. તમે પિશાચ છો-તેથીજ પિશાચિનીના પ્રેમના લોભથી મ્હારી પાછળ પાછળ ભમ્યા કરો છો! શું તમે નથી સાંભળ્યું કેઃ-

" ફાની છે આ જગત સઘળું અન્ત આ જીવવાને,
જે છે તે ના ટકી કદિ રહે, સર્વદા કાળ ક્યાંએ;
શોધી લેને પ્રિય પ્રિય સખે! સર્વદા જે રહેશે,
આશા તૃપ્તિ વિભવ સુખની તુચ્છ સૌ છોડી દેને! "

કલાપી.

આટલું બોલતાં બોલતાંમાં તો પુષ્પાવતીનાં નેત્રો લાલચોળ થઇ ગયાં. તે દાંત સાથે દાંત પીસીને ફરીથી મ્હોટેથી હસી પડી!

આટલા દિવસ પછી રજનીચંદ્રના હૃદયમાં પશ્ચાત્તાપનો અગ્નિ સળગી ઉઠ્યો! તેણે વિચાર્યુંઃ-" ખરેખર! હું પિશાચ છું! ખરેખર, હું જે પવિત્ર છે, જે શાંત છે, જે સુશીતળ છે તેનો ત્યાગ કરીને

નરકની પાછળ ફર્યાં કરૂં છું. આથી કરીનેજ ભગવાને મ્હારા પાપની શિક્ષા મ્હને કરી હોય એમ લાગે છે! તેથીજ મ્હારી સ્નેહલતા મ્હારા હૃદયમાં અશાંતિનો દુઃખાગ્નિ સળગાવવાને માટે કુળત્યાગ કરીને ચાલી ગઇ છે! શું તે ખરેખર કલંકિની છે? ના ના. તેણે જુલ્મના ઝેરથી અસ્થિર બની જઇને ગૃહનો ત્યાગ કર્યો છે. ચંદ્રશંકરે કહ્યું છે કે:-"પાપી મનુષ્ય મરવાનું સાહસ કરી શકતું નથી!" એ વાક્ય ખરૂં છે! અજ્ઞાન અવસ્થામાં પણ સ્નેહલતાએ મ્હને બોલાવ્યો છે. ચંદ્રશંકર શિક્ષિત, ધાર્મિક, વિચારવાન્ છે. તેઓ અસત્ય વાત કહે નહિ-તેઓ ભ્રમથી ભૂલે નહિ! ત્યારે તો મ્હારી સ્નેહલતા મ્હારીજ છે!"

હવે પુષ્પાવતી! પુષ્પાવતી મ્હને છેતરતી હતી. હું ઇન્દ્રિયનો ગુલામ છું-હું તેનું હૃદય અત્યાર સુધી સમજી શક્યો નહોતો. એ પાપિષ્ટાએ મ્હારા કનિષ્ટ ભાઇને છેતરવાનો યત્ન કર્યો હતો-પરંતુ તે બુદ્ધિશાળી હતો. એ સમજતો હતો કે એ પાપ છે! અરેરે! તેણે આ પાપી નારીની પાપપૂર્ણ પ્રાર્થના કબૂલ કરી નહિ તેથીજ તેના જીવનો નાશ થયો છે!

પુષ્પાવતીએ કહ્યું:-"શું વિચારો છો? મ્હારો વિચાર કરો છો? તમે આજથી એમ સમજજો કે, પુષ્પાવતી આ દુનિયાથી દૂર થઇ છે-મૃત્યુ પામી છે. હવે મ્હારી પાસે ફરીથી કદાપી આવશો નહિ. મ્હેં સાંભળ્યું છે કે તમારે એક સદ્‌ગુણી પત્ની છે: તમે તેની પાસે જાઓ. મ્હારે દવાખાનું જોઇતું નથી-તમે તે ચલાવ્યું છે તેથી હું તેને તમારે સ્વાધીન કરૂંછું. મ્હારી પાસે જે દ્રવ્ય છે, તે દ્રવ્યની સહાયતાથી હું જીવનના બાકીના દિવસો સુખમાં પસાર કરીશ; હું તમને સ્પષ્ટ કહુંછું કે હવે કદાપિ મ્હારી પાસે આવશો નહિ. હું હવે નિશ્ચિંત ચિત્તે એ પરમ પવિત્ર પ્રેમિકના પવિત્ર ચરિત્રનું ચિંતન કર્યા કરીશ. હવે મ્હારી પાસે આવવાથી તમારી વિશેષ દુર્ગતિ થશે."

આ સમયે રજનીચંદ્રના હૃદયમાં પશ્ચાત્તાપનો ભયંકર અગ્નિ સળગી રહ્યો હતો. આ સમય ઘણો દુઃખદાયક હતો! "મનુષ્ય તેનાં

માયામય જીવનના અસંખ્ય પાપોનું સ્મરણ કરીને ક્ષણ માત્રમાં અવસન્ન બની જાય છે. માયામય જીવનના ભયંકર અગ્નિમાં . એક કલાકમાંજ બળી ભસ્મ થઇ જાય છે. સમસ્ત પાપોનું તીવ્ર હળાહળ એક ક્ષણ માત્રમાં પી જઇને અસ્થિર બની જાય છે! એ શુભ મુહુર્ત ક્યારે આવે છે, તે કોઈ જાણતું નથી. જ્યારે આવે છે ત્યારે મનુષ્ય બળીને પવિત્ર થાય છે–એ અગ્નિને–'દિવ્ય અગ્નિ' કહેવાય છે!"

રજનીચંદ્રના જીવનનો એ શુભ સમય હમણાં આવ્યો હતો. તે એ દિવ્ય અગ્નિમાં બળીને પવિત્ર થયો. એ સમયે તેને પુષ્પાવતી રાક્ષસી સમાન માલૂમ પડી. તે ચિંતાતુર ચિત્તે દવાખાનામાં ગયો. ત્યાં જઈ કપડાં પહેરી સ્ટેશને ગયો, અને ટીકીટ લઇ, ટ્રેન આવતાંજ તેમાં બેસી દમ્મણ તરફ રવાના થયો.

પ્રકરણ ૩ જું.

રણોલી તરફ પ્રયાણ.

દમ્મણ જઇ પહોંચતાં સાંજ પડી ગઈ. ત્યાં જતાંજ તેણે સાંભળ્યું કે, સ્નેહલતાની તબિયત ઘણી સારી છે. તાવ પણ બીજા દિવસોની માફક વિશેષ પ્રમાણમાં આવ્યો નહોતો. સ્નેહલતા રોગ શય્યામાં બેઠી બેઠી સૌની સાથે વાતચિત કરતી હતી.

ચંદ્રશંકરને ત્યાં આજે રજનીચંદ્રને એક જમાઇ જેટલું માન મળતું હતું. તેનાં માશીસાસુ તેની સાથે આનંદજનક વાતચિત કરી રહ્યાં હતાં, તથા મનમાંને મનમાં કન્યા અને જમાઇનો પુનઃ કદાપિ વિયોગ ન થાય એવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરતાં હતાં!

આમ છતાં સ્નેહલતાના ચરિત્ર સંબંધી રજનીચંદ્રના અંતઃકરણમાં જે આશંકા ઉત્પન્ન થઈ હતી તે સર્વાંશે દૂર થઈ નહોતી. ચંદ્રશંકરે સંસારમાંને સંસારમાં વૃદ્ધાવસ્થા સુધીના અનુભવો મેળવ્યા હતા તેથી તેઓ તરતજ રજનીચંદ્રના મનની આશંકા સમજી ગયા.

ભોજન વગેરે થઈ રહ્યા પછી તેમણે રજનીચંદ્રને કહ્યું:-"રજની-ચંદ્ર ! હવે એક કામ કરવાનું છે !"

રજનીચંદ્રઃ-શું કામ ?

ચંદ્રશંકરઃ-પતિ પત્નીનો સંબંધ ઘણો પવિત્ર છે. એ સંબંધમાં ઘણો દૃઢ વિશ્વાસ હોવો જોઈએ-જો લેશ માત્ર પણ સંદેહ કે અવિશ્વાસ રહે છે તો તે અપાર અસુખનું કારણ થાય છે. આથી હું એક વાત કહેવા માગું છું.

રજનીચંદ્રઃ-કોઇ પણ પ્રકારનો સંકોચ રાખ્યા સિવાય આપને જે કાંઈ કહેવું હોય તે બેલાશક કહો.

ચંદ્રશંકરઃ-સ્નેહલતાનું ચરિત્ર અતિ પવિત્ર છે-તે પોતાના અમૂલ્ય નિધિ સતીત્વનું રક્ષણ કરવાને માટે જીવન સુદ્ધાં વિસર્જન કરવા તૈયાર થઈ હતી; પરંતુ હજુ તમારા મનમાં સંદેહ ઉત્પન્ન થઇ શકે તેમ છે. એ સંદેહને પરિણામે તમારા આત્માને ઘણું દુઃખ થાય તેમ છે.

રજનીચંદ્રઃ-આપ જ્ઞાની છો. આપની ધારણા ખોટી હોયજ નહિ.

ચંદ્રશંકરઃ-અમે તમારાં હિતૈષી છીએ, તેથી તમારી આગળ સ્નેહલતાના પવિત્ર ચરિત્રની ખાત્રી કરાવી આપવી એ અમારૂં કર્તવ્ય છે માટે આપણે બધાં રણોલી ગામે જવાની ઇચ્છા રાખીએ છીએ.

રજનીચંદ્રઃ-ત્યાં જવાથી શું થશે ?

ચંદ્રશંકરઃ-સ્નેહલતાએ તેનાં માશીને જે સઘળી હકીકત કહી છે, તે ખરી છે કે કેમ, તેની આપણે તપાસ કરીશું.

રજનીચંદ્રઃ-આપ હિતૈષી છો. આ સંબંધી આપને જેમ કરવું યોગ્ય લાગે તેમ બેલાશક કરો, કહેવાની જરૂર નથી કે, ભાઈના વિયોગ શોકથી મ્હારૂં હૃદય રાત્રિ દિવસ બળીને ખાખ થઇ જાય છે; પરંતુ આપ કહો છો એ સંબંધીની તપાસ કરવાની પણ જરૂર છે.

તરતજ મુસાફરીનો સરસામાન બાંધીને તૈયાર કરવામાં આવ્યો, અને સૌ રાત્રે એક વાગે ઊપડતી પેસેન્જર ટ્રેનમાં રણોલી જવાને માટે નીકળી પડયાં.

રજનીચંદ્ર આ સમયે સ્નેહલતાને મળી શકયો નહોતો. ચંદ્રશંકરે પણ એ સંબંધી સ્નેહલતાને કાંઈ સૂચના કરી નહોતી. તેમણે એવો નિશ્ચય કર્યો હતો કે જ્યારે સ્નેહલતાના પવિત્ર ચરિત્રની રજનીચંદ્રને ખાત્રી થશે ત્યારેજ તેમનું-પતિ પત્નીનું પ્રેમમિલન વિશેષ આનંદપૂર્ણ થશે. રજનીચંદ્ર માત્ર દવાજ આપ્યા કરતો હતો.

પ્રકરણ ૪ થું.

સતીના સતીત્વનો પરિચય.

બીજે દિવસે બપોરે બાર વાગે સૌ રણોલી સ્ટેશને ઉતર્યાં. સ્ટેશનેથી ગામ એક માઈલ દૂર થતું હોવાથી બે ગાડીઓ ભાડે કરી, તેમાં બેસી સૌ ગામમાં જઈ પહોંચ્યાં. પુરૂષ વર્ગ ગોપાળદાસને ત્યાં ઉતર્યો અને સ્ત્રી વર્ગને ગામની ધર્મશાળામાં ઉતાર્યો.

થોડા સમય સુધી વિશ્રાંતિ લીધા પછી ચંદ્રશંકરે ગોપાળદાસને પૂછ્યું:–"તમારૂં નામ શું?"

ગોપાળદાસ:–ગોપાળદાસ.

ચંદ્રશંકર:–થોડા દિવસ પહેલાં તમારે ત્યાં એક છોકરી આવી હતી કે?

ગોપાળદાસ:–ના–ના–અમે ગરીબ......

ચંદ્રશંકર:–જૂઠું બોલશો નહિ; તેમ કોઇ પણ પ્રકારનો ભય રાખશો નહિ. જૂઠું બોલશો તો દુઃખી થશો.

ગોપાળદાસ રડી પડયો. તેણે કહ્યું:–"મહાશય! એ છોકરીને લીધે તો અમારૂં સત્યાનાશ નીકળી જવા બેઠું છે?"

ચંદ્રશંકર:–શાન્ત થાઓ, અને શું થયું છે તે કહો.

ગોપાળદાસ:–અરે! શું કહું, મ્હારૂં કપાળ! આ ગામના પટેલ શંભુપ્રસાદે મ્હારૂં સત્યાનાશ વાળવાની પ્રતિજ્ઞા કરી છે.

ચંદ્રશંકર:–શા માટે?

ગોપાળદાસઃ—આપ જે છોકરીની વાત કરોછો, તે છોકરી પ્રભાતકાળે સરિતાના કિનારા પર બેસીને રૂદન કર્યા કરતી હતી. મ્હારી સ્ત્રી પાડોસમાં રહેતી એક બીજી સ્ત્રી સાથે નદી કિનારે પાણી ભરવા ગઇ હતી. ત્યાં એ છોકરીને નિરાધાર સ્થિતિમાં રડતી કકળતી જોઇને મ્હારી સ્ત્રી તેને મ્હારે ઘેર લઇ આવી. રસ્તે ગામના મુખી શંભુપ્રસાદે એ છોકરીને જોઈ. શંભુપ્રસાદનો સ્વભાવ સારો નથી—શ્રીમંત માણસોનો સ્વભાવ આવો ખરાબ કેમ હશે? તેમણે એક કુલટા વિધવાને અમારે ત્યાં મોકલી. એ વિધવાએ મ્હારી સ્ત્રીને જે હકીકત કહી તેથી મ્હારી સ્ત્રીના ક્રોધનો પાર રહ્યો નહિ. એ છોકરી ઘણી પવિત્ર હતી. તે પણ પેલી વિધવાએ મ્હારી સ્ત્રી સાથે જે વાતચિત કરી તે ગુપ્ત રીતે સાંભળીને રડી પડી, તથા પરમાત્માનું સ્મરણ કરી શંભુપ્રસાદનો મનમાંને મનમાં તિરસ્કાર કરવા લાગી.

રજનીચંદ્ર એક ગાઢ નિશ્વાસ મૂકી સહજ આઘો ખસીને બેઠો.

ગોપાળદાસ આગળ કહેવા લાગ્યોઃ—"એ વિધવાએ શંભુપ્રસાદ પાસે જઇને મ્હારી સ્ત્રીના ગુસ્સાનું મીઠું મરચું ભેળવીને વિવેચન કર્યું. અંતે શંભુપ્રસાદે મ્હને તેમની પાસે બોલાવ્યો. હું તેમની પાસે ગયો એટલે તેમણે મ્હને પૈસાનો લોભ દર્શાવીને એ છોકરી પોતાને સ્વાધીન કરવાનું જણાવ્યું, તથા હું તેમનું કહેતું અમાન્ય કરૂં તો તેમણે જબરદસ્તીથી એ છોકરીને પોતાને સ્વાધીન લેવાનો ભય દર્શાવ્યો. મ્હેં ઘેર આવીને સઘળી હકીકત મ્હારી સ્ત્રીને કહી સંભળાવી. એ પવિત્ર બાળાને પાપીષ્ટ શંભુપ્રસાદને સ્વાધીન કરવાની મ્હારી પત્નીએ સાફ ના પાડી. તેજ દિવસે રાત્રે એ છોકરી ગુમ થઈ ગયેલી જણાઇ."

ચંદ્રશંકરઃ—તમે કહ્યું હતું કે એ છોકરીને લીધે તમારા સર્વસ્વનો નાશ થવા બેઠો છે, તે કેવી રીતે?

ગોપાળદાસઃ—છોકરી ગુમ થઇ તેને બીજે દિવસે શંભુપ્રસાદે મ્હારા પર એવો આરોપ મૂક્યો કે મ્હેંજ એ છોકરીને નસાડી મૂકી છે. તેથી તેમણે મ્હારા પર જુલમ ગુજારવા માંડ્યો છે. તેમણે મ્હારા

નામ પર ખોટી રકમ ઉધારી કચેરીમાં ફરિયાદ નોંધાવી છે.

ચંદ્રશંકરઃ—તમે બિલકુલ ડરશો નહિ. તમારો ધર્મજ તમને બચાવશે. 'જે ધર્મનું રક્ષણ કરે છે, તેનું રક્ષણ ધર્મ પોતે કરે છે.' એ પાપિષ્ટ શંભુપ્રસાદને તેના પાપકાર્યની યોગ્ય શિક્ષા મળશે અને અંતે સત્યનો વિજય થશે.

પછીથી ચંદ્રશંકરે રજનીચંદ્રને મળીને છાણી જવાનો નિશ્ચય કર્યો, અને તેઓ ધર્મશાળામાં ચાલ્યા ગયા. ત્યાં રસોઈ તૈયાર થયેલી હોવાથી સૌ જમી પરવારી સાંજના સાત વાગ્યાની પેસેન્જર ટ્રેનમાં બેઠાં, અને સ્હાડાચાર વાગે બાજવા સ્ટેશને ઉતર્યાં.

પ્રકરણ ૫ મું.

માતા પુત્રનો મેળાપ.

રાત્રિના લગભગ દશ વાગ્યા હતા. સમસ્ત છાણી ગામ શાન્ત હતું. મૃદુ વાયુથી વૃક્ષોનાં પાંદડાંઓ હાલી રહ્યાં હતાં. ચંદ્રમા પૃથ્વી પર અમૃત વરસાવી રહ્યો હતો. પપૈયા ક્વચિત્ 'પિયુ પિયુ' નો પોકાર કરતા હતા. વિરહિણી લલનાઓ પતિ સંબંધીના વિચારો કરતી કરતી શય્યામાં આળોટતી હતી.

ધીમે ધીમે ચંદ્રશંકર, તેમનાં પત્ની, રજનીચંદ્ર સ્નેહલતા અને બીજા નોકર ચાકરો રજનીચંદ્રના ઘર પાસે જઇ પહોંચ્યા. ઘરનું મુખ્ય-દ્વાર બંધ હતું. બહારની સાંકળ ખખડાવી રજનીચંદ્રે માતાને બૂમ મારી.

હજી પણ ઘરમાં દીપક સળગતો હતો. રજનીચંદ્રની માતા, જયંતી, ચંચળ, મંદાકિની તથા રૂક્મિણી વગેરે હજી સુધી જાગતાં હતાં. તેઓ બેઠાં બેઠાં વાતચિત કરી રહ્યાં હતાં. રમેશચંદ્ર પણ નોકરી પરથી રજા મેળવીને ઘેર આવ્યો હતો.

એકાએક પરિચિત મધુર શબ્દ "મા" સાંભળીને સરસ્વતી આશ્ચર્યમાં પડી ગઇ. વાછરડાથી વિયોગી થયેલી ગાય વાછરડાનો અવાજ સાંભળતાંજ એકાએક અધીરી બની જાય છે તેજ પ્રમાણે રજનીચંદ્રની

બૂમ સાંભળી સરસ્વતી અધીરી થઈ ગઇ. તેણે અધીરાઇથી રૂક્ષ્મિણી તરફ દૃષ્ટિ કરી કહ્યું:-"જો જોઇએ રૂક્ષ્મિણી ! મારો રજની આવ્યો હોય એમ લાગે છે, તેના જેવાજ અવાજે 'મા' કહીને મ્હને કોઇએ બૂમ મારી !"

આ સમયેજ રજનીચંદ્રે ફરીથી બૂમ મારી:-"મા !"

જયંતી બોલી ઉઠી:-"રજનીચંદ્રભાઇજ આવેલા જણાય છે !"

રૂક્ષ્મણીએ જલદીથી જઇને દ્વાર ઉઘાડયાં. રજનીચંદ્રે સૌની સાથે ઘરમાં પ્રવેશ કર્યો. રૂક્ષ્મિણીએ સૌને બેસવાને માટે એક શેતરંજી તથા તે પર રજાઈ પાથરી. રજનીચંદ્રે માતાના ચરણોમાં નમી પડી પ્રણામ કર્યા. માતા મ્હોટેથી રડી પડી. રજનીચંદ્ર પણ રડી પડ્યો. માતા રડી-સુકુમાર તથા સ્નેહલતાને માટે ત્યારે રજનીચંદ્ર રડ્યો હરિશ્ચંદ્રને માટે; પરંતુ રજનીચંદ્રે માતાને એ દુઃખપૂર્ણ વાત જણાવી નહિ. માતાએ વિચાર્યું, સુકુમાર તથા સ્નેહલતાને માટેજ રજની રડે છે. અંતે તેણે રજનીચંદ્રને હરિશ્ચંદ્રના સમાચાર પૂછ્યા. રજનીચંદ્રે ધ્રુજતા સ્વરે ઉત્તર આપ્યો કે:-"સારો છે !"

કોલાહલ થવાથી રમેશચંદ્ર પણ જાગી ઉઠ્યો. ચંદ્રશંકરની સાથે સંબંધી તરીકેની ઓળખાણ જાણવામાં આવતાંજ તેણે તેમને યોગ્ય આદર સત્કાર આપ્યો. તેણે પોતાની સંસાર-સ્થિતિની સઘળી હકીકત વિસ્તારથી ચંદ્રશંકરને કહી સંભળાવી. સઘળી હકીકત સાંભળી લીધા પછી ચંદ્રશંકરે કહ્યું:-"આ દુઃસ્થિતિનું, આવી અશાન્તિ ઉત્પન્ન થવાનું, તથા તમારા સંસાર સુખનો વિનાશ થવાનું કારણ તમેજ છો. સંસારમાં ધૈર્ય, વિચાર તેમજ દૃઢતાથી જો કામ કરવામાં આવતું નથી તો તેનું આવુંજ પરિણામ આવે છે. ગમે તેમ હોય પરંતુ હવેથી સાવચેત રહેજો."

રમેશચંદ્રે એક ગાઢ નિશ્વાસ મૂકીને કહ્યું:-"હોલવાઇ ગયેલા દીવામાં તેલ પૂરવાથી શું ફળ મળે છે ?"

આ સમયેજ વિષ્ણુપ્રસાદ ત્યાં આવી ચઢ્યા. રમેશચંદ્રે ચંદ્રશંકરની વિષ્ણુપ્રસાદ સાથે ઓળખાણ કરાવી. ઓળખાણ થતાંજ

વિષ્ણુપ્રસાદે રમેશચંદ્ર તરફ દૃષ્ટિ કરીને કહ્યું:—“ આજે તેઓ આપણે ત્યાં પધાર્યા છે તેથી આપણું ઘર પાવન થયું છે; તો પણ મ્હોટા દુઃખની વાત એ છે કે—”

વિષ્ણુપ્રસાદને બોલતા અટકાવીને ચંદ્રશંકરે કહ્યું:—“ મ્હારી કન્યા સ્નેહલતા મ્હારે ત્યાં આનંદમાં છે. એને માટે ચિંતા કરશો નહિ. હું એટલા માટેજ અહિં આવ્યો છું. ”

આ વચનો સાંભળી સૌ આનંદ પામ્યાં. ચંદ્રશંકરે સઘળી હકીકત વિસ્તારથી કહી સંભળાવી. એ હકીકત સાંભળી વિષ્ણુપ્રસાદે મલકાતે મુખે કહ્યું:—“ જે મનુષ્ય ધર્મનું રક્ષણ કરે છે, તે મનુષ્યનું ધર્મ જાતે રક્ષણ કરે છે. દુનિયાના લોકો ! તમે શિખો કે, ધર્મ કદાપિ ધાર્મિક મનુષ્યનો ત્યાગ કરતો નથી. ”

આમ કહીને તેમણે રામપ્રસાદનાં સઘળાં કુકર્મોની હકીકતનું અથેતિ વર્ણન કર્યું. પછીથી ચંદ્રશંકરે રજનીચંદ્રને પૂછ્યું:—“ કેમ, સાંભળ્યું કે ? ”

સઘળી હકીકત સાંભળીને રજનીચંદ્રે મસ્તક નમાવ્યું. તે કાંઇ પણ બોલ્યો નહિ. રજનીચંદ્રની માતા, જયંતી, રૂક્ષ્મિણી વગેરેને અપૂર્વ આનંદ થયો. રૂક્ષ્મિણીએ આ દુર્ઘટનાના મૂળ રામપ્રસાદનો મનમાંને મનમાં ઘણો તિરસ્કાર કર્યો.

વિષ્ણુપ્રસાદે રમેશચંદ્રને કહ્યું:—“ ત્યારે ચાલો, હવે આપણે બધાં એક વખત ચંદ્રશંકરનાં મ્હેમાન થઇ આવીએ. સગાં વ્હાલાંઓને ત્યાં જવા આવવાથીજ અરસપરસના સ્નેહમાં વૃદ્ધિ થાય છે.”

ચંદ્રશંકરે પણ ઘણી ખુશાથી સૌને પોતાને ત્યાં આવવાનું કહ્યું. સૌ તેમના કહેવાને સંમત થયાં. ચંદ્રશંકરે કહ્યું:—“ હજુ સ્નેહલતાંને સંપૂર્ણ આરામ થયો નથી તેથી આપણે દમ્મણ તરફ જલદીથી જઇએ તોજ સારૂં. ત્યાં જઇને આપણે ઘણો આનંદ ભોગવીશું. ”

આથી કરીને બીજે દિવસેજ સૌ છાણીથી ત્રણ ગાઉ દૂર આવેલા વડોદરા સ્ટેશનેથી બપોરની બાર વાગ્યાની ફાસ્ટમાં બેસીને દમ્મણ તરફ જવા નીકળી પડયાં.

પ્રકરણ ૬ ઠ્ઠું.

બંધુ–મિલન અને ઈંગ્રેજની ઉદારતા.

એ દિવસનો આનંદ અપૂર્વ હતો. સંધ્યા સમયે સૌ દમ્મણ સ્ટેશને ઉતરી ગાડીઓમાં બેસી ગામમાં ગયાં.

ઘેર જતાંજ માલૂમ પડયું કે, સ્નેહલતાનો તાવ ઉતરી ગયો હતો. તેણે થોડો ઘણો આહાર કર્યો હતો. સૌને આવેલાં જાણી આનંદઘેલી બની જઇને તેણે પ્રથમ વડિલ મંડળને પ્રણામ કર્યા, અને ત્યાર પછી તેણે જયંતીના કંઠે લપટાઇ જઇને રડવા માંડયું. જયંતી પણ અશ્રુજળના આવેગને અટકાવી શકી નહિ. ત્યાર પછી સાસુ, ચંચળવહુ, મંદાકનીવહુ તથા વિષ્ણુપ્રસાદનાં પત્નીએ પણ સૌનો યોગ્ય આદર સત્કાર કર્યો.

રજનીચંદ્રનો જીવ હજી આનંદમાં નહોતો. હરિશ્ચંદ્રના વિયોગ શોકને તે દૂર કરી શકતો નહોતો. વિશેષમાં જ્યારે આ સમાચાર માતાના જાણવામાં આવશે ત્યારે કોણ જાણે શું થશે ? એ પ્રશ્નથી તે ચિંતાતુર બની ગયો હતો.

રજનીચંદ્ર ઘરમાંથી બ્હાર ઓટલા તરફ જતો હતો એવામાં સરસ્વતીએ પૂછયું:–“ભાઇ ! અહિંથી મુંબઈ કેટલું દૂર છે ?”

રજનીચંદ્ર:–બહુ દૂર નથી.

સરસ્વતી:–ત્યારે તો આપણા અહિં આવ્યાના સમાચાર તું હરિયાને પહોંચાડ; મ્હેં તેને ઘણા દિવસથી જોયો નથી.

રજનીચંદ્ર:–પહોંચાડીશ.

સરસ્વતી:–વારૂ; ત્હારા કૃષ્ણચંદ્ર ભાઇનો કાંઈ પત્તો લાગ્યો છે કે ?

રજનીચંદ્ર:–ના; મુંબઇમાં મ્હેં ઘણેખરે ઠેકાણે તપાસ કરી હતી; પરંતુ સઘળેથી હું નિરાશ થયો છું. ભાઇનો પત્તોજ નથી !! મ્હને લાગે છે કે તેમણે મુંબઇમાં પગજ મૂકયો નથી.

આ વાક્યો સાંભળતાંજ સરસ્વતીનાં નેત્રોમાંથી આંસુઓ ઉભરાઇ જવા લાગ્યાં. ધ્રુજતા સ્વરે તેણે કહ્યું:—"અરે રામ! હવે તેની શોધ ક્યાં કરવી?"

થોડે દૂર મંદાકિની બેઠી હતી. તેણે આ વાક્ય સાંભળ્યું. તેની આંખોમાં પણ આંસુઓ ભરાઇ આવ્યાં. રજનીચંદ્ર બ્હાર જવાને બદલે દિવાનખાના તરફજ ચાલ્યો ગયો. ત્યાં પણ તેનું ચિત્ત શાન્ત થયું નહિ. તેના મનમાં કૃષ્ણચંદ્ર સંબંધીના વિચારો આવવા લાગ્યા. તેણે વિચાર્યું:—"અરેરે! ભાઇનો પત્તો નહિજ લાગે કે શું? શું તે જીવતો નહિ હોય? પરંતુ હરિશ્ચંદ્રના ખૂન થયાના સમાચાર પણ જ્યારે માતાના જાણવામાં આવશે ત્યારે શું થશે? માતાને કેટલું-બધું દુઃખ થશે?"

ચંદ્રશંકરને ઇંગ્રેજી સાહિત્યનો ઘણો શોખ હતો. કેટલાંક ઇંગ્રેજી વર્તમાનપત્રો તથા માસિકપત્રોના તેઓ ગ્રાહક હતા. રજનીચંદ્રે વાંચન-કાર્યમાં મન રોકી જીવને શાંત કરવાના હેતુથી એક નોકર માર્ફત કેટલાંક નવીન આવેલાં વર્તમાનપત્રો મંગાવ્યાં, તથા તેમાંથી એક ઇંગ્રેજી દૈનિક પત્ર લઇને તેણે વાંચવા માંડ્યું.

રાત્રિના લગભગ બાર વાગ્યા હતા. દિવાનખાનાની દિવાલ પર ટાંગવામાં આવેલું ઘડીઆળ 'ટક ટક' અવાજ કરી રહ્યું હતું. હજી સુધી શયનાલયમાં ચંદ્રશંકર, વિષ્ણુપ્રસાદ, રમેશચંદ્ર વગેરે બેઠા બેઠા વાતચિત કરતા હતા.

રજનીચંદ્ર સંપાદકની નોંધ વાંચવા લાગ્યો. એવામાં એજ દૈનિક પત્રમાં એક ઠેકાણે દૃષ્ટિ પડતાંજ તે ચમક્યો. તે જે ભાગ વાંચીને ચમક્યો તે ભાગ તેણે બે ત્રણ વખત વાંચ્યો. પછીથી એ પત્રને હાથમાં લઇને તે શયનાલયમાં ગયો.

રજનીચંદ્રે વર્ત્તમાનપત્રને ચંદ્રશંકરના હાથમાં મૂકી એક ઠેકાણે આંગળી મૂકીને કહ્યું:—"આ જુઓ! એક મહા આનંદના સમાચાર છે!"

ચંદ્રશંકરે ઉત્તેજિત બની જઇને એ લખાણ વાંચ્યું. પછીથી આનંદપૂર્ણ મુખે તેમણે રજનીચંદ્ર તરફ દૃષ્ટિ કરીને પૂછ્યું:—"કૃષ્ણ-

ચંદ્ર તમારા શા સગા થાય છે?"

રજનીચંદ્રઃ—મ્હારા મ્હોટા ભાઈ થાય છે.

રમેશચંદ્રે ઉત્સુકતાથી પ્રશ્ન કર્યોઃ—"કેમ, કૃષ્ણચંદ્રને શું થયું છે?"

રજનીચંદ્રઃ—જુઓ, આ વર્તમાનપત્રમાં આવી હકીકત પ્રસિદ્ધ થઈ છે.

આમ કહીને ચંદ્રશંકરના હાથમાંથી વર્તમાનપત્ર પોતાના હાથમાં લઈને રજનીચંદ્રે એ હકીકત વાંચવા માંડી. એનો ગુજરાતી ભાવાર્થ આ પ્રમાણે હતોઃ—

"અમે મહા દુઃખની સાથે ગયા અંકમાં અમારા સહકારી સંપાદક મિ. જોનસ્ટન સાહેબનું આકસ્મિક મૃત્યુ થયાના સમાચાર જાહેર કર્યા છે. તેમણે મૃત્યુપર્યંત વિવાહજ કર્યો નથી—તેઓ કર્મવીર હતા. દરિદ્રોની સેવા કરતાં તેઓ તેમના મૃત્યુ પાછળ એંશીહજાર રૂપિયા મૂકી ગયા છે. મૃત્યુ સમયે તેઓ એક વિલ કરી ગયા છે. તેમની એંશીહજાર રૂપિયાની રકમ તથા વિલ વકીલ પાસે છે. આ એંશીહજાર રૂપિયાની રકમમાંથી ચાળિસ હજાર રૂપિયા તેમણે પોતાની જન્મભૂમિ લંડનના દરિદ્રાવાસના અધ્યક્ષને દરિદ્રોનું પોષણ કરવાને માટે આપવાના જણાવ્યા છે. તેઓ જ્યારે ગુજરાતમાં મુસાફરીએ ગુજરાતી પ્રજાની વિશેષ માહિતી મેળવવા ગયા હતા ત્યારે તેઓ એક વખતે જંગલમાં સાયકલ પરથી પડી ગયા હતા, અને તેમને ઘણું વાગ્યું હતું. એ સમયે એક ગુજરાતી યુવકે નિઃસ્વાર્થ ભાવથી તેમની સેવા ચાકરી કરી હતી, અને એ યુવકની સેવા ચાકરીથીજ તેઓ એ ભયંકર પ્રસંગમાંથી બચી શક્યા હતા. એ ગુજરાતી યુવકને તેમણે વિસ હજાર રૂપિયા સ્વાધીન કરવાનું જણાવ્યું છે. એ ગુજરાતી યુવકનું નામ કૃષ્ણચંદ્ર છે. તે વડોદરા તાલુકામાં આવેલા છાણી ગામનો રહેવાસી છે. બાકીના વીસ હજાર રૂપિયામાંથી દશહજાર રૂપિયા દુષ્કાળ કમીટીના હાથમાં તથા દશહજાર રૂપિયા મિશનરી ફંડને દાન આપ્યા છે."

આટલું વાંચી રહ્યા પછી રમેશચંદ્રે કહ્યુંઃ—"કૃષ્ણચંદ્ર ક્યાં છે?

તેણે આ રૂપિયા લીધા છે ?"

રજનીચંદ્રઃ—તે કાંઇ આ લખાણુ પરથી સમજી શકાય તેમ નથી. હું આવતી કાલે બપોરની ટ્રેનમાં મુંબઇ જઇશ, તથા ત્યાં આ વર્તમાનપત્રની ઑફિસમાં જઇશ એટલે ભાઈ મુંબઇ ગયા હતા કે કેમ ? તથા ગયા હોય તો ત્યાંથી પાછા ક્યાં ગયા છે એ સઘળી હકીકત જાણી શકાશે.

રમેશચંદ્રઃ—ત્યારે તો હવે વિલંબ કરીશ નહિ. તું કહેતો હોય તો હું પણ ત્હારી સાથે આવું ?

આ સમયેજ એક નોકરે બ્હારથી આવીને કહ્યું:—"એક ગૃહસ્થ બ્હાર આવીને ઉભા રહ્યા છે; તેઓ ડૉકટર સાહેબને મળવા માગેછે."

ચંદ્રશંકરે કહ્યું:—"તેઓ વિદેશી છે કે ?"

નોકરઃ—હું કાંઇ જાણતો નથી.

ચંદ્રશંકરઃ—તેમને માન સહિત અંદર તેડી લાવ.

નોકરઃ—મ્હેં તેમને અંદર આવવાનું કહ્યું હતું; પરંતુ તેઓ આવ્યા નહિ. તેમણે કહ્યું કે:—"હું બ્હારથીજ ડૉકટર સાહેબને મળીને ચાલ્યો જઇશ."

રજનીચંદ્ર તરતજ નોકર સાથે બ્હાર ગયો. બ્હાર ઓટલા પાસે એક ગૃહસ્થ રજનીચંદ્રની રાહ જોઇને ઉભો રહ્યો હતો. રજનીચંદ્ર અંધકાર હોવાથી એ ગૃહસ્થને એકદમ ઓળખી શક્યો નહિ. તેણે કહ્યું:—"કેમ મહાશય ! તમે કોણ છો ?"

ગૃહસ્થ રજનીચંદ્રની છેક પાસે આવ્યો. રજનીચંદ્ર ક્ષણભર તેના મુખ તરફ જોઈ રહી તેને ભેટી પડી બોલી ઉઠયો:—"ભાઇ ! મ્હોટા ભાઇ ! અમારો બધાંનો ત્યાગ કરીને તમે ક્યાં ચાલ્યા ગયા હતા ?"

કૃષ્ણચંદ્રનાં નેત્રોમાં પણ આંસુ ભરાઈ આવ્યાં. ગદ્‌ગદ કંઠે તેણે કહ્યું:—"મ્હેં ઘણી મુસાફરી કરી છે. દ્રવ્ય ક્યાં છે તેની તપાસ કરવાનોજ મ્હારી મુસાફરીનો એક માત્ર ઉદ્દેશ હતો. હમણાં હું મુંબઈ ગયો હતો. કાલબાદેવી રોડ પર ત્હારા નામનું સાઇન બોર્ડ નજરે

પડતાં હું આશ્ચર્યમાં પડી ગયો હતો. હું તપાસ કરવાને અંદર ગયો તો ત્યાંજ ત્હારૂં રહેઠાણ માલૂમ પડયું; પરંતુ ત્યાં જતાંજ મ્હેં ઘણા ભયંકર સમાચાર સાંભળ્યા. કહે કહે ભાઇ ! કે આપણા સૌના સ્નેહનો આધાર હરિશ્ચંદ્ર હવે આ પૃથ્વી પર જીવતો નથી કે શું ? અરેરે ! આપણા સૌના સર્વસ્વનો વિનાશ થયો છે !"

રજનીચંદ્રઃ—ભાઇ ! શાન્ત થાઓ ! માતાજી, મ્હોટાં ભાભી તથા રમેશચંદ્ર ભાઈ વગેરે સૌ અહિં આવેલાં છે. જો આ ભયંકર સમાચાર હમણાં તેઓના જાણવામાં આવશે તો સૌના શોકની સીમા રહેશે નહિ. વળી હરિશ્ચંદ્ર માતાજીને ઘણો વ્હાલો હતો તેથી આ હકીકત માતાજી જાણશે તો તેમનો જીવ બચાવવો પણ મુશ્કેલ થશે.

કૃષ્ણચંદ્રઃ—માતાજી વગેરે અહિં કેમ આવ્યાં છે ?

રજનીચંદ્રઃ—આ મકાનના માલિક ચંદ્રશંકર મ્હારા માસાસસરા થાય છે. ઘણી હકીકત બની ગઇ છે—ક્રમે ક્રમે તમે સઘળી હકીકત જાણી શકશો. હમણાં ઘરમાં ચાલો. હું અહિં આવ્યો છું એવી ખબર તમને મ્હારા નિવાસ-સ્થાનેથીજ મળી હશે ?

કૃષ્ણચંદ્રઃ—હા, હું પરમ દિવસે ત્હારા નિવાસ-સ્થાને ગયો હતો, તેમજ ફરીથી ગઇ કાલે પણ ગયો હતો. ત્યાં એક કંપાઉન્ડરે મ્હને કહ્યું કેઃ—"ડૉકટર સાહેબ થોડા દિવસથી હમણા ગામના પ્રખ્યાત જમીનદાર ચંદ્રશંકરને ત્યાં એક રોગીની તપાસ માટે ગયા છે; ત્યાંથી હજી પણ પાછા આવ્યા નથી." આ સમાચાર સાંભળી હું અહિં ચાલ્યો આવ્યો છું.

રજનીચંદ્ર—ભાઈ ! તમે ભરૂચ તરફ ગયા હતા ?

કૃષ્ણચંદ્રઃ—માત્ર ભરૂચ તરફ નહિ; પરંતુ ગુજરાતનાં ઘણાંખરાં સ્થળોએ હું ફર્યો છું.

રજનીચંદ્રઃ—ભરૂચથી થોડે દૂર આવેલા એક જંગલમાં એક સાહેબ સાયકલ પરથી પડી ગયા હતા, એ તમે જાણો છો કે ?

કૃષ્ણચંદ્રઃ—હા, જાણું છું. મ્હેં તેમને મ્હારાથી બનતી મદદ કરી હતી. પછીથી અમે બન્નેએ સાથેજ એક ગામડે જઇને રાત્રિનો વખત

પસાર કર્યો હતો, અને સ્હવારે તેઓ આગળ મુસાફરી કરી શકે એવો બંદોબસ્ત મ્હેં કરી આપ્યો હતો.

રજનીચંદ્રઃ—એ સાહેબ એકાએક મરી ગયા છે.

કૃષ્ણચંદ્રઃ—અરેરે! તેઓ ઘણા ભલા તેમજ પરોપકારી પુરૂષ હતા. તેઓ મ્હારા ભાગ્યના દોષને લીધેજ મરી ગયા છે. તેમણે મ્હારી દરિદ્ર સ્થિતિની હકીકત સાંભળીને મુંબઈ તેમને મળવાનું મ્હને જણાવ્યું હતું, તથા એક નોકરી મેળવી આપવાનું પણ કહ્યું હતું; પરંતુ મ્હેં થોડા દિવસ તીર્થયાત્રા કરી ચિત્તને શાન્ત કરી મુંબઈ જઇ તેમની માર્ફત નોકરી મેળવવાનો વિચાર રાખ્યો હતો. મુંબઇ ગયો ત્યારે મ્હને ત્હારૂં નિવાસ-સ્થાન જડી આવ્યું. હું સાહેબ પાસે જવાના વિચારમાં હતો; પરંતુ હરિશ્ચંદ્રનું ખૂન થયાની હકીકત જાણવામાં આવ્યાથી મ્હેં પ્રથમ તને મળવાનો નિશ્ચય કર્યો, અને અહિં ચાલ્યો આવ્યો. હવે એ સાહેબ માર્ફત નોકરી મેળવવાની મ્હારી આશા વ્યર્થ થઇ છે; પરંતુ રજની! તું કેવી રીતે આ બનાવ જાણી શક્યો ? એ સાહેબની સાથે ત્હારે ઓળખાણ હતી કે શું ?

રજનીચંદ્રઃ—ના ના, એવું કાંઇ નહોતું. એ સાહેબ તેમના મૃત્યુ-કાળે તમારા નામ પર વીસ હજાર રૂપિયા પોતાના વિલમાં લખી ગયા છે. આ હકીકત હમણાંજ મ્હને વર્તમાનપત્ર વાંચી જોતાં માલૂમ પડી છે. એ વર્તમાનપત્રમાં તમારૂં નામ તથા બીજી પણ કેટલીક હકીકત પ્રસિદ્ધ થઈ છે.

કૃષ્ણચંદ્રઃ—કેવી ઉદારતા! કેવું ધન્ય હૃદય! એક નજીવા સામાન્ય ઉપકારની વાત પણ એ સાહેબ પોતાનું મૃત્યુ થતાં સુધી ભૂલી શકયા નહિ. જો આમ ન હોત તો પછી તેમની જાતિ જગતમાં આટલી બધી ઉન્નત કેમ થાત ?

રજનીચંદ્રઃ—ભાઈ! તમે મ્હારી સાથે આવો. રમેશચંદ્રભાઈ, વિષ્ણુકાકા સૌ શયનાલયમાં છે. તમે એક વખત માતાજીને મળો. તેઓ તમારા વિયોગથી વ્યાકુળ બની ગયાં છે. આપણે આવતી કાલે મુંબઇ જઇને તમારા વિસહજાર રૂપિયા લઇ આવવાની વ્યવસ્થા કરીશું.

કૃષ્ણચંદ્ર રજનીચંદ્રની પાછળ પાછળ શયનાલયમાં ગયો. રજનીચંદ્રે દ્વાર સમીપ જઇ પહોંચતાંજ કહ્યું:–“ રમેશભાઇ ! જુઓ તો ખરા, કૃષ્ણચંદ્રભાઇ આવ્યા છે. ”

“ કૃષ્ણચંદ્ર ! ” આમ કહીને રમેશચંદ્ર એકદમ ઉભો થવા જતો હતો એવામાં તો કૃષ્ણચંદ્રે તેની પાસે જઇને પ્રણામ કર્યાં. બન્ને ભાઇઓ એકબીજાને અપૂર્વ સ્નેહથી આલિંગન કરી નેત્રામાંથી આંસુઓ સારવા લાગ્યા. એ સ્થાને એ સમયે આનંદના તરંગો ઉછળી રહ્યા. ચંદ્રશંકર તથા વિષ્ણુપ્રસાદના આનંદની સીમા પણ રહી નહિ.

ત્યાર પછી કૃષ્ણચંદ્રે ઘરમાં જઇને માતાને પ્રણામ કર્યાં. માતાની આંખોમાં એટલાંબધાં આંસુ ભરાઇ આવ્યાં કે તેનાથી પુત્રનું બરાબર દર્શન કરી શકાયું નહિ. ઘણા દિવસથી હૃદયમાં અટકી રહેલો અશ્રુ-પ્રવાહ પૂરવેગથી નેત્રામાંથી વહેવા લાગ્યો. અંતે તેણે પુત્રના મસ્તક પર પોતાનો હાથ મૂકીને આશીર્વાદ આપ્યો.

ચંદ્રશંકર જેવા ચતુર તેમજ સારાસારનો વિચાર કરનાર હતા તેવાંજ તેમનાં પત્ની હતાં. તેમણે વિચાર્યું કે કૃષ્ણચંદ્ર અને મંદાકિનીનો ઘણા દિવસથી વિયોગ થયો હતો તેથી તેમના ઉભયના મનમાં પ્રેમ–મિલનની આશા પ્રબળ થાય એ સાહજિક છે. તેથી તેમણે પોતાના મકાનમાંજ પતિ પત્નીનું પ્રેમ–મિલન થાય એમ કરવાનો નિશ્ચય કર્યો.

કૃષ્ણચંદ્ર માતાને, રજનીચંદ્રની માસીસાસુને તથા પોતાની બન્ને વડિલ ભાભીઓને પ્રણામ કરીને જ્યારે સુવા જતો હતો ત્યારે એક દાસીએ તેને કહ્યું:–“ તમે મ્હારી સાથે આવો. ”

કૃષ્ણચંદ્ર દાસીની પાછળ પાછળ ગયો. દાસીએ એક સુંદર ઓરડાના દ્વાર પાસે ઉભી રહીને કહ્યું:–“ આ ઓરડામાં તમારી પથારી કરેલી છે; માટે અંદર જઇ નિરાંતે વિશ્રામ લ્યો. ”

આમ કહીને દાસી ચાલી ગઇ. ઓરડાનાં દ્વાર ઉઘાડી જેવો કૃષ્ણચંદ્ર અંદર પેઠો કે તરતજ ઉન્માદિનીના જેવી બની ગયેલી મંદાકિની તેના પગોમાં નમી પડી, તથા રુદન કરતાં કરતાં તેણે નમ્ર

પરંતુ અસ્પષ્ટ સ્વરે પૂછ્યું:-“ મ્હને ક્ષમા કરશો કે ? ”

કૃષ્ણચંદ્ર:-કોણ મંદા ! ? તું શા માટે મ્હારી પાસે ક્ષમા મ્હાય છે ? શું તને પશ્ચાત્તાપ થાય છે ? મ્હારા કરતાં ત્હારા ભાઇની સ્થિતિ સારી છે. હું દરિદ્ર છું. મ્હારી પાસે આવતાં તને ત્હારી જાત પર તિરસ્કાર ઉપજતો હોય એમ મ્હને લાગે છે !

મંદાકિની:-પ્રભુ ! હું સ્ત્રી જાત છું; મૂર્ખ છું. હું પૂર્વે મ્હારૂં કર્ત્તવ્ય સમજતી નહોતી. મ્હારો ધર્મ જાણતી નહોતી ! તે સમયે હું સમજતી નહોતી કે ‘ પતિના સર્વ સુખમાંજ પત્નીનું સમસ્ત સુખ તેમજ આ લોક તેમજ પરલોકનું સર્વસ્વ સમાયેલું છે. ’ પ્રભુ ! હું તો તમારી દાસી છું-સેવિકા છું. હું અજ્ઞાની છું, મ્હને ક્ષમા કરો. ફરીથી કહો કે:-“ પ્રિયે ! હું તને ક્ષમા કરૂંછું. ”

કૃષ્ણચંદ્ર:-તને આવું અપૂર્વ જ્ઞાન ક્યાંથી મળ્યું ?

મંદાકિની:-આ સઘળાં મ્હારાં અંતરનાં વાક્યો છે. હું તમારા અભાવથી ઉપજતા દુ:ખનો અનુભવ કરી શકી છું. શ્વસુરગૃહનું માહાત્મ્ય સમજી શકી છું-તેથીજ હું પિયરનો ત્યાગ કરી સાસરે ગઈ હતી. હું ધારૂંછું કે એ પુણ્યફળથીજ હું આજે તેમને ફરીથી મેળવી શકી છું.

કૃષ્ણચંદ્ર:-પણ હું તો ગરીબ છું.

મંદાકિની:-નહિ નહિ; તમે મ્હારા રાજરાજેશ્વર છો. એક વસ્ત્રના બે ભાગ કરી નાંખીને આપણે બન્ને આપણાં શરીરોને ઢાંકીશું. જે બાજરી બાવટાનો ખોરાક મળશે તેને પંચામૃત સમાન માની આરોગીશું. જુઓ સાંભળો:-

“ હું તો ઈચ્છું છું, પતિ તમ્હારી સેવા,
મને અન્ય વિષયથી નહિ કંઈ લેવા દેવા;
મળે છાશ બાકરા ખાઇને પેટ ભરીશું,
મળશે તે પર સંતોષે ગુજર કરીશું.
પતિના એંઠા ટુકડા તે મીઠા મેવા......

કંચન નહિ પણ સૌભાગ્ય કાષ્ટની ચુડી,
મંગળદોરો એ સતી નારની મુડી;
કાચા સુતરને તારે બંધાયાં એવાં......
જાડે કપડે પણ અંગ સહુ ઢંકાશે;
પતિ સંગે પર્ણકુટી મહાલય સમ થાશે,
અતિ સ્નેહદ્રષ્ટિએ અમે વેચાયાં જેવાં–" દિવાનો.

મંદાકિનીની અપૂર્વ ભક્તિ જોઇ કૃષ્ણચંદ્ર વિશેષ વખત સુધી સ્થિર રહી શક્યો નહિ. તેણે પત્નીને ગાઢ પ્રેમાલિંગન કરી, તેના ગુલાબી અધરોષ્ઠ પર મિલનના પ્રેમ-ચિહ્ન તરીકે ચુંબન કર્યું !

પ્રકરણ ૭ મું.

ભાગ્યોદય.

બીજે દિવસે બપોરના બે વાગ્યાના સુમારે કૃષ્ણચંદ્ર અને રજનીચંદ્ર મુંબઈ જઈ પહોંચ્યા તથા ઉપર દર્શાવેલા વર્ત્તમાનપત્રની ઑફિસમાં જઈ યોગ્ય તપાસ કરી વકીલ પાસે ગયા. રૂપિયા સાહેબના વકીલ પાસે ડિપોઝિટ હતા.

વકીલને ત્યાં ઓળખાણ આપી, એક બે માણસોની સાક્ષી આપી રજનીચંદ્રે કૃષ્ણચંદ્રના નામનો ૨૦ હજાર રૂપિયાનો ચેક મુંબઈ બેંક પર લખાવી લીધો.

રજનીચંદ્રની એક વખત દવાખાનામાં જઈ આવવાની ઇચ્છા હતી; પરંતુ કદાચ ત્યાં જતાંજ પુષ્પાવતી પોતાને રૂાવે તેવાં વચનો સંભળાવે, અને વડિલ બંધુની હાજરીમાં પોતાને શરમાવું પડે એવી આશંકા થઇ આવવાથી તેણે બીજે દિવસે એકલા આવવાનો વિચાર કર્યો, અને તે દિવસે દમ્મણ જવાનું નક્કી કર્યું.

સંધ્યા સમયે બન્ને ભાઇઓ ટ્રેનમાં બેઠા. ટ્રેન બરાબર સમયે દમ્મણ જઈ પહોંચી. સ્ટેશને ઉતરતાંજ તેમણે જોયું કે આકાશમાં

ઘનઘોર વાદળાંઓ એકત્ર થઈ ગયાં હતાં. ચારે દિશાઓમાં અંધકાર ફેલાઈ ગયો હતો.

ચંદ્રશંકરે ઘેરથી બે ઘોડા મોકલ્યા હતા. બન્ને ભાઇઓ ઘોડા પર સ્વાર થઇને ગામ તરફ જવા લાગ્યા. બળવાન્ ઘોડાઓ વાયુની માફક પૂરવેગથી આગળ વધવા લાગ્યા; છતાં રજનીચંદ્ર અને કૃષ્ણચંદ્ર વરસાદ પડતા પહેલાં મુકામ પર પહોંચી શક્યા નહિ.

ગામ લગભગ અડધો માઇલ દૂર રહ્યું હશે એવામાં પ્રચંડ જોશથી વૃષ્ટિ થવા લાગી. ગગનમાં ભયંકર ગર્જનાઓ થવા લાગી. વિદ્યુત્ ચમકવા લાગી. આથી કરીને બન્ને ભાઇઓ ઘોડા પરથી ઉતરી રસ્તા પર આવેલા એક મંદિરમાં પેઠા, અને પાણીની ઝાપટથી બચવાને તેમણે મંદિરનાં બારણાં બંધ કરી દીધાં.

ક્રમે ક્રમે વૃષ્ટિનું જોશ વધવા લાગ્યું. ગર્જનાઓ વિશેષ ગર્જવા લાગી. વિદ્યુત્ ક્ષણે ક્ષણે ચમકવા લાગી.

ઘણા સમય સુધી આવી રીતે મુશળધાર વરસાદ પડયો; છતાં અંધકાર તો દૂર થયોજ નહિ. વરસાદ પછીથી ટપક ટપક વરસવા લાગ્યો. વચ્ચે વચ્ચે વિજળી પ્રકાશવા લાગી.

રજનીચંદ્ર અને કૃષ્ણચંદ્ર મંદિરની અંદર બેસી રહીને હરિશ્ચંદ્રના ખૂન સંબંધીની વાતચિત કરતા હતા; એવામાં બ્હારથી કોઇએ બૂમ મારીને કહ્યું કે:—“મંદિરમાં કોણ છે ? કૃપા કરીને દ્વાર ઉઘાડો. હું મ્હોટા સંકટમાં પડ્યો છું.” આ કંઠસ્વર સાંભળીને કૃષ્ણચંદ્રે ઘણાજ આશ્ચર્યથી રજનીચંદ્ર તરફ જોયું, તથા તે બોલી ઉઠ્યો:— “રજની ! રજની ! આ તો હરિશ્ચંદ્રનો સ્વર સંભળાયો ને ?”

રજનીચંદ્રે કાંઈ પણ ઉત્તર નહિ આપતાં તરતજ દ્વાર ઉઘાડ્યાં. મંદિરમાં સળગતા દીપકનો પ્રકાશ બ્હાર સુધી જઈ પહોંચ્યો. દ્વાર આગળ જે દેખાવ નજરે પડયો એ દેખાવ નજરે પડશે એવી પૂર્વે બિલકુલ કલ્પના સુદ્ધાં નહોતી આવી. કૃષ્ણચંદ્ર આ આશ્ચર્યપૂર્ણ દેખાવ જોઇને ભયથી કંપી ઉઠ્યો. કૃષ્ણચંદ્ર અને રજનીચંદ્ર બરાબર સ્પષ્ટ રીતે જોઈ શક્યા કે, દ્વાર આગળ હરિશ્ચંદ્ર ઉભો છે, અને તેના

ખભા પર સુકુમાર છે ! બન્ને જણા જળથી ભીંજાઈ ગયા છે.

રજનીચંદ્રે ધ્રુજતા સ્વરે કહ્યું:—"હરિશ્ચંદ્ર ! અમે શું ત્હારી આ પ્રેતમૂર્તિને જોઇએ છીએ ? તું શું પરલોકના રાજ્યમાંથી અમને દર્શન દેવાને આવ્યો છે ?"

હરિશ્ચંદ્ર મ્હોટેથી હસી પડયો. તેણે કહ્યું:—"ના ભાઇ ! આપ દમ્મણ ગામમાં છો એવા સમાચાર સાંભળવામાં આવ્યાથી હું મુંબઈથી આ તરફ આવ્યો છું. મ્હારી પાસે મ્હારો ગુમ થઇ ગયેલો કંઠહાર સુકુમાર છે. હું થોડા સમય પછી તમને સઘળી હકીકત કહું-છું. વરસાદ પડવો શરૂ થયો ત્યારથી હું ભીંજાતો આવું છું. તમે સુકુમારનું શરીર સાફ કરી નાંખો."

આમ કહીને હરિશ્ચંદ્રે મંદિરમાં પ્રવેશ કર્યો રજનીચંદ્રે ધ્રુજતા હાથે સુકુમારના ગાત્રને સ્પર્શ કર્યો. સુકુમાર કૃષ્ણચંદ્રની પાસે ગયો: કારણ કે રજનીચંદ્રને તે વિશેષ ઓળખતો નહોતો.

આ સમયેજ કૃષ્ણચંદ્ર અને રજનીચંદ્ર સમજી શકયા કે, આ બન્ને પાર્થિવ દેહ છે. તેઓ શરીરની છાયારૂપી પ્રેમમૂર્તિઓ નથી.

રજનીચંદ્રે કહ્યું:—"હરિશ્ચંદ્ર ! પ્રાણાધિક ! શું હું સ્વપ્ન જોઉંછું ?"

હરિશ્ચંદ્ર:—ના ભાઈ ! સ્વપ્ન નથી. હું મરી ગયો નહોતો. જુઓ, સઘળી હકીકત સાંભળો. પુષ્પાવતીએ મ્હારૂં ખૂન કરાવવાના હેતુથીજ તે કારસ્થાન રચ્યું હતું. રાજાસાહેબે પોતાના રસોઇઆને બે હજાર રૂપિયા આપવાના ઠરાવી મ્હારૂં ખૂન કરવાનું જુલ્મ ભરેલું કાર્ય તેને સોંપ્યું. એ બ્રાહ્મણે રૂપિયા લઇને પાપી થવા ઉપરાંત ખૂન કરીને મહાપાપી થવાનું યોગ્ય ધાર્યું નહિ. તેણે ભયંકર રાત્રે દવાખાનાના ઓરડામાં પ્રવેશ કર્યો. અને મ્હને જગાડીને થોડા દિવસ સુધી છૂપાઇ રહેવાનું જણાવ્યું. જો હું તે પ્રમાણે નહિ કરૂં તો પુષ્પાવતી મ્હને જીવતો રહેવા દેશે નહિ એમ પણ તેણે જણાવ્યું હું થોડા સમય સુધી વિચાર કરીને તેના કહેવા પ્રમાણે કરવાને કબૂલ થયો. શા માટે કબૂલ થયો ? આપ જાણો છો ? મ્હારી માર્ફત કદાચ આપનું કાંઇ અનિષ્ટ થાય. રસોઇઓ મ્હને ઘરમાંથી બ્હાર કાઢી, એક બકરો કાપી

નાંખીને તેનું લોહી મ્હારી શય્યામાં તથા શય્યાની પાસે રેડી બકરાનો મૃતદેહ લઇને ચાલ્યો ગયો.

રજનીચંદ્રઃ—કેવું ભયંકર કારસ્થાન ! એ રસોઇઓ હમણાં ક્યાં છે ?

હરિશ્ચંદ્રઃ—તે ઉપરોક્ત પ્રકાર બન્યો તેને બીજે દિવશે પ્રભાતકાળેજ રાજાસાહેબ પાસેથી બે હજાર રૂપિયા લઇને સ્વદેશમાં ચાલ્યો ગયો છે.

રજનીચંદ્રઃ—જવા દે, એ બધી હકીકત પછી સાંભળીશું. સુકુમાર તને ક્યાંથી મળી આવ્યો ? મ્હેં સાંભળ્યું હતું કે સુકુમારના મૃતદેહને તો સ્મશાનભૂમિમાં જીવતો દાટી આવવામાં આવ્યો હતો. તે પછી તે તને કેવી રીતે મળી આવ્યો ?

હરિશ્ચંદ્રઃ—હા, જુઓ સાંભળો; એજ હકીકત હું તમને કહું છું. રસોઇઆએ મ્હને જીવન અર્પણ કરીને જ્યારે ચાલ્યા જવાનું જણાવ્યું ત્યારે પ્રથમ તો મ્હેં ઘેર જવાનો નિશ્ચય કર્યો; પરંતુ ઘેર જવાથી ચિત્ત અનેક પ્રકારે અસ્વસ્થ રહે તેમ હોવાથી હું દેશાટણ કરવાનો વિચાર કરીને બીલીમોરા તરફ ચાલ્યો ગયો. બીલીમોરા અને પારડી વચ્ચે એક નદી આવેલી છે, તથા એ નદીની આસપાસના પ્રદેશમાં મ્હોટું જંગલ આવેલું છે. હું બીલીમોરા સ્ટેશને ઉતરી ક્યાં જવું તે સંબંધી કાંઈ નિર્ણય કરી શક્યો નહિ, તેથી રેલ્વેની સડક પરજ ચાલવા લાગ્યો. બપોરના બે વાગ્યાનો સુમાર થયો હતો. ટ્રેનની મુસાફરીને કારણે મ્હારાથી સ્નાન સંધ્યાદિ નિત્યકર્મ કરી શકાયું નહોતું. નદી આવતાંજ હું તેને કિનારે ગયો અને કપડાં ઉતારી સ્નાન કરી લીધું. પછીથી પ્રાણાયામ્ પણ કરી લીધો એટલામાં એક હોડી કિનારે આવી પહોંચી. બાલ્યાવસ્થાથીજ મ્હને પ્રકૃતિ ઘણી મોહક લાગતી હોવાથી મ્હને હોડીમાં બેસી ગાઉ બે ગાઉ સુધી ફરી આવવાની ઇચ્છા થઇ. હોડીવાળાને પણ કાંઈ કારણને લીધે ગાઉ બે ગાઉ સુધી જવાનું હોવાથી તેણે મ્હને નૌકામાં બેસાડવાની હા પાડી. હું તરતજ નૌકામાં બેઠો અને હોડી ચાલવા લાગી.

માત્ર પા કલાકમાંજ તે દિવસે પણ આજની માફક આકાશ

વાદળાંથી ઘેરાઇ ગયું. ગગનમાં મેઘની ગર્જના થવા લાગી. વિજળી ચમકવા લાગી અને વિના વિલંબે મુશળધાર વૃષ્ટિ થવા લાગી. સરિતાના જળમાં પ્રચંડ તરંગો ઉછળવા લાગ્યા. નૌકા ડોલવા લાગી. એવામાં વાયુનું સખ્ત તોફાન થવાથી અમારી નૌકા ડૂબી ગઈ. દિવસનો વખત હોવા છતાં ચારે દિશાએ એટલો બધો અંધકાર ફેલાઇ ગયો હતો કે એ અંધકાર આગળ મધ્યરાત્રિનો અંધકાર જાણે કાંઈજ નહોતો. એક બીજાનું મુખ પણ જોઇ શકાય તેમ નહોતું. તેથી હું તરીને કિનારે જઇ પહોંચ્યો. હું જ્યાં આગળ જઇ પહોંચ્યો એ સ્થાને ભીષણ જંગલ આવેલું હતું. ચારે દિશાએ ભયંકર વનપશુઓની ભયજનક ચીસો સંભળાતી હતી. એ ચીસો સાંભળીને મ્હેં જીવનની આશાનો ત્યાગ કર્યો. એવામાં થોડે દૂર એક દીપક સળગતો મ્હારી દૃષ્ટિએ પડ્યો. અંતરમાં આશાનો સંચાર થયો. વળી થોડા સમયમાંજ જે સ્થાન આગળ એ દીપક સળગતો હતો એ સ્થાન તરફથી ઘંટ વાગતો હોય એવો સ્વર મ્હારા સાંભળવામાં આવ્યો. હું સમજ્યો કે એ સ્થાને અવશ્ય કોઇ માણસ હશે.

હું એ દીપક જે તરફ સળગતો હતો તે તરફ ચાલી નીકળ્યો. ત્યાં જઇ પહોંચતાંજ એ સ્થળે મ્હેં એક દેવમંદિર જોયું. મંદિરનાં દ્વાર ખુલ્લાં હતાં તેથી મંદિરમાંની રાધાકૃષ્ણની મૂર્તિ મ્હારી નજરે પડી. મૂર્તિની સામે એક સંન્યાસી મહાત્મા બેઠા હતા. એક પાત્રમાં લોબાન સળગી રહ્યો હતો. મ્હેં ભક્તિપૂર્વક મૂર્તિને પ્રણામ કર્યા.

રજનીચંદ્રઃ—સુકુમાર ક્યાંથી અને કેવી રીતે મળી આવ્યો તે તો તું કહેતોજ નથી.

હરિશ્ચંદ્રઃ—હું એજ કહું છું. ઘણા સમય પછી સંન્યાસી મહાત્માની સમાધિનો ભંગ થયો. હું ભીંજાયલાં વસ્ત્રો પહેરીનેજ બારણા આગળ બેઠો હતો. સંન્યાસીએ પૂજા સમાપ્ત કરીને મ્હારી તરફ દૃષ્ટિ કરી, તથા મ્હારી ઓળખાણ પૂછી. મ્હેં એ મહાત્માને સઘળી હકીકત વિસ્તારથી નિવેદન કરી. મંદિરની પાસેજ બીજો એક આશ્રમ હતો. સંન્યાસીએ એ આશ્રમ તરફ દૃષ્ટિ ફેરવી એક નોકરને બૂમ

મારી. તરતજ નોકર આવી પહોંચ્યો. મહાત્માશ્રીએ એ નોકર પાસે એ ત્રણ વસ્ત્રો મંગાવ્યાં. નોકર વસ્ત્રો લઇ આવ્યો એટલે મ્હેં ભીંજાઇ ગયેલાં વસ્ત્રો બદલી નાંખ્યાં. પછી સંન્યાસી મહાત્માએ મ્હને પ્રસાદ આપ્યો. હું એ પ્રસાદ ખાઇ ગયો. પછીથી એ રાત્રે એ સ્થાનેજ સૂઇ રહ્યો. બીજે દિવસે પ્રભાતકાળે ઉઠીને હું જ્યારે સંન્યાસી મહાત્મા પાસે વિદાય લેવા ગયો ત્યારે મ્હેં તેમની પાસે સુકુમારને જોયો. મ્હારૂં હૃદય કંપી ઉઠયું. એ કોણ! સુકુમાર છે કે કેમ? હું એ સંબંધી પ્રશ્ન કરવા જતો હતો; પરંતુ કરી શકયો નહિ. "આ મ્હારા ન્હાના કાકા આવ્યા!" એમ કહીને સુકુમાર મ્હારી પાસે આવી દૃઢતાથી મ્હારા ગળાને વળગી પડયો, તથા 'કાકા ઘેર ચાલો' કહેતો કહેતો રડવા લાગ્યો.

આ પ્રકાર કેવો આશ્ચર્યપૂર્ણ હશે તેની કલ્પના તમે સહેલાઇથી કરી શકો તેમ છો. જે પ્રાણાધિક સુકુમારના મૃત દેહને સ્મશાન-ભૂમિમાં મૂકી આવવામાં આવ્યો હતો તેજ ફરીથી 'ન્હાના કાકા' કહીને મ્હારા કંઠને વળગી પડીને ઘેર આવવા માટે રૂદન કરવા લાગ્યો. આટલે બધે દૂર-રાધાકૃષ્ણના મંદિરમાં સંન્યાસી મહાત્મા પાસે એ ક્યાંથી અને કેવી રીતે આવ્યો?

હું આશ્ચર્યથી સંન્યાસી મહાત્માના ચરણોમાં ઢળી પડયો અને મ્હેં તેમને સઘળી હકીકત પૂછી. સંન્યાસીએ હસીને કહ્યું:—"ઇચ્છા-મય પરમાત્મા કયી ઇચ્છાથી કયું કાર્ય કરે છે તે સમજી શકાતું નથી! તમે તમારા આ ભ્રાત્રજાને જે દિવસે સ્મશાનભૂમિમાં મૂકી આવ્યા હતા તેજ દિવસે દૈવયોગે હું એ સ્મશાનમાં હાજર હતો. તે દિવસે અમાવાસ્યાની રાત્રિ હતી. હું મુસાફરી કરતો કરતો ત્યાં સુધી આવી ચઢયો હતો. અમાવાસ્યાની સાધનાને માટે તે દિવસે મ્હેં સ્મશાનમાંજ આસન માંડયું હતું.

મ્હારે એક શબની જરૂર હતી. તમે ચાલ્યા ગયા એટલે હું તમારા આ ભ્રાત્રજાનો શબદેહ લઇ આવવાને ગયો. શબદેહ તપાસી જોતાં મ્હને માલૂમ પડયું કે, તે દેહમાં અપાનવાયુ અવિકૃત ભાવે

કાયમ રહેલો છે. સર્પદંશનું ઝેર રોગીના અંગ પ્રત્યંગમાં ફેલાઈ ગયું હતું-તેનો અપાનવાયુ કાયમ રહ્યો હતો 'દોરીથી બાંધેલું પક્ષી ઉડી જતાં તેને દોરી ખેંચી પાછું પોતાની પાસે લાવવામાં આવે છે તેજ પ્રમાણે અપાનવાયુ કાયમ હોય છે તો તેની સહાયતાથી પ્રાણવાયુને ખેંચી શકાય છે, અર્થાત્ અપાન આવતાં પ્રાણ આવી શકે છે.' હું સર્પનું વિષ ઉતારી નાંખવાનું ઔષધ જાણતો હતો. મ્હેં તરતજ એ ઔષધ બાળકના દેહમાં ઉતાર્યું. અંતે તેનામાં પ્રાણ આવ્યો-તે જીવતો થયો. એક વખત મ્હને એવો વિચાર થઇ આવ્યો કે, તપાસ કરીને આ જેનો બાળક હોય તેને હું પાછો સોંપી આવું. વળી ફરીથી એવો વિચાર થઈ આવ્યો કે, તેનાં માબાપોએ તેમજ સગાં સંબંધીઓએ તો તેની માયાનું બંધન કાપી નાંખ્યું છે. વળી મ્હારે એક બાળકની જરૂર હતી. હું પરમાત્માનો ભક્ત છું. મ્હારા દેહનો ત્યાગ થતાં મ્હારે એક બાળકની સેવક તરીકે જરૂર હતી: આ બાળકનું પ્રતિપાલન કરીને તેને યોગ્ય ઉમ્મરે મંત્ર દીક્ષા દઇને મંદિરનો સેવક બનાવવાના વિચારથી હું તેને અહિં લાવ્યો હતો."

મ્હેં વારંવાર સન્યાસી મહાત્માને પ્રણામ કરીને કહ્યું:-' પ્રભો! જ્યારે અમારા સુકુમારને જીવન આપ્યું છે ત્યારે પછી અમને પણ જીવન આપો. એને ઘેર લઇ જવાની રજા આપો. સુકુમાર અમારૂં સૌનું જીવન-સર્વસ્વ છે."

મહાત્માએ પ્રશાંત દૃષ્ટિથી મ્હારા મુખ તરફ જોઇ મ્હોટેથી હસી પડીને કહ્યું:-" માયામાં મુગ્ધ બનેલા મનુષ્ય! હજી પણ ભ્રમમાં ભૂલે છે કે? આ સંસારમાં કોણ કોનું છે? સુકુમાર ગયો હતો તેને તમારામાંથી કોઇ પણ રાખી શક્યું નહોતું! ફરીથી તે આવ્યો છે; પરંતુ તમારી અસંખ્ય બૂમો સાંભળીને પણ તે આવ્યો નથી! તો પછી આટલું બધું અહંજ્ઞાન રાખવાની કાંઇ જરૂર?"

હું શાંત રહ્યો. સંન્યાસી મહાત્માએ કહ્યું:-" સુકુમારને લઇ જા; મ્હને કોઈ પણ પ્રકારની હરકત નથી. હું પણ ચાલ્યો જઇશ."

મ્હેં પૂછ્યું:-" પ્રભુ! આપ ક્યાં જશો?"

સંન્યાસીએ કહ્યું:-"પરલોકમાં-આજે રાત્રેજ હું મ્હારા દેહનો ત્યાગ કરીશ. મ્હારૂં આયુષ્ય પૂરૂં થયું છે. મ્હેં સુકુમારનું પ્રતિપાલન કર્યું છે તેથી તેને થોડું ઘણું દ્રવ્ય આપવાની મ્હારી ઇચ્છા છે."

મ્હેં કહ્યું:-"મહાત્મન્! સુકુમાર આપનો દાસાનુદાસ છે. આપ આપની ઇચ્છાનુસાર કાર્ય કરો. આપના દેહત્યાગની વાત સાંભળી મ્હારો જીવ વ્યાકુળ બની ગયો છે. આપના ચરણો પાસે બેસીને ક્રિયાયોગનો ઉપદેશ લેવાની મ્હને ઉત્કટ ઇચ્છા થઇ આવી છે."

સંન્યાસી:-હું તને હમણાંજ દીક્ષિત કરીશ-તથા આ પરમ-કૃપાળુ પરમાત્મા વ્રજવાસિ અને માતા રાધાજીની સેવાનો ભાર તનેજ સોંપીશ. પરમકૃપાળુ પરમાત્માની પણ એવીજ ઇચ્છા છે, અને તેથીજ તું આજે એકાએક અહિં આવી ચઢ્યો છે.

મ્હેં કહ્યું:-"પ્રભુ! આપનાં વચનોથી હું ઘણો સંતુષ્ટ થયો છું; પરંતુ મ્હારે માત્ર એક વાત આપને કહેવાની છે."

સંન્યાસી:-શી વાત?

મ્હેં કહ્યું:-પહેલી વાત તો એજ કે મૃત્યુ આપની ઇચ્છાને આધીન છે-તેથી જો થોડા દિવસ સુધી આપ દેહત્યાગ ન કરો તો ન ચાલે કે?

"મૃત્યુ મ્હારી ઇચ્છાને આધીન નથી-અરિષ્ટના* દર્શનથી આજે રાત્રેજ મ્હારૂં મૃત્યુ થશે એમ મ્હને લાગે છે. તેથી મૃત્યુ સમયે જીવાત્મા પિતૃમાર્ગે નહિ જતાં દેવમાર્ગે જાય એ હેતુથી હું યોગનું અવલંબન કરીશ-સંધ્યા પછીથી હું સમાધિ ચઢાવીશ. હવે બીજું કાંઇ ત્હારે કહેવું છે?"

---

* મૃત્યુ થવાનું હોય છે ત્યારે થોડા સમય પૂર્વે સ્વભાવ બદલાતો જણાય છે. વિવિધ શારીરિક અને માનસિક વિકારો પણ બદલાતા જાય છે, એ સઘળા વિકારો તથા મૃત્યુનાં ચિહ્નો-સૌ કોઈ સમજી શકતા નથી; પરંતુ જેઓ સાધક હોય છે, યોગી હોય છે તેઓ એ વિકારોને સમજી શકે છે. એ સઘળાં મરણપૂર્વે થતા વિકારો અગર તો મરણનાં પૂર્વ ચિહ્નો શાસ્ત્રીય ભાષામાં 'અરિષ્ટ' નામથી ઓળખાય છે.

મ્હેં કહ્યું:—" આપની પાસેથી દિક્ષિત થઇને પરમાત્માની સેવા કરી હું મ્હારા આ માનવ-જન્મનું સાર્થક કરીશ; પરંતુ પ્રભુ! આપની માફક મ્હારી પાસે બિલકુલ ઐશ્વર્ય નથી—આવા જનશૂન્ય ભયંકર જંગલમાં હું કેવી રીતે રહી શકીશ ?"

સંન્યાસી:—પરમાત્માની ઇચ્છા પોતાનું મંદિર વસ્તીમાં પ્રતિષ્ઠિત થાય એવી હોય એમ જણાય છે. તું આ યુગલમૂર્તિને ત્હારા ગામમાં લઇ જઇને પ્રતિષ્ઠિત કરજે. તું મ્હારી સાથે આવ એટલે જે દ્રવ્ય દેવતાનું છે તથા જે દ્રવ્ય સુકુમારને આપવાનું છે તે હું તને બતાવું.

આમ કહીને સંન્યાસી મહાત્મા મ્હને સાથે લઇને જંગલમાં ગયા. જંગલમાં જઇને એક જુના વૃક્ષનું મૂળ ખોદીને તેમણે સાત પીતળના ઘડા દેખાડીને કહ્યું:—" આમાંના પાંચ ઘડા દેવતાના છે, અને બે મ્હારા પોતાના છે. મ્હારા પોતાના બે ઘડા હું સુકુમારને અર્પણ કરૂંછું, તથા દેવતાના પાંચ ઘડાનો ઉપયોગ તું દેવકાર્યમાં કરજે."

ત્યાર પછી ઘડાઓને પાછા પૂર્વ પ્રમાણે દટાવી રાખવાની તેમણે આજ્ઞા કરી, અને મ્હેં મહાત્માની આજ્ઞા પ્રમાણે કાર્ય કર્યું.

મંદિર પાસે આવી પહોંચ્યા પછી મહાત્માએ મ્હને સ્નાન કરવાની આજ્ઞા કરી. હું સ્નાન કરી આવ્યો. પછીથી પરમાત્માની પ્રતિમા પાસે બેસાડીને મહાત્માએ મ્હને દીક્ષા દીધી. મ્હેં નવજીવન મેળવ્યું.

ત્યાર પછી દેવતાની પૂજા સમાપ્ત કરી મ્હારૂં નામ ઠામ તથા પિતાના નામ વગેરેની માહિતી મેળવીને સંન્યાસી મહાત્મા કોઈ સ્થળે ચાલ્યા ગયા, તથા સંધ્યા થવાને થોડા સમયનો વિલંબ હતો એવામાં તેમણે પાછા આવી પહોંચીને મ્હને એક રજીસ્ટર કરાવેલું દાનપત્ર આપ્યું. મહાત્માએ દાનપત્રમાં દેવતા તથા દેવધન મ્હને સોંપ્યું એ સંબંધીનો ઉલ્લેખ કર્યો હતો.

સંધ્યા પછી દેવની આરતિ સમાપ્ત કરી સંધ્યાનો ભોગ પોતાને હાથે ધરાવીને મ્હારા ગુરૂદેવ—પરમાત્માના પરમભકત સંન્યાસી મહાત્મા પદ્માસન વાળીને બેઠા. મધ્યરાત્રિને સમયે તેમનો આત્મા દેહ ત્યાગ

કરી મોક્ષમાં જઇ પહોંચેલો મ્હને માલૂમ પડ્યો !

બીજે દિવસે પ્રભાતકાળે મ્હેં સંન્યાસી મહાત્માના પવિત્ર દેહનો સત્કાર કર્યો. ત્યાર પછી શું કરવું, કેવી રીતે સુકુમાર, દેવમૂર્તિ તથા પુષ્કળ ધન રત્નાદિ લઇને ઘેર જવું એ વિચારમાં હું ડૂબી ગયો. અંતે મ્હેં પોલિસની સહાયતા લીધી. મ્હારી પાસેનું દાનપત્ર દેખાડીને એ સમસ્ત દ્રવ્યની તપાસ રાખવાનું કામ પોલિસને સોંપીને હું સુકુમારને સાથે લઈ મુંબઈ આવ્યો. મુંબઈ આવવાનો ઉદ્દેશ એ હતો કે આપને સાથે લઇ જઇને સઘળી વ્યવસ્થા કરવી.

મુંબઈ આવતાંજ મ્હેં સાંભળ્યું કે તમે દમ્મણ ગયેલા છો. પુષ્પાવતી મુંબાઇના પોતાના નિવાસ-સ્થાનનો ત્યાગ કરી તેની માતા પાસે ચાલી ગઈ છે. રાજાસાહેબની પાછળ પોલિસ ઘણી લાગી રહી હતી તેથી તેમને વિના કારણ જે દુઃખ ભોગવવું પડતું હતું તે દુઃખમાંથી તેમની મુકિત કરવાના હેતુથી હું પોલિસને જઇને મળી આવ્યો. હું મરી ગયો નહોતો તેથી રાજાસાહેબ નિર્દોષ ઠર્યા.

મ્હેં સઘળી હકીકત તમને કહી સંભળાવી છે. હવે તમને યોગ્ય લાગે તેમ કરો. કૃષ્ણચંદ્રભાઇ અહિં ક્યારના આવ્યા છે ?

કૃષ્ણચંદ્રઃ—હું ગઈ કાલે રાતનો આવ્યો છું—સંન્યાસી મહાત્માનું ગુપ્તધન તું પોલિસને બતાવી આવ્યો છે કે શું ?

હરિશ્ચંદ્રઃ—ના.

કૃષ્ણચંદ્રઃ—ભાઇ ! હું એકલોજ કાંઈ અહિં આવ્યો નથી. માતાજી, મ્હોટા ભાઈ, જયંતીભાભી, ચંચળભાભી, ત્હારાં ભાભી તથા રજનીચંદ્રનાં પત્ની સૌ અહિં આવેલાં છે.

હરિશ્ચંદ્રઃ—શા માટે ?

કૃષ્ણચંદ્રે ટુંકમાંજ કુટુંબની સઘળી હકીકત હરિશ્ચંદ્રને કહી સંભળાવી. પોતાને વીસહજાર રૂપિયા મળ્યા સંબંધીની હકીકત પણ જણાવી. આ સઘળી હકીકત સાંભળી રહ્યા પછી હરિશ્ચંદ્રે મ્હોટેથી હસી પડીને કહ્યું:—“ પરમકૃપાળુ પરમાત્મા જગતના જીવોને કેવા પ્રકારે નચાવે છે તે સમજી શકાતું નથી ! બ્હાર હવે ચાંદની પ્રકાશી

નીકળી છે. વૃષ્ટિ પણ બંધ થઇ ગઈ છે. ચાલો આપણે સુકુમારને સાથે લઇ જઇને આનંદની રેલછેલ કરી મૂકીએ.”

હરિશ્ચંદ્રે સુકુમારને ઉચકી લીધો. પછીથી ત્રણે ભાઇઓ ચંદ્રશંકરને ત્યાં જઇ પહોંચ્યા.

સુકુમાર મળી આવવાથી, તથા સઘળી હકીકત સાંભળવામાં આવ્યાથી એ દિવસે જે આનંદના તરંગો ઉછળી રહ્યા હતા તેનું વર્ણન નિર્જીવ લેખિની વાક્યોદ્વારા કરી શકે તેમ નથી. એતો તો માત્ર મનમાં કલ્પનાજ કરી શકાય તેમ છે.

ચંદ્રશંકર એ રાત્રેજ રમેશચંદ્ર, કૃષ્ણચંદ્ર તથા હરિશ્ચંદ્રને સાથે લઇને દેવમૂર્તિ તથા ધનરત્નાદિ લઇ આવવાને માટે બીલીમોરા તરફ ચાલ્યા ગયા, અને બીલીમોરા ઉતરી નદી પાસે જઇ નૌકા ભાડે કરી દેવમંદિર પાસે જઈ પહોંચ્યા.

સુકુમારે હરિશ્ચંદ્રની સાથે જવાની હઠ લીધી હતી. એ સમયે ચંચળે હરિશ્ચંદ્રને કહ્યું હતું કેઃ—“હરિશ્ચંદ્રભાઈ! સુકુમારને તમે તમારી સાથે લઇ જાઓ. સુકુમાર મ્હારો નથી—તમારો છે. એક વખત મ્હેં તેને મ્હારો એકલીનો ગણીને ગુમાવ્યો હતો. તમે મરી ગયેલા સુકુમારને જીવતો કરી લાવ્યા છો માટે હવે હું તેને મ્હારો એકલીનો ગણીશ નહિ. એ આપણું સૌનું ધન છે.” ચંચળે તો આ પ્રમાણે કહ્યું હતું; પરંતુ સુકુમારને સાથે લઇ જવાથી તેને રસ્તે દુઃખ પડશે એમ વિચારીને હરિશ્ચંદ્ર તેને સાથે લઈ ગયો નહિ. આ સઘળા પ્રકારથી ચંદ્રશંકરને અપૂર્વ આનંદ થયો. બે દિવસ સુધી તેમને ત્યાં મિલન મહોત્સવ ચાલ્યો. વિષ્ણુપ્રસાદના આનંદની પણ સીમા નહોતી.

ચાર પાંચ દિવસ પછી વિષ્ણુપ્રસાદે કહ્યુંઃ—“ત્યારે હવે આપણે ઘેર જઇએ. સૌના સ્નેહ-સંમિલનથી પ્રત્યેકના હર્ષની સીમા રહી નથી.”

ચંદ્રશંકરે હર્ષાશ્રુવાળાં નેત્રોએ પ્રસન્ન મુખે કહ્યુંઃ—“જગદીશ્વરની કૃપાથી આવી રીતે સૌનું સંમિલન થશે એવો વિચાર સ્વપ્ને પણ મને આવ્યો નહોતો. આવી અસંભવ કલ્પના મનુષ્યના મનમાં આવી શકે પણ નહિ. આ સઘળી દયાળુ દેવની લીલા છે; વળી સૌને સંસાર

લાગેલો છે તેથી હું તમને જવાની ના પાડતો નથી; પરંતુ આવો આનંદ સમસ્ત જીવનમાં કદાપિ થયો નથી."

બીજે દિવસે વિદાય થવાનું હોવાથી સૌએ વેળાસર ભોજન કરી લીધું. વિદાય થતી વખતે ચંદ્રશંકરે તથા તેમનાં પત્નીએ સૌને પુનઃ કોઈ પ્રસંગે આવવાનું જણાવ્યું. અંતે રમેશચંદ્રની માતા સરસ્વતીએ ચંદ્રશંકર તથા તેમનાં પત્નીને કહ્યું:—"મ્હેં સાંભળ્યું છે કે હરિશ્ચંદ્ર જીર્ણ ગયા પછી ત્યાં દેવમૂર્તિની સ્થાપના કરવાનો છે. મ્હારી એવી અભિલાષા છે કે, જેમના પવિત્ર અને પુણ્યમય પ્રભાવથી અમારૂં સૌનું સ્નેહ-સંમિલન થયું છે, તે પતિ પત્ની દેવમૂર્તિની સ્થાપના સમયે અમારે ત્યાં પધારે."

ચંદ્રશંકરે આ ઇચ્છાને માન્ય કરી. સ્નેહલતા તેનાં માશીના ચરણોમાં પ્રણામ કરી રૂદન કરવા લાગી. માશીએ તેના માથા પર ચુંબન કરીને તેને આશીર્વાદ આપ્યો. ચંદ્રશંકરે એક રજીસ્ટર કરેલો પત્ર રજનીચંદ્રના હાથમાં આપ્યો. રજનીચંદ્રે પ્રશ્ન કર્યો:—"આ શું છે?"

ચંદ્રશંકરે કહ્યું:—"તમારા દેશ તરફ લગભગ પંદર ગામની અમારી જમીનદારી છે—જેની વાર્ષિક આવક સરકારનો ટૅક્સ ભરતાં ચાર પાંચ હજાર રૂપિયાની છે. એ સઘળી સંપત્તિ હું તમને અર્પણ કરૂં છું—તેનું આ દાનપત્ર છે."

રજનીચંદ્ર આશ્ચર્યચકિત તથા કૃતજ્ઞતા ભરેલી દૃષ્ટિથી ચંદ્રશંકરના મુખ તરફ જોઇ રહ્યો. વિષ્ણુપ્રસાદ પાસેજ ઉભા રહ્યા હતા તેમણે કહ્યું:—"આપના જેવા ઉદાર આત્માની ઉદારતા પણ અનુપમજ છે!"

ચંદ્રશંકરે હસીને કહ્યું:—"હું ઉદાર કેવી રીતે? પુત્રીને બની શકે તેટલી મદદ કરવી એ મ્હારૂં કર્ત્તવ્ય છે. મ્હારી સંપત્તિની વાર્ષિક આવક ત્રિસ ચાળિસ હજારની છે. તેમાંથી પચીસ હજાર પુત્ર માટે રાખ્યા, બે પુત્રીઓને માટે પાંચ પાંચ હજાર મળીને દશ હજાર, તથા સ્નેહલતાને પાંચ હજાર મળીને મ્હારી સઘળી આવકની મ્હેં સુયોગ્ય

વ્યવસ્થા કરી છે."

વખત થતાંજ સૌ સ્ટેશને ગયાં, અને બપોરની ટ્રેનમાં તેમને રવાના કરી ચંદ્રશંકર પોતાના કુટુંબસહ સ્ટેશનેથી ઘેર આવ્યા.

પ્રકરણ ૮ મું.

મિલન-મંદિર.

છાણી ગામમાં આવેલા રમેશચંદ્રના મકાનમાં આજે આનંદ કોલાહલ થઇ રહ્યો છે. સમસ્ત મકાનને સુધારવામાં આવ્યું છે, સમસ્ત મકાન સુંદર જણાય છે. ચારે ભાઇઓ એકત્ર થઇને સલાહ સંપથી સંસારની વ્યવસ્થા કરે છે. પાંચ વહુઓ સલાહ સંપથી સંસારકાર્ય કરે છે. ઘરમાંનું પ્રત્યેક માણસ આનંદમગ્ન રહે છે અને કર્ત્તવ્ય કરવામાં સદૈવ તત્પર રહે છે.

આ સમયે હરિશ્ચંદ્રનો વિવાહ કરવા માટે ઘણાખરા માણસોએ આગ્રહ કર્યો હતો; પરંતુ હરિશ્ચંદ્ર કોઈ પણ પ્રકારે સંસારના બંધનમાં બંધાવા કબૂલ થયો નહિ. તેણે કહ્યું:—મ્હને માત્ર હરિરસ પીવા દો. હું સંસારની પ્રપંચ જાળમાં પડીને મ્હારૂં જીવન દુ:ખી કરવા નથી ઇચ્છતો. પરમકૃપાળુ પરમાત્માની સેવામાંજ મ્હારૂં સુખ તેમજ આનંદ સમાયલાં છે; સુકુમાર આપણો વંશધર છે."

સંન્યાસીના સોના મહોરોના પેલા સાત ઘડામાંથી બે ઘડા સુકુમારને મળ્યા હતા. એ દ્રવ્યની સહાયતાથી રમેશચંદ્રે જમીનદારી ખરીદવાની શરૂઆત કરી.

પાંચ ઘડા સોના મહોરો દેવતાની હતી. હરિશ્ચંદ્રે એ દ્રવ્યમાંથી થોડા. ઘણા દ્રવ્યનો ઉપયોગ કરીને એક ભવ્ય તેમજ સુંદર મંદિર બંધાવ્યું. મંદિરની સાથેજ અતિથિશાળા, દરિદ્રાવાસ, મફત ઔષધાલય, તથા એક સંસ્કૃત પાઠશાળા કાઢીને યોગ્ય માણસોને તેની વ્યવસ્થા કરવાને નિમ્યા. હરિશ્ચંદ્રે ભગવાં વસ્ત્ર, ગળામાં રૂદ્રાક્ષની માળા

પહેરી, શરીરે વિભુતિ ચોળી, મસ્તક પર જટા રાખી, અને દેવતાની સ્થાયી સેવા ચલાવવાને માટે એ દ્રવ્યમાંથી કેટલીક જમીનદારી ખરીદી તેને દેવોત્તર સંપત્તિ કરી, તથા તેણે જાતે દરિદ્રોની સેવા કરવા માંડી.

તેમના છિન્ન વિચ્છિન્ન થઈ ગયેલા પરિવારની-મુખ્યત્વે કરીને સુકુમારની-મિલન સ્મૃતિ કાયમ રાખવાને માટે એ મંદિરના આગલા ભાગ પર "**મિલન-મંદિર**" એવા સોનેરી અક્ષરો કોતરાવ્યા.

એક વર્ષ પછી 'મિલન-મંદિર'નો મહોત્સવ ચાલુ થયો છે. આ મહોત્સવ પર ચંદ્રશંકર તથા તેમનાં પત્ની આવ્યાં છે. સઘળાં સગાં વ્હાલાંને આમંત્રણ કરવામાં આવ્યું છે. હરિચરણ, તેની પત્ની તથા તેની માતા પણ આ પ્રસંગે છાણી આવ્યાં છે.

ચંદ્રશંકર પણ ધર્મનિષ્ટ હતા. તેઓ આ મહોત્સવના દર્શનથી ઘણો આનંદ પામ્યા. મિલન-મંદિરમાં રાધાકૃષ્ણની સુંદર મૂર્તિની સ્થાપના થઈ છે. પ્રતિમાની પાસે પદ્માસનવાળીને નવીન સાધક હરિશ્ચંદ્ર બેઠો છે. તેણે ભગવાં વસ્ત્રો પહેર્યાં છે. કંઠમાં રૂદ્રાક્ષની માળા ઝુલી રહી છે. અંગ પર વિભુતિ ચોળેલી છે. જમણા હાથ તરફ પડેલા એક પુષ્પપાત્રમાં વિવિધ પ્રકારનાં પુષ્પો છે. ડાબા હાથ તરફ પૂજા કરવાની સામગ્રી છે. ચારે દિશાએ ઘીના દિવાઓ સળગી રહ્યા છે. યજ્ઞધૂપથી સમસ્ત મંદિર સુગંધિત થઇ રહેલું છે. બ્હાર પંડિતોએ મહાયજ્ઞનો આરંભ કર્યો છે-કોઇ હોમ કરે છે, કોઇ પૂજા કરે છે, કોઈ જપ કરે છે, કોઇ પ્રાણાયામ્ કરે છે, કોઈ ગીતા પાઠ કરે છે. મંદિરના ઓટલા પર રમણી મંડળ ભક્તિરસપૂર્ણ ગીતો ગાઇને ગગનને ગજવી દે છે. સિંહદ્વાર આગળ વાજાંવાળાઓ વાજાં વગાડે છે. ચંદ્રશંકર આ અપૂર્વ દેખાવ જોઇને આમ તેમ ફર્યા કરે છે. ફરતાં ફરતાં એક બ્રાહ્મણ ભકતને એક ગાયન ગાતો તેમણે સાંભળ્યો! ચંદ્રશંકરે સ્થિરતાથી ઉભા રહીને એ ગાયન સાંભળ્યું. બ્રાહ્મણ ગાતો હતો કે:—

"રે મનમાં આવે તો માનો, પ્રભુ નામ ખરો પરવાનો-રે મન૦ ટેક.
શ્રી હરિવરની છાપ પડે તો, અંત ઉદય થવાનો-રે મન૦
ભવસાગર પારે ઉતરતાં, ન નડે નર તોફાનો-રે મન૦

હરિવરનું મ્હાનું છે તેને, કાળ નથી નડવાનો;
કેશવ હરિ કલ્પદ્રુમ સાચું, સંશય રે'છે શાનો?-રે મન૦ ”

કેશવકૃતિ.

ગાયન સાંભળી નેત્રોમાં ભરાઇ આવેલું અશ્રુજળ સાફ કરી નાંખી ચંદ્રશંકર ભોજનશાળા તરફ ગયા તે. ગરીબ તેમજ દરિદ્ર માણસોથી તેમને ભોજનશાળા ભરાઈ ગયેલી માલૂમ પડી. જયંતી, ચંચળ, મંદાકિની, તથા સ્નેહલતાએ મળીને વિવિધ પ્રકારની રસોઇ બનાવી છે.

આવી રીતે દેવમંદિરની સ્થાપનાના મહોત્સવમાં કેટલાક દિવસો પસાર થઈ ગયા. ક્રમે ક્રમે સઘળાં સગાં વ્હાલાં પોત પોતાને ઘેર ચાલ્યાં ગયાં. આજે ચંદ્રશંકર પણ જવાના છે. તેમણે વિદાય થતી વખતે રમેશચંદ્રના કુટુંબનાં સઘળાં માણસોને પોતાની પાસે બોલાવીને કહ્યું:-“ હું હવે વિદાય થાઉં છું; જો કે અહિં રહેવાથી મ્હને ઘણો આનંદ થાય છે; પરંતુ ત્યાં ગયા વિના પણ કાંઈ ચાલી શકે તેમ નથી. હું જતી વખતે તમને બે શબ્દો કહેવાની ઇચ્છા રાખું છું, તો મ્હારા શબ્દોને ધ્યાનથી સાંભળો. “ જુઓ, તમે પોત પોતાનો સ્વાર્થ સાધવા જતાં તમારા સંસારને કેવો દુઃખપૂર્ણ કરી નાંખ્યો હતો ? ‘ ઝાઝા હાથ રળિયામણા ’ વળી એ કહેવત પ્રમાણે તમે ચારે ભાઇઓ એક બીજાની સાથે સલાહ સંપ રાખી તમારો સંસાર ચલાવશો તો તમારા સુખની સીમા રહેશે નહિ. તમે એમ ન સમજતા કે, તમારી સૌની સ્વાર્થવૃત્તિથીજ તમારી આટલી ઉન્નતિ થઈ છે. તમે એવા ભ્રમમાં પડી જાઓ તેમ હોવાથીજ મ્હારે તમને પ્રથમથીજ સાવધાન કરવાં પડે છે. તમે કદાચ એમ ધારો કે, તમે બધાં પોત પોતાનો સ્વાર્થ સાધવાને અગ્રેસર ન થયાં હોત તો તમને આટલા બધા દ્રવ્યની પ્રાપ્તિ થાત નહિ. જો આવી ધારણા રાખશો તો ફરીથી તમારી અધોગતિ થયા સિવાય રહેશે નહિ. તમે જે પાપ કર્યાં હતાં તેનું પ્રાયશ્ચિત્ત તમારે કરવું પડયું છે-પશ્ચાત્તાપથી તેનું પ્રાયશ્ચિત થયું છે. પછીથી જેના ભાગ્યમાં જે નિર્માણ થયું હતું

તેને તે મળ્યું છે.

સુકુમારે મરી જઇને એમ દર્શાવ્યું છે કે, કુટુંબને દુઃખી કરી કોને માટે દ્રવ્ય એકઠું કરવું ? જો કોઇને માટે સંચય કરવાના હેતુથી બીજાઓને દુઃખ દેવામાં આવે છે તો જેને માટે સંચય થાય છે, તેજ વ્યકિત આ સંસારમાંથી અદ્રશ્ય થાય છે. અનેક પ્રકારના યત્નોથી અદ્રશ્ય થયેલી વ્યકિત પાછી લાવી શકાતી નથી. સુકુમારે આવો પ્રકાર દર્શાવ્યો છે. વિશેષમાં 'ભાગ્યજ સૌનું મૂળ છે.' જેના ભાગ્યમાં જે મળવાનું નિર્માણ થયું હતું તેને તે મળ્યું છે; નહિ તો સુકુમારને બે ઘડા સોના મહોરો ક્યાંથી મળે ? તમે સૌ મળીને પણ તેને માટે આટલું બધું દ્રવ્ય એકઠું કરી શકત કે ?

હરિશ્ચંદ્ર તમારા વંશનું તિલક છે. તેનાજ સંયમ-બળથી આજે વનવાસી દેવતા તમારે ત્યાં પધાર્યા છે. હરિશ્ચંદ્રની સાધનાના બળથીજ દેવતા તમારા સૌના પર પ્રસન્ન થયા છે !"

ત્યાર પછી સૌએ તેમના ચરણોમાં પ્રણામ કર્યા. ચંદ્રશંકર કુટુંબસહ દમ્મણ જવાને વિદાય થયા.

પ્રકરણ ૯ મું.

કર્મફળ.

જયંતીએ દેવમંદિરનું કામકાજ કરવાનો ભાર પોતાના શિર પર લીધો. જો કે દેવમંદિરમાં અનેક દાસ દાસીઓ હતાં તો પણ જયંતીને કામકાજ તેમજ સેવા કર્યા સિવાય ચેન પડતું નહોતું. દીન દરિદ્રોને માટે ભોજન બનાવવાનું, રોગીઓની સેવા કરવાનું, મંદિરમાં સાફસુફ કરવાનું વગેરે કાર્યો જયંતી પોતાની જાતેજ કરતી હતી.

હરિશ્ચંદ્ર હમ્મેશાં દેવતાની પૂજા કરતો હતો.

હરિશ્ચંદ્રે રજનીચંદ્રને કહ્યું:—" ભાઇ ! પરમાત્માની ઇચ્છાથી વાર્ષિક પાંચ હજાર રૂપિયાની આવકની સંપત્તિ તમને મળી છે. વળી

વાસના ઘણી ખરાબ વસ્તુ છે. તેને જેટલી વધારશો તેટલી વધશે. હવે નોકરી ચાકરી કરવાની શી જરૂર છે? દેવતાની સંપત્તિમાંથી થોડું દ્રવ્ય લઇ મુંબઈ જાઓ, તથા ત્યાંથી ઔષધ તથા રોગીઓ તપાસવાનાં યંત્રાદિ લઇ આવી પરમાત્માનાં ગરીબ દુઃખી બાળકોની સેવા કરો."

રજનીચંદ્ર કબૂલ થયો, તથા તેણે મુંબઈ જવાની વ્યવસ્થા કરી. સંધ્યા સમયે એકાંત મળતાં સ્નેહલતાએ રજનીચંદ્રને પૂછ્યું:—"રાત્રિની ટ્રેનમાં તમે મુંબઈ જવાના છો કે શું?"

રજનીચંદ્રે સ્મિત હાસ્ય કરીને કહ્યું:—"હા, કેમ કાંઈ અડચણ છે?"

સ્નેહલતા:—અડચણ નથી, ભય છે!

રજનીચંદ્ર:—શાનો ભય છે?

સ્નેહલતા:—તમે ક્યાં નથી જાણતા?

રજનીચંદ્ર:—હવે ત્હારો ભય અસ્થાને છે. મ્હેં જે ભયંકર પાપ કર્યું હતું તેનું પ્રાયશ્ચિત્ત મ્હને મળી ગયું છે, અને શ્રી પરમાત્માની અપાર કૃપાથીજ આજે હું મહા સુખી થયો છું; તેથી હવે ભવિષ્યમાં કદાપિ પાપમાર્ગે જઇશ નહિ.

આમ કહીને રજનીચંદ્રે સ્નેહલતાના અધરોષ્ઠ પર ચુંબન કર્યું. સ્નેહલતાએ નમ્રતાથી પૂછ્યું:—" પ્રભુ! પાછા ક્યારે પધારશો?"

રજનીચંદ્ર:—એક બે દિવસમાંજ.

સ્નેહલતા:—તમારા દવાખાનામાં જવાના છો કે?

રજનીચંદ્ર:—એક વખત દવાખાનાની પરિસ્થિતિ તો જોઈ આવવીજ પડશે. દવાખાનાની યોગ્ય વ્યવસ્થા કરી નાંખવાનો મ્હારો વિચાર છે.

સ્નેહલતા:—ત્યાં જે રોગિણી છે, એ રોગિણીને ઔષધ આપવું પડશે કેમ?

રજનીચંદ્ર:—તેને હવે દવાખાનાના ઔષધની જરૂર નથી. તેને ભયંકર પશ્ચાત્તાપના ઔષધની જરૂર છે.

સ્નેહલતા:—તમારૂં કહેવું સત્ય છે.

રજનીચંદ્રઃ—લે ત્યારે હવે હું જાઉંછું. ગાડીનો વખત થયો છે.

આમ કહીને રજનીચંદ્ર સ્નેહલતા પાસેથી વિદાય લઇ ચાલી નીકળ્યો. સ્નેહલતાનાં નેત્રોમાં આંસુ ભરાઈ આવ્યાં.

સ્હવારે આઠ વાગે રજનીચંદ્ર મુંબઈ જઇ પહોંચ્યો, તથા સ્ટેશનેથી બારોબાર કાલબાદેવી ગયો. દવાખાનાના દ્વાર આગળ એક નોકર બેસી રહ્યો હતો તેણે રજનીચંદ્રને સલામ કરી. એક કમ્પાઉન્ડર પણ તેની પાસે આવી સલામ કરીને ઉભો રહ્યો.

રજનીચંદ્રે પોતાની ગેરહાજરીમાં બનેલી સઘળી હકીકત કંપાઉન્ડરને પૂછી તો તેણે કહ્યું:—“આપ આવ્યા નહિ. આપને બે ત્રણ પત્રો લખ્યા છતાં એક પણ પત્રનો ઉત્તર મળ્યો નહિ તેથી બીજા બધા નોકરોને વિદાય કરી માત્ર એક નોકરનેજ રાખી હું દવાખાનું ચલાવું છું. અમારૂં ખર્ચ તથા પગાર બાદ કરતાં આઠસો રૂપિયા સિલક રહ્યા છે. વળી પુષ્પાવતી પોતાનો સરસામાન તથા દ્રવ્યાદિ લઇને તમે ગયા તેજ દિવસે અહિંથી ચાલ્યાં ગયાં છે.”

રજનીચંદ્રે દવાખાનાની તપાસ કરી જોઈ તો દવાખાનામાં જે ઔષધો તથા યંત્રો હતાં તેથી મિલન-મંદિરના ઔષધાલયનું કામ સારી રીતે ચાલી શકશે એમ તેને જણાયું. તેણે એ કંપાઉન્ડર તથા નોકરને પણ પોતાની સાથે લઈ જવાની ઇચ્છા દર્શાવી. તેઓ બન્ને તેની ઇચ્છાને તાબે થયા. અંતે તેઓ ઔષધ યંત્રાદિ પેક કરી સ્ટેશને પહોંચાડવાની ખટપટ કરવા લાગ્યા.

એ દિવસે સંધ્યા સમયે રજનીચંદ્ર વાલકેશ્વર તરફ ફરવા ગયો તો સમુદ્ર કિનારા પર એક દીવાની સ્ત્રી બેસી રહેલી તેની નજરે પડી. અનેક બાળકો તેની ચારે બાજુએ ઘેરો ઘાલીને તેને અસ્થિર બનાવી દેતાં હતાં. રજનીચંદ્ર એ દીવાનીને જોતાંની સાથેજ ઓળખી ગયો કે તે પુષ્પાવતી છે.

પુષ્પાવતી દીવાની બની ગઈ છે. તેનાં નેત્રો લાલચોળ બની ગયાં છે. તેની ચંપકના જેવી ગૌરકાંતિ નિસ્તેજ બની ગઈ છે. તેનો કોમળ દેહ સુકાઈ જઇ હાડપિંજર જેવો બની ગયો છે. તેનું સાહિત્યજ્ઞાન,

સંગીતજ્ઞાન, રૂપ-રસ-શબ્દ-સ્પર્શ વગેરે સમસ્ત જ્ઞાન વિલુપ્ત થઇ ગયું છે! રજનીચંદ્ર તેની છેક પાસે ગયો તો પણ તે તેને પિછાની શકી નહિ. જો પિછાની શકી હોત તો તેના ભાવમાં અવશ્ય કાંઇ ફેરફાર થયો હોત-પરંતુ તેણે રજનીચંદ્ર સાથે બિલકુલ વાતચિત કરી નહિ-તેનાં નેત્રો તરફ નજર સુદ્ધાં કરી નહિ.

દીવાની પુષ્પાવતીની આવી દુર્દશા જોવામાં આવતાં રજની-ચંદ્રના મનમાં એક પ્રકારનું તત્વજ્ઞાન ઉદય થયું! તે વિચારવા લાગ્યોઃ- "ક્યાં ગયો પેલો અપૂર્વ પ્રેમ? જે રૂપ જોઇને, ગાન સાંભળીને મ્હારના ગુણોથી મુગ્ધ થઇ પુષ્પાવતી પ્રત્યે મ્હારો જે સ્નેહ જન્મ્યો હતો તેનું સ્થાયિત્વ ક્યાં ગયું? પુષ્પાવતીમાં રૂપ હતું, ગુણ હતા યૌવન હતું, તેના શબ્દોમાં માધુર્ય હતું તેથીજ હું તેને મ્હારા જીવ કરતાં પણ વધારે મ્હાતો હતો-હમણાં એ સઘળું ક્યાં ચાલ્યું ગયું છે? રૂપ ગયું છે, ગુણો ગયા છે અને તે સાથે મ્હારા પ્રત્યેનો સ્નેહ પણ ગયો છે! ત્યારે શું સ્નેહ સ્થાયી નથી હોતો?"

સંધ્યા સમયના શીતળ વાયુએ જાણે કે આ વાક્યોનો ઉત્તર આપ્યો કેઃ-"રૂપ જડ છે, ગુણ પણ જડ છે. ચૈતન્ય સ્વરૂપ આત્માને જડથી કેવી રીતે આકર્ષી શકાય? તું જે સુંદર મુખ જોઇ દીવાનો બન્યો હતો, જે ગુણોને માટે ઉન્મત્ત બન્યો હતો એ બધું જડ હતું. એ જડના આંતર સ્વરૂપમાં ઈશ્વરી શક્તિ સમાયલી છે-ઈશ્વરી પ્રેમની લહરિયો વહે જાય છે. માનવ! તપસ્યા કર એટલે તું સમજી શકીશ કે, તે જાણે કે એક મ્હોટો ચુંબક પત્થર અને તું જાણે કે લોહચૂર્ણ છે! સદા સર્વદા તેનાથી આકૃષ્ટ થાય છે! સૌ તેને મેળવવાનો યત્ન કરે છેઃ પરંતુ તેનું દ્વાર આ રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દમયી પ્રકૃતિ છે. જ્યાં સુધી પ્રકૃતિને કામિની તરીકે સમજીશ-તેને ભોગવવાની ઇચ્છા કરીશ-ત્યાં સુધી ત્હારે દુઃખ ભોગવવું પડશે. ત્યાર પછી જે દિવસે જાયાને જનની તરીકે સમજીશ તે દિવસેજ તેનું કાર્ય પૂરૂં થશે. ત્યારેજ તું સ્વરૂપ પ્રેમનો સ્વરૂપાનંદ મેળવી શકીશ."

પવન વહેતો ચાલ્યો ગયો. રજનીચંદ્ર પુષ્પાવતી તરફ જોઇ

રહ્યો. પુષ્પાવતીમાં બાહ્યજ્ઞાન બિલકુલ નહોતું. તે પોતાના મન સાથે જેમ ફાવે તેમ બકયા કરતી હતી. રજનીચંદ્ર થોડા સમય સુધી ઉભો રહ્યો. પુષ્પાવતી બેઠી હતી તેને બદલે ઉઠી ઉભી થઇ. તેનાં ઉન્માદ નેત્રોમાંથી આંસુઓ સરી પડવા લાગ્યાં. તે ઉદાસ સ્વરે બોલી ઉઠીઃ–“ હરિશ્ચંદ્ર ! પ્રાણાધિક હરિશ્ચંદ્ર ! મ્હેંજ ત્હારી હત્યા કરી છે. મ્હેંજ ત્હારૂં ખૂન કર્યું છે. હું પિશાચી છું. આવ આવ પ્રાણાધિક ! મ્હારી પાસે આવ ! હું તને ચ્હાઉં છું–ન્હાના બાળકની માફક ચ્હાઉં છું–પક્ષીની માફક ચ્હાઉં છું–ત્હારા જેટલું હું કોઇને ચ્હાતી નથી છતાં, તું મ્હારો એક પણ શબ્દ કેમ નથી સાંભળતો ? ! નહિ નહિ, હવે હું તને નહિ છોડું–તું ક્યાં નાશી જાય છે ? ! ”

પુષ્પાવતી સમુદ્ર કિનારા પર નાસવા લાગી. બાળકો “ એ ગાંડી નાઠી ” એવા પોકાર કરતાં કરતાં તેની પાછળ નાસવા લાગ્યાં. કોઇ દીવાની પુષ્પાવતીની તરફ કાંકરા ફેંકવા લાગ્યાં.

રજનીચંદ્રને પુષ્પાવતીની અવદશા નિહાળી હૃદયમાં ઘણીજ દયા ઉત્પન્ન થઇ. દયા અને સ્નેહને વશ થઇ તે તેની પાછળ ગયો અને તેને ઘણાજ મૃદુ અને સ્નેહમય શબ્દથી સંબોધવા લાગ્યો !

“ પુષ્પા ! પુષ્પા ! જરા મ્હારા સ્હામું જો ! ગભરાઇશ નહિં. હું રજનીચંદ્ર ડૉકટર છું ! મ્હારી કાંઇ ઓળખાણ ત્હને પડે છે ? ત્હારી આવી સ્થિતિ શાથી થઇ ? તું જેનામાં અને જેના સારૂ ઘેલી થઇને ફરે છે–જેનું નામ જીભે રટી રટી દીવાની બની ફરે છે, તે હરિશ્ચંદ્ર પરમાત્માની કૃપાથી જીવતો–હયાત છે. ત્હેનું ખૂન થયું નથી ! પરમાત્માની પરમકૃપાથી તે બચી ગયો છે ! હવે શાંતિ રાખ ! ત્હારી મનોવૃત્તિઓ સ્થિર કર ! ત્હારા મગજનો વૃથા ભ્રમ દૂર કર ! ”

“ હેં ! હેં ! શું હરિશ્ચંદ્ર હયાત છે ! જીવતા છે ! વાહ વિશ્વાધાર તારી લીલા ! ! ”

‘ હરિશ્ચંદ્ર જીવતો છે ’ એ વાક્ય શ્રવણે પડતાંજ પુષ્પાવતીનું ચિત્ત એકદમ ઠેકાણે આવ્યું. ઘણોખરો ચિત્તભ્રમ જોતજોતામાં ચમત્કારીક રીતે દૂર થઇ ગયો અને તે એકદમ દાક્તર તરફ ફરી, પગે

પડી અને બોલી:-

"ડૉક્ટર સાહેબ! મ્હને બતાવો! મારો વ્હાલો, મારો પ્રાણાધાર હરિશ્ચંદ્ર ક્યાં છે!? મ્હને જલદી બતાવો, હું તેમનાં દર્શન સારૂ ઘણીજ તલપાપડ થઈ રહી છું.

"માંગત ભીક્ષા નેહકી જોલી પલક નીસાર
તેરી જોગન યે ખડી કર ઈનકો સત્કાર!"

"પુષ્પા! ચાલ તું તૈયાર થા, મ્હારી સાથે મ્હારા વતનમાં ચાલ! હું ત્હને તેનાં સાક્ષાત્ દર્શન કરાવું! તે કેવો પરમાત્માનો પરમ ભક્ત બની ગયો છે, તે નજરે નિહાળી ખાત્રી કરજે!!"

આ પ્રમાણે પુષ્પાને કહી-સમજાવી રજનીચંદ્ર ત્હેને પોતાની સાથે લઇ દવાખાને આવ્યો. દવાખાનામાંથી સઘળો સરસામાન, તેમજ ઔષધયંત્રાદી લઇને તે પુષ્પાવતી સાથે છાણી આવવાને ગાડીમાં બેઠો. પોતાના મુકામ પર આવીને રજનીચંદ્ર પુષ્પાવતીને દેવમંદિરમાં લઈ ગયો. મંદિરમાં હરિશ્ચંદ્રને દેવસેવામાં નિમગ્ન થએલો જોઇ પુષ્પાવતી પ્રેમથી તેની તરફ દોડી જવા લાગી; ત્યાં ડૉક્ટરે તેને દેવસેવા પૂરી થાય ત્યાં સુધી અટકાવી રાખી. જ્યારે દેવસેવા પૂરી થઇ ત્યારે હરિશ્ચંદ્રે રજનીચંદ્ર તથા પુષ્પાવતી સામે નજર કરી; થોડીકવાર આશ્ચર્ય પામી તે બોલ્યો:-

"મ્હોટાભાઇ! આ માતાજી પુષ્પાવતીને આપ સાથે ક્યાંથી લાવ્યા? (પુષ્પાવતી તરફ જોઇને) કેમ માતાજી સુખરૂપ તો છોને?"

"હરિશ્ચંદ્ર, તેતો તારા પ્રેમમાં દીવાની થઇ સમુદ્રકિનારે તને શોધવા સારૂ આમ તેમ આથડતી હતી! ત્હારા નામના પોકાર કરી કરી-તને યાદ કરી ઘેલી બની હતી; તે હરઘડી બકતી હતી કે "હરિશ્ચંદ્ર! ઓ વ્હાલા હરિશ્ચંદ્ર! મ્હેંજ ત્હારૂં ખૂન કર્યું છે! હું પિશાચણી છું, પાપણી છું! આવ આવ, પ્રાણાધાર મારી પાસે આવ!!" મને ત્હેની અદ્ભુત દયા આવી, તેથીજ તેને ત્હારી પાસે લાવ્યો છું. તું તેને જ્ઞાનામૃતનું પાન કરાવી તેનો ભ્રમ દૂર કર, શાંતિ આપ અને તેની જીંદગી સુધાર!!"

"ભલે ભાઇ જ્યારે તમારી મરજી છે તો હું તે પ્રમાણે તેને ઉપદેશ કરી ભક્તિના રસ્તે ચડાવીશ ! તેનું મન પરમાત્મા પ્રત્યે દોરીશ, પછી કાંઇ ? !"

"પુષ્પા ! આ હરીશ્ચંદ્ર પાસે રહી તે જેમ કહે તેમ કર ! તે તારા ઉપર ઘણીજ મમતા અને દયા રાખે છે !"

"બહુ સારૂં જેવી તમારી આજ્ઞા ! !"

આ પ્રમાણે કહી રજનીચંદ્ર ડૉકટર પોતાના રહેવાના મકાનમાં ચાલ્યો ગયો.

"હરીશ્ચંદ્ર ! વ્હાલા હરિશ્ચંદ્ર ! ! શું તમે મ્હારા પ્રેમનો સ્વિકાર નહીંજ કરો ! ?"

"પુષ્પા ! આવ, હું ત્હારો અને ત્હારા પ્રેમનો સ્વિકાર કરૂં હું જેના પર પ્રેમ રાખી અને જેનો સ્વિકાર કરી સુખી થયો છું, તેના પર તું પણ પ્રેમ રાખ અને મારા સમાન સુખી થા ! !"

"હેં! ત્હમે શાથી સુખી થયા ? ત્હમે કોનાપર પ્રેમ કર્યો ! ?"

"પુષ્પા મેં પ્રભુ પર પ્રેમ કર્યો !! દેવસેવા કરી હું સુખી થયો. આ જગતમાં પ્રભુની ભક્તિ, દેવ સેવા અને પરોપકાર એ ત્રણ વસ્તુ-ઓજ મનુષ્ય માત્રને સુખી કરી શકે છે, બાકી બધી માયા છે—તુત છે; સંસારમાં માયાને બંધન કરી દુઃખી કરવાની બાજી છે; ઇંદ્રજાળ છે ! ! જગતમાં ફક્ત પ્રભુનું નામજ સાચું છે ! ! પ્રેમમાં ફક્ત પ્રભુ પ્રેમજ સાચો છે, બાકી બધુ ફના છે ! ! સાંભળ, પુરૂષ ભક્ત નરસિંહ મહેતો ફક્ત પ્રભુ પર પ્રેમ રાખીનેજ મુક્તિને પ્રાપ્ત કરી શક્યો છે. મીરાંબાઇ સમાન સ્ત્રી ભક્ત ફક્ત ગીરધરલાલજીનીજ સેવા કરીને શ્રી કૃષ્ણમાં સમાયાં છે; માટે સંસારમાં પ્રભુનું ભજન ભક્તિ અને પર-માર્થ એજ મુક્તિનાં સાચાં સાધન છે: માટે પુષ્પા બધી ભ્રમણા જવા દઈ આ દેવસેવામાં નિમગ્ન થા અને રાત દિવસ પ્રભુનું ભજન કરી સુખી થા ! ! પ્રહલ્લાદ, ધ્રુવ, મીરાં અને નરસિંહ મહેતા જેવા ભક્તોએ જે પંથ પકડ્યો છે તે પંથે ચઢી તું તારી જાતને સુખી કર ! ! તને જન્મ આપ્યો છે તેને તું ઓળખ, તેની ભક્તિમાં, પ્રેમમાં અને

સેવામાં નિમગ્ન થઇ પ્રભુમય બન, અને બીજાને પ્રભુમય પિછાની પ્રભુની પ્રભુતાનાં ગાન કર અને સુખી થા !!"

"જય જય પ્રભુ તમે મને આજે ઘણો સારો ઉપદેશ કર્યો છે. મ્હારી માયા મમતા દૂર કરી મને સાચો રસ્તો બતાવ્યો છે; પ્રભુ તમારૂં કલ્યાણ કરો. હવે હું પ્રભુને ભજીશ અને તેમાંજ નિમગ્ન થઈ શાંતિ પામીશ; કેમકે હવે તો:–

ભજીશ હું ભુધરને ભાવે, જેથી જનમ મરણ ના'વે.
અંધ બની અવનિ પર ભટકી, પાપની પોઠ વધારી;
જુઠી કાયા, જુઠી માયા, ઉઘડી જ્ઞાનની બારી–ભજીશ૦
શ્રી હરી ચરણે ચિત્ત મમ ચોંટયું, અવરની ઓળખ ટાળી;
બાવટ ભાગી લગની લાગી, તેં લીધી મુને ઉગારી–ભજીશ૦

"વાહ વાહ પુષ્પાવતી એજ સાચું છે ! આ બધો સંસાર અસાર છે."

આ પ્રમાણે કહી હરિશ્ચંદ્ર અને પુષ્પાવતી પ્રભુ ભજન અને દેવસેવામાં નિમગ્ન રહી પોતાની જીંદગી સુધારવા લાગ્યાં !!!

આમ રજનીચંદ્ર ડૉક્ટર મિલન–મંદીરમાં પરમાર્થ કાર્યમાં અને અને ગરીબ જનોને સુખી કરવાના સન્માર્ગમાં નિમગ્ન બનવા લાગ્યો !!

સાતમો ખંડ સમાપ્ત.